'શ્રી વિજયકમલકેશર ગ્રંથમાળા દેવપુષ્પ ૫ મું.

કલિકાળ સર્વજ્ઞ શ્રીમાન્ હેમચંદ્રાચાર્ય વિરચિત

શ્રી

# योगशास्त्र-भाषांतर.

ભાષાંતર કર્તા

શ્રીમદ્ પંન્યાસજી મ૦ શ્રી કેશરવિજયજી ગણિ.

પ્રકટકર્તા

શ્રી વિજયકમલકેશર ગ્રંથમાલા.

શ્રી શાન્તિનાથજી મહારાજના દેરાસરની આર્થિક

મદદથી. પ્રત ૫૦૦

આવૃત્તિ ચોથી. પ્રત ૨૦૦૦.

વીર સંવત ૨૪૫૦. વિક્રમ સંવત ૧૯૮૦

મૂલ્ય રૂા. ૨-૦-૦.

મુંબઈ.

( ગ્રંથ સ્વામિત્વના હક્ક પ્રગટ કર્તાને સ્વાધિન છે. )

# શ્રી વિજયકમળ કેશર ગ્રંથમાળાના સ્થાયી ગ્રાહકોને અમુલ્ય લાભ.

## નિયમો.

૧ આ ગ્રંથમાળાના ગ્રાહકોનુ વાર્ષિક લવાજમ રૂ ૩) ત્રણ રાખવામાં આવ્યું છે

૨ આ ગ્રંથમાળામા છપાતાં સાતસોથી આઠસો પાનાનાં પુસ્તકો પ્રતિ વર્ષે ગ્રાહકોને ભેટ આપવામા આવશે.

૩ પ્રતિવર્ષે પુસ્તક પ્રગટ થયેથી સ્થાનિક ગ્રાહકોને ગ્રંથમાળાના મકાનેથી મળી શકશે ને બહારગામના ગ્રાહકોને પોસ્ટેજ જેટલા વી. પી. થી ક્રમે ક્રમે રવાના કરવામાં આવશે

૪ આ ગ્રંથમાળાનું વર્ષ અસાડ સુદી ૧ થી બીજા વર્ષ ના જેઠ વદ ૦)) સુધીનુ ગણવામાં આવશે. પ્રથમ વર્ષના ગ્રાહકોને આપવામાં આવેલા પુસ્તકો. K6, 35 (...)

| | |
|---|---|
| શાંતિનો માર્ગ પૃષ્ટ ૨૦૦ | રેખાદર્શન પૃષ્ટ. ૧૦૦ |
| દેવવિનોદ ,, ૧૪૦ | મલયાસુંદરી ,, ૪૦૦ |

બીજા વર્ષ માટે.

યોગશાસ્ત્ર પૃષ્ટ. ૪૦૦—સુદર્શના ( સમળીવિહાર ) પૃષ્ટ ૪૫૦

મળવાનુ ઠેકાણું.
સુહારચાલ વિઠલદાસના બિલ્ડીંગ નં ૧.
શ્રીવિજાપુર વિશા ઓશવાળ જ્ઞાતિ મંડળ

આ "વાર્ષ્ણેય પ્રિન્ટીંગ પ્રેસમાં" શા. કેશવલાલ દલસુખભાઇએ છાપ્યું.
ઠે. કાળુપુર ટંકશાળ—અમદાવાદ.

श्रीमान् आचार्य महाराज श्री विजय कमल सूरीश्वर



जन्म सं. १९१३

दीक्षा सं. १९३६

पंन्यास पद-सं. १९४७

सूरिपद सं. १९७३

निर्वाण सं. १९७४

योगशास्त्र भाषांतरकर्त्ताना गुरु

A 4196—Lakshmi Art, Bombay, 8

# समर्पण—पत्रिका.

पूज्यपाद्, अनेक सद्गुण संपन्न, गुरुवर्य श्रीमान्
आचार्य महाराज श्रीविजयकमलसूरीश्वरजी महाराज.

आपश्री पासे दीक्षा लई आपश्रीना आश्रय तले रही
विद्याभ्यास करो, योग जेवा गहन विषयमां पुण प्रवेश
करवा इच्छा थई. तेमज आपश्रीनो शान्त मुद्रा तथा
सहनशीलतानी उत्तम छाप मारा पर पडी, अने
तेवा गुणोनुं अनुकरण करवा मारी मनो-
वृत्तिओ ललचाइ, इत्यादि अनेक उपका-
रोथी आभारित थयेलो आ शिष्य
'योगशास्त्र' नुं भाषांतर आप-
श्रीने सविनय समर्पण करे छे
ते स्वीकारशोजी.

द. शिष्याणुमुनि

केशरविजय.

# અવશ્ય વાંચો.

## શ્રી વિજયકમળ કેશર ગ્રંથમાળા તરફથી

## પ્રગટ થયેલ પુસ્તકો.

| | કી. રૂ. આ. પા. |
|---|---|
| આત્મજ્ઞાનમાર્ગ પ્રવેશિકા આવૃતિ બીજી | ૦–૩–૦ |
| શાન્તિનો માર્ગ દેવપુષ્પ. ૧ આવૃતિ ત્રીજી | ૦–૮–૦ |
| રેખાદર્શન–દેવપુષ્પ. ૨ આવૃતિ પેહેલી | ૧–૦–૦ |
| દેવવિનોદ–દેવપુષ્પ. ૩ આવૃતી પહેલી | ૧–૦–૦ |
| મલયસુંદરી–દેવપુષ્પ. ૪ આવૃતી ચોથી (છપાય છે.) | ૧–૪–૦ |

સુદર્શના–સમળીવિહાર દેવપુષ્પ. ૬ આવૃતિ ત્રીજી ( છપાય છે. )

| | | |
|---|---|---|
| ગૃહસ્થ ધર્મ | આવૃતિ બીજી | ( છપાય છે. ) |
| સમ્યક્ દર્શન | ” | ” |
| નીતિમય જીવન | ” | ” |
| નીતિવચનામૃત | ” | ” |
| ધ્યાનદીપિકા | ” | ” |
| પ્રબોધચિંતામણી | ” | ” |
| દેવભક્તિમાળા | ” | ” |

મળવાનું ઠેકાણું.

લુહારચાલ વિઠ્ઠલસાયના બિલ્ડીંગ નં ૧ } શ્રી વિજાપુર વિશાઓશવાળ જ્ઞાતમંડળ.

## श्रीमद् पन्यासजी माहाराजश्री केशर विजयजी गणि



### योगशास्त्र भाषांतर कर्त्ता

ध्यानदीपीका, गृहस्थधर्म, सम्यक्‌दर्शन, नितिमयजीवन, नितिवचनामृत, मलयासुदरी, सुदर्शना, शातिनो मार्ग, आत्मज्ञानमार्ग प्रवेशिका, विगेरे अनेक ग्रथना कर्त्ता.

जन्म सं १९३२ दीक्षा स १९५० पंन्यासपद स. १९६३

A 4196—Lakshmi Art, Bombay, 8

# ભાષાંતર કર્ત્તાની પ્રસ્તાવના.

આ આર્યાવર્ત્ત પ્રાચીન સમયથી યોગ વિદ્યાની પરાકાષ્ટાએ પહોંચેલો હતો. આ ભારત ભૂમિપર અનેક મહાત્માઓ યોગ વિદ્યામાં કુશળ હતા. અનેક લબ્ધિઓ અને સિદ્ધિઓના યોગથી, નાસ્તિક સ્વભાવના મનુષ્યો ઉપર પણ, આત્માની અસ્તિત્વતાની ઉંડી છાપ બેસાડતા હતા. પ્રત્યક્ષપણે પુનર્જન્મનો અનુભવ કરનારા, જાતિસ્મરણ જ્ઞાન ધારક હોઈ, બીજા જીવોને પુનર્જન્મ વિષે ચોક્કસ ખાત્રી આપતા હતા; તેમજ યોગબળથી ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળ સંબંધી વિપ્રકૃષ્ટ-દૂર વસ્તુનાં ઐશ્વર્ય દૂર કરી આત્માની જ્ઞાનાદિ અનંત શક્તિઓનું ભાન કરાવતા હતા.

આવા અનેક રત્ન પુરૂષોનો ધારક આર્યાવર્ત્ત આજે જડવિદ્યાના ઉપાસકોના પ્રભાવથી શોચનીય સ્થિતિમા આવી પડયો છે. યોગવિદ્યાનો પ્રચાર ઘણી મંદ સ્થિતિમાં આવ્યો છે અને યોગવિદ્યામાં પ્રવીણ મહાત્મા પુરૂષો કોણ છે તે વિચારવા જેવુ થઇ પડયું છે.

આ ભારતવર્ષ અત્યારે જડ વસ્તુની શોધખોળમાં નિપુણ એવા પાશ્ચિમાત્ય જનોના સંગથી, સુખ પ્રાપ્તિને માટે યોગ વિદ્યા અને આત્મ વિદ્યાના અભ્યાસને વિસારી મૂકી નિચો ઉતરતો જાય છે અને હજી પણ વધારે નીચો ઉતરે તેવો સંભવ છે; અને આવું પણ અનુમાન કરી શકાય છે કે આ આર્યાવર્ત્તને જો દયાળુ મહાશયો પ્રયાસપૂર્વક નહિ બચાવે તો, જડવાદનું સામ્રાજ્ય થવા પામે, તેવું પણ સંભવિત લાગે છે.

આમ થવાનું કારણ, એજ કે મનુષ્યોનું આત્મભાવ તરફનું લક્ષ દિનપ્રતિદિન ઓછું થતું જોવામાં આવે છે. અત્યારે આ દેશ આત્મ શોધખોળ માટે તદ્દન બેદરકાર બન્યો છે. મોજ શોખનાં સાધનોની શોધખોળ, દિનપ્રતિદિન વધતી જાય છે, ઈત્યાદિ પ્રત્યક્ષ કારણોથી અનુમાન કરાય છે કે આની સ્થિતિ જો ચાલુ રહે તો એક વખત આ દેશ આત્મવિદ્યાથી બેનસીબ બને. પૂર્વે છએ દર્શનોમાં યોગ સંબંધી એટલી બધી જાગૃતિ અને પ્રયત્ન હતો કે, તે વખતના બનેલાં અને અત્યારે મળી આવતાં કોઈ કોઇ યોગશાસ્ત્રો અને અધ્યાત્મ શાસ્ત્રોથી નિર્ણય કરી શકાય છે કે અત્યારે જેવો જડવિદ્યાની શોધખોળનો જમાનો છે, તેવો પૂર્વે આત્મવિદ્યાની શોધખોળનો જમાનો હતો.

પૂર્વના મહાપુરૂષોની આત્મજ્ઞાન સંબંધી જાહોજલાલી; તેમનો સતત

અભ્યાસ, સત પુરૂષોનો સમાગમ અને અનેક ઉત્તમ નિમિત્તો તે સાથે જ્યારે અત્યારની સ્થિતિની સરખામણી કરવામા આવે છે ત્યારે મોટા નિરાશા સાથે અશ્રુપાત થયા સિવાય બીજુ કાંઇ જણાતુ કે અનુભવાતુ નથી

પણ આથી આત્મશોધકોએ નિરાશ થવાનું નથી જે વસ્તુ જેટલી વિકટ છે તે વસ્તુ તેટલીજ સુખદાઇ હોય છે, અનુશ્રોત[1] પ્રવાહ તરફ સ્વભાવથીજ જીવોનું વલણ થઇ ગયેલુ છે, એટલે પ્રતિશ્રોત[2] પ્રવાહ જેટલી આત્મશોધનમા કઠીણતા લાગે, છતા તેજ કર્ત્તવ્ય છે. પૂર્ણ સુખ કે પૂર્ણાનંદ આત્મામાજ રહેલો છે, પૂર્વે અનેક મહાપુરૂષોએ આ માર્ગ સ્વીકાર્યો છે; અને અત્યારે પણ આત્મ જીવનને ઉચ્ચ કરવા માટે તે માર્ગનીજ જરૂર છે. તે માર્ગ સિવાય જન્મ, જરા, મરણ, આધિ, વ્યાધિ અને ઉપાધિ જવાનીજ નથી. આ દુનિયાનાં જણાતા પુદગલિક સુખોમાં, કે ઉપાધિજન્ય સુખોમાં સુખ નથી. તે સુખો અલ્પ છે, ક્ષણિક છે, વિયોગશીળ છે, તેના અંતમાં દુઃખ છે. છેવટમા તે સુખો તરફથી નિરાશાજ મળે છે, અને અંતે તે વિયોગશીળ સુખોથી કટાળી સત્ય સુખ શોધવા તરફ વિચારવાનોને દોડવુંજ પડે છે.

આ સત્ય સુખની ઇચ્છા થઇ, છતાં તે કયા માર્ગથી મળી શકશે? તે નિર્ણય કરવા માટે પણ ઘણા જીવોને ગુંચવાડો ઉત્પન્ન થાય છે અને કેટલાક તો તે શોધમા ને શોધમાંજ નાસ્તિક બની જાય છે. કોઇ કર્ત્તા ઇશ્વર છે એમ કહે છે. કોઇ આત્મા બંધાતો નથી યા નિર્લેપ રહે છે એમ કહે છે. કોઇ જગતને જ્ઞાનમય માને છે. કોઇ એક આત્મા માને છે; અને કોઇ ક્ષણિક માને છે. ત્યારે આમા સત્ય શું છે તે નિર્ણય થતો નથી એટલે કાંઇક ઇચ્છા પ્રગટ થઇ હોય તો તે પણ દબાઇ જાય છે.

ભલે આ સર્વ વાતનો નિર્ણય સ્વલ્પ બુદ્ધિવાળા ન કરી શકે, છતાં આટલું તો અનુભવસિદ્ધ જણાય છે કે, ગમે તે પ્રકારે પણ જીવો કર્મોથી બંધાયા તો છેજ. જૂદી જૂદી રીતે પણ દુઃખોનો અનુભવ તો સર્વ જીવો કરે છેજ. દુનિયાનો કર્ત્તા કોઇ પણ ઇશ્વર હોય, કે ન હોય, પણ અનિવાર્ય આફતો જીવોને માથે આવી તો પડે છેજ. ભલે તેવાં અસહ્ય દુઃખો તરફ ઉત્તમ પુરૂષો દીલસોજી બતાવે, છતાં તેનો અનુભવ સર્વ જીવોને આનાકાની કર્યા સિવાય લેવો પડે છેજ. દરેક જીવોનાં એકસરખાં કે જૂદા જૂદાં કર્ત્તવ્યો હોય, છતાં પરિણામાનુસાર હર્ષ કે શોક, સુખ કે, દુઃખને

૧. ઢળતા પાણીના પ્રવાહ તરફ. ૨. સામા પુરે ચાલવા જેટલી.

અનુભવતા અનુભવાય છે. જન્મ મરણનો અનુભવ કરતાં સર્વ પ્રાણીઓ દેખાય છે. પછી ભલે તે દેહ આશ્રયિ જન્મ મરણ થતાં હોય; છતાં અહીંથી અન્ય સ્થળે જવું અને અન્ય સ્થળથી આ તરફ આવવું, તેમ થતુ જણાઇ આવે છે. આયુષ્ય, દેહ, રૂપ, ધન, યૌવન, આકૃતિ, બુદ્ધિ, માન, અપમાન, યશ, અપકીર્ત્તિ વિગેરે વિષમતાઓ પણ અનુભવાય છે. આમ થવાનું કારણ શુ હશે? ઇચ્છિત વસ્તુઓ શા માટે નથી મળતી? ગયા કાળનું તેમજ આગામી કાળનું જ્ઞાન શા માટે નથી થતુ?-સંયોગોનો વિયોગ શા માટે થાય છે? વિગેરે બાબતોનું કારણ કાંઇ પણ હોવુંજ જોઇએ.

આ વિચાર આપણને પેહેલવહેલોજ થયો છે એમ કાંઇ નથી. આપણા પૂર્વે અનેક પુરૂષોને આ વિચાર થયો છે, અને તેની શોધ માટે રાજ્યાદિકનો ત્યાગ કરીને તેઓએ રાત્રિ દિવસ ભગીરથ પ્રયત્ન કર્યો છે, અને અંતે સત્ય સુખ પામ્યા છે; એમ તેમના આચરણો અને વચનો (ગ્રંથો) પરથી જણાય છે. તે સાધનો માટે અત્યારે નવીન શોધ કરવા નીકળવું તે; સૂર્યનો પ્રકાશ છતાં વસ્તુ શોધવા માટે દીપક લેવા બરાબર છે. આથી પોતાની બુદ્ધિને કાંઇ પણ મહેનત ન આપવી અને કોઇ કહે તે સત્ય માની લેવુ, એમ કહેવાનો આશય નથી. ભલે શોધકો શોધ કરે, પણ આખી જીંદગી શોધવા માટેજ કાઢવી, પ્રત્યક્ષ સત્ય જણાતાં છતાં તેનો વિશ્વાસ ન કરવો અને કેવળ સત્ય ક્યાં છે? સત્ય ક્યાં છે? એમ બકયા કરવુ તેના કરતા એક આધાર પકડી આગળ વધવુ તે વધારે ઉત્તમ છે.

સત્યને માટે પૂર્વના શોધક મહાપુરૂષો જણાવે છે કે, આત્મા તેજ સત્ય છે; અને તે તમારી પાસે છે. તેને માટે બહાર શોધવા કે મેળવવા માટે પ્રયત્ન કરવો કે, ભટકવુ, તે નકામુ છે. તમારે આગળ વધવુ હોય, સંસાર પરિભ્રમણ કે જન્મ મરણને જલાંજલી આપવી હોય, અને નિરન્તરને માટે આનંદમાં રહેવુ હોય તો, જે તમારો આત્મા છે, તેનેજ શોધો. શોધો નહિ પણ શુદ્ધ કરો. માયાથી, મલીન વાસનાથી, તે મલીન થયો છે, કર્મ બંધનોથી તે બંધાયો છે, તે મલીનતા કે બંધનતા દૂર કરો. સત્ય ત્યાંથીજ મળી આવશે. તેજ સત્ય છે, બાકી ફાંફાં મારવાનાં છે.

પ્રથમ શરૂઆતમાં અશુદ્ધ, કે અશુભ વિચાર, ઉચ્ચાર અને આચાર એ ત્રણેને દૂર કરો અને સાથે શુભ આચાર, ઉચ્ચાર તથા વિચારમા પ્રવૃત્તિ વધારો. એટલે સુધી શુભમાં પ્રવૃત્તિ કરો કે સ્વપ્નમા પણ અશુદ્ધ કે અશુભ પ્રવૃત્તિ ન થાય.

ત્યાર પછી ક્રમે આત્માની શુદ્ધ પવિત્ર દશાને સમજો. યાદ કરો. અને તે માટે અનેક પવિત્ર મહાપુરૂષોનાં જીવન ચરિત્રો તપાસો. આત્માની વિશુદ્ધતા સમજી તેજ પ્રમાણે આત્મદ્વારા વિશુદ્ધતા અનુભવો. આ આત્મ વિશુદ્ધતામા તમે પોતેજ છો અથવા તે વિશુદ્ધતા તેજ તમારૂં સત્ય સ્વરૂપ છે તે મેળવો તે વિશુદ્ધતા એવી રીતે અનુભવો કે ફરી વ્યુત્થાન દશા નજ પામો તેમાથી ખસી, ફરી પાછા નીચા ન આવો, તો અહીંજ જીવન-મુક્ત દશા અનુભવશો અને પરિપૂર્ણ કર્મ ક્ષય થતાં શાશ્વત સિદ્ધ સ્વરૂપે થઈ રહેશો

આ પર્વના મહાપુરૂષોનો બોધ છે. કૃપાળુ મહાત્માએ તે વિષે અનેક ગ્રથો લખી આપણુને બોધે છે. પૂર્વાચાર્ય પ્રણીત તે માહેલા અનેક ગ્રંથોમા આ **યોગશાસ્ત્ર** એક ગ્રથ છે,

આ ગ્રથ વાચવા ભણવાના અધિકારી, સુખને ઇચ્છનાર દરેક પ્રાણી છે. તથાપિ સત્ય સુખને મેળવવા પ્રવૃત્તિ કરનારાઓ, આ ગ્રથના મુખ્ય અધિકારી ગણી શકાય પશુ, પક્ષી વિગેરેની માફક આહાર, નિદ્રા, ભય અને મૈથુનાદિ **ઇંદ્રિયોના** વિષયોનેજ મેળવવા ઇચ્છનાર, આ ગ્રંથના અધિકારી થતા નથી,

અધિકારીઓએ ગ્રંથના વિષયનુ મનન કરી, તે સાધ્ય કરવા સાધક બનવાનુ છે, અને તેમ કરી લેખકના પ્રયાસને સફળ કરવાનો છે.

ગ્રંથકાર મહાશય, કળીકાળ સર્વજ્ઞ શ્રીમાન્ હેમચદ્રાચાર્યે આ ગ્રંથ **કુમારપાળ** મહારાજાની પ્રાર્થનાથી બનાવ્યો છે. તે વિષે અંત્યના કાવ્યની ટીકામા આચાર્યશ્રી પોતે જણાવે છે કે "કુમારપાળ મહારાજાને યોગ વિશેષ પ્રિય હતો તેણે યોગ સબંધી અન્ય દર્શનકારોનાં બીજા યોગ શાસ્ત્રો જોયા હતા. અને જેથી સંબધી **યોગ** જાણવાની તેની વિશેષ ઉત્કંઠા હોવાથી આ યોગશાસ્ત્ર તેની પ્રેરણાથી બનાવવામાં આવ્યુ છે."

એટલે આ યોગશાસ્ત્ર બનાવવાનો મુખ્ય હેતુ કુમારપાળ મહારાજાની યોગ સંબંધી ઇચ્છા તૃપ્ત કરવાનો છે અને ગૌણુ રીતે સસાર તાપથી તપ્ત થએલા સર્વ જીવોને આત્મિક સુખની શીતળતા બતાવી, તે પ્રમાણે વર્તન કરવા પ્રેરણા કરી, શાંત કરવાનો છે.

આ યોગશાસ્ત્ર પર કુમારપાળ મહારાજાને કેટલો પ્રેમ હતો તે 'કુમારપાળ ચરિત્ર' પરથી જણાઇ આવે છે કે આ યોગશાસ્ત્ર કુમારપાળ મહારાજાને કઠસ્થ હતુ. અને તેઓ દિવસમાં એકવાર નિરતર સ્વાધ્યાય તરિકે તેનુ સ્મરણ કરતા હતા.

સ્મરણ કરવાનું કારણ એમ જણાવ્યું છે કે, કુમારપાળ એક વખત જમવા બેઠો હતો, તે વેળા ભોજનમાં વસ્તુ સાદસ્યતાથી, જૈન ધર્મ પ્રાપ્ત થયા પહેલા ભક્ષણ કરેલું માંસ યાદ આવ્યું. તેના પ્રાયશ્ચિત નિમિત્તે ગુરુવર્યને જણાવ્યું, ગુરુશ્રીએ આ **યોગશાસ્ત્રના** બાર પ્રકાશ, અને **વીતરાગ સ્તવના** વીશ પ્રકાશ એમ બત્રીશ પ્રકાશ દંતશુદ્ધિ અને આત્મશુદ્ધિ કરવા માટે પ્રાયશ્ચિતમાં નિરંતર એકવાર યાદ કરવા ફરમાવ્યુ હતું. આવાં પ્રાયશ્ચિતો આપવાં તે, આચાર્યશ્રીની દીર્ઘદષ્ટિ અને કુમારપાળની ભાવી શીઘ્ર કલ્યાણતાને સુચવી આપે છે, કેમકે આત્મઉપયોગની કે લક્ષની જાગૃતિ રહેવી, એના જેવું કર્મ ખપાવવામાં બીજું કોઈ પણ પ્રબલ સાધન નથી.

આથી સ્પષ્ટ સમજાઈ શકાય છે કે આ ગ્રંથ અતિ ઉપયોગી હોઈ શીઘ્ર કલ્યાણ કરવામાં પ્રબલતર સાધન સમાન છે. ગ્રથનો મુખ્ય વિષય મન, વચન કાયાના યોગોને સ્થિર કરી, મુમુક્ષુઓને મોક્ષ માર્ગ બનાવવાનો છે. તેથીજ આ ગ્રંથમાં માર્ગાનુસારીથી, મોક્ષની હદ સુધીની સર્વ વાતો સમાવવામાં આવી છે.

આ ભાષાંતર કરવાની પ્રવૃત્તિ સ્વ પર ઉપકારાર્થે થઈ છે એટલે કે યોગ માર્ગના અભ્યાસદ્વારા મોક્ષ પ્રાપ્ત કરવાના મેં આરંભેલા કામમાં આ ભાષાતર કરવારૂપ કાર્યથી મારો કાળ સારી રીતે વ્યતીત થાય અને સાથે સાથે આ ભાષાંતર પ્રસિદ્ધ થાય તો, તેથી કેવળ ગુર્જર ભાષા જાણનારા અધિકારી વર્ગને પઠન પાઠનમાં સુલભતા થઈ, તેઓને પણ મોક્ષ સાધનમાં આ ગ્રથ નિમિત્ત રૂપ થાય. એવા હેતુથી આ ગ્રંથનું (પૂર્વે ભાષાંતર થયેલુ છતા) મેં લખ્યુ છે. આ ગ્રંથના સવિસ્તર ભાષાંતર માટે યોગના અનુભવની પૂર્ણ જરૂર છે, અને મને તેટલો યોગનો અનુભવ નથી. એટલે આ ગ્રંથના વિસ્તાર વાળા વિવેચન કરવા માટે મારી યોગ્યતા નથી, એમ હું સમજી શકયો છું. છતાં શુભ કાર્યમાં યથા શક્તિ પ્રયત્ન કરવો એમ ધારી શક્ત્યનુસાર કાંઈક પ્રયત્ન કર્યો છે. વળી આવા અતિ ઉપયોગી ગ્રંથોપર એક, બે, નહિ પણ અનેક ભાષાંતરો થવાની જરૂર છે. તો કોઈ બુદ્ધિમાન્ અનુભવી મહાશય આના કરતાં અધિક સ્ફુટ, અને વિસ્તાર કરી યોગના સંબંધમાં વિશેષ અજવાળું પાડશે, તો અધિક ઉપકાર થશે. એમ મારૂં માનવું છે.

વળી આ ભાષાંતર કરવાનું બીજું એ પણ કારણ હતુ કે મારૂં ગયું ચતુર્માસ, મારા ગુરુવર્ય શ્રીમાન્ પંન્યાસજી મહારાજ શ્રી કમળવિજયજી

સાથે મુંબઇમાં થયું હતું; ત્યાં પર્યુષણ પછી શરીરની સ્થિતિ અનુકૂળ ન રહેવાથી કારણસર વાલકેશ્વર રહેવાનું થયું હતું. ત્યાં વખત ઘણો તેમજ વિશેષ શાંતિવાળો હોવાથી મારા વિચારોને વિશેષ પ્રકારે શુભમાં જોડવા નિમિત્તે આ પ્રયાસ કરવામાં આવ્યો છે.

આ ભાષાંતર કરવામાં કોઇ પણ ઠેકાણે શાસ્ત્ર વિરૂદ્ધ લખાયું હોય તો તે માટે નિર્દોષ અંતઃકરણથી ક્ષમા ચાહું છું. અને જો કોઇ મહાશય તેમાંથી ભૂલ બતાવશે તો ઉપકાર સાથે, તે ભૂલ જણાતાં અંગીકાર કરીશ માટે સજ્જનો મારી ભૂલ બતાવવા માટે સહાયક થશે. અને આ ગ્રંથનો અભ્યાસ કરી, તેમાં બતાવેલ માર્ગે પ્રવૃત્તિ કરી, અનાદિ કાળથી પોતાનું વિસ્મૃત થયેલું આત્મ સ્વરૂપ કોઇપણ પ્રાપ્ત કરશે તો હું મારા પ્રયાસની પૂર્ણપણે સફળતા થયેલી માનીશ, એટલું જણાવી આ પ્રસ્તાવના પૂર્ણ કરૂં છું.

વિક્રમ સંવત ૧૯૬૩. પુના સીટિ.

**લિ: મુમુક્ષુ-મુનિ કેશરવિજય.**

# બે બોલ.

—⁂—

કલિકાલ સર્વજ્ઞ એવા ઉત્તમ બિરૂદને ધારણ કરનાર શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય કૃત યોગશાસ્ત્ર એટલો તો ઉપયોગી ગ્રન્થ છે કે પાશ્ચાત્ય તેમજ પૂર્વના અનેક વિદ્વાનોએ આ ગ્રન્થની અતિ પ્રશસા કરી છે. આ ગ્રન્થ ઉચ્ચ જીવન ગાળવાને કેટલો બધો જરૂરનો છે તે કેવળ તેની અનુક્રમણિકા તરફ નજર કરવાથી પણ ખ્યાલમા આવી શકશે, માર્ગાનુસારિપણાના પાંત્રીસ ગુણ, શ્રાવકનાં બાર વ્રત, દરેક વ્રતની પાંચ પાંચ ભાવના, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને તેના વિવિધ પ્રકાર, તથા આચાર્યશ્રીનો આ બાબતનો જાતિ અનુભવ એ વિગેરે અનેક જાણવાજોગ વિષયોથી આ ગ્રન્થ ભરપૂર છે. જૂદે જૂદે સ્થળે આપેલા દૃષ્ટાન્તોથી આ ગ્રન્થની મહત્વતામા વૃદ્ધિ થાય છે. આવો અતિ ઉત્તમ ગ્રન્થ જૈન સમાજની તેમજ અન્ય વિદ્વાનોની દૃષ્ટિએ પડે અને લોકો તેનો લાભ લેઇ શકે તેવા ઉત્તમ હેતુથી આ ગ્રન્થની પ્રથમ આવૃત્તિ માગરોલ સભા તરફથી કચ્છ જખૌ નિવાસી શ્રાવીકા બેન દેવલી બેનની આર્થિક મદદથી આઠ આના જેવી નજીવી કિંમતે પ્રસિદ્ધ કરવામાં આવી હતી. તેની બે આવૃત્તિઓ પણ ટુંક સમયમાં ખપી ગઈ છે, અને તે છતાં તે ગ્રન્થની એટલી એટલી બધી માગણી આવે છે કે આ ત્રીજી આવૃત્તિ છપાવવાની અમને જરૂર પડી અને તે ખાતર આ સભા પોતાને ભાગ્યશાળી માને છે.

મર્હુમ શેઠ અમરચંદ તલકચંદ તરફથી લેવામાં આવતી ધાર્મિક પરીક્ષામાં પણ આ ગ્રન્થને એક વિષય તરીકે રાખવામાં આવ્યો છે, તેથી પણ આ ગ્રન્થની પ્રિયતા વધતી જાય છે

સભા આ ગ્રન્થને પડતર કિંમત કરતા પણ ઓછી કિંમતે જનસમાજ આગળ રજુ કરવા સમર્થ થઇ છે, તેનું મુખ્ય કારણ એ છે કે પન્યાસજી શ્રીકેસરવિજયજી ગણીના સદુપદેશથી આ કામમા કેટલાંક સ્રીપુરૂષોએ ખાસ મદદ કરી છે. તેવા સ્રીપુરૂષોનો આ સ્થળે આભાર માનવો એ અમારી ફરજ છે.

પ્રથમ આવૃત્તિમાં ઘણી મોટી રકમની મદદ કચ્છ નિવાસી બેન દેવલીબાઈ તરફથી મળી હતી જે વિષે પ્રથમાવૃત્તિમાં હકીકત પ્રકટ કરેલ

છે. તેવી રીતે મદદ આપી ઉત્તમ શ્રાવિકા તરીકે જે ફરજ બજાવી છે, તે ખાતર તેમને જેટલો ધન્યવાદ આપીએ તેટલો ઓછો છે. તેજ રીતે બીજી આવૃત્તિ માટે કપડવંજના શ્રી સંઘે ( ૩૩૦ ) રૂપીયાની મદદ કરી હતી, તે ખાતર આખો સંઘ ધન્યવાદને પાત્ર છે.

આ ત્રીજી આવૃત્તિમાં ખાસ મદદ કરનાર પેથાપુર નિવાસી શેઠ **નહાલચંદભાઇ નાગરદાસ** છે. તેમણે આવા કામમાં મદદ કરી ખરેખર મોટું પુણ્ય ઉપાર્જન કર્યું છે. કેમકે જ્ઞાન માર્ગે પોતાના દ્રવ્યનો વ્યય કરવો તે કંઇ જેવી તેવી બીના નથી. જ્ઞાન દાન સર્વોત્તમ દાન છે.

આ ત્રીજી આવૃત્તિમાં અમે શ્રીમદ્ હેમચંદ્રાચાર્યનું સંક્ષિપ્ત જીવનચરિત્ર આપવા ભાગ્યશાળી થયા છીએ, તે બીના આ ગ્રન્થની પ્રિયતામાં વધારો કરનાર છે. કેમકે મહાત્મા પુરૂષોના ચરિત્રો જાણવાથી અપૂર્વ લાભ થાય છે. તે ચરિત્ર લખી આપવા માટે અમે મી. મોહનલાલ દલીચંદ દેશાઇ B. A. L. L. B. નો તેમજ બીજી આવૃત્તિની માફક આ આવૃત્તિનાં પણ પ્રુફો તપાસી આપવા વિગેરેના કામ માટે મી. મણિલાલ નથુભાઇ દોસી B. A. નો આભાર માનીએ છીએ.

સૌથી અગત્યની બાબત એ છે કે પન્યાસજી શ્રી કેસરવિજયજી ગણિએ આ ગ્રન્થનું ભાષાંતર કરી જે ઉપકાર જનસમાજ ઉપર કર્યો છે. તે અવર્ણનીય છે. આવી રીતે સમયનો સદુપયોગ કરવા માટે અને ત્રણ આવૃત્તિઓ પ્રકટ કરવામાં સભાને ઉત્તેજીત કરવા માટે સભા તેઓશ્રીના અત્યંત આભારી છે.

દરેક આવૃત્તિમા સુધારો વધારો કરવા તથા શુદ્ધતા ઉપર વધુ લક્ષ આપવામા આવ્યું છે. પૃષ્ટ સંખ્યા પણ વધી છે. છતા મદદ કરનારાઓનો હેતુ જાળવી તેની કિંમતમાં કાંઇ પણ વધારો ન કરતાં રૂ. ૦–૮–૦ જ કીંમત રાખી છે. ખરેખર આ રીતે ઓછી કિંમતે ગ્રન્થો પ્રકટ કરવામા દરેક સંસ્થાઓ લક્ષ રાખે તો પુસ્તકોનો લાભ ઘણા બહોળા પ્રમાણમાં લેવાય, તેમ આ ગ્રન્થના વેચાણના અનુભવપરથી અમને કહ્યા વિના ચાલતુ નથી. આશા છે કે ચોથી આવૃત્તિની જરૂર પડશે અને તેથી વાચકોનું ધ્યાન ખેંચવા જરૂર જોઇએ છીએ કે તે માટે મદદ કરવા તેમજ યોગ્ય સૂચનાઓ આપવાને જરૂર વિચારશો. વીરસંવત્ ૨૪૩૭.

# श्रीमद् पन्यासजी महाराज श्री देवविजयजी गणि



देवभक्तिमाला, देवविनोद, रेखादर्शन, प्रकरण पुष्पमाला, अनुयोगद्वार, सूत्रभाषांतर विगेरेना कर्त्ता, जेओश्रीना मुंबईना चर्तुमास बदलावचाना स्मरणार्थे आ योगशास्त्रनी चोथी आवृत्ति छपाववामां आवी छे.

जन्म सं. १९२६ फाल्गुन    दीक्षा सं. १९५६ जेठ    पन्यासपद सं. १९७३ माह

# ચોથી આવૃત્તિ સંબંધે બે બોલ.

ત્રીજી આવૃત્તિ પછી ચોથી આવૃત્તિ નીકળવામાં ઘણો લાંબો વખત પસાર થયો છે. ઘણા મનુષ્યો તરફથી આ યોગશાસ્ત્ર માટે માંગણીઓ આવ્યા કરતી હતી પણ તેવા અનુકુળ સંયોગોના અભાવે ચોથી આવૃત્તિ છાપી શકાઈ નહતી. તેમ થવામાં મુખ્ય કારણ કાગળની મોંઘવારી, મજુરીના દર વધારે અને પહેલાંની આવૃત્તિઓની માફક મદદનો અભાવ એ હતું. પહેલી આવૃત્તિઓ સસ્તી કીંમતે વેચાયેલી અને વગર મદદે તેટલી સસ્તી આપવાને પહોંચી ન શકાય આ કારણો હતાં.

હમણાં ગયું ચતુર્માસ પન્યાસજીશ્રી દેવવિજયજીનું મુંબઈ થયું હતું. અને તે પ્રસંગે કેટલાક ભાવિક ગૃહસ્થોએ આ યોગ શાસ્ત્ર છપાવવામાં સારી મદદ આપી છે જેઓનાં મુબારક નામો આગળ આપવામાં આવ્યાં છે તેથી આ ચોથી આવૃત્તિની મોડી પણ બે હજાર નકલો છપાવી શક્યા છીએ.

મદદના અભાવે વારંવાર છાપવાનું જરૂરી પ્રસંગે બંધ ન રહે તે માટે મદદગારોની સલાહથી આ પુસ્તકની કીમત રાખવામાં આવી છે. ભેટની નકલો અપાયાબાદ વેચવામાંથી આવેલી કીંમતથી ફરી વાર આ પુસ્તકો છપાવવામાં આવે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

આ આવૃત્તિમાં બનતો સુધારો કરવામાં આવ્યો છે. શુદ્ધિ તરફ બનતા પ્રયત્ને સારી કાળજી રાખવામાં આવી છે.

સંવત ૧૯૮૦ વૈશાખ સુદ ૩.

લ૦ ગ્રંથમાળાના વ્યવસ્થાપકો.

## મદદ કર્તાઓનો આભાર.

યોગશાસ્ત્રની ચોથી આવૃત્તિ ઘણા વખત પછી નીકળવા પામે છે. લોકોના માગણી ઘણા વખતથી તેને માટે થયા કરતી હતી પણ સ્વતંત્ર રીતે છપાવનારની મુશ્કેલી એ હતી કે પ્રથમની ત્રણ આવૃતિઓમાં બીજા તરફથી ઉદાર મદદ મળેલી હતી તેથી જુજ કીમતે તે વેચાણ થઇ શકી હતી એટલે આ મોઘવારીના પ્રસગમાં સ્વતત્ર છપાવનારને તેટલી કીંમતે વેચવી પાલવે તેમ ન હતી તેટલામાં આ મુબઇના પન્યાસજી શ્રી દેવવિજયજીના ચતુમાસને અગે કેટલાંક પુસ્તકો છપાવવાની કેટલાક ઉદાર ગ્રહસ્થો તરફથી યોજનાઓ થઈ છે તેમા આ યોગશાસ્ત્રની ચોથી આવૃત્તિની યોજના પણ થઇ છે. પંન્યાસજી શ્રી દેવવિજયજી ગણી, મુનિ ન્યાયવિજયજી, અને મુનિશ્રી તરૂણવિજયજીના ચર્તુમાસ બદલાવવાના શુભ પ્રસગની યાદગીરિ નિમિંત્તે આ ચોથી આવૃત્તિ માટે અગિયારસો એક રૂપિયા પોરબંદર નિવાસી શેઠ પ્રાગજીભાઇ ધરમસીભાઈ તથા ધર્મશ્રદ્ધાળુ તેમના ધર્મપત્નિ બ્હેન નવલબાઇએ છપાવવાને મદદ આપી છે, તેથી તેમનો આ પ્રસગે આભાર માનવાનો અને તેમનાં ટુક જીવનનો ઉલ્લેખ અન્યસ્થલે કરીએ તો તે અનુચીત ગણી શકાશે નહિ.

આ પુસ્તક છપાવવામા મદદ આપનાર ઉદાર ગ્રહસ્થોનાં મુબારક નામ.

૧૧૦૧) શેઠ. પ્રાગજીભાઇ ધરમસીભાઈ.

૫૦૦) શ્રી શાતિનાથજી મહારાજના દેરાસરજીના અંગે ચાલતા જ્ઞાનખાતામાથી હા. શેઠ ભોગીલાલભાઇ વીરચંદભાઈ.

૨૫૦) ઝવેરી ચીમનલાલ મોહનલાલની કંપની તરફથી હા. ઝવેરી નવલચંદભાઈ ખીમચદભાઇ

૨૫૦) પાટણનિવાસી શેઠ શ્રી ડાહ્યાભાઇ ડોસાભાઇ તરફથી.

૨૧૦૧) અંકે એકવીસો એકની મદદ મળી છે.

જ્ઞાનદાન જેવા મહાન્ ઉત્તમ દાનમા જે દ્રવ્યની મદદ પૂર્વોક્ત મહાનુભાવ શ્રાવકોએ આપેલ છે તે ખરેખર પ્રશસા અને અનુમોદન કરવા સાથે મદદ આપનાર ભાઇઓનો ઉપગાર માનવામા આવે છે આવી ઉદારતાના અંગે આવા પુસ્તકોનો ઘણો પ્રચાર થવા પામે છે. ઉદાર ગ્રહસ્થોને આવાં કાર્યો અનુકરણ કરવા યોગ્ય છે.

એજ લી.

**શ્રી. વિજયકમળ કેશર ગ્રંથમાળાના**

**વ્યવસ્થાપકો.**

પોરબંદર નિવાસી સુશ્રાવક પ્રાગજીભાઈ ધરમશી



જેઓએ પંન્યાસજી મહારાજશ્રી શ્રીદેવવિજયજીગણિ, મુનિરાજશ્રી ન્યાય વિજયજી, તથા તપસ્વી તરૂણવિજયજી ઠાણા ૩ને પોતાને ઘેર મુંબઈમાં ચતુર્માસ બદલાવી પૈસાનો ઘણો સારો સદ્વ્યય કર્યો અને તેઓશ્રીના સ્મરણાર્થે આ યોગશાસ્ત્રની ૧૦૦૦) બુક છપાવી પ્રસિદ્ધ કરેલ છે.

જન્મ સં. ૧૯૨૯ના કારતક વદ ૧૧

36—Lakshmi Art, Bombay, 8

# શેઠ પ્રાગજીભાઇ ધરમસીભાઇના જીવનની ટુંક નોંધ.

સંવત્ ૧૯૨૯ના કારતકવદ ૧૧ ને દિવસે શેઠ પ્રાગજીભાઇનો જન્મ પોરબું-દરમા થયો હતો. તેમના પિતાશ્રી ધરમસીભાઇ અને માતુશ્રી પાનકારબાઈ સં. ૧૯૩૩ માં મુબાઇમાં વ્યાપાર નિમિત્તે આવી રહ્યાં હતાં શેઠ ધરમસીભાઇ સં. ૧૯૫૪માં દેવગત થયા હતા અને તેમના ધર્મપત્ની પાનકારબ્હેન સ. ૧૯૬૯મા દેવલોક થયા હતા તેમને ચાર પુત્ર અને એક પુત્રી સતતિમાં હતા. વડીલભાઇ મેઘજીભાઈ, પ્રાગજીભાઇ, પુરૂષોત્તમભાઇ, અને મોતીચંદભાઈ અને બહેનનુ નામ મોંઘીબ્હેન હતું. આ બ્હેને સ. ૧૯૭૪માં અમદાવાદમા મુનિરાજશ્રી વલ્લભવિજયજી પાસે દિક્ષા લીધી છે અને સાધ્વીજી દેવશ્રીજીના શિષ્યા સાધ્વીજી ચરણશ્રીજીના શીષ્યા થયાં છે. તેમનુ નામ હીતશ્રીજી રાખવામા આવ્યુ છે

પ્રાગજીભાઇનુ લગ્ન સં. ૧૯૫૯ ના વૈશાખ માસમાં જામનગરમાં શ્રીમતિ નવલબ્હેન સાથે થયેલ છે. આ બ્હેન સ્વભાવે ઘણાં શાંન, શુશીલ અને ધર્મપરાયણ છે.

પ્રાગજીભાઇ પોતાની સામાન્ય સ્થિતિના અંગે સ. ૧૯૪૩ માં શેઠ ધનજી મુળજીને ત્યા નોકરીમા જોડાયા હતા. ઉત્સાહ અને વફાદારીવાળા જીવનને લીધે શેઠશ્રીનો સારો પ્રેમ તેમણે મેળવ્યો છે. વ્યાપારના કામમા તિક્ષણબુદ્ધિને લીધે અને આગળ પડતો ભાગ લેવાના અગે શેઠશ્રી પાસે તેઓ વિશેષ માનીતા થઈ પડયા છે

સસારના ધનાદિ સાધનો અનિત્ય અને અસ્થિર પોતાને જણાયાથી પોતાની સત્કર્મની કમાઇવાળા ધનનો તેઓ ઘણો સારો ઉપયોગ કરી રહ્યા છે.

સંવત્ ૧૯૮૦ ના કારતક સુદ ૧૫ ને દિવસે મુંબઈમાં પન્યાસજીશ્રી દેવવિજયજી આદિ ઠાણા ૩ નું ચર્તુમાસ તેમણે પોતાને ઘેર ઘણી લાગણીથી બદલાવવાનું નિમંત્રણ કર્યું હતું. તેમની આ ધાર્મિક ઇચ્છાને માન આપી પન્યાસશ્રીજીએ પણ તે વિનતી કબુલ રાખી હતી. પોતાને ઘેર મુનિશ્રીને ત્રણ દિવસ સુધી રાખ્યા હતા. મુબઈ જેવા શહેરમાં તે મુસ્કેલી ભર્યું ગણીશકાય. આ પ્રસગે નિત્ય પૂજાએ પોતાને ત્યાં ભણાવાતી હતી.

ગવૈયાઓ પૂજા અને ભાવનામાં કાયમ હાજરી આપતા હતા. ત્રણે દિવસ શ્રીફળની પ્રભાવના થઈ હતી. તથા આત્મજ્ઞાન પ્રવેશિકાના પુસ્તકની પણ પ્રભાવના એક વખત કરવામાં આવી હતી. જીવદયામાં પણ સારી રકમ આપી હતી, અને છેવટે આ યોગશાસ્ત્ર છપાવા નિમિત્તે અગિયારસો એક રૂપિયા આપી પોતાની ઉદારતાનો સારો પરિચય આપ્યો છે. તેમના બ્હેન મોઘીબ્હેનના દિક્ષા પ્રસંગે પણ તેઓએ પૈસાનો સારો વ્યય કર્યો હતો.

તેમનાં ધર્મપત્નિ નવલબાઇની ધર્મ પ્રત્યેની લાગણી અને ઉદારતા તેમના પતિ કરતા પણ વિશેષ પ્રબળ છે. પુત્રના જન્મનો આનંદ ગ્રહસ્થોને હોય તે કરતા પણ વિશેષ આનંદ તેમને આ પોતાને ઘેર ચતુર્માસ બદલાવવાના પ્રસંગે હતો, ગુરૂ, સ્વધર્મી બંધુ અને બ્હેનોની ભક્તિ કરવામાં તેઓ એક પગે તૈયાર જણાતાં હતાં. સંસારમા આવુ ધર્મિષ્ટ જોડું પૂર્ણ ભાગ્યોદય હોય તોજ મળી શકે છે.

લિ. શ્રી વિજયકમળ કેશર ગ્રંથમાળાના
વ્યવસ્થાપકો.

# શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય.

## ગુરૂ સ્તુતિ.

### રાગ કલ્યાણ.

કલિસર્વજ્ઞ !, ત્રિકાલવંદન હો !!!
સિદ્ધરાજ કુમાર પ્રતિબોધી,
મહિમા વધાર્યો જૈનશાસન હો—કલિ.
અમારિપડહ વજડાવી જંતુ,
દાન અભય દીધું હેમ સુધન્ય હો—કલિ
ધવલકીર્તિગીત ગાઇએ ત્હારાં,
ગુર્જર બાલ થઇ સુપ્રસન્ન હો—કલિ. ૩

'કલિકાલ સર્વજ્ઞ' એ નામનું ઉત્તમ બિરૂદ ધરાવનાર, ગુજરાતની પ્રજામાં શ્રી કુમારપાળ રાજા દ્વારા અમારીપડહ વજડાવી માંસાહાર, મદિરાપાનને દેશવટો અપાવનાર, અખંડ બ્રહ્મચારી, શાસનપ્રભાવક મહાન્ મુનિ શ્રીમદ્ હેમચંદ્રાચાર્યથી કોણ અપરિચિત છે? જૈન તેમજ જૈનેતર-સર્વ શિક્ષિત જગત્માં તેઓનું નામ સજીવન, જ્વલંત અને પ્રસિદ્ધ છે.

૧

## શ્રીમદ્‌ના ગુરૂ.

આવા સુવિખ્યાત જયશ્રીવાળા મહાત્માનું જીવનવૃત્તાંત કંઇપણ લખીએ, તે પહેલાં તેમના ગુરૂની ઓળખાણ કરીએ.

( કોટિક ગણ, વજ્રશાખા, ચંદ્રકુળ. )
|
દિન્નસૂરી
|
યશોભદ્રસૂરિ.
|
પ્રદ્યુમ્નસૂરિ.
|
ગુણસેનસૂરિ.
|
દેવચંદ્રસૂરિ.

આમા છેલ્લા દેવચંદ્રસૂરિ વિહાર કરતાં કરતા ધંધુકાનગર આવ્યા. તેઓ શ્રીમદના ગુરૂ છે, તેથી તેમને અને શ્રીમદને ગુરૂશિષ્યોનો સંબંધ કઈ રીતે થયો તે જોઈશું.

૨

## જન્મ.

ધંધુકા નગરમાં ચાચિગ (ચાચો) શાહ નામનો મોટ વણિક વસતો હતો, તેને પાહિની (ચાહિરી) નામની સ્ત્રી હતી. તેને એક અદ્ભુત સ્વપ્ન આવ્યું કે 'મેં એક અમૂલ્ય ચિંતામણિ રત્ન ગુરૂ મહારાજને સમર્પણ કર્યું. આ સ્વપ્નનું ફળ પૂછવા તે ઉપાશ્રયે ગઈ. આ વખતે ઉપરોક્ત શ્રી દેવચંદ્રસૂરિ ઉપાશ્રયમાં બિરાજતા હતા. તેમને પૂછવામાં આવતાં કહ્યું કે–' હે શ્રાવિકા! તમને એક સુંદર પુણ્યશાળી અને મહિમાવંતો પુત્ર થશે, પરંતુ તે પુત્રરત્નને તમે ગુરૂ મહારાજને અર્પણ કરશો અને તે શ્રી જૈનશાસનનો ઉદ્યોત કરશે ' ' ગુરૂ વિહાર કરી ગયા. આ દિવસથી તેને ગર્ભ રહ્યો, અને નવ માસ પુરા થતા સંવત ૧૧૪૫ના કાર્તિક સુદી પૂર્ણિમાને દીને પુત્રનો જન્મ થયો. માતપિતાએ તેનો ઉત્સવ કરી ચંગદેવ એ નામ આપ્યું

૩

## દીક્ષા.

પુત્ર પાચ વર્ષનો થયો, ત્યારે દેવચંદ્રસૂરિ પણ આ અવસર જોઈ પધાર્યા. સૂરિને વાંદવા સર્વ સંઘ ગયો, ત્યારે માતા પણ આ પુત્રને લઈ વંદન કરવા ગઈ. આ વખતે પુત્ર ચંગદેવ બાલચેષ્ટા કરતો ગુરૂના આસન–પાટ–ઉપર બેસી ગયો. આ જોઈને આચાર્યે માતાને કહ્યું કે ' પ્રથમ મેં જણાવેલું સ્વપ્નનું ફળ યાદ છે કે? તે પૂર્ણ થવાનો હવે અવસર આવ્યો છે. તો અમોને તે પુત્ર ભાવસહિત આપો તો ઘણું પુણ્ય થશે. ' પછી બાળકના અંગનાં લક્ષણો ગુરૂએ જોયા, અને તે પરથી કહ્યું કે ' જો આ પુત્ર ક્ષત્રિય કુળમાં જન્મ્યો હોય તો સાર્વભૌમ રાજા થાય, બ્રાહ્મણ યા વણિક કુળમાં જન્મ્યો હોય તો મહા અમાત્ય થાય. વણિક કુળમાં જન્મ્યો છે તેથી તે જો દીક્ષા ગ્રહણ કરે તો આ કલિયુગમાં કૃતયુગ પ્રવર્તાવે તેવો થાય! ' ત્યારે પુત્રની માતા બોલી ' મારા પતિ કે જે મ્હેશ્વરી–વૈષ્ણવ છે તે બહારગામ ગયેલ છે. જો તે કોપે તો તેને શો ઉત્તર દેવો ? ' આ સંવાદ પછી માતાએ પોતાના ભાવોલ્લાસપૂર્વક પુત્રને ગુરૂને સોંપ્યો. ગુરૂએ તેને કર્ણાવતી પુરીમાં ઉદયનમંત્રી પાસે તેને ઘેર રાખ્યો, અને ત્યાં વિદ્યાભ્યાસ કરતો વધવા લાગ્યો.

હવે અહીં ચાચો શેઠ ઘેર આવતાં બાળકને જોયો નહિ, એટલે સ્ત્રીને પૂછતાં થયેલી હકીકત સાંભળી, ત્યારે બહુ સખેદ થયો, અને અન્ન-પાણીનો ત્યાગ કોપથી કરી શ્રી ગુરૂપાસે કર્ણપુરી (કર્ણાવતિ) આવ્યો; એટલે શ્રી ગુરૂમહારાજે એવો સજ્જડ પ્રતિબોધ આપ્યો કે તેણે પીગળી જઇ પોતાનો પુત્ર દીક્ષા લીએ તેની અનુમતિ આપી. ઉદયનમંત્રિએ શેઠને પોતાને ઘેર તેડી જઇ ઉત્તમ ભોજન કરાવીને કહ્યુ કે 'હે શેઠ ! આપે આપના પુત્રને ગુરૂને આપ્યો તેથી મહાન્ પુણ્ય ઉપાર્જન કર્યું છે લ્યો આ ત્રણ લાખ મહોર. તેથી તમે ધર્મ કાર્ય કરજો' ચાચાશેઠે કહ્યુ કે 'મે ધનને માટે પુત્રદાન કર્યું નથી, તેથી મારે તે મહોરો જોઇતી નથી. મે ધર્મને માટે કરેલ છે.' આમ કહી તે પોતાને ઘેર પાછો આવ્યો.

ચંગદેવ જયારે નવ વર્ષનો થયો ત્યારે-સવત ૧૧૫૪ મા ગુરૂએ દીક્ષા આપી, સોમદેવ મુનિ એ નામ આપ્યુ

## ૪.
## સૂરિપદ.

એક સમયે ગુરૂસાથે વિહાર કરતાં કરતા તે સોમદેવ મુનિ નાગપુરિ (નાગપુર)મા આવ્યા, તે વખતે ધનદ નામનો વણિક વસતો હતો. તે પૂર્વભવના કર્મથી ઘણો ગરીબ હતો તેણે ઘરની જમીન ખોદી ત્યારે કોલસાનો ઢગલો નીકળી આવ્યો આ કોયલાને તેણે ઘરને આંગણે ભેગા કર્યા હતા. ધનદને ત્યા સોમદેવ મુનિ ગુરૂ સાથે ગોચરી માટે પધાર્યા, અને ધર્મલાભ આપ્યો. ત્યારે ધનદે કહ્યું કે 'ઘરમાં જુવારની ઘેસ રાધી છે, તે દેતાં શરમ થાય છે, છતાં તે સુજતો (પ્રાસુક) આહાર છે તે લેવાની કૃપા કરો,' ત્યારે સોમદેવમુનિએ ગુરૂમહારાજને ગુપ્ત રીતે કહ્યું કે 'આ વણિકના આંગણામા તો સોના મહોરોનો ઢગલો પડયો છે, છતા તે પોતાને નિર્ધન કેમ કહે છે ?' ત્યારે ગુરૂશ્રીએ જાણ્યુ કે આ મુનિના સ્પર્શથી ખરેખર આ કોલસાનો ઢગલો સોના મહોરોનો થશે એમ વિચારી તેમણે તે ઢગલા ઉપર સોમદેવ મુનિને બેસવાનુ કહ્યુ અને તેમ કર્યાથી તુરત તે કોલસાનો ઢગલો હેમનો થઈ ગયો ધનદે આમ થયે તુરત ગુરૂશ્રીને કહ્યું કે 'શ્રી સોમદેવમુનિને સૂરિપદ આપો, હું તે મહોત્સવ કરીશ.' એટલે ગુરૂમહારાજે શિષ્યને યોગ્ય જાણી આચાર્ય પદવી આપી તેમનું નામ હેમચદ્રાચાર્ય રાખ્યું. સવત્ ૧૧૬૨.

## ૫.
## મંત્રસાધનો. પ્રચંડ બ્રહ્મચર્ય.

શ્રી હેમાચાર્ય કાશ્મીર ભણી ચાલ્યા, અને ત્યા પોતાના બળથી

સરસ્વતી દેવીને પ્રત્યક્ષ બોલાવી તેની પાસે વર લીધો પછી પોતાના ગુરૂએ આપેલ સિદ્ધચક્રનો મંત્ર સાધતા હતા. આ સાધવામાં શ્રી દેવેન્દ્રસૂરિએ તથા મલયગિરિસૂરિ નામના બે આચાર્યોનો માર્ગમાં સમાગમ થયો. ત્રણે કુમાર નામના સુગ્રામમાં આવ્યા, ત્યા એક ધોબી પાણીને આરે લુગડાં ધોતો હતો, ને લુગડા ઉપર અનેક ભમરાઓ ગુંજારવ કરી રહ્યા હતા. શ્રી હેમસૂરિએ એક સાડીમા ભમરા જોઇને તે પદ્મિની નારીનાં ચીર હોવાં જોઇએ, તેથી ધોબીને તે કોનાં લુગડા છે એમ પૂછતાં તેણે કહ્યું કે ' આ ગામના રાજાની રત્નવતિ નામની પદ્મિની સ્ત્રી છે તેનાં છે. ' ત્રણે આચાર્યો રાજાને ત્યા જઈ ધર્મલાભ આપ્યો. રાજાએ નિરવદ્ય સ્થાનકે ઉતાર્યા. હમેશા દેશના સમતાપોષક દેવાવા લાગી. આમ થતા ચોમાસું પૂરૂં કરી પછી વિહાર કરવાનું જણાવ્યુ. તે ગામના રાજાએ ઘણુ રહેવાનું કહ્યું, ત્યારે તેઓ તે વિનતી સ્વીકારી ન શકયા કારણકે એક સ્થલે સુવિહિત મુનિ ન રહે, અને રહેવાથી સંયમ ન સચવાય એમ શાસ્ત્રની આજ્ઞા છે. પછી 'કોઇ કામ હોય તો કહો ' એમ રાજાએ કહેતાં શ્રી દેવેદ્રસૂરિ બોલ્યા કે ' એક છે તો ખરૂ, પણ કહેતા જીભ ઉપડતી નથી, પણ તેથી વિદ્યા સિદ્ધ થાય તેમ છે. પછી આગ્રહ થતાં કહ્યું કે 'તારી સ્ત્રી પદ્મિનિ છે, તે જો નગ્નપણે અમારી સન્મુખ ઉભી રહે, તો અમે વિદ્યા સાધી શકીએ. તે વખતે તુ પણ તરવાર લઇને ઉભો રહે, અને જો અમે તન, મન, અને વચનથી કઇ પણ ચૂકીએ, એક રોમમા પણ તે સંબધી કામ થાય તો અમોને હણી નાંખજે.' ગુણથી રાજી થયેલ રાજાએ હા કહી. પછી આચાર્યો ગિરનાર આવ્યા, અને ત્યાં જિનપ્રતિમા આગળ રહી નગ્ન પદ્મિનિ પાસે આચાર્યો મંત્ર સાધવા લાગ્યા, અને નૃપ તરવાર લઈ ઉભો રહ્યો.

મેરૂ ચૂલિકા નવિ ચળે, ન ચળે ગેપ ફણીંદ;<br>
વિધિ લિખત જિમ નવ ચળે, ન ચળે ચિત્ત મુનીદ્ર

મુનિઓનું ચિત્ત ચળ્યુ નહિ, મંત્ર સધાયો, અને વિમળેશ્વર યક્ષ આવી ઉભો રહ્યો અને વર માગવા કહ્યુ. શ્રી દેવદ્રસૂરિએ કાંતિથી જિનપ્રાસાદ શ્રીસેરીસમેમા લાવવો, અને વિદ્યાવાદ પોતાને આપવો એ વર માગ્યો. શ્રી મલયગિરિ સૂરિએ સિદ્ધાંતોની વૃત્તિ કરૂ એવી શક્તિ માગી, જ્યારે શ્રી હેમાચાર્યે હુ વચનબળથી રાજાને બૂઝવું અને તેથી શાસનને દીપાવુ એવી વિદ્યા આપવા કહ્યુ તે વિમળેશ યક્ષે માગેલી વિદ્યા ત્રણેને દીધી. પછી શ્રી હેમમુનિ વિદ્યા ગ્રહીને ગુરૂ પાસે આવ્યા, અને વંદન કર્યું. ગુરૂ હર્ષ પામી ધ્યાનમાં બેસી આબીલથી ૭ માસ સુધી દેવતાનુ આરાધન

કર્યું, એટલે શાસનદેવી પ્રગટ થઇ કહ્યું કે 'આપના શિષ્ય હેમાચાર્ય તે પદવીને લાયક છે.' આથી મનમાં જે હતું તે દેવીએ કહેલ છે એ જાણી ગુરૂ હર્ષિત થયા. પછી પોતે નાગપુરિ જ્યાં ધનદ નામનો વણિક વસતો હતો ત્યાં આવ્યાં ત્યાં શ્રી હેમાચાર્યને પાટ પર બેસાડી ગુરૂ શિષ્ય સાથે પાટણમાં આવ્યા.

૬

## શ્રી હેમચંદ્રજી અને મહારાજા સિદ્ધરાજ.

આ વખતે મહારાજા સિદ્ધરાજ જયસિંહ પાટણમા રાજ્ય કરતો હતો, તેને અને શ્રી હેમાચાર્યને મેળાપ થયો. વાતચિતપરથી આચાર્ય-પર રાજાને બહુ પ્રીતિ થઈ, તેથી પોતાને ત્યા આવી ધર્મોપદેશ કરવા રાજાએ વિનતિ કરી. એક વખત રાજસભામાં શ્રી હિમસૂરિ બેઠા હતા, ત્યા રાજાએ પ્રશ્ન કર્યો કે 'ખરો ધર્મ કયો ?' સૂરિએ કહ્યુ કે 'ધર્મની પરીક્ષા કરવી જોઈએ, અને તેમાં જે કસોટી કરતાં ખરો લાગે તે ખરો. આ ઉપર એક દૃષ્ટાંત આપુ છું, તે પરથી સમજાશે—

યશોમતિ નામની નારી એક શંખ નામના વણિકને હતી. તે વાણીયો બીજી પરણ્યો, અને તેમાં લુબ્ધ રહેવા લાગ્યો. આથી યશોમતિને દ્વેષ થયો, તેથી એક મંત્રવાદી પાસેથી મંત્રવાળી મૂળી લીધી કે જે ખવ-રાવવાથી ધણી બળદ થાય. યશોમતિએ તે પોતાના ધણીને ખવરાવી બળદ કર્યો, આથી શોકયે રાજાને વાત કરી. રાજાએ યશોમતિને તે બળદ આપ્યો. હવે યશોમતિ હમેશાં તે બળદને ચારવા લઈ જાય છે. એક વખતે વિદ્યાધર અને વિદ્યાધરી વિમાનમા બેસીને જતા હતાં, ત્યારે વિદ્યાધરીએ યશોમતીને રૂદન કરતી જોઇ અને તેના દુઃખનુ કારણ પોતાના સ્વામી વિદ્યાધરને પૂછ્યું, તેણે કહ્યુ 'પોતાના ધણીને બળદ કરેલ છે તે છે.' ત્યારે ફ્રરી વિદ્યાધરીએ દયા લાવી તેનો ઉપાય પૂછ્યો. ત્યારે વિદ્યાધરે કહ્યુ 'જ્યાં તે નાર બેઠી છે ત્યાં એક જડીબુટી છે. તે જો બળદને ખવરાવે તો ફરી તે પુરૂષ થાય.' વિદ્યાધર પોનાની સ્ત્રીની સાથે ચાલ્યો ગયો, પણ તે યશોમતિએ તે સાભળ્યું એટલે જેટલાં ઘાસ ત્યાં ઉગ્યાં હતાં તે બધાં ચુટી લઈ દરેક છોડ બળદને ખવરાવવા લાગી. આમાં શુદ્ધ મૂળીયુ–જડી-બુટી હતી તે ખવરાવી, એટલે તે બળદ પુરૂષ થયો

આ દૃષ્ટાંત ઉપરથી હે મહારાજ ! આપ લક્ષ આપી દર્શન છે તે સર્વ પારખીને તેમાથી સાચો ધર્મ ગ્રહણ કરો આવાં ગુરૂનાં વચન સાંભળી શ્રી સિદ્ધરાજ હર્ષિત થયો.

પછી રાજાએ સિદ્ધપુરીમા રૂદ્રમાળો નામનું મદિર બધાવ્યુ તેની સાથે પોતાના આભ મત્રી પાસે એક રાયવિહાર નામે જિનપ્રાસાદ કરાવી તેમાં શ્રી વીરપ્રભુની મૂર્તિ સ્થાપી.

એક વખત શ્રી હેમસૂરિને રાજાએ પૂછ્યું કે 'ઇશ્વર અને અરિહંતમાં અતર શું ? ત્યારે તેણે કહ્યું કે 'ઇશ્વર (શંકરની ઉપરે છે તેમ) ના મસ્તકે ચદ્ર રહે છે, જ્યારે અરિહતના ચરણે તે ચંદ્ર નમે છે.' વળી સુતારને તેડાવી તેને તે અંતર પૂછો એમ કહેતા સુતારને રાજાએ બોલાવ્યો. તેણે કહ્યું કે 'અમારા શાસ્ત્રમાં એવું છે કે સામાન્ય ઘરમા નરની પાચ શાખા છે, રાજાના ભુવનમા સાત છે, ઇશ્વરભુવનમાં નવ અને જિનગૃહમાં એકવીશ હોય છે. શિવમદિરમા એક મડપ હોય છે, જ્યારે જિન ગૃહમાં એકસો આઠ હોય છે. જિનને ત્રણ છત્રશિર ઉપર હોય છે, અને સિંહાસન બેસવા માટે હોય છે. જિનમુદ્રા પદ્માસનમાં સ્થિત હોય છે અને નવગ્રહ તેમના ચરણને સેવે છે. વળી તેને દેખીને ભય ઉપજતો નથી જ્યારે બીજા દેવોના હાથમાં હથિયાર, પાસે નારી વિગેરે હોય છે.'

એક વખત તેઓશ્રી ચતુર્મુખ મદિરમા શ્રી નેમિચરિત્ર વાચતા હતા; તેમા તેમણે એમ કહ્યુ કે પાંડવ શત્રુંજય ચડી સિદ્ધ થયા. આ બ્રાહ્મણો ખમી ન શકયા, અને તેમણે કહ્યુ કે તેઓ હિમાલયમાં ગળી મુક્તિ પહોચ્યા છે. ત્યારે સિદ્ધરાજે પૂછ્યુ કે 'ગુરૂરાય! આમા શું સત્ય છે ?' ત્યારે આચાર્ય મહારાજ મહાભારતનો શ્લોક બોલ્યા.

अत्र भीमशतं दग्धं । पाण्डवानां शतत्रयम् ।
द्रोणाचार्यसहस्रं तु । कर्णसंख्या न विद्यते ॥

અર્થ—અહિંયાજ સો ભીમ, ત્રણસો પાંડવો, હજાર દ્રોણાચાર્ય મરી ગયા અને કર્ણ કેટલા મરી ગયા તેની તો સખ્યા નથી

આ ઉપરથી એમ સૂચન કીધુ કે આમાથી કેટલાક પાંડવો જૈન હોય અને તે શત્રુંજયે ચઢી મુક્તિમા જાય એ અસભવિત નથી આથી રાજા હર્ષિત થયો

એક દિવસ બ્રાહ્મણો સિદ્ધરાજને એમ કહેવા લાગ્યા કે 'જૈનધર્મ એ આદિ ધર્મ નથી, તેનુ નામ વેદબાહ્ય છે,' ત્યારે રાજાએ કહ્યું 'એમ શા માટે બોલો છો ? વાસ્તુ શાસ્ત્ર તપાસો, તેમાં જિનમદિરના ભેદ જણાવેલ છે.'

વળી એક વખત સર્વે બ્રાહ્મણો પોતપોતાના સ્થાને રાજસભામાં

એક દિન તેવામાં શ્રી હેમચંદ્રને આવતાં જોઈ તેમાંનો એક હાસ્યથી કહેવા લાગ્યો કે.

आगतो हेमगोपालो दण्डकम्बलमुद्वहन् ।

અર્થ—હાથમાં દંડ અને કામળી લઈને હેમ નામનો ગોપાલ આવ્યો.

શ્રી હેમચંદ્રસૂરિએ જાણ્યું કે મારી મશ્કરીમાં ગોપાળની ઉપમા મને આપી, પણ પોતે અવસરજ્ઞ હોવાથી તરતજ તેનો પ્રતિકાર કરવા શ્લોકમાં જવાબ આપ્યો કે—

षड्दर्शनपशुप्रायांश्चारयन् जैनवाटके ॥

અર્થ—જૈન ધર્મ રૂપી વાડામાં ૭ દર્શન રૂપી પશુઓને ચરાવનાર હું ગોપાલ છું.

આ સાંભળી બ્રાહ્મણો આશ્ચર્યચકિત બની નિરૂત્તર થયા.

એકદા સિદ્ધરાજજયસિંહને આચાર્યશ્રીએ કહ્યું કે 'તારી જગતમાં ખ્યાતિ છે તે વિસ્તારવા માટે હું પંચાંગી વ્યાકરણ કરૂં.' રાજાએ હા પાડી. ત્યારે હેમચંદ્રસૂરિએ કહ્યું કે 'કાશ્મીરમાં શારદા ભંડાર છે ત્યાં આદિ વ્યાકરણની ગંભીર પ્રતો છે કે જે બીજે કોઇ પણ સ્થલે નથી, તો તે તુરત મંગાવો તો વ્યાકરણની રચના કરૂં.' રાજાએ પ્રધાનને તે લેવા મોકલ્યા. પ્રધાનોએ ત્યાં જઇને અગરધૂપ આદિથી શારદા માતાને તુષ્ટ કરી માતાએ આઠ પુસ્તકો આપ્યા, તે લાવીને પ્રધાનોએ રાજાને આપ્યાં, રાજાએ સૂરિને આપ્યાં. પછી તેમણે પંચાંગી વ્યાકરણ બનાવ્યું, અને રાજાએ પંડિતોને તેડાવ્યા. બ્રાહ્મણ પંડિતોએ રાજાને કહ્યું કે કાશ્મીરમાથી શારદાભંડારમાથી લાવેલા પુસ્તકોની તે નકલ છે! ખરૂં તો તે ત્યારે કહેવાય કે જે પાણીમાં નાખવાથી તે વ્યાકરણ ભીનું ન થાય તો, રાજાએ જાણ્યું કે આ દ્વેષ છે, છતા આચાર્યશ્રીએ કહ્યું 'ખુશીની સાથે, ભલે પ્રમાણતાની તે કસોટી થાઓ.' પછી પ્રધાન આદિ નગરજનોને લઇ તે વ્યાકરણ કુંડમાં નંખાવ્યું, પણ લેશ માત્ર ભીનું થયું નહિ.

આથી રાજા ઘણો આનંદિત થયો અને તેણે ત્રણ વર્ષ લગી ત્રણસેં દામ હમેશ આપી સોનાના અક્ષરથી તે વ્યાકરણ લખાવ્યું. અને હાથીની અંબાડી પર તે સામૈયા સહિ પધરાવી ગામમાં ફેરવ્યું હતું.

પછી હેમસૂરિના વચનથી જયસિંહ રાજાએ કર માફ કર્યો, મચ્છી જાળ બંધ કરાવી, અને કોડો સોનૈયા પુણ્યદાનમાં ખર્ચ્યા. આવી રીતે

જયસિંહ રાજાને દૃઢધર્મી કરી આચાર્યશ્રીએ પાટણથી વિહાર કર્યો.

ઉગ્ર વિહાર કરતાં કરતાં એક અવસરે એક દેવતાએ મધ્ય રાત્રે આવી હેમસૂરિને કહ્યું કે ' અન્ય દેશમા જવું તજો, આપ ગુજરાતમા રહેશો તો ઘણો લાભ થશે. ' ગુરૂ દેવતાનું વચન માની પાટણમાં પાછા આવ્યા.

૭

## શ્રી હેમચંદ્ર અને કુમારપાળનો સમાગમ.

એક વખત કુમારપાળ નામનો સિદ્ધરાજના પિતરાઇ ભાઈ ત્રિભુવનપાળનો પુત્ર* રાજ્યસભામાં આવ્યો, ત્યા તેણે સિદ્ધરાજની પાસે બેઠેલા હેમચંદ્રસૂરિને જોઈ વિચારવા લાગ્યો કે આ દમી મુનિ, રાજાને માન્ય છે તો

*વિમળદેવ
- કરણ
  - સિદ્ધરાજ
- ક્ષેમરાજ
  - ત્રિભુવનપાળ
    - કુમારપાળ
    - મહિપાળ
    - કૃતપાળ
    - પ્રેમલબાઇ (સિદ્ધરાજના સેનાપતિ કૃષ્ણદેવને વરી.)
    - દેવલબાઈ (સાકંબરીના પૂર્ણ રાજાને વરી.)

સત્ત્વશાલી હોવા જોઇએ. તેથી તે પૌષધશાળામાં આચાર્યશ્રીને વાંદવા ગયો. ત્યા વંદના કરી બેઠો અને પૂછ્યુ કે ' હે મહારાજ! નર કયા ગુણથી શોભે છે? ત્યારે સૂરિએ કહ્યું ' સત્ત્વ ગુણથી અને પરદારા ત્યાગથી ' કહ્યું છે કે—

प्रयातु लक्ष्मीश्चपलस्वभावा,
गुणा विवेकप्रमुखा प्रयान्तु ।
प्राणाश्च गच्छन्तु कृतप्रयाणाः
मा यातु सत्त्वं तु नृणां कदाचित् ॥

અર્થ:—ભલે ચપલ સ્વભાવવાળી લક્ષ્મી જતી રહે, ભલે વિવેક આદિ ગુણો ચાલ્યા જાય, અને પ્રયાણ કરવાને તત્પર એવા પ્રાણ પણ જાય, પણ મનુષ્યોનુ સત્ત્વ કદાપી ન નાશ પામશે.

પછી અર્જુને હનુમાનને જીતી સત્ત્વના પ્રભાવે કનક મેળવ્યું હતું તે દૃષ્ટાંત આપ્યુ, અને કહ્યું કે સત્ત્વ એકલો હોય, અને શીયળ ન હોય તો તે નકામુ. પછી શીયલનું દૃષ્ટાત કલિકાલમાં થયેલ સંગ્રામ સોની કે જેણે રત વગર આખો ફળવાળો કર્યો હતો તે કહ્યું. આથી કુમારપાળે ત્યાંજ પરનારીના ત્યાગનો નિયમ ગુરૂપાસેથી લીધો. પછી હમેશ ઉપદેશામૃતનું પાન કરવા કુમારપાળ ઉપાશ્રયે આવતો, અને કેટલાએક દિવસ જયસિંહની સેવામાં રહી દધિસ્થળમા ગયો.

## ૮

## સિદ્ધરાજની પુત્રની ઇચ્છા અને હેમસૂરિ.

સિદ્ધરાજને રાજ કરતાં કરતા વૃદ્ધાવસ્થા આવી, દેવ દેવીઓની ઘણી માનતાઓ કરી, પણ પુત્ર થયો નહિ. આખરે તેણે હેમસૂરિ સાથે શત્રુંજય, ગિરનાર વિગેરે તીર્થની યાત્રા કરી, અને સૂરિને પૂછ્યુ કે 'મારે હવે પુત્ર થશે કે નહિ? સૂરિએ ત્રણ ઉપવાસ કરીને અંબાદેવીને આરાધી. તેણે આવી ના કહી, તેથી સૂરિએ કહ્યુ ' તમોને પુત્ર થશે નહિ, તમારૂ રાજ્ય કુમારપાળને મળશે' 'પછી રાજાએ બીજા પંડિત જોશીને બોલાવ્યા; તેમણે પણ તેવુજ કહ્યુ આથી રાજાને ખેદ થયો અને કુમારપાળને મરાવી નાખવાથી સોમેશ્વરની કૃપાથી પુત્રની પ્રાપ્તિ થશે, એવી ખોટી કલ્પના કરી કુમારપાળને મારવા છૂપા મારા સિદ્ધરાજે મોકલ્યા, અને લડાઇ કરી ત્રિભુવનપાળ (કુમારપાળના પિતા)ને મારી નંખાવ્યો, જ્યારે કુમારપાળનુ પૂણ્ય પ્રબળ હોવાથી તેને કઇ ન થયુ, અને સર્વ ઉપાયો મિથ્યા થયા. કુમારપાળને સંકટો ઘણા પડયાં. પણ આખરે તેને સિદ્ધરાજની ગાદી મળી.

## ૯

## કુમારપાળનાં સંકટો અને હેમચંદ્રાચાર્ય.

કુમારપાળ પ્રથમ પોતાના બનેવી કૃષ્ણદેવને ત્યાં પાટણમાં રહ્યો, પણ સિદ્ધરાજના માણસોની નજર ચુકાવવી એ મહા મુસ્કેલ વાત હતી. તેણે યોગીનો વેષ લીધો, તેમા પણ પકડાયો. ત્યાંથી નાથી એક ગામથી બીજે ગામ ફરવા લાગ્યો. તેના સર્વ વિતકો તથા સંકટો અહીં અપ્રસ્તુત હોવાથી લખ્યા નથી. પણ તેમાંનો એક કે જેમાથી આપણા ચરિત્રનાયકે કુમારપાળને બચાવેલ છે તેની નોંધ લઇએ.

કુમારપાળ એક વખત ફરતો ફરતો ખંભાતના બહારગામના પ્રાસાદ આગળ આવી પહોચ્યો, ત્યા શ્રી હેમાચાર્ય કે જે પાટણથી વિહાર કરતાં કરતા ત્યાં આવ્યા હતા તે પણ બહિર્ભૂમિ આવ્યા હતા.

સુરિશ્રીએ ત્યા સર્પના મસ્તક ઉપર ગગેટક નાચતો જોઇ અનુમાન કર્યું કે આટલામા કોઈ રાજા હોવો જોઇએ, તે વખતે કુમારપાળ નજરે પડયો, અને ઓળખ્યો. કુમારપાળે આચાર્યને ઓળખ્યા અને બધી સંકટની વાત કહી સભળાવી, અને પૂછયુ કે 'આ મારા કષ્ટોનો અત ક્યારે આવશે? ત્યારે આચાર્યશ્રીએ નિમિત્ત જોઈ કહ્યું કે 'થોડા વખતમા એટલે વિક્રમ સંવત ૧૧૮૯મા માગશર વદ ૪ રવિવારે પુષ્ય નક્ષત્રમાં ત્રીજે પહોરે રાજ્ય મળશે ' એવામા ત્યા ઉદયન મત્રી આવી ચડયા; તેને આચાર્યશ્રીએ કહ્યું કે 'આ રાજકુમારનુ તમારે રક્ષણ કરવુ, કેમકે આ રાજકુમારથી આગળ જતાં જૈનનો ઘણો મહિમા થવાનો છે.' પછી ઉદયન મંત્રી કુમારપાળને પોતાને ઘેર લઇ ગયો. એવામાં સિદ્ધરાજને ખબર મળ્યા કે કુમારપાળતો ઉદયન મત્રીને ઘેર છે. તેથી ત્યાં તેણે પોતાનું લશ્કર મોકલ્યુ; ત્યારે ઉદયનમત્રીએ કુમારપાળને કહ્યુ કે 'હવે આ વખતે તમો અહીંથી ચાલ્યા જાઓ, નહિતો આપણા બનેનુ મોત થશે.' આ સાભળી કુમારપાળ નાસીને હેમચદ્રાચાર્ય પાસે આવ્યો, ત્યારે તેમણે ઉપાશ્રયના ભોયરામાં છુપાવ્યો, તથા ઉપર પુસ્તકો ખડકી મૂકયા. કુમારપાળની શોધ માટે આવેલ સિદ્ધરાજના માણસોએ ઉદયન મત્રી તથા હેમચંદ્રસૂરિને ત્યાં ઘણી તપાસ કરી, પરતુ ત્યા પત્તો નહિ મળવાથી નિરાશ થઇ પાછા ગયા. પછી કુમારપાળે વિદેશમાં ભ્રમણ કરવા માડયું. અનેક સકટો ફરી સહન કરી સિદ્ધરાજ મૃત્યુ પામ્યાની ખબર મળતા પાટણમાં આવ્યા, અને પ્રધાનોએ કુમારપાળને આચાર્યશ્રીએ કહેલા દિવસેજ રાજગાદી આપી

૧૦

## કુમારપાળ રાજા અને હેમચંદ્રાચાય.

પોતાના સકટમાં મદદ કરનાર સર્વને કુમારપાળ રાજાએ નવાજ્યા, અને જે જે વચનો બીજાને આપ્યાં હતા તે પાળ્યા, પણ દૈવયોગે પોતાના ખરા ઉપકારી હેમચદ્રાચાર્યશ્રીને વિસરી ગયો.

એક સંમયે હેમચંદ્રજીએ ઉદયન મત્રીને બોલાવીને કહ્યું કે 'આજે કુમારપાળ રાજાની નવી રાણીના મહેલમા મધ્યરાત્રીએ પ્રાણઘાતક ઉપસર્ગ થવાનો છે, માટે આજે રાજાને ત્યા જતા અટકાવજો, અને આ બાબતની જો વધારે પુછપરછ રાજા કરે તો મારૂ નામ જણાવજો.' ઉદયન મત્રીએ

રાજાને તે રાત્રીએ ત્યાં જતાં અટકાવ્યા અને તેજ રાત્રે ત્યાં વીજળી પડવાથી તે રાણીનુ મરણ થયુ. આ વખતે રાજાએ ઉદયન મંત્રીને બોલાવી પૂછ્યુ કે 'હે મંત્રી! આવો ભવિષ્યજ્ઞાની માણસ તમોને કોણ મળ્યો કે જેણે મને આજે જીવિતદાન આપ્યુ.' મંત્રીએ જણાવ્યું કે 'હે રાજન્! અહીં શ્રી હેમચંદ્રાચાર્યજી પધાર્યા છે, અને તેમણે આ વાત જણાવી આપને ત્યાં જતા અટકાવ્યા છે.'

આ સાભળી બહુ ખુશી થઇ રાજાએ આચાર્યશ્રીને રાજસભામા બોલાવ્યા હેમચંદ્રજી ત્યા ગયા, એટલે રાજાએ ઉભા થઈ તેમને વંદન કર્યું, તથા હાથ જોડી આંખોમા આંસુ લાવી કુમારપાળે કહ્યુ 'હે ભગવન્! આપને મુખ દેખાડતા મને શરમ આવે છે, કારણ આજદિનસુધી આપને મે સંભાર્યા પણ નહિ, આપના ઉપકારનો બદલો મારાથી કોઇ રીતે વળી શકે તેમ નથી, માટે હે પ્રભો! આપે પ્રથમથીજ મારા પર નિ કારણ ઉપકાર કર્યો છે, અને આપનું તે કરજ હુ કયારે વાળીશ?' આચાર્યશ્રીએ ત્યારે કહ્યું કે 'હે રાજન! હવે દિલગીર ન થાઓ તમને ઉત્તમ પુરૂષ જાણીનેજ મે ઉપકાર કર્યો છે. હવે અમારા ઉપકારના બદલામાં તમો ફક્ત જૈન ધર્મ સમાચરો, એટલી મારી આશીષ છે' કુમારપાળે જવાબમા કહ્યુ કે 'હે ભગવન્! આપની તે આશિષ તો મને હિતકારી છે.' એમ કહી રાજાએ જૈન ધર્મ સ્વીકાર્યો

## ૧૧.

## હેમચંદ્રસૂરિ અને શિવમંદિર.

એક વખત એક પુરૂષે રાજસભામાં આવી રાજાને વિનતિ કરી કે 'હે મહારાજ! દેવકીપાટણ–પ્રભાસપાટણ નું સોમેશ્વરનુ દહેરૂ પડી ગયુ છે, તો તેનો જીર્ણોદ્ધાર કરાવો' રાજાએ કહ્યુ કે 'બહુ સારૂ, જ્યા સુધી હું તે દેહરૂ ન સમરાવુ, ત્યા સુધી હુ માસ નહિ ખાઉ'

રાજાએ ત્યારપછી દહેરાનો જીર્ણોદ્ધાર કરાવ્યો, અને પછી માંસભક્ષણ ચાલુ કીધુ. ત્યારે હેમચંદ્રજીએ કહ્યુ 'રાજન્! આપણે ચાલો સોમેશ્વરને દહેરે જઇને જોઇએ, અને ત્યા સુધી માસની આખડી લ્યો' રાજાએ તેમ કરવા હા પાડી.

પ્રભાસપાટણ જવાનુ સૂરિએ પ્રયાણ કર્યું ત્યારે રાજાએ હેમચંદ્રજી ગુરૂને પાલખીમા બેસવા કહ્યુ, પણ ગુરૂશ્રીએ તે ન સ્વીકાર્યું. કારણ કે મુનિ હમેશાં પગેજ ચાલે. પછી આગળથી જવાનુ કહી પોતે પછી આવશે એમ

કુમારપાળ રાજાએ કહ્યું. સૂરિ શત્રુંજય. ગિરનાર વિગેરે જઇ યાત્રા કરી દેવકીપાટણ આવ્યા, ત્યા રાજા પણ આવ્યા.

આ વખતે કેટલાક દ્વેષી બ્રાહ્મણોએ કહ્યુ કે 'રાજન્! સર્વ કોઇ સોમેશ્વર દેવને માને છે, પણ હેમસૂરિ શીશ નમાવે તેમ નથી.' રાજાએ શા માટે મહાદેવને પૂજતા નથી એમ પૂછતા સૂરિશ્રીએ જવાબ આપ્યો કે 'નિર્ગ્રંથ એવા યતિઓ મહાદેવની દ્રવ્યથી પૂજા કરતા નથી, પણ તેઓ માત્ર ભાવથીજ પૂજા કરે છે, તેથી હુ મહાદેવની પૂજા ભાવથી કરીશ.' પછી આચાર્યશ્રી આ વખતે મહાદેવસ્તોત્ર દેવપત્તનામા મહાદેવના સન્મુખ ઉભા રહી દેરાસરમાંજ રચના કરી બતાવે છે, તેમા જણાવ્યુ કે

**भवबीजांकुरजनना, रागाद्याः क्षयमुपागता यस्य ।**
**ब्रह्मा वा विष्णुर्वा, हरो जिनो वा नमस्तस्मै ॥**

**અર્થ**—ભવના બીજને અંકુર ઉત્પન્ન કરનાર એવા રાગદ્વેષ વિગેરે દોષો જેના ક્ષય પામ્યા છે તે ગમે તો બ્રહ્મા હોય, વિષ્ણુ હોય, શંકર હોય, કે જિન હોય તેને નમસ્કાર કરીએ છીએ.

આ સાભળી તે બ્રાહ્મણો ચકિત થઈ ગયા, રાજા હર્ષિત થયો. પછી સૂરિએ રાજાને ત્યાં મંત્રના પ્રભાવથી સાક્ષાત્ મહાદેવનાં દર્શન કરાવ્યાં. મહાદેવને ખરો ધર્મ શુ છે તે રાજાએ પૂછતા જણાવ્યુ કે 'હે રાજન્! તને ધર્મપ્રાપ્તિ આ બ્રહ્મા જેવા હેમાચાર્યથીજ થશે.' આ વખતથી રાજા અત્યંત ભકિતથી આચાર્ય સાથે વર્તવા લાગ્યો-

## ૧૨

## બ્રાહ્મણો સાથે વાદવિવાદ.

કુમારપાળ રાજાને જૈન ધર્મ પાળતો જોઇ બ્રાહ્મણોને દ્વેષ થાય તે સ્વાભાવિકજ છે, તેથી તેમણે પોતાના મંત્ર તંત્રવાદી એવા દેવબોધિ નામના શંકર આચાર્યને બોલાવ્યા. દેવબોધ એ શંકરાચાર્યના મઠનો આચાર્ય હતો એમ દ્વાશ્રયના ભાષાંતરની પ્રસ્તાવનામાં સાક્ષર મણિલાલ નભુંભાઈ લખે છે. આ આચાર્યે મંત્ર, તંત્ર, ગારૂડી વિદ્યા, ઇંદ્રજાળ આદિ અનેક ખેલ કરી વાદવિવાદ કર્યો, અને રાજાને ઈંદ્રજાળથી એવું દેખાડ્યું કે જેથી રાજાના ઘરડા પૂર્વજો આવીને કહેવા લાગ્યા કે 'તું જૈન ધર્મ પાળી નરકે જશે.' ત્યારે આચાર્યે તેવીજ ઇંદ્રજાળ કરી બતાવ્યુ કે તેઓ કહે છે કે 'તુ સ્વર્ગે જશે' અને તે ઉપરાંત પ્રતિકાર તરીકે સાંમી બધી વિદ્યા વાપરી જણાવી. આથી તે આચાર્ય નિરુત્તર થયો અને ચાલ્યો ગયો.

## ૧૩

## આચાર્યના અન્ય મહત્કાર્યો.

આચાર્યના કહેવાથી કુમારપાળ રાજાએ માળવાના રાજા અર્ણોરાજને પણ પોતાનો મિત્ર કરી તેને પ્રતિબોધીને જૈનધર્મી કર્યો; બાહડ મંત્રીએ ( ઉદયન મંત્રીના પુત્રે ) સંવત ૧૨૧૪ માં શત્રુંજયતીર્થનો ઉદ્ધાર કર્યો; તથા હેમચંદ્રજી મહારાજે ત્યાં પ્રતિષ્ઠા કરી. વળી તે મંત્રીના ભાઇ અંબડે ભરૂચમાં શમળિકાવિહાર નામના જિનમંદિરનો જીર્ણોદ્ધાર સંવત્ ૧૨૨૦ માં કર્યો, તથા તેમા શ્રી મુનિસુવ્રત સ્વામિજીની પ્રતિમાની હેમચંદ્રજીએ પ્રતિષ્ઠા કરી કુમારપાળ રાજાએ સૂરિમહારાજના ઉપદેશથી સર્વ મળી ચૌદ હજાર નવા જિનમંદિરો બંધાવ્યાં, તથા સોળ હજાર જૈન મંદિરોનો જીર્ણોદ્ધાર કર્યો. તારંગાજી પર ઘણુંજ ઉંચુ વિસ્તારવાળુ જૈનમંદિર બંધાવી તેમા શ્રી અજિતનાથજીની મૂર્તિની સ્થાપના કરી, તથા હેમચંદ્રાચાર્યજીનાં ચરણોની પણ સ્થાપના કરી. ઘણા નિર્ધન શ્રાવકોને તેણે દ્રવ્ય આપી સ્વામીવાત્સલ્ય કર્યો.

કુમારપાળ જૈનધર્મી થયો એટલુંજ નહિ પણ જૈનધર્મને ખરી રીતે પાળી બતાવ્યો બારવ્રત અંગીકાર કર્યાં, રાજ્યમાં અહિંસાનો પ્રચાર કર્યો. એક અંગ્રેજ વિદ્વાન્ લખે છે કે—

' આટલું તો તદ્દન નિઃસંશય છે કે કુમારપાળ ખરેખરી રીતે જૈન ધર્મી થઇ ગયો હતો અને આખા ગુજરાતને પણ એક નમુનેદાર જૈન રાજ્ય બનાવવાને તેણે પ્રયાસ કર્યો હતો. '

હેમચંદ્રાચાર્યના ઉપદેશથી જૈનધર્મમાં નિષેધ કરેલ નહિ ખાવા યોગ્ય વસ્તુઓ તથા શિકાર વિગેરે મોજશોખ કુમારપાળ રાજાએ તજી દીધા, અને રૈયતને પણ ઇંદ્રિયનિગ્રહ રાખવા ફરજ પાડી આખા રાજ્યમા અમારિપડહ વજડાવ્યો એટલે કોઇ પણ જીવને મારવો નહિ એવો પડો વજડાવી સર્વ જંતુને અભયદાન આપ્યુ. આથી યજ્ઞોમાં જે જીવો બલિદાન તરીકે વપરાતા, તે ન વપરાતાં બચ્યા, અને તેથી યજ્ઞો ઓછા થયા એટલુંજ નહિ પણ બલિદાન તરીકે જીવોને બદલે બીજી નિર્જીવ ચીજો વપરાવા લાગી. લોકો મદ્યપાન અને માંસાહારનો ત્યાગ કરનારા થયા, અને પાલીદેશ–રજપુતાના દેશમાં પણ તે નિયમ પ્રચલિત થયો. મૃગયા–શિકાર આજ્ઞાપત્રથી બંધ કરવામાં આવ્યો તેથી કાઠિયાવાડ ( સૌરાષ્ટ ) ના શિકારી તથા કોળીભીલ જે હતા તેઓને પણ આ 'આજ્ઞાપત્રથી શિકાર બંધ' કરવો પડયો. ખાટકી કસાઇનો ધંધો ભાંગી પડયો ( કે જેનુ વર્ણન દ્વાશ્રય કાવ્યમા આપવામાં

આવ્યુ છે ) ને તેના બદલામા તેને ત્રણ વરસની પેદાશ જેટલી રકમ તેઓને એકંદર આપવામાં આવી.

રાજા ચુસ્ત જૈનધર્મી બની અનર્ગલ દ્રવ્ય જિનમંદિર, જિનપ્રતિમા, જિનાગમ, સાધુ, સાધ્વી, શ્રાવક, અને શ્રાવિકા એ સાત ક્ષેત્રમાં ખર્ચ્યું અને હમેશા દેવપૂજા, આવશ્યક આદિ ક્રિયા કરતો. તે રાજાને હમેશાં સ્વાધ્યાય કરવા માટે હેમચંદ્ર સૂરિએ યોગશાસ્ત્ર એ નામનુ પુસ્તક બનાવ્યું તે અતિ મનોહર અને સાદી શૈલિમાં જૈનધર્મનુ રહસ્ય દાખવનાર, અને આત્માને ઉચ્ચ પરિણુતિપર લાવનાર ગ્રંથ છે કે જે આ સાથે સામેલ છે એટલે વિશેપ લખવાની જરૂર પણ નથી.

બીજુ લુંતા નામનો રોગ કુમારપાળની રાજગાદીપર વંશપરંપરાથી ઉતરી આવેલ હતો તે સૂરિશ્રીએ મંત્રના પ્રભાવથી દૂર કર્યો, તેમજ બ્રાહ્મણ ધર્મના દેવબોધિ આચાર્ય સાથે વાદવિવાદ થતાં આજે શું તિથિ છે એમ પૂછતા તે વખતે અમાવાસ્યાહતી છતા પ્રમાદથી પૂર્ણિમા એમ આચાર્યશ્રીથી કહી જવાયું, એટલે બ્રાહ્મણોએ મશ્કરી કરી. આ મશ્કરી ટાળવા માટે મંત્રના પ્રભાવથી તે રાત્રે પૂર્ણિમાના ચંદ્રની જ્યોતિ બાર ગાઉ સુધી પ્રગટ કરી

## ૧૪.

## કાલધર્મ—દેહોત્સર્ગ.

શ્રી હેમચંદ્રાચાર્યશ્રીનો દેહોત્સર્ગ કઈ રીતે થયો તેને માટે જુદી જુદી દંતકથા ચાલે છે. સાક્ષર મણિલાલ નભુભાઇ પોતાના દ્વાશ્રયના ગુજરાતી ભાષાંતરમા લખે છે કે " શંકરાચાર્યે ઝેર દેવરાવી મારી નાખ્યા, તો કોઈ પાયાવગર કહે છે કે શંકરાચાર્યને ને એમને વાદ થયેલો તેમાં શંકરાચાર્યે કુમારપાળના મહેલને છેલ્લે માળથી માયાવી પ્રલય દેખાડી માયાવી હોડી તેમને બતાવી, તેમાં પોતે બેસવા ગયા એટલે નીચે પડી છુંદાઇ મુઆ. પણ એ વાતો પર કશો આધાર પણ રાખી શકાય નહિ."

આ વાતમાં બીલકુલ વજુદ ઉકત ભાષાંતરકારે સ્વીકાર્યું નથી પણ તે સાથે તેવી દંતકથા ઉપજાવનાર બીજા કોઈ નહિ પણ બ્રાહ્મણો હોવાથી તે દ્વેષનુજ પરિણામ ભાસે છે. શ્રી જિનહર્ષસૂરિ પોતાના કુમારપાળ રાસમા નીચે પ્રમાણે કહે છે—

કુમારપાળ રાજાને અજયપાળ નામનો એક ભત્રિજો હતો તેણે જાણ્યુ કે કુમારપાળને પુત્ર નથી તો તે રાજગાદી પોતાની પુત્રીના પુત્ર

પ્રતાપમલ્લને આપશે, તો જો હું કુમારપાળને મારી નાંખુ તો મને રાજ-ગાદી મળે, એવો વિચાર તે હમેશાં રાખ્યા કરતો હતો. બીજી બાજુએ હેમચદ્રાચાર્યને બાલચદ્ર નામનો શિષ્ય હતો, તેને અને અજયપાળને બહુ સારી મિત્રાચારી હતી, તેથી તે એમ વિચારતો હતો કે જો અજય-પાળને ગાદી મળે તો તેના તરફથી જેમ કુમારપાળ તરફથી હેમચદ્રાચાર્ય પૂજાય છે તેમ હું પૂજાઉ અને માનસન્માન પામું. એવામાં કુમારપાળે હેમચંદ્રજીને વિનતિ કરી કે ‘ હે ભગવન્ ! આજદિન સુધી મે યથાશક્તિ પુણ્યકાર્યો કર્યાં, પરંતુ જિનપ્રતિમાઓની અજનશલાકા કરવાની મને ઘણી હોંશ છે! ત્યારે આચાર્યશ્રીએ કહ્યું કે બહુ સારૂ પછીએ રાજાએ સુવર્ણ આદિ ધાતુઓની પ્રતિમાઓ બનાવીને અજનશલાકા માટે તૈયારી કરી, તથા તે માટેનો મહોત્સવ શરૂ કર્યો. દૈવયોગે મુહૂર્તના સમયની ખબર રાખવાનુ કાર્ય સૂરિશ્રીએ બાલચદ્રને સોપ્યુ, તે વખતે અજ-જયપાળ પણ ત્યાં આવી ચડયો તેને બાલચદ્રે કહ્યું કે જો આ સમયે હુ મુહૂર્તના વખતમા ફેરફાર કરી નાખુ તો હેમચદ્રજીનુ તથા રાજાનુ એમ બનેનું થોડા વખતમા મૃત્યુ થશે આ સાભળી દુષ્ટ અજયપાળે પણ તેમ કરવાનુ બાલચદ્રને સમજાવ્યુ, અને કહ્યું કે, જો મને રાજ્ય મળશે તો હુ પણ તમોને આ હેમચદ્રજીની પેઠે ઉચે દરજ્જે ચડાવીશ અને પૂર્ણ સન્માન આદર આપીશ. પછી તે દુષ્ટ શિષ્યે તે મુહુર્તના સમયમાં ફેરફાર કરી નાખ્યો, જુઓ ! કીર્તિલોભ માટે મનુષ્યો શું નથી કરતા ? આ વાતની હેમચદ્રાચાર્યને આખરે ખબર પડી, ત્યારે કુમારપાળને કહ્યુ કે ‘ આ બાલચદ્ર કુશિષ્ય નિવડયો છે, અને તે અજયપાળને અદરખાનેથી મળી ગયો છે, તેથી તેણે મુહૂર્તમાં ફેરફાર કરી અનર્થ કર્યો છે, તો હવે આપણા બન્નેનુ મૃત્યુ નજીક છે, એવામા ત્યાં એક યોગી આવી ચડયો, તેણે હેમ-ચદ્રજીના મસ્તકમા મણિ જોયો, તેથી તે લેવાની તેણે તદબીર રચવા માંડી. એક દિવસે હેમચંદ્રજી મહારાજનો કોઇક શિષ્ય આહાર લેઇને આવતો હતો, તે આહારની ઝોળીમાં તે યોગીએ હાથ ચાલાકી વાપરી ઝેર નાખી દીધુ; તથા તે શિષ્ય સાથે તે કેટલીક મીઠી વાતો કરીને ચાલ્યો ગયો. તે મુગ્ધ મુનિને તે બાબતની ખબર ન રહેવાથી તે આહાર તેમણે હેમચદ્ર-જીને ભોજન માટે આપ્યો, હેમચદ્રાચાર્યે ભોજન કર્યુ ત્યાર પછી તેમનું શરીર કપવા લાગ્યુ, ત્યારે તુરત તેમણે તે શિષ્યને બોલાવી પૂછ્યાથી માર્ગમા મળેલા તે યોગીની હકીકત માલૂમ થઈ, જેથી સૂરિશ્રીએ વિચાર્યું કે જેમ ભાવી બનનાર હતુ તે બન્યુ છે. પછી તેમણે પોતાના શિષ્યોને બોલાવી કહ્યું કે ‘ જ્યા મારી ચિતા સળગાવો, ત્યાં મારા, મસ્તક નીચે

એક દૂધથી ભરેલુ પાત્ર રાખજો, જેથી મારા મસ્તકમાં રહેલું મણિ તેમાં પડશે, તે મણિને તમો સાચવીને રાખજો, અને કોઇ પણ રીતે તે મણિને તે યોગીના હાથમાં જવા દેશો નહિ.'

આમ કહી અનશન કરી હેમચંદ્રસૂરિ મહારાજ ચોરાશી વર્ષનું આયુષ્ય ભોગવી વિક્રમસવત ૧૨૨૯ માં સ્વર્ગે પધાર્યા, ત્યાર પછી કુમારપાળ રાજાનુ મરણ પણ અજયપાળે આપેલા ઝેરથી વિક્રમ સંવત ૧૨૩૦ મા થયુ.

## ૧૫.

## જૈનોમાં સમકાલન પ્રખર વિદ્વાનો.

આ વખતે તપાગચ્છની ૪૦ મી પાટે શ્રીમદ્ હરિભદ્રસૂરિ કૃત અનેક પુસ્તકો પર સમર્થ અને વિદ્વત્તાપૂર્ણ ટીકા લખનાર તાર્કિક શિરોમણિ શ્રી મુનિચંદ્રસૂરિ હતા. તેમનો જન્મ સવત ૧૧૩૪ માં પણ દીક્ષા હેમચંદ્રસૂરિએ લીધેલી દીક્ષા પછી બે વર્ષે એટલે સ. ૧૧૫૨ માં, સૂરિપદ સં. ૧૧૭૪ મા, અને સ્વર્ગગમન ૧૨૨૦ મા થયુ હતુ. આ શ્રી મુનિચંદ્રસૂરિના શિષ્યો શ્રી અજિતદેવસૂરિ તથા દેવસૂરિ પણ મહા વિદ્વાન્ પડિતો હતા. તેમણે અણહિલપુર પાટણમા શ્રી સિદ્ધરાજ જયસિહ રાજાની સભામાં અનેક વિદ્વાનો સાથે વાદ કરી ચોરાશી વાદથી સર્વ વાદિયોને પરાજય પમાડયા, તે પ્રમગે દિગબર મતના ચક્રવર્તિ શ્રી કુમુદચદ્ર આચાર્યને પણ વાદમાં જીતી લીધા, અને દિગબરોનો પાટણમાં પ્રવેશ બધ કરાવ્યો આ બીના અત્યાર સુધી પ્રસિદ્ધ છે આ દેવસૂરિ બીજા કોઇ નહિ પણ જે હેમચદ્રસૂરિ સાથે મંત્ર સાધના કરી વાદિ ઉપર જીત મેળવવાનું વરદાન મેળવ્યુ હતું તે. મલયગિરિસૂરિ કે જેમણે હેમચદ્રસૂરિ સાથે મંત્ર સાધી વૃત્તિકારનું મહાન્ વરદાન મેળવ્યુ હતુ તેમણે મહાન્ સૂત્રોપર તથા અનેક ગ્રંથોપર વૃત્તિઓ સમર્થ અને અદ્ભુત ન્યાયપૂર્વક રચી છે.

## ૧૬.

## શિષ્ય પરંપરા.

ઉપર કહી ગયા તે પ્રમાણે સૂરીશ્વરજીને રામચદ્ર તથા બાલચંદ્ર શિષ્ય હતા, તેમા રામચંદ્રસૂરિ હતા, તે ગુરૂની પાટે બેઠા હતા. સુભાષિત કોશ, કુમારવિહાર આદિ અનેક ગ્રથોના પ્રણેતા છે. બીજા અનેક શિષ્યો તેઓને હોવા જોઇએ, પણ તેમના સંબંધે કંઈ જાણવામાં નથી.

૧૭.

## સૂરિશ્રીની સંસ્કૃત કૃતિઓ.

તેમની સર્વ કૃતિઓમાંની ઉત્તમમાં ઉત્તમ અને મહાભારત કૃતિ સિદ્ધ હૈમ વ્યાકરણ છે. કે જે સવાલક્ષ શ્લોક પ્રમાણ પંચાંગ વ્યાકરણ છે. આના પર અનેક વિદ્વાનોએ ટીકા લખી છે, એટલુંજ નહિ પરંતુ આના વિષે એવું સભ્યતાથી કહેવાય છે કે સમર્થ વ્યાકરણકાર પાણિનીનું સિદ્ધાંત-કૌમુદિવ્યાકરણ કે જે આના કરતાં મોટું છે તેનો અભ્યાસ કરતા થતા જ્ઞાન કરતાં આ હૈમ વ્યાકરણનું જ્ઞાન ચડે છે, અને તેની સાથે તે કરતાં વધારે સહેલાઈથી અને ઓછા વખતમાં શીખી શકાય છે. તે વ્યાકરણ સંબંધે નીચેની ઉક્તિઓ છે.

किं स्तुमः शब्दपाथोधेर्हेमचंद्रयतेर्मतिम् ।
एकेनापि हि येनेदृक् कृतं शब्दानुशासनम् ॥

અર્થ— શબ્દરૂપી સમુદ્રને ઉલ્લાસમાન કરનાર હેમચંદ્ર મુનિની બુદ્ધિની કેટલી સ્તુતિ કરીએ, કારણ કે તેણે એકલાએજ શબ્દાનુશાસન રચ્યું છે. વળી તેમના વ્યાકરણના વખાણ કરતા એક કવિ કહેછેકે—

भ्रातः पाणिनि ! संवृणु प्रलपितं, कातंत्रकंथा—कथा
मा कार्षीः कटु शाकटायन ! वचः, क्षुद्रेण चांद्रेण किम् ।
कः कर्णाभरणादिभिर्वठरयत्यात्मानमन्यैरपि
श्रूयन्ते यदि नावदर्थमधुराः श्रीसिद्ध हेमोक्तयः ॥

અર્થ— હે ભાઈ પાણિનિ ! હવે તું તારો પ્રલાપ સંકેલી દે, કાતંત્ર વ્યાકરણ તો કથા જેવું છે (એટલે તેનું તો શું કહેવું?). હે શાકટાયન, તું તારા કટુવચન કાઢીશજ નહિ, અને ક્ષુદ્ર ચાંદ્ર વ્યાકરણથી શું સર્યું ! જ્યાં સુધી શ્રી સિદ્ધહેમની ઉક્તિમાં- સિદ્ધહેમ વ્યાકણમાં અર્થની મધુરતા સંભળાય છે. ત્યાં સુધી કંઠાભરણાદિ બીજા ગ્રંથો ભણી કયો પુરૂષ પોતાની બુદ્ધિને જડ કરે ?!

આ વ્યાકરણને સિદ્ધહેમ, સિદ્ધહેમ શબ્દાનુશાસન, હૈમવ્યાકરણ એવા નામોથી ઓળખવામા આવે છે. આ પર અનેક વિદ્વાનોએ હજારો શ્લોક પ્રમાણવાળી ટીકાઓ લખી છે (નામ માટે જુઓ જૈન ગ્રંથાવલિ પૃ.

૨૯૯ થી ૩૦૩. ) તે પરથી જણાશે કે તે કેવુ અદ્દભુત અને સારભૂત ઉમદા વ્યાકરણ હોવુ જોઇએ.

૨. અનેકાર્થ નામમાળા (સશેપ ) શ્લોક ૧૮૨૬.

૩. અનેકાર્થવૃત્તિ સ્વોપજ્ઞ. શ્લોક ૬૦૩૦.

૪. અભિધાન ચિંતામણિ નામમાળા. શ્લોક ૧૫૯૧.

૫. ,, વૃત્તિ સ્વોપજ્ઞ. શ્લોક ૧૦૦૦૦.

૬. દેશી નામમાળા શ્લોક ૮૫૦.

૭. ,, વૃત્તિ ( રત્નાવલી ) શ્લો. ૩૫૦૦.

૮. શેષનામમાળા શ્લો. ૨૨૫.

૯. નિઘંટુશેષ.

૧૦. શિલોંછ નામમાળા.

૧૧. વીતરાગ સ્તોત્ર શ્લોક ૪૭૪,

૧૨. ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર શ્લોક. ૩૪૦૦૦.

૧૩. દ્વાશ્રય સંસ્કૃત શ્લો ૨૮૨૮.

૧૫ દ્વાશ્રય પ્રાકૃત શ્લો. ૧૫૦૦.

૧૫. નાભેયનેમિદ્વિસંધાન મહાકાવ્ય

૧૬. અર્હન્નીતિ શ્લો. ૧૪૦૦

૧૭. અલકાર ચૂડામણિ વૃત્તિ (કાવ્યાનુશાસન) શ્લોક ૨૮૦૦

૧૮. ,, (વૃત્તિ વિવેક) શ્લો. ૪૦૦૦.

૧૯. હૈમ વ્યાકરણ ઉણાદિવૃત્તિ શ્લો. ૩૨૫૦

૨૦ ,, લઘુવૃત્તિ

૨૧. હૈમ ધાતુ પારાયણ શ્લો ૫૬૦૦

૨૨. હૈમ પ્રાકૃત વ્યાકરણ આ સિદ્ધહેમ શબ્દાનુશાસનનો આઠમો અધ્યાય છે.

૨૩. અન્યયોગ વ્યવચ્છેદ દ્વાત્રિંશિકા—આ સ્યાદ્વાદ મંજરીનું મૂળ છે

૨૪. અયોગ વ્યવચ્છેદ દ્વાત્રિંશિકા.

૨૫. પ્રમાણ મિમાંસાવૃત્તિ સહિત. શ્લો. ૨૫૦૦

નોટ—૨–૧૦ શબ્દકોશના ગ્રંથો છે. અને તેપર પણ અનેક વૃત્તિઓ થઇ છે.

૨૬. યોગશાસ્ત્ર શ્લો. ૧૨૦૦.
૨૭. યોગશાસ્ત્ર વૃત્તિ શ્લો. ૧૨૦૦૦.
૨૮. આંતર ચૈત્યવંદનવૃત્તિ. શ્લો. ૧૦૭૧.
૨૯. દ્વિજવદન ચપેટિકા.
૩૦. હેમવાદાનુશાસન ટીકા સાથે.
૩૧. શબ્દાર્ણવ મહાન્યાસ અથવા તત્ત્વ પ્રકાશિકા,
૩૨. બલાબલ સૂત્ર બૃહદ્‌વૃત્તિ
૩૩. લિંગાનુશાસન બૃહદ્‌વૃત્તિ સાથે.

## ૧૮.

## સૂરિશ્રીનાં ચરિત્ર માટે સાધનો.

શ્રીમદ્ હેમચન્દ્રાચાર્યનું સંપૂર્ણ ચરિત્ર લખવામાં આવે તો એક મોટું દળદાર પુસ્તક થઇ પડે તેમ છે, કારણ કે તેમના સબંધમાં જે જે જાણવા યોગ્ય છે તે ઘણા વિદ્વાન સાધુઓ ગદ્યપદ્યરૂપે નોંધી ગયા છે. આ પુસ્તકો બધા હજુ પ્રગટ થઈ બહાર પડયા નથી તે માટે દિલગીરી છે. જે સાધનો છે તે નીચે પ્રમાણે—

૧ સોમપ્રભાચાર્ય કૃત હેમકુમાર ચરિત્ર. અથવા કુમારપાલ પ્રતિબોધક સંવત ૧૨૪૧.
૨. મેરૂતુંગાચાર્ય કૃત પ્રબંધ ચિંતામણિ. સંવત ૧૩૬૭
૩. શ્રી જયસિંહસૂરિ કૃત કુમારપાલ ચરિત્ર સંવત ૧૩૧૩.
૪. શ્રી ચારિત્રસુંદરસૂરિ કૃત કુમારપાલ ચરિત્ર.
૫. શ્રી હરિશ્ચંદ્ર ( દીગ-? ) કૃત કુમારપાલ ચરિત્ર (પ્રાકૃત. )
૬. શ્રી જિનમંડનસૂરિ કૃત કુમારપાલ પ્રબંધ સ. ૧૪૧૧.
૭. શ્રી પ્રભાચંદ્રાચાર્ય કૃત પ્રભાવક ચરિત્ર. સ. ૧૩૩૪.
૮. શ્રી રાજશેખરસૂરિકૃત ચતુર્વિંશતિ પ્રબંધ સ. ૧૪૦૫,
૯. સોમતિલકસૂરિ કૃત કુમારપાળ ચરિત્ર (આ ગ્રંથ જૈન ગ્રંથાવલીમાં જણાવેલ નથી.)
૧૦. યશપાલ મંત્રી કૃત મોહપરાજય નાટક.
૧૧. જિનપ્રભસૂરિ કૃત તીર્થકલ્પ.
૧૨. શ્રીઋષભદાસ કૃત કુમારપાળ રાસ (ગુજરાતી)
૧૩. શ્રી જિનહર્ષસૂરિ કૃત કુમારપાળ રાસ.( „ )

અહીં ઉપરના સર્વ ઉપલબ્ધ ન હોવાથી, સ્થળ સંકોચ હોવાથી તથા રા. મોતીચંદ ગિરધર કાપડીઆ બી. એ. એલ. એલ. બી. એ આખું જીવનચરિત્ર લખવાનું માથે લઈ તે સંબંધી ઘણું પ્રકટ કરવાનું હોઇ અહીં ફક્ત દિગ્દર્શનરૂપે શ્રીજિનહર્ષસૂરિ કૃત કુમારપાલરાસ, અર્હન્નીતિ (ભાષાંતરકાર રા. મણિલાલ નથુભાઈ દોશી. બી. એ.) દ્વાશ્રય મહાકાવ્ય વિગેરેમાથી સાર લઇ એક અઠવાડીઆના ટુંક વખતમાં જેટલુ બન્યું તેટલુ નિવેદન કર્યું છે. દોષ, સ્ખલન, ઇત્યાદિ સંબધે મિચ્છામિ દુક્કડ દઈ તે સુધારનારનો ઉપકાર થશે એમ કહી, હુ વિરમુ છુ.

પ્રિન્સેસ સ્ટ્રીટ–મુંબઈ.
વીરાત્ ૨૪૩૭ વૈશાખ શુદિ પ્રથમા

ગુરૂ ચરણોપાસક.
**મોહનલાલ દલીચંદ દેશાઇ.**
બી. એ. એલ. એલ. બી.

કેટલાક શબ્દોમા સુધારો વધારો કરી યોગશાસ્ત્રની ચોથી આવૃત્તિ માટે પ્રસિદ્ધ કર્તા પં. દેવવિજયજીગણી–મુબઇ.

૧૯૮૦ ફાગણ સુદ ૭–બુધવાર

# अनुक्रमणिका.

## પ્રથમઃ પ્રકાશઃ


| નંબર | વિષય. | પત્ર. |
|---|---|---|
| ૧ | મહાવીર દેવની સમદૃષ્ટિ. . ... ... ... | ૨ |
| ૨ | મહાવીર દેવની કરૂણા. .. .. .. ... | ૬ |
| ૩ | યોગનુ સામર્થ્ય .. .. ... | ૧૧ |
| ૪ | યોગથી થતી લબ્ધિઓ ... .. ... | ૧૩ |
| ૫ | યોગિની મરૂદેવા. ... ... .. ... ... | ૨૧ |
| ૬ | મહાત્મા દૃઢપ્રહારી. .. ... ... ... ... | ૨૫ |
| ૭ | મહાત્મા ચિલાતિપુત્ર ... ... ... ... ... | ૩૩ |
| ૮ | યોગની આવશ્યક્તા. ... ... ... ... ... | ૪૧ |
| ૯ | મોક્ષનુ કારણ–યોગ. .. .. ... .. ... | ૪૨ |
| ૧૦ | જ્ઞાનયોગ. .. ... . ... .. ... | ૪૩ |
| ૧૧ | દર્શનયોગ. .. ... . ... | ૪૯ |
| ૧૨ | ચારિત્રયોગ. .. . . .. ... | ૫૧ |
| ૧૩ | યમ, યમની ભાવના, પંચ સમિતિ, ત્રણ ગુપ્તિ. ... ... | ૫૨ |
| ૧૪ | અન્ય રીતે ચારિત્રયોગ (અથવા નિયમ) .. .. .. | ૬૭ |
| ૧૫ | ગૃહસ્થ ધર્મ અને નીતિપૂર્વક જીવન, ( ગૃહસ્થોને ધર્મલાયક બનાવનાર ગુણો. ) ... ... ... ... ... | ૭૪ |


## દ્વિતિયઃ પ્રકાશઃ


| | | |
|---|---|---|
| ૧૬ | ગૃહસ્થ ધર્મમાં પ્રથમ સમ્યક્ત્વ અને મિથ્યાત્વનું સ્વરૂપ. ... | ૭૯ |
| ૧૭ | પાચ અણુવ્રત ... ... ... ... ... | ૯૨ |
| ૧૮ | અહિંસા. ... .. ... ... ... .. | ૯૩ |
| ૧૯ | ગૃહસ્થોનું બીજું સત્યવ્રત . ... .. ... | ૧૦૯ |
| ૨૦ | ત્રીજુ અસ્તેયવ્રત. ... ... ... ... ... | ૧૧૬ |
| ૨૧ | ગૃહસ્થોનુ ચતુર્થવ્રત.... ... ... ... ... | ૧૨૩ |
| ૨૨ | વેશ્યાથી થતા દોષો.... .. ... ... ... | ૧૨૬ |
| ૨૩ | ઇચ્છાનિયમ–પાંચમું વ્રત. ... ... ... ... | ૧૩૫ |


## તૃતીયઃ પ્રકાશઃ


| | | |
|---|---|---|
| ૨૪ | દિશાનો નિયમ–છઠ્ઠું વ્રત. ... ... ... ... | ૧૪૦ |

| નંબર. | વિષય. | પત્ર. |
|---|---|---|
| ૨૫ | ભોગોપભોગ સાતમું વ્રત. | ૧૪૨ |
| ૨૬ | મદિરાથી થતા દોષ.... | ૧૪૩ |
| ૨૭ | માંસ ત્યાગ... | ૧૪૪ |
| ૨૮ | માખણ ખાવાથી થતા દોષ. | ૧૪૮ |
| ૨૯ | મધત્યાગ. ... | ૧૪૮ |
| ૩૦ | અભક્ષ ફળો. | ૧૫૦ |
| ૩૧ | રાત્રિભોજન. | ૧૫૧ |
| ૩૨ | અનર્થ દંડ વિરમણ—આઠમું વ્રત. | ૧૫૬ |
| ૩૩ | સામાયિક—નવમુ વ્રત. | ૧૫૮ |
| ૩૪ | દિશાવગાશીક—દશમુ વ્રત. | ૧૬૧ |
| ૩૫ | પૌષધ—અગીયારમું વ્રત. | ૧૬૧ |
| ૩૬ | અતિથિસંવિભાગ—બારમું વ્રત | ૧૬૪ |
| ૩૭ | બાર વ્રતમા લાગતા અતિચારો દૂર કરવા વિષે. ... | ૧૬૯ |
| ૩૮ | મહા શ્રાવકપણુ—મહા શ્રાવકની દિવસચર્યા. | ૧૭૯ |
| ૩૯ | શ્રાવકના મનોરથો. ... | ૧૮૫ |
| ૪૦ | શ્રાવકની છેવટની ક્રિયા. | ૧૮૬ |


## ચતુર્થ: પ્રકાશ:


| | | |
|---|---|---|
| ૪૧ | રત્નત્રય સાથે આત્માની ઐકયતા. | ૧૯૦ |
| ૪૨ | ક્રોધાદિ કષાયનુ સ્વરૂપ અને તેનો વિજય .. | ૧૯૧ |
| ૪૩ | ઈંદ્રિયવિજય... | ૧૯૬ |
| ૪૪ | મન·શુદ્ધિ કરવાની જરૂર. ... | ૨૦૦ |
| ૪૫ | રાગદ્વેષનું દુર્જયપણું અને તે જીતવાનો ઉપાય. ... | ૨૦૧ |
| ૪૬ | સમભાવ. ... | ૨૦૨ |
| ૪૭ | સમભાવ નિષ્પત્તિ માટે બાર ભાવના. ... | ૨૦૩ |
| ૪૮ | ધ્યાનનું સ્વરૂપ. | ૨૨૫ |
| ૪૯ | મૈત્ર્યાદિ ચાર ભાવના .. | ૨૨૬ |
| ૫૦ | ધ્યાન કેવા સ્થળે કરવું. | ૨૨૭ |
| ૫૧ | આસન. ... | ૨૨૭ |


## પંચમ: પ્રકાશ:


| | | |
|---|---|---|
| ૫૨ | પ્રાણાયામ.... | ૨૩૧ |
| ૫૩ | 'પ્રાણાયામનું' ફળ. ... | ૨૩૪ |

| નંબર. | વિષય | પત્ર. |
| --- | --- | --- |
| ૫૪ | વાયુનાં સ્થાનાદિ અને તેના જયનો ઉપાય. ... ... | ૨૩૫ |
| ૫૫ | વાયુના જયથી થતા ફાયદા .. ... ... ... | ૨૩૮ |
| ૫૬ | વાયુની ધારણા અને તેનું ફળ. ... ... ... | ૨૩૯ |
| ૫૭ | દેહમાં મનને રોકવાથી થતા ફાયદા ... ... ... | ૨૪૨ |
| ૫૮ | નાડી સંચાર (તત્ત્વ જ્ઞાન) ... .. ... ... | ૨૪૨ |
| ૫૯ | વાયુના વહનથી શુભાશુભ કાર્યનો નિર્ણય ... ... | ૨૪૪ |
| ૬૦ | નાડીઓનું લક્ષણ અને વાયુ સંચારનું ફળ. ... ... | ૨૪૫ |
| ૬૧ | કાલ જ્ઞાન. . ... ... ... ... ... | ૨૫૦ |
| ૬૨ | જય પરાજયાદિ પ્રશ્ન જ્ઞાન. ... ... ... ... | ૨૭૭ |
| ૬૩ | કાર્યસિદ્ધિનો ઉપાય.... ... ... ... ... | ૨૮૧ |
| ૬૪ | [illegible]વાનો ઉપાય. ... ... ... ... | ૨૮૩ |
| ૬૫ | નાડી શોધન કરવાની વિધિ અને તેનું ફળ. ... ... | ૨૮૪ |
| ૬૬ | વેધ કરવાની વિધિ.... ... ... ... ... | ૨૮૭ |
| ૬૭ | અન્યના શરીરમાં પ્રવેશ કરવાની વિધિ ... ... ... | ૨૮૯ |


## ષષ્ઠ: પ્રકાશ:


| નંબર. | વિષય | પત્ર. |
| --- | --- | --- |
| ૬૮ | પરકાય પ્રવેશ પરમાર્થિક નથી. ... ... ... | ૨૮૯ |
| ૬૯ | પ્રત્યાહાર.... ... ... ... ... ... | ૨૯૦ |
| ૭૦ | ધારણા. ... . . ... ... .. | ૨૯૩ |


## સપ્તમ: પ્રકાશ:


| નંબર. | વિષય | પત્ર. |
| --- | --- | --- |
| ૭૧ | ધ્યાન-ધ્યાન કરનારનાં લક્ષણો . ... ... ... | ૨૯૫ |
| ૭૨ | પિંડસ્થ ધ્યેય . . ... ... | ૨૯૬ |


## અષ્ટમ: પ્રકાશ:


| નંબર. | વિષય | પત્ર. |
| --- | --- | --- |
| ૭૩ | પદસ્થ ધ્યેય અને તેનું ધ્યાન. ... ... ... | ૩૦૦ |
| ૭૪ | મંત્રમયી દેવતાનું ધ્યાન. ... .. ... .. | ૩૦૪ |
| ૭૫ | પ્રણવનું ધ્યાન. ... ... ... ... ... | ૩૦૬ |
| ૭૬ | પંચ પરમેષ્ઠિ મંત્રનું ધ્યાન... ... .. ... | ૩૦૬ |
| ૭૭ | હ્રીંકાર વિદ્યાનું ધ્યાન. ... ... ... . | ૩૧૦ |
| ૭૮ | વિઘ્નશાંતિ માટે ધ્યાન. ... .. ... ... | ૩૧૪ |


## નવમ: પ્રકાશ:


| નંબર. | વિષય | પત્ર. |
| --- | --- | --- |
| ૭૯ | રૂપસ્થ ધ્યાન. ... ... ... ... ... | ૩૧૮ |
| ૮૦ | રૂપસ્થ ધ્યાનનું ફળ... ... ... ... ... | ૩૧૯ |

| નંબર. | વિષય. | પત્ર. |
|---|---|---|
| | **દશમ: પ્રકાશ:** | |
| ૮૧ | રૂપાતીત ધ્યાન. ... ... ... ... ... | ૩૨૦ |
| ૮૨ | આજ્ઞાવિચય ધ્યાન.... ... ... ... ... | ૩૨૧ |
| ૮૩ | અપાયવિચય ધ્યાન. ... ... ... ... | ૩૨૨ |
| ૮૪ | વિપાકવિચય ધ્યાન. ... ... ... ... | ૩૨૩ |
| ૮૫ | સંસ્થાનવિચય ધ્યાન. .. .. ... ... ... | ૩૨૫ |
| ૮૬ | ધર્મધ્યાનનુ ફળ. ... ... ... ... ... | ૩૨૭ |
| | **એકાદશ: પ્રકાશ:** | |
| ૮૭ | શુક્લ ધ્યાન. .. ... ... ... ... | ૩૨૯ |
| ૮૮ | ધાતિકર્મના ક્ષયથી થતું ફળ.... ... ... ... | ૩૩૪ |
| ૮૯ | સામાન્ય કેવલીનુ કર્ત્તવ્ય: ... ... ... ... | ૩૩૯ |
| ૯૦ | મોક્ષમાં ગયેલો યોગી. ... ... ... ... | ૩૪૧ |
| | **દ્વાદશ: પ્રકાશ:** | |
| ૯૧ | આચાર્યશ્રીનો સ્વાનુભવ. ... ... .. ... | ૩૪૨ |
| ૯૨ | મનના ભેદો અને લક્ષણો. . ... ... ... | ૩૪૩ |
| ૯૩ | પરમાનંદ પ્રાપ્તિનો ક્રમ. ... ... ... ... | ૩૪૪ |
| ૯૪ | અભ્યાસ ક્રમ. . .. .. .. ... | ૩૪૪ |
| ૯૫ | એકાગ્રતા. . .. . .. ... | ૩૪૭ |
| ૯૬ | વિચારશકિત ખીલવવાની ક્રિયા. . .. | ૩૫૪ |
| ૯૭ | મનને શાતિ આપવાનો સરલ માર્ગ. . . . | ૩૫૭ |
| ૯૮ | ઉદાસીનતાનુ ફળ ... . ... | ૩૫૯ |
| ૯૯ | ઈદ્રિજય ઉપાય. .. .. . . . | ૩૬૩ |
| ૧૦૦ | મન જીતવાનો ઉપાય ... . . | ૩૬૪ |
| ૧૦૧ | તત્ત્વજ્ઞાન થયાની નિશાની. . . . .. . | ૩૬૪ |
| ૧૦૨ | ઉન્મની ભાવનું ફળ ... ... .. ... | ૩૬૫ |
| ૧૦૩ | ઉપદેશનું રહસ્ય ... .. ... ... ... | ૩૬૭ |
| ૧૦૪ | આચાર્યશ્રીનો આત્મા પ્રત્યે ઉપદેશ. ... ... ... | ૩૬૮ |

# યોગ શાસ્ત્ર ભાષાંતર

**नमो दुर्वाररागादि, वैरिवार निवारिणे ।**
**अर्हते योगिनाथाय, महावीराय तायिने ॥ १ ॥**

ઘણી મહેનતે દુર કરી શકાય એવા રાગાદિ શત્રુઓના સમુહનું નિવારણ કરનાર અર્હંત, યોગીઓના સ્વામી અને જગતના જીવોનું રક્ષણ કરનાર મહાવીર દેવને નમસ્કાર કરૂં છું.

**વિવેચન**—અત્યારની દુનિયાને આ વાત તો વિદિત થઈ ચૂકી છે, કે હજારો મનુષ્યોની સાથે બાથ ભીડનારા અનેક શુરવીરો મળી શકે છે, પણ રાગદ્વેષનો જય કરનાર વીર પુરૂષ ભાગ્યે જ મળી શકે છે.

આવા મહાન્ દુર્જય રાગ, દ્વેષ, કામ, ક્રોધ, માયા લોભાદિ અંતરંગ શત્રુઓનો મૂલથી સર્વથા જય કરનાર પુરૂષને મહાવીર નામથી બોલાવવા તેમાં કાંઈ અતિશયોક્તિ છેજ નહિ. આ મહાન વીર પુરૂષનો જન્મ ઈસ્વીસન પૂર્વે ૫૯૯ વર્ષે ચૈત્ર શુદ તેરસને દિવસે મગધ દેશમાં આવેલા ક્ષત્રિયકુંડ નામના શહેરમાં સિદ્ધાર્થ રાજાની ત્રિશલા નામની મહાદેવીની કુક્ષિએ થયો હતો. માતાપિતાનું આપેલ નામ વર્ધમાન છે, તથાપિ તેમનાં અદ્ભૂત પરાક્રમવાળા મહાન ગુણોથી રંજીત થઈ દેવોએ મહાવીર એવું નામ આપ્યું છે.

સંસાર વાસનાથી વિરક્ત થઈ, શ્રમણપણું અંગીકાર કરી, ઘોર તપશ્ચર્યા અને ધ્યાનમાં નિમગ્ન રહી, સાડાબાર વર્ષે રાગદ્વેષાદિ અંતરંગ શત્રુઓનો ક્ષય કરી અરિહંત પદ પ્રાપ્ત કર્યું. કેવલ (સંપૂર્ણ) જ્ઞાન પ્રાપ્ત થવાથી તેઓ યોગીઓના પણ નાથ થયા અને તેમણે સ્વાનુભવથી થએલા સત્ય જ્ઞાનથી સંસારથી ત્રાસ પામતા અને મહાદુઃખોનો અનુભવ કરતા સંસારી જીવોને ઉપદેશ આપી

તેઓનું જન્મ, જરા, મરણથી રક્ષણ કર્યું, માટે રાગ આદિને જીતનાર, અર્હંત, યોગીઓના નાથ અને જીવોનું રક્ષણ કરનાર આ ચારે વિશેષણો તે મહા પુરૂષનેજ ઘટી શકે છે, અને તેવા મહાન ગુણોથી આકર્ષાઈ આ શાસ્ત્રકાર તે મહાવીર દેવને શાસ્ત્રની આદિમાં નમસ્કાર કરે છે.

## મહાવીર દેવની સમદષ્ટિ.

पन्नगे च सुरेंद्रे च कौशिके पादसंस्पृशि ।
निर्विशेष मनस्काय श्रीवीरस्वामिने नमः ॥ २ ॥

દંશ કરવાની બુદ્ધિથી પગને સ્પર્શ કરનાર (દંશ આપનાર) પૂર્વ જન્મના કૌશિક ગોત્રી સર્પના ઉપર અને નમન કરવાની બુદ્ધિથી પગનો સ્પર્શ કરનાર ઇંદ્રના ઉપર પણ જે મહાશયનું મન સરખુ જ હતું, તે શ્રીમાન્ મહાવીર દેવને નમસ્કાર કરૂં છું ૨.

**વિવેચન**—જન્મ, જરા, મરણથી ત્રાસ પામેલા અને તેથીજ આ દુનીયાની સયોગ અને વિયોગવાળી માયાના પાશમા નહિ સપડાતા વૈરાગ્યરસમા નિમગ્ન થઇ મહાવીરદેવ ચારિત્ર અગીકાર કરી, અપ્રમત્તપણે પૃથ્વીતળ ઉપર વિચરતાં, એક વખત શ્વેતાબી નગરી તરફ જતા હતા, ત્યારે કેટલાક ગોવાળીઆના છોકરાઓએ કહ્યું કે હે શ્રમણ, આ રસ્તો કૌશાંબી જવાનો સીધો છે તથાપિ આ રસ્તામાં એક કનકખલ નામના તાપસનો આશ્રમ આવે છે. ત્યા એક દૃષ્ટિવિષસર્પ રહે છે, તેના ત્રાસથી કેટલાક વખતથી આ રસ્તો બધ થયો છે, કારણ કે તે રસ્તે જનાર માણસોને તે સર્પ પોતાની દૃષ્ટિથી બાળી ભસ્મ કરે છે, માટે આ રસ્તો મૂકી બીજો માર્ગ કે જે કેટલોક ફેરમાં છે તથાપિ નિર્વિઘ્ન છે, તે રસ્તે તમે જાઓ. બાળકોના આ વચનો સાભળી કૃપાળુ દેવ વિચાર કરવા લાગ્યા, કે અનેક જીવોનો સહાર કરનાર આ સર્પ મારાથી પ્રતિબોધ પામે તો તેના ડંસથી મને થએલું દુઃખ એ અલ્પજ છે. મારા એક જીવને કષ્ટ થતાં

પણ અનેક જીવોને ઉપકાર થાય તો તે કરવામાં મને કાંઈ દુઃખ નથી. જ્ઞાન દૃષ્ટિથી જોતાં મને જણાઈ આવે છે કે, આ સર્પ પૂર્વે એક તપસ્વી સાધુ હતો. ક્રોધની તીવ્રતાથી કરેલી મહાન્ તપશ્ચર્યાનું ફળ તે પામી શકયો નથી. " ખરેખર સમભાવ અને સમ્યગ્ જ્ઞાનના અભાવે આવી મહાન્ તપશ્ચર્યાનું પરિણામ આવું દુઃખદાયકજ આવે છે. " અવશ્ય તે મારાથી પ્રતિબોધ પામશે. પણ તેને પ્રતિબોધતાં મને પણ કષ્ટ સહેવું પડશે. આવો નિર્ણય કરી શ્રમણ ભગવાન તેજ રસ્તે ચાલ્યા. કેટલાક વખતથી તે રસ્તો બંધ હતો, તેથી રસ્તામાં ઘાસ ઉગી નીકળ્યું હતું. જીર્ણ પત્રોથી રસ્તાનો દેખાવ ઢંકાઈ ગયો હતો. ઠેકાણે ઠેકાણે કાંટાવાળાં નાનાં ઝાડો અને ધૂળથી વૃદ્ધિ પામેલા રાફડાઓ જોવામા આવતા હતા. તેટલામાં એક જીર્ણ અવસ્થાએ પહોંચેલું યક્ષનું મંદિર જોવામાં આવ્યું, તે જીર્ણમંદિરના મંડપમાં ઉભા રહી નાસિકાના અગ્રભાગ ઉપર દૃષ્ટિ સ્થાપન કરી કાયોત્સર્ગ મુદ્રામાં ધ્યાનસ્થપણે તે પ્રભુ રહ્યા. નજીકમાં રહેલ બિલથી નીકળી પેલો સર્પ ફરતો ફરતો ત્યાં આવ્યો. જે વનમાં જનાવરો પણ મારા ભયથી પ્રવેશ નથી કરી શકતા, તે વનમાં નિર્ભયપણે મારી અવજ્ઞા કરી આ કોણ ઉભો છે, તેમ સર્પ વિચાર કરવા લાગ્યો, અને ક્રોધાવેશથી ઝેરની જવાળાને વમતી અને આસપાસના વૃક્ષોને પણ ઝેરથી વાસિત કરતી દૃષ્ટિ પ્રભુના ઉપર ફેંકી. કેટલીકવાર સન્મુખ જોયું પણ તેની દૃષ્ટિના ઝેરની અસર તે મહાત્માના ઉપર ન થઈ, ત્યારે સૂર્ય સામી દૃષ્ટિ કરી કાંઇક વિશેષ ઝેરથી ભરેલી દૃષ્ટિએ પ્રભુ સામું જોયું, પણ તેનો તે પ્રયાસ નિરર્થક ગયો. આત્મિક યોગની પ્રબળતાથી ઝેરની અસર પ્રભુના ઉપર ન થઈ ખરેખર આવે ઠેકાણે તે મહાત્માના યોગની સત્યતાની કસોટી થઈ, પણ તે સર્પ પોતાના નિશ્ચયમાં ડગ્યો નહિ. નજીક આવી પગના ઉપર ડંસ મારવા લાગ્યો, અને ઝેરથી વ્યાપ્ત થતાં આ પુરૂષ મારા ઉપર પડશે એવા ભ્રમથી ડંસ મારી દૂર નાસવા લાગ્યો. પણ આ સાહસિક મહાપુરૂષ તો તેના ડસવાથી બીલકુલ વ્યાકુળ ન થતાં ત્યાંજ સ્થિરપણે ધ્યાનસ્થ રહ્યા. સર્પ જ્યારે ડંસ આપીને થાકયો ત્યારે કરૂણાસમુદ્ર આ

મહાત્માએ તેને બોલાવ્યો કે " હે ચંડકૌશિક ! પ્રતિબોધ પામ, પ્રતિબોધ પામ.તારા પૂર્વ જન્મોને યાદ કર. ગત જન્મના ક્રોધાવેશના ફલરૂપે આ તિર્યંચપણું અને તેમાં પણ હજારો જીવોને ત્રાસ આપનાર આ સર્પપણું તું પામ્યો છે.જે ચારિત્ર અને જે તપશ્ચર્યાનું ફલ મોક્ષ મળવું જોઇએ, તે ચારિત્ર તથા તપને ક્રોધથી દૂષિત કરતાં આવા મહાન્ અધમ જન્મને તું પામ્યો છે, અને આ જન્મમાં પણ આવા ક્રોધથી હજારો જીવોનો સંહાર કરી મહાન્ દુર્ગતિ પામીશ, માટે હવે તો ચેત. "

મહાત્માના મુખથી નીકળતાં આ વચનામૃતોનું પાન કરતાં તે સર્પ સ્તબ્ધ થઈ ગયો. તેમના યોગની પ્રભા એટલી બધી તેના ઉપર પડી, કે એક ડગલા જેટલું પણ તે દૂર ખસી ન શક્યો. અને વિચારના વમળમાં પડયો કે " આ મહાત્મા કોણ ? તેઓ મને શું કહેવા માગે છે ? મેં આવા મહાત્માઓને કોઈ પણ ઠેકાણે કોઈ પણ વખતે જોયા છે ? મને તે યાદ નથી આવતું તોપણ આવા મહા પુરૂષોની સોબતમાં હું પૂર્વે આવ્યો છું " આમ વિચાર કરતા તે શરીરનું ભાન ભૂલી ગયો, તેની ઇંદ્રિયોના વ્યાપાર બંધ પડી ગયા. આજુબાજુ શું થાય છે તેનું ભાન તેને ન રહ્યું, અને એકાગ્ર થઈ ગયો તે એકાગ્રતામાં સ્થિર થતાં પૂર્વજન્મના સંસ્કારને રોકનાર ( આડે આવનાર ) કર્મનો પડદો ત્રુટી ગયો. અને કર્મનો પડદો ત્રુટતા તેને ગયા જન્મોનું જ્ઞાન થઈ આવ્યું. તાપસનો અને જૈનસાધુપણાનો પાછલો જન્મ જોયો હવે તેના પશ્ચાતાપનો પાર ન રહ્યો " અહો ધિક્કાર છે મને ! એક ક્રોધને લઈને મારી આવી અધમ સ્થિતિ થઈ પૂર્વે મે તપશ્ચર્યા ઘણી કરી, તપસ્યાને પારણે ગૃહસ્થને ઘેર આહાર લેવા જતા એક દેડકી પગ તળે ચંપાઈ મરણ પામી શિષ્યે સંભારી આપી. મે માન્ય ન કર્યું, ફરી શિષ્યે ઉપાશ્રયે આવ્યા બાદ સંભારી આપી. મને રીસ આવી ત્રીજીવાર સંધ્યાએ પ્રતિક્રમણ અવસરે શિષ્યે સંભારી આપી મેં જાણ્યું, આ મારાં છિદ્રો શોધે છે. ક્રોધાવેશથી મારવા દોડયો, રસ્તામા સ્તંભ સાથે અફળાયો. સ્તંભ જોરથી વાગતાં તે પાપનો પશ્ચાત્તાપ કર્યા સિવાય મરણ પામી

તાપસ થયો. ત્યાં પણ ક્રોધની વિશેષતાથી આશ્રમમાંથી ફુલફળ લઈ જતા રાજકુમારોને મારવા દોડયો ત્યાં કુવામાં પડયો. મરણ પામી આ સર્પપણે ઉપજયો. અહો ! હજી પણ ધન્ય ભાગ્ય છું કે મારા ઉદ્ધાર માટે આ કરૂણાસાગરે દયા લાવી અનેક કષ્ટ સહન કરી મને પ્રતિબોધ પમાડયો, પણ હવે આવા તિર્યંચના ભવમાં હું શું કરી શકું ? મારો ઉદ્ધાર કેમ થશે ? " આમ વિચાર કરતા સર્પના અધ્યવસાયને મહાવીરદેવે પોતાના જ્ઞાનથી જાણી લીધા અને તેને જણાવ્યું કે " હે ચંડકૌશિક સર્પ ! હવે વધારે પશ્ચાત્તાપ કરી હતબળ ન થા. હું તને ઉપાય બતાવું છું. તારૂં આયુષ્ય હવે અલ્પ છે. તું અનશન કર. ( આહારનો ત્યાગ કર. ) આ બિલમાં તારી દૃષ્ટિ રાખી પંચપરમેષ્ટિ નમસ્કારમંત્રનું સ્મરણ કર, સર્વ જીવોની પાસે અંત:કરણથી માફી માગ કે મારા કરેલા અપરાધોને તમે માફ કરો. મારી અજ્ઞાન દશાથીજ મેં તમને દુ:ખ આપ્યું છે. હવે અત્યારથી હું કોઈ જીવોને દુ:ખ નહિ આપું. તેમજ ક્રોધનો ત્યાગ કર. તને ગમે તેવી આફત આવી પડે તોપણ બીલકુલ ક્રોધ ન કરીશ. ક્રોધનાં ફળો તે પોતે અનુભવ્યાં છે. " આ પ્રમાણે પ્રભુની કહેલી શિક્ષા માન્ય કરી તે સર્પ બિલમાં મુખ રાખી ત્યાંજ રહ્યો શ્રમણ ભગવાન્ પણ તેના પરિણામની દૃઢતા રખાવવા માટે થોડો વખત તેની સહાય અર્થે ત્યાંજ રહ્યા. સર્પ પણ પંદર દિવસ અવશેષ આયુષ્ય પૂર્ણ કરી સહસ્રાર નામના આઠમા દેવલોકે દેવપણે ઉત્પન્ન થયો. અમુક વખત પછી ઇન્દ્રે આવીને વીર પ્રભુના ચરણમાં નમસ્કાર કરી સ્તુતિ કરી. આ બેઉ પ્રસંગમાં તે વીરપુરૂષને સમભાવજ રહ્યો હતો. " સહેજસાજના અપમાનમાં કે માનમાં આ દુનિયાના પામર જીવોને હર્ષ કે શોક થઈ આવે છે, તેવું આ મહાપુરૂષનું જીવન નહોતું આથી પણ અધિક પ્રસંગોમાં પણ તે મહાશયે સમભાવજ રાખ્યો હતો, અને તેથીજ પરિપૂર્ણ જ્ઞાન મેળવી મોક્ષપદને પ્રાપ્ત થયા છે. " એ તેમના અતિશાયી ગુણને શાસ્ત્રકાર યાદ કરીને ગ્રંથની આદિમા નમસ્કાર કરે છે.

## મહાવીર દેવની કરૂણા.

**कृतापराधेऽपि जने, कृपामंथरतारयोः ।**
**इषद्बाष्पार्द्रयोर्भद्रं, श्रीवीरजिननेत्रयोः ॥ ३ ॥**

અપરાધ કરવાવાળા જીવો ઉપર પણ દયાથી નમ્ર અને અશ્રુથી આર્દ્ર એવાં શ્રી વીર પરમાત્માના નેત્રોનું કલ્યાણ થાઓ. ૩.

**વિવેચન**–અંતરગ મહાન્ કરૂણા યા દયાસૂચક આ બનાવ એવો બન્યો છે કે, તે મહાવીર દેવની અપરાધી જીવો ઉપર પણ અગાધ કરૂણાને સૂચવી અત્યારની સબળ પણ આત્મભાવમાં નિર્બળ પ્રજાને આશ્ચર્યના વમળમાં નાખે છે વૈરાગ્યવાસનાથી ભરપૂર મહાવીર દેવે ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરી, નિવૃત્તિ માર્ગ મેળવવા માટે શ્રમણ માર્ગ સ્વીકારી, આ પૃથ્વીતળ ઉપર વિચરતાં એક વખત ઘણા મ્લેચ્છ લોકોથી ભરપૂર દ્દઢ ભૂમિમાં આવ્યા. અઠમની તપશ્ચર્યા કરી, પેઢાલ ગામની પાસે પેઢાલ નામના વનમાં રહેલ પોલાસ નામના દેવળમાં કાયોત્સર્ગ કરી ધ્યાનસ્થ રહ્યા.

એ અવસરે સૌધર્મ દેવલોકની સુધર્મા નામની સભામાં સૌધર્મેંદ્ર દેવોના પરિવાર સહિત બેઠા હતા. વિસ્તારવાળા અવધિ જ્ઞાનથી પૃથ્વીતલ ઉપર અવલોકન કરતા તે ઇંદ્રે શ્રમણ ભગવાનને પેઢાળ વનમા જોયા આ અવસરે મહાવીર દેવને પરિપૂર્ણ જ્ઞાન ઉત્પન્ન થયું નહોતું, પણ તે પરિપૂર્ણ જ્ઞાનોત્પત્તિ કર્મક્ષયથી થાય છે, અને તે કર્મક્ષય ધ્યાનસાધ્ય છે, માટે કર્મક્ષય કરવા તે ધ્યાનાવસ્થામાં નિમગ્ન રહેલા હતા આ સ્થિતિમાં મહાવીર દેવને જોઈ ઇંદ્રે ત્યાંજ રહી નમસ્કાર કર્યો, કારણકે વિવેકી જીવો સામાન્ય રીતે પણ સમજી શકે છે, કે આવી ધ્યાનાવસ્થામા તેમની પાસે જતાં રખેને તેમની તેવી દશામાં વિઘ્નરૂપ થઇએ, તથાપિ તે ઇ ંનો ગુણાનુરાગ છુપો ન રહ્યો. "ગમે તેવી નિકટ કે દુર અવસ્થામાં પણ મહા પુરૂષોના ગુણોનું સ્મરણ તો કરવુંજ. અને સામર્થ્ય હોય તો બીજાઓને પણ ગુણાનુરાગી કરવા." આવા ઈરાદાથી પોતાની સભામાં ઇંદ્ર બોલી ઉઠયો કે "હે મહાનુભાવો, દેવો અને અપ્સરાઓ! આ ભરતક્ષેત્રમા પેઢાલ ગામની નજીક પોલાસ ચૈત્યમા આ મહાવીરદેવ ધ્યાનાવસ્થામાં રહ્યા છે. ધ્યાનની

અંદર અત્યારે તેમની એટલી બધી દૃઢતા છે કે આપણા જેવા સમર્થ દેવોને પણ આશ્ચર્યમાં ગરકાવ કરી નાંખે છે.

પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિથી આશ્રવદ્વારને રોકનાર, ક્રોધાદિ અંતરંગ શત્રુઓને જીતનાર અને દ્રવ્ય ક્ષેત્ર, કાલ, ભાવથી અપ્રમત્ત આ મહાવીરદેવને આ દશાથી ચલાયમાન્ કરવાને દેવો કે દાનવો, યક્ષો કે રાક્ષસો, ભુવનપતિઓ કે મનુષ્યો કોઇ પણ સમર્થ નથી.

ઇંદ્રનાં આ વચનો સાંભળી તેનો સામાનિક સંગમ નામનો દેવ ક્રોધથી લાલ નેત્રો કરી ગર્વથી સ્તબ્ધ થઇ બોલવા લાગ્યો "સ્વામિન્! એક સાધુ માત્ર સામાન્ય મનુષ્યનું આપ આવું વર્ણન કરો છો કે દેવો પણ ચલાયમાન ન કરી શકે તે અસંભવિત છે. ભલે આપ સ્વામી છો એટલે પૂર્વાપર વિચાર કર્યા સિવાય ગમે તેમ બોલો અને બીજાઓ તેને માન આપે, પણ તે વાત હું માની શકતો નથી કે મેરૂ જેવા મહાન્ પહાડોને એક સામાન્ય પત્થરની માફક ફેંકી દેવાનું સામર્થ્ય ધરાવનાર દેવો પણ એક મનુષ્યને ન ચળાવી શકે, એ વાત તદ્દન અસંભવિત છે, છતાં આપ જો તેવોજ નિશ્ચય ધરાવતા હો તો લ્યો હું જાઉં છું, અને તેને હમણાંજ ચલિત સ્થિતિવાન્ કરૂં છું," ઇંદ્ર વિચાર કરવા લાગ્યો કે એક સામાન્ય પણ યોગી મહાત્માના યોગનું સામર્થ્ય કેટલું હોય છે તે આ મિથ્યાભિમાની જાણતો નથી; તો આ યોગીશ્વર કે જે અત્યારે યોગની પરાકાષ્ઠાએ પહોંચવાની તૈયારીમાં છે, જેને અનેક લબ્ધિઓ પ્રગટ થઇ છે, ધ્યાન અને સમાધિદશાથી અત્યારે જેને મહાન્ આત્મિક બલ પ્રગટ થયું છે, તેની આને ક્યાંથી માલમ પડે? પણ જો હું તેની પરીક્ષા કરવાની ના કહીશ, તો મારૂં વચન ખોટું છે; તેમજ આ મહા પુરૂષમાં કાંઇ પણ યોગિક યા આત્મિક બલ નથી તેમ એ જાણશે, અને સર્વ દેવોને પણ તેવોજ નિશ્ચય થશે, માટે ના તો ન કહેવી બીજી બાજુ પરીક્ષાની હા પાડતાં આ મહાત્માને આ પાપી જીવ દુઃખ આપશે તેનું નિમિત્ત પણ હું જ થઇશ." આમ સંશયારૂઢ થયેલા ઇદ્રને વિચાર કરતો મૂકી તે દેવ ત્યાંથી રવાના થયો જે સ્થળે શ્રમણ ભગવાન્ ધ્યા-

નસ્થ હતા ત્યાં આવ્યો. અમર્ષથી ભરપૂર સ્વભાવવાળા દેવે પ્રથમ ધૂળની વૃષ્ટિ કરી; એટલે સુધી ધૂળ ઉછાળી કે તે ધૂળથી મહાવીર દેવના કાન અને નાકના વિવરો પણ પુરાઇ ગયા. શ્વાસોશ્વાસ ચાલવો બંધ પડી ગયો તોપણ યોગિક શક્તિવાળા શ્રમણને તે કાંઈ દુઃખદ ન થયું, ત્યારે ધૂળ દૂર કરી વજના સરખા તીક્ષ્ણ મુખવાળી કીડીઓ તેણે દેવશક્તિથી બનાવી, મહાવીર દેવના ઉપર મૂકી. કીડીઓ એટલા જોરમાં ડસ આપવા લાગી કે થોડા વખતમાં તેમનું શરીર ચાલણીના જેવું છિદ્રમય થઇ ગયું, છતા તે મહાત્માનું મન બીલકુલ કલુષિત ન થયું. આ વખતે પણ નિર્ભાગ્ય મનુષ્યના મનોરથોની માફક તે નિષ્ફલ નિવડયો એટલે મોટા મોટા ડાંસ બનાવી તેમના ઉપર મૂકયા. આ ડાસો એટલા જોરથી ચટકા મારવા લાગ્યા કે જેમ પર્વતમાંથી અનેક નિર્ઝરણાઓ ચાલે છે, તેમ પ્રભુના શરીર રૂપ પર્વતથી રૂધિર રૂપ ઝરણાઓ ચાલવા લાગ્યાં, તથાપિ તે મહાશયનું મન ચલિત ન થયું. પણ ઉલટુ અધિક સત્ત્વથી ઉત્તેજીત થવા લાગ્યું. આવી રીતે સિંહ, સર્પ, હાથી વિગેરે અનેક રૂપો કરી ધ્યાનસ્થ દશાથી ચલિત કરવા તેણે પ્રયત્ન કર્યો, પણ તે નિરૂપયોગી થતું જોઇ દેવ વિચાર કરવા લાગ્યો કે આ પ્રતિકૂલ ઉપસર્ગોથી કદી ચલાયમાન થવાનો નથી. પણ જો આને અનુકૂળ સુખ બતાવું તો આ નક્કી ચલિત થશે. આ ઇરાદાથી એક વિમાન તૈયાર કરી, દેવ દેવીઓ બનાવી વિમાનમાં બેસી, મહાવીર દેવ પાસે આવી કહેવા લાગ્યો“ કે હે શ્રમણ ! આ તમારી ધૈર્યતા અને તપશ્ચર્યા જોઇ હું પ્રસન્ન થાઉં છું. ચાલો, આ વિમાનમાં બેસો. તમને તમારા ઇચ્છિત પ્રમાણે દેવલોકમાં લઇ જાઉં. તપશ્ચર્યા કરીને જે સાધવા માગો છો, તે હું તમને આપું છું.” “ખરેખર મોહનિદ્રાથી નિદ્રિત થએલા અને ક્ષણિક તથા માયિક સુખમાં સુખ માનનાર જીવોને આ પુદ્ગલિક સુખો સુખરૂપ ભાસે છે, છતાં જ્ઞાનીઓ આ સુખને સુખરૂપે માનતા નથી, એટલુંજ નહિ પણ આગામી કાળે દુઃખ આપનાર હોવાથી તેને વર્તમાનમાં પણ દુઃખ રૂપે માને છે. એ મહાશય જેને માટે તપશ્ચર્યા કરે છે, જેને માટે આ સંસારનો ત્યાગ કરી આત્મરમણ કરે છે, જંગલમાં

નાના પ્રકારનાં કષ્ટો સહન કરે છે, આત્મોપયોગની જાગૃતિમાં અપ્રમાદિત રહી પ્રયત્ન કરે છે તે આ દુનિયાના સુખ માટે નહિ, દેવના સુખ માટે નહિ, ઈંદ્રના સુખ માટે નહિ, પરંતુ કર્મના અભાવથી ઉત્પન્ન થતા આત્મિક સુખ માટેજ હતું, તેની આ અંશિક સુખની લાલસાવાળા દેવને ખબર ન પડી" અને તેથીજ આવા સંયોગિક વિયોગિક સુખની પ્રેરણા કરે છે. આ તેની પ્રાર્થના નિષ્ફળ ગઈ. મહાવીર દેવે તે અંગીકાર તો ન કર્યું . પણ તેની સામું પણ ન જોયું. દેવ નિરાશ થયો. હવે કયો માર્ગ લેવો કે ધ્યાનાવસ્થા મુકી દઈ આ તરફજ ધ્યાન કરવા મુનિજન ચાલે. વિચાર કરતાં દેવને જણાઈ આવ્યું કે દુનિયામાં સ્ત્રી સિવાય બીજું કોઈ શસ્ત્ર વીરપુરૂષોનો પરાભવ કરનાર નથી. આ ઇરાદાથી તેણે કેટલીક દિવ્ય સ્વરૂપા નવયૌવના મોહક સુંદરીઓ—અપ્સરાઓ—બનાવી. તેની સાથે કામને ઉત્તેજીત કરનારી ષડૃતુઓ એકી સાથે વિકુર્વી. કદંબાદિ પુષ્પોનો પરાગ ચારે દિશાઓથી છુટવા લાગ્યો મંદમંદ વાયુ ફરકવા લાગ્યો. કોયલોના શબ્દોથી વનના ભાગો શબ્દિત થયા. આ બાજુ દેવાંગનાઓએ મધુર સંગીત શરૂ કર્યું. ગાંધાર, મલ્હાર અને માલકોષાદિ અનેક મધુર અને મોહક સ્વરો વિસ્તરવા લાગ્યા. વીણાઓના ઝીણા પણ હૃદયભેદક શબ્દોથી વનના પશુઓ પણ સ્તંભાઈ જવા લાગ્યાં. મેઘની ગર્જના સરખા મૃદંગોના શબ્દો ગથડાવા લાગ્યા. આટલેથીજ તે દેવની બનાવેલી દેવાંગનાઓ શાંત ન રહી. તેઓ આગળ વધી, સ્ત્રીજનોને સુલભ પોતાનો વિકાર પ્રગટ કરવા લાગી. હાવભાવ કરવા શરૂ કર્યા નિર્લજપણે નિતંબ અને સ્તનાદિકના ભાગો ખુલ્લા કરવા લાગી. ટુંકામાં તેઓમાં જેટલું સામર્થ્ય હતું તે સર્વ સામર્થ્ય આ શ્રમણદેવને ચલાયમાન કરવાને વાપરી ચુકી, પણ પાણી ઉપર થતા પ્રહારની માફક તે સર્વ નિષ્ફળ ગયું તે દેવને ખબર નહોતી કે, આ શ્રમણદેવને જ્ઞાનદશા જાગૃત થઇ છે, પાછલા જન્મો અનેક જોયા છે, આજ સુધીના ભોગવેલા સાંસારિક સુખોનું પરિણામ દુઃખદજ આવ્યું છે અને ખરૂં સુખ તો જુદુંજ છે, એ જેના રોમરોમમાં પરિણમી ગયું છે અને આત્માનંદના સુખનો અનુભવ કરી શકયા છે, તેના સુખની આ

ગળ આ સુખો બિંદુ તુલ્ય પણ નથી."

આ પ્રમાણે અનુકૂળ અને પ્રતિકૂળ ઉપસર્ગો સંગમ દેવે એક દિવસ નહિ, પણ છ માસ સુધી કર્યા; આખરમાં દેવ થાક્યો. ઇંદ્રનું કહેવું સત્યજ થયું. ખરેખર આ તો કોઇ અલૌકિક મહા પુરૂષજ નીકળ્યો. હવે આને ચલાયમાન કરવા માટે મારે જે જે મહેનત કરવી તે તે નિરર્થકજ છે. આમ વિચાર કરી પ્રભુને નમસ્કાર કરી ત્યાથી ચાલતો થયો. આ દેવના જવા પછી શ્રમણ ભગવાન વિચારવા લાગ્યા કે "અહો નિષ્કારણ બીજા જીવોને દુઃખ આપનાર આ જીવની ગતિ ખરાબ થશે. મારાજેવા જીવો કે જેને બીજા જીવોનુ હિત કરવાનું છે કે દુઃખથી મુક્ત કરવાનું છે, તેવાઓ પણ તે જીવોના ક્રૂર આચરણોથી તેનું હિત કરી શક્તા નથી. મારા મનમાં એજ લાગી આવે છે કે મારા તરફથી તેનું હિત થવું જોઇએ પણ તે ન થતા મને દુ.ખ આપવાના તેના ક્રૂર અધ્યવસાયોએ ઉલટો તે કર્મબંધિત થયો છે ખરેખર તેનું હું આ અવસરે કાંઇ પણ હિત ન કરી શક્યો." આમ વિચાર કરતાં તે કૃપાળુ દેવની આંખમાં અશ્રુ જણાવા લાગ્યાં.

"આ દુનિયાનાં પામર પ્રાણીઓ પોતાનું બુરૂં કરનારનું અનતા પ્રયત્ને બુરૂ કરે છે, અને અશક્ત હોય તો મનથી તો ખરાબ ચિંતન કરે છેજ પણ આ યોગની સ્થિતિ કોઇ જુદાજ પ્રકારની છે. સંસારની સ્થિતિ સામે આ સ્થિતિનો મુકાબલો તો નજ કરી શકાય કારણ કે સંસારના રસ્તાથી ત્યાગીઓનો (યોગીઓનો) રસ્તો જુદોજ હોય છે, અને તેને લઇનેજ આ મહાત્મામાં આટલી કોમળતા—યા કૃપાળુતા—હતી. નહિતર આ વખતે તેમની પાસે એટલી બધી પ્રબળ શક્તિઓ યોગથી પેદા થએલી હતી કે એક દેવ તો શું પણ તેવા હજારોને હઠાવવાનું સામર્થ્ય તેમનામાં હતું, પણ યોગના અંગે યોગીઓ તેવું સામર્થ્ય કોઇ પણ વખત આ દુનિયાના પામર જીવો ઉપર ફોરવતા નથી"

આવા ધ્યાનગુણથી આકર્ષાઇ આ ગ્રંથકારે ગ્રંથની આદિમાં તે યોગગર્ભિત મહાપુરૂષના શુભ ચરિત્ર સૂચક સ્તુતિ કરી છે, કે યોગિક સ્થિતિમાં આવવું હોય તો આ મહાન પુરૂષના ચરિત્રનું અનુકરણ કરો ૩.

## ( યોગશાસ્ત્ર બનાવવાનો આધાર. )

श्रुतांभोधेरधिगम्य, संमदायाच्च सद्गुरोः ।
स्वसंवेदनतश्चापि, योगशास्त्रं विरच्यते ॥ ४ ॥

સિદ્ધાંત રૂપ સમુદ્રમાંથી કેટલોક ભાગ લઈને, કેટલોક ભાગ સદ્દગુરૂની પરંપરાથી મેળવીને. અને કેટલોક ભાગ મને પોતાને જે અનુભવ થયો છે તે, એમ ત્રણે આધાર મેળવીને આ યોગશાસ્ત્ર બનાવું છું. ૪.

વિવેચન—આ શ્લોક ઉપરથી સ્પષ્ટ સમજાઈ શકાય છે કે આચાર્યશ્રી પોતે યોગના અનુભવી હતા. જો તેમ ન હોત તો "સ્વસંવેદન" માને પોતાના જાતિ અનુભવથી પણ હું કાંઈ લખીશ, તેમ ન લખતાં ઉપરના બે જ આધાર બતાવત. છેલ્લો પ્રકાશ આચાર્યશ્રીના અનુભવનો છે. તેમાં ઘણું સમજવાનું છે. પણ જ્ઞાની જાણે શા કારણથી તેના ઉપર વિસ્તારથી ટીકા કરવામાં નથી આવી. મને તો એમ સમજાય છે કે તે રસ્તો તેમને સરલ લાગ્યો હોય અને તેથી વિશેષ ટીકાની જરૂર ન જોઇ હોય, તથાપિ અત્યારના સમયે યોગની પ્રણાલિકા કેટલાક વખતથી લોપપ્રાયઃ થતાં વિસ્તારની જરૂર તો છેજ. છતા તેવા અનુભવી સિવાય તેમના ઉપર વિવેચન કરવું એ મને અયોગ્ય તો લાગે છે તથાપિ તે મહાત્માના વચનોના આધારે તેનો શબ્દાર્થ લખવા ધારૂં છું અને કેટલેક ઠેકાણે વિવેચન લખું તો તે ટીકાને આધારે યા કોઈ બીજા ગ્રંથને આધારે છે, એમ સમજવું. આ પ્રકારનું અત્રે સૂચન કરવું યોગ્ય ધારૂં છું.

---

## યોગનું સામર્થ્ય.

योगः सर्वविपद्वल्ली, विताने परशुः शितः ।
अमूलमंत्रतंत्रं च, कार्मणं निर्वृत्तिश्रियः ॥ ५ ॥

દુનિયાની નાના પ્રકારની વિપત્તિઓના સમૂહરૂપ વેલીઓને કાપવા માટે આ યોગ એક તીક્ષ્ણ ધારવાળા કુહાડા સરખો છે

અને મોક્ષ લક્ષ્મીનું મૂળ; મંત્ર, અને તંત્ર વિનાનું વશીકરણ છે. ૫.

**વિવેચન**—આધિ, વ્યાધિ અને ઉપાધિ કાંઈ આ દુનિયામાં ઓછી નથી. અથવા જન્મ, જરા, મરણ, રોગ, શોક, સંયોગ, વિયોગ વિગેરે દુઃખો કાંઈ આ દુનિયાના જીવોને ઓછા હેરાન કરતાં નથી. આ સર્વ વિપત્તિઓજ છે. અને તેથીજ તેને મનુષ્યોથી શુન્ય પણ નાના પ્રકારની વલ્લીઓની ગાઢ જાળવાળી અટવીની ઉપમા આપી શકાય આ વિપત્તિરૂપ અટવીને કાપી નાખવા માટે યોગને તીક્ષ્ણ પરશુ યા કુહાડાની ઉપમા લાયક છે. અર્થાત્ કુહાડાથી ગમે તેવા ગાઢ ઝાડીવાળા અરણ્યને પણ કાપી શકાય છે.

બીજી ઉપમા વશીકરણની છે. વિષય સુખના લાલચુ જીવો સ્ત્રીઓને સ્વાધિન કરવા માટે મંત્ર તંત્ર અને જડીબુટીની સેવના કરે છે. તેને આચાર્યશ્રી કહે છે કે આ ક્ષણિક પણ મહા દુઃખ આપનાર સ્ત્રી સંબંધી સંયોગ યા સુખ એ લાંબો વખત ટકી નહિ રહે, અને તે સયોગો મેળવવા મંત્ર તંત્રાદિના પ્રયાસમાં ઉતરવું પડે છે, અને તે પણ સિદ્ધ થાય કે ન પણ થાય. ત્યારે તમે અક્ષય અને મહા સુખ આપનાર નિવૃત્તિ (મોક્ષ) રૂપ (શ્રી) લક્ષ્મી (અથવા સ્ત્રી) ને સ્વાધિન કરવાનો પ્રયત્ન કરો. તેમાં નથી મંત્રનું કામ, નથી તંત્રનું કામ, નથી જડીબુટીનું કામ, પણ એક યોગના અવલંબનથીજ તે નિરંતરનું સુખ તમને મળી શકશે.

**भूयांसोपि हि पाप्मानः, प्रलयं यांति योगतः ।**
**चंडवाताद् घनघना, घनाघनघटा इव ॥ ६ ॥**

જેમ પ્રચંડ પવનથી ઘણી ઘાટી પણ વાદળાની ઘટા વિખરાઈ જાય છે, (નાશ પામે છે) તેમ યોગના પ્રભાવથી ઘણાં પાપ હોય તો પણ તેનો પ્રલય (નાશ) થઈ જાય છે. ૬

અહિં કોઇ શંકા કરશે કે ઘણાં પણ એક ભવના કરેલાં પાપ હોય તો તેનો યોગથી નાશ થઈ શકે. પણ ઘણા ભવનાં કરેલાં પાપો હોય તો શું તે યોગથી હઠી શકે ખરાં? એનો ઉત્તર આપે છે—

**क्षिणोति योगः पापानि, चिरकालार्जितान्यपि ।**
**प्रचितानि यथैधांसि, क्षणादेवाशुशूक्षणिः ॥ ७ ॥**

ઘણા જન્મોથી ભેગાં કરેલ કર્મપરમાણુઓને ( લાકડાંઓને ) પ્રબળ અગ્નિ જેવું ધ્યાનમાં બાળીને ભસ્મ કરી શકે છે. તેમ ઘણા [illegible] કર્મોને ( પાપોને ) પણ યોગ દગ્ધ કરે છે.

વિવેચન—[illegible] એકઠાં કરવાને કેટલો વખત લાગે છે [illegible] ભાગમાં આવી શકતો નથી કે [illegible] કર્મોને પણ નાશ [illegible] અગ્નિથી [illegible] થોડા વખતમાં થઈ શકે છે. [illegible] તેટલો વખત તે કર્મો [illegible] કોઈ પણ [illegible] કારણ કે જ્યારે જ્યારે કર્મ કાઢે છે ત્યારે [illegible] કર્મ કાઢવાનો કાળ [illegible] તેનું કારણ કર્મ બંધનનાં નિમિત્તો મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ આમાંથી કોઈ પણ કોઈ વખત વિદ્યમાન હોય છે જ. માટે કર્મ કરવામાં જેટલો વખત લાગ્યો છે, તેટલો વખત કર્મ કાઢવામાં બની શકતો અટકતો નથી. જ્યાં સુધી [illegible] હોય છે, તેથી જ્યારે લાકડાં બાળે છે, ત્યારે નવીન લાકડાં એકઠાં નથી કરતો. તેમ જ્યારે કર્મ કાઢે છે ત્યારે નવીન કર્મ નથી બાંધતો. આ વિરોધ અહીં લાગુ પડવાનો નથી, કારણ ઉપર દર્શાવ્યું છે. ત્યારે તે ઠેકાણે આ લાકડાનું અને અગ્નિનું દૃષ્ટાંત ઘણું અનુકૂળ પડતું થઈ શકે છે. યોગની પ્રબળતા જેમ કર્મરૂપ લાકડાંઓને બાળવામાં અગ્નિની ગરજ સારે છે. અને થોડા ટુંક વખતમાં કર્મને બાળી શકે છે; કે નવીન કર્મ બંધ ન થતાં આત્મા જલદી છુટી શકે છે. યા નિર્મળ થઈ શકે છે.

## ( યોગથી થતી લબ્ધિઓ. )

कफविप्रुण्मलामर्श, सर्वौषधिमहर्धयः ।
संभिन्नश्रोतो लब्धिश्च, योगतांडवडंबरं ॥ ८ ॥

યોગી પુરૂષોના કફ, ઘુંક, મળ અને શરીરનો સ્પર્શ વિગેરે સર્વે ઔષધિનું કામ કરે છે. મહાન્ ઋદ્ધિવાળી ( મહાન્ પ્રભાવવાળી )

ઔષધિની ગરજ સારે છે. અર્થાત્ ઔષધિ જે કામ કરે છે તે સર્વ કામ આ યોગિઓના કફાદિ કરી શકે છે. તેમજ એક ઇંદ્રિયથી પાંચે ઇંદ્રિયની ગરજ સરી શકે છે. કાર્ય થઈ શકે તેવી લબ્ધિઓ (શક્તિઓ) પેદા થાય છે, આ સર્વ યોગનોજ મહિમા છે. ૮

**વિવેચન**—યોગના માહાત્મ્યથી ઉપર જણાવેલ લબ્ધિઓ પેદા થવી અશક્ય નથી. ભલે અત્યારના કાળે કંઈક દુઃશક્ય લાગે પણ અશક્ય તો નથીજ. અત્યારે દુઃશક્ય લાગવાનું પણ કારણ સતત્ અભ્યાસ, તેવા સદ્ગુણીની નિકટતા, માયિક પ્રાણીઓના સંગથી વિરક્તતા અને વૈરાગ્યની તીવ્રતા વિગેરે અનેક શુ નિમિત્તોનો અભાવજ છે, છતાં પૂર્વે અનેક મહાત્માઓએ આવી લબ્ધિઓનો સિદ્ધિઓનો લાભ મેળવ્યો છે. તેના અનેક દાખલાઓ પુસ્તકોમાંથી મળી આવે છે. છતાં ગ્રંથ અધિક થઈ જવાના ભયથી આહીં એકજ દ્રષ્ટાંત આપવામા આવે છે. પૂર્વે હસ્તિનાપુરમાં છ ખંડનો ભોક્તા સનત્કુમાર ચક્રવર્તિ રાજા રાજ્ય કરતો હતો તેના શરીરનુ રૂપ એટલુ બધું તેજસ્વી યા ચમત્કારિક હતું કે ઇંદ્ર મહારાજા પણ સ્વર્ગમાં સ્વર્ગીઓની પાસે તેનુ વર્ણન કરતો હતો તેને નહિ સર્દ્દહતા વિજય અને વિજયંત નામના બે દેવો ચક્રવર્તિનુ રૂપ જોવા પૃથ્વી ઉપર આવ્યા એ અવસરે સનત્કુમાર રાજા સ્નાન કરતો હતો તેથી શરીર ખેળાદિથી ખરડાએલું હતુ, છતાં તેનું રૂપ કે લાવણ્યતા ઢાકી ન રહી. દેવોને પણ આશ્ચર્ય થયું કે અહા! શું રાજાનુ રૂપ છે! વિસ્તાર પામેલા અષ્ટમીના ચંદ્ર સરખું લલાટ શોભી રહ્યું છે. નિલોત્પલને જીતનારાં નેત્રો કર્ણ પર્યંત વિસ્તરાયેલા છે. દાત અને હોઠે, પક્વ બિંબોના ફલોનો પરાભવ કર્યો છે આ કર્ણે શુક્તિકાઓને નિરસ્ત કરી છે. કંઠે પાંચજન્ય શંખને જીત્યો છે. ભુજાઓ કરિરાજની સુંઢાદંડનો તિરસ્કાર કરે છે. આ હૃદયસ્થળ મેરૂપર્વતની શિલાની લક્ષ્મીને લુંટી લે છે, મધ્યભાગ સિંહના ઉદર સરખો છે. વધારે શું કહેવું? આના આખા શરીરની શોભા વર્ણનાતીત છે. ચંદ્રની ચાંદની માફક આના ઉપર અભ્યંગન છે કે કેમ તેની પણ ખબર પડતી નથી. જેમ ઇંદ્રે વર્ણન કર્યું છે, તેમ યા તેથી અધિક

આનું સ્વરૂપ છે, અથવા ખરેખર મહાપુરૂષો કોઈ વખત અસત્ય નજ બોલે તેવામાં ચક્રવર્તીએ પુછયું તમે અહીં કેમ આવ્યા છો બ્રાહ્મણરૂપધારી તે દેવોએ જવાબ આપ્યો કે તમારૂં રૂપ અધિક સાંભળ્યું હતું અને તે કુતુહલથી પ્રેરાઇ અમે તે જોવા આવ્યા છીએ. રાજાએ જવાબ આપ્યો કે અત્યારે હું સ્નાન કરૂં છું, શરીર ખેળ પ્રમુખથી ખરડાયેલું છે, માટે રાજ્યાસન ઉપર બેસું ત્યારે તમે આવજો, તે અવસરે તમને વિશેષ મજા પડશે. બ્રાહ્મણરૂપ ધારી દેવોએ તેમ કરવા હા પાડી ચક્રવર્તી તૈયાર થઇ રાજ્યાસન પર બીરાજ્યો. દેવો ત્યા આવ્યા અને તેનું રૂપ જોતાંજ તેઓનાં મુખો ઝાંખા થઇ ગયા. તેઓ ઉદ્દાસ થયા અને નિ.શ્વાસ નાખ્યો. અહા ! મનુષ્યના દેહોની આવી ક્ષણભંગુર સ્થિતિ ! આની સર્વ શોભા નષ્ટ થઇ ગઇ ! આમ ઉદ્દાસ થયેલા તેઓને સનત્કુમારે પૂછયું, તમે પહેલાં ઘણા ખુશી થયા હતા અને હમણાં આમ ઉદ્દાસીન કેમ ? દેવોએ જણાવ્યુ કે, હે રાજા ! અમે પહેલાં તારૂં રૂપ જોયું હતું તે અત્યારે નથી. અમે દેવો છીએ. ઇંદ્રે તારૂં રૂપ વખાણ્યું તેથી આશ્ચર્ય પામી અમે જોવા આવ્યા હતા. આ તારૂં શરીર હમણાં અનેક રોગોથી ભરપુર થઇ ગયું છે, તેથી અમે ઉદ્દાશ થયા છીએ આ પ્રમાણે કહી તેઓ ચાલ્યા ગયા, રાજા પણ હિમથી દગ્ધ થયેલા વૃક્ષની માફક પોતાનું શરીર વિછાયેલું જોઇ વિચારવા લાગ્યો કે ધિક્કાર થાઓ ! આ શરીર નિરંતર રોગથી ભરપુર છે, છતાં મારા જેવા મૂઢ પુરૂષો ફોગટ તેમાં મૂર્છા કરે છે. લાકડામાં રહેલા ઘુણોની માફક રોગોથી આ શરીર વિદારણ કરાય છે. બાહ્યથી રમણીય પણ અંદર કૃમિઓથી ભરપુર વડના ટેટા સરખુ આ શરીર રોગોથી ભરપુર છે. જેમ સેવાળ મહા સરોવરના પાણીનો યા શોભાનો નાશ કરે છે, તેમ રોગો શરીરના લાવણ્યનો નાશ કરે છે. શરીર શ્લથી જાય છે, પણ આશાઓ ઢીલી થતી નથી, રૂપ જાય છે, પણ પાપબુદ્ધિ ઘટતી નથી; જરા સ્ફુરે છે પણ જ્ઞાન સ્ફુરતું નથી. આવા સંસારી જીવોનાં ચેષ્ટિતને ધિક્કાર થાઓ. ખેર ! આજકાલ નાશ પામવાવાળા આ દેહથી તપશ્ચર્યા કરી કર્મની નિર્જરા મેળવવી તેજ સાર છે. અરે ! મેં

ફોગટ આ દેહનો યા રૂપનો ગર્વ કર્યો. તે દેહે મને દગો દીધો, પણ હુજી જ્યાં સુધી તે પડી ન જાય તે પહેલાં તેમાંથી જેટલું બની શકે તેટલું આત્મસાધન કરી લઉં. આ પ્રમાણે વૈરાગિ ચક્રવર્તિએ પુત્રને રાજ સોંપી વિનયધર મુનિ પાસે ચારિત્ર લીધું. મોહથી તેનો પ્રેમાળ પરિવાર છ માસ પર્યંત પાછળ ફર્યો; પણ નિ:કષાય ઉદાસીન, મમત્વરહિત અને નિર્ગ્રંથ તે મહાત્માને જાણી છેવટે તેઓ પાછા ફર્યા. સનત્કુમાર મહામુનિને પણ સરસ વિરસ તથા અનિયમિત આહાર લેતાં શરીરમાં રોગો વૃદ્ધિ પામ્યા. ક્ષણભંગુર દેહનો ભરોંસો શા માટે કરવો? તેમાંથી આપણું કામ કાઢી લેવું, તે તો પડી જશેજ. આ ઇરાદાથી તે મહાત્માએ મહાન્ તપશ્ચર્યા કરવા માંડી, તપશ્ચર્યા અને આત્મધ્યાન કરતાં સાતસો વર્ષો નીકળી ગયાં તે અરસામાં તેઓને અનેક લબ્ધિઓ સિદ્ધિઓ પેદા થઇ. એક વખત આ મહાત્માની સહનશીલતા અને શરીર ઉપર પણ નિર્મમત્વ જોઇ ફરી દેવો આગળ ઇંદ્રે પ્રશંસ કરી કે, હે દેવો! બળતા અગ્નિના પુળાની માફક ચક્રવર્તીની રૂદ્ધિનો ત્યાગ કરી ઘોર તપશ્ચર્યાથી અનેક લબ્ધિઓ પેદા થયેલી છે છતાં શરીરથી નિરપેક્ષ આ સનત્કુમાર મુનિ બીલકુલ ચિકિત્સા કરતા યા કરાવતા નથી. તેજ દેવો ફરી વૈદનું રૂપ કરી તે મુનિ પાસે આવ્યા અને અમે મહાન્ વૈદ્યો છીએ; તેમ કહી સનત્કુમારને ચિકિત્સા કરવા પ્રેરણા કરી સનત્કુમાર તેમને કહે છે કે હે વૈદ્યો! રોગ બે પ્રકારના છે; બાહ્ય અને અભ્યંતર; બાહ્ય રોગોની મને બીલકુલ દરકાર નથી પણ રાગદ્વેષ, કામક્રોધ, માયાલોભ વિગેરે અંતરંગ રોગો મારામાં છે તેની ચિકિત્સા કરતા હો તો હું કરાવીશ, કેમકે બાહ્ય રોગો કાઢવાનું સામર્થ્ય મારામાં છે. પછી દેવોને બતાવવા ખાતર પોતાના કફ તથા થુંક વિગેરેવડે રોગોથી ભરપુર એક આંગલી ઉપર લેપ કર્યો કે તત્કાળ પૂર્વના રૂપથી પણ અધિક રૂપવાન્ થઈ. દેવો આશ્ચર્ય પામી પગમાં પડ્યા અને જણાવ્યું કે જેવી રીતે બાહ્ય રોગો કાઢવાની શક્તિ તમારામાં છે, તેવી અંતરગ રોગ કાઢવાની શક્તિ પણ તમારામાં છેજ. ઇંદ્રની કરેલી પ્રશંસા વિગેરે જણાવી ખુશી થતા દેવે.

દેવલોકમાં ગયા આ પ્રમાણે સનત્કુમાર:યોગીનાં કફ મળ મૂત્રાદિ દરેક વસ્તુઓ યોગના પ્રભાવથી મહાન્ ઔષધિ તુલ્ય થયાં હતાં, તેમ બીજી પણ અનેક લબ્ધિઓ અને સિદ્ધિઓ યોગથી થાય છે.

चारणाशीविषावधि, मनःपर्यायसंपदः ॥
योगकल्पद्रुमस्यैता, विकासिकुसुमश्रियः ॥ ९ ॥

આકાશમાં ચાલવાની લબ્ધિ, નિગ્રહ અનુગ્રહ કરવામાં સમર્થતાવાળી લબ્ધિ, અવધિજ્ઞાનની સંપદા અને બીજાના મનના પર્યાયને જાણવાની સંપદા, આ સર્વ યોગરૂપ વૃક્ષના વિકસ્વર થએલા પુષ્પોની શોભા છે.

વિવેચન—યોગનું ખરેખરૂં ફલ તો મોક્ષની પ્રાપ્તિજ છે, જે આગળ કહેવામાં આવશે. પણ આ પૂર્વોક્ત લબ્ધિઓ સિદ્ધિઓ અને સંપદાઓ તે તો યોગરૂપ કલ્પવૃક્ષના સુગંધી અને વિકસ્વર થયેલાં પુષ્પો છે. જે વૃક્ષના પુષ્પો પણ આશ્ચર્યજનક અને સુખદાયક લાગે છે, ત્યારે તેનાં ફલો કેટલાં બધાં સુખરૂપ હશે એ પોતેજ વિચારવાનું છે.

अहो योगस्य माहात्म्यं, प्राज्यं साम्राज्यमुद्वहन् ॥
अवाप केवलज्ञानं, भरतो भरताधिपः ॥ १० ॥

અહો શું યોગનું માહાત્મ્ય ! મહા વિસ્તારવાળા સ્વતંત્ર રાજ્યને ધારણ કરનાર ભરત ક્ષેત્રનો અધિપતિ, ભરત રાજા આરિસા ભુવનમાં યોગના મહાત્મ્યથી કેવલજ્ઞાન પામ્યો !

વિવેચન—આ અવસર્પિણી કાલના ત્રીજા આરાના અંતિમ ભાગમાં ઘણાંજ ભોળાં અને સરલ સ્વભાવનાં પણ ધર્માધર્મના વિવેક વિનાનાં, અનેક યુગલિક માનવોથી ભરપુર ભૂમિ ઉપર નાભિરાજાની મારૂદેવા નામની પત્નીની કુક્ષિથી રૂષભદેવજીનો જન્મ થયો. પૂર્વ જન્મની સંયમ ક્રિયાથી યોગી પદના અનુભવી તે ભગવાન ત્રણ જ્ઞાન સહિત જન્મ્યા હતા તેમણે જ્ઞાનાલોકથી તે યુગલીકોને મોક્ષનો માર્ગ બતાવવા માટે પ્રથમ નીતિ માર્ગથી ભરપુર વ્યવહાર માર્ગ બતાવ્યો. નીતિ માર્ગમાં નિપુણ કરી પૂર્ણ જ્ઞાન અને નિવૃત્તિ મેળવવા માટે પોતાના ભરતાદિ સો પુત્રોને

રાજ્યાદિ અધિકાર વહેંચી આપી પોતે શ્રમણ માર્ગ સ્વીકાર કર્યો. જ્ઞાનક્રિયાની પ્રબળતાથી કર્મના આવરણો દૂર કરી કેવલજ્ઞાન પેદા કર્યું અને સત્ય ધર્મનો તાત્ત્વિક ઉપદેશ આપી મનુષ્યોને ધાર્મિક રસ્તે દોર્યા.

ભરતરાજાને રાજ્ય પામ્યા પછી પૂર્વ જન્મના પુણ્યાનુસાર ચૌદ રત્નો અને નવ નિધાન પ્રાપ્ત થયાં. ભરતક્ષેત્રના પૂર્ણ છ ખંડ પોતાને સ્વાધિન કરી ચક્રવર્તિપણાનો રાજ્યાભિષેક પામી શક્યા.

એક વખત આરિસાભુવનમાં ( આરિસાનાજ ઘરમાં ) વસ્ત્રાભૂષણ પહેરવા માટે ગયા. ત્યાં યથાયોગ્ય જ્યાં જોઇએ ત્યાં વસ્ત્ર અને અલંકાર પહેરી પોતાના શરીરને આરીસામાં જુવે છે; તો એક આંગળીમાંથી વિંટી પડી ગએલી જણાઈ. અલંકારથી ભરપુર બીજી આંગળીઓની આગળ આ આંગળી નિસ્તેજ યાને ઝાંખી જણાઈ. દિવસે દેખાતા ચંદ્ર સરખી આંગળી જોઈ અંગ ઉપરનાં સર્વ વસ્ત્રો અને આભુષણો દૂર કર્યાં. દૂર કરવાનું કારણ એ કે વસ્ત્રાભૂષણ સિવાય શરીર શોભે છે કે કેમ ? વસ્ત્રાભૂષણો દૂર થતાં હિમથી દગ્ધ થએલ વૃક્ષના સરખું અશોભનિક શરીર જણાયું.

આંહી વિચારનો પ્રવાહ બદલાયો અને તે આગળ વધ્યો. રાજ્ય ખટપટના અને અંતેઉર (અંત:પુર) સંબંધી વિચાર ભૂલાયા. શરીરને વસ્ત્રાભૂષણોથી શોભાવવું એ તો પથ્થર અને માટી યા રેતીથી બનાવેલા ઘરને સારૂં દેખાડવા ઉપર ચુનો લગાડવા જેવું છે. ચુનાની દીવાલો સારી લાગે છે, પણ અંદર શું છે તે વિચારતાં તો પથરા, કાંકરા, માટી ને રેતી વિગેરેજ જણાય છે. તેમ આ શરીર પણ સુંદર ત્વચાએ મઢેલ હોવાથીજ રમણીય લાગે છે, પણ અંદરથી તો તે લોહી, માંસ, હાડ, વિષ્ટા, મૂત્ર, પિત્ત, કફ, અને મજ્જાદિથી ભરપૂર છે. કપુર, કસ્તુરી, અને ચંદન પ્રમુખ, ઉત્તમ સુગંધી દ્રવ્યો પણ આ શરીરના સંયોગથી દૂષિત યા દુર્ગંધિત થાય છે. આ શરીરાદિના મોહ મમત્વથી અરહટ્ટ (રેંટ)ની ઘટીકાઓ માફક આ જીવ સંસારમાં પરિભ્રમણ કર્યાજ કરે છે. આ શરીરની વૃદ્ધિહાનિ થાય છે. પુદ્દગલોના ચય અપચયથી વૃદ્ધિ હાનિ પામતું શરીર તે હું નજ હોઈ શકું. આ

દુનિયાના માયિક વિષયોથી વિરક્ત થઈ મોક્ષફળ આપનાર તપશ્ચર્યાદિ જેણે અંગીકાર કરી છે, તેણેજ આવા ક્ષણભંગુર શરીરને પણ સાર્થક કર્યું છે. સંસારરૂપ દુર્ગંધવાળી એક ખાડ છે કે જે શૃંગાર રસરૂપ કીચડથી ભરપુર છે. તેની અંદર હું જાણતાં છતાં પણ શુકરની માફક સુખ માની રહ્યો છું. મને ધિક્કાર થાઓ કે સાઠ હજાર વર્ષ પર્યંત આ ધરાતલ ઉપર ભમી ભમી આ એક થોડા વખતના જીવન માટે મહાન્ અકાર્યો મારાથી બન્યાં છે. ધન્ય છે મારા બાહુબલિ આદિ વીર બંધુઓને ! કે જેમણે તૃણની માફક રાજ્યભારાદિ ઉપાધિનો ત્યાગ કરી પિતાજી રૂષભદેવ પ્રભુને શરણે રહી, પરિપૂર્ણ જ્ઞાન મેળવી, મોક્ષ સુખ સુપ્રાપ્ત કર્યું છે. ખરે તે પિતાના તેજ સુપુત્રો છે, કે જેઓ તેમને માર્ગે ચાલનાર થયા છે. હું ખરેખર સુપુત્ર નહિજ, નહિંતર પિતાજી પણ મારી ઉપેક્ષા શા માટે કરે ? જેમ નવાણું ભાઈઓને શરણે રાખ્યા તેમ મને શા માટે ન રાખે ? અથવા તેમનો શું દોષ છે ? જીવો પોતપોતાના કર્મોથીજ સુખી, દુ:ખી, માનનીય અને અમાનનીય થાય છે. સંસાર રૂપ કુવામાં પડતા પ્રાણીઓનો બચાવ માતા, બેન, ભાઈ કે સ્ત્રી કોઈ પણ કરી શકતું નથી, આવું મહાન્ સ્વતંત્ર રાજ્ય તે ચલાચલ છે, યૌવન પણ પતિત થવાનુંજ. લક્ષ્મી પણ જ્યાં ચંચળ, અહો ! ત્યાં સુખ તો ક્યાંથીજ હોય ! સુખની આશા ક્યાંથી રાખી શકાય ? હું કોઈનું રક્ષણ કરી શકું તેમ નથીજ. કારણ કર્મોથી બંધાએલ અને સંસારથી ઘેરાએલ છું. ત્યારે આ બીજાઓ મારી સાથના સંસારી જીવો તેઓ પણ મારૂં રક્ષણ કેમ કરી શકશે ? કારણ એક સરખાજ રોગવાળા અમે છીએ, વળી તેઓનાં કર્મો અને મારાં કર્મો પણ જુદાંજ આ પણ એક સબળ કારણ છે કે આંધળો આંધળાને દોરી ઠેકાણાસર પહોંચાડી શકેજ નહિ. ત્યારે અત્યાર સુધી હું તેમનો અને તેઓ મારાં એવી મારી માન્યતા મિથ્યાજ ઠરી. જ્યારે આ કુંટુંબીઓ જુદાં છે, તો મેહેલાતો અને રાજ્યસત્તા એ પણ જુદી છે. એ તો પ્રત્યક્ષ અનુભવાય છે. અરે એ તો દૂર યા જુદી માલૂમ પડેજ છે. પણ આ નજીકમા નજીક રહેલ દેહ તે પણ જુદોજ માલુમ પડે છે. કારણકે ભવાંત-

શેના ગમન અવસરે સાથે ન જનાર અને પુદ્ગલોના ચય અપચયથી વૃદ્ધિ હાનિ પામનાર તે હું નજ હોઈ શકું, ત્યારે હું કોણ ? આ સર્વથી જુદોજ. એકજ. આ જગ્યાએ યોગની અપૂર્વ સ્થિતિનો પ્રારંભ થઈ ચૂકયોજ. દેહ ગેહાદિ સંયોગિક બાહ્ય વસ્તુઓને આત્મભાવથી જુદી સમજવા લાગ્યા, એટલુંજ નહિ પણ તાદૃશ સ્પર્શજ્ઞાનથી જેવુ સમજ્યા, તેવોજ અનુભવ કરવા લાગ્યા. આ ઠેકાણે તે મહાશય ભરત મહારાજા શરીર સ્થિતિનું ભાન ભૂલી ગયા. મનની એકાગ્રતા તો થઈ હતી તેમાં વધારો થતો ચાલ્યો આજુબાજુ થતા શબ્દો સંભળાવા ન લાગ્યા. ઇદ્રિય અને તેના વિષયોથી મન જુદું પડયું, અજ્ઞાનજન્ય સ્વતંત્ર વિચારોથી પણ મન જુદું પડયું, અને અંતે તે મન આત્મભાવમાં લીન થઈ ગયું મનના વ્યાપારો બંધ પડયા. આત્મભાવની તીવ્રતા યા એકતા એકજ પ્રવર્તવા લાગી. એ એકતામાં કર્મનો ક્ષય કરનારી ક્ષપકશ્રેણી ( પરિણામની વિશુદ્ધતા ) વૃદ્ધિગત થઈ. જ્ઞાનના આવરણો તીવ્ર તાપના જોરથી વાદળની માફક પીગળ્યાં. મોહભાવ દેહ ઉપરથી અને શુભાશુભ કર્મો ઉપરથી પણ ગયો. ક્રોધાદિકનો સર્વથા ક્ષય થયો આ સ્થિતિનો અનુભવ કરતાં અરૂણોદય અને પછી સૂર્યોદય તેમજ પરમાવધિ અને તેની પછાડીજ લોકાલોક પ્રકાશક કૈવલ્યજ્ઞાન પ્રાપ્ત થયું " અહા શું યોગનો મહિમા ! શું યોગનું પરાક્રમ ! જે મહારાજા છ ખંડનો ભોક્તા ગૃહસ્થાશ્રમમા રહ્યો હતો, તે મહારાજા એક સ્વલ્પ વખતમાં યોગની પરાકાષ્ઠાએ પહોંચ્યો અને પરિપૂર્ણ જ્ઞાન પામી કૃતકૃત થયો. " દેવોએ શ્રમણનો વેશ આપ્યો વેશ પહેરી અનેક જીવોને યોગનો મહાન્ માર્ગ બતાવી મોક્ષમાર્ગના પથિકો બનાવ્યા. તદ્ભવસંબંધી આયુષ્ય પૂર્ણ થતાં મોક્ષ સ્થિતિને પામ્યા

આ મહારાજાના બોધક ચરિત્રમાંથી આપણે ઘણું સમજવાનું અને લેવાનું છે. તે મહાશયની વિચારશક્તિ, એકાગ્રતા, વૈરાગ્ય, અને જાણ્યું કે તરતજ તેમ પ્રવર્તન કરવાની પ્રવીણતા વિગેરે સમજી તથાવિધ પ્રયત્ન કરનાર અવશ્ય વૈરાગ્ય અને સતત્ અભ્યાસના પ્રમાણમાં ફાયદો મેળવી શકે છે.

અહીં કોઇ શંકા કરે કે "ભરત મહારાજાએ પૂર્વ જન્મમાં શ્રમણપણું આદર્યું હતું, યોગનો અનુભવ કર્યો હતો, તેથીજ અલ્પ વખતમાં વિચાર શક્તિની પ્રબળતાએ કર્મના પડદાઓ દૂર કરી આરિસાભુવનમાં આત્મસ્થિતિ અનુભવી શક્યા. પણ જેઓએ પૂર્વ જન્મમાં યોગાનુભવ કર્યો નથી, તેઓને તો યોગનો આરંભ કર્યા પછી આત્મતત્ત્વ મેળવતાં ઘણો વખત લાગવો જોઇએ." તે શંકાનું સમાધાન નીચેના શ્લોકથી આચાર્યશ્રી આપે છે.

## યોગિની મરૂદેવા.

**पूर्वमप्राप्तधर्मापि, परमानंद नंदिता ॥**
**योगप्रभावतः प्राप, मरूदेवा परं पदम् ॥ ११ ॥**

પહેલાં કોઇ પણ જન્મમાં ધર્મ નહિ પામેલાં છતાં યોગના પ્રભાવથી પરમાનંદથી સમૃદ્ધિવાન્ મારૂદેવીમાતા પરમપદ (મોક્ષ-પદ) પામ્યાં.

**વિવેચનઃ**—મરૂદેવાજી રૂષભદેવ ભગવાનનાં માતાજી હતાં. તેઓનું માનવ જન્મમાં આવવાપણું મરૂદેવીના ભવમા પ્રથમજ થયું હતું, અનાદિ નિગોદમાંથી ઉંચે ચઢતાં તેઓનો જીવ એક કેળના ઝાડમાં ઉત્પન્ન થયો હતો ત્યાં જોડમાં કથેરનું ઝાડ કાંટાવાળું હતું. વાયુના ઝપાટાથી તે ઝાડ કેળ સાથે અથડાતું, અને તેથી તે ઝાડના જીવને વિશેષ દુઃખ થતું હતું. પરંતુ તેને સહન કરી કેળના ભવમાંજ અવ્યક્તપણે અકામ નિર્જરા ઉપાર્જન કરી, મરૂદેવાજીપણે ઉત્પન થયાં હતાં. વિરક્ત દશાથી વાસિત થઈ રૂષભદેવજીએ જ્યારે ચારિત્ર અંગીકાર કર્યું તે દિવસથી મરૂદેવાજીને વિશેષ દુઃખ લાગી આવ્યું. મોહની પ્રબળતાથી, આત્માને તારનાર અને જગત્ જીવોનો ઉદ્ધાર કરનાર કાર્યમાં પુત્રનું પ્રવર્તન છતાં, પુત્રના મોહમા મોહિત થએલ માતાને તે કામ દુઃખદ લાગ્યું તેઓની ઉદાસીનતાનો પાર ન રહ્યો. સુખની સેજમાં ઉછરેલ મારો પુત્ર અત્યારે એક સામાન્ય મનુષ્યથી પણ વધારે દુઃખ ભોગવે છે. જંગલના મનુષ્યોની માફક તે એકલો વનમાં ફર્યા

કરે છે. તેને ટાઢ લાગતી હશે, ઓઢવાનાં વસ્ત્રો પણ તેની પાસે નથી. ઉનાળામાં તાપ લાગતો હશે, ભૂખ તરસ આદિ પણ વેઠવાં પડતાં હશે. તેને ખાવાને કોણ આપતું હશે ! "હે ભરત, મારો પુત્ર આવાં દુ:ખો સહન કરે છે. તું તેની સાર સંભાળ પણ લેતો નથી અને રાજ્યના સુખમા મગ્ન થયો છે." આ પ્રમાણે ભરતને ઓળભા આપતા અને પુત્રના વિયોગથી લાંબો વખત રૂદન અને વિલાપ કરતા મરૂદેવાજીની આંખે ઝાંખ યા પડલ આવી ગયાં, પણ પુત્ર તરફનો પ્રેમ ઓછો ન થયો. ભરત રાજા સમજાવતા હતા કે—"માતાજી આપ ખેદ ન ધરો. મારા પિતાજીએ વૈરાગ્ય ભાવની ઉત્કટતાથીજ સંસાર મૂકી દીધો છે. આ રાજ્યાદિકનાં સુખો તેમને દુ:ખરૂપ લાગ્યાં છે. આ સંયોગનો વિયોગ અવશ્ય થશેજ. સંપદા એ વિપદા રૂપજ છે કોઈ કોઈનુ રક્ષણ કરનાર નથીજ. સ્વકર્માનુસાર જીવો એકલાજ દુ:ખાદિનો અનુભવ કરે છે આ તેમની તીવ્ર ભાવના છે. જન્મ જરા મરણાદિ વિષય વ્યાધિઓ દરેક જીવોને દુ:ખ આપે છે. અને તેથીજ ભય પામી મારા પિતાશ્રી તીવ્ર તપશ્ચર્યા અને ધ્યાન કરી, તે દુ:ખો દુર કરવાનું ઔષધ સેવે છે આપ આ સંસારનું સ્વરૂપ વિચારો અને આત્મિક ભાવનાને પ્રબલ કરો, તો આપને પણ સંસારની અસારતાજ જણાઈ આવશે મારા પિતાશ્રી જેને માટે પ્રયત્ન કરે છે, તે જ્યારે પ્રગટ થશે ત્યારે માતા! હું તમને બતાવીશ, કે તેઓ આ અમારા કરતાં કોટીગણું સુખ અનુભવે છે, અને હુ પણ ખરૂં સુખ તો તેજ માનુ છુ ગમે તે અવસરે અમને પણ તેનો આશ્રય લીધા સિવાય ખરૂં સુખ તો નથીજ." આ પ્રમાણે અનેક વચનયુક્તિથી ભરત મરૂદેવાજીને સમજાવતા હતા, પણ મોહના પ્રબળ આવરણથી ભરતના શબ્દોની અસર તેમને થતી નહોતી.

આ બાજુ રૂષભદેવ ભગવાન પણ સંયમ ધારણ કરી જ્ઞાન ધ્યાનમાં મગ્નપણે પૃથ્વીતલ ઉપર વિચરવા લાગ્યા. એક સ્થળે નિયત ન રહેતાં અને મનુષ્યાદિના સંસર્ગમાં ન આવતાં વનો, પહાડો, જંગલો, રાનો અને ગુફા પ્રમુખમાં રહી એકાગ્રતાપૂર્વક ઘણો ભાગ ધ્યાનમાંજ નિર્ગમન કરતા. આહારાદિકની જરૂર જણાયે

વસ્તીમાં જતા હતા. આ પ્રમાણે એકદર હજાર વર્ષ જેટલો લાંબો સમય જવા પછી એક વખત પુરીમતાલ નામના શહેરના ઈશાન ખુણામાં આવેલા સકટાનન નામના વનમાં ન્યગ્રોધ ( વડ ) વૃક્ષની નીચે અઠમ તપ કરી ધ્યાનસ્થપણે રહેતાં પરિણામની વિશેષ વિશુદ્ધતા અને ધ્યાનની પ્રબલતાએ ક્ષપકશ્રેણી ઉપર (કર્મને ખપાવવાની તીવ્ર ધારા ઉપર ) આરૂઢ થતાં તેમને કેવળ જ્ઞાન ઉત્પન્ન થયું. તે અવસરે દેવોએ સમવસરણ બનાવ્યું. દેવદુંદુભિના શબ્દો થવા લાગ્યા. વનપાલકે ભરત રાજાને જઈ વધામણી આપી. ભરત રાજાએ ચતુરંગિણી સેના તૈયાર કરાવી મરૂદેવાજી માતા પાસે આવી તેમને વધામણી આપી તે કહેવા લાગ્યા કે, માતાજી! પુત્ર વિયોગથી આપ ઘણાંજ દુઃખી થાઓ છો. આજે આપના દુઃખનો અંત આવ્યો છે. ઋષભદેવજીને કૈવલ્યજ્ઞાન ઉત્પન્ન થયું છે, દેવોએ સમવસરણ રચ્યું છે. ચાલો, ઉઠો માતાજી! પુત્રનાં દર્શન કરાવું." આ વચનો સાંભળી ઘણાજ હર્ષથી માતાજી તૈયાર થયાં. હાથી ઉપર માતાજીને બેસાડી ભરત રાજા છત્ર ધરી તેમની પાછળ બેઠા. સમવસરણ દૂરથી દેખાતાં માતાને ઉદ્દેશીને ભરત બોલ્યો " જુઓ માતાજી! આપના પુત્રની ઋદ્ધિ. આ દુંદુભિના શબ્દો સંભળાય છે. જુઓ આ દેવદેવીઓનો મોટો કોલાહલ થઈ રહ્યો છે. સાંભળો તો ખરાં! માલકોષ રાગમાં જે સુંદર ધ્વનિ સંભળાય છે, તે આ સર્વ દેવાદિકોને ઉપદેશ આપતા આપના પુત્રનોજ છે."

આ અવસરે મારૂદેવાજીના હર્ષનો પાર ન રહ્યો. હજાર વર્ષના વિયોગી પુત્રનો મેળાપ, અને તેમાં પણ આટલી બધી મહત્ત્વતાને પામેલ પુત્રનાં દર્શન; એ તો આશ્ચર્યમાં ગરકાવ કરી નાંખનારા થયાં. પ્રેમાવેશથી માતાજીને હર્ષાશ્રુ વેહેવા લાગ્યાં. અને તે એટલા બધા જોશથી કે તેમનાં પેહેરેલ વસ્રો પણ ભીજાઈ ગયાં. આ હર્ષાવેશમાં તેમની આંખે આવી ગએલ ઝાખ યા પડળ ખુલી ગયા. તેઓ જેમ પ્રગટપણે શબ્દો સાંભળતાં હતા તેમ સ્પષ્ટપણે જોવા લાગ્યાં.

આ સર્વ પુત્રની ઋદ્ધિ અને રચના જોતા તેમના પરિણામો બદલાયાં. જેમ દ્રવ્યથી નેત્રનાં પડલો દૂર થયાં તેમ ભાવથી કર્મ

પડળો પણ દૂર થવાનો વખત નિકટ આવ્યો વિચારદશામાં આગળ વધ્યાં કે અહા ! હુ તો પુત્રના મોહથી ઝુરીઝુરીને ઘેલા જેવી થઈ ગઈ. રૂદન કરી કરીને તો આંખે પડળ આવ્યાં, છતાં આ પુત્રની નિર્મોહતા તો જુઓ ! ! એ આટલું બધું સુખ ભોગવે છે, આટલા બધા દેવો એની પાસે છે, છતાં મારી પાસે કોઈ માણસ યા દેવને પણ ન મોકલ્યો. ત્યારે આ નિર્મોહી પુત્ર મને સંભારતો તો શાનોજ હશે ! જો માતાનો ખરો સ્નેહ આને હોય તો આ માંહેલું કાંઈ પણ બનવું જોઈએ. મેં તો ફોકટજ આને માટે ઝુરી ઝુરી રૂદન કરી કરી મારા આત્માને દૂષિત કર્યો. આવો એકપક્ષી સ્નેહ શા માટે કરવો જોઈએ ? અથવા એ તો વીતરાગ છે પહેલાં પણ વૈરાગ્યતા સૂચક શ્રમણપણુ એણે સ્વીકાર્યું હતું અને હવે તો તદ્દન નિર્મોહિત થયો તે મને શા માટે યાદ કરે ? સ્નેહીઓને શ્રમણપણુ લઈને યાદ કરવાં, એ તો વીતરાગના માર્ગમાં સરાગતા થવાનો સંભવ છે, અથવા એક વિઘ્ન છે. ત્યારે આવો મોહ ઉત્પન્ન થવાનું કારણ શું ? અજ્ઞાનતાજ. મારા કરતાં અધિકતા તેનામાં શાની ? નિર્મોહતાનીજ. આત્મા તો તે પણ અને હું પણ, છતાં આવા તફાવતો શાને લઈને ? અરે ! કર્મની ઉપાધિને લઈનેજ. જો કર્મો ઉપાધિજ છે, તો સ્વભાવ તો નહિજ, અને જો સ્વભાવતા નથી તો પરભાવતા છેજ. અને પરભાવતા તે તો દૂર થઇ શકેજ, અને જો પરભાવતા દૂર થઇ જાય તો પછી મારા અને તેનામાં જે તફાવત દેખાય છે તે નજ રહે. આત્માનું સત્તા સામર્થ્ય સરખું તો ખરૂંજ, ત્યારે હવે હુ આ મોહ મૂકી દઉં અને મારી સત્તાના સામર્થ્ય ઉપર આવું. આ વિચારોની ધારાએ તેમનો બાહ્યભાવ દૂર થયો. અંતરૂભાવની જાગૃતિ થઇ તે જાગૃતિએ પરમ ભાવભણી પ્રેરણા કરી. આ પરમભાવની ઉત્કર્ષતામાં ખરો વિવેક પ્રગટ થયો. તન મન અને વચનથી પણ પર તે હું પોતે છુ, તે અનુભવમાં પ્રવેશ થયો તે અનુભવના પ્રવેશમાં વ્યવહારિક ભાન ભૂલાયું શુદ્ધ ઉપયોગની તીવ્રતારૂપ દાવાનળથી કર્મકાષ્ટો બળવા લાગ્યાં અને થોડા વખતમાં તો ચાર ઘાતિકર્મ દૂર થતાં કેવલજ્ઞાન પ્રગટ થયું. આ જ્ઞાન થતાની સાથે આયુષ્ય પૂર્ણ

ઘનઘાતી ચાર અઘાતી કર્મો પણ વિલય થયાં. શૈલેશીકરણ* માં પ્રવેશ થઇ કર્મો દૂર થતાં સમશ્રેણિએ મોક્ષ પ્રાપ્ત થયું. દેવોએ મહોત્સવ કરી તેમના પવિત્ર દેહને ક્ષીર સમુદ્રમાં વહન કર્યો.

આ પ્રમાણે પ્રથમજ માનવભવમાં પ્રવેશ કરનાર અને પૂર્વે યોગાદિક ધર્મોનું બીલકુલ સેવન પણ નહીં કરનારાં મારૂદેવાજી થોડા વખતના તીવ્ર યોગની સહાયથી મોક્ષ મેળવી શક્યાં, માટે યોગનું માહાત્મ્ય અલૌકિક છે. એ તો નિઃસંશય છે. ૧૧

અહીં કોઇ શંકા કરે કે મારૂદેવાજીએ પૂર્વ જન્મમાં યોગનું સેવન નહીં કર્યું હતું, તેમ તેમણે તીવ્ર પાપ પણ નહીં કર્યું હતું; એટલે મધ્યસ્થ ભાવે યોગની થોડી મદદથી મોક્ષ મેળવ્યું, પણ જેઓ મહાન્ ઘોર પાપ કરનાર છે. તેઓને યોગથી લાભ મળી શકે કે? આ પ્રશ્ન યા શંકાના સમાધાન માટે આચાર્યશ્રી નીચેનો શ્લોક કહે છે.—

## મહાત્મા દૃઢપ્રહારી.

**ब्रह्मस्त्रीभ्रूणगोघात, पातकान्नरकातिथेः ॥**
**दृढप्रहारिप्रभृते, र्योगो हस्तावलंबनम् ॥ १२ ॥**

બ્રાહ્મણ, સ્ત્રી, બાળક અને ગાયના ઘાત કરવાના પાપથી નરકના અતિથિ (પરોણા) તરીકે જવાને તૈયાર થએલા દૃઢપ્રહારી આદિનું રક્ષણ કરનાર યોગજ છે. ૧૨.

**વિવેચન**—બ્રાહ્મણ, સ્ત્રી, બાળક અને ગાય આ ચાર હત્યાઓ લોકોમા બહુ નિંદનીય ગણવામા આવી છે, તે અપેક્ષાએ આંહી વિશેષ જણાવવા માટે ગ્રહણ કર્યું છે. નહિ તર જીવોની હિંસામાં સામાન્ય પાપ સરખું ગણવામાં આવ્યું છે. આવી ઘોર હિંસા કરનારાઓ પણ યોગના અવલંબનથી નરકમાં જતા અટકી તેજ ભવમા નિર્વાણપદ પામ્યા છે. એજ યોગની મહાન્ શક્તિ અને

* પહાડની માફક મન વચન કાયાના યોગોને સ્થિર કરી અનન્યભાવે આત્મભાવમાં રહેવું તે શૈલેશીકરણ.

આદરણીયતા જણાવી આપે છે. દ્રઢપ્રહારી કોણ હતો, અને કેવા પ્રસંગોમાં તેણે યોગનું અવલંબન કર્યું તે પ્રસંગોપાત જણાવવું ઉચિત છે, એમ ધારી તેનું ચરિત્ર આંહિ આપીએ છીએ.

કોઇ એક નગરમાં સ્વભાવથીજ ઉદ્ધત પ્રકૃતિવાળો એક બ્રાહ્મણ રહેતો હતો પાપબુદ્ધિ અને અન્યાયમાં આસક્ત જોઇ કોટવાળે તેને ગામમાંથી કાઢી મૂકયો. ફરતો ફરતો એક અટવીમાં ચોરના નાયકને મળ્યો. કેટલાક દિવસ ત્યાં રહ્યો. પોતાના સરખા આચરણવાળા તે બ્રાહ્મણને જાણીને ચોરના નાયકે તેને પુત્ર તરીકે રાખ્યો. યુદ્ધના પ્રસંગમાં ઘણીજ સખ્ત રીતે પ્રહાર કરતો જોઇ તેઓએ તેનું દ્રઢપ્રહારી નામ પાડયું. ચોરનો નાયક કાળાંતરે મરણ પામ્યો. બધા ચોરોએ એકઠા થઇ તેને નાયકપણે સ્થાપ્યો. એક દિવસે ચોરની મોટી સેના સાથે લઈ તે કુશસ્થળ નામના ગામમા દાખલ થયો અને છુટથી તે ગામ લુંટવા માડયું. તેજ ગામમાં એક ગરીબ અવસ્થાવાળો બ્રાહ્મણ રહેતો. હતો. તેનાં નાનાં નાના બાળકો તેની પાસે કેટલાક દિવસથી ખીરની યાચના કરતાં હતાં એક દિવસે છોકરાંઓના મનોરથો પૂરણ કરવા ગામમાં યાચના કરી તેણે ખીરનો સામાન મેળવ્યો. ખીર તૈયાર કરી નદી ઉપર સ્નાન કરવા બ્રાહ્મણ ગયો, તેટલામા કેટલાક ચોરો ફરતા ફરતા તેનેજ ઘેર આવ્યા. ખરેખર દૈવ દુર્બલનેજ મારે છે. તપાસ કરતા તે ગરીબ બ્રાહ્મણના ઘરમાં તેવો કીમતી માલ ન નીકળ્યો તેવામા તૈયાર થયેલી ખીરના ઉપર કેટલા ભૂખ્યા થએલ ચોરોની નજર ગઇ તત્કાળ ખીરથી ભરેલું વાસણ ઉપાડયું આ બનાવ જોઇ પેલા નાનાં નાના બાળકો ઘણા દિવસના ખીરના મનોરથવાળાં હતાં તેના તો હોંશજ ઉડી ગયા. અરે ! શું આજે તૈયાર થયેલું ભોજન પણ આપણને ખાવા નહીં મળે ? તેમાથી એક બે છોકરાં નદી ઉપર સ્નાન કરવા ગએલ પોતાના પિતાને ખબર આપવા દોડી ગયાં. બ્રાહ્મણ પણ આ સમાચાર સાભળતાંજ ક્રોધથી ધમધમતો અને આજુબાજુમાંથી એક મોટી કમાડની જબરજસ્ત ભોગળ લઇ ચોરો ઉપર દોડી આવ્યો અને મરણીઓ થઇ ચોરોને પ્રહાર કરવા લાગ્યો લાકડીના પ્રહાર પડ-

વાગી જેમ કાગડાઓ નાસે તેમ ચોરો ચારે દિશામાં નાસવા લાગ્યા. અને કેટલાકને તો તેણે ઠાર કરી દીધા. આ બનાવ જોઇ ચોરોનો નાયક દૃઢપ્રહારી ત્યાં આવ્યો. એકલા માણસને આવી રીતે પોતાના ભાગતીઓનો સંહાર કરતો જોઇ તેનું લોહી ઉછળી આવ્યું. જેવો ઘરમાં બ્રાહ્મણને સજ્જડ પ્રહાર કરવા જાય છે, તેવામાં એક મજબુત ગાય તેને રોકતી હોય તેમ આડી આવી. ખરે ! મારા કામમાં આ ક્યાં વિઘ્ન કરવા આવી ? એમ ધારી તે પ્રહાર ગાયના ઉપર કર્યો એકજ પ્રહારથી ગાયનું ધડ જુદું પડ્યું ત્યાંથી આગળ વધ્યો. તેવામાં પૂર્ણ માસવાળી સગર્ભા પેલા બ્રાહ્મણની સ્ત્રી વચમાં મના કરવા આવી. તેને પણ એકજ પ્રહારથી ગર્ભસહિત કાપી નાખી અને છેવટે બ્રાહ્મણને પણ મારી નાંખ્યો. આવો મહાન્ ખેદકારક બનાવ જોઇ તે બ્રાહ્મણનાં નાના નાના બાળકો મહાન્ આક્રંદ કરી રડવા લાગ્યાં. આ બાજુ સ્ત્રીના પેટમાંથી તરફડતો ગર્ભ પણ એક કરૂણાજનક સ્થિતનો દેખાવ કરતો હતો પોતાનાં પોષક માબાપો અને ગાયના મરણથી નિરાધાર થએલા તે બાળકોનો વિલાપ એક ક્રૂર હૃદયવાળાનું હૃદય પણ પીગળાવી નાખતો હતો. આવી દયાજનક સ્થિતિમાં આવી પડેલા બાળકોને જોઇ ચોરનો નાયક થોડી વખત ત્યાં સ્થભ્યો. તેના હૃદયમાં આ બાળકોના હૃદયભેદક વિલાપોએ પ્રવેશ કર્યો. ક્રૂર સ્વભાવવાળા ચોર નાયકના હૃદયમાં પણ દયાએ વાસ કર્યો, અને દયાની પ્રેરણાથી તેના મનમાં વિચાર પ્રદીપ પ્રગટ થયો. તેના વિચાર બદલાયા "અહા ! નિરાધાર આ બાળકોની હવે કોણ સંભાળ કરશે ? તેઓને હવે કોનો આધાર ? તેઓ કેવી રીતે મોટા થશે ? તેને કોણ ખાવાનુંઆપશે ? ધિક્કાર થાઓ મારાં આ અવિચારીત પાપ કર્મોને ! આ એક પાપી પેટ માટે મે કેવો અનર્થ કર્યો છે ? આ બાળકોને મે તદ્દન નિરાધારજ કરી નાંખ્યાં છે । અરે ! શું આ મારા ઉપબળનું અજમાયશ કરવાનું આજ ઠેકાણું ? જ્યારે વીર પુરૂષો પોતાના બળથી અનેક જીવોનુ રક્ષણ કરે છે, અને અનેકને આશ્રય આપે છે, ત્યારે મારા જેવા પાપી જીવોનું બળ એ જગત જીવોનો ક્ષય કરવાનુ અને તેમને નિરાધાર બનાવવાનું કારણજ થાય છે ! અરે આવાં અઘોર કર્મોથી હું

ક્યારે અને કેવી રીતે છુટી શકીશ? મને તો ખાત્રી થાય છે કે આવાં મલીન કર્મોથી નરકમાં પણ મને ઠેકાણું નહિ મળે!” આવા વિચારની ગમગીનીમાં અને તે બ્રાહ્મણના બાળકોની કારૂણિક સ્થિતિના વિચારમાંને વિચારમાં તે આગળ ચાલ્યો. આવાં ક્રૂર કર્મોથી મારો છુટકારો કોઇ મહાત્મા પુરૂષ સિવાય થવાનો નથી, માટે હવે ચોરી પ્રમુખ મુકી દઉં, આ ચોરોની સહાયની મને કાંઇ જરૂર નથી. ભલે તેઓની મરજી હોય ત્યાં ચાલ્યા જાય. આવા વિચારથી તે ગામ બહાર આવ્યો. આ બાજુ તેની સાથેના ચોરો પણ પોતાને મળેલો માલ લઇ ચોકીદારોના ભયથી નાશીને જંગલમાં ચાલ્યા, દૃઢપ્રહારી ગામની બહાર આવી ઉદાસીનતાથી ભરપુર સ્થિતિમા એક વૃક્ષ નીચે બેઠો. આ વખતે તેનો વૈરાગ્યરસ વૃદ્ધિ પામતો હતો. ઇચ્છાયોગ જાગૃત થયો હતો, મન સાત્વિકભાવને પામ્યું હતુ, અને ખરાબ કર્તવ્યોનો પૂર્ણ પશ્ચાત્તાપ થતો હતો. કર્મોએ તેને વિવર આપ્યો. તેના મનોરથો પૂર્ણ થવામાં સહાયકની પૂર્ણ જરૂર હતી. તે જરૂર તેના વિચારથી પવિત્ર થતા અંતઃકરણની ઉજવલતાએ મેળવી આપી, અર્થાત્ આ વિચારમાજ તેણે દૂરથી જતા ચારણમુનિને જોયા. આ મહાત્માઓને જોતાંજ તે એકદમ બુમ પાડી ઉઠયો ઓ મહાત્માઓ! ઓ મહાત્માઓ! તમે મારૂં રક્ષણ કરો! રક્ષણ કરો! હુ તમારે શરણ આવ્યો છું. જો તમારા જેવા પરઉપકારી મહાત્માઓ પણ આ પાપીની ઉપેક્ષા કરશે તો પછી મારે કોને શરણે જવું? આ વરસાદ નીચ ઉચ્ચનો તફાવત રાખ્યા સિવાય સઘળે સ્થળે વૃષ્ટિ કરે છે. સૂર્યચંદ્ર તેવીજ રીતે તફાવત સિવાય પ્રકાશ આપે છે, તો આપ મહાત્માઓ શું પુણ્યવાન્ અને પાપીનો તફાવત રાખશો? પરઉપકારીઓને તો તેમ નજ ઘટે.” આ પ્રમાણે બોલતો તેની પાછળ ઉતાવળથી ચાલ્યો. આ ચારણશ્રમણો પણ, કોઇ યોગ્ય જીવ જણાય છે, એમ ધારી તેની કરૂણાથી ત્યાં ઉભા રહ્યા દૃઢપ્રહારી નજદીક આવ્યો અને તે મહાપુરૂષોના ચરણારવિંદમા નમી પડયો આંખમાંથી અશ્રુની ધારાઓ છુટવા લાગી કંઠ રૂંધાઇ ગયો. ઘણો બોલવાનો પ્રયત્ન કર્યો પણ તે બોલી ન શકયો. મુનિઓએ તેને ધીરજ આપી

[illegible] ઉપર ધ્યાન મૂક્યું, અને આમ [illegible] શરૂ કર્યું. ત્યારે [illegible] મુનિઓના સમાગમથી સાંભળેલા [illegible] પોતાનાં [illegible] ઉપાય [illegible]. "જ્યાં સુધી મનુષ્યો પોતાનાં [illegible] સમજતા નથી, [illegible] નિશ્ચય ઉપર [illegible] જાણતા નથી, સુખી થવાના નિશ્ચય ઉપર [illegible] તેને માટે પ્રયાસ કરતા નથી, અને [illegible] નથી. ત્યાં સુધી તેઓ પોતાના ખરા [illegible] નથી. દુષ્કર્મોની નિવૃત્તિ [illegible] પોતાની યોગ્યતાને [illegible] અંતરાત્મનિષ્ઠામાં તેજ [illegible] હતો કે [illegible] મુક્તિ [illegible]." [illegible] તેની યોગ્યતા [illegible] લીધી. અને જાણ્યું કે, અને આત્મા-ની નિર્મળતા. [illegible] આપવાનાં [illegible]. [illegible] અને [illegible] નિર્જરા (ક્ષય) થવાના ઉપાયો વિગેરે [illegible] હૃદયમાં [illegible] આપ્યું અને તેની આગે [illegible] કરી લેવાથી [illegible] કરીને મહાત્માઓએ તેને ચારિત્ર (સંયમ) અંગીકાર કરાવ્યું. તેજ અવસરે દૃઢપ્રહારીએ ગુરૂ પાસે અભિગ્રહ લીધો કે મહારાજ! મને આ પાપ જ્યાં સુધી આગળથી આ લોકો મારા પાપને યાદ કરાવી આપશે, ત્યાં સુધી હું અહીં જ આહારાદિનો ત્યાગ કરી કાયોત્સર્ગ મુદ્રાએ રહી ધ્યાન કરીશ. આવો મહાન્ વિષમ અભિગ્રહ લઈને ગુરૂની રજાથી ત્યાંજ રહ્યો. "બીજાના ઉપદેશ સિવાય જે અંતઃકરણથી જાગૃત થએલો છે, જેનો વૈરાગ્ય અખંડિત છે. જેને આ લોક યા પરલોકના માયિક સુખોની અભિલાષા નથી, અને બંધનથી મુક્ત થવાનાજ જેના પરિણામો સ્ફુરિત થએલા છે, તેવા મહાશયોને ગુરૂના લાંબા વખતના સમાગમની જરૂર નથી. તેને સમુદાયમાં રહેવાની જરૂર પણ ઓછીજ છે. આવા કારણથીજ ગુરૂએ તેને તત્કાળ આજ્ઞા આપી. ગુરૂઓ ત્યાંથી આકાશ માર્ગે બીજે ચાલ્યા ગયા. પછી દૃઢપ્રહારી ત્યાંથી આગળ વધી જે ગામ પોતે લુંટયું હતું તેજ

ગામના ઉત્તર તરફના દરવાજા આગળ જઇ કાયોત્સર્ગ મુદ્રાએ ધ્યાનસ્થપણે રહ્યો. પ્રાતઃકાળ થતાં ગામથી બહાર નીકળતા લોકોએ દૃઢપ્રહારીને સાધુના વેશમાં જોયો. અરે આ પેલો ચોર! કેવો ધૂર્ત છે? અત્યારે સાધુનો વેશ પહેરી આહીં ઉભો છે. મારો પાપીને. તેણે અમારા પિતાને મારી નાંખ્યો હતો. કોઇ કહે તેણે મારા ભાઇને મારી નાખ્યો હતો કોઇ કહે તેણે અમારૂં ધન લૂંટી લીધું હતું. આમ જુદા જુદા પ્રકારે બોલનારા જુદા જુદા લોકો તેની નિર્ભર્ત્સના કરવા લાગ્યા. કોઇ ગાળો આપે છે કોઇ લાકડી પત્થર અને હાથ વતી તેને પ્રહાર કરે છે. આ સર્વ લોકોના શબ્દો સાભળી દૃઢપ્રહારી ઉદ્વેગિત ન થયો પ્રહારના મારથી ધૈર્યતા ન મૂકી; પોતાના પ્રબળ જ્ઞાનવાળા વિચારોથી ક્રોધને દબાવ્યો, અને આવી ક્ષમા તથા ધૈર્યતાની સંતતિ લાંબી ચલાવવા માટે તે મહાત્મા શ્રમણ મુનિઓના વચનોને યાદ કરવા લાગ્યો. કર્મ બંધન કેમ થાય તેના વિચારો હજી તાજાજ હતા. કરેલ કર્મો અવશ્ય ભોગવવાનાજ છે. પછી તે વિપાકથી કે ઉદેશથી એ તેનો નિશ્ચય પરિપૂર્ણ હતો તે વિચારવા લાગ્યો કે જો હું મારા ઉપયોગની જાગૃતિ રાખીને પરિણામની વિશુદ્ધતામાં પ્રવેશ કરીશ તો જે કર્મો મારે હજારો વર્ષો સુધી ભોગવવાનાં છે, તે કર્મો હું ઘણાજ થોડા વખતમાં ભોગવી શકીશ. આ બાજુ હજુ થોડા વખત પહેલાંજ લોકોનો પરાભવ દૃઢપ્રહારીએ કરેલો હતો, તેથી તરતજ લોકો તે વાત વિસરી જાય તેમ નહોતું. દૃઢપ્રહારી ગામની બહાર દરવાજા આગળ સાધુના વેશમાં ઉભો છે, તે વાત આખા ગામમા ઝડપથી ફેલાણી અને સંખ્યાબંધ લોકોનાં ટોળાં ત્યાં આવવા લાગ્યાં અને વિશેષ પ્રકારે પ્રહાર અને તિરસ્કાર કરવા લાગ્યાં.

આ તરફ લોકોના પ્રહાર અને તિરસ્કારથી નહિ કંટાળતાં દૃઢપ્રહારી પણ પોતાના ચોકસ વિચારમા દૃઢ થતો ગયો.

સહનશીલતાનો અને કર્મ ખપાવવાનો અત્યારે ખરો અવસર આવી લાગ્યો આવા અવસરેજ ક્ષમા અને વિવેક યુક્ત જ્ઞાનની કસોટી થાય છે. દૃઢપ્રહારી દૃઢ થઇને આત્માને વિશેષ જાગૃતિ થાય તેમ શિક્ષા આપવા લાગ્યો. "હે આત્મન્! તેં જેવાં કર્મ

કર્યાં છે, તેવાંજ તું તેનાં ફળ પામીશ, કેમકે જેવું બીજ વાવ્યું હોય તેવુંજ ફળ મેળવી શકાય છે. આ લોકો નિષ્ઠુર થઇ તારી ઉપર આક્રોશો કરે છે, તે આક્રોશોને તું સમપરિણામથી સહન કરીશ તો વગર પ્રયત્ને તમે તારાં કરેલાં કર્મોથી છુટકારો મળશે. મારા ઉપર આક્રોશો અને પ્રહાર કરતાં આ લોકોને આનંદ થાય છે તેવીજ રીતે પ્રીતિથી તે સર્વ સહન કરતાં હે જીવ! કર્મનો નાશ થવાથી તને પણ આનંદજ થશે. તેં હજારો જીવોને દુઃખજ આપ્યાં છે, તેનો માલ લુંટીને તેં સુખ મેળવ્યુ છે તો હવે એક તારો તિરસ્કાર કરવાથી તેઓને સુખ મળતું હોય તો ભલે તેઓને સુખ મળો. સુખનો સમાગમ મેળવી આપવો યા મળી આવવો દુર્લભ છે. આ લોકો તારાં દુષ્કર્મો રૂપી મલિન ગ્રથીને કઠોર વચનોરૂપ ખારથી ધોઇને નિર્મળ યા ઉજ્વલ કરે છે, તો ખરેખર તેઓ તારા મિત્રજ છે ભલે આ લોકો તને મારે. સમભાવે સહન કરતાં સુવર્ણના મેલને જેમ અગ્નિ દૂર કરે છે, તેમ તારો પાપરૂપ મેલ સમભાવરૂપ અગ્નિથી દગ્ધ થઇ તું સુવર્ણની માફક ઉજ્વલ યા નિર્દોષ થઇશ

દુર્ગતિરૂપ કૂવામાથી આક્રોશ અને પ્રહાર કરવા રૂપ દોરડાથી તને ખેંચી લઇ પરિણામની મલિનતાથી પોતે બધાઇ ભવકૂપમાં પડે છે, તો તારા ઉદ્ધાર કરનારના ઉપર તારે શા માટે ગુસ્સે થવું જોઇએ. પોતાના પુણ્યનો નાશ કરી બીજાનો ઉદ્ધાર કરનારા આ લોકો સિવાય મહાન્ ઉપકારી બીજા કોણ છે? આ વધ અને બધનો મને હર્ષ આપે છે. કેમકે સસારમાંથી મુકત થવામાં તે મને સહાયક છે. તેજ વધ બધનો સામાને અનંત સસારનો હેતુ થાય છે એજ મારા હૃદયમાં સલ્યની માફક સાલ્યા કરે છે. કેટલાક માણસો બીજાને સુખી કરવા માટે ધન અને શરીરનો પણ ત્યાગ કરે છે તો આ લોકોને સુખી કરવા માટે આક્રોશ કે પ્રહાર સહન કરવા તે મારે તેઓની પાસે કાંઇ હિસાબમાં નથી હે ચેતન! આ લોકો તને તર્જના કરે છે, પણ મારતા તો નથી, ને મારે છે તોપણ જીવથી તો વિમુકત કરતા નથીજ, અથવા જીવથી મારવો ધારે છે, પણ તારા ધર્મનો તો નાશ કે હરણ કરતા નથીજ.

"હે આત્મન્! કલ્યાણના અર્થી જીવોએ આક્રોશ, માર, બંધન, તાડન અને તર્જન એ સર્વ સહન કરવું જોઇએ. આટલુંજ નહિ પણ નિર્મમત્વ થઇ શરીરથી પણ નિરપેક્ષ થવું જોઇએ. તેમ થયા સિવાય કલ્યાણનો માર્ગ ક્યાં છે?" આવી શુદ્ધ ભાવનાથી વાસિત થઇ તે દૃઢપ્રહારીએ તે દરવાજા આગળ દોઢ માસ વ્યતીત કર્યો; ત્યારે લોકો શાંત થયા. તેને કોઇ બોલાવવા ન લાગ્યા કે તેના સબંધી કાંઈ બોલતા ન સંભળાયા એટલે ત્યાંથી પૂર્વ ભણીના દરવાજા તરફ જઇ ધ્યાનસ્થપણે રહ્યો. કોઇ અવસરે ભિક્ષાને અર્થે શહેરમાં જતો, તો લોકો તેને માર મારતા, ગાળો દેતા, ભિક્ષા ન આપતા અને તેના પાપો યાદ કરાવી આપતા હતા પાપ યાદ આવવાથી તે મહાત્મા ભિક્ષાનો ત્યાગ કરી દરવાજા બહાર કાયોત્સર્ગ મુદ્રામાં ધ્યાનસ્થ રહેતા. પૂર્વ બાજુ દોઢ માસ રહ્યા અને એ પ્રમાણે દક્ષિણ અને પશ્ચિમ દરવાજા તરફ પણ દોઢ દોઢ માસ રહેતાં છ માસ થઇ ગયા. હજી સુધી કોઈ કોઇ લોકો તે પાપો યાદ કરાવી આપતા હતા છ માસ નિરાહાર રહેતાં અને તેટલો કાળ ધ્યાનસ્થપણામાં વ્યતીત કરતાં તેણે ઘણાં કર્મો ખપાવી નાંખ્યાં. આંહી તેનું ધૈર્ય ક્ષમા, વિવેક અને ધ્યાન એ પરાકાષ્ઠાએ પહોંચ્યાં. છેવટની શરીર ઉપરની મૂર્છા (આસક્તિ) પણ લોપ થઇ ગઇ. એક આત્મરમણતા સિવાય બીજું ભાન તેને ભૂલાયું હતું. તેના રોમે રોમે આત્મભાવજ સ્ફુરાયમાન થયો હતો. સજ્જન કે શત્રુ આ દુનિયામાં તેને કોઇ રહ્યું નહોતું એમ કરતા તેના પરિણામની સ્થિતિ અવર્ણનીય થઇ ગઇ યોગની છેવટની હદમાં તેણે પ્રવેશ કર્યો અગ્નિથી કાષ્ટનો નાશ થાય તેવી રીતે યોગરૂપ અગ્નિથી, કર્મેંધનો દગ્ધ કર્યા અને છ મહિનાને અંતે કેવળજ્ઞાન પામી ત્યાંજ આયુષ્યાદિ કર્મોનો ક્ષય થતાં મોક્ષ-પદ મેળવ્યુ.

આ પ્રમાણે દૃઢપ્રહારીએ નરકના અતિથિપણાને મૂકીને યોગના અવલંબનથી છ માસમાં મોક્ષપદ પ્રાપ્ત કર્યું. " આ દૃઢપ્રહારીના ચરિત્રમાથી આપણને ઘણુ શીખવાનું છે. તેનો પાપોનો પશ્ચાતાપ, પાપથી છુટવાની આતુરતા, મહાત્માના વચન ઉપર

શ્રદ્ધા. મહાન્ ક્ષમા. ધૈર્યતા, અને પરિણામની વિશુદ્ધિ: એ સર્વ ગુણો વારંવાર મનન કરી આદર કરવા જેવા છે. આવા કોઈ પણ આતિશયિક ગુણ સિવાય અતિ ઉચ્ચતર લાભ થતો નથી. ખરૂં પૂછો તો એવા આતિશયિક ગુણો તેજ યોગ છે. એ સર્વ વાત આ મહાત્માના ચરિત્રમાંથી મળી શકે છે"

## મહાત્મા ચિલાતીપુત્ર.

तत्कालकृतदुष्कर्मं, कर्मठस्य दुरात्मनः ।
गोप्त्रे चिलातीपुत्रस्य, योगाय स्पृहयेन्न कः ॥ १३ ॥

પૂર્વાપર વિચાર કર્યા સિવાય દુષ્કર્મ કરવામાં પ્રવીણ દુરાત્મા ચિલાતીપુત્ર જેવાનું પણ રક્ષણ કરનાર યોગની કોણ સ્પૃહા (ઈચ્છા) ન કરે?

વિવેચન.—રાજગૃહી નગરીમાં ધનસાર્થવાહ નામે એક ધનાઢ્ય શેઠ રહેતો હતો, તેને ઘેર ચિલાતી નામની એક દાસી હતી. આ દાસીથી ચિલાતીપુત્ર નામનો એક પુત્ર થયો. ધનસાર્થવાહને પાંચ પુત્રો હતા. અને તેના ઉપર એક સુસમા નામની પુત્રી થઈ હતી આ પુત્રીની સારવાર અને રમતગમતમાં ચિલાતીપુત્રને રોકવામા આવ્યો. ચિલાતીપુત્ર બળવાન હોઈ અનેક માણસોના અપરાધ કરવા લાગ્યો માણસો શેઠને ઓળંભો દેવા લાગ્યાં, અને તેથી કોટવાળ સુધી તે વાત પહોંચાડવામાં આવી; રાજાથી ભય પામી શેઠે ચિલાતીપુત્રને પોતાના ઘરમાંથી કહાડી મૂક્યો ચિલાતીપુત્ર ત્યાંથી નીકળી સિંહગુફા નામની ચોરપલ્લીમાં ગયો અને ચોરોને જઇને મળ્યો "પ્રાય· સરખા આચાર વિચાર અને કર્તવ્યવાળાઓનો મેળાપ ગમે તેવા સંયોગો વચ્ચે થઈ આવે છે." વાયરાથી જેમ અગ્નિ વધારે પ્રદીપ્ત થાય છે તેમ ચોરોની સોબત યા સહાયથી પાપી પ્રવૃત્તિનો તેનામાં વધારો થયો મુખ્ય ચોરના મરણ બાદ તેને સ્થાને ચિલાતીપુત્ર સ્થપાયો.

આ તરફ સુસમા શેઠની પુત્રી યૌવનવય પામી, રૂપાદિ ગુણોથી શોભિત અને અનેક કલાના સમૂહને જાણનારી સાક્ષાત્ વિદ્યાધ-

સ્રીની માફક પૃથ્વીતલ ઉપર વિચરવા લાગી. ધનશેઠે કરેલ પરાભવને ડાઘ ચિલાતીપુત્રના હૃદયપટ્ટથી ગયો નહાતો. તેમજ સુસમા ઉપરની બાલ્યાવસ્થાની પ્રીતિ પણ ઓછી થઈ નહોતી.

એક દિવસે બધા ચોરોને એકઠા કરી ચોરનો નાયક ચિલાતીપુત્ર તેમને કહેવા લાગ્યો કે રાજગૃહી નગરીમાં ધનશેઠ રહે છે તેને ઘેર ધન ઘણુ છે. તેમ અત્યારે યૌવનવય પામેલી સુસમા નામની એક તેની પુત્રી પણ છે, તો આજે તેને ઘેર જઈ રાત્રે ખાતર પાડવુ. તેમાથી જેટલું ધન મળે તે સર્વ તમારે વહેચી લેવુ અને શેઠની પુત્રી છે, તે મારે રાખવી. બધા ચોરો તેના વિચારને સમત થયા રાત્રિએ રાજગૃહી નગરીમાં ગયા. તાળાં ઉઘાડવાની વિદ્યાથી દરવાજાના તાળા ઉઘાડયાં અને અસ્વાપિની નિદ્રા નામની વિદ્યાથી ચોકીદારોને નિદ્રામાં નાખી, તે ધનસાર્થવાહનુ ઘર ચોરો પાસે ચિલાતીપુત્રે લુટાવ્યુ. અને પોતે નિદ્રાને પરાધીન થએલી તે સુસમા બાળાને ઉઠાવી જીવની માફક તેને લઇને સઘળા ચોરોની સાથે ત્યાંથી નિકળી પડયો.

ધન શેઠ જાગૃત થયો ધન લુંટાયું, અને સુસમાનુ હરણ થયું જાણી, શેઠને ઘણુ લાગી આવ્યુ. તત્કાલ જઈ કોટવાળને ખબર આપી, વિશેષમાં શેઠે કોટવાળને કહ્યું કે ઢીલ ન કરો, અને હમણાંજ તેઓની પુંઠે ચાલો ચોરોએ લુંટેલું ધન તમે લેજો. પણ મારી સુસમા નામની વહાલી પુત્રીને પાછી લાવી આપો. ધનની લાલચથી કોટવાળ તત્કાળ તયાર થઈ કેટલાક ચોકીદારોને સાથે લઈ ચોરોની પુઠે પડયો. શેઠ પણ પોતાના પાંચે પુત્રાને સાથે લઈ ચોરોની પાછળ ગયો ઘણી ઝડપથી આગળ વધતાં ચોરોની લગભગ તેઓ જઈ પહોચ્યા ચોરો પણ પોતાનો પ્રાણ બચાવવા ખાતર ધનને ત્યાજ મૂકી દઈ આગળ અટવીમાં નાસી ગયા ધન મળી જવાથી કોટવાળ ત્યાંજ રોકાયો. આ બાજુ ચિલાતીપુત્ર પોતાના પ્રાણને સકટમાં નાંખવા તૈયાર થયો પણ પ્રાણથી વહાલી સુસમાને તેણે ન મૂકી પોતાના ખભા ઉપર જેમ સિંહ બકરીને ઉપાડીને ચાલ્યો જાય, તેમ ખભા ઉપર સુસમાને ઉપાડીને અટવી તરફ ચાલ્યો ગયો. ધન શેઠને ધનની

સ્પૃહા કરતાં પોતાની પુત્રીને મેળવવાની સ્પૃહા અધિક હતી, તેથી તે ત્યાંથી ન અટકયો, પણ પોતાના પાંચ પુત્રોને સાથે લઈ હથિયાર સહિત ચિલાતીપુત્રની પાછળ ચાલ્યો. ચિલાતીપુત્ર થાકી ગયો. એક તો જંગલ, ખાડા ખડીઆ, ઝાળાં, ઝાંખરાં આડાં આવે, ઉનાળાનો વખત, તૃષા લાગી, ઝડપથી દોડવું, પાછળ ભય, સુસમાને ઉપાડવી, અને પાંચ પુત્રો સહિત ધનશેઠનું નજીક આવી પહોચવું. આ સર્વ કારણથી તે ગભરાયો. તેની હિંમત ઓછી થઈ ગઈ. સુસમા સહિત સલામત હવે હું અહિંથી જઈ નહિ શકુ. એ વાતની તેને ખાત્રી થઈ ચૂકી છતા પૂર્વજન્મના સ્નેહથી અને અત્યારના નવીન મોહથી સુસમાને મૂકી દેવી તેને ઠીક ન લાગ્યુ. તેમ સાથે લઇ જવાની પણ તેની હિંમત નહોતી. આથી તે મુંઝાયો. તેને સુસમાને સાથે કેવી રીતે લઈ જવી તેનો એકે વિચાર ન સૂઝયો એટલે છેવટના નિર્ણય ઉપર આવ્યો કે ખાઉં નહિ તો ઢોળી નાંખુ, પણ સુસમાને બીજાના હાથમાં જવા ન દઉં. આવા વિચારથી સુસમાને નીચે ઉભી રાખીને મ્યાનથી તલવાર કાઢી તે વતી તેનું માથું કાપી નાંખ્યુ. મોહથી તે તે માથાને લઈ ઝડપથી ગાઢ જંગલમાં ચાલ્યો ગયો. આ બાજુ શેઠ ઘણો ઝડપથી નજીક આવ્યો પણ તેના આવતા પહેલાં તો સુસમાનું મરણ થઈ ગયું હતું. શેઠનો પ્રયાસ નિષ્ફળ ગયો. શેઠને ઘણુ લાગી આવ્યું. ઘણો વિલાપ કર્યો આખરમા શોક સહિત શેઠ પાછો ફરી શહેરમાં આવ્યો અને વૈરાગ્યથી ચારિત્ર સ્વીકાર કર્યું.

એક હાથમાં ખડ્ગ અને બીજા હાથમાં સુસમાનું માથું લઇ ચિલાતીપુત્ર એક જંગલમાં આવી પહોચ્યો ભય અને ખેદથી રસ્તો ભૂલી ગયો. જે ઠેકાણે પહોંચવું હતું તે ઠેકાણે પહોંચી ન શકયો. પૂર્વ જન્મના પ્રેમથી સુસમાનું મુખ વારંવાર જોવા લાગ્યો પણ તેની સાથે ખેદ થઈ આવ્યો ભલે તેના હૃદયને તે મુખ મોહ ઉપજાવે પણ તેના તરફથી જવાબ મળવાની કે વાતચિત થવાની આશા તો નહોતી. સુસમા ન મળી, સ્થાન હાથ ન આવ્યું, પોતાના સોબતીનો વિયોગ થયો, રસ્તો ભૂલાયો,

શુના રાનમાં પાણી ન મળે, ભૂખ્યો અને તરસ્યો આમતેમ ભટકવા લાગ્યો. ભટકતાં ભટકતાં નજીકના ભાગમાં કાયોત્સર્ગ મુદ્રામાં ધ્યાનસ્થપણે ઉભેલા એક ચારણ શ્રમણને (આકાશમાં ગમન કરનાર મુનિને) તેણે જોયા. આવા ઉજ્જડ વેરાનમાં આવા મહાત્મા ક્યાંથી? કાંઈક સારી આશાથી ચિલાતીપુત્ર આ મહા પુરૂષની પાસે આવ્યો. વિનય વિવેક તો જાણતો નહોતો છતા આવા મહાત્માઓ પાસે ધર્મ હોય છે, અને તે ધર્મથી સુખી થવાય એમ તેના જાણવામાં હતું. હું અત્યારે ખરેખર દુઃખી હાલતમાં છુ માટે તેથી મુક્ત થવાને મને ધર્મની જરૂર છે. અને તે ધર્મ આ મહાત્મા પાસેથી મને મળવો જોઈએ. પણ હુ ધર્મ માગીશ અને તરતજ આ મહાત્મા મને તે આપશે કે કેમ તે વિષે મને તો શંકા છે. કેમકે ધર્મ જેવી વસ્તુ એકદમ માગવાની સાથેજ કેમ આપી શકાય. માટે નમ્રતાથી નહિ પણ કાંઈક ભય દેખાડવાપૂર્વક માગણી કરૂ કે ભયથી તે તુરતજ આપી દેશે. આવા આશયથી તે શ્રમણની પાસે આવ્યો અને જોરથી બોલ્યો કે હે સાધુ! તું મને ધર્મ બતાવ નહિતર આ તલવારથી તારૂં મસ્તક કાપી નાખીશ આ શબ્દો સાભળીને જ્ઞાની મુની વિચારવા લાગ્યા કે "આવી રીતે ધર્મની માગણી તો આજ સાંભળી. ભલે ગમે તેમ હો, પણ આવી ધર્મની માગણી એ તેની ધર્મ વિષયિક આતુરતા સૂચવે છે. આવી આતુરતાવાળા જીવોમાં રોપેલું ધર્મ બીજ એ ઉત્તમ ક્ષેત્રમા વાવેલા બીજની માફક થોડા વખતમા ફળ આપે છે." માટે મારે આને ધર્મ બતાવવો તો ખરો પણ અત્યારે આવી આતુરતાવાળા માણસ પાસે વિસ્તારથી ધર્મ કહેવાનો અવસર નથી. સંક્ષેપમાં કાંઈ કહેવાથી તેના ઉંડા વિચારમાં ઉતરતા આને અવશ્ય ફાયદો થશે.

આવા વિચારમાં તે ચારણ મુનિએ કાયોત્સર્ગ પારીને (ધ્યાન સમાપ્ત કરીને) ચિલાતીપુત્રને કહ્યું કે, "હે ભવ્ય! ઉપશમ, સંવર અને વિવેક આ ત્રણ ધર્મ છે" આ પ્રમાણે કહીને તે ચારણશ્રમણ આકાશ માર્ગે કોઈ બીજે ઠેકાણે ચાલ્યા ગયા. આ તરફ ચિલાતીપુત્ર વિચાર કરવા લાગ્યો કે મુનિ તો આ ત્રણ શબ્દો કહીનેજ

ઉડ્યા ગયા. મારે હવે આ ત્રણ શબ્દોમાં સમજવું શું ? સાધુ જુઠું તો નજ કહે. ત્યારે ત્રણ શબ્દોમાંજ તેણે મને ધર્મ બતાવ્યો કે ? પ્રથમ તેણે ઉપશમ એવું પદ કહ્યું તો ઉપશમનો અર્થ શું ? ઉપશમ એટલે શાંત થવું. દબાવવું. શાથી શાંત થવું ? કોને દબાવવું ? મારી પાસે એવી કઇ વસ્તુ છે કે તે ઉત્કર્ષ પામેલીને શાંત કરૂં, કે તેની ઉત્કટતાને દબાવું. આ દેહ ઉપર તો એવું કાંઈ દેખાતું નથી. તેમ મારી પાસે પણ અત્યારે તેવું કાંઇ નથી. આ જંગલમા હું તો અત્યારે એકલોજ છું ત્યારે તે મુનિએ મને ઉપશમ કરવાનુ કેમ કહ્યું ? તેઓ અસત્ય તો ન જ કહે. કારણ કે મારી પાસે તે નિર્ગ્રંથને કશો સ્વાર્થ ન હતો. ત્યારે શું મારા શરીરની અંદર કાંઇ ઉપશમ કરવા જેવું છે ? વિશેષ વિચારમાં આગળ વધતાં તેને જણાઇ આવ્યું કે. અરે ! ઉપશમ કરવાનું તો આત્માની અંદર ઘણુંજ જણાય છે. આ ક્રોધરૂપ દાવાનળ તો સળગી રહ્યો છે. સુસમાને લેવાને પાછળ પડેલા ધનશેઠ ઉપર કાંઇ ઓછો ક્રોધ નથી મારો વિચાર એવો થાય છે કે તે શેઠને હમણાં દેખુ તો જીવથી મારી નાખું. તેમજ મારા સહાયકોને વિખેરી નાંખનાર અને મને આમ હેરાન કરનાર કોટવાળ ઉપર પણ કાંઇ ઓછો ક્રોધ નથી મને તે શા માટે હેરાન કરે ? ગમે તેવા ઉપાયે પણ તે વેર તો વાળવુંજ. શું આ માન કાંઇ ઓછું છે ? આ ઉપશમ કરવા લાયક નહિ, તો વળી બીજું શું હશે ? ગમે તેવા છળ પ્રપંચ કરીને પણ લોકોને ઠગવા લુંટવા, આ માયા પણ ઉપશમ કરવા જેવી છે. ત્યારે આ જગતને લુંટીને, મારીને, કાપીને, પૈસો એકઠો કરવો અને મારે સુખી થવું છે. આ લોભ સમુદ્ર તો સર્વથી વિશેષ પ્રકારે દબાવવા લાયક છે. આ સર્વે ક્રોધાદિ ઉપશમાવવાનુ જ તે મહાત્માએ મને જણાવ્યું છે. તો હવે મારે તે ક્રોધાદિને કેવી રીતે ઉપશમાવવા ? યા તેનો નાશ કરવો ? અગ્નિને ઉપશમાવવી હોય તો ધુળ, રાખ યા પાણી જોઇએ, તેમ ક્રોધને ઉપશમાવવાને તેનો પ્રતિપક્ષી મને તો ક્ષમાજ જણાય છે. ત્યારે તે સર્વના ઉપર મારે ક્ષમા કરવી. તેથી ક્રોધ ઉપશમી (દબાઇ) જશે. એજ પ્રમાણે તેણે ક્ષમા કરી;

કે તરતજ ક્રોધના વિચારો શાંત થયા. જરા શાંતિ આવી, વિચારની વ્યાકુળતા ઓછી થઇ કે માનને દબાવવા માટે વિચાર કરવા લાગ્યો. મને તે શા માટે હેરાન કરે? અરે! તેં અપરાધ કર્યો માટે. એક તો અપરાધ કરવો અને વળી આટલું બધું માન કે શા માટે હેરાન કરે? આ ઠેકાણે પણ મારીજ ભૂલ છે. હવે મારે તેવો અપરાધ ન કરવો. અને જેનો અપરાધ કર્યો છે તે જો આવી મળે તો તે અપરાધની ક્ષમા લેવી. આ નમ્રતાએ તેની માનની લાગણીને દબાવી દીધી. આ પ્રમાણે માયાને સરલતાથી અને લોભને સંતોષથી દબાવાના ઉપાયો વિશેષ વિચાર કરતાં તેને મળી આવ્યા.

બીજો ધર્મ મુનિએ મને સંવર એ પદથી જણાવ્યો હતો. સંવર એટલે રોકવુ કોને રોકવુ? અને શાથી રોકવું? એ વિચારવા જેવુ છે. પ્રથમ મારે તો મારૂં હિત કરવું છે. તો બીજાને રોકવુ તે તો નકામુ છે ત્યારે મારે પોતાને પ્રથમ રોકવાની જરૂર છે. પોતાને કેવી રીતે રોકવો? શું ચાલવું બંધ કરવુ કે બોલવુ બંધ કરવુ કે વિચાર કરવો બંધ કરવો? તે તો બંધ ન થઈ શકે. બોલ્યા ચાલ્યા કે વિચાર કર્યા સિવાય કેમ રહી શકાય? અથવા તેમ કરવાથી ફાયદો શુ? અથવા માની લઉં કે તેમ કરવાથી ફાયદો હશે, પણ સર્વથા બોલ્યા ચાલ્યા કે વિચાર કર્યા સિવાય મારાથી રહી ન શકાય, ત્યારે તેમ કર્યા સિવાય સંવર કેવી રીતે બને? અને સંવર ન બને તો ધર્મ કેવી રીતે થાય? નજ થાય. અને ધર્મ ન થાય તો સુખ ક્યાથી મળે? આ સર્વ વિચારોમા યોગની પ્રણાલિકા શરૂ થઈ ચૂકેલી છે. અને એની પ્રબલતાથીજ વિચારોની ઉત્તરોત્તર શુદ્ધતા થતી આવે છે. ચિલાતીપુત્ર વિચારમાં આગળ વધે છે કે આ પાંચ ઇંદ્રિયો અને મન વિગેરે પાપને આવવાનાજ કારણો હોય તો તે મહાત્માને પણ શરીર વિગેરે હતુંજ, અને તેઓ આંહી ઉભા હતા અને ચાલ્યા ગયા શરીર છે તો આહાર કરતા જ હશે, અને આહાર હોય તો નિહાર અવશ્ય હોયજ. વળી તેઓ બોલતા પણ હતા કારણ કે તેણેજ મને ધર્મ બતાવ્યો છે. તેઓ જોતા પણ હતા,

ત્યારે આમ ઇંદ્રિયોના કાર્યો વિદ્યમાન છતાં પણ કર્મબંધન થતો હોય, એમ સંભવી શકે છે. હવે જો ઇંદ્રિયોના કાર્યો વિદ્યમાન છતાં કર્મ બંધ ન થતો હોય તો તેઓએ મને સંવર કરવાનો ઉપદેશ શા માટે આપ્યો? માટે હજી આની અંદર કાંઇક ગૂઢતા રહી જાય છે; એમ વિચાર કરતા તેને વિશેષ જણાઇ આવ્યું કે ઇંદ્રિયોની અને મનની બે પ્રકારની ગતિ મારા અનુભવવામાં આવે છે. એક તો શુભ પ્રવૃત્તિ એટલે કોઇને દુ:ખ ન થાય તેવી રીતે ઇંદ્રિય અને મનનીપ્રવૃત્તિ, અને બીજી અશુભ કે જેથી બીજા ને દુ:ખ ન થાય તેવી પ્રવૃત્તિ. ત્યારે જીવોને દુ:ખ ન થાય તેવી રીતે મારા ઇંદ્રિય અને મનને પ્રવર્તાવવાં એજ સંવર તે મહાત્માએ મને ઉપદેશ્યો જણાય છે. હવે તેવી પ્રવૃત્તિ અત્યારે મારી છે કે નહિ તે મારે વિચારવાનુ છે અરે! આ જીવનો સંહાર કરનાર ખડ્ગ મારા એક હાથમાં રહી ગયુ છે અને બીજા હાથમાં સુસમાનુ માથુ છે આવી પ્રવૃત્તિવાળા મારામા સંવર કેવી રીતે ગણાયજ માટે હું તેનો ત્યાગ કરૂ અને મન તથા ઇંદ્રિયોની અશુભ પ્રવૃત્તિ ને રોકુ આવા વિચારથી તેણે હાથથી ખડ્ગ અને માથુ દૂર ફેંકી દીધાં. વળી ત્રીજા પદના વિચારમાં તેણે પ્રવેશ કર્યો

તેટલામાં તો લોહીથી ખરડાયેલા તેના શરીર ઉપર ચારે તરફથી કીડીઓ ચડવા લાગી કીડીઓને યોજનગંધી કહી છે, અ- ર્થાત્ ઘણા ઇંદ્રિયના પ્રબળ વિષયવાળી કીડીઓ દૂરથી પણ ગંધના જોરથી ખેંચાઇ આવે છે અત્યાર સુધી રૂધિર ઝરતું સુસમાનુ માથું તેના હાથમાં હતું, તેના છાંટાઓથી શરીરનો ઘણો ભાગ ભીંજાએલો હતો, તેથી કીડીઓ તેના શરીર ઉપર ચડી ચટકા દેવા લાગી. આ બાજુ ચિલાતીપુત્ર વિચારની ધારામાં આગળ વધી વિવેકનુ સ્વરૂપ વિચારે છે કે વિવેક એટલે શું? વિવેક એટલે પોતાનુ અને પારકુ તેની વિશેષતા સમજવી ત્યારે મારૂ શું છે અને પારકું શું છે તે તો મારે અવશ્ય જાણવુંજ જોઇએ. અત્યારે મારૂ તો કોઇ દેખાતું નથી કેમકે આ શુન્ય રાનમાં હું તો એકલો છુ, પણ ત્યારે હું તે કોણ? આ હાથ કે પગ, માથું કે પેટ, આ શરીરમાં હું કોણ? હાથ ન હોય તો ચાલી શકે છે. પગ ન હોય તોપણ શરીર ટકી રહે છે,

ત્યારે તે તો હું નહિ. આ આહારાદિ ખોરાકથી શરીરની વૃદ્ધિ અને તેના અભાવથી હાનિ થયા કરે છે. તો આહારથીજ વૃદ્ધિ હાનિ પામતું અને માતા પિતાના સંયોગોથી ઉત્પન્ન થએલું શરીર તે હું કેમ સંભવી શકું ? વળી આ શરીર આંહીજ પડયું રહે છે. ત્યારે તેમાંથી વિચાર કરતો બોલતો ચાલતો સ્મૃતિ રાખનારો અને સુખાદિ જાણનારો કોઇક ચાલ્યો જાય છે. જેના વિના પરિપૂર્ણ શરીર છતાં તે માંહીલું કાંઇ પણ બની શકતું નથી. હું જણાઉં છું પણ આ શરીર તે તો હું નહિજ. આમ વિચાર કરે છે ત્યાં તો એટલી બધી કીડીઓ વધી પડી અને તેના શરીરનું લોહી ચુસવા મંડી કે થોડા વખતમાં તેનું શરીર શોષાઇ ગયું. એટલુંજ નહિ પણ, તે શરીરમાં એટલાં બધા છિદ્રો પડયાં કે તે શરીર એક ચાલણીના સરખું થઈ ગયું, છતાં પણ મને ધર્મની પ્રાપ્તિ તો ત્યારે થઇ કહી શકાય કે ઉપશમ—ક્રોધાદિ ન હોવા જોઇએ. સંવર—આ પાંચ ઇંદ્રિયોથી અને મનથી બીજાનું ખરાબ ન થવું જોઇએ; અને વિવેક, હું આત્મા ને દેહાદિતો પર જુદું જ. આ પ્રમાણે વિચારની ધારામાં ચિલાતીપુત્ર ગુંથાયો હતો વચમાં વચમાં કષાયિત પરિણામ થઈ જતા હતા. પણ વારંવાર ઉપશમ સંવર અને વિવેકથી ક્રોધાદિને હઠાવી કાઢતો હતો આ પ્રમાણે અઢી દિવસ સુધી તે ત્યાંજ ઉભો રહ્યો. પોતાના કરેલા ઘોર પાપોની પાસે આ દુઃખોને તે સ્વલ્પજ ગણતો હતો, અને પવિત્ર ધર્મ સિવાય મારો છુટકારો નથીજ. તે ધર્મ મહાત્માએ બતાવેલો ત્રિપદીમયજ છે. આવા વિચારની ધારામાં તેનુ આયુષ્ય પૂર્ણ થઇ ગયું. કીડીઓએ શરીરને જીર્ણ કરી નાંખ્યું. તે મહાત્મા ચિલાતીપુત્ર શરીરનો ત્યાગ કરી દેવલોકને વિષે ગયો. અને ત્યાંથી ચવી મનુષ્યભવ પામી મોક્ષ જશે.

ઘોર પાપો કરી નરકે જવાની તૈયારીવાળો ચિલાતીપુત્ર પણ આ પ્રમાણે યોગના અવલંબનથી દેવગતિ પામ્યો. માટે કર્મક્ષય કરવામા યોગજ ખરેખર સહાયક છે. આ પ્રમાણે ચિલાતીપુત્રના ચારિત્રથી વિશેષ સ્પષ્ટ થઇ શકે છે. યોગથી મોક્ષની પ્રાપ્તિ કેમ ન થઇ ? આ શંકાનો ઉતર એજ છે કે, તે યોગની પૂર્ણ હદને પામ્યો ન હતો. ઉપશમને બદલે ક્ષયની જરૂર હતી.

સંવરમાં તેને દેશથી સંવર થયો હતો, પણ સર્વ સંવરની જરૂર હતી, અને વિવેકમાં હજી કેટલીક ન્યૂનતા હતી. આ સર્વ કારણોને લઇનેજ તેની દેવગતિ થઇ છે. ચારણશ્રમણે તેને ઉપશમનો બોધ આપ્યો તે પણ તે વખતને લઇને યોગ્યજ હતો. આ તેને ચડવાનું પ્રથમ પગથિયુંજ હતું, અને તે યોગનાં ખરાં ફળો તો હજી હવે તેને મળવાનાં છે, પણ નરકની ગતિને રોકીને દેવલોકની સ્થિતિએ પહોંચાડવું એ પણ સામાન્ય ફળ તો નથીજ. ગમે તેમ હો પણ યોગનું સામાન્ય રીતનું સેવન જ્યારે નરકાદિકથી બચાવ કરી ઉત્તમ ગતિ આપે છે, તો પરિપૂર્ણ સેવન એ મોક્ષ આપેજ, એ તો નિઃસંશય સમજાય છે. આ ચિલાનીપુત્રના ચરિત્રમાંથી આપણને શીખવાનું એ છે કે એક પદ પણ મોક્ષના ખરા કારણવાળું લઇને તેના ઉપર વારંવાર વિચાર કરી, તેનું મનન કરી પોતાને લાગુ પાડવું જોઇએ, અર્થાત્ તે પ્રમાણે ક્રિયામાં મૂકવું જોઇએ, તેનો આદર કરવો જોઇએ, તોજ થોડા વખતમાં તેની માફક આપણને પણ ફાયદો થઇ શકે.

## યોગની આવશ્યકતા.

**तस्याजननिरेवास्तु, नृपशोर्मोघजन्मनः ।**
**अविद्धकर्णो योग, इत्यक्षरशलाकया ॥ १४ ॥**

**યોગ**—એવા અક્ષરો રૂપ શલાકા (કાન વિંધવાની સળી) વડે કરી જે માણસના કાન વિંધાએલા નથી, તેવા મનુષ્યરૂપે પશુતુલ્ય નિરર્થક જન્મવાળા મનુષ્યોનો જન્મ આ દુનિયા ઉપર નજ થવો જોઇએ. ॥૧૪॥

**વિવેચન**—યોગની કેટલી જરૂર છે, તે વિષે આચાર્યશ્રી ભાર આપીને જણાવે છે કે યોગ સંબંધી ઉપદેશ, વાતો, સંવાદ કે ચર્ચા વિગેરે કોઇપણ પ્રકારે જેના કાનમાં યોગના અક્ષરોએ પ્રવેશ નથી કર્યો, તે મનુષ્યો મનુષ્ય એવું નામ ધરાવવાને લાયકજ નથી. એટલુંજ નહિ પણ જનાવરોની માફક તેઓનો જન્મ આ દુનિયા ઉપર નિરર્થકજ છેઃ વિશેષમાં આચાર્યશ્રી કહે છે કે

તેવા મનુષ્યોનો જન્મ આ દુનિયા ઉપર મનુષ્યરૂપે નજ થવો જોઇએ. આ કહેવું તેમનું યથાર્થ છે, કેમકે વિચાર અને તેને અનુસારે પ્રવર્તન કરવાનું સામર્થ્ય માનવોમાંજ છે. જ્યારે તેવું સામર્થ્ય પામીને તે સામર્થ્યનો દુરૂપયોગ કરવામાં આવે અને માનવયોનિથી નીચા ઉતરી તિર્યંચ અને નરકાદિ ભવોમાં અટન કરવું પડે તો તેના કરતાં તેઓને તિર્યંચપણું વધારે સારૂં છે, કે વિચારપૂર્વક જેમાં આત્મશક્તિનો દુરૂપયોગ કરવાપણું નથી. આવા કઠોર શબ્દો કહીને પણ માનવોને જાગૃત કરવાનું આચાર્યશ્રીનું કથન એ આ દુનિયાના પામર જીવો ઉપર આંતરિક કરૂણારસને સૂચવી આપે છે, અને ઘોર નિદ્રામાં પડેલા દુનિયાના જીવોને જાગૃત કરવાને એક મહાન્ વાજીંત્ર તુલ્ય છે. ૧૪

## મોક્ષનું કારણ યોગ.

**चतुर्वर्गेऽग्रणीर्मोक्षो, योगस्तस्यच कारणम् ।**
**ज्ञानश्रद्धानचारित्र, रूपरत्नत्रयं च सः ॥ १५ ॥**

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચારે વર્ગોમાં મોક્ષ તેજ ઉત્તમ છે. એ મોક્ષનું કારણ યોગ છે. જ્ઞાન, શ્રદ્ધા અને ચારિત્ર રૂપ ત્રણ રત્નો તે યોગ કહેવાય છે. ॥ ૧૫ ॥

**વિવેચન**—આ દુનિયાના જીવોને સાધ્ય કરવા તરીકે ગણાતાં અર્થ, કામ, ધર્મ અને મોક્ષ; આ મોટા ચાર વિભાગો યા કાર્યો છે. તે ચારમાં બીજા સર્વ વિશેષ કાર્યોનો સમાવેશ થઇ શકે છે. તેમાં અર્થ—પૈસો પેદા કરવામાં અને તેનું રક્ષણ કરવામાં ઘણો કલેશ છે. રાગદ્વેષાદિની ઉત્પત્તિનું કારણ છે, અને કર્મબંધન કરાવી દુર્ગતિમાં પાડવાનું એક મહાન્ નિમિત્ત છે. કામ એટલે પાંચ ઇંદ્રિયોના સુખો ભોગવવાં, તે સુખો ક્ષણિક અને તુચ્છ છે, આપાત (દેખાવા માત્ર) રમણીય છે તથાપિ વિપાક મહાન્ દુઃખ દે છે. તૃપ્તિ તો થતી નથીજ. પણ વિશેષમાં ઇચ્છા વૃદ્ધિંગત થાય છે. અજ્ઞાન દશામાં વિશેષ પ્રેરે છે. જ્ઞાનદશા ભુલાવે છે, અને સંસારપરિભ્રમણમાં સહાયક છે.

**ધર્મ**—શબ્દનો અર્થ આ ઠેકાણે પુણ્ય ગ્રહણ કરેલ છે. એટલે પાપ લોઢાની બેડી, પુણ્ય સોનાની બેડી. ભલે સોનું રહ્યું પણ બેડી તો ખરીજ. પુણ્યથી સુખ મળે પણ તે આત્મિક તો નહિજ. પુદ્‍ગલિક સુખો તો સંયોગિક વિયોગિક છે. થોડા વખત રહી નાશ પામે છે, ચાલ્યું જાય તે તાત્ત્વિક સુખ તો નજ કહેવાય. આત્મિક સુખની પરિપૂર્ણતા તેજ મોક્ષ. કર્મના આવરણોનો અભાવ તેજ મોક્ષ. કોઇ પણ જાતની ઉપાધિ રહિત આત્માની અવસ્થા તેજ મોક્ષ. આવી સ્થિતિ નિરંતર બની રહેવી, જેમાં જન્મ જરા મરણ નજ હોય અને નિરંતર પરમાનંદમાં મગ્ન રહેવાય. આ દશા પહેલાંની ત્રણ દશાથી ઉત્તમોત્તમ છે, માટેજ આ ચાર વિભાગોમાં ચોથો વિભાગ મોક્ષતેજ શ્રેષ્ટ છે. તે મોક્ષ પામવાનું કારણ યોગ છે. યોગથીજ મોક્ષ મળી શકે છે માટે મોક્ષ પામવાની સ્પૃહાવાળા જીવોએ યોગરૂપ નિમિત્ત અવશ્ય મેળવવું જોઇએ, કેમકે કારણ સિવાય કાર્યોત્પત્તિ થતી નથીજ. આંહિ કોઇક પ્રશ્ન કરે છે કે યોગ એટલે શું? આચાર્યશ્રી ઉત્તર આપે છે કે જ્ઞાન, શ્રદ્ધા અને ચારિત્ર આ ત્રણ વસ્તુ તે યોગ છે. આના સિવાય કોઇ બીજો યોગ નથી.

## જ્ઞાનયોગ,

**यथावस्थिततत्त्वानां, संक्षेपाद्विस्तरेण वा ।**

**योऽवबोधस्तमत्राहुः, सम्यग्ज्ञानं मनीषिणः ॥१७॥**

જેવી રીતે તત્ત્વોનું સ્વરૂપ રહેલું છે, તેવીજ રીતે સંક્ષેપથી કે વિસ્તારથી બોધ થવો યા જાણવું, તેને વિદ્વાન્ પુરૂષો સમ્યગ્ જ્ઞાન કહે છે. ॥ ૧૭ ॥

**વિવેચન**—તત્ત્વ એટલે વસ્તુનો યથાર્થ નિશ્ચય, આવા તત્ત્વો એ સાત કે નવ માનવામાં આવે છે. આ દુનિયામાં બે તત્ત્વો કહેવામાં આવે છે. તે જીવ અને અજીવ યા આત્મા અને જડ. આ સિવાય દુનિયામાં બીજી કોઇ વસ્તુ નથી. પણ સર્વ

વસ્તુઓનો સમાસ આ બેની અંદર થઇ શકે છે. જીવ, અજીવ, આશ્રવ, સંવર, બંધ, નિર્જરા અને મોક્ષ; આ સાત તત્ત્વો પણ કહેવાય છે, અથવા પુણ્ય પાપનો આશ્રવમાં સમાવેશ ન કરતાં જુદાં ગણવામાં આવે તો નવ તત્ત્વો કહી શકાય છે. જીવ કહો કે આત્મા કહો તે પર્યાયવાચક આત્માનુંજ નામ છે. જીવો બે પ્રકારના કહી શકાય છે. એક સંસારના અને બીજા મોક્ષના કર્મોથી સર્વદા છુટા થએલા જીવોને મોક્ષના જીવો કહેછે, અને આઠ કર્મોથી ઘેરાએલા અને તેથીજ નાના પ્રકારના શરીરોને ધારણ કરનારા જીવોને સંસારી જીવો કહેવામાં આવે છે.

સંસારી જીવોના બે વિભાગો છે. એક ત્રસ અને બીજા સ્થાવર. ત્રાસ પામે, તડકેથી છાંયે આવે, છાંયાથી તડકે જાય, સુખ દુઃખાદિનો જેને પ્રગટ અનુભવ થાય, તે ત્રસ જીવો તેઓના બે ઇંદ્રીય ત્રણ ઇંદ્રિય ચાર ઇંદ્રિય અને પંચેંદ્રિય એવા ભેદો ઇંદ્રિયના ભેદથી થઇ શકે છે. જેને બે ઇંદ્રિઓ શરીર અને જીભ હોય તે બે ઇંદ્રિય કહેવાય છે. શરીર જીભ અને નાસિકા આ ત્રણ ઇંદ્રિઓ હોય તે ત્રણ ઇંદ્રિય કહેવાય છે. શરીર, જીભ, નાસિકા અને નેત્ર હોય તે ચૌરેંદ્રિય કહેવાય છે. અને શરીર, જીભ, નાસિકા, નેત્ર તથા કાન હોય તો પંચેંદ્રિય કહેવાય છે. તેઓનાં ઉદાહરણો અનુક્રમે બતાવે છે. શંખ, કોડા, પુરા, જળો, અળશીઆં વિગેરે બેઇંદ્રિય જીવો જુ, માકડ, ઉધેહી, ધાનનાકીડા, વિષ્ટાના કીડા અને મંકોડા વિગેરે તેઇંદ્રિયજીવો. પતંગીઆ, માખી, ભમરા, ડાસ, વીંછી; તીડ વિગેરે ચારેંદ્રિય જીવો, જળમાં ચાલનાર માછલા વિગેરે, પૃથ્વી ઉપર ચાલનાર બે પગ અને ચાર પગવાળા જનાવરો, પેટે ચાલનાર સર્પાદિ, હાથે ચાલનાર નોળીઆ પ્રમુખ આકાશમાં ઉડનાર,સર્વ જાતના પંખીઓ, મનુષ્યો, દેવો, અને નારકી (નરકના જીવો) આ સર્વે પાંચ ઇંદ્રિયવાળા કહેવાય છે. બે ઇંદ્રિયથી પાંચ ઇંદ્રિય સુધીના જીવો ત્રસ કહેવાય છે.

સ્થાવર—પૃથ્વીની અંદર જીવ છે, પાણીની અંદર જીવ છે, અગ્નિમાં જીવ છે, વાયરામાં જીવ છે, ને વનસ્પતિમાં જીવ છે. આ પાંચે જાતના જીવો સ્થાવર કહેવાય છે. તેઓ સ્વભાવથી

સ્થિર રહે છે, અથવા સ્થાવર નામ કર્મના ઉદયવાળાં છે. બીજા પણ વીર્યમાં ઉત્પન્ન થનારા, વિષ્ટામાં, શ્લેષ્મમાં. વમનમાં, પિત્તમાં, એંઠવાડ અને ખાળ પ્રમુખમાં ઉત્પન્ન થનારા જીવો થકી કોઇનો સંમૂર્છિમ પંચેંદ્રિયમાં તો કોઇનો બે ઇંદ્રિયઆદિમાં સમાવેશ થાય છે.

આ સર્વ જીવો આઠ કર્મથી ઘેરાયેલા સંસારવાસી કહેવાય છે. જ્યારે તે જીવો પોતાને જાણે છે, આત્માના સામર્થ્યની તેમને ખબર પડેછે, પોતાનામાંજ સુખ છે. એમ નિર્ણય કરે છે, દેહમ થતી આત્મભ્રાન્તિ હઠાવે છે, અને સ્વસ્વરૂપમાં આવે છે, ત્યારે કર્મોનો નાશ કરી શુદ્ધ આત્મસ્વરૂપનો નિરંતર અનુભવ કરતા રહે છે. આવા આત્માઓ દુનિયામાં અનંતા છે, અને તે સર્વ આત્માઓ દ્રવ્યથી નિત્ય છે. આત્માઓને કોઇ અવસરે કોઇએ બનાવ્યા હોય એમ નથી પણ અનાદિકાળથી છે, છે અને છેજ.

પર્યાયની અપેક્ષાએ અનેક જાતનાં રૂપાંતરોમાં તે સંસારી આત્માઓ ફર્યા કરે છે. દૃષ્ટાંતમાં એક સોનાની લગડી હોય તે સુવર્ણદ્રવ્યની અપેક્ષાએ કાયમ રહે છે, પણ પયાયની અપેક્ષાએ તે લગડીમાંથી અનેક જાતનાં ઘરેણાં બનાવવામાં આવે, તેને ભાંગી વળી બીજા ઘાટો બનાવવામાં આવે, આવાં ઉત્તરોત્તર બનતા ઘાટોમાં પૂર્વ પર્યાયનો ( આકૃતિનો ) નાશ થઇ નવી નવી આકૃતિ યા પર્યાયો બને છે. પણ દરેક આકૃતિઓમાં સોનું તો કાયમજ છે. તેમ કર્મની ઉપાધિને લઇને આત્મા ભલે અનેક જાતનાં શરીરોમાં પ્રવેશ કરે અને તે આકૃતિ મુકીને વળી બીજી નવીન આકૃતિ ( દેહ ) ગ્રહણ કરે તથાપિ દ્રવ્યરૂપે આત્મા શાશ્વતજ છે. પયાયરૂપે આત્મા અશાશ્વત ( અનિત્ય ) છે, પણ જ્યારે તે આત્મા પોતાના આત્મસ્વરૂપમાં પૂર્ણ રીતે આવશે, ત્યારે દેહના અભાવથી આવી આકૃતિઓ બદલવા રૂપ પર્યાયો કરવા નહિજ પડે, આત્મા પોતે કર્મો કરે છે અને તે કર્મો પોતેજ ભોગવે છે, આથી સ્પષ્ટ સમજી શકાય છે કે, આત્મા કર્મોનો કર્તા, ભોક્તા અને હર્તા છે, પણ તેનાં કર્મો કોઇ બીજો ભોગવાવે કે દૂર કરી શકે તેમ નથી. નિમિત્ત કારણ રૂપે બની શકે તેમ છે. પણ સાક્ષાત રૂપે તો કર્મનું કરવું, ભોગવવું કે દૂર કરવું એ સર્વ આત્માના

પોતાના વીર્યને સ્વાધિન છે. તે તે જાતના ઉપાયો યોજવાથી કર્મથી જુદો પડી શકે છે. દૃષ્ટાંતમાં માટીની સાથે મળેલું સુવર્ણ (સોનું) અગ્નિથી ધમવા પ્રમુખ ઉપાયોથી જુદું પડી શકે છે. તેમ આત્માની સાથે મળેલાં કર્મો જ્ઞાન ધ્યાનરૂપી વન્હિથી જુદાં પાડી શકાય છે. આ સામર્થ્ય આત્મામાંજ છે. એક ઘર બનાવનારને ઘર બનાવવાનું સામર્થ્ય પોતામાં છે તો તે ઘર તોડવાનું સામર્થ્ય પોતામાં હોયજ, તેમ જ્યારે કર્મ બાંધવાનું સામર્થ્ય આત્મામાં છે તો કર્મ તોડવાનું સામર્થ્ય તે આત્મામાં હોયજ,

**અજીવતત્વ**—અજીવતત્ત્વમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય આકાશ, કાળ અને પુદ્‌ગળ એવા પાંચ વિભાગો પડી શકે છે. ધર્માસ્તિકાય એ એવો અરૂપી પદાર્થ છે કે આપણે આપણાં નેત્રોથી તેને જોઇ ન શકીએ, છતાં તેના કાર્યથી તે જાણી શકાય છે. જેમકે જીવ અને અજીવ એ બન્નેને એક સ્થાનથી બીજા સ્થાન તરફ જતાં આવતા ( જવા આવવામાં ) સહાયક તરીકેનું કામ તે કરે છે. દૃષ્ટાંતમાં માછલાંઓમાં ગતિ આગતિ કરવાનું સામર્થ્ય છે. તથાપિ પાણી ન હોય તો તેમનાથી ગમન આગમન બની શકતું નથી. પાણી ગમનાગમનમાં સહાયક છે. તેવીજ રીતે સર્વ જીવ અજીવના ગમનમાં ધર્માસ્તિકાય સહાયક છે અને તે લોકના પ્રમાણ જેટલા વિસ્તારમા છે.

**અધર્માસ્તિકાય**—અધર્માસ્તિકાય પણ અરૂપી પદાર્થ હોવાથી આપણે તેને જોઇ નહિ શકીએ છતાં કાર્યથી જાણી શકીશું, તેનું કાર્ય એ છે કે જીવ અજીવ પદાર્થોને સ્થિર રહેવામાં ( પછી ગમે તેટલો વખત, તેનો કાંઇ નિયમ નથી ) સહાય કરવી, તે પણ લોક જેટલા વિભાગમા રહેલ છે.

**આકાશ**—જેને પોલાણુ કહેવામાં આવે છે તે પણ અરૂપી છે. કારણ કે તેમાં કોઇ પણ જાતનું રૂપ હોતું નથી કે સ્પર્શ હોતો નથી. રંગબેરંગી વાદળાંઓ જોવામાં આવે છે, તે આકાશ નથી. તે તો આકાશમાં રહેલ એક જાતના પુદ્‌ગલિક પદાર્થો છે. આકાશ તેના કાર્યોથી જાણી શકાય છે પુદ્‌ગલ અને આત્માને અવકાશ ( માર્ગ ) આપવો તે આકાશનું કાર્ય છે. જ્યાં જ્યાં

થોડો યા ઝાઝો પોલાણનો ભાગ હશે, ત્યા ત્યાં અવશ્ય જીવ અને પુદ્ગલોને માર્ગ મળી શકશે. લોકાલોકવ્યાપક આકાશ છે.

કાળ—અરૂપી પદાર્થ છે. પદાર્થોને નવાં અને પુરાણાં (જુનાં) કરવાં તે તેનું કાર્ય છે, સૂર્યના અસ્ત ઉદયને પણ કાળ કહેવામાં આવે છે. તેને વ્યવહારિક કાળ કહેવામા આવે છે. તે અઢી દ્વીપ પ્રમાણ છે, બાકી આકાશના સર્વ પ્રદેશો ઉપર રહેલ કાળના અણુઓ એ નિશ્ચયિક કાળ છે.

પુદ્ગલ—રૂપ, રસ, ગંધ, અને સ્પર્શ જેની અંદર હોય તે સર્વ પુદ્ગલો છે. પરમાણુ સૂક્ષ્મમાં સૂક્ષ્મ છે. તેવાં અનેક પરમાણુઓ એકઠાં થતાં જુદા જુદા અનેક પ્રકારના વિભાગો બની આવે છે. જે આપણા ઉપભોગમાં અને દૃષ્ટિગોચર આવી શકે છે, જેમાં કેટલાક જીવની સાથે રહેલા પુદ્ગલો છે અને કેટલાક જીવથી તદ્દન અલગ એકલાં પુદ્ગલો છે. આ પાંચે દ્રવ્યોનો સમાસ અજીવ નામના બીજા તત્ત્વમાં થઇ શકે છે.

અજીવ પાંચ દ્રવ્યોમાં પુદ્ગલ સિવાયના ચાર દ્રવ્યો આત્માને કોઇ પણ જાતનું દુઃખકર્ત્તા નથી. પણ પુદ્ગલ દ્રવ્ય છે, તેજ રૂપી હોઇ, અનેક જાતનાં રંગબેરંગી સુંદર દેખાવ આપી, કોમળ સ્પર્શ આપી, મનહર શબ્દ આપી, આલ્હાદક સુગંધ આપી અને સ્વાદિષ્ટ રસ આપી, જીવોને પોતાનું ભાન ભુલાવરાવે છે; અથવા જીવો તે પાંચ ઇંદ્રિઓને અનુકૂળ વિષયો પામી તેમાં આસક્ત બને છે. પ્રતિકૂળ વિષયોને જોઇ ઉદ્વેજિત બની દ્વેષિત થાય છે, અને રાગદ્વેષની પરિણતિને પામીને નિવિડ કર્મબંધ કરી આ દુનિયામાં પરિભ્રમણ કરે છે.

સુંદર યા અસુંદર પુદ્ગલોને–વિષયોને–પામીને રાગદ્વેષ ન કરતાં સમપરિણામે રહેવામાં આવે તો કર્મબંધ થતો નથી. પોતાનું ભાન ભુલવું, અને પુદ્ગલોમાં આસક્ત થવું, આ બન્નેનો મેળાપ કહો કે મિશ્રતા કહો, તેજ કર્મબંધ અને જન્મ મરણનો હેતુ છે. આ કહેવાથી અજીવતત્ત્વ કહેવાયું. આ અજીવતત્ત્વનું સ્વરૂપ સારી રીતે વિચારી આત્માથી તેને ભિન્ન રાખી, ભિન્ન સમજી, જેમ બને તેમ તેની આસક્તિ ઓછી કરવી; અને જેમ

જેમ, પુદ્દગલમાં આસક્તિ ઓછી થશે, તેમ તેમ આત્મામાં પ્રીતિ વિશેષ બની આવશે.

---

## પુણ્ય, પાપ અને આશ્રવ.

મન, વચન અને કાયાની શુભ ક્રિયા તે શુભ આશ્રવ આ મન, વચન અને કાયાની અશુભ ક્રિયા તે અશુભ આશ્રવ. આ બન્ને જાતની ક્રિયાથી આવેલા શુભ અશુભ પુદ્દગલો; તેમજ મિથ્યાત્વ, અવિરતિ, અને ક્રોધાદિ કષાયોથી આવેલાં પુદ્દગલો, તેને પુણ્ય અને પાપ કહે છે. આશ્રવથી જુદાં પડી શકતાં નથી, એટલે તે બન્નેનો આશ્રવમાં સમાવેશ કરવામાં આવે છે.

સંવર—આવતાં શુભાશુભ કર્મોને અટકાવવાં, રોકવા તેને સંવર કહેવામાં આવે છે.

બંધ—આશ્રવ દ્વારમાં મન, વચન, અને કાયાથી ગ્રહણ કરેલાં કર્મોને તેમજ મિથ્યાત્વ, અવિરતિ અને કષાય વિગેરેથી ગ્રહણ કરાએલાં કર્મોને પ્રકૃતિ (સ્વભાવ), સ્થિતિ (કાળનું માન), અનુભાગ (રસ) અને પ્રદેશ (દળીયાંનો સમુદાય) આ ચારરૂપે ગોઠવીને બંધિત કરવાં તે બંધતત્ત્વ.

નિર્જરા—આશ્રવદ્વારે બંધમાં આવેલા શુભાશુભ કર્મોને વેદીને સત્તાથી કાઢી નાંખવાં તે નિર્જરાતત્ત્વ.

મોક્ષ—કર્મોનો સર્વથા અભાવ અર્થાત્ આત્માનું ... મોથી છૂટા થવાપણુ તે મોક્ષ. આ પ્રમાણે નવ તત્ત્વોનુ નય, નિક્ષેપ પ્રમાણ વિગેરેથી જે યથાસ્થિત ( જેવું છે તેવું ) જાણવાપણું, પછી તે જાણવાપણું સંક્ષેપથી હોય કે વિસ્તારથી હોય, તેને સમ્યગ્ જ્ઞાન જ્ઞાની પુરૂષો કહે છે. આ તત્ત્વ સંબંધી વિચારો બહોળા વિસ્તારથી અન્ય પુસ્તકોમાં આપવામાં આવ્યા છે. તેથી આંહી વિશેષ વિસ્તારથી લખવામાં આવ્યા નથી; પણ વિશેષના અર્થીઓએ જીવાભિગમસૂત્ર, પન્નવણા સૂત્ર, નવતત્ત્વભાષ્યાદિ ગ્રંથો જોવા. આ તત્ત્વજ્ઞાનમાં પ્રથમ આત્માનું અને પછી અજીવનું જે જ્ઞાન આપવામાં આવ્યું છે તે ઘણીજ સમજપૂર્વક આપ્યું છે,

કેમકે આત્માના અજ્ઞાનીઓને પ્રથમ આત્મા શું છે, તે જણાવવાની જરૂર છે અને તે આત્માનું જ્ઞાન તેના પ્રતિપક્ષી અજીવને જાણ્યાથીજ વિશેષ સ્પષ્ટ થઇ શકે છે. તે બે તત્ત્વોનું વર્ણન થતાં પુનર્જન્મ થવાનું કારણ શું ? તેના કારણ રૂપે પુણ્ય, આશ્રવ અને બંધ વિગેરે જણાઇ આવે છે. અને પુનર્જન્મો ન કરવા પડે તેના હેતુરૂપે સંવર નિર્જરા અને મોક્ષ બતાવવામાં આવ્યા છે. આ નવ તત્ત્વોમાં જીવ અજીવ જાણવા લાયક છે; પાપ, આશ્રવ અને બંધ ત્યાગ કરવા લાયક છે, પુણ્ય પણ અમુક હદે ગયા પછી ત્યાગ કરવાનું છે. સંવર નિર્જરા અને મોક્ષ આદરવા લાયક છે.

## દર્શનયોગ.

**रुचिर्जिनोक्ततत्त्वेषु, सम्यक्श्रद्धानमुच्यते।**
**जायते तन्निसर्गेण, गुरोरधिगमेन वा ॥ १७ ॥**

જિનેશ્વર ભગવાનના કહેલા તત્ત્વોને વિષે રૂચિ થવી ( સત્ય છે એવી પ્રતીતી થવી ) તેને સમ્યક્ શ્રદ્ધાન (ખરેખર શ્રદ્ધા) કહે છે. આ શ્રદ્ધા સ્વાભાવિક રીતે યા ગુરૂના ઉપદેશથી થાય છે.

**વિવેચન**—શ્રદ્ધા વિનાનું જ્ઞાન નિરર્થક છે. જે વસ્તુના ઉપર પ્રીતી નથી તે વસ્તુ આદરણીય થતી નથી, અને આદર કર્યા સિવાય ફાયદો મળતો નથી. તેમ જ્ઞાનથી જાણ્યું હોય પણ જ્યાં સુધી તેના ઉપર પ્રીતિ નથી, ત્યાં સુધી તે તરફ આપણું પ્રવર્તન થવાની બીલકુલ આશા નથી, ત્યારે તેનાં ફળો મળવાની આશા તો ક્યાંથી જ હોય ?

પહાડ ઉપરથી નદી નીચી વહન થતી હોય, તેમાં કોઇ બેડોળ પત્થર અથડાઇ પછડાઇને ગોળાકાર થઇ જાય છે, તેવીજ રીતે અનાદિ કાળથી સંસારમાં પર્યટન કરનાર આ જીવને પરિણામની વિશુદ્ધતાથી, કર્મોની ક્ષયોપશમતાથી અને આધિક પણ સારી પ્રવૃત્તિથી આ સમ્યકત્વરૂપ રત્નની પ્રાપ્તિ થઇ આવે છે. કોઇ માણસ રસ્તો ભલી ગયો હોય, તે સ્વાભાવિક રીતે આમ

તેમ ફરતાં સાચા રસ્તા ઉપર આવી જાય છે અને કદાચ બીજાને પૂછવાથી તેમના બતાવ્યા પ્રમાણે ચાલતાં પણ સત્ય રસ્તા ઉપર આવે છે, તેવીજ રીતે આ સમ્યક્ત્વ રત્નની પ્રાપ્તિ પરિણામની વિશુદ્ધતાએ સ્વાભાવિક રીતે થઇ આવે છે, અથવા સદ્‌ગુરૂનો ઉપદેશ સાંભળી તે પ્રમાણે વર્તન કરતાં પરિણામની વિશુદ્ધતાએ મેળવી શકાય છે. ગમે તેવી રીતે સમ્યકત્વ પ્રાપ્ત થાઓ, પણ તે પરિણામની વિશુદ્ધતા વિના તો નહિંજ મળી શકે. આ વિશુદ્ધતા જેમ જેમ રાગદ્વેષની ઓછાશ થતી જશે તેમ તેમ વૃદ્ધિ પામશે, યા પ્રગટ થતી આવશે. રાગ અને દ્વેષ એ મહાન્ ચીકાશ છે. આ ચીકાશથી જ્ઞાન, શ્રદ્ધાન અને ચારિત્ર દબાઇ જાય છે. માટે દરેક અવસરે અને દરેક કાર્યમાં રાગદ્વેષથી ઘણુંજ સાવધાન રહેવાનું છે કે, તેની ચીકાશથી આત્મા વિશેષ દબાઇ ન જાય. તેવા સાવધાન મનુષ્યોજ ઉંચા આવી શકશે. સૂર્યની આડે વાદળાંનો જ્યાં સુધી મોટો વિભાગ આવી ગયો છે, ત્યાં સુધી પ્રકાશની આશા રાખવી વ્યર્થ છે તેવીજ રીતે આત્માની આડો આવો રાગદ્વેષ રૂપ વાદળનો જથ્થો હોય ત્યાં સુધી આત્મપ્રકાશ યા આત્મસુખની આશા રાખવી નકામી છે. વાદળ દૂર થશે. ત્યારેજ પ્રકાશ થશે, તેમ રાગદ્વેષ રૂપ પડળો દૂર થવાથીજ આત્મપ્રકાશ પ્રગટ થશે રાગદ્વેષની અધિકતા થતાંજ, સમ્યકત્વ પ્રાપ્તિની નજીક આવેલા જીવો પણ કર્મની સ્થિતિ વધી જતાં સંસારમાં અધિક પર્યટન કરે છે અને સમ્યક્ત્વથી દૂર રહે છે. એટલુંજ નહિ પણ સમ્યકત્વ પામેલા જીવો પણ સમ્યક્ત્વથી પતિત થઇ સંસારમાં રખડે છે માટે જો સમ્યક્ત્વની કે આત્મ વિશુદ્ધિની જરૂર હોય તો અવશ્ય રાગદ્વેષ ઓછા કરવા જોઇએ.

શ્રદ્ધામાં પણ અનેક જાતની તારતમ્યતા આપણા જોવામાં આવે છે. કોઇને વિશેષ શ્રદ્ધા, કોઇને થોડી શ્રદ્ધા, કોઇને તેનાથી પણ થોડી. આ સર્વ તારતમ્યતા થવાનું કારણ પરિણામની અવિશુદ્ધિ અને રાગદ્વેષનુ વિશેષાધિકપણુંજ છે. ॥ ૧૭ ॥

# ચારિત્રયોગ.

**सर्वसावद्ययोगानां, त्यागश्चारित्रमिष्यते।**
**कीर्तितं तदहिंसादि, व्रतभेदेन पञ्चधा ॥ १८ ॥**

સર્વે દોષવાળા મન વચન કાયાદિ યોગોનો ત્યાગ કરવો, તેને ચારિત્ર કહેવામાં આવે છે, આ ચારિત્ર અહિંસાદિ વ્રતના ભેદે કરી પાંચ પ્રકારે કહેલું છે. ॥ ૧૮ ॥

**વિવેચન**—જ્ઞાનથી જાણવામાં આવ્યું. દર્શનથી નિશ્ચય થયો, હવે ચારિત્રથી તે પ્રમાણે વર્તન કરવું. આ ક્રમે વર્તન કરવાથી તે વસ્તુની પ્રાપ્તિ ઘણી સહેલાઇથી થઇ શકે છે. વ્યવહારિક કાર્યોમાં જેમ કોઇપણ ઠેકાણે જવાનું હોય તો પ્રથમ તેનો રસ્તો જાણવો, તેનો નિશ્ચય કરવો અને પછી તે માર્ગે ચાલવાની ક્રિયા કરવી, તેથી ઇચ્છિત સ્થળે પહોંચી શકાય છે. તેમ કર્મોથી મુક્ત થવામાં પણ પ્રથમ મુક્ત થવાનો માર્ગ જ્ઞાનથી જાણવો, દર્શનથી તેનો નિર્ણય કરવો અને ચારિત્રથી તે પ્રમાણે ક્રિયા કરવી. આ ત્રણ એકઠાં મળવાથી મોક્ષ રૂપ કાર્ય થઇ શકે છે. જ્ઞાનથી આપણે જાણ્યું કે આ વસ્તુ ખાવાથી ભુખ દૂર થાય, પેટ ભરાય અને શક્તિ આવે, પણ વસ્તુ જાણ્યા પછી જો ખાવા રૂપ ક્રિયા ન કરે તો ભૂખ ભાગે નહિ, પેટ ભરાય નહીં. અને શક્તિ આવે નહીં. માટે આ ત્રણમાંથી એકાદ ન્યૂન હોય ત્યાં સુધી તે કાર્ય પૂર્ણ થઇ શકતું નથી. આ કારણથીજ જ્ઞાન અને શ્રદ્ધા પછી ચારિત્ર કહેવામાં આવ્યું છે.

સર્વ પાપવાળા યોગોનો ત્યાગ કરવો તેનું નામ ચારિત્ર. આ ઠેકાણે સર્વ શબ્દ કહેવામાં એ આશય છે કે દેશથી પણ પાપવાળા યોગોનો ત્યાગ કરી શકાય છે; તેને દેશચારિત્ર કહેવામાં આવે છે. પણ આ ઠેકાણે પૂર્ણ ચારિત્રનું વર્ણન ચાલે છે, અને તેજ મોક્ષનું એક અંગ છે. માટે દેશ ચારિત્રનું ગ્રહણ ન થાય, તે અર્થે સર્વ શબ્દનું ગ્રહણ કરેલું છે. તે ચારિત્ર અહિંસાદિ ( કોઇપણ જીવની હિંસા ન કરવી ઇત્યાદી ) વ્રતના ભેદથી પાચ પ્રકારનું છે તેજ પાંચ પ્રકાર આગળ કહેવામાં આવે છે.

## યમનો પહેલો ભેદ.

अहिंसासत्यमस्तेय, ब्रह्मचर्यापरिग्रहाः ॥
पंचभिः पंचभिर्युक्ता, भावनाभिर्विमुक्तये ॥ १९ ॥

અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અને મમતારહિતપણું, આ પાંચ મહાવ્રતો ચારિત્ર કહેવાય છે. એક એક મહાવ્રતની પાંચ પાંચ ભાવનાઓ છે. પાંચ પાંચ ભાવના સહિત પાંચ મહાવ્રતો મુક્તિને માટે થાય છે. ॥ ૧૯ ॥

**વિવેચન**—આ પાંચ મહાવ્રતો એ ચારિત્ર છે અને તે મોક્ષનું કારણ છે. આંહિ એ શંકા ઉત્પન્ન થાય છે, કે પાંચ મહાવ્રતો ચારિત્ર છે અને ચારિત્ર તેજ યોગ છે. તો વિશેષમાં નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ આ સર્વે આગળ બતાવવામાં આવશે તેનો ઉપયોગ શું? અર્થાત્ જો યમથી એટલે પાંચ મહાવ્રતોથી મોક્ષ થતું હોય તો પછી ધ્યાનાદિ અંગો કહેવાનું પ્રયોજન શું? આ શંકાનું સમાધાન એમ થઇ શકે છે કે એક વ્યવહારિક મહાવ્રતો અને બીજાં નિશ્ચયિક મહાવ્રતો. તેમાં વ્યવહારિક મહાવ્રતો અષ્ટાંગ યોગના પ્રથમ અંગ તરીકે આવી શકે છે. કોઇપણ જીવની હિંસા કરવી નહિ, ૧ અસત્ય બોલવું નહિ, ૨ ચોરી કરવી નહિ, ૩ બ્રહ્મચર્ય પાળવું, ૪ અને પરિગ્રહનો સર્વથા ત્યાગ કરવો ૫ આ પાંચ નિયમો યા મહાવ્રયો વ્યવહારિક છે અને તેને યોગના પ્રથમ અંગ તરીકે ગણવામા આવ્યા છે. આ પાંચ મહાવ્રતો તેજ, ચારિત્ર છે અને તે ચારિત્ર મોક્ષનું કારણ છે આમ આ પાંચ મહાવ્રતોનોજ ચારિત્રમા સમાવેશ કરવામાં આવતો હોય અને નિયમાદિ સાત અંગો જુદાં ગણવામાં કે લેવામા ન આવતાં હોય તો આ મહાવ્રતોને નિશ્ચયિક સ્થિતિમાં લઇ જવાં જોઇએ અને એ નિશ્ચયિક સ્થિતિની પરાકાષ્ટા (છેલ્લી હદમાં) મોક્ષ છે, એમ કહેવું તે યથાર્થ બની શકે તેમ છે. પાંચ મહાવ્રતોની નિશ્ચયિક સ્થિતિ આ પ્રકારે છે કે, અહિંસા એટલે પોતાના

આત્માને કોઈપણ પ્રકારે હિંસક થવા ન દેવો. અર્થાત્ કોઇ પણ જાતનાં શુભાશુભ કર્મોથી આત્માને દબાવા ન દેવો જોઇએ ૧. સત્ય એટલે આત્મા સિવાય બીજી કોઇ પણ વસ્તુને પોતાની માનવી કે કહેવી ન જોઇએ. ૨. અચૌર્ય—પુદ્ગલિક વસ્તુનો ઉપભોગ કરવો ન જોઇએ. ૩. બ્રહ્મચર્ય એટલે આત્મભાવમાં રમણ કરવું જોઇએ. ૪. અપરિગ્રહ એટલે શુભાશુભ કર્મો ઉપર પણ મમત્વ હોવો ન જોઇએ. ૫. આંહિ આ શંકા થઇ શકે તેમ છે કે, જો આચાર્યશ્રીનો અભિપ્રાય નિશ્ચય મહાવ્રત કહેવાનો હતો તો તેઓએ તેમ શા માટે ન લખતાં આગળ ઉપર વ્યવહારિક મહાવ્રતોનું વિવેચન કર્યું? આ શંકા બરાબર છે પણ આચાર્યશ્રીજીએ **सर्वसावद्ययोगानां त्यागश्चारित्रमिष्यते** સર્વ જાતના સદોષ (દોષવાળા) યોગોનો ત્યાગ કરવો તે ચારિત્ર છે એમ કહ્યું છે. આહિ અમુક હદની અપેક્ષાએશુભ યોગો છે, તે પણ દોષરૂપ છે. તે અપેક્ષાએ વિચાર કરતાં એ વાક્યમાં નિશ્ચય મહાવ્રત સંબધી ગુઢાર્થ ગુપ્ત રહેલો હોય એમ અનુમાન કરી શકાય છે. જો તેવો ગુપ્ત ગુઢાર્થ ન હોત તો આગળ ઉપર ધ્યાન આદિકનું સ્વરૂપ તેઓ ન કહેતાં આ મહાવ્રતોજ મોક્ષનું સાધન છે એટલું કહીને કૃતાર્થ થઇ ત્યાંથી વિરામ પામત. પણ આટલાથી ન અટકતાં વ્યવહારિક પાંચ મહાવ્રતપૂર્વક ધ્યાન આદિકનું સ્વરૂપ બતાવતા સાધકને છેલ્લી હદ સુધી રસ્તો ખુલ્લો બતાવે છે. અને અ ાંચ મહાવ્રતોને ચારિત્ર કહી તે જ્ઞાન, શ્રદ્ધાન અને ચારિત્ર મોક્ષને અર્થે થાય છે, આમ એકજ પુસ્તકમાં બે અભિપ્રાયો આપતાં, પહેલા અભિપ્રાયમાં ખુલ્લી રીતે નિશ્ચય મહાવ્રતની ગુપ્તતા સમજી શકાય છે, અને બીજા અભિપ્રાયથી વ્યવહારિક મહાવ્રત કહેવાપૂર્વક છેલ્લી હદ સુધી સાધકને લઇ જવા પ્રયત્ન કરે છે અથવા બીજી અપેક્ષાએ એમ પણ સમજી શકાય છે કે આ પાંચ મહાવ્રત પાંચ પાંચ ભાવના યુક્ત મોક્ષને અર્થે થાય છે, તે સામાન્ય કથન છે. અને ધ્યાનાદિકે કરી મોક્ષ થાય છે તે વિશેષ કથન છે. એટલે પ્રથમ સામાન્ય કથન કરી પછી વિશેષ કહેવું; એ પણ એક શાસ્ત્રકારોની રીતિ છે. આંહિ પાંચ મહાવ્રતો મોક્ષનું કારણ છે, તે પરંપરાએ

મોક્ષનું કારણ છે; એમ પણ સમજી શકાય છે. આ પ્રમાણે જુદા જુદા અભિપ્રાયો જે મારા સમજવામાં આવ્યા તે જણાવ્યા છે. વિશેષ ખુલાસો જ્ઞાની પુરૂષો જાણે. ગમે તેમ હો પણ આ પાંચ મહાવ્રતો મોક્ષનું કારણ છે, તે તો નિર્વિવાદજ છે કેમકે આ મહાવ્રતોના આદરભાવથી સંસારનો અને કર્મ આવવાનો મોટો ભાગ રોકાઇ જાય છે, આત્માને શાન્તિ અનુભવાય છે અને ઉત્તરોત્તર આગળ વધી શકાય છે, એ તો નિર્વિવાદજ છે. આ પાંચ મહાવ્રતોની પચીશ ભાવનાઓ છે. અહિં ભાવનાનો અર્થ એવો થાય છે કે મહાવ્રતોને સારી રીતે દૃઢતાપૂર્વક પાળવામાં સહાયક ક્રિયાઓ. આનું સ્વરૂપ અનુક્રમે આગળ કહેવામાં આવશે. પ્રથમ તો પાંચ યમોનું સ્વરૂપ કહેવામાં આવે છે.

અહિંસારૂપ પહેલા મહાવ્રતનું સ્વરૂપ કહે છે.

**न यत्प्रमादयोगेन, जीवितव्यपरोपणम् ॥**
**त्रसानां स्थावराणां च, तदहिंसाव्रतं मतम् ॥ २० ॥**

પ્રમાદના કારણથી, ત્રસજીવોનું અને સ્થાવર જીવોનું જીવિતવ્ય નાશ ન કરવું તે અહિંસાવ્રત માનેલું છે.

**વિવેચન**—ત્રસજીવો અને સ્થાવર જીવો એઓનું વર્ણન યા ઓળખાણ ( સમજુતી ) આગળ અપાઇ ગયેલ છે. તે જીવોનો પ્રમાદથી પણ નાશ ન કરવો, એ વાક્યથી સ્પષ્ટ સમજાઇ શકાય છે કે પ્રમાદથી નાશ ન કરવો. ત્યારે જાણીને તો નાશ નજ કરવો આંહિ એ શંકા થઇ શકે તેમ છે કે જીવ તો નિત્ય અને અમર છે. એક શરીર મૂકી શરીરાંતરમાં જાય છે, અને તેથી જીવનો નાશ થતો નથી, પણ શરીરનો નાશ થાય છે. તો ત્રસ અને સ્થાવર જીવોનો નાશ ન કરવો, એમ કહેવાનો હેતુ શો છે? તેનું સમાધાન એમ થઇ શકે છે કે આ દેહધારીજીવોને દશ પ્રાણ હોય છે.

સ્પર્શઇંદ્રિય–શરીર, રસઇંદ્રિય–જીહ્વા, ઘ્રાણઇંદ્રિય–નાક, ચક્ષુઇંદ્રિય,–આંખ, શ્રોત્રઇંદ્રિય–કાન, મનબળ–મનશક્તિ, વચનબળ–

વચનશક્તિ, કાયબળ—શરીરશક્તિ, શ્વાસોશ્વાસ અને આયુષ્ય–આઉખું.

તેમાંથી પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ આ પાંચમાં રહેલા એકેંદ્રિય જીવોને સ્પર્શેંદ્રિય, કાયબળ, શ્વાસોશ્વાસ અને આયુષ્ય એ ચાર પ્રાણ હોય છે. બેઇદ્રિય જીવોને રસ-ઇંદ્રિય અને વચનબળ સહિત છ પ્રાણ હોય છે. તેઇંદ્રિય જીવોને ઘ્રાણઇંદ્રિય સહિત સાત પ્રાણ હોય છે. ચૌરેદ્રિય જીવોને ચક્ષુ-ઇંદ્રિય સહિત આઠ પ્રાણ હોય છે. માતાપિતાના સંયોગ વિના ઉત્પન્ન થયેલા સંમૂર્છિમ પંચેદ્રિય જીવોને કર્ણઇંદ્રિય સહિત નવ પ્રાણ હોય છે. અને ગર્ભજ પચેન્દ્રિય જનાવર, મનુષ્ય તથા ઉપપાતિક દેવ અને નારકીના જીવોને દશ પ્રાણ હોય છે. આ પ્રાણો તે આ દેહધારીનું કોઇ પણ જાતના દેહમાં રહેવારૂપ જિવિતવ્ય છે. અને પ્રાણોરૂપ જિવિતવ્યનો નાશ કરવો કે તેના-થી જીવનો વિયોગ કરાવવો અથવા તેને દુઃખ આપવું તે હિંસા છે. આ કહેવાથી જુઓ કે આત્માનો નાશ નથી થતો એ સિદ્ધ છે, તો પણ તેને ધારણ કરેલા પ્રાણોનો નાશ થવાથી (વિયોગ થવાથી) આત્મા દુઃખાદિનો અનુભવ કરે છે અને તેથીજ પ્રાણોના નાશને હિંસા માનવામાં આવી છે. એકેંદ્રિયથી લઇ પચેદ્રિય પર્યંત કોઇ પણ જીવને મનથી, વચનથી કે શરીરથી મારવામાં, મરાવવામાં કે તેનું અનુમોદન કરવામાં ન આવે ત્યારે તે પ્રથમ અહિંસાવ્રત કહેવાય છે. ૨૦

## યમનો બીજો ભેદ.

प्रियं पथ्यं वचस्तथ्यं, सूनृतव्रतमुच्यते।
तत्तथ्यमपि नो तथ्य, मप्रियंचाहितंच यत् ॥ २१ ॥

બીજાને પ્રિય લાગે તેવું હિતકારી અને સત્ય વચન બોલવું તે સત્ય નામનું મહાવ્રત કહેવાય છે. અપ્રિય અને અહિતકર વચન સત્ય હોય તો પણ તે સત્ય નથી. (કેમ તે બીજાને ખેદનું અને પરિણામે અનર્થનું કારણ છે.)

**વિવેચન—** યોગીઓએ કેવાં વચન બોલવાં જોઈએ તો તેઓમાં બીજું મહાવ્રત રહી શકે? ગુરૂવર્ય કહે છે કે પ્રિય લાગે તેવું હોય, તેનાથી હિત થતું હોય, અને સત્ય હોય. આ ત્રણ વિશેષણ વિશિષ્ટ હોય તો બીજું મહાવ્રત કહી શકાય. સત્ય હોય પણ અપ્રિય હોય કે અનર્થકારી હોય તો તે વચન સત્ય છતાં પણ સત્ય નથી. આ કહેવાથી યોગીઓએ કઠોર વચનથી પણ બીજા જીવોને દુઃખ ન આપવું, એવો ધ્વન્યર્થ નીકળે છે. આવી સૂક્ષ્મ અહિંસક વૃત્તિઓથી યોગીઓમાં હિંસક પ્રાણીઓ ઉપર કાબુ ધરાવવાની કે વચનસિદ્ધિ આદિ અનેક અતિશયોવાળી સિદ્ધિઓ પેદા થઇ શકે છે.

## યમનો ત્રીજો ભેદ.

**अनादानमदत्तस्या, स्तेयव्रतमुदीरितम् ।**
**वाह्याः प्राणा नृणामर्थो, हरता तं हता हि ते ॥ २२ ॥**

આપ્યા સિવાય કાંઇ નહિ લેવું તે અચૌર્યવ્રત કહેલું છે. ધન એ મનુષ્યોના બાહ્ય પ્રાણ છે તે હરણ કરતાં તે મનુષ્યોના દ્રવ્ય પ્રાણોને નાશ કર્યો કહી શકાય છે. ૨૨

**વિવેચન—**વસ્તુના માલિકની રજા સિવાય કે તેના આપ્યા સિવાય કોઇ પણ વસ્તુ ગ્રહણ ન કરવી, તે ત્રીજું અચૌર્યવ્રત કહેવાય છે. વસ્તુનો માલિક કાંઇ સજીવ વસ્તુ અથવા ધન વિગેરે આપે તો ધણીની આપેલી હોવાથી તે ગ્રહણ કરી શકાય કે કેમ? ઉત્તરમાં ગુરૂવર્ય એમ જણાવે છે કે ત્યાગીઓને માટે તો અદત્ત ચાર પ્રકારનું છે. તીર્થંકરની આજ્ઞા હોય તેજ ગ્રહણ કરી શકાય તીર્થંકરની આજ્ઞા સિવાયની વસ્તુ તેનો માલિક આપે તોપણ ન ગ્રહણ કરવી. તીર્થંકરે અમુક વસ્તુ લેવાની આજ્ઞા આપી હોય તોપણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ તે ગ્રહણ કરાય છે તો તેવી વસ્તુ વિદ્યમાન ગુરૂની આજ્ઞા સિવાય ન લઇ શકાય. ૨. કારણ કે દ્રવ્ય ક્ષેત્રાદિને જાણનાર ગુરૂ લાભાલાભ જાણીને તેને ગ્રહણ કરવાની આજ્ઞા આપે. તેમજ માલિકની આજ્ઞા

હોય તો તે વસ્તુ ગ્રહણ કરી શકાય, અને સજીવ શિષ્યાદિને તેની પોતાની મરજી યા તેના વડિલોની આજ્ઞા હોય તો શિષ્યાદિપણે ગ્રહણ કરી શકાય. ૪. આ પ્રમાણે તીર્થંકર સંબંધી, ગુરૂ સંબંધી, માલીક સબંધી અને જીવ સંબંધી એમ ચાર પ્રકારના અદત્તનો ત્યાગ કરવો. ત્યાગીઓને દ્રવ્ય, ધનાદિ તો ગ્રહણ નજ કરાય, કેમકે દ્રવ્ય એ ત્યાગવૃત્તિનો નાશ કરનાર છે, તેમ ગૃહસ્થોને ધનાદિ ઉપર મમત્વભાવ હોવાથી તે ધન બાહ્ય પ્રાણ જેવું છે. આવા ઘણા દાખલાઓ બનેલા જોવામાં આવે છે કે ધનનો નાશ થવાથી કે ચોરી થવાથી મનુષ્યોનાં હૃદય ફાટી જાય છે અને મરણ પણ થાય છે. માટેજ શાસ્ત્રકાર કહે છે કે બાહ્ય પ્રાણ સરખું મનુષ્યોનું ધન હરણ કરનારે તેના ખરા પ્રાણોનું હરણ કર્યું છે. ૨૨.

## યમનો ચોથો ભેદ.

**दिव्यौदारिककामानां कृतानुमतिकारितैः ।**
**मनोवाक्कायतस्त्यागो ब्रह्माष्टादशधा मतम् ॥ २३ ॥**

દિવ્ય અને ઉદારિક વિષયોનો મનથી, વચનથી અને શરીરથી કરવા, કરાવવા અને અનુમોદવાનો ત્યાગ કરવો તે બ્રહ્મચર્ય અઢાર પ્રકારનું કહેલું છે. ૨૩.

**વિવેચન**—દિવ્ય એટલે દેવ સબધી અને ઉદારિક એટલે મનુષ્ય તથા તિર્યંચ (જનાવર) સંબંધી વિષયોનો ત્યાગ કરવો. ખરેખર ત્યાગ, ઇચ્છાના ત્યાગની સાથેજ રહેલો છે અને તે ઇચ્છાનો ત્યાગ અઢાર પ્રકારે ત્યાગ કરવાથી થઇ શકે છે. મનથી, વચનથી અને કાયાથી વિષય સેવન ન કરવું, મન વચન કાયાથી ન કરાવવું, અને મનથી, વચનથી અને કાયાથી વિષય સેવનારની અનુમોદના ન કરવી, આ નવ ભેદ થયા. તે નવ ભેદ દેવતાના વૈક્રિય શરીર સબંધી અને બીજા નવ ભેદ મનુષ્ય અને તિર્યંચના ઉદારિક શરીર સબધી, બેઉ મળી અઢાર ભેદ થયા. આ અઢાર ભેદે બ્રહ્મચર્ય પાલન કરવું. આ બ્રહ્મચર્ય પાળનારનો અરધો સંસાર સુખમય થઇ જાય છે. કર્મબંધનાં ઘણાં કારણો ઓછાં

થઇ જાય છે. વીર્ય એ શરીરનું પોષક હોવાથી ખરૂં જીવન છે. તેનું રક્ષણ કરવાથી યાદશક્તિ, શરીરશક્તિ અને વિચારસામર્થ્ય વૃદ્ધિ પામે છે. યોગનો અધિકારી થાય છે અને વિવેકજ્ઞાન પામતાં ઘણી સહેલાઇથી આત્મસ્વરૂપમાં પ્રવેશ કરી શકે છે. શરીરની સ્થિરતા અને મનની એકાગ્રતા કરવામાં આ વીર્ય ઘણુંજ ઉપયોગી છે, માટે યોગી થવા ઇચ્છનારાઓએ ઘણા પ્રયત્નથી વીર્યનું રક્ષણ કરવું અને ખરી રીતે તેજ બ્રહ્મચર્ય કહેવાય છે. ૨૩.

## યમનો પાંચમો ભેદ.

**सर्वभावेषु मूर्च्छाया, स्त्यागः स्यादपरिग्रहः ।**
**यदसत्स्वपि जायेत, मूर्च्छया चित्तविप्लवः ॥ २४ ॥**

સર્વ પદાર્થોને વિષે આસક્તિનો ત્યાગ કરવો તે અપરિગ્રહ કહેવાય છે (આસક્તિનો ત્યાગ કરવો તેને ત્યાગ કહી શકાય. કહેવાનો હેતુ એ છે કે) પાસે વસ્તુ ન હોય તોપણ આસક્તિથી (ઇચ્છા હોવાથી) મનમાં અનેક વિચારો (વિકૃતિઓ) પેદા થાય છે. ૨૪.

**વિવેચન**—સર્વ પદાર્થોમાંથી મોહ, મૂર્છા, ઇચ્છા, આસક્તિ, યા સ્નેહનો ત્યાગ કરવો તેજ ખરેખર ત્યાગ છે. ઉપરથી, બાહ્યથી ત્યાગ કરવામા આવ્યો હોય પણ અંદરની તૃષ્ણા શાંત ન થઇ હોય તો મનમાં અનેક જાતના વિકલ્પો યા વિકારો થયા કરે છે અને મનને શાતિ મળતી નથી. ત્યાગ કરવાનું કારણુજ શાંતિ અનુભવવાનુ છે, અને તે શાંતિ બાહ્ય ત્યાગથી કદી મળવાની નથી. ઇચ્છાની ઓછાશ વિનાનો ત્યાગ વિટંબણારૂપે છે. તે ત્યાગ પછી રૂપાંતરો કરીને જુદી જુદી રીતે તેને ફસાવે છે. એક ઘર મૂકાવી કોઇ બીજીજ રીતે બીજું નવું ઘર મંડાવે છે. માટે જ્ઞાની પુરૂષો વારંવાર કહે છે કે मुच्छा परिग्गहो वुत्तो મૂર્ચ્છા છે તેજ પરિગ્રહ છે. ૨૫.

## યમસિદ્ધિની મદદગાર ભાવનાઓ.

**भावनाभिर्भावितानि, पंचभिः पंचभिः क्रमात् ।**
**महाव्रतानि नो कस्य, साधयंत्यव्ययं पदम् ॥ २५ ॥**

અનુક્રમે પાંચ પાંચ ભાવનાઓથી વાસિત થયેલાં આ મહાવ્રતો કોને મોક્ષપદ સાધી નથી આપતાં? અર્થાત્ આ મહાવ્રતોનો ભાવના સહિત આદર કરનાર અવશ્ય મોક્ષપદ મેળવે છે. ૨૫

## પહેલા મહાવ્રતની ભાવના.

**मनोगुप्त्येषणादानेर्याभिः समितिभिः सदा ।**
**दृष्टान्नपानग्रहणेनाहिंसां भावयेत्सुधीः ॥ २६ ॥**

મનોગુપ્તિ ૧ એષણાસમિતિ ૨. આદાનસમિતિ ૩. ઇર્યાસમિતિ ૪. અને અન્નપાન જોઇને ગ્રહણ કરવું. ૫. આ પાંચ ભાવનાઓએ કરી બુદ્ધિમાન્ મનુષ્યોએ અહિંસાને પુષ્ટિ આપવી યા વાસિત કરવી ૨૬.

**વિવેચન**—આંહિ મનોગુપ્તિનો અર્થ એવો થાય છે કે મનને અશુભ વિચારોથી અટકાવવું. હિંસા કરવામાં મનના વ્યાપારની મુખ્યતા છે તેથી મનની વિશુદ્ધતા હોય તોજ અહિંસા બની રહે છે અથવા મનની વિશુદ્ધતાથી અહિંસાને પુષ્ટિ મળે છે ૧ એષણાસમિતિ એટલે આહાર, પાણી, વસ્ત્ર, પાત્ર વિગેરે કોઇ પણ જીવને દુઃખ ન થાય તેવી રીતે નિર્દોષ લેવું. ૨. આદાનસમિતિ એટલે વસ્ત્રપાત્રાદિ ઉપકરણો તથા બીજુ પણ કાંઈ લેવું મૂકવું હોય તો તે કોઇ પણ જીવની વિરાધના ન થાય તેમ લેવું મૂકવું. ૩. ઇર્યાસમિતિ એટલે રસ્તામાં જવું આવવું હોય ત્યાં નીચી દૃષ્ટિ કરી યતનાપૂર્વક કોઇ જીવની વિરાધના ન થાય તેવી રીતે જવું આવવું ૪. દૃષ્ટાન્નપાનગ્રહણ એટલે અનાજ (આહાર) અને પાણી જોઇ ને લેવું કીડી, કુંથુવા પ્રમુખ જીવો અંદર ચડી આવ્યા હોય તો તેને દૂર કરવા, દૂર ન થઇ શકે તેવા જીવો હોય તો તે અનાજ પાણીનો નિર્દોષ જમીન ઉપર ત્યાગ કરવો. ૫. આ પાચ ભાવનાઓ પ્રમાણે વર્તન કરી પ્રથમ અહિંસામહાવ્રતને સારી રીતે પાલન કરવું. ૨૬.

## બીજા મહાવ્રતની ભાવના.

**हास्यलोभभयक्रोधप्रत्याख्यानैर्निरन्तरम् ।**
**आलोच्य भाषणेनापि भावयेत् सूनृतव्रतम् ॥ २७ ॥**

હાંસી ૧. લોભ ૨, ભય ૩. અને ક્રોધનાં પચ્ચખ્ખાણુ (ત્યાગ) કરવા વડે કરીને નિરંતર વિચારપૂર્વક બોલવા વડે સત્યવ્રતને વાસિત કરવું. (મજબુત કરવું.) ૨૭

**વિવેચન—** અસત્ય (જુઠુ) બોલવાના કારણોનો વિચાર કરીશું તો પ્રથમ મનુષ્યો એક બીજાની હાંસી મશ્કરી કરતાં જૂઠું બોલે છે. મશ્કરીમાં એક બીજાની વસ્તુઓ છુપાવી, અમે લીધી નથી આમ કહી, તેની વસ્તુ માટે વ્યાકુળ થતો જોઇ આનંદ પામે છે. અથવા તેની સ્થિતિ તેવી ન હોય, તથાપિ તેવી સારી કે અધમ સ્થિતિના જેવા પર્યાયોથી બોલાવી મજા મેળવે છે. આ આનંદ કે મજાથી ફાયદો કાંઈ નથી છતાં મનુષ્યો અસત્ય બોલે છે અને બીજા વ્રતને દુષિત કરે છે. તેઓને ગુરૂવર્ય જણાવે છે કે બીજા વ્રતને તમારે મજબુત કરવું હોય તો હાંસી કરવાનું પ્રત્યાખ્યાન (પચ્ચખાણુ) કરો. બીજી ભાવના લોભનો ત્યાગ કરવાની છે. મનુષ્યો ક્ષણિક વસ્તુની લાલચને પરાધીન થઇને અસત્ય બોલે છે. આ ઠેકાણે વિચારવાનું છે કે ગમે તે વસ્તુ માટે લોભથી પ્રેરાઇ અસત્ય બોલી તે વસ્તુ મેળવશો તથાપિ પુણ્યની પ્રબળતા સિવાય તે વસ્તુ તમારી પાસેથી ચાલી જશે, યા તમારા ઉપભોગમાં નહિજ આવે અને બીજા મહાવ્રતને ભાંગી કર્મબંધિત થશો, એટલે અસત્ય બોલી લોભથી તે વસ્તુ મેળવવી નિરર્થક છે. એટલુંજ નહિ પણ તે અનર્થ પેદા કરનાર છે. હવે જો તમારૂં પુણ્ય પ્રબળ છે તોપણ અસત્ય બોલી લોભથી વસ્તુ મેળવવી નિર્થક છે. કારણ કે તમારૂં પુણ્ય પ્રબળજ હશે તો તેવી રીતે કર્યા સિવાય પણ તમને તે વસ્તુ સંતોષવૃત્તિથી મળી રહેશે અને તેટલો કર્મબંધ અને અનર્થ થતો અટકશે ૨.

મનુષ્યો ભયથી અસત્ય બોલે છે. ન કરવાનું કોઈ કાર્ય થઇ ગયું હોય તેના સંબંધમાં કોઇ પુછે કે આ કાર્ય તમે કર્યું છે? હવે

જો તે થઇ ગયું છે તેમ કહે તો તેની આબરૂ જાય, લોકમાં અપકીર્તિ થાય અથવા માર પડે કે વસ્તુનો વિનાશ થાય, વિગેરે ભયનાં કારણોને લઇને જૂઠુ બોલે છે. તે કાર્યને છુપાવે છે. જ્ઞાની પુરૂષો કહે છે કે તેવા પામર જીવો બેવડા દંડાય છે. એક તો અકાર્ય કર્યું, તેનાથી કર્મબંધન તો થયુંજ. વળી તે અકાર્ય છુપાવવા માટે જૂઠું બોલે છે. આમ એક તો વિષ અને પાછુ વધાર્યુ એમ બન્ને રીતે કર્મ બાંધે છે. ગુરૂજી કહે છે કે આ થોડા વખતના સંયોગવાળા જીવોને સારૂં દેખાડવા માટે તેમના ભયથી તું જૂઠું બોલે છે પણ તારે તારા આત્માનો ભય સાથે રાખવો જોઇએ. હે લોકો! થોડા વખતના સંયોગવાળા જીવોને રાજી રાખવા અને નિરંતરના સંયોગવાળા પોતાના આત્માને કષ્ટમાં નાખવો, ભવોભવમાં જૂઠુ બોલી રખડાવવો, મારવો કે રીબાવવો એ કોઈ રીતે તમને લાયક નથી. તેમ લોકોને રાજી રાખવાથી પણ તે પાપ છુપું રહેવાનું નથી તો અકાર્ય કરી તેનો પશ્ચાતાપ કરો, તેની માફી માગો, તેને છુપાવો નહિ અને તેનું પ્રાયશ્ચિત કરીશુદ્ધ થાઓ ૩.

ચોથું ક્રોધથી અસત્ય બોલાય છે. ક્રોધના આવેશમાં મનુષ્યો પોતાનું ભાન ભુલી જાય છે. આત્મામાં એક જાતનો મહાન્ વિકાર પેદા થાય છે. અને તેની છાયા ભ્રકુટિની ભીષણતા, અધરનું સ્ફૂરવું, મુખની લાલાશ અને શબ્દના વિપરિતપણા રૂપે બહાર આવે છે. ક્રોધને પરાધીન થએલા મનુષ્યોને વાચ્યાવાચ્યનું કે કર્તવ્ય અકર્તવ્યનું ભાન રહેતું નથી, તેથી અસત્ય બોલાય છે, જૂઠુ કલંક બીજાને અપાય છે અને સત્યાસત્ય નિંદા પણ થાય છે. જ્ઞાની પુરૂષોએ આવે ઠેકાણે બહુ સાવચેત રહેવાનું છે. પ્રથમ તો ક્રોધને પ્રવેશ કરવાજ ન દેવો. કદાચ થઇ આવ્યો તો વચન દ્વારા કે કાર્યદ્વારા તેના ઉદયનો નિરોધ કરવો, તેને નિષ્ફલ કરવો અરે ઉદયરોધ ન કરી શકાય તો તેવા પ્રસંગોમાંથી થોડો વખત દૂર ચાલ્યા જવું, અથવા તો તે કાર્ય બીજા વખતને માટે મુલતવી રાખવું. આમ ગમે તે ઉપાયે કરી ક્રોધને નિષ્ફળ કરવો અને તેનાથી પ્રેરાઇ અસત્ય નજ બોલવું. આચાર્ય શ્રી કહે છે કે આ હાંસી લોભ, ભય અને ક્રોધનાં પચ્ચખાણ કરવાં જોઇએ.

પાંચમી ભાવના નિરંતર વિચાર કરીને બોલવું તે છે. પૂર્વાપર વિચાર કર્યા સિવાય રભસવૃત્તિથી એકદમ બોલી નાંખવું તેમાં કેટલીક વખત અસત્ય પણ બોલાઇ જાય છે, એટલુંજ નહિ પણ તેનું પરિણામ કોઇ વખત વિપરીત આવે છે, માટે કાંઇ પણ બોલવુ હોય તેના પહેલાં જરા વિચાર કરી જોવો કે આ બોલવાથી મને પોતાને કેટલો ફાયદો છે? યા બીજાને ફાયદો થશે કે કેમ? આ બોલવાથી નુકશાન તો નહિ થાય? વિગેરે વિચાર કરીને બોલવું, એક કવિ તે વિષે કહે છે કે—

सगुणमपगुणं वा कुर्वता कार्यजातं
परिणतिरवधार्या यत्नतः पण्डितेन ।
अतिरभसकृतानां कर्मणामाविपत्तेः
भवति हृदयदाहिशल्यतुल्यो विपाकः ॥ १ ॥

સારૂં અગર ખોટું કાર્ય કરતાં વિદ્વાનોએ પ્રયત્નપૂર્વક તેના પરિણામનો વિચાર કરવો જોઇએ. ઘણી ઉતાવળથી પૂર્વાપર વિચાર કર્યા સિવાય કરેલાં કાર્યથી કોઇ વખત એવી વિપદા આવી પડે છે કે તે વિપાકો હૃદયમાં શલ્યની માફક દાહ કરે છે. આ પ્રમાણે બીજા મહાવ્રતની પાંચ ભાવનાઓ પૂર્ણ થાય છે. એ ભાવનાઓ પ્રત્યે જાગૃતિ રાખી બીજા મહાવ્રતને મજબુત બનાવવું. ૨૭.

---

## ત્રીજા અદત્તાદાનવિરમણવ્રતની ભાવના.

---

आलोच्यावग्रहयाच्ञाऽभीक्ष्णावग्रहयाचनम् ।
एतावन्मात्रमेवैतदित्यवग्रहधारणम् ॥ २८ ॥
समानधार्मिकेभ्यश्च, तथावग्रहयाचनम् ।
अनुज्ञापितपानान्नाशनमस्तेयभावनाः ॥ २९ ॥

વિચાર કરી અવગ્રહની યાચના કરવી, ૧ વારંવાર અવગ્રહની યાચના કરવી, ૨ આટલોજ અવગ્રહ વાપરીશું એમ નિશ્ચય કરી તેટલો અવગ્રહ રાખવો, ૩ સ્વધર્મીઓ પાસેથી અવગ્રહની યાચના કરવી, ૪ અને અન્ન પાન આસન વિગેરે ગુરૂની આજ્ઞા મેળવીને વાપરવાં, ૫ આ પાંચ અચાર્યવ્રતની ભાવના છે. ૨૮–૨૯.

વિવેચન—સાધુઓએ રહેવાને માટે ઉપયોગવાળી જગ્યા ગૃહસ્થ પાસેથી માગી લેવી જોઈએ, તે જગ્યાને કે મુકામને અવગ્રહ કહેવામાં આવે છે. તેના અવગ્રહના પાંચ માલિક હોય છે. તેને તે લોકોની આજ્ઞા લેવી ને જમીન ઉપર સૂવું કે બેસવું આદિ કરવું જોઈએ. એ પાંચ અવગ્રહો છે. ૧. ચક્રવર્તી. ૨. રાજા. ૩. ઘરનો માલિક. ૪. તેને રહેવાથી સાધુઓ અગાઉથી રહેલા હોય તે. ૫. ચક્રવર્તીરાજા અને સામાન્ય રાજાની ભૂમિ ઉપર પોતપોતાની સત્તા હોવાથી, તેઓના. ઉતરવા માટે સંપૂર્ણ આજ્ઞા હોય છે. યદ્યપિ અમુક શહેરમાં કે રાજ્યમાં જવા આવવાનો કોઈ નિષેધ કરેલો હોય તો ત્યાં સાધુઓએ જવું આવવું ન જોઈએ, છતાં જાય આવે તો અદત્તનો (ચોરી કર્યાનો) દોષ લાગે. ૧–૨–૩. ઘરના માલિકની રજા લેવી જોઈએ. ૪. અને કોઈ પણ મુકામમાં પહેલાં મુનિઓ આવી રહ્યા હોય તેમણે ગૃહસ્થ પાસેથી અવગ્રહ માગેલો હોવાથી તે મુકામમાં બીજા નવીન આવનાર મુનિઓએ પ્રથમ આવેલ મુનિઓની રજા મેળવીને તેમાં રહેવું જોઈએ. જો તેઓની રજા મેળવ્યા સિવાય તેમાં રહે તો સ્વધર્મી અદત્તનો દોષ લાગે, ૫. આ પાંચ અવગ્રહો કહેલા છે.

પ્રથમ ભાવના. વિચાર કરીને ગૃહસ્થ પાસે અવગ્રહ માગવા તે છે. વિચાર કરવાનું કારણ એ છે કે આ જગ્યા અમારે લાયક છે કે કેમ? અહીં રહેવાથી અમારા જ્ઞાન ધ્યાનની વૃદ્ધિ થશે કે હાનિ? અથવા ઘરનો માલિક આગેવાન પોતે ન હોય પણ તેના અનુયાયી પુત્રપુત્રી સ્ત્રી વિગેરે કુટુંબીઓ હોય તો તેની પાસેથી યાચના કરી મુકામ મેળવ્યા પછી બહારથી આવેલ ઘરના માલિકને તે વાત સમત થશે કે કેમ? તેની મરજી ન હોવાથી આપસમાં ક્લેશ તો નહિ થાય? વિગેરે પૂર્વાપર વિચાર કરી મુકામ યા જગ્યાની માગણી કરવી અમુક વખત જવા પછી ફરી યાચના કરવી. આ યાચના કરવાનુ કારણ એ છે કે ગૃહસ્થને તે જગ્યાની જરૂર જણાતી હોય અને શરમથી તે બોલી શકતો ન હોય, તે માટે ફરી યાચના કરવી. જો તેમ ન કરે અને તેની મરજી વિરૂદ્ધ ત્યાં વધારે વખત રહે તો ફરી બીજા સાધુઓને વસ્તી મળવી

દુર્લભ થઇ પડે. આ હેતુથી અથવા માંદગી પ્રમુખના કારણે મૂત્ર વિષ્ટા અને વસ્ત્રપ્રક્ષાલનાદિ કારણથી વસ્તીના માલીકને પીડા ન થાય માટે બીજીવાર યા વારંવાર તે વસ્તીના માલિકની રજા મેળવવી કે અમુક પ્રમાણ જેટલો અવગ્રહ વાપરીશું. ત્રીજી ભાવનામાં જરૂર જેટલી જગ્યાની યાચના કરવી અને તેટલીજ વાપરવી. એથી દેનારનું મન કલુષિત ન થાય અને પોતાને અદત્તનો દોષ ન લાગે ૩. એક ધર્મવાળા સાધુઓ પહેલાં રહ્યા હોય અને પાછળથી આવનાર સાધુ તેજ ધર્મના હોય તો પણ પહેલાં આવેલ સાધુની આજ્ઞા લઇનેજ તે મુકામમાં ઉતરવું જોઇએ. જો તેમ ન કરવામાં આવે તો સ્વધર્મી અદત્ત લાગે. ૪.

મેળવેલું અન્ન પાણી વસ્ત્ર પાત્રાદિ વિગેરે ગુરૂને યા આચાર્યને બતાવીને પછી પોતાના ઉપયોગમાં લેવું. આ બતાવવાનું કારણ એ છે કે ગુરૂ આ વસ્તુ નિર્દોષ છે કે સદોષ છે અને ફાયદાજનક છે કે અપાય (કષ્ટ) આપનાર છે, વિગેરે જાણતા હોવાથી તેને લાયક હોય તેજ તેને આપી અપાયથી તેનું રક્ષણ કરે છે. ૫.

વિતરાગ માર્ગમાં પણ આહાર, પાણી, વસ્ત્ર, પાત્ર અને મુકામની તો જરૂર જણાય છે, તે સિવાયની બીજી વસ્તુ ઉપયોગી નથી તે ગ્રહણ કરવામાં આવે તો તે વિતરાગ માર્ગથી ભ્રષ્ટ થવાય છે ઉપર જણાવેલી ઉપયોગી વસ્તુ પણ ધણીની અને ગુરૂની આજ્ઞા સિવાય ઉપયોગમાં લેવાની નથી એજ જણાવી આપે છે કે આવો સૂક્ષ્મ પણ અદત્તનો ત્યાગ કરવાનો ઉપદેશ આપનાર મહાત્માઓનો કોઇ ગૂઢ આશય તેમાં રહેલો છે, અને તેથી એમ સમજાય છે કે સદાચરણોથી, ભરપુર નીતિથી અને આત્મજ્ઞાનની જાગૃતિથી યોગીઓએ શાંત ભાવમા પોતાનું જીવન નિર્ગમન કરવું જોઇએ હવે જો તેવા યોગીઓ આવા સ્વલ્પ કારણોમા લોકનીતિથી વિમુખ થઇ અદત્ત ગ્રહણ કરી કલેશના પ્રપંચમાં અને લોકોની અવગણનામા આવી પડે તો તેઓ પોતાનું જીવન ઉચ્ચ કરી લોકોને ઉચ્ચ માર્ગ બતાવવામાં કેવી રીતે ફાવી શકે કે ઉપયોગી થઇ શકે? માટે તદ્દન નિર્દોષ અને શાંત રીતે જીવન પ્રવાહિત કરવાને ઇચ્છિતા યોગીઓએ કોઇ પણ પ્રકારનું

અદત્ત ન લેતાં ત્રીજા વ્રતની પાંચ ભાવનાઓથી વાસિત થઇ વર્તન કરવું જોઇએ. ૨૮-૨૯.

## ચોથા મહાવ્રતની ભાવના.

स्त्रीषंडपशुमद्वेश्मासनकुडयांतरोज्झनात् ।
सरागस्त्रीकथात्यागात् प्राग्रतस्मृतिवर्जनात् ॥ ३० ॥
स्त्रीरम्यांगेक्षणस्वांगसंस्कारपरिवर्जनात् ॥
प्रणीतात्यशनत्यागात् ब्रह्मचर्यं तु भावयेत् ॥ ३१ ॥

સ્ત્રી, નપુંસક અને જનાવરોવાળાં ઘર, આસન, અને ભીંતના આંતરે રહેવાનું ત્યાગ કરવે કરી ૧, રાગ પેદા થાય તેવી સ્ત્રીની કથાઓનો ત્યાગ કરવે કરી ૨, પહેલી અવસ્થામાં અનુભવેલ વિષયોની સ્મૃતિ (યાદી) ન કરવે કરી ૩, સ્ત્રીઓના રમણિક અંગો ન જોવે કરી ૪, અને પોતાના શરીરના ઉપર તેવા શણગારનો ત્યાગ કરવે કરીને, રસવાળા અને પ્રમાણથી અધિક આહારનો ત્યાગ કરવે કરીને બ્રહ્મચર્ય વ્રતને ભાવિત ( વાસિત ) કરવું. ૩૦-૩૧.

**વિવેચન**—બ્રહ્મચારી પુરૂષોએ કે સ્ત્રીઓએ, જે ઠેકાણે સ્ત્રીઓ કે પુરૂષો રહેતા હોય, પછી તે એકલાં હોય કે જોડલાં હોય, તેવા ગૃહોમાં ન રહેવું જાઇએ, તેનાં આસનો ઉપર ન બેસવું જોઇએ, અને તેવાં મુકામોની ભીંતોને આતરે પણ ન રહેવું જોઇએ, તેમ રહે તો તેમના પરિચયથી, તેમને જોવાથી અને તેમના વિષયાદિ સંબંધી શબ્દો સાંભળવાથી મોહની ઉત્પત્તિ થવાનો સંભવ છે, એટલુંજ નહિ પણ વ્રતભંગ થવાનો પણ ભય છે. તેવીજ રીતે નપુંસકો જેમને સ્ત્રી પુરૂષ બન્નેનો અભિલાષ થાય છે તે રહેતા હોય અને પશુઓ વિગેરેનાં જોડલાંઓ કે એકલાં રહેતાં હોય તેવાં ઘરો, તેવાં આસનો કે તેવાં ઘરોની ભીતના આંતરે રહેવાથી પૂર્વે કહેલ દોષો ઉત્પન્ન થવા સભવ છે. બ્રહ્મચારી પુરૂષોએ રાગવાળી સ્ત્રીઓ સાથે કથાનો ત્યાગ કરવો જોઇએ અથવા સ્ત્રીની કથાનો ત્યાગ કરવો જોઇએ અથવા એકલી સ્ત્રીઓ સાથે વાર્તાલાપ કે ધર્મસંબંધી પણ કથાનો ત્યાગ કરવો જોઇએ. ધર્મકથા ત્યાગ કરવાનો

હેતુ એ છે કે " ધર્મ કરતાં ધાડ આવી જાય. " આ કહેવત પ્રમાણે પોતાના ચારિત્રમાં ખામી લાવી બીજાનું સુધારવા પ્રયાસ ન કરવો જોઇએ. ૨. ગૃહસ્થાશ્રમમાં ભોગવેલ વિષયો યાદ કરવાથી વિકાર થઇ આવે છે. કામની ઉત્પત્તિજ વિચારથી થાય છે. પૂર્વના વિચારનું આલંબન મળતાંજ સત્તામાં રહેલ વેદોદય પ્રબળ અને પ્રગટ થાય છે. તે દૂર કરવા માટે તેવા વિચારો સ્મૃતિમાં ન લાવવા એ ઉત્તમ રસ્તો છે. ૩.

સ્ત્રીઓનાં રમણિક અંગ ઉપાંગો જોવાથી વિષયને જાગૃતિ મળે છે. જો કે સ્ત્રી દૂર છે, પોતાની પાસે નથી, તથાપિ જેમ ખટાશને જોવાથી દાઢમાથી પાણી છુટે છે, તેવીજ રીતે દૂર રહેલી સ્ત્રીના અંગોપાંગો રાગદૃષ્ટિથી જોતાં મન દ્રવિત થાય છે. ૪.

ઘણા રસવાળું, સ્નિગ્ધ ચીજોવાળુ અને પરિમાણુથી અધિક અન્નાદિ લેવાથી પણ ઇંદ્રિઓ મજબુત અને મદોન્મત્ત થઇ વિષયવિકાર પ્રત્યે દોડે છે. માટે બ્રહ્મચારી પુરૂષોએ કે સ્ત્રીઓએ બલિષ્ટ, રસાદિવાળો અને પરિણામથી અધિક ખોરાક ન લેવો જોઇએ, પણ શરીરને પોષણ મળે, ઇંદ્રિઓ ઉન્મત્ત ન થાય, અને દરેક કાર્યો પોતાના પ્રમાણમાં બની શકે, તેટલો ને તેવો ખોરાક લેવો જોઇએ. ૫. આ પાંચ ભાવનાઓથી બ્રહ્મચર્યનું રક્ષણ કરવું અને વૃદ્ધિ પમાડવી ૩૦-૩૧.

## પાંચમા અપરિગ્રહવ્રતની ભાવના.

**स्पर्शे रसे च गंधे च रूपे शब्दे च हारिणि ।**
**पंचास्वतींद्रियार्थेषु गाढं गार्ध्यस्य वर्जनम् ॥ ३२ ॥**
**एतेष्वेवामनोज्ञेषु सर्वथा द्वेषवर्जनम् ।**
**आकिंचन्यव्रतस्यैवं भावनाः पंच कीर्तिताः ॥ ३३ ॥**

સ્પર્શ, રસ, ગંધ, રૂપ અને શબ્દ આ પાંચે ઇંદ્રિયના મનોહર વિષયોને વિષે ગાઢ (ઘણી) આસક્તિનો ત્યાગ કરવો અને તેજ પાચ ઇંદ્રિયોના અમનોજ્ઞ (ખરાબ) વિષયોને વિષે સર્વથા દ્વેષનો ત્યાગ કરવો તે અકિંચન્ય ( અપરિગ્રહ યા નિર્મમત્વ ) વ્રતની પાંચ ભાવનાઓ કહેલી છે. ૩૨-૩૩.

**વિવેચન**—કેટલાએક મનુષ્યો એમજ સમજે છે કે પસાનો કે ઘરનો ત્યાગ કર્યો એટલે ત્યાગ થઈ ગયો. પણ એમ નથી. **मुच्छा परिग्गहो वुत्तो नायपुत्तेण ताइणा** જગતના જીવોનું ધર્મોપદેશ આપી રક્ષણ કરનાર જ્ઞાતપુત્ર મહાવીરદેવે મુર્ચ્છાનેજ પરિગ્રહ કહ્યો છે. આ ત્યાગનો ધનમાં કે ઘરમાંજ સમાવેશ ન કરતાં તેને પાંચે ઇદ્રિયના સારા કે ખરાબ દરેક વિષયમાં લાગુ પાડવામાં આવ્યો છે. અને તે એ છે કે સારા વિષયોમાં રાગ ન કરવો અને ખરાબ વિષયોમાં દ્વેષ ન કરવો. આ પાંચ ભાવનાઓ છે. અને તે ખરેખર "અપરિગ્રહ કે નિર્મમત્વને તેની છેલ્લી હદ સુધી પહોંચાડે છે. ૩૨–૩૩.

## અન્ય રીતે ચારિત્ર યોગ.

**अथवा पंचसमितिगुप्तित्रयपवित्रितम् ।**
**चरित्रं सम्यक्चारित्रमित्याहुर्मुनिपुंगवाः ॥ ३४ ॥**

અથવા પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિથી પવિત્ર ચરિત્ર (આચરણ) ને તીર્થંકરો સમ્યક્ ચારિત્ર કહે છે.

**વિવેચન**—ચારિત્રનો મુખ્ય માર્ગ ગુપ્તિ છે. અને સમિતિ અપવાદ માર્ગ છે. મન, વચન અને શરીરના યોગોનો નિરોધ કરવો તે ગુપ્તિ છે. કાર્યપ્રસંગમાં શાસ્ત્રઆજ્ઞા મુજબ યતનાપૂર્વક મન, વચન અને શરીરના વ્યાપારને પ્રવર્તાવવાં તેને તીર્થંકરો ચારિત્ર કહે છે. ૩૪.

## તે સમિતિ અને ગુપ્તિનાં નામો.

**ईर्याभाषैणादाननिक्षेपोत्सर्गसंज्ञिकाः ।**
**पंचाहुः समितिस्तिस्रो गुप्तिस्त्रियोगनिग्रहात् ॥ ३५ ॥**

ઇર્યાસમિતિ ૧. ભાષાસમિતિ ૨. એષણાસમિતિ ૩. આદાનનિક્ષેપસમિતિ ૪. ઉત્સર્ગસમિતિ ૫ આ પાંચને સમિતિ કહે છે અને મન, વચન, કાયાના ત્રણ યોગોનો નિગ્રહ (રોધ) કરવો તેને ત્રણ ગુપ્તિ કહે છે. ૩૫.

## ઈર્યાસમિતિ એટલે શું ?

**लोकातिवाहिते मार्गे चुंबिते भास्वदंशुभिः ।**
**जंतुरक्षार्थमालोक्य गतिरीर्या मता सताम् ॥ ३६ ॥**

અનેક લોકોથી ચલાએલા અને સૂર્યના કિરણોથી પ્રકટ દેખાતા માર્ગે જંતુઓની રક્ષાને માટે જોઇને ચાલવું તેને સત્ પુરૂષોએ ઈર્યાસમિતિ કહેલી છે. ૩૬

**વિવેચન**—જ્યારે કોઇ કાર્ય પ્રસંગે મુનિઓને ચાલવું પડે ત્યારે પોતાની અને પરજીવોની રક્ષાને માટેજ જે રસ્તે અનેક લોકો ચાલેલાં હોય તેવે રસ્તે ચાલવું. આમ કહેવાનો આશય એ છે કે અનેક જીવોના ચાલવાથી તે રસ્તો અચિત્ત–પૃથ્વીકાય, વનસ્પતિકાય અને ઝીણાં જંતુઓ વિનાનો થઇ ગયેલો હોય છે. પણ જો નવોજ રસ્તો પાડવામા આવે તો તે ઠેકાણે પૃથ્વીકાયના જીવો તેમજ તેવા ઉજડ માર્ગમા અનેક ત્રસ જીવો ભરાઇ રહ્યા હોય છે તેનો નાશ થાય છે. વળી ઉન્માર્ગે ચાલતાં કાંટા, કાંકરા, જાળાં વિગેરે આવે તેથી પોતાના શરીરને પણ ઇજા થવા સંભવ છે. લોકોના ચાલેલા માર્ગે પણ સૂર્યના કિરણોથી પ્રકાશિત થયે છતેજ ચાલવું જોઇએ તેમ ન કરવામાં આવે તો અંધારામાં પગ નીચે અનેક જીવોનો વિનાશ થવા સંભવ છે. તેમજ ખાઇ, કાંટા કે ઝેરી જીવોથી પોતાના શરીરને પણ નુકશાન થવા સંભવ છે. લોકોનો ચાલેલો માર્ગ સૂર્યથી પ્રકાશિત થયો હોય ત્યારે પણ સાડાત્રણ હાથ દૃષ્ટિ જમીન ઉપર લાંબી પડે તેટલી નીચી દૃષ્ટિ રાખીને જીવોની પગ નીચે વિરાધના ન થાય તેવી રીતે જોઇને ચાલવું તે ઈર્યાસમિતિ કહેવાય છે. ૩૬.

## બીજી ભાષાસમિતિ.

**अवद्यत्यागतः सर्वं जनीनं मितभाषणम् ।**
**प्रिया वाचंयमानां सा भाषासमितिरुच्यते. ॥ ३७ ॥**

નિર્દોષી, સર્વ જીવને હિતકારી, અને પ્રમાણોપેત ( સ્વલ્પ

થોડું ) બોલવું તેને ભાષાસમિતિ કહે છે. તે ભાષાસમિતિ મુનિઓને પ્રિય છે, અથવા હિતકારી છે. ૩૭.

## ત્રીજી એષણાસમિતિ.

द्विचत्वारिंशता भिक्षादोषैर्नित्यमदूषितम् ।
मुनिर्यदन्नमादत्ते सैषणासमितिर्मता. ॥ ३८ ॥

મુનિઓ ભિક્ષાના બેંતાલીસ દોષોથી નિરંતર અદૂષિત (દોષ રહિત ) જે આહાર (અન્ન પાણી આદિ ) ગ્રહણ કરે છે તેને એષણાસમિતિ કહે છે.

વિવેચન—જેમ ભ્રમર સ્વભાવિક ઉત્પન્ન થએલા કમળ ઉપર બેસી તેમાંથી રસ ગ્રહણ કરી પોતાના આત્માને સંતોષે છે. અને કમળને પીડા ઉપજાવતો નથી, તેમ ગૃહસ્થોએ પોતાને માટે બનાવેલા આહારમાંથી, તેને દુઃખ ન થાય, ફરી બનાવવો ન પડે. તેવી રીતે સ્વલ્પ આહાર ગ્રહણ કરી મુનિઓ પોતાના દેહને પોષિત કરે છે, તેને એષણાસમિતિ કહે છે. ભિક્ષાના બેતાળીસ દોષ પિંડનિર્યુક્તિસૂત્ર, દશવૈકાલિક સૂત્ર, ઉતરાધ્યયન સૂત્ર વિગેરે સ્થળેથી જોઇ લેવા. વિસ્તાર વિશેષ હોવાથી આંહી લખવામાં આવ્યા નથી. ૩૮.

## ચોથી આદાન નિક્ષેપ સમિતિ.

आसनादीनि संवीक्ष्य प्रतिलिख्य च यत्नतः ।
गृह्णीयान्निक्षिपेद्वा यत् सादानसमितिः स्मृताः ॥ ३९ ॥

આસનાદિક દૃષ્ટિથી જોઇને તથા ઓઘા પ્રમુખથી પ્રમાર્જન કરીને યત્નાપૂર્વક લેવાં અથવા મુકવાં તેને આદાનસમિતિ કહી છે. ૩૯.

વિવેચન—આ તો જૈનોનો મુખ્ય સિદ્ધાંત છે કે, नातिवापज्ज कंचणं કોઇ પણ જીવને મારશો નહિ. જેમ બીજા જીવોને મારવાની મનાઇ છે તેમ પોતાના આત્માને પણ મારવો નહિ, ઉપયોગ રાખ્યા સિવાય ઉન્મત્ત યા ઉચ્છૃંખલપણે પ્રવર્તન કરતાં દરેક

કાર્યમાં બીજા જીવોના મરણ સાથે પોતાનો આત્મા પણ કર્મથી મરાય છે, બધાય છે તેનો બચાવ પણ સાથેજ કરવાનો છે. અને ખરૂં પૂછો તો પોતાના જીવનો બચાવ કરવો તેજ બીજાના જીવોનો બચાવ છે. કારણ કે પોતે પોતાના આત્માને કર્મબંધ ન થાય તેવો પ્રયત્ન કરવો શરૂ કર્યો કે બીજાનો બચાવ થઇજ ગયો. કેમકે બીજાને દુઃખ થાય તેવી પ્રવૃત્તિ કરવાથી પોતે કર્મથી બધાય છે. માટેજ જોઇને ચાલવું, નિર્દોષ બોલવું, નિર્દોષ આહાર લેવો અને કાંઇ લેવું મૂકવું તે સર્વ યત્નાપૂર્વક, બીજા જીવોને દુઃખ ન થાય, અને પોતાને કર્મબંધ ન થાય તેમ કરવું કહ્યું છે. આસનાદિકમાં આદિ શબ્દથી વસ્ત્ર, પાત્ર, પાટ, પાટલાદિ કોઇ પણ વસ્તુ પોતાના ઉપયોગમાં આવતી હોય તે લેવી. તે સર્વ વસ્તુ દિવસે તો દૃષ્ટિથી જોઇને લેવી. સૂક્ષ્મ જંતુ હોવાનો સંભવ લાગે તો રજોહરણાદિથી પ્રમાર્જન કરીને લેવી મૂકવી. રાત્રીના વખતમાં રજોહરણથી પ્રમાર્જન કરવી, કારણ કે રાત્રે દૃષ્ટિથી જોવાનું બારીક રીતે બનવું અશક્ય છે. આ પ્રમાણે આદાનનિક્ષેપસમિતિ કહેલી છે ૩૯

## પાંચમી ઉત્સર્ગસમિતિ.

**यत्नाद्यदुत्सृजेत्साधुः सोत्सर्गसमितिर्भवेत् ।**
**कफमूत्रमलप्रायं निर्जंतुजगतीतले. ॥ ४० ॥**

સાધુ જે કફ, મૂત્ર, મલ અને તેના સરખી બીજી પણ વસ્તુ જંતુ વિનાની જમીન ઉપર યતનાપૂર્વક ત્યાગ કરે તેને ઉત્સર્ગ સમિતિ કહે છે ૪૦

**વિવેચન**—કફ, મૂત્ર અને મલાદિ વસ્તુઓ લીલીમાટી કે લીલીજમીન, વનસ્પતિવાળીજગ્યા કે કોઇ પણ ત્રસ જીવાદિ યુક્ત જમીન ઉપર ત્યાગ ન કરવી પણ તે સિવાયની સૂકી ધૂળ રેતી કે તેવી પત્થરવાળી જમીન ઉપર ત્યાગ કરવી. દરેક ઠેકાણે કોઈ જીવને દુખ ન થાય તે સિદ્ધાંત લક્ષમાં રાખવાનો છે.

## ત્રણ ગુપ્તિમાં પ્રથમ મનોગુપ્તિ કહે છે.

**विमुक्तकल्पनाजालं समत्वे सुप्रतिष्ठितम् ।**
**आत्मारामं मनस्तज्ज्ञैर्मनोगुप्तिरुदाहृता. ॥ ४१ ॥**

કલ્પનાના જાલથી મુક્ત થએલા, સમભાવમાં સ્થિત થએલા, અને આત્મભાવમાં રમણ કરતા મનને જ્ઞાની પુરૂષોએ મનોગુપ્તિ કહેલી છે.

**વિવેચન**—આર્ત્ત અને રૌદ્રધ્યાનને કલ્પના જાલ કહેવામાં આવે છે. આવી કલ્પના જાલોથી પ્રથમ મનને મુક્ત કરવું જોઇએ. જુઓ કે ધર્મધ્યાન એ પણ એક ઉંચી હદની અપેક્ષાએ કલ્પના જાલ છે. તથાપિ પ્રથમ અભ્યાસીઓ માટે તેને કલ્પના જાળ ન ગણતાં આર્ત, રૌદ્ર ધ્યાનને કલ્પના જાલ ગણવી. આર્ત રૌદ્ર વિનાની સ્થિતિમાં મનને મૂકયા પછી બીજી સ્થિતિ મનને સમભાવમાં સ્થાપિત કરવાની છે. આ સમભાવમાં આર્ત રૌદ્ર ધ્યાનનો આદર પણ નહિ, અને તિરસ્કાર પણ નહિ, અર્થાત્ ધર્મ ધ્યાનની સ્થિતિ ઉપર લાવી મૂકવું. આ સ્થિતિમાં અનેક જાતનાં શુભ આલબનો લઇને મનને સ્થિર કરવાનું છે. સ્થિર કરવાનું છે એટલે અશુભમા જતું રોકી ધર્મ ધ્યાનના વિચારોમાં દૃઢ કરવાનું છે. ત્યાર પછીની ત્રીજી સ્થિતિમાં મનને આત્મભાવમાં રમણ કરતું કરવાનું છે. આ આત્મભાવમાં કોઇ પણ જાતની માનસિક કલ્પના કરવાની નથી. સ્થૂળ વિચારોથી રહિત કરી નિર્વિકલ્પ કરવાનું છે. જ્યાં સુધી કોઈ પણ જાતની કલ્પના મનમાં હોય, કોઇ પણ જાતના વિચારો હોય ત્યાં સુધી મન આત્મભાવમા કદી આવી શકતું નથી. આત્મભાવમાં મનને લાવવા માટે વિચારોને એક બાજુ કાઢી મૂકવાના છે, તેવા આત્મભાવમાં લય પામેલા મનને મનોગુપ્તિ કહેલી છે. આ ઠેકાણે કેટલાક એવી શકા કરે છે કે “ મનમાં વિચાર ન કરવો ત્યારે શું શૂન્ય થઇ જવું ? કે જડ થઇ જવું ? એવી શૂન્યતાની કે જડતાની સ્થિતિ, અમને જોઇતી નથી,” વિગેરે કલ્પના કરનારા અત્યારના જ્ઞાનીઓએ જરા મહેનત લઇને પૂર્વે કહેલ ક્રમ પ્રમાણે અનુભવ મેળવી જોવો જોઇએ, તો તેઓને જણાશે કે શુન્ય થાઓ છો, જડ થાઓ છો કે આનંદના ભોક્તા થાઓ છો?

કેટલાએક સારા વિચાર કરવા તેને મનોગુપ્તિ કહે છે, આ કલ્પના કરવાનો હેતુ તેમને એવો મળ્યો છે કે વચનગુપ્તિ અને વચનસમિતિ એ, જેમ મૌન કરવું, અને સત્ય, પથ્ય, મિત વિગેરે સારૂં બોલવું, વિગેરે કારણથી ભિન્ન પડે છે તેમ મનમાં નથી. તેઓને હું જણાવીશ કે જુઓ અહીં મનનો તેવો સમિતિ ગુપ્તિનો ભેદ નથી પાડયો, પણ કલ્પસૂત્રમાં મનોસમિતિ અને મનોગુપ્તિ એવો પ્રકટ ભેદ પાડેલો છે. તે પાઠ મહાવીર સ્વામીના દીક્ષા ગ્રહણ કર્યા બાદ તેમની સ્થિતિનું, યા તેમની પ્રવૃત્તિનું વર્ણન આપતાજ આપવામાં આવે છે, અને અહીં જો કે પ્રગટ સમિતિગુપ્તિનો ભેદ નથી આપ્યો, તોપણ **विमुक्तकल्पनाजालं, समत्वे सुप्रतिष्ठितं** આ બે ભેદ મનોસમિતિના જણાય છે. સારા વિચારો કરવા તેને મનોગુપ્તિ કહેવી તે, ખરાબ વિચારોની અપેક્ષાએ કહી શકાય. ખરાબ વિચારોથી મનને જેટલું અટકાવ્યુ તેટલું મન રોકાયું ગણાય. પણ ખરી રીતે મનોગુપ્તિ તો મન આત્મામાં રમણ કરે તેનેજ કહેવામાં આવે છે. ૪૧.

---

## બીજી વચનગુપ્તિ

**संज्ञादि परिहारेण यन्मौनस्यावलंबनम् ।**
**वाग्वृत्तेः संवृत्तिर्वा या, सा वाग्गुप्तिरिहोच्यते ॥ ४२ ॥**

સંજ્ઞાદિકનો ત્યાગ કરી જે મૌનપણુ રાખવું તેને અથવા એકલી વચનની વૃત્તિઓને રોકવી તેને અહીં વચનગુપ્તિ કહે છે. ૪૨

**વિવેચન**—હાથની, આંખની, આગળીની કે ખોંખારા પ્રમુખની સંજ્ઞાનો સર્વથા ત્યાગ કરવો, તેને અથવા સંજ્ઞા વિગેરે ખુલ્લું રાખી, વચનથી બોલવાનો નિરોધ કરવો, મૌન કરવું, તેને વચનગુપ્તિ કહે છે. ૪૨.

---

## ત્રીજી કાયગુપ્તિ.

**उपसर्गप्रसंगेऽपि कायोत्सर्गजुषो मुनेः ।**
**स्थिरीभावः शरीरस्य कायगुप्तिर्निगद्यते ॥ ४३ ॥**

ઉપસર્ગ જેવા પ્રસંગે પણ કાયોત્સર્ગમાં (ધ્યાનમાં) રહેલા મુનિના શરીર સંબંધી જે સ્થિર ભાવ (સ્થિરતા) તેને કાયગુપ્તિ કહે છે. ૪૩

અથવા બીજી રીતે કાયગુપ્તિ બતાવે છે.

**शयनासननिक्षेपाऽऽदानचंक्रमणेषु यः ।**
**स्थानेषु चेष्टानियमः, कायगुप्तिस्तु सापरा ॥ ४४ ॥**

શયન કરવું, આસને બેસવું, મૂકવું, લેવું અને ચાલવું વિગેરે સ્થાને, તે તે ક્રિયાના સંબધમાં નિયમ રાખવો, તેને બીજી રીતે કાયગુપ્તિ કહે છે. ૪૪

**एताश्चारित्रगात्रस्य जननात् परिपालनात् ।**
**संशोधनाच्च साधूनां, मातरोऽष्टौ प्रकीर्तिताः ॥ ४५ ॥**

જેમ માતા પુત્રના શરીરને પેદા કરે છે, દુધાદિ પાઇ શરીરનું રક્ષણ કરે છે. અને મળમૂત્રાદિથી શુદ્ધ કરે છે, તેમ આ પાચ સમિતિ અને ત્રણ ગુપ્તિ, ચારિત્ર રૂપ શરીરને પેદા કરતી હોવાથી સાધુઓને આઠે માતા સમાન કહેલી છે. ૪૫.

---

## ચારિત્ર વર્ણન ઉપસંહાર.

---

**सर्वात्मना यतींद्राणामेतच्चारित्रमीरितं ।**
**यतिधर्मानुरक्तानां देशतः स्यादगारिणाम् ॥ ४६ ॥**

આ ઉપર વર્ણન કરવામા આવ્યું તે સર્વવિરતિ ચારિત્ર ધારણ કરનાર મુનીદ્રોને (મુનીઓને માટે છે. યતિધર્મ ઉપર પ્રેમ વાળા (પણ તે પ્રમાણે આદરવામા અશક્ત) ગૃહસ્થીઓ માટે તે ચારિત્ર દેશથી (અમુક વિભાગથી) હોય છે. ૪૬.

**વિવેચન**—ચારિત્રના અધિકારી પરત્વે બે વિભાગો કરવામાં આવ્યા છે. એક સર્વવિરતિ; બીજું દેશવિરતિ. પૂર્વે વર્ણન કરેલ પાંચ મહાવ્રતો મૂલગુણ અને આઠ પ્રવચન માતા ઉત્તર ગુણને જે પૂર્ણ રીતે પાળી શકે તે સર્વવિરતિ કહેવાય છે. આ સર્વ વિરતિ ત્યાગીઓથીજ બની શકે છે તે પ્રમાણે જેઓ પૂર્ણ આદર ન કરી શકે પણ સાધુધર્મમાં પ્રેમવાળા હોય તેમણે તે સ્થિતિ મેળવવા માટે અને પોતાની યોગ્યતામાં વધારો કરવા માટે દેશવિરતિ

( જેનું સ્વરૂપ હવે પછી કહેવામાં આવશે ) તેનો આદર કરવો જોઇએ. દેશવિરતિ એટલે સર્વવિરતિનો અમુક અંશે આદર કરવો, આ કહેવાથી ચારિત્ર ધર્મનું વર્ણન સમાપ્ત કરી તેમાં પ્રવેશ કરી શકવા માટે અનુક્રમ બતાવે છે. ४६

## ગૃહસ્થ ધર્મ અને નીતિપૂર્વક જીવન.

न्यायसंपन्नविभवः शिष्टाचारप्रशंसकः ।
कुलशीलसमैः सार्द्धं कृतोद्वाहोऽन्यगोत्रजैः ॥ ४७ ॥

पापभीरुः प्रसिद्धं च देशाचारं समाचरन् ।
अवर्णवादी न क्वापि राजादिषु विशेषतः ॥ ४८ ॥

अनतिव्यक्तगुप्ते च स्थाने सुप्रातिवेश्मिके ।
अनेकनिर्गमद्वारविवर्जितनिकेतनः ॥ ४९ ॥

कृतसंगः सदाचारैर्मातापित्रोश्च पूजकः ।
त्यजन्नुपप्लुतं स्थानमप्रवृत्तश्च गर्हिते ॥ ५० ॥

व्ययमायोचितं कुर्वन् वेषं वित्तानुसारतः ।
अष्टभिर्धीगुणैर्युक्तः शृण्वानो धर्ममन्वहम् ॥ ५१ ॥

अजीर्णे भोजनत्यागी काले भोक्ता च सात्म्यतः ।
अन्योऽन्याप्रतिबंधेन त्रिवर्गमपि साधयन् ॥ ५२ ॥

यथावदतिथौ साधौ दीने च प्रतिपत्तिकृत् ।
सदानभिनिविष्टश्च पक्षपाती गुणेषु च ॥ ५३ ॥

अदेशाकालयोश्चर्यां त्यजन् जानन् बलाबलम् ।
वृत्तस्थज्ञानवृद्धानां पूजकः पोष्यपोषकः ॥ ५४ ॥

दीर्घदर्शी विशेषज्ञः कृतज्ञो लोकवल्लभः ।
सलज्जः सदयः सौम्यः परोपकृतिकर्मठः ॥ ५५ ॥

अंतरंगारिषड्वर्ग परिहारपरायणः ।
वशीकृतेंद्रियग्रामो गृहिधर्माय कल्पते ॥ ५६ ॥

પૈસા ન્યાયથી પેદા કરવો. ઉત્તમ આચારવાળાની પ્રશંસા કરવી. જુદા ગોત્રવાળા તથા કુલ અને આચાર જેના સરખાં હોય તેની સાથે વિવાહ કરવો પાપથી ભય રાખવો. પ્રસિદ્ધ દેશના

આચાર પ્રમાણે આદર કરવો. કોઈના અવર્ણવાદ ન બોલવા, તેમાં રાજાના અવર્ણવાદનો વિશેષ પ્રકારે ત્યાગ કરવો. ઘણા ખુ ા નહિ તેમ ઘણા ગુપ્ત નહિ તેવા ઘરમાં સારા પાડોશીની સાથે નિવાસ કરવો. મકાનમાં પેસવા નીકળવાનાં અનેક દ્વારો ન હોવાં જોઇએ. સદાચારવાળા મનુષ્યોની સોબત કરવી, માતપિતાની ભક્તિ કરવી. ઉપદ્રવવાળા સ્થાનનો ત્યાગ કરવો. અર્થાત્ તે સ્થળ મુકી બીજે સ્થળે જઇ વસવું. નિંદનીય કાર્યમાં પ્રવૃત્તિ ન કરવી. આવકને અનુસારે ખર્ચ કરવો. પૈસાને અનુસારે વસ્ત્રાભૂષણાદિ વેશ પહેરવો. બુદ્ધિના આઠ ગુણ પેદા કરવા. નિરંતર ધર્મ સાભળવા જવું. અજીર્ણ થયું હોય તો ભોજન ન કરવું, વખતસર શાંત ભાવે ભોજન કરવું. અન્યો અન્ય ધર્મ, અર્થ અને કામને બાધ ન આવે તેવી રીતે તે ત્રણે વર્ગનું સાધન કરવું, અતિથિ સાધુ અને દીન માણસની યથાયોગ (યોગ્યતાનુસાર) ભક્તિ કરવી. કોઇપણ વખત ખોટો કદાગ્રહ ન રાખવો. ગુણવાન્ પુરૂષોના ગુણને વિષે પક્ષપાત કરવો. નિષેધ કરેલા દેશમાં કે નિષેધ કરેલા કાળમાં ગમન ન કરવું. પોતાની શક્તિ કે નિર્બળતાનો જાણનાર થવું. વ્રતમાં રહેલાં, જ્ઞાનથી કે ઉમરથી વૃદ્ધ માણસોનું યોગ્યતાનુસાર પૂજન કરવું. પોષણ કરવા લાયક પોતાના પરિવારનું પોષણ કરનાર, અને દીર્ઘ દૃષ્ટિવાન્ થવું. ગુણ અને અવગુણનો અંતર જાણનાર, કરેલા ગુણને જાણનાર, લોકને વલ્લભ, લજ્જાવાન, દયાવાન્ સૌમ્ય (શાંત) પ્રકૃતિવાળા, પરોપકાર કરવામાં તત્પર, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ આ અંતરંગ છ શત્રુઓનો પરિહાર કરવામાં પ્રયત્નવાન્ અને ઇંદ્રિયોના સમૂહને વશ કરનાર મનુષ્ય ગૃહસ્થ-ધર્મ (દેશવિરતિચારિત્ર) પાળવાને યોગ્ય થાય છે. ૪૭થી ૫૬.

**વિવેચન**—ધન ન્યાયથી પેદા કરવું જોઇએ. એટલે સ્વામી દ્રોહ, મિત્ર દ્રોહ, વિશ્વાસિતને ઠગવું અને ચૌર્યાદિ નિંદનીય વ્યાપારોનો ત્યાગ કરી, પોતપોતાના વર્ણને અનુસારે સદાચારથી ધન પેદા કરવું તે ન્યાયસંપન્ન દ્રવ્ય કહેવાય છે. ૧

**શિષ્ટાચાર પ્રશંસા**—જ્ઞાનથી વૃદ્ધ અથવા વયથી વૃદ્ધ પુરૂષોની સેવા કરી ઉત્તમ શિક્ષા મેળવી હોય, તેવા પુરૂષોના આચારની યા ચારિત્રની પ્રશંસા કરવી તે શિષ્ટાચાર પ્રશંસા. ૨.

કુળ અને મદ્ય, માંસ, રાત્રિભોજન આદિ પરિહાર રૂપ આચાર જેના સરખા હોય, જુદા જુદા ગોત્રના અને એક ધર્મના હોય તેમની સાથે ગૃહસ્થોએ વિવાહ કરવો. ધનાઢય સાથે ગરીબનો અને ગરીબ સાથે ધનાઢયનો તથા પરધર્મી સાથે વિવાહ થતાં તેઓની આખી જીંદગી કલેશિત અને દુઃખદાઈ નીવડે છે. ૩.

પાપભીરૂ—દૃષ્ટ અને અદૃષ્ટ દુઃખના કારણરૂપ કર્મોથી ભય પામનાર, ચોરી, પરદારા અને જુગાર આદિથી આ લોકમા વિડંબના થાય છે તે પ્રસિદ્ધ જ છે, અને મદ્યમાંસસેવનાદિથી શાસ્ત્ર વર્ણિત નરકાદિ વેદના મળે છે તેથી ભય પામનાર. ૪.

શિષ્ટ પુરૂષોને સંમત અને ઘણા વખતથી ચાલતો આવેલો ભોજન વસ્ત્રાદિ આચાર ઉલ્લંઘન કરવાથી તદ્દેશવાસી લોકો સાથે વિરોધ થવા સંભવ છે. અને તેમ થતાં પરિણામ સારૂં આવતું નથી.

જઘન્ય, મધ્યમ યા ઉત્કૃષ્ટ પ્રાણીઓના સબંધમાં અવર્ણવાદ ન બોલવા. અવર્ણવાદ બોલવાથી, બીજાનો પરાભવ કરવાથી અને આત્મ પ્રશંસા કરવાથી નીચ ગોત્ર બધાય છે, કે જે કરોડો વર્ષે મુકાવું મુશ્કેલ થાય છે જ્યારે બીજા સામાન્ય મનુષ્યનો અવર્ણવાદ ન બોલવો તો રાજા, મંત્રી આદિનો અવશ્ય નજ બોલવો કેમકે તેથી તત્કાળ વિપરીત પરિણામ આવે છે. ૬.

ઘરમાં જવા આવવાનાં અનેક દ્વારો ન રાખવાં. તેથી ચોર, જાર આદિથી ધન, સ્ત્રી વિગેરેનો નાશ થવા સંભવ છે. વળી તે ઘર શલ્યાદિરહિત સ્થાને, શકુન, સ્વપ્ન, ઉપશ્રુતિ આદિ નિમિત્ત બળે કરી ઉત્તમ સ્થાનકે બનાવવું જોઇએ. જો તદ્દન ખુલ્લું હોય, આજુબાજુ ઘરો ન હોય, તો ચોરાદિનો ભય સંભવે છે, અને તદ્દન ગુપ્ત હોય તો શોભા ન આપે તેમજ અગ્નિ આદિ ઉપદ્રવ વખતે મોટી મુશ્કેલીમાં ઉતરવું પડે છે. ૭.

આ લોક, પરલોકના હિતકારી આચરણોવાળા પુરૂષોની સાથે સોબત કરવી. ૮.

માત પિતાને ત્રણ વખત નમસ્કાર કરવાથી, પરલોક હિતકારી અનુષ્ઠાનમાં જોડવાથી, દરેક કાર્યમાં તેમની આજ્ઞા મેળવવાથી, ઉત્તમ વસ્તુ આપવાથી અને તેમના જમવા પછી જમ્યાથી તેમનું પૂજન કર્યું કહી શકાય છે. ૯.

સ્વરાજ્ય તરફથી યા પરરાજ્ય તરફથી ભયવાળા, દુર્ભિક્ષ, મરકી અને તેવા બીજા ઉપદ્રવોથી અસ્વસ્થ થએલાં ગામ, શહેર, સ્થાન આદિનો ત્યાગ કરવો. જો ત્યાગ કરવામાં ન આવે, તો પૂર્વે ઉપાર્જન કરેલાં ધર્મ, અર્થ કામાદિનો વિનાશ થાય, અને નવીન ઉપાર્જન થતાં ન હોવાથી ઉભયલોક ભ્રષ્ટ થવાય. ૧૦.

દેશ. જાતિ અને કુલની અપેક્ષાથી ગર્હિત કાર્યો; જેવાં કે કૃષિકર્મ. મદિરાદિકનો વ્યાપાર મદિરાનું પાન વિગેરે ત્યાગ કરવા. ૧૧.

કુટુંબનું પોષણ કરવામાં, પોતાના ઉપભોગમાં, અને દેવતા, અતિથિપૂજન આદિ પ્રયોજનમાં દ્રવ્યનો વ્યય આવકને અનુસારે રાખવો આવકના પ્રમાણથી અધિક ખરચ રાખતાં લોકોમાં અવિશ્વાસ, ધર્મની હાની. લઘુતા અને ભિક્ષુકતા વિગેરે પ્રાપ્ત થાય છે. ૧૨.

વસ્ત્રાલંકારાદિ વેષ, વૈભવ, જાતિ, દેશ અને કાલાનુસાર રાખવા. તે સિવાય લોકોમાં હાંસિપાત્ર થવાય છે. ૧૩.

ધર્મ સાંભળવાની ઇચ્છા, ૧. ધર્મ સાંભળવો, ૨. શાસ્ત્રાર્થ ગ્રહણ કરવો, ૩. ભૂલી ન જવાય તેમ ધારી રાખવો, ૪. વિજ્ઞાત અર્થને અવલંબીને બીજા વિતર્કો કરવા, ૫. વિરૂદ્ધ અર્થથી વ્યાવર્તન કરવુ, ૬. પદાર્થોનુ જ્ઞાન, ૭ અને તત્વ જ્ઞાન, ૮. આ આઠ બુદ્ધિના ગુણો છે, તે ધારણ કરવા. ૧૪.

નિરંતર ધર્મ શ્રવણ કરવો, તેથી ઉત્તરોત્તર ગુણની વૃદ્ધિ થાય છે. ૧૫

અજીર્ણ થતાં ભોજનનો ત્યાગ કરવો, કેમકે તેથી રોગ વિશેષ વૃદ્ધિ પામે છે. મળ તથા વાયુનો ખરાબ ગંધ, વિષ્ટા થોડી થોડી આવે, શરીર ભારે જણાય, અરૂચિ થાય, અને ખરાબ ઓડકાર આવે આ ૭ અજીર્ણનાં લક્ષણ છે. ૧૬.

ભોજનના અવસરે પ્રમાણોપેત જમવું, લોલુપતાથી અધિક ન જમવું. તેમ થતાં અગ્નિ મંદતા, વિરેચન, વમન અને મરણાંગત રોગો ઉત્પન્ન થાય છે. ૧૭.

અન્યોન્ય બાધ ન આવે તેમ ધર્મ, અર્થ, અને કામનું સેવન કરવું. એકલા કામના સેવનમાં ધન તથા ધર્મની હાનિ છે, એકલું ધન મેળવનારને તે ધનનો ભોક્તા કોઇ થાય છે અને પાપ પોતે બાંધે છે. અને એકલા ધર્મને સેવનારનો ગૃહસ્થાશ્રમ ચાલી શકતો નથી. માટે અન્યોન્ય બાધા ન પહોચે તેમ ત્રણે વર્ગનુ સેવન કરવું.

નિરંતર જેની ધર્મકાર્યસાજ પ્રવૃત્તિ છે તે અતિથી. ઉત્તમ આચારમાં આસક્ત તે સાધુ. અને દીન તે શક્તિ વિનાના. તેમની યથાયોગ લાયકાત પ્રમાણે ભક્તિ કરવી. ૧૯.

ખોટો, જાણી બૂજીને કદાગ્રહ ન કરવો. ૨૦.

સૌજન્ય, ઔદાર્ય, દાક્ષિણ્યતા આદિ ગુણવાન્ જીવોનો પક્ષપાત કરવો; એટલે તેમનું બહુમાન. સહાયકરણ, અનુકૂલાચરણ વિગેરે કરવું. ગુણવાનના ગુણ પક્ષપાતથી પોતે ગુણવાન્ બને છે. ૨૧.

અનાર્ય પ્રમુખ પ્રતિષેધવાળા દેશમાં અને રાત્રિ પ્રમુખ કાળમાં જવા આવવાનો ત્યાગ કરવો. પ્રતિષેધવાળા દેશકાળમાં ચાલનાર અનેક પ્રકારની આફતમાં તથા ધર્મ હાનિમાં આવી પડે છે. ૨૨.

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી પોતાની શક્તિ જાણીને કોઇ પણ કાર્યનો પ્રારંભ યા ત્યાગ કરવો. તેમ કરતાં તેનો પ્રારંભ સફળ થાય છે નહિતર તેનું પરિણામ દુ:ખદ આવે છે. ૨૩.

અનાચારના પરિહાર અને સમ્યગ્ આચારમાં રહેલા વ્રતધારી મનુષ્યો, તથા હેય ઉપાદેય વસ્તુના નિશ્ચયમાં જ્ઞાનવૃદ્ધ, તેમનું પૂજન કરવું, બોલાવવા. આસન આપવું, તથા અભ્યુત્થાન કરવું. આવાજ્ઞાની પુરૂષો કલ્પવૃક્ષની માફક સદુપદેશ આપવારૂપ તત્કાળ ફળ આપનાર થાય છે ૨૪.

અવશ્ય પોષવાલાયક માતાપિતા, સ્ત્રીપુત્રાદિનું પોષણ કરવું.૨૫.

કોઇ પણ કાર્યનો પ્રારંભ કરતાં પૂર્વાપર અર્થ અનર્થ સંબંધી વિચાર કરવો તે દીર્ઘદર્શી. વિચાર કર્યા સિવાય કાર્ય કરનાર કોઈ વખત મોટી આફતમાં આવી પડે છે ૨૬.

વસ્તુ અવસ્તુ, કૃત્ય અકૃત્ય, સ્વ પર, ઇત્યાદિના અંતરને જાણનાર વિશેષજ્ઞ કહેવાય છે, અવિશેષજ્ઞ પુરૂષમાં પશુથી કાંઇ અધિકતા નથી.

અન્યના કરેલા ઉપકારને જાણવો જોઇએ. ગરજ સરી ને વૈદ વેરી એમ કરનાર માણસ ઉત્તમ લાભ મેળવી શકતો નથી. ૨૮.

વિનયાદિ ગુણોએ કરી લોકોને વલ્લભ થવાય છે, જે લોકવલ્લભ નથી તે પોતાના ધર્માનુષ્ઠાનને પણ દૂષિત કરે છે, એટલુંજ નહિ પણ બીજાના બોધી બીજનો પણ નાશ કરે છે. ૨૯.

લજ્જાવાન્ થવું, લજ્જાવાન્ માણસ પ્રાણનો ત્યાગ કરે, પણ પોતાની પ્રતિજ્ઞા ખંડિત ન કરે. ૩૦.

દુઃખી જંતુઓનું દુઃખથી રક્ષણ કરનાર માણસ દયાવાન્ કહેવાય છે, દયા ધર્મનું મૂળ છે. ૩૧.

સૌમ્ય—અક્રૂર આકાર રાખવો. ક્રુર સ્વભાવવાળા જીવો લોકોને ઉદ્વેગનું કારણ થાય છે. ૩૨.

પરને ઉપકાર કરવામા તત્પર થવું. ૩૩.

કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર એ છ અતરગ શત્રુઓને દૂર કરવામાં તત્પર થવુ. ૩૪.

ઇંદ્રિઓના સમુદાયને વશ કરનાર થવું. આ ઇંદ્રિય વિજયથી ગૃહસ્થ ધર્મને લાયક સમજવો. સર્વથા વિજય તો સાધુ ધર્મને યોગ્ય છે. ૩૫.

આ પ્રમાણે વર્તન કરનાર, ગુણ ધારણ કરનાર મનુષ્યો ગૃહસ્થ ધર્મને લાયક થાય છે.

**इतिश्रीआचार्यहेमचंद्रविरचिते योगशास्त्रे मुनि केशरविजयगणिकृतबालावबोधे प्रथमः प्रकाशः ।**

# द्वितीयः प्रकाशः प्रारभ्यते.

## ગૃહસ્થ ધર્મમાં પ્રથમ સમ્યક્ત્વ.

**सम्यक्त्वमूलानि पंचाणुव्रतानि गुणास्त्रयः ।**
**शिक्षापदानि चत्वारि व्रतानि गृहमेधिनां ॥ १ ॥**

સમ્યક્ત્વપૂર્વક પાંચ અણુવ્રતો, ત્રણ ગુણવ્રતો, અને ચાર શિક્ષાવ્રતો એમ ગૃહસ્થ ધર્મનાં બાર વ્રતો છે. જે અનુક્રમે બતાવવામાં આવશે.

## પ્રથમ સમ્યક્ત્વનું સ્વરૂપ બતાવે છે.

**या देवे देवताबुद्धि, र्गुरौच गुरुतामतिः ।**
**धर्मे च धर्मधीः शुद्धा, सम्यक्त्वमिदमुच्यते ॥ २ ॥**

જે દેવને વિષે દેવપણાની બુદ્ધિ, ગુરૂને વિષે ગુરૂપણાની બુદ્ધિ, અને ધર્મ વિષે શુદ્ધ ધર્મ બુદ્ધિ તે સમ્યક્ત્વ કહેવાય છે.-૨

વિવેચન—જ્ઞાનરૂપ વૃક્ષનું મૂળ સમ્યક્ત્વ છે. જો મૂળ ન હોય તો વૃક્ષ હોતું નથી, તેમ સમ્યક્ત્વ ન હોય તો જ્ઞાન હોતું નથી. પુણ્ય રૂપ નગરના દ્વાર તુલ્ય સમ્યક્ત્વ છે. જો દ્વાર ન હોય તો શહેરમા પ્રવેશ થતો નથી, તેમ સમ્યક્ત્વ ન હોય તો પુણ્યાનુબંધી પુણ્ય હોતું નથી. મોક્ષરૂપ મહેલના પાયાતુલ્ય સમ્યક્ત્વ છે. જો પાયો ન હોય તો મહેલ બનતો નથી, તેમ સમ્યક્ત્વ ન હોય તો મોક્ષ મળતું નથી. સર્વ સંપદાના નિધાન સરખું સમ્યક્ત્વ છે. જેમ રત્નોના આધારભૂત સમુદ્ર છે. તેમ ગુણ રત્નોના આધારવાળુ સમ્યક્ત્વ છે; ચારિત્રરૂપ ધનનાં પાત્ર સરખું સમ્યક્ત્વ છે. જેમ આધાર સિવાય ધન રહી શકતું નથી, તેમ ચારિત્ર રૂપ ધન. સમ્યક્ત્વ રૂપ આધાર સિવાય રહી શકતું નથી. આવા ઉત્તમ સમ્યક્ત્વની કોણ પ્રશંસા ન કરે ! સૂર્યોદય થયે જેમ અંધકારનો પ્રચાર ટકી શકતો નથી, તેમ સમ્યક્ત્વથી વાસિત મનુષ્યોમા અજ્ઞાન અંધકાર રહી શકતો નથી. તિર્યંચ અને નરકનાં દ્વારો બંધ કરવા માટે સમ્યક્ત્વ દૃઢ અર્ગલા સરખું છે; અને દેવ, માનવ તથા મોક્ષસુખનાં દ્વારો ખોલવા માટે સમ્યક્ત્વ એક કુંચી સરખું છે. જો સમ્યક્ત્વ મેળવ્યા પહેલાં આયુષ્યનો બંધ ન કર્યો હોય અને આયુષ્ય બંધ પહેલા સમ્યક્ત્વ ત્યાગ ન કર્યું હોય તો તે જીવ વૈમાનિક દેવ સિવાય બીજું આયુષ્ય નજ બાંધે. એક અંતર મુહૂર્ત માત્ર પણ આ સમ્યક્ત્વની સેવના કરીને જો તેનો ત્યાગ કર્યો હોય તોપણ તે જીવ સંસારમા ઘણો વખત પરિભ્રમણ નથી કરતો; તો જે મનુષ્યો તે સમ્યક્ત્વનું નિરંતર સેવન કરે છે તેને નિરંતર ધારણ કરે છે, તે જીવો ઘણાજ થોડા વખતમાં મોક્ષ મેળવે તેમાં આશ્ચર્ય શું ?

## મિથ્યાત્વનું સ્વરૂપ.

अदेवे देवबुद्धिर्या, गुरुधीरगुरौच या ।
अधर्मे धर्मबुद्धिश्च, मिथ्यात्वं तद्विपर्ययात् ॥ ३ ॥

દેવના ગુણો જેમા ન હોય છતાં તેમાં દેવપણાની બુદ્ધિ કરવી, ગુરૂના ગુણો ન હોય છતાં તેમા ગુરૂપણાની ભાવના રાખ-

વી, અને અધર્મ વિષે ધર્મપણાની બુદ્ધિ રાખવી તે સત્યથી વિપરીત હોવાથી મિથ્યાત્વ કહેવાય છે. ૩.

વિવેચન—મિથ્યાત્વ મહાન્ રોગ છે, મહાન્ અંધકાર છે, મહાન્ શત્રુ છે, મહાન્ વિષ છે. અંધકાર, શત્રુ અને વિષની ચિકિત્સા કરવામા ન આવી હોય તો એકજ જન્મ માટે દુઃખ આપે છે, પણ મિથ્યાત્વને દૂર કરવાનો ઉપાય કરવામાં ન આવ્યો હોય તો હજારો જન્મ પર્યંત દુ.ખદાયક થાય છે. મિથ્યાત્વથી વાસિત ચિત્તવાળા મનુષ્યોને તત્વાતત્ત્વ સંબધી વિવેક હોતો નથી. શું જન્માંધ માણસો વસ્તુની રમ્યતાઅરમ્યતાનો અનુભવ કરી શકે છે એક થોડા વખત સુખ આપનારી યા રહેનારી વસ્તુ માટે જ્યારે મનુષ્યો ખનતી ચોકશી કરે છે, તો ભવોભવ સુખ આપનાર ધર્મ માટે કંઇ પણ પ્રયાસ કરવામાં ન આવે એ કેટલું બધું શોચનીય છે !

## દેવ, ગુરૂ અને ધર્મ એ ત્રણમાંથી પ્રથમ દેવનું સ્વરૂપ બતાવે છે.

सर्वज्ञो जितरागादि, दोपस्त्रैलोक्यपूजितः ।
यथास्थितार्थवादी च, देवोर्हन् परमेश्वरः ॥ ४ ॥

સર્વજ્ઞ, ભૂત, ભવિષ્ય અને વર્ત્તમાન સંબધી સર્વ દ્રવ્યોના જાણ, રાગ દ્વેષાદિ દોષોને જીતનાર, ત્રણ લોક સંબધી દેવ મનુષ્યોથી પુજનીક, અને સત્યવક્તા તે દેવ અર્હંત, યા પરમેશ્વર કહેવાય છે; અથવા તે પરમ ઐશ્વર્યવાન્ અર્હન્ દેવ કહેવાય છે. ૪.

ध्यातव्योऽयमुपास्योय, मयं शरणमिष्यतां ।
अस्यैव मतिपत्तव्य, शासनं चेतनास्ति चेत् ॥ ५ ॥

જો તમારામાં કોઇ સદ્ અસદ્ વિચાર કરવાની બુદ્ધિ, યા ચેતના હોય તો આ દેવનું ધ્યાન કરવું, આની ઉપાસના કરવી, આનું શરણ ઇચ્છવું (લેવુ) અને આ દેવનીજ આજ્ઞા અંગીકાર કરવી. ૫.

## બીજા દેવની આજ્ઞા શા માટે માન્ય ન કરવી ?
## કુદેવનું લક્ષણ.

**ये स्त्रीशस्त्राक्षसूत्रादि, रागाद्यंककलंकिताः ।**
**निग्रहानुग्रहपरा स्ते, देवाः स्युन मुक्तये ॥ ६ ॥**

જે દેવો સ્ત્રી, શસ્ત્ર અને જપમાલાદિ રાગના ચિન્હોથી દૂષિત છે અને બીજાને નિગ્રહ તથા અનુગ્રહ કરવામાં તત્પર છે, તે દેવોના ઉપાસનાદિ મુક્તિને માટે થતા નથી.

**વિવેચન**—સ્ત્રી રાગનું કારણ છે. જો પોતે નિરાગી હોય તો સ્ત્રી રાખવાનું પ્રયોજન શું ? સંસારના સામાન્ય મનુષ્યો પણ સ્ત્રી આદિ ફંદમાં ફસાયેલા છે, તો તેના કરતાં આ દેવોમાં અધિકતા શાની ? રાગનો જય કરવો એ અતિ દુષ્કર છે, તે તો સ્ત્રી પાસે હોવાથી સ્પષ્ટ સમજી શકાય છે કે હજી તે જય તેમનાથી બની શક્યો નથી. જ્યાં રાગ હોય ત્યાં અવશ્ય દ્વેષ પણ પ્રકટ થાય છે, જ્યા સુધી રાગ દ્વેષરૂપ બીજ દગ્ધ થયાં નથી, ત્યાં સૂધી સંસાર પરિભ્રમણના અંકુરા કદી શાંત થવાના નથી, અને સંસાર ભ્રમણ ગયું નથી ત્યાં સૂધી પ્રાકૃત મનુષ્યથી તેમાં અધિકતા શાની ?

શસ્ત્ર પાસે રાખનારને અવશ્ય માથે કોઇ શત્રુ છે, અથવા કોઈ બીજા તરફથી ભય છે, યા પોતાનામાં નિર્બળતા છે, કે જેથી શસ્ત્ર રાખવાની જરૂર પડે છે, શસ્ત્ર પ્રહાર કરવાવાળામાં અવશ્ય દ્વેષ હોય ત્યાં પણ સંસાર ભ્રમણનાં બીજ કાયમજ છે.

માળા રાખનાર દેવ કોના નામની માળા ફેરવે છે ? શા માટે ફેરવે છે ? આથીજ જણાઇ શકે છે કે તેમને માથે કોઈ બીજા મોટા દેવ છે, કે જેના નામનો જાપ તે કરે છે; તેમજ એમ પણ સમજી શકાય છે કે હજી તે દેવમાં ન્યૂનતા છે કે જે ન્યૂનતા પૂર્ણ કરવા માટે આશાથી બીજાની પાસે યાચના કરવારૂપ જપમાળા ફેરવવામાં આવે છે.

સેવકો ઉપર અનુગ્રહ કરવો, અને બીજાઓનો નિગ્રહ કરવો એ પણ રાગ દ્વેષનુંજ લક્ષણ છે.

આવા દેવો પોતેજ સંસારાસક્ત હોવાથી સંસાર તરી શક્યા

નથી; જન્મ મરણથી છૂટયા નથી તે બીજાઓને, પોતાના આશ્રિતોને કેવી રીતે સંસાર તરાવી શકશે, એ ખરેખર બુદ્ધિમાનોએ વિચારવા જેવું છે. જે માણસ પોતેજ દરિદ્રી છે, તે બીજાઓને ધનાઢય કેવી રીતે કરી શકશે? એ તો એક નાનું બાળક પણ સમજી શકે તેવું છે. માટે જન્મ. જરા. મૃત્યુની જાળથી છૂટેલા, સર્વજ્ઞ, વીતરાગ પરમાત્માનું ધ્યાન કરવું. ઉપાસના કરવી, અને તેનુ જ શરણલેવું એમ કરૂણાળુ આચાર્યશ્રી આ દુનીઆના પામર જીવોને ખરા હિતથી બોધેછે.

નિષ્પક્ષપાત બુદ્ધિથી મધ્યસ્થ રહી ગમે તે દર્શનકાર જો આ દેવના સંબંધમાં વિચાર કરશે તો અમને ખાત્રી છે કે તે અવશ્ય વીતરાગ પરમાત્માનુંજ શરણ લેવા. અને ધ્યાન યા ઉપાસના કરવા પ્રેરાશે.

## વિશેષતઃ કુદેવનાં લક્ષણો બતાવે છે.

नाट्याट्टहाससंगीता, द्युपप्लवविसंस्थुलाः ।
लंभयेयुः पदं शान्तं, प्रपन्नान् प्राणिनः कथं ॥ ७ ॥

જે દેવો નાટક, અટ્ટહાસ્ય, અને સંગીતાદિ ઉપદ્રવોથી આત્મસ્થિતિમાં વિસંસ્થુલ, (ઢીલા અસ્થિર) થયેલા છે; તેઓ પોતાના આશ્રિત ભક્તોને કેવી રીતે શાંત પથ મોક્ષ પમાડી શકે?

## સુગુરૂનું લક્ષણ.

महाव्रतधरा धीरा, भैक्षमात्रोपजीविनः ।
सामायिकस्था धर्मो, पदेशका गुरवो मताः ॥ ८ ॥

અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને નિષ્પરિગ્રહરૂપ મહાવ્રતને ધારણ કરનાર, પરિષહાદિ સહન કરવામાં ધીર, મધુકર વૃત્તિએ ભિક્ષા કરી જીવન ચલાવનારા, સમભાવમાં રહેલા અને ધર્મોપદેશ આપનારને ગુરૂ માનેલા છે. ( કહેવામાં આવે છે. )

## કુગુરૂનાં લક્ષણ.

**सर्वाभिलाषिणः सर्व, भोजिनः सपरिग्रहाः ।**
**अब्रह्मचारिणो मिथ्यो, पदेशका गुरवो न तु ॥ ९ ॥**

સર્વ વસ્તુઓના અભિલાષી, ભક્ષ્યાભક્ષ્યાદિ સર્વ ભોજન કરનાર, ધન, સ્ત્રી, પુત્ર, આદી પરિગ્રહધારી, અબ્રહ્મચારી, અને મિથ્ય ઉપદેશ દેવાવાળા ગુરૂઓ નજ કહેવાય. ૯.

**परिग्रहांरभमग्नास्तारयेयुः कथं परान् ।**
**स्वयं दरिद्रो न परमीश्वरोकर्तुमोश्वरः ॥ १० ॥**

પરિગ્રહ અને આરંભમાં મગ્ન થએલા ગુરૂઓ બીજાઓને કેવી રીતે તારી શકે? કેમકે પોતે દરિદ્ર હોય તે બીજાને ધનાઢ્ય બનાવવાને કેમ સમર્થ થાય? ૧૦.

**વિવેચન**—એક બાજુ ધન, સ્વજન, સ્ત્રી પુત્ર, આદિ પરિગ્રહ અને જીવ હિંસાદિ અનેક આરંભમા મગ્ન થવું, અને બીજી બાજુ ધર્મ ગુરૂ થઈ ધાર્મિક ઉપદેશ આપવો એ પ્રકાશ અને અંધકારના જેવુંજ પૂર્વાપર વિરોધી છે. જેવું પોતે બોલે છે તેવું આચરણ ન હોય તો લોકો ઉપર તેની અસર થતી નથી. જ્યારે ગુરૂઓ દુનિયાના સુખની ઇચ્છાવાળ હોય. ભક્ષ્યાભક્ષ્ય ભક્ષણ. પેયાપેયપાન કરતા હોય, પૈસા મેળવવાની લાલચવાળ હોય, સ્ત્રીઓમા આસક્ત હોય, અને મિથ્યા બોલનાર હોય તો તો ગૃહસ્થો કરતા તેઓમા અધિકતા શાની ગૃહસ્થો પાપનો પશ્ચાતાપ કરતા હોવાથી, અને તેમાથી છુટવા માટે દાનાદિ આપી બીજાઓને ઉપકાર કરતા હોવાથી તેમાથી છુટવાને કોઈ પણ વખત સમર્થ થાય છે. પણ આ તો ગુરૂપદ ધારક હોવાથી પોતાના પાપભણી લક્ષ ન કરનારા, કરેલ પાપના પશ્ચાતાપ વિનાના અને મિથ્યાભિમાની. ગુણ વિના ગુરૂપદ ધારકોનો છુટકારો કોઈ પણ વખત થવો બહુ મુશ્કેલ છે. આમ પોતે સંસારમાં ડુબેલ યા બંધાએલ હોવાથી બીજાઓને તેઓ કેવી રીતે છોડવી શકે? એક દૃષ્ટાંતથી આ વાત સ્પષ્ટ કરીએ

એક નગરમાં પરિગ્રહમાં ખુચેલો, વિષય સુખનો લાલચુ અને મિથ્યાભિમાની પણ કાંઈક ધર્મ કથા કરી શકે તેટલું ભણેલો, ગૃહસ્થ ધર્મગુરૂ રહેતો હતો. તે રાજાને નિરંતર ધર્મોપદેશ સંભળાવતો અને તેનાથી પોતાની અને કુટુંબની આજીવિકા કરતો હતો. પૈસાની ઇચ્છાવાળો હોવાથી નિખાલસપણે દુનિયાની અ-

સારતા અને પરિગ્રહની વિષમતાનો ઉપદેશ આપી શકતો નહોતો, તેથી રાજાને પણ તે ઉપદેશથી અસર થતી નહોતી. એક દિવસ રાજાએ કહ્યું કે તમારા ઉપદેશથી મને કેમ કાંઈ અસર થતી નથી, પહેલાંના રાજાઓ ધર્મોપદેશ સાંભળીને રાજ્ય ત્યાગ કરી ચાલ્યા જતા અને મારી તો દિન પ્રતિદિન પરિગ્રહની એટલે રાજ્ય વધારવાની અને નવીન સ્ત્રીઓના પરણવાની ઇચ્છા શાંત થતી નથી, માટે આનુ નિદાન (કારણ) તમે જ્યાં સુધી શોધી નહિ આપો ત્યાં સુધી તમારૂં વર્ષાસન અને કથા બન્ને બંધ કરવામાં આવે છે. ધર્મગુરૂ ઉદાસ થયો. પુત્રને વાત જણાવી. પુત્રે જવાબ આપ્યો કે તેનો ઉત્તર હુ રાજાને આપીશ. તેનો પિતા ખુશી થયો અને રાજાને વાત જણાવી કે મારો પુત્ર જવાબ આપશે. રાજાને હર્ષ થયો. ઉત્કંઠિત થએલા રાજાએ તેના પુત્રને બોલાવ્યો અને તેના કહેવાથી રાજા તેને સાથે લઈ એક વનમાં ગયો. વૃક્ષની ઘાટી છાયા નીચે બેશી રાજા પ્રશ્નનો ઉત્તર માગે છે; છોકરાએ જવાબ આપ્યો કે આ વૃક્ષના પાતળા થડ સાથે તમે બાથ ભીડો. રાજાએ તેમ કરવાથી તેને છોકરાએ એક વસ્ત્રવડે મજબુત બાધી લીધો. પછી છોકરાએ પોતાના પિતાને કહ્યું "પિતાજી, તમે પણ ચાલો" બે ચાર વૃક્ષની આગળ જઇ એક ઝાડ સાથે તેને પણ બાથ ભીડાવી, અને મજબુત બાંધી લીધો. રાજા સુકોમળ હોવાથી વખત વધુ થતાં બુમ પાડી ઉઠયો "ઓ ધર્મગુરૂ, મને છોડાવ." ત્યારે થોડે છેટે બંધાએલા ગુરૂએ જવાબ આપ્યો કે હું કેવી રીતે છોડાવું? કેમકે હું બંધાયલો છું આમ એક બીજાના શબ્દો સાભળી છોકરો હસતો હસતો ત્યા આવ્યો અને રાજાને તથા પોતાના પિતાને છોડયા રાજા ગુસ્સે થયો અને તેણે છોકરાને કહ્યુ કે મૂર્ખ, ઉત્તર ન આપતાં ઉલટો બાધીને ચાલ્યો ગયો! છોકરાએ ઉત્તર આપ્યો "કેમ મહારાજ. મૂર્ખ હુ કે તમે?" તમારા પ્રશ્નનો ઉત્તર તમને મળ્યો છતાં હજી સમજ્યા નહિ!

બંધેકુ બંધા મીલે, છુટે કોન ઉપાય?
કર સેવા નિગ્રગ્રંથકી, પલમેં દીયે છુડાય.

હે રાજા, તું બંધાએલો અને મારો પિતા પણ બંધાએલો;

એમાંથી કોણ કોને છોડાવે? હું બંધાએલો ન હતો તો મેં બન્નેને છોડયા, તેમ સંસાર સુખનો અભિલાષી મારો પિતા મોહજાળથી બંધાયેલ તે તને કેવી રીતે વૈરાગ્યોપદેશ આપી શકે, અને છોડવી શકે? માટે જા, કોઇ નિર્ગ્રંથની ત્યાગીની સેવા કર. તે તને થોડા વખતમાં છોડાવશે. રાજા પ્રતિબોધ પામ્યો; નિર્ગ્રંથ ગુરૂનું સેવન કરી સંસારથી વિરક્ત થઇ જ્ઞાની થયો. તેવીજ રીતે પોતે મોહ પાશથી બંધાયેલ ધર્મગુરૂઓ તાત્ત્વિક ઉપદેશ આપી છોડાવી શકતા નથી.

## ધર્મનું લક્ષણ.

**दुर्गतिप्रपतत्प्राणि धारणाद्धर्म उच्यते ।**
**संयमादिर्दशविधः सर्वज्ञोक्तो विमुक्तये ॥ ११ ॥**

દુર્ગતિમાં પડતાં પ્રાણીઓને તેમાંથી બચાવી, તેઓનું રક્ષણ કરે તેનુ નામ ધર્મ છે. અને તે સંયમાદિ દશ પ્રકારનો સર્વજ્ઞનો કહેલો ધર્મ મોક્ષને માટે થાય છે. ૧૧.

**વિવેચન**—ક્ષમા, નમ્રતા, સરલતા, નિર્લોભતા, તપ, સંયમ, સત્ય, શૌચ, અકિંચન અને બ્રહ્મચર્ય, આ દશ પ્રકારનો ધર્મ છે. જેનુ સ્વરૂપ આગળ કહેવામાં આવશે.

આંહી વેદની એક શાખાવાળા જૈમિનિઓ શંકા કરે છે કે સર્વજ્ઞ કોઇ છેજ નહિ, કે જેનું વચન પ્રમાણ કહેવાય, માટે અપૌરૂષેય (પુરૂષવિના પેદા થયેલ) અને નિત્ય વેદના વાકયોથી તત્ત્વોનો નિર્ણય કરવો યા ધર્મનું સ્વરૂપ જાણવું જોઇએ. આચાર્યશ્રી તેનો ઉત્તર આપે છે કે—

**अपौरुषेयं वचनमसंभवि भवेद्यदि ।**
**न प्रमाणं भवेद्वाचां ह्याप्ताधीना प्रमाणता ॥ १२ ॥**

પુરૂષવિના ઉત્પન્ન થયેલુ (તાલુ, ઓષ્ટ આદિ અને જીવના પ્રયત્ન સિવાય ઉત્પન્ન થએલુ) વચન સંભવતું નથી અને કદાચ માનો કે (વિવાદને ખાતર માની લઇએ કે) સંભવે તો પણ તે વચનો પ્રમાણ નથી કેમકે વચનોની પ્રમાણિકતા એ આપ્ત (પ્રમાણિક) પુરૂષને આધીન છે. ૧૨.

**વિવેચન**—અત્યારની ફોનોગ્રાફની નવીન શોધથી માનવામાં આવતું હોય કે પુરૂષના પ્રયત્ન સિવાય શબ્દોચ્ચાર થાય છે, તો તે માનવામાં ભુલ છે, કારણ કે ફોનોગ્રાફમાં જે શબ્દો રોકવામાં આવ્યા છે, તેનો પણ ઉચ્ચાર કરનાર કોઈ પણ તાલુ, હોઠ અને પ્રયત્ન કરનાર જીવ સિવાય ઘટતો નથી, અને આવાં વચનો પણ જે પ્રમાણિક પુરૂષ, અજ્ઞાનાદિ દોષ રહિત હોય, તેનાંજ યથાર્થ ગણાય છે. માટેજ ઉપર કહેવામાં આવ્યું છે કે પ્રયત્ન સિવાય વચન સંભવતું નથી અને તે પ્રમાણિક પુરૂષનાં વચન હોવાં જોઇએ.

---

## પુરૂષ સિવાયના વચનનું અસંભવિતપણું બતાવી સર્વજ્ઞ સિવાયના પુરૂષનું કહેલું વચન અપ્રમાણ છે તે બતાવે છે.

---

**मिथ्यादृष्टिभिराम्नातो हिंसाद्यैः कलुषीकृतः ।**
**स धर्म इति वित्तोपि भवभ्रमणकारणम् ॥ १२ ॥**

મિથ્યાદૃષ્ટિઓએ પ્રતિપાદન કરેલો, તથા મુગ્ધ બુદ્ધિવાળા પ્રાણીઓમાં ધર્મપણે પ્રસિદ્ધિ પામેલો ધર્મ ભવભ્રમણના કારણ રૂપે છે, કેમકે તે હિંસાદિ દોષોથી દૂષિત થએલો છે. ૧૩.

**વિવેચન**—સર્વજ્ઞનું વચન પ્રમાણ હોય છે, અને તે સિવાયનાનું કહેલું પ્રમાણ નથી, એમ કહેવાનું કારણ એ છે કે સર્વજ્ઞ દરેક કાર્યની સર્વ બાજુઓને પૂર્ણપણે જાણે છે અને એમ પૂર્ણરીતે જાણી નિશ્ચય કરી કહેલુ વચન અસત્ય થતું નથી, પણ કોઈ કાર્યની એક બાજુ જાણી બીજી બાજુઓ છેજ નહિ, એમ જોનાર અને કહેનાર ખોટો છે. આ પ્રમાણે કહેનારે બીજી બાજુઓ જોએલી ન હોવાથી તેનું કહેવું એક બાજુનુ સત્ય છે, પણ બીજી સર્વ બાજુઓનું અસત્ય છે. અને આ એક બાજુનુ સત્ય પણ પરિપૂર્ણ ન હોવાથી યા બીજી બાજુઓને અસત્ય કહેતાં હોવાથી થોડું સાચુ; પણ બીજી બાજુ અસત્ય હોવાથી અસત્ય ગણાય છે.

---

## કુદેવ, કુગુરૂ અને કુધર્મનો આક્ષેપ સહિત પ્રતિક્ષેપ.

सरागोऽपि हि देवश्चेत् गुरुरब्रह्मचार्यपि ।
कृपाहीनोऽपि धर्मः स्यात् कष्टं नष्ट हहा जगत् ॥ १४ ॥

સરાગીને પણ જો દેવ કહેવાય, અબ્રહ્મચારીને પણ જો ગુરૂ મનાય, અને દયારહિત ધર્મ પણ ધર્મ કહેવાય તો મહા ખેદની વાત છે કે દેવ, ગુરૂ, ધર્મથી શુન્ય આ જગતનો નાશ થયો સમજવો. ૧૪.

આ પ્રમાણે સત્ય દેવ, ગુરૂ અને ધર્મ ઉપર શ્રદ્ધાન કરવું તે સમ્યક્ત્વ. આ સમ્યક્ત્વ આત્મપરિણામરૂપ હોવાથી બીજા તેને જોઇ ન શકે, છતાં તેનાં ચિન્હોથી જાણી શકાય છે.

## સમ્યક્ત્વનાં ચિન્હો બતાવે છે.

शमसंवेगनिर्वेदानुकंपास्तिक्यलक्षणैः ।
लक्षणैः पंचभिः सम्यक् सम्यक्त्वमुपलक्ष्यते ॥ १५ ॥

શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા, અને આસ્તિકતાનાં લક્ષણો રૂપ, પાંચ લક્ષણોએ કરી સારી રીતે (બરોબર) સમકિત ઓળખી શકાય છે. ૧૫.

**વિવેચન**—શમ એટલે ઉપશમ ભાવ. પોતાના અપરાધીનું પણ ખરાબ ચિંતન ન કરે, અનંતાનુબંધી કષાયવાળો જીવ કોઈ પણ વસ્તુનું મૂળથી નિકંદન કરવાના પરિણામવાળો હોય છે, તેમ ઓછામા ઓછા ઉપશમ ભાવવાળો હોય પણ અનંતાનુબંધી પરિણામવાળો ન હોય, તે ન હોવાનું કારણ એ છે કે “ તેણે, દેહ અને આત્મા ભિન્ન છે, દેહનો નાશ થાય છે, આત્માનો નાશ નથી; આત્મા અન્ય અન્ય ભવોમાં પોતાના કરેલાં શુભાશુભ કર્માનુસારે સુખ દુ:ખ આદિનો અનુભવ કરે છે. પોતાના પ્રયત્નથી કર્માવરણોનો નાશ કરી સર્વથા કર્મ રહિત થઈ મુક્તિ મેળવી શકે છે. દેહ એજ આત્મા છે, તેમ માન્યતા કરવી તે મિથ્યાત્વ છે, અને પુદ્ગલાદિ પરભાવોમાં આસક્ત થવું તે સર્વ મિથ્યા ભાવ છે ” આ સર્વ સારી રીતે જાણેલ હોવાથી તથા આ સર્વ ભાવોથી વિમુક્ત થઈ આત્મપદ મેળવવું એ તેની દૃઢ ભાવના હોવાથી અનંતાનુબંધી પરિણામો ક્યાંથી હોય ?

**સંવેગ**—દેવોનાં અને મનુષ્યોનાં સુખોને દુ:ખરૂપ માને અને મોક્ષસુખ અર્થાત્ ખરૂં આત્મસુખ તેનેજ સુખ કરી જાણે.

**નિર્વેદ**—આ ભવને નારકી સમાન કે બંદીખાના સમાન માને અને ઉદાસીન વૃત્તિથી જેમ બને તેમ સંસારથી નીકળવાનો પ્રયત્ન કરે.

**અનુકંપા**—બે પ્રકારની છે; દ્રવ્ય અને ભાવ. (વ્યવહારિક અને પરમાર્થિક.) દ્રવ્યથી દુ:ખી પ્રાણીને પોતાથી બનતી મહેનતે અને શક્તિ અનુસારે દુ:ખથી મુક્ત કરવા તે. ભાવથી, ધર્મ રહિત જીવોને શક્તિ અનુસારે ધર્મમાં જોડવા પ્રયત્ન કરવો તે.

**આસ્તિકતા**—વીતરાગનાં કહેલાં વચનો ઉપર પૂર્ણ શ્રદ્ધાન. આ પાંચ લક્ષણો સમ્યક્તવાન્ જીવોમાં હોય છે.

## સમ્યક્ત્વનાં પાંચ ભૂષણો.

**स्थैर्यं प्रभावना भक्तिः कौशलं जिनशासने ।**
**तीर्थसेवा च पंचास्य भूषणानि प्रचक्षते ॥ १६ ॥**

સ્થિરતા, પ્રભાવના, ભક્તિ, જીનશાસનમાં કુશળતા, અને તીર્થસેવા-આ પાંચથી સમ્યક્ત્વ શોભી નીકળે. તે ભૂષણો કહેલા છે. ૧૬.

**વિવેચન**—ભૂષણ એટલે શોભા, યા આભૂષણો, જે સમ્યક્ત્વ ઉપર ચડાવવાથી સમ્યક્ત્વ શોભી નીકળે. તે ભૂષણ પ્રથમ સ્થિરતા. કોઈ ધર્મથી પતિત થતો હોય, તેને ઉપદેશ આપી યા તેની અગવડ દૂર કરી ધર્મમાં સ્થિર કરવો અથવા અન્ય દર્શનકારોના મંત્ર-તંત્રાદિ ચમત્કારો જોઇ ધર્મથી અસ્થિર ન થવુ તે સ્થિરતા.

**પ્રભાવના**—શક્તિ અનુસાર ધર્મને ફેલાવવો યા તેની શોભામાં વધારો કરવો.

**ભક્તિ**—ગુણાનુરાગ, ગુણવાન્ પુરૂષોનો વિનય કરવો, બહુમાન કરવુ અન્નવસ્ત્રાદિ આપી તેમની ભક્તિ કરવી.

**જીનશાસનમાં કુશલપણું**—જીનેશ્વરના કહેલાં જીવાજીવાદિ તત્ત્વોનો અભ્યાસ કરી તેમા પ્રવીણતા મેળવવી.

**તીર્થસેવા**—તીર્થો બે પ્રકારનાં સ્થાવર અને જંગમ. સ્થાવર તીર્થો જ્યાં તીર્થંકરોનાં કલ્યાણક થયાં હોય તેવી ભૂમિઓ સ્પર્શવી, શુદ્ધ ભાવથી ગુણગ્રામ યા સ્તુતિ કરવી, વિચારણા કરવી, એ આદિ

સ્થાવર તીર્થસેવા. જંગમ તીર્થ સાધુ મુનિરાજ, તેની સેવા કરવી.

આ પાંચ સમ્યક્ત્વની શોભામાં—ઉજ્વલતામાં—વધારો કરનાર માટે ભૂષણો કહ્યાં છે.

## સમ્યક્ત્વનાં પાંચ દૂષણો.

**शंकाकांक्षाविचिकित्सा मिथ्यादृष्टिप्रशंसनम् ।**
**तत्संस्तवश्च पंचापि सम्यक्त्वं दूषयंत्यलम् ॥ १७ ॥**

શંકા, આકાંક્ષા, વિચિકિત્સા, મિથ્યાદૃષ્ટિની પ્રશંસા, અને તેનો પરિચય, આ પાંચે પણ સમ્યક્ત્વને અત્યંત દૂષિત કરનાર છે.

**વિવેચન**—શંકા; જીનેશ્વરનાં કહેલાં જીવાજીવાદિ તત્ત્વોના સંબંધમાં શંકા કરવી. ખબર ન પડે તો કોઈને પૂછવુંજ નહિ, આનુ નામ શંકા નથી તેમ પૂછ્યા સિવાય તો કોઈને ખબરજ ન પડે ત્યારે શાસ્ત્રના જ્ઞાતા પાસેથી તેનાં રહસ્યો જાણવાં અને જ્યારે તેથી પણ વિશેષ ખુલાસો મન માનતો ન મળે ત્યારે તે વાતનો આધાર જ્ઞાની ઉપર રાખી સંતુષ્ટ થવું, પણ આ મને જવાબ આપી ન શક્યા, માટે જીનેશ્વરનું કહેવું ખોટું છે, તેવી માન્યતા ન થવી જોઈએ, કેમકે સર્વ જીવોના ક્ષયોપશમો કાંઈ સરખા હોતા નથી. એકને પૂછતાં મનમાનતો ખુલાસો ન મળે તો, તે વાત ખોટી છે, એવી કલ્પના કરવી તે અયોગ્ય છે.

**કાંક્ષા**—અન્ય મતોના ધર્મ માટે અભિલાષ કરવો કોઈ દર્શનકારોમાં મંત્ર તંત્રાદિનો ચમત્કાર જોઈ તે તે દર્શનોમાં સત્ય છે, એમ કરી દોડી જવુ, અને પોતાની બુદ્ધિને યુક્તિની કસોટી- પર ન ચડાવવી, એ વિદ્વાનોને તો લાયક નથીજ. ગાડરીયા પ્રવાહમા તો કદી તેમ થઈ આવે છે, તેઓએ પણ પરમાર્થને માટે તો બહુજ વિચારવાનું છે. બાહ્ય ચમત્કારો જોઈ પોતાના આત્માને નિરંતરના અસત્ય ધર્મ રૂપ જોખમના ખાડામા નાખવો, એ વિચાર શક્તિ વિનાનું કામ છે.

**વિચિકિત્સા**—ધર્મ સંબંધી ફલનો સંદેહ. આ મારી જીંદગીને પરમાર્થ માર્ગે, ધર્મ રસ્તે પૂરી કરૂં છુ, પણ તેનું ફળ મળશે કે કેમ ? એ વિચાર ધાર્મિક ઉત્સાહને નબળો પાડનાર છે. સામાન્ય રીતે પણ દુનિયાની કોઈ પણ ક્રિયાનુ ફળ આપણે

નજીક કે દૂર જ્યારે અનુકૂળતાએ જોઇએ ત્યારે પારમાર્થિક ક્રિયાનું ફળ શા માટે નહિ મળે? પારમાર્થિક ક્રિયાનું ફલ આપણને પ્રથમ આત્મિક વિષયવાસનાની શાંતતા, સમપરિણામ, આત્માનો આનંદ, અને સુખમય જીંદગી વિગેરે રૂપે મળે છે, તો આગળ તેનાં મીઠાં ફળો અનુભવાશે તે નિર્વિવાદજ છે. કેમકે એક બીજ વાવ્યું હોય અને તેનો અંકુરો ફુટેલો આપણે જોયો; પાંદડાં આવતાં જોયાં, તો અનુમાન કરી શકાય છે કે આ વૃક્ષને પાણી સિંચવામાં અને રક્ષણ કરવામાં આવશે તો અવશ્ય કાળે કરી તે ફળપ્રદ થશે જ. તેમ ધર્મ પણ ફળદાયકજ છે. જે ધર્મનો અંકુરો પણ અહિં દેખાતો નથી, તે ધર્મ છે કે કેમ. અથવા તેનાથી ફળ મળશે કે કેમ તે તો સ્વાભાવિક રીતેજ સંશયયુક્ત છે.

મિથ્યા ધર્મીઓની પ્રશંસા—આ પ્રશંસા ન કરવી. ન કરવાનું કારણ એ છે કે તેથી બાળજીવો. જેને સત્યાસત્યનો નિર્ણય કરવાનું સામર્થ્ય નથી, તેઓ ઓઘશ્રદ્ધાથી પણ સત્ય ધર્મને અવલંબી રહ્યા હોય છે, તેઓ આ સન્માર્ગ મુકી દઇ તે મિથ્યા ધર્મોમાં ફસાઇ પડે છે. વળી તે ધર્મને ઉત્તેજન મળે છે. આ તો નિર્ણય છે કે કોઇ ધર્મમાં થોડો કે ઘણો કોઈ પણ ગુણ તો હોય છે. તેને જોઈ ગુણાનુરાગી તેના ગુણોનું બાળજીવો આગળ વર્ણન કરે તો તે ગુણને લઇ બાળજીવો આકર્ષાય, પણ બીજા સંખ્યાબંધ દોષો તરફ લક્ષ ન હોવાથી તે સત્ય માર્ગથી ભ્રષ્ટ થાય છે માટે આવા ગુણાનુરાગી જીવોએ તે મિથ્યા દર્શનકારોના ગુણો જોઇ મનમાં સમજવાનું છે, અથવા યોગ્યતાવાળા જીવો આગળ તે કહેવાના છે. પણ આવા બાળજીવો આગળ કહી તેમને સત્યથી ભ્રષ્ટ થવાનો વખત ન આવે, તે માટે વિશેષ સાવચેત રહેવાનું છે.

તેઓનો પરિચય—મિથ્યાધર્મિઓનો પરિચય ન કરવો. આ વાત પણ તેવા ધર્મ દઢતા સિવાયના કે ધર્મના અજાણ પણ ઓઘશ્રદ્ધાથી સત્ય ધર્મમાં રહેલા હોય, તેવાઓને માટે છે. કાંઈ સર્વને લાગુ પડતી નથી. નાના કુમળા ઝાડને વાડની જરૂર છે, પણ મોટાં વૃક્ષોને કાંઇ વાડની જરૂર નથી તેમ આ પ્રતિબંધ પણ આવા જીવો સત્ય માર્ગથી ભ્રષ્ટ ન થાય તે માટે છે. પ્રતિબંધનું કારણ એ

નિર્ણિત થાય છે કે, જગતમાં યુક્તિ કરતાં કુયુક્તિઓ વિશેષ હોય છે અને બાળ જીવોમાં બુદ્ધિની પ્રાગલ્ભ્યતા ન હોવાથી તે કુયુક્તિને રસ્તે દોરાઈ જાય છે.

આ પાંચે સમ્યક્ત્વને દૂષિત કરનાર હોવાથી તેને સમ્યક્ત્વનાં દૂષણો કહેવામાં આવ્યાં છે.

આ પ્રમાણે ટુંકામાં સમ્યક્ત્વનું સ્વરૂપ બતાવવામાં આવ્યું છે. જેમ જેમ ક્રોધ, માન, માયા અને લોભ રૂપ કષાયોની મંદતા થતી જાય છે તેમ તેમ આ સમ્યક્ત્વ નિર્મળ અને પ્રબળ થતું આવે છે. માટે ખરૂ સમ્યક્ત્વ દેવાદિ તત્ત્વોના આદરપૂર્વક કષાયની શાંતતામાંજ રહેલું છે. આ સમ્યક્ત્વની પ્રપ્તિ થવા પછી તે જીવ શ્રાવકનાં—ગૃહસ્થનાં—વ્રતો લેવાને લાયક થાય છે. સમ્યક્ત્વની પ્રાપ્તિ થવામાં આત્માની જે વિશુદ્ધતા જોઈએ તેનાથી પણ વિશેષ વિશુદ્ધતા આ ગૃહસ્થ ધર્મનાં વ્રતોમાં આવવીજ જોઇએ. ત્યારેજ ચારિત્રને રોકનાર કર્મ ઓછું થાય છે અને તેજ નિર્દૂષણપણે ગૃહસ્થ વ્રતો પાળી શકે છે

---

## પાંચ અણુવ્રતો—ગૃહસ્થ ધર્મ.

---

विरतिं स्थूलहिंसादेर्द्विविधत्रिविधादिना ।
अहिंसादीनि पंचाणुव्रतानि जगदुर्जिनाः ॥ १८ ॥

સ્થુલ હિંસાદિકની દ્વિવિધ ત્રિવિધ પ્રકારે વિરતિ કરવી, તેને જીનેશ્વરો અહિંસાદિ પાંચ અણુવ્રતો કહે છે ૧૮.

**વિવેચન**—હવે ગૃહસ્થ ધર્મ સંબંધી વ્રતો કહેવામાં આવે છે સાધુઓનાં વ્રતો પરિપૂર્ણ હોય છે અને તેથી તે સર્વ વિરતિ કહેવાય છે, પણ ગૃહસ્થોથી તે પ્રમાણે વ્રતો પાળી શકાતાં નથી, એટલે તે પૂર્ણમાંથી કેટલાક ભાગના નિયમો કરવામા આવે છે, તેને દેશ વિરતિ કહેવામાં આવે છે. અથવા તેને સ્થૂલથી વિરતિ કહેવામા આવે છે. સાધુઓ મન, વચન અને કાયાથી કરવું નહિ, કરાવવું નહિ અને કર્ત્તાને અનુમોદન આપવું નહિ, આમ નવ ભાગે કોઇ પણ જીવને મારવાના સંબંધમા, અસત્ય બોલવાના સંબંધમાં, ચોરીના સંબંધમા, અબ્રહ્મચર્યના સંબંધમાં અને પરિ-

ગ્રહના સંબંધમાં ત્યાગ કરી શકે છે, પણ ગૃહસ્થોથી તેમ બની શકતું ન હોવાથી, સ્થૂળથી લીધેલા નિયમો પણ મન, વચન, કાયાથી કરવા નહિ, અને કરાવવા નહિ, એમ છ ભાંગાઓથી લઇ શકે છે, એટલે અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહરૂપ પાંચ સ્થૂલ વ્રતો છ ભાંગાઓથી ગ્રહણ કરે છે.

## હિંસા ત્યાગ કરવાનું કારણ શું ?

**पंगुकुष्टिकुणित्वादि दृष्ट्वा हिंसाफलं सुधीः ।**
**निरागस्त्रसजंतूनां हिंसां संकल्पतस्त्यजेत् ॥ १९ ॥**

પાંગળાપણું, કોઢીઆપણું, અને હાથઆદિનું ઠુંઠાપણું; આ સર્વ હિંસા કરવાનાં ફળો છે, એમ જાણી બુદ્ધિમાન્ જીવોએ નિરપરાધી ત્રસ જીવોની સંકલ્પથી હિંસા કરવાનો ત્યાગ કરવો. ૧૯.

**વિવેચન**—શરીરમાં અનેક પ્રકારની વ્યાધિ થવી, કે અંગોપાંગાદિનું અધિક યા ઓછાપણુ, તે સર્વ હિંસાનાં ફળો છે. જેવું બીજા જીવોને દુ:ખ આપ્યું હોય તેવું પોતાને ભોગવવું પડે છે. આ નિયમ બહુધા લાગુ પડે છે માટે નિરપરાધી ત્રસ જીવોની હિંસા ન કરવી ત્રસ જીવોની હિંસા ન કરવી એ કહેવાનો એવો હેતુ છે કે પ્રથમ તો કોઈ પણ ત્રસ કે સ્થાવર જીવને નજ મારવા જોઇએ પણ ગૃહસ્થાશ્રમમા રહેવુ અને તેમ બનવુ મુશ્કેલ છે, કારણ કે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ વિગેરે જીવો સાથે રાત્રિદિવસ ગૃહસ્થોને કામ લેવું પડે છે. તેથી તેઓની હિંસાથી બચવું ગૃહસ્થો માટે મુશ્કેલ છે, છતા તેના ઉપર નિરપેક્ષ તો હોયજ નહિ અર્થાત્ વગર પ્રયોજને તેમની હિંસા ન કરે. તેમ તેઓના ઉપર નિર્દયતા હોય નહિ, પણ નહિ ચાલતાં કામ કરવું પડે છે તેમાં ત્રસ જીવોનો બચાવ તો ગૃહસ્થોથી બની શકે છે એટલે ત્રસ જીવોની વિરતિ બતાવી.

નિરપરાધી ત્રસ જીવોને ન મારવા, આ કહેવાનો હેતુ એ છે કે જો અપરાધી જીવોને ગૃહસ્થ શિક્ષા ન કરે તો તેનો ગૃહસ્થાશ્રમ ચાલી ન શકે. તેનુ ઘર લૂટી જાય, સ્ત્રી લઇ જાય, પુત્રાદિને મારી નાખે. જો રાજા હોય તો તેનું રાજ્ય લૂંટાઇ જાય, પ્રજાને

દુઃખ આપે; માટે અપરાધીને શિક્ષા આપવાનું ગૃહસ્થને ન્યાયપૂર્વક છે; અર્થાત્ તેમ કરવાથી તેના વ્રતને દૂષણ લાગતું નથી.

સંકલ્પથી હિંસાનો ત્યાગ કરવો; એ કહેવાનો હેતુ એ છે કે રસ્તે ચાલ્યો જાય છે, જોઇને ચાલે છે, છતાં કાયાની અસ્થિરતાને લઇ કોઈ ત્રસ જીવ પગ નીચે આ શરીરથી મરણ પામ્યો, તો આંહી તેનો મારવાનો ઇરાદો નથી, તેથી વ્રત ભંગ ન થાય. પણ આ જીવ ચાલ્યો જાયછે, તેને જાણી જોઇને મારી નાખવો, તે સંકલ્પથી માર્યો કહેવાય આમ નિરપરાધી ત્રસ જીવોને સંકલ્પથી ન મારવા તે ગૃહસ્થોનું પહેલું વ્રત કહેવાય છે.

## સર્વ જીવોને પોતાના જેવાજ ગણવા જોઇએ.

आत्मवत् सर्वभूतेषु सुखदुःखे प्रियाप्रिये ।
चिंतयन्नात्मनोऽनिष्टां हिंसामन्यस्य नाचरेत् ॥२०॥

જેમ પોતાને સુખ વહાલું છે, અને દુઃખ અપ્રિય છે, તેમ સર્વ જીવોને સુખ પ્રિય અને દુઃખ અપ્રિય છે, એમ જાણી પોતાને અનિષ્ટ લાગતી હિંસા બીજાના સંબંધમાં ન કરવી જોઇએ અર્થાત્ બીજા જીવોને ન મારવા જોઇએ. ૨૦.

## જેમ ત્રસ જીવોની હિંસા ન કરવી, તેમ નિરર્થક સ્થાવર જીવોની પણ ન કરવી જોઇએ.

निरर्थकां न कुर्वीत जीवेषु स्थावरेष्वपि ।
हिंसामहिंसाधर्मज्ञः कांक्षन् मोक्षमुपासकः ॥ २१ ॥

અહિંસા ધર્મના જાણ, તથા મોક્ષની ઇચ્છાવાળા શ્રાવકોએ સ્થાવર જીવોની પણ વગર પ્રયોજને હિંસા ન કરવી. ૨૧.

**કોઇને એવી શંકા થાય કે જીવહિંસા કરીને પૈસો તો મેળવવો, પછી દાન આપીને તે પાપથી છુટી જઈશું. તેને આચાર્યશ્રી કહે છે કે,**

प्राणी प्राणितलोभेन यो राज्यमपि मुंचति ।
तद्वधोत्थमघं सर्वोर्वीदानेऽपि न शाम्यति ॥२२॥

મનુષ્યો, પ્રાણીઓ, જીવનના લોભથી રાજ્યનો પણ ત્યાગ કરે છે, ( મૂકી દે છે. ) તેનો વધ કરવાથી ઉત્પન્ન થએલું પાપ આખી પૃથ્વીનું દાન આપે તોપણ કેવી રીતે શાંત થાય ? શાંત નજ થાય. ૨૨.

## હિંસા કરનારને આચાર્યશ્રી ઉપમા તથા શિક્ષા આપે છે.

वने निरपराधानां वायुतोयतृणाशिनां ॥
निघ्नन् मृगाणां मांसार्थी विशेष्यते कथं शुनः ॥ २३ ॥
दीर्यमाणः कुशेनापि यः स्वांगे हंत दूयते ॥
निर्मंतून् स कथं जंतूनंतयेन्निशितायुधैः ॥ २४ ॥
निर्मातुं क्रूरकर्माणः क्षणिकामात्मनो धृतिं ॥
समापयंति सकलं जन्मान्यस्य शरीरिणः ॥ २५ ॥
म्रियस्वेत्युच्यमानोपि देही भवति दुःखितः ॥
मार्यमाणः प्रहरणैर्दारुणैः स कथं भवेत् ॥ २६ ॥

વનને વિષે રહેનારા અને વાયુ, પાણી, તથા લીલા ઘાસને ખાનારાં બિચારાં નિરપરાધી હરિણોને મારનારા માસના અર્થીઓ કુતરાં કરતાં અધિક કેમ કહી શકાય ? અર્થાત્ નજ કહી શકાય. જે માણસ પોતાના શરીરે એક ડાભનુ તૃણ વાગવાથી પણ દુભાય છે તે નિરપરાધી પ્રાણીઓને તીક્ષ્ણ હથિયારોવડે કરી શા માટે મારતા હશે ? તે ક્રૂર કર્મ કરનારાઓ એક ક્ષણ માત્ર વાર પોતાની તૃપ્તિ કરવા માટે આ પ્રાણીઓનો આખો જન્મ નાશ કરી નાંખે છે; " અરે, તું મરી જા " એટલું કહેવાથી પણ જ્યારે પ્રાણીઓ દુ ખી થાય છે તો તેને ભયંકર શસ્ત્રોથી મારતાં કેટલું દુઃખ થતું હશે, એ મારનાર જીવે પોતેજ વિચારવાનું છે ૨૪–૨૭

श्रूयते प्राणिघातेन रौद्रध्यानपरायणौ ॥
सुभूमो ब्रह्मदत्तश्च सप्तमं नरकं गतौ ॥ २७ ॥

શાસ્ત્રમાં કહેલું છે કે પ્રાણીઓના ઘાત કરવાવડે કરી રૌદ્રધ્યાનમાં તત્પર સુભૂમ અને બ્રહ્મદત્ત ચક્રવર્તીઓ સાતમી નરકે ગયા છે.

વિવેચન—પૂર્વે **अपुत्रस्य गतिर्नास्ति**, પુત્ર વિનાના મનુષ્યોની ગતિ થતી નથી, એ શ્રુતિવાક્યથી, તપથી ભ્રષ્ટ થએલા

જમદગ્નિ તાપસે જીતશત્રુ રાજાની રેણુકા નામની કુંવરી સાથે વિવાહ કર્યો હતો; અને તેને લઈને જંગલમાં જઈ રહ્યા હતા. ઋતુકાલે તે ઋષિએ એક રેણુકા માટે અને તેની પ્રાર્થનાથી હસ્તિનાપુરના અનંતવીર્ય રાજાની રાણી, જે રેણુકાની બ્હેન થતી હતી તેને માટે, એમ બે મંત્રો આપ્યા. રેણુકા માટે બ્રાહ્મણપુત્ર ઉત્પન્ન થાય તેવો અને તેની બ્હેન માટે ક્ષત્રિય પુત્ર થાય તેવા તે મંત્રો હતા. રેણુકા જંગલના દુઃખથી કંટાળી વીર્યવાન્ પુત્ર થવા માટે પોતાની બ્હેન માટેનો મંત્ર, પોતે સ્વીકાર્યો અને બ્રાહ્મણ પુત્ર થાય તેવો બ્હેનને મોકલ્યો. કાળાંતરે પુત્ર અવતર્યો અને પરશુ વિદ્યા સાધવાથી ક્રમે **પરશુરામ** નામથી પસિદ્ધિ પામ્યો. તેની બ્હેનને કૃતવીર્ય નામે પુત્ર થયો. એક દિવસ રેણુકા પોતાની બ્હેનને મળવા ગઇ. ઇંદ્રિયોની ચપળતા દુર્વાર્ય હોવાથી કર્મ સંયોગે અનંતવીર્ય રાજા રેણુકામાં લુબ્ધ થયો અને એક પુત્રની ઉત્પત્તિ થઈ. કેટલેક અવસરે **જમદગ્નિ ઋષિ** રેણુકાને પુત્રસહિત વનમાં લઇ ગયો.

અકાળે ફળેલી વેલડીની માફક પુત્ર સહિત માતાને જોઇ ક્રોધથી પરશુરામે રેણુકાને મારી નાખી. આ વાતની અનંતવીર્ય રાજાને ખબર પડવાથી તેણે તે તાપસોનો આશ્રમ તોડી નાખ્યો, અને ગાયો પ્રમુખ લઇ તે ચાલતો થયો. પરશુરામ તેની પાછળ ગયો અને યુદ્ધમા અનંતવીર્ય રાજા મરાયો. તેની પછી તેનો પુત્ર કૃતવીર્ય રાજ્યાસનપર આવ્યો. કૃતવીર્ય મોટો થયો ત્યારે પિતાનુ વેર સાભળી આવવાથી તેણે જમદગ્નિને મારી નાંખ્યો. આ ઉપરથી પરશુરામ હસ્તિનાપુર આવી કૃતવીર્યને મારી, પોતે ગાદી ઉપર બેઠો. એ અવસરે કૃતવીર્યની સગર્ભા રાણી ત્યાથી નાસી તાપસોના આશ્રય તળે એક ભોયરામાં રહેવા લાગી. ક્ષત્રિઓ ઉપરના દ્વેષથી પરશુરામે સાતવાર નક્ષત્રી પૃથ્વી કરી. તાપસના આશ્રમે ભોંયરામાં તે રાણીને પુત્ર અવતર્યો. ચૌદ સ્વપ્નથી સૂચિત તે પુત્રનુ સુભૂમ નામ પાડવામાં આવ્યું. પરશુરામે નિમિત્તિયાને પૂછ્યુ કે " મારૂં મરણ કોનાથી થશે ? " **ખરેખર બહુ વેર વાળા જીવો નિરાંતે નિદ્રા પણ લેતા નથી અને રાત્રિ દિવસ મરણથી શંકિત રહે છે.** નિમિત્તિઆએ કહ્યું કે ક્ષ-

ત્રિઓની દાઢાનો ભરેલો થાળ જેને દેખીને ક્ષીરરૂપ થઇ જશે, તેનાથી તમારૂં મરણ થશે. તે જાણવા માટે પરશુરામે દાનશાળા બંધાવી અને દાઢાનો ભરેલો થાળ ત્યાં મૂકયો. ભોંયરામાં રહેલો સુભૂમ એક દિવસ પોતાની માતાને કહે છે કે "માતાજી, શું આ-ટલીજ પૃથ્વી છે?" માએ ઉત્તર આપ્યો "પુત્ર, પૃથ્વી ઘણી મોટી છે પણ પરશુરામના ભયથી આપણે અહીં રહીએ છીએ. તેણે તારા પિતાને મારી નાંખ્યો છે, અને જે કોઇ ક્ષત્રીને દેખે છે તેને મારી નાખે છે." સુભૂમનું ક્ષાત્રતેજ ઢાંકયું ન રહ્યું. વાત સાંભળતાંજ તેનાં નેત્રો લાલ થઇ આવ્યાં. માતાના વાર્યા છતાં તે બહાર નીકળ્યો અને જ્યાં પેલો થાળ હતો તે દાનશાળાએ આવ્યો. તેને જોતાજ થાળમાં રહેલી દાઢા ક્ષીરરૂપ થઈ ગઇ. તે સૂભૂમ પીઇ ગયો. પરશુરામને આ વાતની ખબર પડી, એટલે તે લડવા આવ્યો. પુણ્યની પ્રબળતાથી તે થાળ ચક્રરૂપ થયું, અને યુદ્ધમાં પરશુરામ મરાયો. ક્ષત્રીઓના અને પિતાના વેરથી તેણે એકવીશ વાર નબ્રાહ્મણી પૃથ્વી કરી. આ પ્રમાણે તેણે અનેક જીવોની હિંસા કરી છ ખંડ સાધ્યા. આવી અઘોર હિંસાથી સુભૂમ ચક્રવર્તી મરીને સાતમી નરકે ગયો.

**બ્રહ્મદત્તનું વૃત્તાંત—** કાંપિલ્ય નગરના બ્રહ્મરાજાની ચૂલણી રાણીએ ચૌદ સ્વપ્ન સૂચિત એક પુત્રનો જન્મ આપ્યો. તેનું નામ બ્રહ્મદત્ત રાખવામાં આવ્યું. રાજાએ ઘણા હર્ષથી પુત્રજન્મોત્સવ કર્યો. આ બ્રહ્મરાજાને કાશી દેશનો કટક રાજા, હસ્તિનાપુરનો ક-રેણુદત્ત રાજા, કોશલદેશનો દીર્ઘપૃષ્ટ રાજા, અને ચંપાનો પુષ્પચુલ રાજા એમ ચાર મિત્રો હતા. જ્યારે બ્રહ્મદત્ત બાર વર્ષની ઉમ્મરનો થયો ત્યારે અકસ્માત્ શુળના રોગથી બ્રહ્મરાજા પરલોક ગયો. બ્ર-હ્મદત્ત કુંવર નાનો હોવાથી ચાર મિત્રોએ એકએક વર્ષ વારાફરતી તેના રાજ્યનું રક્ષણ કરવાનું નક્કી કર્યું. અનુક્રમે દીર્ઘપૃષ્ટ રાજા રાજ્ય રક્ષણ કરવા માટે એક વર્ષ ત્યાં આવ્યો. અંતેઉરમાં કાર્ય પ્રસંગે જતાં આવતાં ચુલણીરાણી સાથે :વિશેષ પ્રીતિ થઈ, અને ક્રમે નિરંકુશપણે તેઓ અકાર્ય કરવામાં દોરાયાં. આ વાતની ખબર રાજ્યના મહાન્ સ્થંભ તુલ્ય ધનુ નામના મંત્રીને થઇ. તેણે પો-

તાના પુત્ર વરધનુને, બ્રહ્મદત્ત કુંવરને અવસરે તેની માતા અને દીર્ઘપૃષ્ટરાજાનું અકાર્ય જણાવવા સમજાવ્યું. વરધનુએ કુંવરને અવસરે માહિતગાર કર્યો. સંજ્ઞામાં સમજાવવા માટે હંસી અને કાગડાના સંયોગવાળું જોડલું બનાવી શૂળીથી વીંધી નાંખી પોતાની માતા અને દીર્ઘપૃષ્ટને કુમારે તે બતાવ્યું. અને વિશેષમાં જણાવ્યું કે આવાં અકાર્યો કરનારનો અન્યાય હું સહન નહિ કરતાં જીવથી મારી નાંખીશ. બાળચેષ્ટાવાળાં પણ મહાન્ ગંભીર અર્થસૂચક આ વાક્યોથી દીર્ઘપૃષ્ટ ચમક્યો, અને કુંવર નક્કી મને મારી નાંખશે એવા ઇરાદાથી તેણે કુમારની માતા ચુલણીરાણીને સમજાવ્યું કે જો તને મારી જરૂર હોય તો આ કુમારને તું મારી નખાવ. વિષયમાં અંધ થયેલી, પ્રેમાળ પણ અત્યારે શત્રુરૂપ થયેલી માતાએ તે વચન સ્વીકાર્યું, અને લાખનો મહેલ બનાવી નવોઢા રાણીની સાથે તેમાં રહેવાને કુમારને માતાએ આજ્ઞા આપી. ધનુમંત્રી આ સર્વ બીનાનો ગુપ્ત રીતે માહિતગાર હોવાથી કુમારનો બચાવ કરવા માટે "વૃદ્ધાવસ્થામાં ધર્મધ્યાન કરવું જોઇએ, હવે મારાથી રાજ્યનાં કાર્યો બની નહિ શકે, એ પ્રમાણે કહી," રાજ્ય કાર્યોથી ફારક થયો, અને નદી કિનારે દાનશાળા બંધાવી, ધર્મ કરતો ત્યાં રહ્યો. લાખનો મહેલ બનાવાતો જોઇનેજ તે કુમારના મરણ માટે આગાહી કરી રહ્યો હતો. કુમારના બચાવ માટે પોતાના મુકામની નજીકથી તે મહેલ સૂધી જમીનમાં સુરંગ ખોદાવી અને તેનુ બારણું તે મહેલમાં આવે તેમ કરી આડી એક શિલા મૂકાવી. પોતાના પુત્ર વરધનુને તેનો માહિતગાર કર્યો અને અવસરે કષ્ટ પડયે તમારે અહિંથી નીકળી ચાલ્યા જવું વિગેરે સમજાવ્યું. બ્રહ્મદત્તનાં લગ્ન કરીને તરતજ આ મહેલમાં રહેવાને માતાએ તેને હુકમ કર્યો. સરલ સ્વભાવી કુમાર માતાના આ દુષ્ટ ચેષ્ટિતને સમજી ન શક્યો રાત્રિ શાંત થઇ તથા સર્વ માણસો નિદ્રાવશ થયાં ત્યારે વહાલી પણ વેરણ માતાએ કુમાર વિદ્યમાન છતાં પોતાનાં વિષયસુખરૂપ સ્વાર્થમાં ખામી આવતી જાણી આખા મહેલને ચારે બાજુથી આગ લગાડી. અહા ! વિષયથી અંધ બનેલી માતા ! આવા ચક્રવર્તી જેવા પુત્રને પણ મારતાં પાછું વાળી જોતી

નથી. આથીજ જ્ઞાની પુરૂષો આ વિષયોને ઝેરની ઉપમા આપે છે અને જેમ બને તેમ તેનાથી મુક્ત થવા માટે જીવોને બોધ આપે છે. ભડભડાટ કરતી અગ્નિની જ્વાળાઓ ચારે બાજુ પ્રસરતી જોઇ કુંવર જાગ્યો. વરધનુ તો જાગતોજ હતો, વ્યાકુળ થઇ આગ લાગવાનું કારણ અને તેનાથી બચવાનો ઉપાય કુમારે વરધનુને પૂછયો. વરધનુએ માતાનું અને દીર્ઘપૃષ્ટનું અકાર્ય વિશેષ પ્રકારે સમજાવ્યું અને અત્યારે નાશી છુટયા સિવાય બીજો કોઇ ઉપાય રહ્યો નથી; કેમકે રાજ્ય દીર્ઘપૃષ્ટે સ્વાધીન કરી લીધું છે, વિગેરે કુમારને સમજાવ્યું, નાસી છુટવા માટે આડી શિલા આવેલી સુરંગ બતાવી. પાટુના પ્રહારથી બ્રહ્મદત્તે શિલા કાઢી નાખી અને ત્યાંથી બન્ને જણ ચાલ્યા ગયા. અન્ય રાજ્યોમાં ફરતાં અને છુપાવેશમાં રહેતાં આ કુમારે પૂર્વનાં સુકૃત કર્મને લઇને અનેક રાજકુમારિકાઓ અને મોટી ઋદ્ધિ એકઠી કરી. છેવટે દીર્ઘપૃષ્ટ રાજાને યુદ્ધમાં મારી પિતાના રાજ્યનો માલિક થયો અનુક્રમે છ ખંડ સુધી ચક્રવર્તી બિરૂદ ધારણ કર્યું

જ્યારે બ્રહ્મદત્તને દીર્ઘપૃષ્ટ રાજાના ભયથી નાસી જવું પડયું હતું ત્યારે મુશ્કેલીના વખતમાં એક બ્રાહ્મણે તેને સહાય કરી હતી. બ્રહ્મદત્તે તેને કહ્યુ હતું કે બ્રહ્મદત્ત ચક્રવર્તી ગાદી ઉપર બેઠા છે એમ તું સાંભળે ત્યારે મારી પાસે આવજે. હું તારૂં દારિદ્ર દૂર કરીશ. તે બ્રાહ્મણ બ્રહ્મદત્તને મળ્યો બ્રહ્મદત્તે તેને જે માગે તે આપવાનું કહ્યું. બ્રાહ્મણે પોતાની સ્ત્રીની શિક્ષાથી નિરંતર જૂદે જૂદે ઘેર ભોજન કરવું અને એક મહોર દક્ષિણામાં મળે એવું વચન માગ્યું. રાજાએ તે સ્વીકાર્યું. પહેલો જમવાનો વારો બ્રહ્મદત્ત ચક્રવર્તીને પોતાનેજ ઘેર આવ્યો. રાજાએ ઘણી સારી રસોઈ જમવામાં પીરસાવી, પરંતુ બ્રાહ્મણે હઠ લીધી કે જે ભોજન તમે કરો છે તેજ અમને આપો. રાજાએ ઘણો સમજાવ્યો કે ચક્રવર્તીનું ભોજન બીજાને પચે નહિ, માટે તેનો આગ્રહ ન કર. છતાં બ્રાહ્મણે તેનું કહેવું માન્ય ન કર્યું, અને ઉલટું મેણું માર્યું કે આટલું ભોજન જે રાજા આપી શકતો નથી તે બીજું શું આપશે ? આથી નિરૂપાયે રાજાએ તેના કુટુંબને પોતાનું ભોજન આપ્યું. આ ભોજન કરવા પછી તે બ્રાહ્મણનું કુ-

ટુંબ વિષયથી એટલું બધું વ્યાકુળ થઈ ગયું કે ગમ્યાગમ્યનો વિચાર ન રહ્યો. વિષયમાં લંપટ થઇ આપસમાં બ્હેન, પુત્રી અને માતા સાથે પણ વ્યભિચાર કર્યો. અને તે ભોજનના તીવ્ર નિશામાં તેઓને પ્રાયઃ આખી રાત્રિ વિટ બના થઇ. પ્રાતઃકાળ થતાં ભોજનનો નિશો શાંત થયો, ત્યારે બ્રાહ્મણ ઘણું શરમાયો; તે પોતાની જાતને ધિક્કારવા લાગ્યો, અકાર્યનો પશ્ચાત્તાપ કરવા લાગ્યો, અને લોકોને મુખ દેખાડવું કે કેમ તેની તેને ભારે ચિંતા થઈ. રાજા ઉપર તેને વિશેષ ગુસ્સો થઇ આવ્યો. રાજાએ મને જાણીનેજ આમ હેરાન કર્યો છે, માટે આ વેર હું ગમે તે પ્રકારે વાળું, એવા ઈરાદાથી તે ત્યાંથી નીકળી જ ગલમાં ગયો. ત્યાં કોઈ બકરાં ચારનાર ભરવાડ મળ્યો. તે ભરવાડ લક્ષવેધી હતો. બેઠાં બેઠાં જે પાદડાપર લક્ષ કરી કાંકરી ફેંકતો તેને તે વીધી નાખતો. આ ભરવાડને જોઇ પોતાના મનોરથો સિદ્ધ થયા જાણી, ભરવાડને થોડાક પૈસા આપવા કરી, રાજાની આંખો ફોડી નાખવાનો તે બ્રાહ્મણે નિશ્ચય કર્યો. ભરવાડને સાથે લઈ તે નગરમાં આવ્યો. રાજાની સ્વારી નીકળી એટલે દૂરથી બ્રાહ્મણે રાજાને બતાવ્યો કે આની આંખો ફોડી નાંખ તત્કાળ લક્ષ રાખી તેણે જોરથી બે કાંકરી ફેંકી. રાજાની બન્ને આખો ફુટી ગઇ. રાજાના માણસોએ તે ભરવાડને પકડી લીધો અને માર મારી મનાવતા બ્રાહ્મણના શિખવવાથી પોતે આ કર્યું છે, એમ તેણે માની દીધું રાજાના ક્રોધનો પાર રહ્યો નહિ અહા ! દુનિયાનાં માણસો કેવાં કૃતઘ્ન છે, જેના પર ઉપકાર કર્યો તેના તરફથીજ અપકાર કરાયો ! રાજાએ બ્રાહ્મણના આખા કુટુંબને મારી નખાવ્યું, પણ તેનો ક્રોધ શાત ન થયો. અજ્ઞાનથી અધ થયેલા તે રાજાનો ક્રોધ જાતિ ઉપર ગયો અને બ્રાહ્મણોની આંખો ફોડીને એક થાળ ભરી મને નિરંતર આપો કે જેને ચોળી મસળીને હું મારૂં વેર વાળી ક્રોધ શમાવું. આ પ્રમાણે પ્રધાનને કહ્યું. તેજ માફક થોડા દિવસ તો ચાલ્યું. પણ સમજુ પ્રધાનોએ તેમ થતું અટકાવી શ્લેશ્માત્મક નામનાં ફળો મંગાવ્યાં. જે આંખની જેવાં ચીકાશવાળાં અને આકારનાં હોય છે. તેનો થાળ ભરી રાજાને નિરંતર આપવા લાગ્યા રાજા તે મસળીને પોતાને કૃતાર્થ માનવા લાગ્યો. આવી રીતના ભયંકર રૌદ્ર પરિ-

ણામમાં રાજાએ પોતાના આયુષ્યનાં અવશેષ સોળ વર્ષ પૂરાં કર્યાં, અને આયુષ્ય પૂર્ણ કરી તે ચક્રવર્તી રાજા સાતમી નરકે ગયો. ત્યાં તેને મહા ઘોર વેદના સહન કરવી પડી. આ પ્રમાણે હિંસા કરનાર સુભૂમ અને બ્રહ્મદત્ત ચક્રવર્તીઓ પોતાના ઉત્તમ માનવ આયુષ્યને નિરર્થક કરી લાંબા વખત સૂધી નરકની મહા વ્યથાના ભોક્તા થયા, માટે સુખના ઇચ્છક જીવોએ કોઇ પણ જીવને દુઃખ ન આપવું. કેમકે દુઃખ આપ્યાથી અવશ્ય તેનો બદલો મળે છે.

**कुणिर्वरं वरं पंगु रशरीरी वरं पुमान् ।**
**अपि संपूर्णसर्वांगो न तु हिंसापरायणः ॥ २८ ॥**

મનુષ્યોએ હાથ વિનાના થવું તે સારૂં છે, પાંગળા થવું તે સારૂં છે, અને શરીર વિનાના થવું તે સારૂં છે, પણ સંપૂર્ણ શરીરવાળા થઈને હિંસા કરવામાં તત્પર થવું તે સારૂં નથી. ૨૮

**કેટલાએક વિઘ્ન શાંતિ માટે અને કેટલાએક કુળાચારથી હિંસા કરે છે, તેને આચાર્યશ્રી કહે છે કે,**

**हिंसा विघ्नाय जायेत्त विघ्नशांत्यै कृताऽपिहि ।**
**कुलाचारधियाप्येषा कृता कुलविनाशिनी ॥ २९ ॥**

વિઘ્નની શાંતિ થવા માટે કરાયેલી હિંસા પણ ઉલટી વિઘ્નને માટે થાય છે અને કુળાચારની બુદ્ધિથી પણ કરાએલી હિંસા કુળનો વિનાશ કરનારી થાય છે ૨૯.

**अपि वंशक्रमायातां यस्तु हिंसां परित्यजेत् ।**
**स श्रेष्ठः सुलस इव कालसौकरिकात्मजः ॥ ३० ॥**

કાલસૌકરિકના પુત્ર સુલસની માફક જે કુલક્રમથી (વંશપરંપરાએ) આવેલી પણ હિંસાનો ત્યાગ કરે છે તે શ્રેષ્ઠ કહેવાય છે. ૨૦

**વિવેચન**—સુલસ અને કાલસૌકરિક કોણ હતા અને સુલસે કુળક્રમે આવેલી હિંસાનો ત્યાગ કેવી રીતે કર્યો તે પ્રસંગોપાત જણાવવું ઉચિત છે એમ જાણી તેની ટુંક હકીકત આપવામાં આવે છે મગધ દેશની રાજગૃહિ નગરીમાં શ્રેણિકરાજા રાજ્ય કરતો હતો. તેને મહા બુદ્ધિના નિધાન સરખો બુદ્ધિમાન્ અભયકુમાર નામનો કુમાર હતો તે નગરીમાં કાલસૌકરિક નામનો કસાઈ રહેતો હતો તેને સુલસ નામે પુત્ર હતો. આ કસાઇ નિરંતર અનેક જીવોનો

વધ કરતો હતો શ્રેણિકરાજાએ તેને વધ કરતો અટકાવવા ઘણો પરિશ્રમ કર્યો પણ તે નિરર્થક ગયો. એક દિવસ રાજાએ તેને કૂવામાં બાંધી ઉંધે માથે લટકાવી રાખ્યો તો ત્યાં પણ પાણીમાં પાડા આલેખી માનસિક કલ્પનાથી તેણે અનેક જીવોને માર્યા. આ પ્રમાણે જેનાં હાડોહાડ રૈદ્રધ્યાન વ્યાપી ગયું છે તેવા પામર જીવોને બોધ આપવાને મહાજ્ઞાનીઓ પણ અશક્ત છે, તો શ્રેણિક જેવા તેને અંતરથી કેવી રીતે રોકી શકે ? હિંસામાં આસક્ત પરિણામવાળા કાળસૌકરિકને એક વખત શરીરમા મહાવ્યાધિ ઉત્પન્ન થયો, દાહજ્વરથી તેનુ શરીર બળવા લાગ્યુ, તેને કોઇ ઠેકાણે ચેન પડતુ નહોતું, મધુર ગીત ગાયનો મહા દુઃખદ લાગતાં હતાં, મધુર રસો પણ ઝેર સમાન થઇ પડતા હતા, કોમળ શય્યા પણ શુળી સમાન લાગતી હતી અને સુગંધી પદાર્થો દુર્ગંધમય અનુભવતા હતા. સુલસ જેમ જેમ તેને સારા ઉપાયો કરતો હતો તેમ તેમ તેને વિશેષ દુ.ખ થતું હતું. સુલસ મહાવીરસ્વામી પાસેથી ધર્મ પામ્યો હતો, તેના પરિણામ ઘણા કોમળ હતા નિરંતર કસાઇના ધંધાવાળા કુટુંબમાં રહેવા છતાં તેનું અંતઃકરણ નિરંતર દયાથી ભીંજાયેલુ જ રહેતુ હતું. તે મહાવીર સ્વામીનો પૂર્ણ ભક્ત હતો અને તેથીજ અભયકુમારની સાથે ધર્મની ગાંઠથી જોડાયેલ મિત્રતાવાળો હતો એક દિવસે સુલસે પોતાના પિતાની આવી વિપરીત સ્થિતિ વિષે અભયકુમારને જણાવ્યુ. અભયકુમારે કહ્યું કે તારો પિતા મહા પાપી છે. તેની આખી જીંદગી રૈદ્રધ્યાનમાં વ્યતીત થઈ છે, અને તેણે પાપકર્મોને લઈને અવશ્ય નરકનું આયુષ્ય બાધેલું હોવું જોઇએ. માટે આગામી કાળમા જેવી સ્થિતિ અનુભવવી હોય તેવી સ્થિતિનુ ભાન કાંઇક મરણની તૈયારી વેળાએ યા થોડો વખત પહેલાં થઈ આવે છે, માટે તું તેને જ્વરશાંતિ માટે ચંદનનો લેપ કરવો બંધ કરી વિષ્ટાનો લેપ કર. સુવા માટે કોમળ શય્યા દૂર કરી કાંકરા અને કાંટાવાળી શય્યા બિછાવી આપ અને ખાવા વિગેરે માટે બધી વિપરીત વસ્તુઓ આપ્યા કર. સુલસે અભયકુમારની શિક્ષા માન્ય કરી, તેજ પ્રમાણે સર્વ કરી આપ્યું. તેથી તે કાલસૌકરિકને ઘણુ સુખદાઈ લાગ્યું અને થોડા વખતમાં રૈદ્ર ધ્યાનમાં મરણ પામી તે સાતમી નરકે ગયો.

પોતાના પિતાના મરણથી અને તેની આવી અધમ સ્થિતિથી સુલસને ઘણું લાગી આવ્યું. હજારો જીવોની હિંસા કરી, પુષ્કળ દ્રવ્ય એકઠું કરેલું આંહી મૂકી છેવટનું વળવળતી સ્થિતિવાળું તેના પિતાનું ચિત્ર તેના હૃદયપટ ઉપર સજડ પડી ગયું. અહા ! શું મનુષ્યોની મમત્વ દશા ! શું અધમજીવન ! શી અજ્ઞાનતા ! કે છેવટ સુધી પણ આવી પરાભવ પામેલી દશા ! જે માનવ જીંદગીમાં મનુષ્યોનું જીવન ઉચ્ચતર ન થયું. તે જીંદગીજ શા કામની ? અને તેવા સહાયકો પણ શા કામના ? આવી દુઃખિત દશાથી પિતાનો હું બચાવ ન કરી શક્યો ! તો આ મારી પાછળના કુટુંબીઓ પણ મારો બચાવ કેવી રીતે કરી શકશે ? એ મારા પિતાના દાખલાથી મારે શિખવાનું અને સમજવાનું છે. આ પ્રમાણે વિરક્ત ભાવવાળા સુલસે પિતાના મરણનું કાર્ય સમાપ્ત કર્યું. એટલે કુટુંબીઓ આવી સુલસને કહેવા લાગ્યા કે હે સુલસ ! આ તારા પિતાનું કાર્ય તું સંભાળ અને પૂર્વની માફક ચાલતી આવેલી આ આપણી જીવહિંસક વૃત્તિથી સર્વનું પોષણ કર સુલસ કહે છે કે આવી પાપી વૃત્તિથી જીવન ચલાવવાનું હું બીલકુલ કરવાનો નથી. તમે સર્વ કુટુંબીઓ મળી કમાયેલ ધન ખાઈ જાઓ, અને જીવહિંસાના પાપથી થતું નરકાદિકનું દુઃખ તો મારે એકલાનેજ ભોગવવું કે ? કુટુંબીઓ કહે છે કે નહિ, નહિ; જેમ ધન વહેંચી લઈએ છીએ તેમ પાપ પણ વહેંચી લઈશું. તને એકલાને અમે દુઃખી થવા નહિ દઈએ, સુલસ કહે છે, ત્યારે તો બહુ સારૂં આ પ્રમાણે કહી એક કુહાડો લઈ નજીક ઉભેલા પાડાને મારવાના બાનાએ કરી ત્યાંથી ઘા ચૂકી પોતાના પગ ઉપર તે ઘા માર્યો, અને વેદનાથી વિહ્વળ થઈ જમીન ઉપર પડયો મોઢેથી પોકાર કરી કહેવા લાગ્યો કે મને ઘણી વેદના થાય છે માટે તમે સર્વ મળીને થોડી થોડી વહેંચી લ્યો, જેથી મને થોડું દુઃખ ભોગવવું પડે આ શબ્દો સાંભળી બધા દિઙ્મૂઢ બની ગયા કોઈ કાંઈ વેદના લઈ ન શક્યા, ત્યારે સુલસ બોલ્યો " ભાઈઓ, કેમ વાર લગાડો છો ? આ મારો જીવ જાય છે. " કુટુંબીઓ બોલ્યા " ભાઈ વેદના તે કેમ લઈ શકાય ? તે તો સર્વ કોઈને એકલાને ભોગવવી પડે છે. " સુલસ કહે છે " જ્યારે તમે આંહી દુઃખ કે વેદનામાં બીલકુલ

ભાગ લેતા નથી, તો પરભવે જુદી જુદી ગતિમાં કર્માનુસારે જુદા પડેલા, ત્યાં તે દુઃખમાં ભાગ લેવા ક્યાંથી આવશો? મારે તો જેમ આંહી એકલા દુઃખ ભોગવવાનું છે, તેમ ત્યાં પણ એકલાજ દુઃખ ભોગવવાનું છે. માટે દુખમાં ભાગ લેવાનું ખોટું બહાનું મૂકી દ્યો. હું તો ભગવાન્ મહાવીરનાં વચનથી જાણું છું, અને તમને પ્રતીતિ કરાવવા માટેજ મારે જાણી જોઇને પગ ઉપર ઘા લેવો પડયો છે." આ પ્રમાણે કહી આખા કુટુંબને પ્રતિબોધી તે પાપી આજીવિકાને જલાંજલિ આપી, નિર્દોષ વ્યાપારથી આજીવિકા શરૂ કરી, સુલસે પોતાનું જીવન સુધાર્યું અને કુટુંબીઓને પણ તે પાપથી બચાવ્યા. આ પ્રમાણે પરંપરાથી કુળમાં ચાલતી આવેલી હિંસાનો જેમ સુલસે ત્યાગ કર્યો અને નિર્દોષ આજીવિકા કરી પોતાનો અને કુટુંબનો ઉદ્ધાર કર્યો તેમ બીજાએ પણ પરંપરાથી ચાલતી આવેલી હિંસાનો ત્યાગ કરવો. સુલસ પોતાનું આયુષ્ય સુખમય પૂર્ણ કરી દેવલોકમાં દેવ થયો, અને ક્રમે મોક્ષ પણ જશે.

## જો હિંસાનો ત્યાગ ન કરે તો દાનાદિ સર્વ નિષ્ફળ છે એમ આચાર્યશ્રી કહે છે.

दमो देवगुरूपास्ति र्दानमध्ययनं तपः ।
सर्वमप्येतदफलं हिंसां चेन्न परित्यजेत् ॥ ३१ ॥

જો હિંસાનો ત્યાગ ન કરવામાં આવે તો ઇંદ્રિયોનું દમન કરવાપણું, દેવગુરૂની સેવા, દાન, અધ્યયન અને તપ એ સર્વ નિષ્ફળ છે. અર્થાત્ હિંસાનો ત્યાગ કર્યા વિના તેઓ બીલકુલ ફળ આપતા નથી. ૩૧.

## હિંસાના ઉપદેશક શાસ્ત્રકારોપર આક્ષેપ.

विश्वस्तो मुग्धधीर्लोकः पात्यते नरकावनौ ।
अहो नृशंसैर्लोभांधै र्हिंसाशास्त्रोपदेशकैः ॥ ३२ ॥

અહો! મહાન્ ખેદની વાત છે કે નિર્દય અને લોભથી આંધળા થએલા હિંસાવાળા શાસ્ત્રના ઉપદેશકો આ બિચારા વિશ્વાસી અને મુગ્ધ બુદ્ધિવાળા ભોળા લોકોને નરકની પૃથ્વીમાં પાડે છે. ૩૨.

તેમના શાસ્ત્રોમાં આ પ્રમાણે હિંસા કરવાનું કહ્યું છે.

यज्ञार्थं पशवः सृष्टाः स्वयमेव स्वयंभुवा ।
यज्ञोऽस्य भूत्यै सर्वस्य तस्माद्यज्ञे वधोऽवधः ॥ ३३ ॥
औषध्यः पशवो वृक्षास्तिर्यंचः पक्षिणस्तथा ।
यज्ञार्थं निधनं प्राप्ताः प्राप्नुवंत्युच्छ्रितिं पुनः ॥ ३४ ॥
मधुपर्कें च यज्ञे च पितृदैवतकर्मणि ।
अत्रैव पशवो हिंस्या नान्यत्रेत्यब्रवीन्मनुः ॥ ३५ ॥
एष्वर्थेषु पशून् हिंसन् वेदतत्त्वार्थविद्द्विजः ।
आत्मानं च पशूंश्चैव गमयत्युत्तमां गतिम् ॥ ३६ ॥

બ્રહ્માએ પોતેજ યજ્ઞને માટે પશુઓ બનાવ્યાં છે. યજ્ઞ આ સર્વ પ્રાણીઓની વિભૂતિ ( કલ્યાણ ) ને માટે છે. યજ્ઞમાં જે વધ થાય છે, તે વધ ન કહેવાય. ડાભ પ્રમુખ ઔષધીઓ, બકરા આદિ પશુઓ, વૃક્ષો, ગાય, ઘોડા આદિ તિર્યંચો અને કપિજલ આદિ પક્ષીઓ, યજ્ઞને માટે મરણ પામેલાં ફરી ઉચ્ચતા ( ઉંચી ગતિ, લાંબુ આયુષ્ય વિગેરે ) પામે છે. મનુ કહે છે કે ( મધુપર્ક ક્રિયા વિશેષ ) માં, જ્યોતિષ્ઠોમાદિ યજ્ઞમાં, અને પિતૃઓનાં અથવા દેવતાનાં કર્મો જે મહાયજ્ઞો તેમાં આટલે ઠેકાણેજ પશુઓ મારવાં, પણ બીજે ઠેકાણે મારવાં નહિ. વેદના તત્ત્વાર્થને જાણનારો બ્રાહ્મણ આ પૂર્વે કહેલ કાર્યોમાં પશુઓની હિંસા કરતો પોતાને અને પશુઓને ઉત્તમ ગતિમાં પહોંચાડે છે. ૩૩–૩૬.

આવા હિંસક શાસ્ત્રોપદેશકોના સંબંધમાં આચાર્યશ્રી નો અભિપ્રાય.

ये चक्रुः क्रूरकर्माणः शास्त्रहिंसोपदेशकाः ।
क्व ते यास्यंति नरके नास्तिकेभ्योऽपि नास्तिकाः ॥ ३७ ॥
वरं वराकश्चार्वाको योसौ प्रकटनास्तिकः ।
वेदोक्तितापसच्छद्मच्छन्नं रक्षो न जैमिनिः ॥ ३८ ॥
देवोपहारव्याजेन यज्ञव्याजेन येऽथवा ।
घ्नंति जंतून् गतघृणा घोरां ते यांति दुर्गतिम् ॥ ३९

જે ક્રૂર કર્મવાળા હિંસાના ઉપદેશવાળાં શાસ્ત્રો બનાવે છે, તે નાસ્તિકથી પણ નાસ્તિકો ક્યા નરકમાં જશે? (આશય એવો નીકળે છે કે જે નરકો વિદ્યમાન છે, તેનાથી પણ વિશેષ દુઃખ વાળી નરકમાં તે જવો જોઇએ.) બીચારો ચાર્વાક તેઓના કરતાં કાંઇક સારો છે કે તે પ્રકટ નાસ્તિક છે; અર્થાત્ તે ખુલ્લી રીતે ધર્માધર્માદિ કાંઇ માનતો નથી, અથવા જીવાજીવાદિ કાંઇ માનતો નથી. પણ (આવા હિંસાકારક) વેદનાં વચનો કહેતાં તાપસના બહાનાથી ગુપ્ત રાક્ષસ સરખો જૈમિનિ સારો નથી. દેવોને બળિદાન આપવાના બહાનાએ અથવા યજ્ઞને બહાને જેઓ નિર્દય થઇને પ્રાણીઓને મારે છે, તે ઘોરથી ઘોર પણ દુર્ગતિમાં જાય છે. ૩૭–૩૯.

शमशीलदयामूलं हित्वा धर्मं जगद्धितं ॥
अहो हिंसापि धर्माय जगदे मंदबुद्धिभिः ॥ ४० ॥

સર્વ જીવોપર સમભાવ, શીલ અને દયારૂપ મૂળવાળા, જગતને હિત કરનાર ધર્મનો ત્યાગ કરીને, મહાન્ ખેદની વાત છે કે મંદ બુદ્ધિવાળાઓ હિંસા પણ ધર્મને માટે કહેલી છે. ૪૦.

આ પ્રમાણે કુળક્રમથી ચાલતી તથા યજ્ઞ સંબંધી હિંસાનો પ્રતિષેધ કરી પિતૃનિમિત્તે હિંસા નિષેધવા માટે પ્રથમ તેઓએ પિતૃનિમિત્તે પોતાના શાસ્ત્રોમાં કહેલી હિંસા બતાવી આપે છે.

हविर्यच्चिररात्राय यच्चानंत्याय कल्पते ।
पितृभ्यो विधिवद्दत्तं तत्प्रवक्ष्याम्यशेषतः ॥ ४१ ॥
तिलैर्व्रीहियवैर्माषैरद्भिर्मूलफलेन वा ।
दत्तेन मासं प्रीयन्ते विधिवत्पितरो नृणां ॥ ४२ ॥
द्वौ मासौ मत्स्यमांसेन त्रीन्मासान् हारिणेन तु ।
औरभ्रेणाथ चतुरः शाकुनेनेह पंच तु ॥ ४३ ॥
षण्मासां छागमांसेन पार्षतेनेह सप्त वै ।
अष्टावैणस्य मांसेन रौरवेण नवैव तु ॥ ४४ ॥
दशमासांस्तु तृप्यंति वाराहमहिषामिषैः ।
शशकूर्मयोर्मांसेन मासानेकादशैव तु ॥ ४५ ॥

संवत्सरं तु गव्येन पयसा पायसेन तु ॥
वार्ध्रीणसस्य मांसेन तृप्तिर्द्वादशवार्षिकी ॥ ४६ ॥

પિતૃઓને વિધિપૂર્વક આપેલું હવિ ( શ્રાદ્ધ ) ચિરશાન્તિ માટે ( લાંબા કાળને માટે ) અને આનંત્યને માટે ( અનંત કાળને માટે ) થાય છે તે સર્વ હું કહું છું. તલ, ડાંગર, જવ, અડદ, પાણી, મૂળ અને ફળ આ સર્વ વિધિપૂર્વક આપવાથી મનુષ્યોનાં પિતૃઓ એક મહિના સુધી તૃપ્ત થાય છે. મત્સ્યના માંસવડે બે મહિના, હરિણનાં માંસવડે ત્રણ મહિના. ઘેટાના માંસવડે ચાર મહિના, અને પક્ષીના માંસવડે પાંચ મહિનાપર્યંત પિતૃઓ તૃપ્ત થાય છે. બકરાના માંસથી છ મહિના, પૃષત જાતિના હરણના માંસ વડે સાત મહિના. એણ જાતિના જનાવરના માંસવડે આઠ મહિના, તથા રૌરવ જાતિના જનાવરના માંસથી નવ મહિના, ડુક્કર અને પાડાના માંસવડે દશ મહિના. અને સસલા તથા કાચબાના માંસ વડે કરી અગિયાર મહિના પિતૃઓ તૃપ્ત થાયછે ગાયના દૂધ અને ખીરવડે બાર માસ અને વૃદ્ધ બકરાના માંસ કરી બાર વર્ષપર્યંત પિતૃઓની તૃપ્તિ થાય છે.

इति स्मृत्यनुसारेण पितॄणां तर्पणाय या ।
मूढैर्विधीयते हिंसा सापि दुर्गतिहेतवे ॥ ४७ ॥

આ પ્રમાણે પિતૃઓને તૃપ્ત કરવા માટે સ્મૃતિને અનુસારે મૂઢ પુરૂષો જે હિંસા કરે છે તે પણ દુર્ગતિને માટે થાય છે. ૪૭.

વિવેચન—નિરપરાધી, નિરાધાર, મૂગા અને કરૂણાજનક પોકાર કરતા ગરીબ પ્રાણીઓને રીબાવી રીબાવી મારીને, ધર્મ માનવો એજ પહેલી મૂર્ખતા છે, અને અગ્નિમાં નાંખેલા કે હોતૃઓએ ખાધેલા તેના માંસથી પિતૃઓની તૃપ્તિ થવી એ બીજી મૂર્ખતા છે. મરી ગએલા અને કર્માનુસાર અન્યયોનિમાં ઉત્પન્ન થએલા જીવોને આવી રીતના ક્રૂર કાર્યોથી તૃપ્ત થવું કે સુખી થવું એ કેવળ અસંભવિત છે માટે આચાર્યશ્રી કહે છે કે પિતૃતૃપ્તિનિમિત્તે કરાતી હિંસા કરનારને દુર્ગતિના કારણરૂપ થાય છે અને તે કરનાર તથા કરાવનાર બન્ને અજ્ઞાનીજ છે, તેઓ કદી નિર્ભય થઇ શકતા નથી. કેમકે મારેલા જીવ તેનો બદલો લીધા સિવાય રહેવાના નથી, અથવા કોઇ જૂદીજ રીતે હિંસા કરનારને તેનો બદલો મળે છે.

## જીવોનું રક્ષણ કરનારને ભય નથી.

यो भूतेष्वभयं दद्याद् भूतेभ्यस्तस्य नो भयं ॥
यादृग् वितीर्यते दानं तादृगासाद्यते फलं ॥ ४८ ॥

જે પ્રાણીઓને અભય આપે છે તેને પ્રાણીઓ તરફનો ભય થતો નથી. કેમકે જેવું દાન આપ્યું હોય તેવું તેનું ફળ પમાયછે. ૪૮.

## હિંસક દેવોને પણ ન પૂજવા જોઇએ.

कोदण्डदण्डचक्रासि शूलशक्तिधराः सुराः ॥
हिंसका अपि हा कष्टं पूज्यन्ते देवताधिया ॥ ४९ ॥

મોટા ખેદ સાથે જણાવવું પડે છે કે, ધનુષ્ય, દંડ, ચક્ર, ખડ્ગ, શુળ, અને શકિતને ધારણ કરવાવાળા હિંસક દેવોને પણ દેવપણાની બુદ્ધિથી (અજ્ઞાની જીવો) પૂજે છે. (અર્થાત્ તેવા દેવોને ન પૂજવા માનવા જોઇએ.) ૪૯.

## અહિંસાવ્રતની સ્તુતિ.

मातेव सर्वभूतानामहिंसा हितकारिणी ।
अहिंसैव हि संसारमरावमृतसारणिः ॥ ५० ॥
अहिंसा दुःखदावाग्निप्रावृषेण्यघनावली ।
भवभ्रमिरुगार्तानामहिंसा परमौषधीः ॥ ५१ ॥

માતાની માફક અહિંસા સર્વ જીવોને હિતકારિણી છે, અહિંસાજ સંસારરૂપી મરૂધર ભૂમીમાં (મારવાડમાં) અમૃતની નીક સમાન છે, દુઃખરૂપ દાવાનળને બુઝાવવા માટે વર્ષાઋતુના મેઘની શ્રેણી તુલ્ય છે; અને ભવોમાં પરિભ્રમણ કરવારૂપ રોગથી પીડાયેલા જીવોને પરમ ઔષધી તુલ્ય પણ અહિંસાજ છે. ૫૦–૫૧.

## અહિંસાવ્રતનું ફળ.

दीर्घमायुः परं रूपमारोग्यं श्लाघनीयता ।
अहिंसायाःफलं सर्वं किमन्यत्कामदैव सा ॥ ५२ ॥

સુખદાયી લાંબુ આયુષ્ય, ઉત્તમ રૂપ, નીરોગતા, અને પ્રશંસનીયતા, એ સર્વ અહિંસાના ફળો છે વધારે શું કહેવું? મનોવાંછિત ફળ દેવા માટે અહિંસા કામધેનુ સમાન છે. ૫૨.

## ગૃહસ્થોનું બીજું સત્ય વ્રત. ( જુઠું બોલવાનું ફળ. )

मन्मनत्वं काहलत्वं मूकत्वं मुखरोगिता ।
वीक्ष्याऽसत्यफलं कन्यालीकाद्यसत्यमुत्सृजेत् ॥ ५३ ॥

મન્મનપણું, ન સમજાય તેવી રીતે બોલવાપણું, મૂગાપણું, અને મોઢામાં થતા રોગો આ સર્વ અસત્ય બોલવાનાં ફળો છે, એમ જાણીને કન્યાલીકાદિ અસત્ય બોલવાનો ત્યાગ કરવો. ૫૩.

## કન્યાઅલીકાદિ અસત્યો બતાવે છે.

कन्यागोभूम्यलीकानि न्यासापहरणं तथा ।
कूटसाक्ष्यं च पंचेति स्थूलासत्यान्यकीर्तयन् ॥ ५४ ॥

કન્યા સંબંધી. ગાય સંબંધી, ભૂમિ સંબધી, થાપણ ઓળવવા સંબંધી, અને ખોટી શાક્ષી ભરવા સંબધી આ પાંચ મોટાં અસત્યો કહેવામાં આવ્યાં છે. ૫૪.

વિવેચન—જુઓ કે મનુષ્યોએ કાંઈ પણ અસત્ય બોલવું ન જોઈએ. તેમાં પણ સર્વથા અસત્ય બોલવાનો ત્યાગ નથી કરી શકતા. તેઓએ સ્થુળથી એટલે મોટાં મોટાં અસત્યોનો ત્યાગ કરવોજ જોઈએ. તેજ બતાવે છે કે કન્યાના સંબંધમાં અસત્ય નબોલવું. નાની હોય ને મોટી કહેવી, દૂષણવાળી હોય અને નિર્દોષ કહેવી વિગેરે, સદોષ છતાં નિર્દોષ કહી આપસમાં વિવાહિત કરવાથી તેઓની આખી જીંદગી કલેશિત નીવડે છે. કન્યાના ઉપલક્ષણથી કોઈ પણ મનુષ્ય વ્યક્તિના સંબધમાં અસત્ય ન બોલવું.

ગાયના સંબંધમાં જુઠું ન બોલવું. ઉપલક્ષણથી સર્વ જનાવરોના સંબધમા સમજી લેવું.

જમીન પરની હોય તેને પોતાની કહી દબાવી પાડવી વિગેરે જમીન સબધી અસત્ય ન બોલવું.

સારો માણુસ જાણી વગર લેખે યા વગર શાક્ષીએ કાંઇ પણ વસ્તુ પોતાને ત્યા રાખી હોય, તેને દબાવી પાડવી, યા ધણી મરણ પામ્યો હોય અને તેના સગાં વહાલાંઓને ખબર ન હોય યા હોય પણ મજબુત પુરાવા ન હોવાથી તેને છુપાવવી કે ઓળવવી, જેમ કે અમારે ત્યાં તેણે મૂકીજ નથી. આમ વિશ્વાસઘાત કરવો નહિ, યા થાપણ ઓળવવી નહિ

જૂઠી સાક્ષી ન ભરવી. પ્રમાણિક માણસ જાણી કોઇએ શાક્ષી આપી તો તે અવસરે પોતાના સંબંધમાં હોય કે પરના સંબંધમાં હોય પણ કોઈ જાતની લાલચ રાખ્યા સિવાય સત્ય કહેવું, અર્થાત્ ખોટી સાક્ષી ન આપવી. આ પાંચ મોટાં અસત્યો છે. લોકમાં પણ તે જાણીતા છે, તેનો ત્યાગ કરવો, તે ગૃહસ્થનું બીજું વ્રત કહેવાય છે.

## વિશેષ બતાવે છે.

सर्वलोकविरुद्धं यद्यद्विश्वसितघातकम् ।
यद्विपक्षश्च पुण्यस्य न वदेत्तदसूनृतं ॥ ५५ ॥

જે સર્વ લોકમાં વિરૂદ્ધ ગણાતું હોય, જે વિશ્વાસનો ઘાત કરવાવાળુ હોય અને જે પુણ્યનું વિપક્ષી હોય; અર્થાત્ પાપકારી હોય તેવું અસત્ય નજ બોલવું. ૫૫.

## અસત્ય બોલવાથી થતા ગેરફાયદા.

असत्यतो लघीयस्त्वमसत्याद्वचनीयता ।
अधोगतिरसत्याच्च तदसत्यं परित्यजेत् ॥ ५६ ॥

असत्यवचनं प्राज्ञः प्रमादेनापि नो वदेत् ।
श्रेयांसि येन भज्यन्ते वात्ययेव महाद्रुमाः ॥ ५७ ॥

असत्यवचनाद्वैरविषादाप्रत्ययादयः ।
प्रादुःषंति न के दोषाः कुपथ्याद्व्याधयो यथा ॥ ५८ ॥

निगोदेष्वथ तिर्यक्षु तथा नरकवासिषु ।
उत्पद्यन्ते मृषावादप्रसादेन शरीरिणः ॥ ५९ ॥

ब्रूयाद् भियोपरोधाद्वा नासत्यं कालिकार्यवत् ।
यस्तु ब्रूते स नरकं प्रयाति वसुराजवत् ॥ ६० ॥

અસત્ય બોલવાથી લોકમાં લઘુપણું થાય છે, અસત્ય બોલવાથી ( આ માણસ જુઠો છે, એવી ) વચનીયતા થાય છે, અને અસત્ય બોલવાથી અધોગતિ થાય છે. માટે અસત્ય બોલવાનો ત્યાગ કરવો જોઇએ. બુદ્ધિમાનોએ પ્રમાદથી પણ ( અજાણતાં પણ ) અસત્ય વચન ન બોલવું, કેમકે જેમ પ્રબળ વાયરાથી મોટાં વૃક્ષો ભાગી જાય છે તેમ અસત્યથી કલ્યાણનો નાશ થાય છે. જેમ કુ-

પથ્ય સેવવાથી ( ખાવાથી ) અનેક વ્યાધિઓ પેદા થાય છે તેમ અસત્ય વચનથી વેર, વિખવાદ, અપ્રતીતિ આદિ કયા દોષો નથી પ્રકટ થતા ? અર્થાત્ અનેક દોષો પ્રકટ થાય છે. અસત્ય બોલવાના પ્રતાપથી પ્રાણિઓ, નિગોદ, તિર્યંચ અને નરકાવાસાદિમાં ઉત્પન્ન થાય છે. રાજા પ્રમુખના ભયથી કે વહાલા મનુષ્યના આગ્રહથી પણ કાલિકાચાર્યની માફક અસત્ય નજ બોલવું. જે માણસ ભયથી કે આગ્રહ-થી અસત્ય બોલે છે. તે વસુ રાજાની માફક નરકમા જાય છે. ૫૯થી૬૦.

**વિવેચન**—કાલિકાચાર્ય અને વસુ રાજાનું દૃષ્ટાંત બતાવ-વામાં આવે છે. રમણીપુર શહેરમાં જીતશત્રુ રાજા રાજ્ય કરતો હતો. દત્ત નામના પુરોહિતને રાજાએ પ્રધાન પદવી આપી. કૃતઘ્ન સ્વભાવવાળા દત્ત પ્રધાને સામત મડળને સ્વાધિન કરી રાજાને બંદીખાને નાખ્યો અને રાજ્યાસન ઉપર પોતે બેઠો. તેણે અનેક જીવોના સંહારવાળો યજ્ઞ પ્રારભ્યો એવા અવસરમા કાલિકાચાર્ય નામના જૈનાચાર્ય તે શહેરમાં આવ્યા. આ કાલિકાચાર્ય તે દત્ત રાજાના સસાર પક્ષના મામા હતા. માતાની પ્રેરણાથી દત્ત આ-ચાર્ય પાસે આવ્યો. ઉદ્ધત સ્વભાવથી આચાર્યશ્રીને યજ્ઞના ફલ સંબધમાં પ્રશ્ન કર્યું. આચાર્યશ્રી વિચારવા લાગ્યા કે જેમાં નિરપ-રાધી અનેક જીવોનો સંહાર થાય તે ધર્મ હોય નહિ અને તેનું ફળ નરક સિવાય બીજુ છે નહિ. આ રાજાને જો હુ યજ્ઞનું ફળ નરક કહીશ, તો કોપાયમાન્ થશે, તેમજ રાજ્યસત્તા સ્વાધિન હો-વાથી તે મને પણ હેરાન કરશે. અને બીજી બાજુ જો યથાસ્થિત નથી કહેતો, તો મારા સત્ય વ્રતનો લોપ થાય છે અને જીનેશ્વરની આજ્ઞાનો ભંગ થાય છે. આમ ઉભય રીતે મને સકટમા આવ-વાનું છે, છતાં ભલે સત્ય બોલવાથી શરીરનો નાશ થતો હોય તો થાઓ પણ અસત્ય તો નજ કહેવું. ક્ષણભંગુર સ્વભાવવાળા આ શરીરના સુખ માટે યા રક્ષણ માટે જેઓ પોતાના સત્યવ્રતને જ-લાંજલિ આપે છે તે નરકાદિમાં મહા ઘોર રૌરવ વેદના સહન ક-રે છે. તેવા હતભાગી જીવોનું જીવન આ દુનિયા ઉપર નકામું છે. આમ દૃઢ નિર્ણય કરી આચાર્યશ્રીએ કહ્યું, “હે દત્ત ! આવી જી-વહિંસાવાળા યજ્ઞો કરનાર મરીને નરકે જાય છે.” આ સાંભળતાંજ

દત્તના રોમે રોમે કોપ વ્યાપી ગયો. આચાર્ય ઉપર તુચ્છકાર શબ્દ કરી દત્ત ઉભો થયો અને આક્રોશ કરતો બોલ્યો કે તેની નિશાની શું ? આચાર્યે ઉપયોગ દઈ કહ્યું કે "આજથી સાતમે દિવસે તું કુંભીની અંદર પચાવાઇશ અને મરણ પામીશ." દત્તે કહ્યું તેની નિશાની શું ? આચાર્યશ્રીએ કહ્યું, "કુંભિમાં પડયા પહેલાં તારા મુખમાં વિષ્ટાનો છાંટો પડશે." દત્તને ભય લાગ્યો આચાર્યનું કહેવું સત્ય તો નહિ હોય ! આચાર્યને ફરતી ચોકી મુકી દત્ત ચાલ્યો ગયો, મરણના ભયથી છ દિવસ ઘરમાં રહ્યો. ઉત્સુકતાથી છઠ્ઠા દિવસને સાતમો ગણી મારૂં મરણ ન થયું, હવે આચાર્યને વિડંબના કરી મારી નાખું. આ ઇરાદાથી તે મહેલથી ઘોડા ઉપર બેસી બહાર જવા નીકળ્યો. તે દિવસે સરિયામ રસ્તા ઉપર થઈ પ્રાતઃકાળમાં એક બુઢો માળી ફુલ લઈને જતો હતો. તેને રોગાદિ કારણથી ઝાડાની હાઝત થઇ ગઇ. તેથી ત્યાંજ હાજત પુરી કરી; તેના ઉપર ફુલ કેટલાંક ઢાંકી ચાલતો થયો. રાજા ત્યાં થઇને નીકળ્યો. ઘોડાના પગનો દાબડો જોરથી ફુલ ઉપર પડયો. અને તેમાંથી વિષ્ટાનો છાંટો ઉડી રાજાના મુખમાં પડયો. વિષ્ટા પડતાંજ રાજા ચમકયો અને પાછો ફર્યો, ભયથી તે મહેલમાં પેઠો; તેના અન્યાયથી કંટાળી ગએલા સામંતોએ પૂર્વના રાજાને બંદીખાનામાંથી બહાર કાઢયો અને રાજ્ય ઉપર બેસાર્યો. કોપાયમાન થએલા રાજાએ દત્તને બાંધી મંગાવ્યો અને કુંભિમાં નાંખી હેઠલ તાપ કરી કાગડા કુતરાને તેનું શરીર ખવડાવ્યું. દત્ત મરણ પામી રૌદ્ર ધ્યાનથી નરકે ગયો; આચાર્યશ્રીનો યશોવાદ થયો. આવી રીતે ભયમાં આવી પડેલા પણ આચાર્યશ્રીએ અસત્ય નજ કહ્યું; તેમ કોઇના ભયથી અસત્ય ન બોલવું એ આ કથામાંથી સાર લેવાનો છે.

---

## વસુરાજાનું દ્રષ્ટાંત.

ચેદી દેશના શુકિતમતિ શહેરમાં અભિચંદ્ર નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને બુદ્ધિમાન્ વસુ નામનો કુમાર હતો. ક્ષીર કદંબ નામના ઉપાંધ્યાય ગૃહસ્થ ગુરૂ પાસે વસુકુમાર, નારદ અને તે ઉપાધ્યાયનો પર્વત નામનો પુત્ર એ ત્રણે સહાધ્યાયીપણે ભણતા

હતા એક દિવસે અગાશીમાં સુતેલા આ ત્રણે વિદ્યાર્થીઓને જોઈ વિદ્યાધર મુનિએ બીજા મુનિને કહ્યું કે આ ત્રણમાંથી બે નરકગામી છે અને એક દેવલોકમાં જશે આ સાંભળી ઉપાધ્યાએ તેમની પરીક્ષા કરી, અને તે પરીક્ષામાં પોતાના પુત્રને નરકમાં જનાર જાણી પોતાના પ્રયાસને નિરર્થક ગણતો સંસાર વાસનાથી વિરક્ત થઇ તેણે ત્યાગીનો માર્ગ સ્વીકાર કર્યો.

રાજા મરણ પામ્યા બાદ વસુ રાજા થયો. પર્વત ઉપાધ્યાયપદ ઉપર આવ્યો અને નારદ કોઈ બીજે ઠેકાણે ચાલ્યો ગયો.

વસુ રાજા સત્ય બોલતો હતો અને સત્યવાદી તરીકે તેની દુનિયામાં પ્રખ્યાતિ થઈ હતી એક સ્વચ્છ સ્ફટિક રત્નની શિલાનું આસન બનાવી તેના ઉપર સિંહાસન સ્થાપન કરી વસુરાજા સભામાં તે ઉપર બેસતો હતો. લોકો અતિ સ્વચ્છતાને લઇને તે આસનને જોઇ શક્તા નહોતા. તેથી સત્યના પ્રભાવે દેવો આ રાજાનું સિંહાસન આકાશમા અધર રાખે છે, આવી પ્રખ્યાતિને પામ્યો. એક દિવસે નારદ પર્વતને ઘેર આવ્યો. પર્વત વેદ સબંધી શિષ્યો આગળ વ્યાખ્યા કરતો હતો, તેમાં જ્યા અજ શબ્દ આવ્યો ત્યારે પર્વતે બકરાંને હોમવા તેવો અર્થ કર્યો. નારદે કહ્યું, ભાઇ તારીભૂલ થાય છે. ગુરૂજીએ અજ શબ્દે ત્રણ વર્ષની જુની ડાંગર ( વ્રીહિ ) કહી છે. કેમકે ( न जायते इति अज ) જે ફરીવાર ઉગે નહિ તે અજ કહેવાય. અજનો અર્થ બકરો પણ થાય છે, છતાં આંહી તેનો ગાણ અર્થ લેવાનો છે. ગુરૂ ઉપદેશક હતા; શ્રુતિ પણ ધર્મકથન કરનારી છે તો અજનો અર્થ બકરો લઇ આવો અનર્થ કરી ગુરૂ અને શ્રુતિને તારે દૂષિત ન કરવી જોઈએ. પોતાના વચન ઉપર શિષ્યોને અપ્રતીતિ થશે તેમ જાણી પર્વતે ગુસ્સે થઇ કહ્યું. ખરો અર્થ બકરો છે અને ગુરૂએ પણ તેમજ કહ્યું છે. આપણે તેનો નિર્ણય કરીએ. જે જુઠો પડે તેની જીભ કાપવી. આ અર્થમાં આપણો સહાધ્યાયી વસુ રાજા પ્રમાણ છે. નારદે તેમ કબુલ કર્યું. પર્વતની માતાએ ગુપ્ત બોલાવી તેને ઘણો વાર્યો કે બેટા, મેં પણ તારા પિતાના મુખથી ત્રણ વર્ષની ડાંગર એ અર્થ સાંભળ્યો છે માટે નારદ પાસે માફી માગ. વસુ રાજા સત્ય બોલશે; અને આમાં તારા જીવનું જોખમ થશે. પર્વતે કહ્યું; ગમે તેમ થાઓ પણ હું તો હવે પાછો ફરવાનો નહિ.

પુત્રસ્નેહથી તેની મા વસુ રાજા પાસે ગઇ. એકાંતમ પુત્રનો તથા નારદનો સંવાદ કહ્યો અને તેણે હઠ કરી, ગમે તેમ કરી ગુરૂપુત્રને પ્રાણભિક્ષા આપવાનો આગ્રહ કર્યો. રાજા વસુ સત્યવાદી હતો. પ્રથમ તો જુઠી સાક્ષી ભરવા આનાકાની કરી પણ દાક્ષિણ્યતાથી, સ્રીના આગ્રહથી અને ગુરૂપુત્રના સ્નેહથી તેણે તે વાત અંગીકાર કરી; ખરેખર મોહથી મોહિત થએલા જીવો કસોટીના અવસરે દૃઢ રહી શકતા નથી તેમજ પોતાની ખ્યાતિનો પણ ખ્યાલ કરતા નથી. વસુએ હા પાડવાથી ખુશી થઈ ગુરૂપત્ની ઘેર ગઇ. પ્રાતઃકાળમાં પર્વત અને નારદ સભામાં આવ્યા અને પોતપોતાનો વિવાદ કહી સંભળાવ્યો સભાના લોકોએ કહ્યું મહારાજ વસુ તમે સત્યવાદી છો માટે જે સત્ય હોય તે કહી આપી આ વિવાદનો નિર્ણય કરી આપો. કુમતિથી પ્રેરાઇ દુર્બુદ્ધિ રાજાએ અજનો અર્થ ગુરૂએ બકરો કહ્યો છે તેવી સાક્ષી આપી. આ સાક્ષી આપતાજ નજીકમાં રહેલા કોઇ વ્યંતર દેવે તત્કાળ વસુ રાજાને સિંહાસન પરથી નીચો નાખ્યો, અને પછાડીને મારી નાખ્યો. અને તે મરીને નરકે ગયો. અસત્ય બોલનારા પાપીને તેનું પાપ ફલીભૂત થયુ. આમ કહી નારદ ત્યાથી ચાલ્યો ગયો સભાના લોકોએ ધીટકાર આપેલો પર્વત પણ ત્યાંથી ચાલ્યો ગયો અને અદ્યાપિ પર્યંત જુઠી સાક્ષી આપનાર રાજાની અપકીર્ત્તિ દુનિયામાં ફેલાતી રહી. માટે ગમે તેવા પ્રસંગમાં સત્યજ બોલવું પણ સ્નેહથી કે લોભથી પ્રેરાઇ જૂઠી સાક્ષી નજ આપવી એ આ કથામાથી સાર લેવાનો છે.

**न सत्यमपि भाषेत परपीडाकरं वचः ॥**
**लोकेऽपि श्रूयते यस्मात् काशिको नरकं गतः ॥ ६१ ॥**

બીજાને જેથી પીડા થાય તેવા સત્ય વચનો પણ ન બોલવાં કારણ કે લોકમાં પણ સંભળાય છે કે તેવાં વચનો બોલી કૌશિક નરકમા ગયો. ૬૧.

**વિવેચન**—પરને પીડા થાય તેનો બચાવ કરવા માટે અસત્ય બોલવું એમ કહેવાનો આશય નથી. પણ તેવે ઠેકાણે બોલ્યા વિના મૌન રહેવું વધારે સારૂં છે. જેમકે એક રસ્તામાં ચાલતા માણસને શિકારી માણસે પૂછ્યું કે આંહીથી હરિણનું ટોળું ગયેલું તમે જોયું? તે ટોળું જતું તેણે જોયું હતું. હવે જો હા પાડી તે

રસ્તો બતાવે તો તે પારધિઓ તેને મારી નાંખે, સાચું બોલવું એ બિચારા નિરપરાધી જીવોના મરણનું કારણ હતું આવે ઠેકાણે વિચાર કરીને તેણે એવો ઉત્તર આપવો જોઇએ કે તે હરિણનો વિનાશ ન થાય અને અસત્ય પણ ન બોલાય. તેવો ઉત્તર ન આવડે તો ઉત્તર ન આપવો તે વધારે સારૂ છે. પણ ડાહ્યા થઇ તેવે ઠેકાણે સત્ય પ્રકાશિત કરવાનુ નથી એ ધ્યાનમાં રાખવું જોઇએ. આ તો એકજ દૃષ્ટાંત છે. પણ તેના જેવા બીજા અનેક પ્રસંગોમા પણ બન્ને રીતે સાવધ રહેવું જોઇએ; તથા અહિંસા વ્રત રૂપ પાણીના રક્ષણને માટે, આ બીજા વ્રતો પાળ સરખાં છે. સત્ય વ્રતના ભંગ કરવા રૂપ પાળ ફોડી નાખવાથી, અહિંસા રૂપ પાણી ચાલ્યુ જાય છે, અને તેથી તૃષા રૂપ અનેક પ્રકારનાં દુખોનો અનુભવ કરવો પડે છે. બુદ્ધિમાનોએ સર્વ જીવોને ઉપકારક સત્યજ બોલવું જોઇએ, અથવા સર્વાર્થ સાધક મૌનપણેજ રહેવુ, પણ અસત્ય બોલી સ્વ–પર–ને દુ.ખકર્ત્તા તો નજ થવુ. કોઇએ પૂછયે છતે મર્મના જાણ મનુષ્યે, વૈરના કારણરૂપ, શંકાસ્પદ, કર્કશ, અને હિંસાસૂચક વચન ન બોલવું; પણ ધર્મનો ધ્વંસ થતો હોય, ક્રિયાનો લોપ થતો હોય, સિદ્ધાંતાર્થનો વિનાશ થતો હોય તો નહિ પૂછયે પણ શક્તિમાનોએ તેનો નિષેધ્ કરવા માટે પ્રયત્ન કરવો. ચાર્વાક અને કૌલિકાદિકોએ અસત્ય બોલવે કરી, આ જગતને વિડંબિત કર્યું છે. ખરેખર નગરની ખાળ સરખું તે અસત્ય બોલનારનું મુખ છે કે, જેમાંથી મલિનતાથી ભરપુર પાણી સરખું વચન નીકળે છે. દાવાનળમાં બળેલાં વૃક્ષો વર્ષાૠતુમાં કદાપિ નવપલ્લવિત થાય છે, પણ દુર્વચનરૂપ અગ્નિથી દગ્ધ થએલાં મનુષ્યો સાર્દ્ર થતાં નથી. સત્ય વચનો માનવોને જેટલો આહ્લાદ આપે છે તેટલો આહ્લાદ, ચંદન, ચંદ્રિકા, ચંદ્રમણિ અને મોતી પ્રમુખની માળાઓ નથી આપતી.

શિખા રાખનાર, મુંડન કરાવનાર, જટા રાખનાર, નગ્ન રહેનાર, અને વસ્ત્ર પહેરી તપસ્યા કરનારા તપસ્વીઓ પણ જો મિથ્યા બોલે તો અંત્યજથી પણ તે નિંદનીય થાય છે. એક તરફ અસત્યથી થતું પાપ અને એક બાજુ બીજાં સર્વ પાપો એકઠાં કરી, તુલામાં નાખી તોળવામાં આવે તો, અસત્ય બોલવાનું પાપ વધી જાય છે.

પરસ્ત્રીરિક અને ચોર પ્રમુખનો હજી કોઇ પ્રતિકાર થઇ શકે છે, પણ અસત્ય બોલનાર મનુષ્યોનો કોઇ પ્રતિકાર અસત્ય મૂક્યા સિવાય નથી. દેવો પણ પક્ષપાત કરે છે, રાજાઓ આના માન્ય કરે છે, અને અગ્નિ પ્રમુખ પણ શીતળ થઇ જાય છે; આ સત્ય બોલવાનાંજ ફળો છે.

अल्पादपि मृषावादाद्रौरवादिषु संभवः ।
अन्यथा वदतां जैनीं वाचं त्वहह का गतिः ॥ ६२ ॥

થોડા પણ મૃષાવાદથી નરકાદિકમાં ઉત્પન્ન થવું પડે છે તો જીનેશ્વરની વાણીને અન્યથા બોલતાં અરેરે તેઓની શું ગતિ થશે? ૬૨.

## સત્યવાદીની સ્તુતિ કરે છે.

ज्ञानचारित्रयोर्मूलं सत्यमेव वदन्ति ये ।
धात्री पवित्रीक्रियते तेषां चरणरेणुभिः ॥ ६३ ॥
अलीकं ये न भाषन्ते सत्यव्रतमहाधनाः ।
नापराद्धुमलं तेभ्यो भूतप्रेतोरगादयः ॥ ६४ ॥

જે મનુષ્યો જ્ઞાન અને ચારિત્રના મૂળરૂપ સત્યનેજ બોલે છે. તે મનુષ્યોના પગની રેણુવડે કરીને આ પૃથ્વી પવિત્ર થાય છે. તથા સત્યવ્રતરૂપ મહાધનવાળા જે જીવો અસત્ય બોલતા નથી. તેઓને દુઃખ આપવા માટે ભૂત પ્રેત અને સર્પાદિ કોઇ પણ સમર્થ થતા નથી. (આ પ્રમાણે ગૃહસ્થોના બીજા વ્રતનું સ્વરૂપ સમાપ્ત થયું) ૬૩-૬૪.

## ત્રીજા અસ્તેયવ્રતનું સ્વરૂપ, ચોરીનું ફળ અને તેનો નિષેધ.

दौर्भाग्यं प्रेष्यतां दास्यमंगच्छेदं दरिद्रताम् ।
अदत्तात्तफलं ज्ञात्वा स्थूलस्तेयं विवर्जयेत् ॥ ६५ ॥

દુર્ભાગ્યપણું, પ્રેષ્યપણું (પરનું કામ કરવાપણું), દાસપણું (શરીરની પરાધિનતા), શરીરનું છેદાવું અને દરિદ્રતા, એ ચોરી કરવાનાં ફળોને જાણીને (સુખના અર્થી ગૃહસ્થોએ) ધણીની રજા સિવાય વસ્તુ લેવારૂપ ચોરીનો ત્યાગ કરવો. ૬૫

## કઇ વસ્તુ અદત્ત કહી શકાય.

पतितं विस्मृतं नष्टं स्थितं स्थापितमाहितं ।
अदत्तं नाददीत स्वं परकीयं क्वचित्सुधीः ॥ ६६ ॥

પડી ગયેલું, ભુલાઇ ગયેલું, નષ્ટ થએલું (કોઇ લઇ ગયેલું), ઘરમાં રહેલું, સ્થાપન કરેલું, અને દાટેલું, આ સર્વ પરનું ધન બુદ્ધિમાન્ જીવોએ ધણીના આપ્યા સિવાય કોઇપણ વખત લેવું નહિં. ૬૬.

(ચોરી કરનાર ધનજ લે છે એટલું નહિ પણ સાથે તેનું બીજું પણ નાશ કરે છે.)

**अयं लोकः परलोको धर्मो धैर्यं धृतिर्मतिः ।**
**मुष्णता परकीयं स्वं मुषितं सर्वमप्यदः ॥ ६७ ॥**

પરનુ ધન ચોરનાર માણસે તેનું ધનજ લૂટ્યુ છે એટલુંજ નહિ પણ તેની સાથે તેનો આ ભવ, પરભવ, ધર્મ, ધૈર્યતા, ધૃતિ અને મતિ આ સર્વ ચોરેલું છે એમ સમજવું. કેમકે ધન લૂટાયાની ગમગીનીમાં તેનો આ ભવ બગડે છે, ધીરતા રહેતી નથી, શાંતિમાં ખલલ પડે છે અને બુદ્ધિ ગુમ થઇ જાય છે. માટે એક ધન ચોરનારે ધનજ લુટયું એમ નહિ પણ તેણે આ સર્વ વસ્તુઓનો નાશ કર્યો છે એમ સમજવુ. ૬૭.

---

## જીવહિંસાથી પણ ચોરીનો દોષ અધિક છે.

**एकस्यैकक्षणं दुःखं मार्यमाणस्य जायते ।**
**सपुत्रपौत्रस्य पुनर्यावज्जीवं हृते धने ॥ ६८ ॥**

એક જીવને મારવામાં આવે તો તે મારતાં એક ક્ષણવાર મરનાર જીવને દુઃખ થાય છે, પણ ધનનુ હરણ કરવાથી તો તેના પુત્ર પૌત્રાદિ આખા કુટુંબને યાવત્ જીવ પર્યંત દુ.ખ થાય છે. ૬૮

**चौर्यपापद्रुमस्येह वधबंधादिकं फलम् ।**
**जायते परलोके तु फलं नरकवेदना ॥ ६९ ॥**

ચોરી રૂપ પાપવૃક્ષના ફલો આ ભવમાં વધ બંધાદિકથી અને પરલોકમાં નરકની વેદનાએ કરી ભોગવવાં પડે છે. ૬૯

**दिवसे वा रजन्यां वा स्वप्ने वा जागरेपि वा ।**
**सशल्य इव चौर्येण नैति स्वास्थ्यं नरः क्वचित् ॥ ७० ॥**

શરીરમાં રહેલ શલ્યવાળા માણસની માફક દિવસે અથવા રાત્રે સ્વપ્નમાં કે જાગૃતમાં ચોરી કરવાવાળો માણસ કોઇ પણ વખત શાંતિ પામતો નથી. ૭૦

**मित्रपुत्रकलत्राणि भ्रातरः पितरोपि हि ।**
**संसज्जन्ति क्षणमपि न म्लेच्छैरिव तस्करैः ॥ ७१ ॥**

તેમજ ચોરી કરનારનાં મિત્ર, પુત્ર, સ્ત્રી, ભાઈઓ, અને માતા પિતાઓ વિગેરે જેમ મ્લેચ્છની સાથે તેમ તે ચોરની સાથે (રાજ્ય દંડના ભયથી યા પાપના ભયથી) એક ક્ષણમાત્ર પણ સંસર્ગ કરતાં નથી. ૭૧

**संबंध्यपि निगृह्येत चौर्यान्मंडूकवन्नृपैः ।**
**चौरोपि त्यक्तचौर्यः स्यात्स्वर्गभाग् रोहिणेयवत् ॥ ७२ ॥**

ચોરી કરવાવાળા પોતાના સબંધીનો પણ મંડુકની માફક રાજાઓ નિગ્રહ કરે છે. અને ચોર હોય તો પણ ચોરીનો ત્યાગ કરવાથી રોહિણીયાની માફક સ્વર્ગને ભોગવનાર દેવ થાય છે. ૭૨

(તે બન્ને દૃષ્ટાંતો બતાવે છે) બેન્નાતટ નામના નગરમાં મૂલદેવ રાજા રાજ્ય કરતો હતો. તેના રાજ્યમાં ચોરનો એટલો બધો ઉપદ્રવ વધી પડયો હતો કે, ધન માલ વિનાનાં સખ્યાબંધ કુટુંબો નિરાધાર સ્થિતિમાં આવી પડયાં હતાં એક દિવસે પ્રજાના આગેવાન લોકોએ એકઠા થઇ રાજાને વિજ્ઞપ્તિ કરી કે, હે રાજન્ કાંતો ચોરોથી અમારા ધન માલનું રક્ષણ કરો. નહિતર અમને રજા આપો તો બીજા નિરૂપદ્રવ રાજ્યમાં જઇને રહીએ. આ સાંભળતાંજ રાજા એકદમ આવેશમાં આવી ગયો અને બોલી ઉઠયો કે, અહા! મારી પ્રજા આટલી બધી દુ:ખી! અરે! મારા નિમકહલાલ કોટવાળો શું કાંઇ ખબર રાખતા નથી? તત્કાળ રાજાએ કોટવાળને બોલાવ્યો, કોટવાળ ઉદાસીન ચેહેરે રાજાના સન્મુખ હાથ જોડી કહેવા લાગ્યો, મહારાજ! અમે સર્વે નિર્દોષ છીએ, અમે આખી રાત ચોરોની શોધમા છીએ, પણ ચોરો હાથ લાગતા નથી. છતાં આપના માનવામાં ન આવે તો, આ કોટવાળમુદ્રા બીજાને અર્પણ કરો. રાજા સ્તબ્ધ થઈ ગયો ચોર કોઈ મહાન્ પ્રચંડ અને શક્તિમાન જણાયછે કોટવાળ વિગેરે નિર્દોષ હોય એ તેના ચહેરા અને વચનો પરથી જણાઇ આવે છે. સભા વિસર્જન કરી ચોર શોધવા માટે રાજા પોતે ગુપ્ત ખડ્ગ લઈ નીકળી પડયો ચોરનાં સ્થાનકે રાજા ઘણું ફર્યો, આખર થાકી એક દેવલમા સૂઇ ગયો મધ્ય રાત્રિના સમયે કોઇ એક મંડુક નામનો ચોર ત્યા આવ્યો, અને ઉંચે

સ્વરે બોલ્યો કે આંહી કોણ સુતો છે? રાજા કપટથી બોલ્યો કે હું એક પરદેશી કાપડી છું. ચોરે પરદેશી જાણીને કહ્યું, ચાલ મારી સાથે, તને ધનવાન્ બનાવું. રાજા તેની પછાડી ગયો. એક શેઠનું ઘર ફાડી ઘણું ધન કાઢ્યું, અને રાજાને માથે તે ઉપડાવ્યું. ત્યાંથી એક જીર્ણ ઉદ્યાનમા જઈ એક ભોંયરૂં ઉઘાડ્યું; રાજા સહિત ચોર અંદર ગયો. ત્યાં નાગકુમારી સરખી એક જુવાન સ્ત્રી હતી. તેને ચોરે કહ્યું. બેન! આ આવેલ આપણા અતિથિના પગ ધોઇ નાંખ, ભાઇનો હુકમ થતાંજ એક કૂવાના કિનારા ઉપર તેને લઇ જઇ તેના પગ ધોવા બેઠી. તેના પગનો કોમળ સ્પર્શ લાગવાથી આ કોઇ ઉત્તમ મનુષ્ય છે, એમ નિર્ણય કરી દયા અને સ્નેહની લાગણીથી તે સ્રીએ કહ્યું કે પગ ધોવાના મિષથી હું તને આ કુવામાં ફેંકી દેવાની હતી, પણ તારા ઉપર મને સ્નેહ આવે છે માટે તારા ભલા માટે કહું છું કે આંહીથી તારાથી નસાય તેમ નાસી જા. રાજા શૂરવીર છતાં અવસર ઓળખી ત્યાંથી ચાલ્યો ગયો. પોતાનો બચાવ કરવા માટે રાજા કેટલેક દૂર ગયો એટલે તેણીએ બુમ પાડી કે ભાઇ, આ માણુસ નાસી જાય છે. ચોર ખડ્ગ લઇ પાછળ થયો. તેને નજીક આવતો જોઇ એક પત્થરના શ્વેત થાંભલા પાછળ રાજા ભરાઇ ગયો. ક્રોધે કરી તે સ્થંભ ઉપર ખડ્ગનો પ્રહાર કરી તે માણુસને મેં મારી નાંખ્યો એમ અંધકારમાં નિર્ણય કરી ચોર પાછો ફર્યો. ચોર મળવાથી રાજા ખુશી થઇ મહેલમાં આવી સુઇ રહ્યા. બીજે દિવસે રાજા શહેરમાં ફરવા નીકળ્યો અને તે ચોરને એક ઠેકાણે વસ્ત્ર તુણવાનો ધંધો કરતો જોઇ ઓળખી, મુકામે આવી, તેને બહુ માનથી બોલાવી લાવવા કોટવાળને મોકલ્યો. તે માણુસોને પાસે આવેલાં જોઈ ચોર ચમક્યો; પેલો માણુસ મરાયો નથી એમ તેને ખાત્રી થઈ. પેલા માણુસોએ રાજા પાસે આવવા કહ્યું. વગર આનાકાનીએ તે તેણે સ્વીકાર્યું તે સભામા આવ્યો, રાજાએ બહુમાન કરી આસન ઉપર બેસાર્યો અને કહ્યું કે તારી બેન મને આપ. ચોરને નિર્ણય થયો કે તે મારી બેનને જાણનાર પોતેજ છે. ચોરે પોતાની બેન રાજાને આપી. રાજાએ તેણીના ઉપકારનો બદલો વાળી આપી તેને રાણી કરી રાખી. ચોરને સારી નોકરીમાં

રાખ્યો અને હળવે હળવે કાર્યપ્રસંગે તેની પાસેથી દ્રવ્ય રાજાએ કઢાવવા માંડ્યું. જ્યારે સર્વ દ્રવ્ય ખાલી થઈ ગયું ત્યારે ચોરની બેન પોતાની રાણીને પુછ્યું કે હજી તેની પાસે કેટલું ધન છે? રાણીએ જવાબ આપ્યો કે હવે તેની પાસે કાંઈ નથી. પછી રાજાએ જેનું ધન ચોરાયું હતુ તેને પાછું આપી દીધુ અને તે મંડુક ચોરને મારી નખાવ્યો. આ પ્રમાણે ચોરી કરનાર ચોર જે પોતાનો સંબંધી હતો તોપણ રાજાએ તેને મારી નંખાવ્યો. માટે ચોરી કરનાર કદી સુખી તથા વિશ્વસનીય થતો નથી એમ જાણી ચોરીનો ત્યાગ કરવો. એ મંડુક ચોરની કથા કહી.

## હવે રોહણીયા ચોરની કથા કહે છે.

રાજગૃહી નગરીમાં પરમાર્હત શ્રેણીક રાજા રાજ્ય કરતો હતો તેને અભયકુમાર બુદ્ધિનિધાન પુત્ર હતો. રાજગૃહીના નજીકમાં આવેલા વૈભારગિરિ પહાડની ગુફામાં લોહખુર નામનો ચોર રહેતો હતો. તે રાજગૃહીની પ્રજાના જાન માલની ચોરી કરી આજીવિકા ચલાવતો. રોહિણી નામની સ્ત્રીથી રોહણીઓ નામનો તેને એક પુત્ર થયો. પોતાના મરણ અવસરે તેણે રોહણીઆને બોલાવી કહ્યુ, બેટા! એક મારી શિખામણ માન્ય કર. પુત્ર ખુશી થઇ બોલ્યો, પિતાજી, ખુશીથી કહો, તમે મારા હિતનુંજ કહેતા હશોને? લોહખુરે કહ્યુ, આંહી કેટલીક વખત મહાવીરદેવ નામે સાધુ સમવસરણમાં બેસી ધર્મદેશના કહે છે તે તારે સાંભળવી નહિ, કેમકે તે માણસોને આડુંઅવળું સમજાવી સાધુ બનાવી દે છે. “ખરેખર મોહાંધ હતભાગ્ય જીવોને કેવો સ્વાર્થ છે! આ પ્રભુની દેશના સાંભળશે તો મારો છોકરો ચોરી કરવાનું મૂકી દેશે, આ આશયથી છોકરાને કેવો આડે રસ્તે પિતાએ દોર્યો.” માતા પિતા ઉપર બાળકોનો વિશ્વાસ અવર્ણનીય હોય છે. જે તેણે કહ્યું તે હિતકારી જાણી પુત્રે સ્વીકાર્યું. પિતા મરણ પામ્યો. પાછળથી રોહણીઓ પણ કુળપરાથી આવેલો ધંધોજ કરવા લાગ્યો. ખરેખર ઘણી વખત ગુણ કે અવગુણ એ વારસામાં ઉતરે છે. એક દિવસ સમવસરણ પાસે થઇ તે જતો હતો. બીજો રસ્તો ઘણો ફેરમાં હતો તેથી તેજ રસ્તે તે ચાલ્યો. પિતાની, આજ્ઞા ઉલંઘન કરવાની બીકથી તે પ્રભુનું વ-

રખે કદાચ સંભળાઈ જાય માટે કાનમાં આંગળી નાંખી ઉતાવળો ઉતાવળો આગળ ચાલ્યો. તેટલામાં તેના પગમાં જોરથી કાંટો પેસી ગયો, તે હાથવતી કાઢવાની તેને ફરજ પડી તેટલામાં તેના કાનમાં વીરપ્રભુની દેશનાના શબ્દો આવ્યા, કે દેવો જમીનથી ચાર આંગળ અધર રહે છે, તેમના ગળામા પુષ્પની માળા કરમાતી નથી, તેમની આંખો મીંચાતી નથી, અને નિરોગી શરીરવાળા હોય છે. આટલા શબ્દો કાનમાં આવતાં તેને બહુ દુઃખ થઈ આવ્યું. કાંટો કાઢી ત્યાંથી તત્કાળ આગળ ચાલ્યો ગયો, અને તે શબ્દો ભૂલી જવા માટે પ્રયત્ન કરવા લાગ્યો. રોહણીઆએ અનુક્રમે ચોરી કરતાં તેના પિતા કરતાં પણ અધિક ત્રાસ શહેરમા વર્તાવ્યો. લોકોના પોકારથી ચોર પકડવાનું કામ અભયકુમારે માથે લીધું. ઘણા પ્રપંચથી ચોરીના માલ મુદ્દા સિવાય અભયકુમારે તેને પકડી રાજા આગળ ઉભો કર્યો. ચોરીનો મુદ્દો સાબીત ન થવાથી રાજાને તેને છોડી મૂકવાની ફરજ પડી. છોડી મૂકતાં અભયકુમાર તેને પોતાને મંદિરે લઈ ગયો. સ્નાનપાન કરાવી ભોજનમાં ચંદ્રહાસમદિરા દહીંને ઠેકાણે તેને ખવરાવી બેશુદ્ધ કરી દીધો, અને તત્કાળ દેવભુવન જેવું મંદિર શણગારી એક શય્યામાં સુવાડી દીધો. આજુબાજુ દિવ્યરૂપા નવયૌવના વેશ્યાઓને દેવીઓનું રૂપ ધારણ કરાવી ઉભી રાખી. દિવ્યરૂપવાળા માણસોને દેવ છડીદાર બનાવી સાક્ષાત્ દેવભુવનના આકારમાં તેને ગોઠવી તે સર્વને કેટલીક સાંકેતિક સમજુતી આપી, ખરૂં રહસ્ય જાણવા માટે છુપી રીતે અભયકુમાર ત્યાં રહ્યો. થોડાજ વખતમાં તેનો નિશો કાંઈક ઓછો થયો. આંખો ઉઘાડી જોવા લાગ્યો તો દેવભુવનમાં પોતાને રહેલો જોયો તેટલામાં કૃત્રિમ દેવાંગનાઓ જય જય નંદા, જય જય ભદ્રા, શા શા પુણ્ય કર્યાં કે દેવ ભૂમિમાં જન્મ પામ્યા આવા તે દેવાંગનાના શબ્દો સાંભળી ચોર ચકિત થઈ ગયો. હું ચોર ક્યાં અને દેવભુવન ક્યા ? આતે સ્વપ્ન કે ઈંદ્રજાળ ! તેટલામાં તો છડીદાર દેવ બોલ્યો કે બોલો ભાઈ, તમે અમારા સ્વામીપણે નવીન દેવ ઉત્પન્ન થયા છો, તો પૂર્વ ભવે શું શું પુન્ય કર્યાં અને શા શા પાપ કર્યાં તે સર્વ કહી આપો. ચોર વિચારમાં પડયો કે આ શું કહે છે ? શું સાચુંજ

દેવલોક ? પણ પેલા મહાવીરદેવનાં મેં વચનો સાંભળ્યાં હતાં કે દેવતાઓ જમીનથી ચાર આંગળ અધર રહે છે તો આતો જમીન ઉપર કેમ રહેલાં દેખાય છે ? દેવતાની આંખો ન મીચાય એમ મહાવીરદેવે કહ્યું હતું અને આ સર્વની આંખો તો મીંચાય છે. પુષ્પની માળા પણ કરમાય છે, માટે મહાવીર દેવના કથનમાં ને આમાં તફાવત શા માટે ? ખરે ! અભયકુમારનું મને પકડવાનું કપટ તો ન હોય ? આમ વિચાર કરે છે, તેવામાં આક્ષેપ કરી છડીદાર બોલ્યો, બોલો, પૂર્વ ભવે શું શું પુણ્ય પાપ કર્યાં છે, તેની નોંધ લઈ પછી તમારો જન્માભિષેક કરીએ. પાપ શું શું કર્યાં તે શબ્દોની તથા મહાવીરનાં વચનોથી વિરોધ આવતો જોઈ ચોર ચેતી ગયો. તે બોલ્યો પૂર્વજન્મમાં દાન દીધાં, તપશ્ચર્યા કરી, શ્રાવકનાં વ્રતો પાળ્યાં, બ્રહ્મચર્ય પાળ્યું, તેથી દેવલોકમાં હું દેવ થયો છું, છડીદાર કહે છે, તે ઠીક પણ પાપ શા શા કર્યા તે કહો. ચોર બોલ્યો, પાપ કરે તે શું દેવલોકમા વળી આવી શકે ? મેંતો જરાએ પાપ કર્યું નથી. છડીદાર કહે છે કે કાંઇ આખી જીંદગી ધર્મમાં જતી નથી, માટે પહેલાં કાંઈ ચોરી કરી હોય, જારી કરી હોય તે કહી આપો, ચોર કહે છે હુ બ્રહ્મચારી હતો અને ચોરી તો મારી જીંદગીમાં મેં કરીજ નથી. આ શબ્દો સાંભળી અભયકુમાર ત્યાં આવી ભેટી પડયો, અને બોલ્યો, ભાઇ તારા જેવો બુદ્ધિમાન્ મને કોઇ મળ્યો નથી. મારાથી તું વધી ગયો, સાક્ષાત્ ચોરી કરી છે છતાં કોઈ રીતે બંધનમા ન સપડાયો ચોર બોલ્યો કે એ વાત પછી, પણ મદિરા પાઈને દેવલોકમાં મોકલવાનું સાહસ તમારા સિવાય બીજો કોણ કરે ! અભયકુમારે શરમાઈ નીચું જોયુ. ચોર બોલ્યો મહાવીર દેવનાં ચાર વચનો કાને ન પડયાં હોત તો આજે મારી ખરેખરી વિટંબનાજ હતી અહા ! મારા પિતાએ મને તે મહા પ્રભુના વચનથી વેગળો રાખ્યો, મને ઠગ્યો પિતા રૂપે તેને મારો વૈરી સમજું છું. શું સ્વાર્થ ! શું અજ્ઞાન ! કેવી મોહાધતા ! કે જે કરૂણાસમુદ્ર પરોપકારી જગતના બધુ તુલ્ય તે પ્રભુને પાખંડીમાં લેખવ્યા ! અભયકુમાર ! તે પ્રભુના ચાર વચનથી હું મરણમાંથી બચ્યો, તો જેઓ તે મહા પ્રભુના વચનો નિરંતર સાંભળે છે, તેઓ સર્વથા મરણના

ફેરામાંથી બચી જાય તેમાં નવાઈ શું? આ પ્રમાણે કહી પોતાનો પૂર્વનો ઈતિહાસ સંભળાવી, જેનું ધન સ્ત્રી વિગેરે લીધું હતું તે સર્વ અભયકુમારને સાથે લઈ જઈ બતાવી આપ્યું, અને સર્વને તે સોંપાવી દઈ, મહાવીર દેવ પાસે ચારિત્ર ગ્રહણ કર્યું. પાંચ મહાવ્રતો પાળી, ઉજ્વળ ધ્યાને મરણ પામી દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો. જેમ મહા ચોરી કરનાર ચોર પણ ચોરીનો ત્યાગ કરવાથી દેવપણે પેદા થયો, તેમ સર્વ લોકોએ ચોરીનો ત્યાગ કરવો, કે જેથી પોતાનો આ ભવને પરભવ બન્ને સુધરી જાય. આ પ્રમાણે રોહણીઆ ચોરની કથા સમાપ્ત થઈ.

दूरे परस्य सर्वस्व मपहर्त्तुमुपक्रमः ।
उपाददीत नादत्तं तृणमात्रमपि क्वचित् ॥ ७३ ॥

અરે બીજાના સર્વ ધન ચોરવાનો પ્રયત્ન તો દૂરજ રહો, પણ એક તૃણમાત્ર જેટલું કોઈનું અદત્ત મનુષ્યોએ કોઈપણ વખત ન લેવું જોઈએ.

---

## ચોરી ન કરવાનું ફળ.

परार्थग्रहणे येषां नियमः शुद्धचेतसां ।
अभ्यायान्ति श्रियस्तेषां स्वयमेव स्वयंवराः ॥ ७४ ॥
अनर्था दूरतो यान्ति साधुवादः प्रवर्त्तते ।
स्वर्गसौख्यानि ढौकंते स्फुटमस्तेयचारिणां ॥ ७५ ॥

જે શુદ્ધ ચિત્તવાળા મનુષ્યોને બીજાનું ધન ગ્રહણ કરવાનો નિયમ છે, તેઓને સ્વય વરાની માફક પોતાની મેળેજ લક્ષ્મી સન્મુખ, આવી મળે છે, સર્વે અનર્થો દૂર થઇ જાય છે, દુનિયામાં કીર્તિ ફેલાય છે, અને ચોરિનો ત્યાગ કરનારને પ્રકટ રીતે સ્વર્ગનાં સુખો પણ આવી મળે છે ૭૪—૭૫

ગૃહસ્થોના ત્રીજા વ્રતનુ સ્વરૂપ સમાપ્ત થયું. હવે ગૃહસ્થોના ચોથા વ્રતના સબધમા કહેવામાં આવે છે

षंढत्वमिंद्रियच्छेदं वीक्ष्याब्रह्मफलं सुधीः ।
भवेत्स्वदारसंतुष्टो ऽन्यदारान् वा विवर्जयेत् ॥ ७६ ॥

નપુંસકપણું તથા ઇંદ્રિયના છેદાવાપણાદિકને અબ્રહ્મચર્યનાં

કૂલો જાણીને બુદ્ધિમાન્ મનુષ્યોએ પોતાની સ્ત્રીમાં સંતોષિત થઇ અને પરસ્ત્રીનો ત્યાગ કરવો. ૭૬.

## વિષયની રમણિકતા અને તેનું પરિણામ.

रम्यमापातमात्रेण परिणामेतिदारुणम् ।
किम्पाकफलसंकाशं तत्कः सेवेत मैथुनम् ॥ ७७ ॥
कम्पः स्वेदः श्रमो मूर्छा भ्रमिर्ग्लानिर्बलक्षयः ।
राजयक्ष्मादिरोगाश्च भवेयुर्मैथुनोत्थिताः ॥ ७८ ॥

કિંપાકના (એક જાતનાં ઝેરી વૃક્ષનાં) ફૂલ સરખા, દેખાવ માત્ર રમણિક પણ પરિણામે ભયંકર દુ:ખ આપનાર, મથુનની કોણ સેવા કરે? કંપ, પરસેવો, પરિશ્રમ, મૂર્છા, ભ્રમિ, ગ્લાનતા, નિર્બળતા, ક્ષય અને ભગંદરાદિ મહારોગો મથુન સેવવાથી લાગુ પડે છે. ૭૭–૭૮

योनियंत्रसमुत्पन्नाः सुसूक्ष्मा जंतुराशयः ।
पीड्यमाना विपद्यंते यत्र तन्मैथुनं त्यजेत् ॥ ७९ ॥

યોનિ રૂપી યંત્રમા અનેક સૂક્ષ્મ જંતુઓ ઉત્પન્ન થાય છે, તેઓ તેને વિષે દબાવાથી મરણ પામે છે, માટે તે મૈથુનનો ત્યાગ કરવો.૭૯.

કામશાસ્ત્રનો બનાવનાર વાત્સાયન પણ કહે છે કે

रक्तजाः कृमयः सूक्ष्मा मृदुमध्याधिशक्तयः ।
जन्मवर्त्मसु कंडूतिं जनयन्ति तथाविधाम् ॥ ८० ॥

લોહીથી પેદા થએલ, સૂક્ષ્મ, મૃદુ, મધ્યમ, અધિક શકિતવાળાં ક્રમીઆંઓ, સ્ત્રીના યોનિમાર્ગમાં તથા પ્રકારની (પોતપોતાની શકત્યનુસાર) ખરજ ઉત્પન્ન કરે છે. ૮૦

स्त्रीसंभोगेन यः कामज्वरं प्रतिचिकीर्षति ।
स हुताशं घृताहुत्या विध्यापयितुमिच्छति ॥ ८१ ॥
वरं ज्वलदयः स्तंभ परिरंभो विधीयते ।
न पुन र्नरक द्वारं रामाजघनसेवनम् ॥ ८२ ॥

સ્ત્રી સંબંધી વિષય સેવન કરવે કરી જે મનુષ્યો કામરૂપ જ્વરને શાંત કરવા ઇચ્છે છે તે બળતા અગ્નિમાં ઘી હોમીને અગ્નિને બુ-

આવવાને ઇચ્છે છે. અર્થાત્ તેથી શાંતિ નથી થતી પણ ઉલટી વિશેષ ઇચ્છા દીપ્ત થાય છે. અગ્નિથી જાજ્વલ્યમાન થએલા લોઢાના સ્તંભને આલિંગન કરવું તે સારૂં છે, પણ નરકના દ્વાર તુલ્ય સ્ત્રીઓના જઘનનું-યોનિનું સેવન કરવુ તે શ્રેષ્ઠ યા કલ્યાણકારી નથી. ૮૧-૮૨.

## સ્ત્રીઓથી ગુણોનો નાશ થાય છે તે તથા તેના દૂષણો બતાવે છે.

सतामपि हि वामभ्रूर्ददाना हृदये पदम् ।
अभिरामं गुणग्रामं निर्वासयति निश्चितम् ॥ ८३ ॥
वंचकत्वं नृशंसत्वं चंचलत्वं कुशीलता ।
इति नैसर्गिका दोषा यासां तासु रमेत कः ॥ ८४ ॥
प्राप्तुं पारमपारस्य पारावारस्य पार्यते ।
स्त्रीणां प्रकृतिवक्राणां दुश्चरित्रस्य नो पुनः ॥ ८५ ॥
नितंबिन्यः पतिं पुत्रं पितरं भ्रातरं क्षणात् ।
आरोपयंत्यकार्येपि दुर्वृत्ताः प्राणसंशये ॥ ८६ ॥
भवस्य वीजं नरकद्वारमार्गस्य दीपिका ।
शुचां कंदः कलेर्मूलं दुःखानां खनिरंगना ॥ ८७ ॥

સત્ પુરૂષોના પણ હૃદયમાં જો સ્ત્રી પગ આપે (અર્થાત્ નિવાસ કરે) તો મનોહર ગુણોના સમુદાયને નિશ્ચે ત્યાંથી તે કાઢી મૂકે છે. ઠગવાપણું, નિર્દયતા, ચંચળતા અને કુશીળતા આતો જેનામાં સ્વાભાવિક દોષો રહેલા છે, તેવી સ્ત્રીઓમાં કોણ રતિ કરે? સમુદ્રનો પાર પામી શકીએ પણ સ્વભાવથી વક્રતાવાળી સ્ત્રીઓના દુરાચરણોનો પાર ન પામીએ. ખરાબ આચરણવાળી સ્ત્રીઓ એક ક્ષણ વારમાં પોતાના પતિને, પુત્રને, પિતાને કે ભાઇને (અલ્પ પ્રયોજન માટે સૂર્યકાંતા, ચુલની અને જીવયશાદિકની માફક) પ્રાણના સંશયવાળા અકાર્યને વિષે આરોપિત કરે છે. સ્ત્રીઓ સંસારનું બીજ છે, નરકના દ્વારના માર્ગમાં જવા માટે રસ્તો બતાવનાર દીપિકાતુલ્ય છે, શોકની ઉત્પત્તિના કંદ સરખી છે, અને દુઃખની ખાણ સમાન સ્ત્રી છે. ૮૩ થી ૮૭.

## વેશ્યા સ્ત્રીના દોષો.

मनस्यन्यद्वचस्यन्यत्क्रियायामन्यदेव हि ।
यासां साधारणस्त्रीणां ताः कथं सुखहेतवः ॥ ८८ ॥
मांसमिश्रंसुरामिश्र मनेकविटचुंबितम् ।
को वेश्यावदनं चुंबेदुच्छिष्टमिव भोजनम् ॥ ८९ ॥
अपि प्रदत्तसर्वस्वात् कामुकात्क्षीणसंपदः ।
वासोप्याच्छेत्तुमिच्छन्ति गच्छतः पण्ययोषितः ॥९०॥
न देवान्न गुरून्नापि सुहृदो न च बांधवान् ।
असत्संगरतिर्नित्यं वेश्यावश्यो हि मन्यते ॥ ९१ ॥
कुष्टिनोपि स्मरसमान् पश्यन्ती धनकांक्षया ।
तन्वतीं कृत्रिमस्नेहां निःस्नेहां गणिकां त्यजेत् ॥९२॥

મનમા કોઇ અન્ય પુરૂષ ઉપર પ્રેમ હોય છે, વચનમાં તેનાથી વળી કોઇ જુદા સાથે પ્રીતિ રાખે છે, અને વળી ક્રિયામાં (કાયાથી) તો વળી કોઇ જુદાજ પુરૂષ સાથે રમે છે. આવી વેશ્યાસ્ત્રીઓ સુખને માટે કેવી રીતે થઇ શકે? જેનું મોઢું, માંસ ખાતી હોવાથી માંસથી દુર્ગંધિત, મદિરાથી મિશ્ર, અને અનેક વિટ–જાર પુરૂષોથી ચુંબન કરાયેલુ છે એવું, ઉચ્છિષ્ટ–એઠા ભોજનની માફક વેશ્યાના મુખને કોણ ચુંબન કરે? કામી પુરૂષે પોતાનુ સર્વ ધન વેશ્યાને આપ્યું હોય, પણ જ્યારે તે નિર્ધન થઇ ત્યાથી ચાલ્યો જાય છે, ત્યારે તે વેશ્યા જતા કામી પુરૂષના વસ્ત્રો પણ ખેંચી લેવાની ઇચ્છા રાખે છે. (અહા ! કેટલી બધી સ્વાર્થતા, કે નિઃસ્નેહતા છતાં મોહાં પુરૂષો સમજી શકતા નથી ) વેશ્યાને સ્વાધિન થયેલો પુરૂષ, નિરંતર લુચ્ચા, જુગારી, રંડીબાજાદિ, ખરાબ પુરૂષોની સોબતમાંજ આનંદ માને છે. પણ દેવ, ગુરૂ, સારા મિત્રો અને બાંધવોની સોબતને બીલકુલ ઇચ્છતો નથી. ધનની ઇચ્છાથી, કોઢીઆઓને પણ કામદેવ સમાન જોનારી અને કૃત્રિમ સ્નેહને વિસ્તારનારી, સ્નેહ વિનાની વેશ્યાનો સમજુ માણસોએ અવશ્ય ત્યાગ કરવો.

## પરસ્ત્રી ગમન અને તેના દોષો.

नासक्त्या सेवनीयाः स्वदारा अप्युपासकैः ।
आकरः सर्वपापानां किं पुनः परयोषितः ॥ ९३ ॥
स्वपतिं या परित्यज्य निस्त्रपोपपतिं भजेत् ।
तस्यां क्षणिचित्तायां विश्रंभः कोन्ययोषिति ॥ ९४ ॥

શ્રાવકોએ આસક્તિપૂર્વક પોતાની સ્ત્રી પણ સેવવી ન જોઈએ તો સર્વ પાપોની ખાણ સમાન પરસ્ત્રી માટે તો શું જ કહેવું ? અર્થાત્ પરસ્ત્રી નજ સેવવી. જે સ્ત્રી પોતાના વહાલા પતિને મૂકી નિર્લજ્જ થઇ અન્ય પતિ પાસે જાય છે. તેવી ક્ષણિક ચિત્તવાળી યા ક્ષણિક પ્રેમવાળી અન્ય સ્ત્રીનો વિશ્વાસ શો ? અર્થાત તેનો વિશ્વાસ નજ રાખવો. ૯૪.

---

## પરસ્ત્રીમાં આસક્ત પુરૂષોને શિખામણ.

भीरोराकुलचित्तस्य दुःस्थितस्य परस्त्रियां ।
रतिर्नयुज्यते कर्त्तु मुपशून पशोरिव ॥ ९५ ॥

એક શ્વાનને મૈથુન સેવન કરવાના અન્ય શ્વાનો તરફથી જે જે ભય રહેલો છે તથા તે વખતની તેની જેવી સ્થિતિ હોય છે, તેવા જનાવરોની માફક પરસ્ત્રીમા આસક્ત થયેલા પુરૂષને, અન્ય તરફથી ભય, ચિત્તની આકુળતા અને ગમે તેવી જમીન ઉપર પડ્યા રહેવાપણું, વિગેરે સંકટો ભોગવવાં પડે છે. માટે પરસ્ત્રીમાં પશુની માફક રતિ કરવી તે ઉત્તમ મનુષ્યને લાયક નથી. ૯૫

प्राणसंदेह जननं परमंवैरकारणं ।
लोकद्वयविरुद्धं परस्त्रीगमनं त्यजेत् ॥ ९६ ॥
सर्वस्वहरणं वंधं शरीरावयवच्छिदां ।
मृतश्च नरकं घोरं लभते पारदारिकः ॥ ९७ ॥
स्वदाररक्षणे यत्नं विदधानो निरन्तरम् ।
जानन्नपि जनो दुःखं परदारान् कथं व्रजेत् ॥ ९८ ॥
विक्रमाक्रांतविश्वोपि परस्त्रीषु रिरंसया ।
कृत्वा कुलक्षय माप नरकं दशकन्धरः ॥ ९९ ॥

પ્રાણનાશના સંદેહને ઉત્પન્ન કરનાર, પરમ વૈરનું કારણ અને આ લોક તથા પરલોક વિરૂદ્ધ પરસ્ત્રી ગમનનો ત્યાગ કરવો. પરદારામાં આસક્ત પુરૂષો આ લોકમાં ( રાજા તરફથી ) સર્વ ધનનું હરણ, બંધન, અને શરીરના અવયવોનુ છેદન એ આદિ દુઃખો પામે છે તથા મરણ પામ્યા બાદ ઘોર નરકમાં જાય છે. પોતાની સ્ત્રી ઉપર કોઇ ખરાબ નજર કરે તેના રક્ષણ માટે નિરંતર યત્ન કરનાર, અને સ્વસ્ત્રીના ખરાબ આચરણોથી ઉત્પન્ન થતાં દુઃખોના અનુભવ કરનાર માણસે પરસ્ત્રી ગમન શા માટે કરવું જોઈએ ? ( કારણ પોતાની માફક તેના પતિને પણ દુઃખ થતુંજ હશે ને. ) જેણે પોતાના પરાક્રમથી આ વિશ્વને સ્વાધીન કર્યું હતું તેવો મહા પરાક્રમી રાવણ પણ પરસ્ત્રી રમવાની ઇચ્છાથી કુલનો ક્ષય કરી નરકમાં ગયો ૯૫ થી ૯૯.

વિવેચન—રાવણનું ચરિત્ર સુપ્રસિદ્ધ છે, પર સ્ત્રી સાથે ક્રીડા કરવાની ઇચ્છાથી તેણે સીતાનું હરણ કર્યું હતું. વિભીષણ નામના તેના ભાઇએ તેને ઘણું સમજાવ્યો, પણ રામચંદ્રજીને સીતા પાછી ન આપી. આખરમાં રામચંદ્ર તથા લક્ષ્મણની સાથે યુદ્ધમાં તેને ઉતરવું પડ્યું, અને એક સ્ત્રી માટે પોતાના કુળનો નાશ કરી અંતમા રણ શય્યામાં લાંબી નિદ્રાએ તેને સુવું પડ્યું અને મરણ પામી નરકની ઘોર યાતનાઓ સહન કરવી પડી. માટે પોતાનું કુશળ ઇચ્છાનારા સત્પુરૂષોએ અવશ્ય પર સ્ત્રીનો ત્યાગ કરવો.

लावण्यपुण्यावयवां पदं सौंदर्यसंपदः ।
कलाकलापकुशलामपि जह्यात् परस्त्रियं ॥ १०० ॥

લાવણ્યતાએ કરી પવિત્ર અવયવોવાળી, સાંદર્યતાની સંપદાના ઘર સમાન, અને કલાના સમુદાયમાં કુશળતાવાળી પણ પર સ્ત્રીનો ત્યાગ કરવો ૧૦૦.

---

### આવા ગુણોવાળી પરસ્ત્રીનો ત્યાગ કરનાર મહાપુરૂષની સ્તુતિ કરે છે.

अकलंकमनोवृत्तेः परस्त्रीसंनिधावपि ।
सुदर्शनस्य किं ब्रूमः सुदर्शनसमुन्नतेः ॥ १०१ ॥

પોતાના ઉપર આશક થએલી પૂર્વોક્ત ગુણોવાળી પરસ્ત્રીની પાસે પણ જે મહાશયની વૃત્તિ નિષ્કલંક રહી છે, તેવા શાસનની ઉન્નતિ કરનાર, સુદર્શન શ્રેષ્ઠિના ગુણોની અમે કેટલી સ્તુતિ કરીએ ? તેઓના સંબંધમાં અમો કેટલું બોલીએ અથવા શું બોલીએ ? અર્થાત્ તેઓના સંબંધમાં જેટલુ બોલીએ તેટલું ઓછુંજ છે. ૧૦૧.

**સુદર્શન શેઠનું ચરિત્ર કહેવામાં આવે છે**—પૂર્વે અંગ દેશમાં તિલક સમાન શ્રેષ્ટ ચંપાનગરીમાં દધિવાહન રાજા રાજ્ય કરતો હતો. મહા કુલવાન્ અને દેવાંગના તુલ્ય રૂપવાળી અભયા નામની તેને પટરાણી હતી. તેજ શહેરમાં વૃષભદાસ નામનો પરમાર્હત ભક્ત શ્રેષ્ટિ રહેતો હતો. તેને યથાર્થ નામવાળી અર્હદ્દાસી નામની સુશીલા સ્ત્રી હતી. તેને અનુક્રમે શુભ સ્વપ્નોથી સૂચિત સુદર્શન નામનો પુત્ર થયો. સમગ્ર કળાઓમાં પ્રવીણ થયેલા પુત્રને પિતાએ ઉત્તમ કુળની સુશીલા મનોરમા નામની કન્યા પરણાવી.

સદ્ગુરૂના સંયોગે સુદર્શન અને મનોરમા પરમ અર્હદ્ ભક્તો થયાં અને બાર વ્રતો રૂપ ગૃહસ્થ ધર્મ તેમણે સ્વીકાર્યો. ખરેખર અજ્ઞાનાંધકાર દૂર કરવા માટે ગુરૂ સિવાય બીજો કોઈ પ્રકાશ સમર્થ નથી.

તેજ રાજાના કપિલ નામના પુરોહિત સાથે સુદર્શનને ગાઢમૈત્રી થઈ. સુદર્શનના ધાર્મિક તેમજ સ્વાભાવિક ગુણોથી આકર્ષાએલો કપિલ પોતાનો કેટલોક વખત તેની પાસેજ વ્યતીત કરતો હતો. પોતાના પતિને ઘેર મોડા આવતો જોઇ સ્ત્રી કપિલાએ ઘેર મોડા આવવાનું કારણ પૂછયું.

ગુણાનુરાગી કપિલે પોતાના મિત્ર સુદર્શનના ગુણોનું કપિલા આગળ વર્ણન કરી જણાવ્યું કે મહા ગુણવાન્ અને રૂપવાન્ સુદર્શનની મિત્રતાથી મારા આત્માને ધન્ય માનું છું અને દિવસનો મોટો ભાગ તે સદ્ગુણીની સોબતમાં પૂર્ણ કરૂં છુ તેથી મોડું અવાય છે.

પતિમુખથી સુદર્શનના ગુણો સાંભળી વગર દેખે પણ કપિલા તેના ઉપર મોહિત થઈ પડી. ખરેખર અમૃત પણ નિર્ભાગી મનુષ્યોને વિષ તુલ્ય થઇ પરિણમે છે ગમે તે પ્રયોગે કપિલાએ સુદર્શનને મળવાનો નિર્ણય કર્યો

એક દિવસે કપિલ બહાર ગામ ગયો. તે અવસર જોઇ કપિલા

સુદર્શન પાસે આવી અને 'તમારો મિત્ર ઘણો બીમાર છે માટે તમને બોલાવે છે એમ કહી ઉભી રહી.' સરલ હૃદયના સુદર્શને તે વાત ખરી માની અને મિત્રને મળવાને કોઈ પણ માણસને સાથે લીધા સિવાય કપિલા સાથે ચાલી નીકળ્યો. ઘરમાં જઇ કપિલાને કહ્યું, મારો મિત્ર ક્યાં છે? તેણે કહ્યું અંદર અગાશીમાં છે, આગળ જાઓ. સુદર્શન આગળ ચાલ્યો એટલે કપિલાએ દ્વાર બંધ કર્યાં, સુદર્શન શંકાયો. કપિલ ક્યાં છે? ફરી પુછયું. કપિલાએ જવાબ આપ્યો, કપિલને બદલે આજે કપિલાનેજ મળો. મારા પતિના મુખથી તમારા ગુણ સાંભળ્યા ત્યારથી મારી મનોવૃત્તિ તમારા તરફ લલચાઇ હતી. હવે આજે મારી પ્રાર્થના સફળ કરો અને મને શાંતિ આપો સુદર્શન એકાએક સ્ત્રીના કહેવાથી મનુષ્ય સાથે લીધા સિવાય પોતાનું પરના ઘરમાં આવવું થયું તેનો પશ્ચાત્તાપ કરવા લાગ્યો. પણ આ પશ્ચાત્તાપ નકામો હતો. પાણી પીઇને ઘર પૂછવા જેવુ થયું. કપિલા તેને મુકે તેમ નહોતી. મોહાંધ મનુષ્યને કર્તવ્યાકર્તવ્યનો વિવેક હોતો નથી. કપિલા સુદર્શનને વળગી પડી. તાત્કાળિક બુદ્ધિવાળા સુદર્શને ખુલ્લા હૃદયથી દીલગીર થઈ જવાબ આપ્યો, કપિલા! તમારૂં કહેવું હું માન્ય રાખી શકતો નથી; કારણ કે વિધાતાએ મારા સુંદર રૂપ સાથે નપુંસકપણાનો દોષ સાથેજ દાખલ કર્યો છે, અર્થાત્ હુ નપુંસક છું. દ્દઢ હૃદયવાળા મનુષ્યોના હૃદયમાં ઇચ્છા સિવાય વિકૃતિ થતી નથી. કપિલા વિલખી થઇ ગઇ અને તત્કાળ સુદર્શનને જવા માટે દ્વાર ખોલી આપ્યું. સુદર્શન ઘેર આવ્યો અને હવેથી સાથે સહાયક લીધા સિવાય કોઇને ઘેર વગર પ્રસંગે ન જવું તેવો નિર્ણય કર્યો.

ઇંદ્ર મહોચ્છવનો દિવસ હતો સારાં સારાં વસ્ત્રાભૂષણો પહેરી સર્વ લોકો બહાર જતાં હતાં, અભયા રાણી પણ કપિલા પુરોહિતની સાથે રથમાં બેસી ફરવા નીકળી. તેવામાં આજુબાજુ દેવકુમાર જેવા છ પુત્રોથી ઘેરાએલી એક સ્ત્રીને કપિલાએ જોઈ અભયાને પૂછે છે, બાઈ સાહેબ! આ ભાગ્યવાન્ સ્ત્રી કોણ છે? અભયાએ જવાબ આપ્યો, આપણા નગરના પ્રખ્યાત ધર્મિષ્ઠ શેઠ સુદર્શનની આ સ્ત્રી છે અને છએ પુત્રો તેના છે. કપિલા હસીને બોલી

બાઈ સાહેબ ! તેને પુત્રો ક્યાંથી હોય ? રાણીએ જવાબ આપ્યો. કપિલા આ શું બોલો છો ? પુરૂષોવાળી સ્ત્રીને પુત્રો ન હોય ત્યારે કોને હોય ? કપિલાએ જવાબ આપ્યો, તેનો સ્વામિ પુરૂષાર્થ રહિત છે. આ પ્રમાણે કહી પોતાનો સર્વ વૃત્તાત રાણીને જણાવ્યો. અભયા હસીને બોલી, અરે મુગ્ધા ! સુદર્શને તને ઠગી છે. તે પરસ્ત્રી તરફ નપુસક છે પણ સ્વસ્ત્રી તરફ નપુસક નથી. કપિલા જરા મોઢું ચડાવીને બોલી, ઠીક છે, હુ તો મુગ્ધા છુ અને મને ઠગી છે, પણ તમે તો ચતુર છોને ! અભયા બોલી, મારા હાથના સ્પર્શથી તો પત્થર પણ ગળી જાય તો પુરૂષની તો વાતજ શી કરવી ? કપિલાએ કહ્યું. આટલો બધો ગર્વ રાખો છો ત્યારે હવે તમે સુદર્શન સાથે વિલાસ કરશોજ. માનના આવેશમાં આવી જઈ અભયાએ પ્રતિજ્ઞા કરી કે જો સુદર્શન સાથે વિલાસ ન કરૂ તો અગ્નિમાં પ્રવેશ કરી બળી મરૂ. ખરેખર અજ્ઞાની મનુષ્યોને માન ક્યાં કરવું તેની ખબર પડતી નથી. તેથીજ પોતાની મર્યાદા અને ધર્મને ઓળગી રાણીએ અનર્થકારી પ્રતિજ્ઞા કરી. મહોત્સવમાં ફરી સર્વ કોઈ પોતપોતાને ઠેકાણે ગયા. અભયાના હૃદયમાં ચિંતા અગ્નિ સળગવા લાગ્યો. શાંત કરવા માટે પોતાની ધાવ માતા પંડિતાને બોલાવી પોતાની પ્રતિજ્ઞા જણાવી. પડિતાએ પ્રતિજ્ઞા માટે ઠપકો આપ્યો અને કહ્યુ કે આ પ્રતિજ્ઞા તેં ઠીક નથી કરી, કેમકે સાધારણ જૈનીઓ પણ પરસ્ત્રી સાથે સહોદર તુલ્ય વૃત્તિ રાખે છે તો આતો ધર્મ ધુરધર સુદર્શનના સબધમાં કહેવુંજ શું ? અભયાએ જણાવ્યું, તે હુ જાણું છુ પણ હવે થઇ તે થઈ, માટે કોઇ ઉપાય કરો કે જેથી મારી પ્રતિજ્ઞા સફળ થાય પડિતાએ તપાસ કરી જણાવ્યું કે આઠમ ચૌદશ સુદર્શન પોસહ કરી રાત્રે શુના.ઘરમાં કાયોત્સર્ગ મુદ્રાએ ધ્યાનમાં રહે છે. તે રાત્રે તેને આંહી ઉપાડી લાવવો.

એક દિવસે કૌમુદિ મહોત્સવનો દિવસ હતો રાજાએ ઢઢેરો પીટાવ્યો કે નગરમાંથી સર્વ સ્ત્રી પુરૂષોએ બહાર નીકળી જવું અને રાત્રિ દિવસ વનમાં આનંદથી ગુજારવો. તે દિવસ ચોમાસી ચતુર્દશીનો હોવાથી શેઠે વિચાર્યું કે મને ધર્મમાં ખલલ પડશે. રાજા પાસે ભેટણું મૂકી તે દિવસ શહેરમાં ધર્મધ્યાનમાં રહી ગુ-

જારવા અરજ કરી. રાજાએ તેને ધર્મિષ્ટ હોવાથી રજા આપી. શેઠે દિવસ ચૈત્ય પરિપાટીમાં ગુજારી. રાત્રે પોષધ કરી શુન્ય ગ્રહમાં કાયોત્સર્ગમાં રહ્યો અને પ્રાતઃકાળ થયા સિવાય ગમે તેવા ઉપસર્ગ થાય તો પણ ચલાયમાન ન થવું તેવો અભિગ્રહ કર્યો. આ વાતની ખબર પંડિતાને પડી. પંડિતાએ અભયાને કહ્યું કે જો તું આજે બહાર ન જાય તો તારૂં કામ થાય. અભયાએ પેટમાં દુઃખવાનું બહાનું કાઢી રાજા પાસેથી શહેરમાં રહેવાની રજા મેળવી. ચોકીનો જાપતો પૂર્ણ હતો એટલે સુદર્શનને અંદર કેમ લાવવો તે વિચારમા પંડિતા ઘુચાઈ આખર એવા નિર્ણય ઉપર આવી કે દેવની મૂર્તિના બહાનાથી તેને અંદર લઈ જવો. પછી કામદેવની ઉભી મૂર્તિ ગાડી ઉપર ચડાવી પંડિતા રાજગઢમાં લઈ ગઈ. ચોકીદારના પૂછવાથી તેણે તે મૂર્તિ દેખાડી અને જણાવ્યું જે રાણી સાહેબ આજ બહાર જવાનાં નથી માટે મૂર્તિઓનું પૂજન કરવા સારૂ રાજગઢમાં લઈ જવામાં આવે છે. બે ચાર મૂર્તિઓ તેવી રીતે લઈ જઈ કાયોત્સર્ગ મુદ્રાએ ધ્યાનમાં રહેલા સુદર્શનને ગાડી ઉપર ચડાવી અભયા રાણી પાસે લાવી મૂક્યો. પોતાના મનોરથો પૂર્ણ થયા સમજી અભયા નજીક આવી હાવભાવ કરવા લાગી. સુદર્શન ધ્યાનમા જાગૃત હતો ઉપસર્ગ આવ્યો જાણી તે વધારે દૃઢ થતો ચાલ્યો. અભયા કહે છે કે, તમારે માટે મેં આ બધી મહેનત કરી છે માટે મને શાંત કરો સુદર્શન બોલ્યો નહિ, અભયાએ હાથ પકડયો, આલિંગન કર્યું અને કામોત્પન્ન કરવાની પોતામાં જેટલી ચાતુરી હતી તે સર્વ વાપરી ચુકી, પણ પત્થર ઉપર પાણી ઢાળવા માફક નિરર્થક થયું. અભયા ગુસ્સો કરી બોલી, સુદર્શન મારૂં કહેવું માન્ય કર. હું તુષ્ટમાન થઈ તો રાજ્ય બધું તારે આધિન છે અને રોષાયમાન થઈ તો આ તારૂ જીવિતવ્ય પણ નથી એમ નિશ્ચય રાખજે. પણ સાંભળે કોણ? આ પ્રમાણે આખી રાત્રિ સુદર્શનને મનાવતાં ગઈ. આખર પ્રાતઃકાળ થતો જાણી પોતાનું કામ સિદ્ધ ન થયું અને હવે ઉલટો ફજેતો થશે એમ જાણી પોતાને હાથે પોતાના શરીર પર કેટલાક જખમ કરી પોકાર કરી ઉઠી કે દોડો દોડો, કોઈ માણસ અંતઃપુરમાં પેઠો છે, અને મારી આબરૂ લુંટે

ડિ. પરિણામ સ્ત્રીઓના અપમાનો ના ગાર્દિઓનો માર કોઈ પામતું નહીં. સિપાઈઓને ફરી આવ્યા અને ફરસીકવારે રાજા પણ આવ્યો સુદર્શનને ગભરાયેલો દેખાયો. અભયાએ રાજાને જણાવ્યું કે આ-જિનો આ ભાગુ મંદિરમાં દાખલ થયો અને મારૂં શીયળ લુ-ટવા સારૂ મેં પોકાર કરી મારૂં રક્ષણ કર્યું છે. રાજા સુદર્શનને પૂછે છે. શેઠ! આમાં સત્ય શું છે તે જણાવ. મને તારા વચન ઉ-પર ભરોસો છે. શેઠે વિચાર કર્યો કે જો હું સત્ય કહીશ તો રાજા સ્ત્રીને મારી નાખશે. એમ જાણી શેઠ મૌન રહ્યા. ઘણું પૂછ્યા છતાં જ્યારે શેઠે ઉત્તર ન આપ્યો ત્યારે રાજાએ ગુસ્સે થઈ શુળીએ ચ-ડાવવાનો હુકમ કર્યો. શેઠને શહેરમાં થઈ શુળીએ દેવા લઈ જતાં કોઈ શહેરમાં હાહાકાર થઈ રહ્યો. તેની સ્ત્રી મનોરમાને ખબર થઇ. સતી મનોરમાએ ગૃહ ચૈત્યમા જઈ શાસન દેવીઓને વિજ્ઞપ્તિ કરી કે જો મારા સ્વામી નિર્દોષ હોય તો શાસનાધિષ્ઠાતૃ દેવદેવીઓ, મ-ને સહાય કરજો. અને પોતે સ્વામીનું કલંક દૂર ન થાય ત્યાં સુ-ધી કાયોત્સર્ગ કરી ધ્યાનસ્થપણે રહી. સુદર્શનને બહાર લઈ ગયા. શુળીઉપર ચડાવવાની તયારી કરે છે. સત્ય તે સત્યજ એ છુપું ર-હેજ નહિ. સતી મનોરમાની લાગણી અને સુદર્શનની સત્યતા પ્ર-કટ કરવા શાસનાધિષ્ઠાતૃ દેવીએ શુળીનુ સિંહાસન કરી દીધુ અને સત્યનો જયજયકાર થયો રાજા ત્યાં આવ્યો. સુદર્શન પાસે પોતા-ના અજાણપણાના અપરાધની માફી માગી અને હાથી ઉપર બે-સાડી રાજા સભામાં લઈ ગયો. અભયાને ખબર પડવાથી ગળે ફાંસો ખાઇ તે મરી ગઈ, અને ધાવ માતા નાશી ગઈ. શેઠે ઘેર આવી દુ.ખદાઈ સંસારવાસથી વિરક્ત થઈ ચારિત્ર ગ્રહણ કર્યું અને એ-કલ વિહારી થઇ શુનાં વનો, જગલો, પહાડો, ગુફાઓ અને શ-નોમાં ધ્યાનસ્થ રહી આત્મ સાધનમાં તે સાવધાન થયા પંડિતા નાશી, પાટલીપુત્ર શહેરમાં દેવદત્તા વેશ્યાને ત્યાં રહી. તેની આ-ગળ સુદર્શનના રૂપ ગુણ અને ધૈર્યતા વિગેરેનું વર્ણન કર્યું એક દિવસે સુદર્શન મુનિ ફરતા ફરતા પાટલીપુત્રના વનમાં ધ્યાનસ્થ ર-હ્યા હતા. કાર્ય પ્રસગે આવી ચડેલી પડિતાએ તેને જોઈ, ઓળ-ખી, પોતાની સ્વામિનીને વાત કહી. તેણે તેને પોતાને ત્યાં લાવ-

વા કહ્યું. મુનિ પણ ધ્યાન પૂર્ણ કરી આહાર અર્થે ફરતા ત્યા આવી ચ-ડ્યા. વેશ્યાના ઘરની ખબર ન હોવાથી તેઓ અંદર ગયા વેશ્યાએ આખો દિવસ હાવભાવ કરી ચલાયમાન કરવા પ્રયત્ન કર્યા પણ તે નિરર્થક ગયા સાંજે થાકીને વેશ્યાએ જવા દીધા. તે ત્યાંથી નીકળી વનમાં કાયોત્સર્ગે રહ્યા. અભયા રાણી આર્તધ્યાને મરીને વ્યંતરી-પણે થયેલી તે ફરતી ફરતી ત્યાં આવી. તેણે સુદર્શનને જોયા. પૂર્વનુ વેર સાભરી આવ્યું. તેણે ઘણા ઉપસર્ગો કર્યા મુનિ પણ મનને દૃઢ કરી આત્મ ધ્યાનની શ્રેણિ ઉપર આગળ વધ્યા અને પરિ-ણામની વિશુદ્ધતાથી કર્મ ખપાવી કેવળજ્ઞાન ઉત્પન્ન કર્યું. અનેક ભવ્ય જીવોને બોધ આપીને તે સુદર્શન મુનિ મોક્ષે ગયા. આ પ્રમાણે પરસ્ત્રીથી વિરક્ત રહેનાર મહા પુરૂષ સુદર્શનનુ ચરિત્ર સમાપ્ત થયું. આ ચરિત્ર ઉપરથી સુદર્શનની શિયળ વિષેની દૃઢતા સંબંધી ઘણું સમજવા અને મનન કરવા જેવું છે તે મહાશયે ત્રણે ઠેકાણે અને તેમા અભયા રાણી પાસેથી પોતાનો બચાવ કર્યો હતો તે ખરેખર પ્રશંસવા લાયક છે.

---

## પરપુરૂષનો ત્યાગ કરવા માટે સ્ત્રીઓને ઉપદેશ આપે છે.

ऐश्वर्यराजराजोपि रूपमीनध्वजोपि च ।
सीतया रावण इव त्याज्यो नार्या नरः परः ॥१०२॥

ઐશ્વર્યમાં રાજાના રાજા સરખો અને રૂપમાં કામદેવ જેવો પણ રાવણનો જેમ સીતાએ ત્યાગ કર્યો તેમ સ્ત્રીઓએ પરપુરૂષનો ત્યાગ કરવો ૧૦૨

---

## અન્ય સ્ત્રી પુરૂષમાં આસક્ત થનારને ફળ બતાવે છે.

नपुंसकत्वं तिर्यक्त्वं दौर्भाग्यं च भवेभवे ।
भवेन्नराणां स्त्रीणां चाऽन्यकान्तासक्तचेतसाम् ॥१०३॥

બીજા પુરૂષ અને બીજી (પર)-સ્ત્રીયોમાં આસક્ત મનવાળા સ્ત્રી પુરૂષોને ભવોભવમાં નપુંસકપણું, તિર્યંચપણુ, અને દૌર્ભાગ્યપણુ પ્રાપ્ત થાય છે ૧૦૩.

## બ્રહ્મચર્ય પાળવાનું ફળ.

प्राणभूतं चरित्रस्य परब्रह्मैककारणम् ।
समाचरन् ब्रह्मचर्यं पूजितैरपि पूज्यते ॥ १०४ ॥
चिरायुषः सुसंस्थाना दृढसंहनना नराः ।
तेजस्विनो महावीर्या भवेयुर्ब्रह्मचर्यतः ॥ १०५ ॥

ચારિત્રના પ્રાણ સરખા અને મોક્ષના એક અસાધારણ કારણ સરખા બ્રહ્મચર્યને આદરવાથી દેવોવડે કરીને પણ તે પૂજાય છે. બ્રહ્મચર્યના પાલન કરવાથી લાંબા આયુષ્યવાળા, સારા સંસ્થાન (આકૃતિ) વાળા, દૃઢ સંઘયણવાળા, તેજસ્વિ અને મહાન્ પરાક્રમવાળા પુરૂષો થઇ શકે છે. ૧૦૪-૧૦૫.

આ પ્રમાણે ગૃહસ્થોનું સ્વદારાસંતોષ યા પરસ્ત્રી ત્યાગ કરવારૂપ ચોથું વ્રત સમાપ્ત થયું.

---

## ઇચ્છાને નિયમમાં રાખવારૂપ પરિગ્રહના નિયમવાળું ગૃહસ્થોનું પાંચમું વ્રત કહે છે.

असंतोषमविश्वास मारंभं दुःखकारणम् ।
मत्वा मूर्छाफलं कुर्यात् परिग्रहनियंत्रणं ॥ १०६ ॥

દુઃખનાં કારણરૂપ અસંતોષ, અવિશ્વાસ અને આરંભ આ સર્વ મૂર્છાનાં ફળો છે એમ જાણીને પરિગ્રહનો નિયમ કરવો-પરિમાણ કરવુ

### વિવેચન.

न सो परिग्गहो वुत्तो नायपुत्तेण ताइणा ।
मुच्छा परिग्गहो वुत्तो इइवुत्तं महेसिणा ॥

કેમકે જગત્‌ના જીવોનુ રક્ષણ કરનાર મહર્ષિ જ્ઞાતપુત્ર ભગવાન્ મહાવીર દેવે, મુર્છા છે તે પરિગ્રહ છે, પણ મુર્છા-આસક્તિ ન હોય તો તે પરિગ્રહ નથી આ પ્રમાણે કહેલું છે.

બાહ્યથી ધનાદિકનો ત્યાગ કર્યો પણ અંદરથી ઇચ્છા જાગૃત હોય તો તે ત્યાગી કહી શકાય નહિ. જો બાહ્ય ત્યાગથીજ ત્યાગ કહેવાતો હોય તો ઘણા નિર્ધન, રંક તથા પશુ આદિ જનાવરો પાસે કાંઈ પણ હોતું નથી, તેને પણ ત્યાગીમાં ગણવા જોઇએ. પણ

તેમ ન થવાનું કારણ તેઓની અંદરની ઈચ્છા, મૂર્છા ગઇ નથી, તેથી વસ્તુ પાસે વિદ્યમાન ન છતાં તેઓ ત્યાગી નથી. ત્યારે કેટલાક પાસે વસ્તુ હોય છે પણ મમત્વ ન હોવાથી તે ત્યાગી સરખા કહી શકાય છે. પરિગ્રહનો બાહ્યથી ત્યાગ કર્યો હોય અને અંદરથી ઇચ્છા, તૃષ્ણા પણ ગઇ હોય તે તો ખરેખર ત્યાગ છે એ તો નિર્વિવાદ છે. પણ વસ્તુનો બાહ્યથી ત્યાગ કર્યા સિવાય વસ્તુ વિદ્યમાન છતાં તેમાં મૂર્છા ન રહેવી એ વિકટ કામ છે. જો કે અશક્ય નથી છતા દુ:શક્ય તો જણાય છે. કેટલાએક મનુષ્યો વસ્તુ વિદ્યમાન છતાં મૂર્છા ત્યાગનો ડોળ કરે છે પણ આવો ત્યાગપણાનો ડોળ એ ખરેખર ત્યાગ માર્ગમા જોખમભરેલો છે. વસ્તુ જેને જોઇએ તેને આપી દેવાય, ચાલી જાય, નાશ પામે તો શોક ન થાય, આવે તો હર્ષ નજ હોય, અને તેના રક્ષણાદિક સંબધમાં આત્મા કાંઇ પણ ખિન્ન કે કલુષિત ન થતો હોય તો સમજવાનું છે કે તેના ઉપર મૂર્છા નથી, પણ જો તે માહેથી કોઇ પણ વિદ્યમાન હોય તો મૂર્છા ગઇ નથી એમ સમજવું જોઇએ. માટે બીજા ત્યાગને ગૌણ કરી પ્રથમના બાહ્યાંતર ત્યાગને મુખ્ય કરી અત્યારના વખતમાં વર્તવું એ વિશેષ આત્મહિતકારી છે.

## પરિગ્રહથી થતો દોષ.

परिग्रहममत्वाद्धि मज्जत्येव भवाम्बुधौ ।
महापोत इव प्राणी त्यजेत्तस्मात्परिग्रहम् ॥ १०७ ॥

જેમ ઘણા ભારથી ભરેલું મોટુ વહાણ સમુદ્રમાં ડુબી જાય છે, તેમ પરિગ્રહ ઉપરના મમત્વથી પ્રાણિઓ સંસારરૂપ સમુદ્રમાં ડુબેજ છે. માટે પરિગ્રહનો ત્યાગ કરવો જોઇએ ૧૦૭.

त्रसरेणुसमोप्यत्र न गुणः कोऽपि विद्यते ।
दोषास्तु पर्वतस्थूलाः प्रादुःषंति परिग्रहे ॥ १०८ ॥

એક ત્રસરેણુના જેટલો પણ પરિગ્રહમાં કોઇ પણ ગુણ વિદ્યમાન નથી, છતા પર્વત જેવા મોટા મોટા દોષો તો તેનાથી ઉત્પન્ન થાય છે ૧૦૮

**વિવેચન**—કેટલાએક મનુષ્યો પરિગ્રહમાંથી એવા ગુણો દે-

ખાડે છે કે પૈસા હોય તો દાન આપીએ, મંદિર આદિ બંધાવીએ, વિગેરે વિગેરે ધર્મનાં કાર્યો કરીએ, માટે ગમે તે આરંભાદિ કરીને પણ ધર્મ કરવાં માટે પૈસા પેદા કરવા, અને દાન આપવાથી, મંદિર આદિ બંધાવવાથી કરેલું પાપ નિવૃત્ત થશે. જ્ઞાનીઓ કહેછે કે પૈસાથી દાન આપવાનું તથા મંદિર આદિ બંધાવવાનું જે શાસ્ત્રમાં કહેવામાં આવ્યું છે તે મેળવેલ યા હૈયાત પૈસાના સદ્વ્યય કરવાનું કહેવામાં આવ્યું છે; પણ ધર્મને માટે આરંભ કરી પૈસા પેદા કરે છે તેઓ ઉજવળ વસ્ત્રને કાદવમાં બોળી પછી ધોવાના જેવું કરે છે, અથવા માથુ ફોડીને શીરો ખાવા જેવું કરે છે. તે કરતાં બહેતર છે કે પ્રથમથીજ ધર્મ નિમિત્તે આરભ ન કરવો, કે જેથી તે પાપ ધોવાના પ્રયાસમાં ઉતરવું ન પડે. શાસ્ત્રમાં કહ્યું છે કે—

**कंचणमणिसोवाणं थंभसहस्सोसियं भुवणतलं ।**
**जो कारिज्जइ जिणहरं तओवि तवसंयमो अहिओ ॥**

સુવર્ણના પગથિયાંવાળું અને મણિના હજાર સ્તભોથી ઉંચા ભુવનના તળીયાવાળુ જો જીનમંદિર કરાવે તેનાથી પણ તપ અને સંયમ અધિક છે. (કહેવાનો આશય એવો છે કે પૈસાથી જે ધર્મ થાય છે તેના કરતાં પોતાના આત્માથી ઇચ્છાના નિરોધરૂપ તપ તથા સંયમ કરવે કરી અધિક લાભ મેળવાય છે; કેમકે પૈસારૂપ પુદ્ગલથી કરાયેલો ધર્મ તે પુદ્ગલિક સુખ આપે છે, અને આત્માથી કરાયેલ ધર્મ તે આત્મિક સુખ આપે છે )

**संगाद्भवन्त्यसन्तोपि रागद्वेषादयो द्विषः ।**
**मुनेरपि चलेच्चेतो यत्तेनान्दोलितात्मनः ॥ १०९ ॥**

પરિગ્રહથી—ધનથી અછતા પણ રાગદ્વેષાદિ શત્રુઓ પ્રકટ થાય છે, કેમકે તે પરિગ્રહથી આંદોલિત આત્માવાળા—પ્રેરાયેલા મુનિઓનાં પણ ચિત્ત ચપળ થઇ જાય છે તો ગૃહસ્થોની તો વાતજ શી કરવી ?

## ગૃહસ્થાએ શું શું કરવું જોઇએ ?

**संसारमूलमारम्भा स्तेषांहेतुः परिग्रहः ।**
**तस्मादुपासकःकुर्या दल्पमल्पंपरिग्रहं ॥ ११० ॥**

સંસારનું મૂળ કારણ આરંભો છે, અને આરંભનું મૂળ કારણ પરિગ્રહ છે. માટે શ્રાવકોએ—ગૃહસ્થોએ જેમ બને તેમ પરિગ્રહ ઓછો કરવો—ઓછો રાખવો.

## પરિગ્રહથી થતો ભય.

मुष्णन्ति विषयस्तेना दहति स्मरपावकः ॥
रुन्धन्ति वनिताव्याधाः संगैरंगीकृतं नरम् ॥ १११ ॥

ધન અંગીકાર કરવાવાળા પુરૂષને વિષયરૂપ ચોરો લુંટી લે છે; કામરૂપ અગ્નિ નિરંતર બાળે છે, અને શરીરના સ્વાર્થી સ્ત્રીઓરૂપી પારધીઓ સંસારમાં રોકી રાખે છે. ૧૧૧.

---

## પરિગ્રહથી તૃપ્તિ થતી નથી.

तृप्तो न पुत्रैः सगरः कुचिकर्णो न गोधनैः ॥
न धान्यैस्तिलकश्रेष्ठी न नंदः कनकोत्करैः ॥ ११२ ॥

પુત્રોવડે સગર રાજા, ગાયોવડે કુચિકર્ણ ગૃહપતિ, અનાજ સંગ્રહ કરી તિલક શેઠ, અને સોનાના ઢગલાવડે નંદરાજા તૃપ્ત થયો નહિ.

**વિવેચન**—ઇંધણાઓથી અગ્નિની તૃપ્તિ થતી નથી, તેમ પરિગ્રહથી મનુષ્યોની તૃપ્તિ થતી નથી. સગર ચક્રવર્તિ રાજા હતો, તેની રાજધાની અયોધ્યા હતી, તેને સાઠહજાર પુત્રો હતા, પણ તે પુત્રની ઇચ્છાથી અપૂર્ણજ ર.ો. ૈવિક ઉપદ્રવથી તેના સાઠહજાર પુત્ર માર્યા ગયા આખરે વરાગ પામી અજીતનાથ સ્વામી પાસે ચારિત્ર લીધું, ત્યારેજ તેને ખરો સંતોષ અને આત્મશાંતિ મળી.

કુચિકર્ણ ગૃહપતિ મગધ દેશના સુઘોષ ગામનો કણબી પટેલ હતો. ગાયો ઉપરની પ્રીતિ તેની અથાગ હતી. અનુક્રમે તેણે એક લાખ ગાયો મેળવી હતી, છતાં પણ તે અસંતોષિત પરિણામી રહ્યો. તેજ ગાયોના ઘૃત, દધ્યાદિ વિશેષ ખાવાથી અજીર્ણતાવાળો થઇ આર્તધ્યાને મરણ પામી તે તિર્યંચપણે ઉત્પન્ન થયો. મમત્વનું કેવું ખરાબ પરિણ મ

તિલક શેઠ અચળપુર ગામનો રહીશ વણિક હતો અનાજ સંગ્રહ કરવા ઉપર અને તેનો નફો મેળવવા ઉપર તેની પ્રીતિ અગાધ હતી. ઘરની સારી વસ્તુ વેચીને પણ તે ધાન્યનો સંગ્રહ કરતો અને દુકાળ પડવાની કરતો. એક વખત નિમિત્તિઆએ તેને જણાવ્યુ કે આ વર્ષમાં દુકાળ પડશે, તે સાંભળતાંજ તેણે અનાજની એટલી બધી ખરીદી કરી લીધી કે પોતાના ઘરનાં

પુષ્કળ નાણું છતાં તેને ઘર વેચવાની અને છેવટમાં વ્યાજે નાણું લેવાની જરૂર પડી. પૃથ્વીપર કોઇ ભાગ્યવાન્ પુરૂષનો જન્મ થતાં દુકાળ દૂર થયો અને તે એટલી બધી ખોટમાં આવી પડયો કે આર્તધ્યાનમાં છાતી પીટીને તેને મરવું પડયુ. મરીને નરકે ગયો. આહા ! શું મનુષ્યોની લોભવૃત્તિ !

પૂર્વે પાટલીપુત્ર નગરમાં નંદ રાજા રાજ્ય કરતો હતો. તેની લોભવૃત્તિ મર્યાદા વિનાની હતી. પ્રજા ઉપર મોટા કરો તેણે નાખ્યા, ખોટા આરોપો મૂકી ધનાઢયો પાસેથી ધન કઢાવ્યુ અને સોનાના સિક્કાઓ કાઢી ચામડાનાં નાણાં બનાવ્યાં. પ્રજાને નિર્ધન કરી તેણે સોનાના ડુંગરો બનાવ્યા. છેલ્લી અવસ્થામાં અનેક વ્યાધિઓથી પીડા પામી રીબાઇ રીબાઇ મરણ પામ્યો અને મરીને નરકે ગયો આ પ્રમાણે લોભથી થતા અવગુણો જાણી પોતાની નિર્મર્યાદ ઇચ્છાને સંતોષ વૃત્તિએ કરી નિયંત્રિત કરવી, અર્થાત્ ઇચ્છાને અમુક હદમા લાવી મૂકવી, જેથી વિશેષ અનર્થ થતો અટકે.

---

## પરિગ્રહની ઇચ્છા યોગીઓનો પણ નાશ કરે છે.

**तपः श्रुतपरिवारां शमसाम्राज्यसंपदम् ॥**
**परिग्रहग्रहग्रस्तास्त्यजेयुर्योगिनोपि हि ॥ ११५ ॥**

પરિગ્રહરૂપ ગ્રહથી ગ્રસિત થયેલા (ભક્ષણ કરાયેલા) યોગીઓ પણ પોતાની તપ અને શ્રુત જ્ઞાનના પરિવારવાળી શમભાવ રૂપ સામ્રાજ્ય (સ્વતંત્ર) લક્ષ્મીનો નાશ કરે છે (ત્યાગ કરે છે.)–૧૧૫.

**असंतोषवतः सौख्यं न शक्रस्य न चक्रिणः ॥**
**जन्तोः संतोषभाजो यदभयस्येव जायते ॥ ११६ ॥**

તે સુખ અસંતોષવાળા ઇંદ્રને કે ચક્રવર્તિને પણ મળી શકતું નથી કે જે સુખ સંતોષ વૃત્તિવાળા અભયકુમારજેવાને પ્રાપ્ત થાય છે.૧૧૬

**વિવેચન**—મગધ દેશના પાટનગર રાજગૃહી નગરીમાં પરમાર્હત ભક્ત શ્રેણિક રાજા રાજ્ય કરતો હતો, તેનો અભયકુમાર પુત્ર હતો. બુદ્ધિના વૈભવથી પાંચસો પ્રધાનોનો તે આગેવાન હતો અને રાજ્યતંત્રનો એક ધુરંધર હતો. તેના બુદ્ધિબળથી બીજાં રાજ્યો આશ્ચર્ય અને ભય પામી નિરંતર તેનાથી સાવધ રહેતાં અને તેવા વિકટ પ્રસંગોમાં અભયકુમારની સલાહ માગતાં હતાં. પ્રજાહિતનાં,

રાજ્યહિતનાં અને ધર્મહિતનાં તેણે એટલાં બધાં સારાં કાર્યો કર્યાં હતાં કે તે વખતના રાજા પ્રજાને તે સર્વ અનુકરણ કરવા જેવાં હતાં, પુત્રનાં આવાં અલૌકિક કાર્યો અને બુદ્ધિ વૈભવથી આકર્ષાઈ બીજા રાજપુત્રો છતાં શ્રેણિક મહારાજાએ તેને રાજ્ય આપવાનો નિર્ણય કર્યો અને અભયકુમારને સ્વીકારવા જણાવ્યું. અભયકુમારે ઉત્તર આપ્યો કે પિતાજી! મારી મનોવૃત્તિઓ હવે પરલોક સંબંધી પરમાર્થ સાધવા પ્રેરાય છે. મને રાજ્યની બીલકુલ ઈચ્છા નથી. મનુષ્યોએ પોતાની જીંદગી અને બુદ્ધિબળ આત્મશાંતિ માટે વાપરવાં જોઈએ. છતાં છેવટની અવસ્થામાં પણ જો તેઓ રાજ્યાદિકના લોભી થઈ વિષયાસક્ત બની પરમાર્થ સિદ્ધ ન કરે તો તે મનુષ્યપણાને લાયકજ નથી, માટે હું હવેમારૂં આત્મસાધન કરીશ અને રાજ્ય આપ ઈચ્છાનુસાર બીજા રાજકુમારોને સોંપશો. રાજાએ ઘણો આગ્રહ કર્યો છતાં સંતોષવૃત્તિવાળા અને આત્મજાગૃતિવાળા અભયકુમારે તેનો સ્વીકાર કરવા છેવટ સુધી ના પાડી અને પિતાની આજ્ઞા મેળવી, ભગવાન્ મહાવીર દેવ પાસે ચારિત્ર સ્વીકાર કર્યું અને ધર્મધ્યાનમાં લીન થઈ અંતે સર્વાર્થસિદ્ધ નામના વિમાને દેવપણે ઉત્પન્ન થયો. આ પ્રમાણે, સંતોષવૃત્તિવાળા અભયકુમારનું ટુંક જીવન કહેવાયું. વાચકોએ યથાશક્તિ તેમનુ અનુકરણ કરવા સાવધાન થવું.

---

## સંતોષની સ્તુતિ.

संनिधौ निधयस्तस्य कामगव्यनुगामिनी ॥
अमराः किंकरायन्ते संतोषो यस्य भूषणम् ॥ ११७ ॥

જે મહાશયનું સંતોષ તેજ ભૂષણ છે, તેને નિધાનો પાસે રહે છે, કામધેનુ તેની પછાડી ચાલે છે અને દેવો કિંકરની માફક આજ્ઞા ઉઠાવે છે. ૧૧૭.

આ પ્રમાણે પરિગ્રહની ઈચ્છાનો રોધ કરવારૂપ ગૃહસ્થોનું પાંચમું વ્રત કહેવાયું અને બીજો પ્રકાશ પણ સમાપ્ત થયો.

इति आचार्य श्री हेमचंद्रविरचिते योगशास्त्रे मुनिकेशरविजयगणि विरचित बालावबोधे द्वितीयः प्रकाशः ॥

## तृतीयः प्रकाशः प्रारभ्यते.

ગૃહસ્થનાં પાંચ અણુવ્રતો કહી હવે બાકીમાં ગુણુવ્રતો અને શિક્ષાવ્રતો કહેવાવામાં આવે છે.

### છઠ્ઠું વ્રત દિગ્‌વિરતિ યા દિશાનો નિયમ.

**दशस्वपि कृता दिक्षु यत्र सीमा न लंघ्यते ॥**
**ख्यातं दिग्विरतिरिति प्रथमं तद्गुणव्रतं ॥ १ ॥**

જે વ્રતમાં દશે દિશાઓમાં જવા આવવાના કરેલા નિયમની મર્યાદાનુ ઉલ્લંઘન ન કરાય તે દિગ્‌વિરતિ નામનું પહેલું ગુણુવ્રત કહેલું છે. ૧

વિવેચનઃ—ગુણુવ્રત એટલે અહિંસાદિ પાંચ અણુવ્રતોને ફાયદો કરનાર–ગુણ ઉત્પન્ન કરાવનાર–તે ગુણવ્રત. તેમાં આ છઠ્ઠુ વ્રત પહેલા અહિંસા વ્રતને વિશેષ ફાયદાજનક છે. પહેલાં પાંચ મૂળ વ્રતો છે તેનેજ પુષ્ટી કરનાર આ ઉત્તર વ્રતો કહેવાય છે. ઉત્તર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમ, ઈશાન, વાયવ્ય, નૈઋત્ય, અગ્નિ, ઉર્ધ્વ અને અધો. આ ચાર દિશા, ચાર વિદિશા, ઊંચે અને નીચે એમ દશે દિશાઓમાં વ્યાપારાદિ દુનિયાદારીના કાર્ય પ્રસંગે જવું આવવું થાય તેનો નિયમ રાખવો કે અમુક શહેરથી દશે દિશા તરફ જવાનું થાય તો આટલા યોજન કે ગાઉ જવું, તેથી વિશેષ આગળ ન જવું, તેને દિશાવિરમણ યા દિગ્‌વિરમણ નામનું છઠ્ઠુ વ્રત એટલે પહેલું ગુણુવ્રત કહે છે. ૧.

આંહી કોઈ શંકા કરે છે. પાપની તીવ્રતા જેમાં થાય તેનો નિયમ લેવો તે યોગ્ય છે પણ આમ દિશાઓમાં જવા આવવાનો નિયમ મેળવવાથી કયું પાપ રોકાયું અથવા જવામાં શું પાપ લાગે છે. તેનો ઉત્તર આપે છે.

**चराचराणां जीवानां विमर्दननिवर्त्तनात् ॥**
**तप्तायोगोलकल्पस्य सद्वृत्तं गृहिणोप्यदः ॥ २ ॥**

જેમ તપેલો લોઢાનો ગોળો જ્યાં જાય ત્યાં જીવોનો નાશ કરે છે તેમ તપેલા લોઢાના ગોળા સરખા અવિરતિ ગૃહસ્થોને, આ વ્રતમાં ચરાચર (ચાલતા અને સ્થિર) જીવોના વિમર્દનનુ નિવર્તન કરવાપણું હોવાથી આ વ્રત ઉત્તમ છે. (અર્થાત્ આ વ્રતમાં પાપથી નિવૃત્તિ થઈ શકે છે એટલે તે ગૃહસ્થને યોગ્ય છે.) ૨.

### આ વ્રતથી લોભની પણ નિવૃત્તિ થાય છે.

जगदाक्रममाणस्य प्रसरल्लोभवारिधेः ॥
स्खलनं विदधे तेन येन दिग्विरतिः कृता ॥ ३ ॥

જે માણસોએ દિશાઓમા ગમન કરવાનો નિયમ લીધો છે તેણે જગતને આક્રમણ કરવાને (દબાવવાને) પ્રસરતા (ફેલાતા) લોભરૂપી સમુદ્રને આગળ વધતો અટકાવ્યો છે. ૩.

(કેમકે લોભથી પ્રેરાઈ વિશેષ લાભને માટે વિરતિ કરેલા પ્રદેશોમાં તે જતો અટકશે તેથી લોભ સમુદ્રનો પણ તેણે અટકાવ કર્યો એમ કહી શકાય.)

---

### ભોગોપભોગ નામનું બીજું ગુણવ્રત.

भोगोपभोगयोः संख्या शक्त्या यत्र विधीयते ॥
भोगोपभोगमानं तद् द्वैतीयीकं गुणव्रतम् ॥ ४ ॥

શરીરની શકિત પ્રમાણે જે વ્રતમાં ભોગોપભોગની સંખ્યાનો નિયમ કરાય છે, તે ભોગોપભોગ નામનું બીજું ગુણવ્રત કહેવાય છે.

---

### ભોગોપભોગ એટલે શું તે બતાવે છે.

सकृदेव भुज्यते यः स भोगोऽन्नस्रगादिकः ॥
पुनः पुनः पुनर्भोग्य उपभोगोऽङ्गनादिकः ॥ ५ ॥

જે એકજવાર ભોગવવામાં આવે તે અનાજ, પુષ્પમાલા, તાંબુલ, વિલેપન, વિગેરે ભોગ કહેવાય છે, અને જે વારંવાર ફરી ફરી ભોગવવામાં આવે તે સ્ત્રી, વસ્ત્ર, અલંકાર, ઘર, શય્યા, આસન, વાહન, વિગેરે ઉપભોગ કહેવાય ૫.

(આ ભોગવવામાં અર્થાત્ ખાવાપીવામાં આવતી દુનિયાની કેટલીક વસ્તુ સર્વથા વર્જવા લાયક છે અને કેટલીક અમુક વખત માટે નિયમ કરવા જેવી છે. તેમાં પ્રથમ સર્વથા વર્જવા લાયક વસ્તુઓ બતાવે છે.)

मद्यं मांसं नवनीतं मधूदुंबरपञ्चकम् ॥
अनन्तकायमज्ञात फलं रात्रौ च भोजनम् ॥ ६ ॥
आमगोरससंपृक्तं द्विदलं पुष्पितौदनम् ॥
दध्यहर्द्वितीयातीतं क्वथितान्नं विवर्जयेत् ॥ ७ ॥

દરેક જાતનો દારૂ, માંસ, માખણ, મધ, ઉંબરાદિ પાંચ જાતના ટેટા, અનંતકાય-કંદમૂલાદિ, અજાણ્યા ફળ, રાત્રિ ભોજન, કાચા દુધ, દહી તથા છાશની સાથે કઠોળ ખાવું તે, વાંસી અનાજ, બે દિવસ ઉપરાંતનું દહી અને ચલિત રસવાળું-કોહેલું અનાજ તેનો ત્યાગ કરવો. ૬-૭.

---

## મદિરા પીવાથી થતો દોષ.

मदिरापानमात्रेण बुधिर्नश्यति दूरतः ॥
वैदग्धीवंधुरस्यापि दौर्भाग्येणेव कामिनी ॥ ८ ॥

पापाः कादंवरीपानविवशीकृतचेतसः ॥
जननीं हा प्रियीयन्ति जननीयन्ति च प्रियाम् ॥ ९ ॥

न जानाति परं स्वं वा मद्याच्चलितचेतनः ॥
स्वामीयति वराकः स्वं स्वामिनं किंकरीयति ॥ १० ॥

मद्यपस्य शवस्येव लुठितस्य चतुष्पथे ॥
मूत्रयन्ति मुखे श्वानो व्यात्ते विवरशंकया ॥ ११ ॥

मद्यपानरसे मग्नो नग्नः स्वपिति चत्वरे ॥
गूढं च स्वमभिप्रायं प्रकाशयति लीलया ॥ १२ ॥

वारुणीपानतो यांति कांतिकीर्तिमतिश्रियः ॥
विचित्राश्चित्ररचना विलुठत्कज्जलादिव ॥ १३ ॥

भूतात्तवन्नरीनर्ति रारटीति सशोकवत् ॥
दाहज्वरार्त्तवद् भूमौ सुरापो लोलुठीति च ॥ १४ ॥

विदधत्यंगशैथिल्यं ग्लापयंतींद्रियाणि च ॥
मूर्छामतुच्छां यच्छन्ति हाला हालाहलोपमा ॥ १५ ॥

विवेकः संयमो ज्ञानं सत्यं शौचं दया क्षमा ॥
मद्यात्प्रलीयते सर्वं तृण्या वह्निकणादिव ॥ १६ ॥

दोषाणां कारणं मद्यं मद्यं कारणमापदाम् ॥
रोगातुर इवापथ्यं तस्मान्मद्यं विवर्जयेत् ॥ १७ ॥

જેમ વિદ્વતાએ કરી સુંદર માણસની પણ દૌર્ભાગ્યના કારણથી સ્ત્રી ચાલી જાય છે, તેમ મદિરાપાન કરવા વડે કરી બુદ્ધિ દૂર ચાલી

જાય છે: મદિરાપાનથી પરાધીન થયેલ ચિત્તવાળા પાપી મનુષ્યો પોતાની માતાની સાથે સ્ત્રીની માફક વર્ત્તન કરે છે. અને સ્ત્રીની સાથે માતાની માફક વર્તન કરે છે. મદ્યથી ચલિત ચિત્તવાળાઓ પોતાને અને પરને જાણી શકતા નથી તેથી પોતે નોકર છતાં પોતાને સ્વામી માફક ગણે છે અને પોતાના સ્વામિને કિંકરની માફક ગણે છે. કદાચ મડદાની માફક મેદાનમાં પડેલા અને ઉઘાડા મુખવાળા મદિરા પીવાવાળા માણસના મુખમાં છિદ્રની શંકાથી કુતરાઓ પણ મુતરે છે. મદ્યપાનના રસમાં મગ્ન થએલો બજારમાં પણ નગ્નપણે સુવે છે અને એક સેજસાજમાં પોતાના ગૂઢ અભિપ્રાયને—છાના વિચારોને બોલી નાંખે છે. વિચિત્ર પ્રકારનાં ચિત્રોની રચના ઉપર કાજળ ઢોળાવાથી જેમ ચિત્રો નાશ પામે છે તેમ દારૂ પીવાથી કાંતિ, કીર્તિ, બુદ્ધિ અને લક્ષ્મી ચાલી જાય છે. મદિરા પીવાવાળો ભૂતથી પીડાયેલાની માફક નાચે છે; શોકવાળાની માફક રડ્યા કરે છે અને દાહજ્વરથી પીડાયેલાની માફક જમીન ઉપર આળોટયા કરે છે. મદિરા શરીરને શિથિલ કરી નાંખે છે. ઇંદ્રિયોને મ્લાન—નિર્બળ કરે છે, અને અત્યંત મૂર્છા આપે છે, જેમ અગ્નિના કણીયાથી ઘાસનો સમૂહ નાશ પામે છે તેમ મદિરાથી વિવેક, સંયમ, જ્ઞાન, સત્ય, શૌચ, દયા અને ક્ષમા તે સર્વનો નાશ થાય છે; મદ્ય દોષોનું કારણ છે, અને મદ્ય સર્વ આપદાઓનું કારણ છે. માટે જેમ રોગાતુર માણસ અપથ્યનો ત્યાગ કરે છે તેમ આત્મહિત ચિંતકોએ મદિરાનો ત્યાગ કરવો.—૮ થી ૧૭

## માંસ ત્યાગ કરવા વિષે.

चिखादिषति यो मांसं प्राणिप्राणापहारतः ॥
उन्मूलयत्यसौ मूलं दयाख्यं धर्मशाखिनः ॥ १८ ॥
अशनीयन् सदा मांसं दयां यो हि चिकीर्षति ॥
ज्वलति ज्वलने वल्लीं स रोपयितुमिच्छति ॥ १९ ॥

પ્રાણિઓના પ્રાણનો નાશ કરીને જે માંસ ખાવાને ઇચ્છે છે તે દયા નામના ધર્મ વૃક્ષનાં મૂળને મૂળથી ઉખેડી નાંખે છે. નિરંતર માંસ ખાય છે અને દયા કરવાની ઇચ્છા રાખે છે તે બળતા અગ્નિ

વિષે વેલડી રોપવાને ઇચ્છે છે.-અર્થાત્ માંસ ખાવાવાળામાં દયા ટકી શકતી નથી. ૧૮—૧૯

## કોઇ શંકા કરે છે, માંસ ખાનાર અને જીવ મારનાર તેમાંથી જીવ હિંસાનો દોષ કોને લાગે? આચાર્ય શ્રી ઉત્તર આપે છે.

हंता पलस्य विक्रेता संस्कर्ता भक्षकस्तथा ॥
क्रेतानुमंता दाता च घातका एव यन्मनुः ॥ २० ॥

પ્રાણિઓને હણનાર, માંસ વેચનાર, રાંધનાર, ખાનાર, વેચાતુ લેનાર, અનુમોદન આપનાર અને દેવાવાળો, આ સર્વ હિંસા કરનારજ છે. (કેમકે ખાનાર ન હોય તો માંસ વેચનાર કે મારનાર હોય ક્યાંથી? માટે તે સર્વ હિંસાના ભાગીદારો છે.) ૨૦

મનુ પણ કહે છે કે—

अनुमंता विशसिता निहंता क्रयविक्रयी ॥
संस्कर्त्ता चोपहर्त्ता च खादकश्चेति घातकाः ॥ २१ ॥

સ્મૃતિકાર મનુ કહે છે કે અનુમોદન આપનાર, વેહેંચનાર, મારનાર, લેનાર, દેનાર, રાંધનાર, પીરસનાર, અને ખાવાવાળા એ સર્વ પ્રાણિના ઘાત કરનાર છે. ૨૧. કેમકે—

नाकृत्वा प्राणिनां हिंसां मांसमुत्पद्यते क्वचित् ॥
न च प्राणिवधः स्वर्ग्यस्तस्मान्मांसं विवर्जयेत् ॥ २२ ॥

પ્રાણિની હિંસા કર્યા સિવાય માંસ કદાપિ ઉત્પન્ન થતું નથી, અને પ્રાણિનો વધ કરવાથી સ્વર્ગ મળતું નથી માટે માંસનો ત્યાગ કરવો. ૨૨

## ભક્ષક તેજ વધ કરનાર છે.

ये भक्षयंत्यन्यपलं स्वकीयपलपुष्टये ॥
त एव घातका यन्न वधको भक्षकं विना ॥ २३ ॥

પોતાના માંસની પુષ્ટિને માટે જે માણસો અન્ય જનાવરોનું માંસ ભક્ષણ કરે છે તેજ તે જીવોના ઘાતક છે, કેમકે ખાનાર સિવાય વધ કરનાર હોય નહિ. ૨૩.

### અસાર શરીર માટે પાપ ન કરો.

मिष्टान्नान्यपि विष्टासादमृतान्यपि मूत्रसात् ॥
स्युर्यस्मिन्नंगकस्यास्य कृते कः पापमाचरेत् ॥ २४ ॥

જે શરીરમાં નાંખેલુ ( ખાધેલું ) મિષ્ટ અન્નાદિ પણ વિષ્ટારૂપ થાય છે અને અમૃતાદિ (પાણી) પણ મૂત્ર (પેશાબ) રૂપ થાય છે તો આવા અસાર દેહ માટે કોણ પાપ આચરે ? ૨૪.

### માંસ ભક્ષણમાં દોષ નથી એમ કહેનારનો ગુરૂ કોણ

मांसाशने न दोषोऽस्तीत्युच्यंते यैर्दुरात्मभिः ॥
व्याधगृध्रवृकव्याघ्रशृगालास्तैर्गुरूकृताः ॥ २५ ॥

જે દુરાત્મા પાપી જીવો માંસ ભક્ષણ કરવામાં દોષ નથી, એમ કહે છે તેઓએ શિકારી, ગીધ, નાર, વાઘ અને શિયાળીયાં પ્રમુખને પોતાના ગુરૂ બનાવ્યા છે. ( કારણ કે તેમનું માંસભક્ષણ કરવાપણું જોઇને માંસભક્ષણ કરવા શીખ્યા છે, અર્થાત્ ઉત્તમ મનુષ્યોનો તે ખોરાક નથી, એટલે મનુષ્ય તરફથી તેમને ઉપદેશ મળેલો નથી.)૨૫.

---

### માંસ ભક્ષણના સંબંધમાં મનુએ માંસ શબ્દની કરેલી નિરૂક્તિ.

मां स भक्षयिताऽमुत्र यस्य मांसमिहाद्म्यहम् ॥
एतन्मांसस्य मांसत्वे निरुक्तिं मनुरब्रवीत् ॥ २६ ॥

જેનું માંસ હું આંહી ખાઉં છું, (સ) 'તે' (માં) 'મને' પરભવમાં ભક્ષણ કરશે. આ પ્રમાણે માસ શબ્દની માસ ખાનારના સંબંધમાં મનુએ નિરૂક્તિ કહેલી છે. માસ્ના અક્ષરો અવળી રીતે વાંચવાથી (સમા) તે, મને ભક્ષણ કરશે તેવો અર્થ થાય છે. ૨૬.

### માંસભક્ષણથી આગળ ઉપર વધતા જતા દોષો.

मांसास्वादनलुब्धस्य देहिनं देहिनं प्रति ॥
हंतु प्रवर्त्तते बुद्धिः शाकिन्या इव दुर्धियः ॥ २७ ॥

માંસ આસ્વાદન કરવામાં લુબ્ધ થયેલાં માણસની શાકિનીની માફક દરેક પ્રાણિઓને હણવા માટે દુર્બુદ્ધિ થતી જાય છે. ૨૭.

ये भक्षयंति पिशितं दिव्यभोज्येषु सत्स्वपि ॥
सुधारसं परित्यज्य भुंजते ते हलाहलं ॥ २८ ॥

જે માણસો સુંદર દિવ્ય ભોજનો વિદ્યમાન છે છતાં તેને મૂકીને માંસ ભક્ષણ કરે છે, તે અમૃતના રસનો ત્યાગ કરીને ઝેર પીએ છે. ૨૮.

न धर्मो निर्दयस्यास्ति पलादस्य कुतो दया ॥
पललुब्धो न तद्वेत्ति विद्याद्वोपदिशेन्न हि ॥ २९ ॥

નિર્દય માણસમાં ધર્મ હોય નહિ. તથા માંસ ભક્ષણ કરનારમાં દયા ક્યાંથી હોય? દયા અને ધર્મને, માંસમાં લુબ્ધ થએલ જાણતો નથી, અથવા કદાચ જાણે તો પણ પોતે માંસ ભક્ષક હોવાથી તેની નિવૃત્તિ માટે બીજાને ઉપદેશ આપે નહિ. ૨૯.

---

## માંસ ખાનારની એક બીજી અજ્ઞતા.

केचिन्मांसं महामोहादश्नंति न परं स्वयं ॥
देवपित्रतिथिभ्योपि कल्पयंति यदुचिरे ॥ ३० ॥

કેટલાએક માણસો પોતે માંસ ખાય છે એટલું નહિ પણ મહાન્ અજ્ઞાનથી દેવ, પિતૃ અને અતિથિઓને માટે પણ તે માંસ કલ્પે છે, ૩૦

તેઓએ પોતાના શાસ્ત્રમાં કહ્યું છે કે—

क्रीत्वा स्वयं वाप्युत्पाद्य परोपहृतमेव वा ॥
देवान् पितृन् समभ्यर्च्य खादन् मांसं न दुष्यति ॥३१॥

( કસાઈની દુકાન સિવાય બીજેથી ) વેચાતુ લાવીને અથવા પોતે ઉત્પન્ન કરીને ( માંગી લાવીને ) અથવા બીજાએ આપેલા માંસ વડે કરી દેવોને પિતૃઓને પૂજીને તે માંસ પોતે ખાતાં દૂષિત થતો નથી. અર્થાત્ તેમ કરી ખાવામાં દોષ નથી. આ પ્રમાણે મનુ કહે છે. ૩૧.

**વિવેચન**—અફસોસ છે કે મનુષ્યોને માંસ ન ખાવાનું એક વખત બતાવી, દેવોની ભક્તિ કરી ફરીને ખાવાનું બતાવવામાં આવે છે. જ્યારે મનુષ્યોને માંસ ખાવું તે અનુચિત છે તો દેવોને તે કેવી રીતે ઉચિત ગણાયું? અને આવા મળમૂત્રોથી ભરેલા દુર્ગંછનિય માંસને ખાનારા દેવો મનુષ્ય કરતાં કેટલા અધમ ગણી શકાય? તથા તેવા દેવો મનુષ્યોને કેવી રીતે સહાયકારી થઇ શકે એ વિચારવા જેવું છે.

મંત્રથી સંસ્કૃત માંસ ખાવામાં અડચણ નથી એમ મનુ કહે છે. આચાર્ય શ્રી ઉત્તર આપે છે.

मंत्रसंस्कृतमप्यद्याद्यवाल्पमपि नो पलं ।
भवेज्जीवितनाशाय हालाहललवोपि हि ॥ ३२ ॥

મંત્રથી સંસ્કાર કરાયેલું પણ માંસ એક જવના દાણા જેટલું થોડું પણ ખાવું નહિ. કેમકે એક ઝેરનો લેશ પણ જીવિતવ્યના નાશને માટે થાય છે. (તેમ થોડું પણ માંસ દુર્ગતિ આપનાર છે.)૩૨.

ઉપસંહાર કરે છે.

सद्यः संमूर्छितानंतजंतुसंतानदूषितं ।
नरकाध्वनि पाथेयं कोऽश्नीयात् पिशितं सुधीः ॥ ३३ ॥

પ્રાણીઓને માર્યા બાદ તત્કાળ ઉત્પન્ન થતા અનંત જંતુઓના સમૂહથી દૂષિત થયેલું અને નરકના માર્ગમાં પાથેય તુલ્ય માંસનું કયો બુદ્ધિમાન્ માણસ ભક્ષણ કરે ? અર્થાત્ ન કરે. ૩૩.

માખણ ખાવાના દોષો બતાવે છે.

अंतर्मुहूर्त्तात्परतः सुसूक्ष्मा जंतुराशयः ।
यत्र मूर्छंति तन्नाद्यं नवनीतं विवेकिभिः ॥ ३४ ॥

છાશમાંથી બહાર કાઢ્યા પછી અંતર્મુહૂર્ત થયે તેમાં ઘણા સૂક્ષ્મ જંતુના સમૂહો પેદા થાય છે. માટે વિવેકી પુરૂષોએ તે માખણ ન ખાવું. ૩૪.

एकस्यापि हि जीवस्य हिंसने किमघं भवेत् ।
जंतुजातमयं तत्को नवनीतं निषेवते ॥ ३५ ॥

એક પણ જીવને મારવામાં અત્યંત પાપ છે, તો જંતુઓના સમુદાયથી ભરપુર આ માખણનું કોણ ડાહ્યો માણસ ભક્ષણ કરે ? અર્થાત્ દયાળુ માણસ ભક્ષણ ન કરે. ૩૫.

મધ ખાવાના દોષો બતાવે છે.

अनेक जंतु संघात निघातन समुद्भवम् ।
जुगुप्सनीयं लालावत् कः स्वादयति माक्षिकं ॥ ३६ ॥

અનેક જંતુઓના સમુદાયનો નાશ થવાથી પેદા થએલું અને જુગુપ્સનીય લાળવાળું મધનું આસ્વાદન ( ભક્ષણ ) કોણ કરે ? અર્થાત્ ન કરવું જોઇએ. ૩૬.

---

## મધ ખાવામાં વધારે પાપ બતાવે છે.

भक्षयन् माक्षिकंक्षुद्रजंतुलक्षक्षयोद्भवं ।
स्तोकजंतुनिहंतृभ्यः सौनिकेभ्योतिरिच्यते ॥ ३७ ॥

લાખો નાના જંતુઓના ક્ષયથી પેદા થએલું મધ તેને ખાવાવાળો થોડા જીવોને મારવાવાળા ચંડાળથી (જીવો મારવાની સંખ્યાની અપેક્ષાએ) પણ વધી જાય છે. ૩૭.

एकैककुसुमक्रोडाद्रसमापीयमक्षिकाः ।
यद्वमंति मधूच्छिष्टं तदश्नंति न धार्मिकाः ॥ ३८ ॥
अप्यौषधकृतेजग्धंमधुश्वभ्रनिबंधनम् ।
भक्षितः प्राणनाशाय कालकूटकणोपि हि ॥ ३९ ॥
मधुनोपिहिमाधुर्यमबोधैरहहोच्यते ।
आसाद्यंते यदास्वादाच्चिरंनरकवेदनाः ॥ ४० ॥

એક એક પુષ્પની અંદરથી માખીઓ રસ પીઇને બીજે ઠેકાણે તે રસને વમે છે, તેથી પેદા થએલું તે મધ કહેવાય છે. આવું ઉચ્છિષ્ટ (એઠું) મધ ધાર્મિક પુરૂષો ખાતા નથી કેટલાએક મનુષ્યો મધનો ત્યાગ કરે છે પણ ઔષધને માટે તે મધ ખાય છે. જ્ઞાનીઓ કહે છે કે ઔષધને માટે ખાધેલું મધ પણ નરકનું કારણ છે. કેમકે કાળકુટ ઝેરનો કણીયો પણ ખાધો હોય તો તે પ્રાણના નાશને માટે થાય છે.

કેટલાએક અજ્ઞાની જીવો કહે છે કે મધમાં પણ મીઠાશ રહેલી છે. પણ જેનો આસ્વાદ કરવાથી ઘણા વખત સુધી નરકની વેદના ભોગવવી પડે તેને તાત્વિક મીઠાશ કેમ કહેવાય ? જેનું પરિણામ દુ:ખદાયી આવે તેમાં મીઠાશ હોય તોપણ તે મીઠાશ ન કહેવાય, માટે મધનો વિવેકી પુરૂષોએ ત્યાગ કરવો જોઇએ. ૩૮.–૩૯.–૪૦.

### આ અપવિત્ર મધને પવિત્ર માની કેટલાએક દેવસ્થાનમાં તેનો ઉપયોગ કરે છે તેને કહે છે.

मक्षिकामुखनिष्ठ्यूतं जंतुघातोद्भवं मधु ।
अहो पवित्रं मन्वाना देवस्नाने प्रयुंजते ॥ ४१ ॥

અહો ! મહાન્ અફસોસ કરવા જેવું છે કે અનેક જંતુના ઘાતથી પેદા થએલું માખીઓના મુખનું થુંક, તેને પવિત્ર માનીને દેવને સ્નાન કરવા માટે વાપરે છે. ( અર્થાત્ તે અપવિત્ર મધને દેવસ્નાન માટે ન વાપરવું જોઇએ. ) ૪૧.

---

### પાંચે પ્રકારના ઉંબરા પ્રમુખના ફળોનો ત્યાગ કરવાનું કહે છે.

उदुंबरवटप्लक्ष काकोदुंबरशाखिनां ।
पिप्पलस्य च नाश्नीयात्फलं कृमिकुलाकुलं ॥ ४२ ॥
अप्राप्नुवन्नन्यभक्ष्यमपि क्षामो बुभुक्षया ।
न भक्षयति पुण्यात्मा पंचोदुंबरजं फलं ॥ ४३ ॥

કૃમિઓના સમૂહથી ભરપુર ઉંબરાનાં, વડનાં, પીપરનાં, કાલુંબરનાં તથા પીંપળાનાં વૃક્ષોનાં ફળો ખાવાં ન જોઇએ. બીજું ખાવાનું ન મળતું હોય અને ભૂખથી ઉદર ખાલી હોય, છતાં પણ પુણ્યાત્મા ઉત્તમ મનુષ્યો ઊંબરાદિ પાંચે પ્રકારનાં અભક્ષ્ય ફળો ખાતા નથી. ૪૨-૪૩.

---

### અનંતકાયનો ત્યાગ કહે છે.

आर्द्रः कंदः समग्रोपि सर्वः किशलयोपि च ।
स्नुही लवणवृक्षत्वक् कुमारी गिरिकर्णिका ॥ ४४ ॥
शतावरी विरूढानि गडूची कोमलाम्लिका ।
पल्ल्यंकोमृतवल्ली च वल्लः शूकरसंज्ञितः ॥ ४५ ॥
अनंतकायाः सूत्रोक्ता अपरेपि कृपापरैः ।
मिथ्यादृशामविज्ञाता वर्जनीया प्रयत्नतः ॥ ४६ ॥

સર્વ જાતનાં લીલાં કંદમૂળ, સર્વ જાતનાં ઉગતાં કુંપલીયાં, સ્નુહી (થોર), લવણ વૃક્ષની છાલ, કુમાર પાઠું, ગિરિકર્ણિકા, શતાવરી,

દ્વિદલવાળાં અંકુરા ફુટેલ ધાન્ય, ગડુચી, કુણી આંબલી, પલ્યંક –શાક વિશેષ, અમૃતવલ્લી વેલ વિશેષ, શુકર જાતના વાલ, આ સર્વ આર્ય દેશમાં પ્રસિદ્ધ છે, બીજા પણ મ્લેચ્છ દેશમાં પ્રસિદ્ધ સૂત્રોક્ત અનંતકાયો જીવદયામાં તત્પર મનુષ્યોએ પ્રયત્નપૂર્વક ત્યાગ કરવા. આ અનંત કાયો મિથ્યાદૃષ્ટિઓએ જાણેલાં નથી (કેમકે તેઓ વનસ્પતિમાં પણ જીવ માનતા નથી. અત્યારની નવીન શોધથી હવે વનસ્પતિમાં જીવ છે તે માનવું પ્રસિદ્ધ થઇ ચુકયું છે.) ૪૪–૪૫–૪૬.

## અજાણ્યાં ફળ ન ખાવા વિષે.

स्वयं परेण वा ज्ञातं फलमद्याद्विशारदः ।
निषेधे विषफले वा माभूदस्य प्रवर्तनम् ॥ ४७ ॥

અજાણ્યાં ફળો કે જેનુ નામ યા સ્વરૂપ પોતે યા બીજા જાણતા ન હોય તે ન ખાવા જોઇએ, કારણ કે તેમ કરવાથી કદાચ નિષેધ કરેલાં ફળમાં અથવા વિષ વૃક્ષના ફળો ખાવામાં પ્રવૃત્તિ થઇ જાય, માટે વિદ્વાનોએ પોતે અથવા બીજાએ જાણીતાં ફળો હોય તે ખાવાં જોઇએ. ૪૭.

## રાત્રિભોજન નિષેધ.

अन्नं प्रेतपिशाचाद्यैः संचरद्भिर्निरंकुशैः ।
उच्छिष्टं क्रियते यत्र तत्र नाद्याद्दिनात्यये ॥ ४८ ॥

રાત્રિ વખતે નિરંકુશપણે વિચરતા પ્રેત પિશાચાદિકો અન્નને એઠું કરે છે, માટે સૂર્યાસ્ત થવા પછી ભોજન ન કરવું. ૪૮.

घोरांधकाररुद्धाक्षैः पतंतो तत्र जंतवः ।
नैव भोज्ये निरीक्ष्यंते तत्र भुंजीत को निशि ॥ ४९ ॥

ઘોર અંધકારથી નેત્રની શક્તિ રૂંધાઇ જવાવાળાં મનુષ્યો જે ભોજનની અંદર પડતાં જંતુઓને જોઇ શકતાં નથી તે રાત્રિ વિષે કોણ ભક્ષણ કરે. ૪૯.

## રાત્રિભોજનથી થતા દોષો.

मेधां पिपीलिका हन्ति यूका कुर्याज्जलोदरम् ।
कुरुते मक्षिका वांतिं कुष्टं रोगं च कोलिकः ॥ ५० ॥

कंटको दारुखंडं च वितनोति गलव्यथां ।
व्यंजनांतर्निपतितस्तालु विध्यति वृश्चिकः ॥ ५१ ॥
विलग्नश्च गले वालः स्वरभंगाय जायते ।
इत्यादयो दृष्टदोषाः सर्वेषां निशि भोजने ॥ ५२ ॥

ભોજનમાં જો કીડી ખાવામાં આવી જાય તો બુદ્ધિનો નાશ કરે છે, માખી વમન કરાવે છે, કરોળીઆથી કોઢનો રોગ થાય છે, કાંટો અગર લાકડાની કરચ ગળામાં દુઃખ ઉત્પન્ન કરે છે. શાકની અંદર વીંછીના આકારની વનસ્પતિ થાય છે તેની અંદર જો વીંછી આવી જાય તો તાળવું વીંધી નાખે છે અને જો ગળામાં વાળ રહી જાય તો સ્વરનો ભંગ થાય છે, આ સર્વ દોષો રાત્રિ ભોજનમાં દેખાય છે. ૫૦–૫૧–૫૨.

नाप्रेक्ष्य सूक्ष्मजंतूनि निश्यद्यात्प्राशुकान्यपि ।
अप्युद्यत्केवलज्ञानैर्नादृतं यन्निशाशनम् ॥ ५३ ॥

રાત્રે નાનાં જંતુઓ જોઈ શકાતાં નથી, માટે પ્રાશુક (મોદક પ્રમુખ) પણ ન ખાવા, કેમકે પ્રગટ કેવળજ્ઞાનીઓએ પણ તેવું રાત્રિભોજન કરવું સ્વીકાર્યું નથી. ૫૩.

धर्मविन्नैव भुंजीत कदाचन दिनात्यये ।
बाह्या अपि निशाभोज्यं यदभोज्यं प्रचक्षते ॥ ५४ ॥

ધર્મના જાણકાર મનુષ્યે દિવસ અસ્ત થયા પછી કોઇ વખત ખાવું નહિ. જૈની સિવાયના બીજા દર્શનકારો પણ રાત્રિ ભોજનને અભોજન તરીકે કહે છે. ૫૪.

અન્ય દર્શનકારો પોતાના ગ્રંથોમાં લખે છે કે—

त्रयीतेजोमयो भानुरिति वेदविदो विदुः ।
तत्करैः पूतमखिलं शुभं कर्म समाचरेत् ॥ ५५ ॥
नैवाहुतिर्न च स्नानं न श्राद्धं देवतार्चनम् ।
दानं वा विहितं रात्रौ भोजनं तु विशेषतः ॥ ५६ ॥

વેદના જાણકારો સૂર્યને ત્રણ તેજોમય (ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદ એ ત્રણે વેદોનું તેજ સૂર્યમાં સંક્રમે છે માટે તેને ત્રિતે-

જેમ ) કહે છે. તેનાં કિરણોએ કરી પવિત્ર થએલાં સર્વે શુભ કાર્ય સમાચરવાં રાત્રે આહુતિ, સ્નાન, શ્રાદ્ધ, દેવતાર્ચન અને દાન એ ન કરવાં તથા ભોજન તો વિશેષ પ્રકારે ન કરવું. ૫૫-૫૬.

---

## કેટલાએક નક્ત ભોજન કરવાનું શાસ્ત્રમાં કહે છે અને તે રાત્રે થઇ શકે તેમ કહેનારને નક્ત ભોજનનો ખરો અર્થ બતાવે છે.

दिवसस्याष्टमे भागे मंदीभूते दिवाकरे ।
नक्तं तद्धि विजानीयान्न नक्तं निशि भोजनम् ॥ ५७ ॥

દિવસનો આઠમો ભાગ કે જે અવસરે સૂર્યનું તેજ મંદ થાય છે તે વખતે ભોજન કરવું તે નક્ત ભોજન જાણવું. પણ રાત્રિ ભોજન કરવું તે નક્ત ભોજન ન કહેવાય. ૫૭.

---

## અન્ય દર્શનના શાસ્ત્રમાં રાત્રિભોજન નિષેધ.

देवैस्तु भुक्तं पूर्वाह्णे मध्याह्ने ऋषिभिस्तथा ।
अपराह्णे तु पितृभिः सायाह्ने दैत्यदानवैः ॥ ५८ ॥
संध्यायां यक्षरक्षोभिः सदा भुक्तं कुलोद्वह ।
सर्ववेलां व्यतिक्रम्य रात्रौ भुक्तमभोजनम् ॥ ५९ ॥ युग्मं.

હે યુધિષ્ટર ! નિરંતર દેવોએ દિવસના પહેલા ભાગમા ભોજન કરેલું છે. મધ્યાન્હે રૂષિઓએ, ત્રીજા પહોરે પિતૃઓએ, સાંજે દૈત્ય તથા દાનવોએ અને સંધ્યા વેળાએ યક્ષ તથા રાક્ષસોએ ભોજન કરેલું છે. આ સર્વ દેવાદિકની ભોજન વેળાઓ ઓળંગીને જે રાત્રિ ભોજન કરવું તે અભોજન છે. અર્થાત્ તે ખરાબ ભોજન છે. ૫૮-૫૯

---

## આયુર્વેદ પ્રમાણે રાત્રિભોજન નિષેધ.

हृन्नाभिपद्मसंकोचश्चंडरोचिरपायतः ।
अतो नक्तं न भोक्तव्यं सूक्ष्मजीवादनादपि ॥ ६० ॥

સૂર્ય અસ્ત થવા પછી હૃદયકમળ અને નાભિકમળ સંકોચાઇ જાય છે તેથી તથા સૂક્ષ્મ જીવોનું પણ ભક્ષણ થઇ જાય છે માટે રાત્રે ભોજન ન કરવું ૬૦.

### અન્ય દર્શનનો સંવાદ જણાવ્યા બાદ આચાર્ય સ્વદર્શનથી સમર્થન કરે છે.

संसज्जीवसंघातं भुंजाना निशि भोजनं ।
राक्षसेभ्यो विशिष्यंते मूढात्मानः कथं नु ते ॥ ६१ ॥

જે ભોજનમાં અનેક જીવો એકઠા મળ્યા છે તેવા રાત્રિભોજનને ખાનારા મૂઢ જીવોને રાક્ષસોથી જુદા કેમ પાડી શકાય? અર્થાત્ રાક્ષસોથી તેમાં વિશેષતા કાંઇ નથી. ૬૧.

वासरे च रजन्यां च यः खादन्नेव तिष्ठति ।
शृंगपुच्छपरिभ्रष्टः स्पष्टं स पशुरेवहि ॥ ६२ ॥

દિવસે અને રાત્રે જે માણસ ખાતોજ રહે છે તે શિંગડાં અને પુંછડા વિનાનો પ્રગટ રીતે પશુજ છે. ૬૨.

अह्नोमुखेऽवसाने च यो द्वे द्वे घटिके त्यजन् ।
निशाभोजनदोषज्ञोऽश्नात्यसा पुण्यभाजनम् ॥ ६३ ॥

જે રાત્રિભોજનના દોષનો જાણ માણસ દિવસની આદિની અને દિવસના અંતની બબે ઘડી મુકીને ભોજન કરે છે તે પુણ્યનું ભાજન થાય છે. ૬૩.

### દિવસે ભોજન કરે છે, છતાં પચ્ચખાણ ન હોય તો લાભ નથી મળતો તે કહે છે.

अकृत्वा नियमं दोषाभोजनाद्दिनभोज्यपि ।
फलं भजेन्न निर्व्याजं न वृद्धिर्भाषितं विना ॥ ६४ ॥

દિવસે ભોજન કરે છે છતાં પણ રાત્રિભોજન ત્યાગનો નિયમ ન કરેલો હોવાથી (પચ્ચખાણના) કારણ સિવાય ફળ મળતું નથી. લોકમાં પણ એ ન્યાય છે કે વ્યાજની બોલી કર્યા સિવાય મુકેલી થાપણનું વ્યાજ મળતું નથી. ૬૪.

ये वासरं परित्यज्य रजन्यामेव भुंजते ।
ते परित्यज्य माणिक्यं काचमाददते जडाः ॥ ६५ ॥

वासरे सति ये श्रेयस्काम्यया निशि भुंजते ।
ते वपंत्युषरे क्षेत्रे शालीन् सत्यपि पल्वले ॥ ६६ ॥

જે મનુષ્યો દિવસને મુકીને રાત્રિમાંજ ભોજન કરે છે તે જડ મનુષ્યો માણેકનો ત્યાગ કરીને કાચ ગ્રહણ કરે છે. દિવસ વિદ્યમાન છે, છતાં જે કલ્યાણની ઇચ્છાએ રાત્રે ભોજન કરે છે, તે મીઠા પાણીના ક્યારા ભરેલા છે છતા પણ ખારી જમીનવાળા ક્ષેત્રમાં ડાંગર વાવે છે તેના સરખું કરે છે. ૬૫-૬૬.

## રાત્રિભોજનનું ફળ.

उलूककाकमार्जार गृध्रशंबरशूकराः ।
अहिवृश्चिकगोधाश्च जायंते रात्रिभोजनात् ॥ ६७ ॥

રાત્રિભોજન કરવાથી મનુષ્યો ઘુવડ, કાગડા, બિલાડી, ગીધ, સાબર, ભુંડ, સર્પ, વીંછી અને ગોધા પ્રમુખપણે ઉત્પન્ન થાય છે.-૬૭.

## રાત્રિભોજન દોષની દ્રષ્ટાંતથી મહત્વતા કહે છે.

श्रूयतेह्यन्यशपथाननादृत्यैवलक्ष्मणः ।
निशाभोजनशपथंकारितोवनमालया ॥ ६८ ॥

બીજા સોગનનો અનાદર કરીને વનમાલાએ લક્ષ્મણને રાત્રિભોજનના સોગન કરાવ્યા હતા એમ રામાયણ પ્રમુખમાં સંભળાય છે ( કહેલું છે. ) ૬૮.

## અનુભવસિદ્ધ રાત્રિભોજન ત્યાગ કરવાના ફાયદા.

करोति धन्यो विरतिं यः सदा निशिभोजनात् ।
सोऽर्ध पुरुषायुष्कस्य स्यादवश्यमुपोषितः ॥ ६९ ॥
रजनीभोजनत्यागे ये गुणाः परितोऽपि तान् ।
न सर्वज्ञादृते कश्चिदपरो वक्तुमीश्वरः ॥ ७० ॥

જે માણસ નિરંતર રાત્રિભોજનથી વિરતિ કરે છે તેને ધન્ય છે. માણસનું અરધુ આયુષ્ય અવશ્ય ઉપવાસમા વ્યતીત થાય છે, (કેમકે આઠ પ્રહરના અહોરાત્રમા ચાર પ્રહરનો તેને ઉપવાસ થયો, તેથી જ્યારથી રાત્રિભોજનનો ત્યાગ કર્યો ત્યારથી અરધુ આયુષ્ય ઉપવાસમાં વ્યતીત થયુ એમ કહી શકાય.) રાત્રિભોજન ત્યાગ કરવામાં જે ગુણો રહેલા છે તે સર્વ કહેવાને સર્વજ્ઞ સિવાય બીજો કોઇ સમર્થ નથી. ૬૯-૭૦.

## કાચા ગોરસ સાથે દ્વિદલ ત્યાગ કરવા વિષે.

आमगोरससंपृक्त द्विदलादिषुजंतवः ।
दृष्टाः केवलिभिः सूक्ष्मास्तस्मात्तानि विवर्जयेत् ॥ ७१॥

કાચા દહીં, દુધ અને છાશ રૂપ ગોરસની સાથે દ્વિદલ મગ, મઠ, અડદ, ચણા, વાલ, તુવર વિગેરે કઠોળનો સંયોગ થવાથી ઉત્પન્ન થતા સૂક્ષ્મ જંતુઓ કેવળજ્ઞાનીઓએ દેખ્યા છે. માટે તે ગોરસ અને કઠોળના સંયોગવાળી વસ્તુ ખાવાનો ત્યાગ કરવો.—૭૧.

---

## બીજા ગુણવ્રતનો ઉપસંહાર.

जंतुमिश्रं फलं पुष्पं पत्रं चान्यदपि त्यजेत् ।
संधानमपि संसक्तं जिनधर्मपरायणः ॥ ७२ ॥

ત્રસ જીવોની મિશ્રતાવાળાં ફળ, ફુલ, પાંદડાં અને બીજાં પણ તેવાંજ જીવમિશ્રિત બોર. અથાણાં વિગેરેનો જૈનધર્મપરાયણ શ્રાવકોએ ત્યાગ કરવો ૭૨

એ કહેવે કરી બીજું ગુણવ્રત સમાપ્ત થયું.

---

## ત્રીજું અનર્થદંડ વિરમણ નમનું ગુણવ્રત એટલે ગૃહસ્થનું આઠમું વ્રત કહે છે.

आर्त्तरौद्रमपध्यानं पापकर्मोपदेशिता ।
हिंसोपकारिदानं च प्रमादाचरणं तथा ॥ ७३ ॥
शरीराद्यर्थदंडस्य प्रतिपक्षतया स्थितः ।
योऽनर्थदंडस्तत्त्यागस्तृतीयं तु गुणव्रतम् ॥ ७४ ॥

આર્ત્તરૌદ્ર ધ્યાનરૂપ ખરાબ ધ્યાન, પાપ કર્મનો ઉપદેશ આપવો, જેનાથી હિંસા થાય તેવાં ઉપકરણો બીજાને આપવાં, અને પ્રમાદ આચરણ આ ચાર, શરીરાદિકના અર્થે થાય તે અર્થ દંડ. તેના પ્રતિપક્ષીપણે ( અર્થાત્ પોતાના શરીરાદિકના પ્રયોજન સિવાય ) જે કાંઇ વગર ફોગટનું કરવામાં આવે તો અનર્થદંડ. એવા ચાર પ્રકારના અનર્થદંડનો ત્યાગ કરવો, તે ગૃહસ્થોનું ત્રીજું ગુણવ્રત કહેવાય છે. ૭૩—૭૪.

## તે ચારમાં પ્રથમ દુર્ધ્યાનનું સ્વરૂપ કહે છે.

वैरिघातो नरेंद्रत्वं पुरघाताग्निदीपने ।
खेचरत्वाद्यपध्यानं मुहूर्त्तात्परतस्त्यजेत् ॥ ७५ ॥

વૈરીનો ઘાત કરૂં, હું રાજા થાઉં, શહેર નાશ કરૂં, અગ્નિ સળગાવી મુકું, યા આકાશમાં ઉડવાની વિદ્યા મળે તો આકાશમાં ઉડું, અથવા વિદ્યાધર થાઉં તો ઠીક, વિગેરે ખરાબ ધ્યાનો ( કદાચ આવી જાય તો પણ) એક મુહુર્તવાર તેને ટકાવા ન દેવાં, અર્થાત્ તત્કાળ તેનો ત્યાગ કરવો. ૭૫.

## પાપોપદેશ—બીજો ભેદ.

वृषभान् दमय क्षेत्रं कृष षंढय वाजिनः ।
दाक्षिण्याविषये पापोपदेशोऽयं न युज्यते ॥ ७६ ॥

બળદોને દમન કરો, ક્ષેત્ર ખેડો, ઘોડાઓને ષંઢ (નપુંસક) કરો, વિગેરે જ્યાં પુત્ર, સ્ત્રી, ભાઇ, વિગેરે સિવાયના બીજા માણસોમાં દાક્ષિણતા ન પહોંચે તેમ હોય ત્યાં આવો પાપનો ઉપદેશ આપવો ન જોઇએ. ૬૭

**વિવેચન**—પોતાના કુટુંબમાં જ્યાં દાક્ષિણતા પહોંચતી હોય અને પોતાની આજીવિકા વિગેરે સાધનો ન ચાલતાં હોય તથા કુટુંબમાં આગેવાન તરીકે હોવાથી તેવે ઠેકાણે સલાહ કે ઉપદેશ આપ્યા સિવાય ચાલતુ ન હોય તેવા ઠેકાણાઓને મુકી વગર પ્રયોજને બુદ્ધિનું ડહાપણ વાપરવા યા લોકોમાં સારા થવા માટે આવા પાપોપદેશો વ્રતધારી ગૃહસ્થીઓએ ન આપવા; તોજ તેનું આ આઠમું વ્રત બન્યુ રહે છે. ૭૬.

## હિંસક ઉપકરણો ન આપવાં-ત્રીજો ભેદ.

यंत्रलांगलशास्त्राग्नि मुशलोदूखलादिकम् ।
दाक्षिण्याविषये हिंस्रं नार्पयेत् करुणापरः ॥ ७७ ॥

કરૂણામાં તત્પર શ્રાવકોએ જ્યાં ઉપર જણાવેલ રીતે દાક્ષિણતા ન પહોંચતી હોય ત્યા યત્ર, હળ, શસ્ત્ર, અગ્નિ, સાંબેલું, અને ઘંટી, ખાડણીઓ વિગેરે હિંસા થાય તેવાં ઉપકરણો ન આપવાં. ૭૭.

### પ્રમાદાચરણ--ચોથો ભેદ.

कुतूहलाद् गीतनृत्यनाटकादिनिरीक्षणम् ।
कामशास्त्रप्रसक्तिश्च द्यूतमद्यादिसेवनम् ॥ ७८ ॥
जलक्रीडांदोलनादि विनोदो जंतुयोधनम् ।
रिपोः सुतादिना वैरं भक्तस्त्रीदेशराट्कथाः ॥ ७९ ॥
रोगमार्गश्रमौ मुक्त्वा स्वापश्च सकलां निशां ।
एवमादि परिहरेत् प्रमादाचरणं सुधीः ॥ ८० ॥

કુતૂહલથી ગીત, નાચ અને નાટકાદિ જોવાં, કામશાસ્ત્રમા આસક્તિ રાખવી, જુગાર તથા મદિરાદિ સેવન કરવું, જળમાં ક્રીડા કરવી, હીંચોળા પ્રમુખ વિનોદ કરવો, આપસમા જનાવરોનાં યુદ્ધ કરાવવાં, શત્રુના પુત્રાદિક ઉપર વૈર વાળવું, ભોજનની, સ્ત્રીની, દેશની તથા રાજ્યની કથા કરવી, અને રોગ યા રસ્તાના પરિશ્રમ સિવાય આખી રાત્રિ સુઇ રહેવું, એ આદિ પ્રમાદનાં આચરણોનો બુદ્ધિમાનોએ ત્યાગ કરવો. ૭૮–૭૯–૮૦.

विलासहासनिष्ठ्यूत निद्राकलहदुःकथाः ।
जिनेंद्रभवनस्यांतराहारं च चतुर्विधम् ॥ ८१ ॥

તેમજ જીનેશ્વરના મંદિરની અંદર વિલાસ હાસ્ય, થુંકવું, નિદ્રા, ક્લેશ, ખરાબ કથા અને ચાર પ્રકારના આહારનો ત્યાગ કરવો ૮૧.

આ કહેવાથી ત્રીજું ગુણવ્રત સમાપ્ત થયુ. (હવે ચાર શિક્ષાવ્રતો બતાવે છે.)

---

### નવમું સામાયિક વ્રત.

#### સામાયિક એટલે શું?

त्यक्तार्त्तरौद्रध्यानस्य त्यक्तसावद्यकर्मणः ।
मुहूर्त्तं समता या तां विदुः सामायिकं व्रतं ॥ ८२ ॥

આર્ત્તરૌદ્રધ્યાનનો ત્યાગ કરી તથા સાવદ્ય (સપાપ) કર્મનો ત્યાગ કરી એક મુહૂર્ત્ત પર્યંત જે સમભાવમાં રહેવું તેને સામાયિક વ્રત કહે છે. ૮૨

**વિવેચન**—સમ–આય. સમપરિણામે એટલે રાગદ્વેષની ગૌણતાવાળી સ્થિતિમાં રહ્યા છતાં જે 'આય' જ્ઞાનાદિકના લાભ થાય યા કર્મની નિર્જરા થાય તેને સામાયિક કહે છે. આ સામાયિકમાં બહુધા બોલવા ચાલવાનું બંધ કરવાનુ છે અને તેના બે ઘડી જેટલા વખતમાં ધર્મ ધ્યાનમાંજ મગ્ન રહેવાનુ છે. પરિણામની વિશુદ્ધિ વિશેષ રાખવાની છે અને ગૃહકાર્ય સંબંધી કોઈ પણ વિચાર લાવવાનો નથી. કેવળ ધર્મધ્યાનમાં સ્વાધ્યાયમાં કે ધર્મશ્રવણમાં તેટલો વખત વ્યતીત કરવાનો છે. આવી સામાયિકની સ્થિતિમાં તેટલો વખત ગૃહસ્થ સાધુઓના સરખો કહી શકાય છે. આવા સામાયિકો કર્મનિર્જરાનાં પરમ કારણો છે. માટે આર્ત્તરૌદ્ર ખરાબ ધ્યાનો બીલકુલ ન આવે તેવી રીતે સાવધ રહી તથા મનથી, વચનથી, અને શરીરથી કાંઇ પાપકારી પ્રવૃત્તિ ન થાય તેને માટે સાવચેત રહી આ સામાયિક જેટલીવાર બની શકે તેટલીવાર કરવું.

---

## સામાયિકમાં કર્મનિર્જરા.

**सामायिकव्रतस्थस्य गृहिणोपि स्थिरात्मनः।**
**चंद्रावतंसकस्येव क्षीयते कर्मसंचितम् ॥ ८३ ॥**

સામાયિક વ્રતમાં રહેલા સ્થિર પરિણામવાળા ગૃહસ્થિઓને પણ ચંદ્રાવતંસક રાજાની માફક સંચય કરેલ કર્મનો ક્ષય થાય છે ૮૩.

**વિવેચન**—સાંકેતપુર નામના નગરમાં ધર્મપરાયણ ચંદ્રાવતંસક રાજા રાજ્ય કરતો હતો સદ્દગુરૂના સંયોગે તત્ત્વનો નિર્ણય કરી આત્મોદ્ધાર માટે શકત્યનુસાર ગૃહસ્થધર્મ તેણે સ્વીકાર્યો હતો. "ખરેખર તેજ બુદ્ધિ કહી શકાય છે કે જેનાથી આત્મોદ્ધાર થાય અને તેજ દેહનું સાર્થકપણુ છે, કે જેનાથી ધર્મસાધનમાં પ્રવૃત્તિ કરાય છે. બાકી તો પશુઓમાં કે મનુષ્યોમાં બીજો શું તફાવત છે ? કાંઇ નહિ." એક દિવસે આ મહારાજા રાત્રિના વખતમા એક બાજુ સામાયિક લઈ ધર્મધ્યાનમાં લીન થયો હતો. તેણે એવો અભિગ્રહ રાખ્યો હતો કે આ બાજુના ભાગ ઉપર જે દિપક બળે છે તે જ્યાંસુધી બુઝાઇ નહિ જાય ત્યાંસુધી મારે ધર્મધ્યાન કરવું. પોતે પહેલાં નિર્ણય કર્યો હતો કે એક પ્રહરથી વધારે તે દીપક ચાલશે નહિ. રાજા

ધ્યાનમાં હતો તેટલામાં દાસી ત્યાં આવી. રાજાને ધ્યાનમગ્ન જોઇ તે ઘણી ખુશી થઇ. અહા ! રાજ્યનાં આવાં સ્વતંત્ર સુખો વિદ્યમાન છે, છતાં પણ આ અમારા મહારાજાનો ધર્મપ્રત્યે કેટલો દૃઢ પ્રેમ છે ? ખરેખર, એજ તેમની સદ્‌ગતિની અને મહાપુરૂષતાની નિ-શાની છે. દુનિયાના પામર જીવો સહેજસાજ ધનની પ્રાપ્તિ થઇ કે જાણે કોઇ વખત ન મળેલી અપૂર્વ વસ્તુ હોય તેમ તે ધનને વળગી રહે છે અને ખોટી રીતે દુરૂપયોગ કરે છે, ત્યારે આ અમારા મહારાજા ધનનો તો શું પણ દેહનો પણ સદુપયોગ કરે છે. આ પ્રમાણે રાજાની પ્રશંસા કરી રાજાને કોઇ વિઘ્ન ન આવે તે માટે તેણે દીવામાં વધારે તેલ પૂર્યું. ધર્મધ્યાન કરતાં બે પ્રહર થઇ ગયા. રાજા હજી ઉઠયા નથી તે જાણી ફરી દાસી ત્યાં આવી અને દીવાને ઝાંખો થયો જાણી વળી એક પ્રહર પહોંચે તેટલું તેલ પૂર્યું, રાજાનુ શરીર સુકુમાળ હોવાથી થાકી ગયું. સદ્‌ભાવથી પણ દાસીએ રાજાના શરીરને બાધાનું કારણ મેળવ્યું. આ ધર્મિષ્ઠ રાજાએ પણ પોતાનો અભિગ્રહ સાંગોપાંગ પાળવા માટે દૃઢ થઇ પ્રયત્ન શરૂજ રાખ્યો. ત્રણ પ્રહર પૂરા થયા બાદ ફરી દાસી ત્યાં આવી. રાજાના ધર્મધ્યાનથી દાસી હર્ષઘેલી જેવી થઇ ગઇ. વાર-વાર અનુમોદન કરતાં તણીએ દીવામાં વધારે તેલ પૂર્યું.

આ બાજુ ચદ્રાવતસક રાજા વિશેષ થાકી ગયો હતો. તેનું શરીર હવે ટકી ન શકયુ, કાયોત્સર્ગ મુદ્રામાં ઉભા ઉભાં રાજાને ચોથો પ્રહર થયો હતો. આવો લાંબો નિરતરનો અભ્યાસ ન હોવાથી રાજાનું શરીર તુટવા લાગ્યું. છતાં ધર્મધ્યાનની સંતતિ તો વધતીજ હતી. ચોથા પ્રહરને અંતે દીપક બુઝાવાની સાથે રાજા પણ આ દેહથી બુઝાઇ ગયો. તેનો આત્મા આ પરિષહ સહન ન કરી શકનારા દેહને મૂકી બીજા ઉત્તમ દેહમાં ચાલ્યો ગયો. ધ્યા-નની પરાકાષ્ટા ન હોવાથી તેમજ કર્મો હજી બાકી હોવાથી તે રાજા સ્વર્ગમાં ગયો અને ત્યાંથી માનવ ભવમાં આવી કર્મ ખપાવી મોક્ષે ગયો. આવી રીતે સામાયિક કરવાથી કર્મનો ક્ષય થાય તથા સદ્‌ગ-ત્યાદિ પણ મળે છે, માટે ગૃહસ્થોએ કર્મ ખપાવવા નિમિત્તે સામયિક નિરતર કરવું જોઇએ. એ કહેવે કરી ગૃહસ્થોનું સામાયિક વ્રત કહેવાયું.

હવે બીજું શિક્ષા વ્રત દેશાવકાશિક કહે છે.

## ગૃહસ્થોનું દશમું વ્રત.

दिग्व्रते परिमाणं यत्तस्यासंक्षेपणं पुनः ।
दिने रात्रौ च देशावकाशिव्रतमुच्यते ॥ ८४ ॥

છઠ્ઠા દિગ્વ્રતમાં જે પરિમાણ જવા આવવાનું રાખવામાં આવ્યું છે તેનો દિવસે તથા રાત્રે સંક્ષેપ કરવો તે દેશાવકાશિક વ્રત કહેવાય છે. ૮૪.

**વિવેચન**—છઠ્ઠા દિશા પરિમાણ વ્રતમાં અમુક શહેરથી આટલા યોજન સુધી વેપારાદિ ઘરકાર્યે જવાનો જે નિયમ રાખવામાં આવ્યો છે તે યાવત્ જીવપર્યંત માટે છે. પણ તેટલું નિરંતર કાંઇ જવામાં આવતું નથી, માટે પૂર્વે રાખેલ દિશાના નિયમમાંથી ઘણુંજ ઓછું જવાનું પ્રમાણ દિવસનું કે રાત્રિનું રાખવું. અર્થાત્ ધારો કે પાંચસો ગાઉ જવા આવવાનો નિયમ રાખ્યો છે, તેટલું આજે જવાનું નથી, તો આજે દિવસે અથવા રાત્રે એક ગાઉ કે બે ચાર ગાઉ જવાની જરૂર જણાય તો તેટલું જવું, પણ વધારે ન જવું, અથવા તેટલી પણ જરૂર ન જણાય અને વધારે સક્ષેપ કરવો હોય તો આ મારા ઘરની બહાર આજે દિવસે કે રાત્રે નહિ જાઉં, પણ આ દરવાજાની અંદરજ રહીશ આ વિગેરે નિયમ રાખવો, તે દેશાવકાશિક વ્રત કહેવાય છે. આવો નિયમ રાખવાથી બહાર ફરતાં આપણાથી જે અકાર્ય, અધર્મ કે આરંભ થવાનો હોય તે અટકી જાય છે ઉપલક્ષણથી બીજા ભોગોપભોગ વ્રતોના પણ સક્ષેપો આ વ્રતમાં કરવામાં આવે છે. તે સર્વને દેશાવકાશિક કહે છે. એ પ્રમાણે દેશાવકાશિક વ્રત કહેવાયું.

હવે ત્રીજું શિક્ષાવ્રત કહે છે.

---

## ગૃહસ્થનું અગીયારમું પૌષધ વ્રત.

चतुःपर्व्यां चतुर्थादि कुव्यापारनिषेधनम् ।
ब्रह्मचर्यक्रियास्नानादित्यागः पौषधव्रतं ॥ ८५ ॥

ચાર પર્વમાં ઉપવાસાદિ તપ કરવો, પાપવાળા સદોષ વ્યાપારનો ત્યાગ કરવો, બ્રહ્મચર્ય પાળવું અને સ્નાનાદિ શરીરની શોભાનો ત્યાગ કરવો એમ પોષધ વ્રત ચાર પ્રકારનું છે. ૮૫.

**વિવેચન**—આઠમ, ચૌદશ, પૂર્ણિમા અને અમાવાસ્યા; આ ચાર પર્વો કહેવાય છે. ચારે પર્વોમાં પૌષધ કરવાનું કહ્યું છે. તેનો આશય એવો સમજાય છે કે ગૃહસ્થો નિરંતર સંસારિક કાર્યોથી ફારગત થઈ શકતા નથી. એટલે ઓછામાં ઓછા એક મહિનામાં ચાર પૌષધ તો કરવા જોઇએ. પણ કોઇ વિશેષ ધર્માભિલાષી ચારથી પણ વધારે પૌષધ કરે તો કાંઇ અડચણ જેવું નથી, બલ્કે વિશેષ ફાયદાજનક છે. તથા જેનાથી ચાર પણ ન બની શકે તેણે જેટલા બને તેટલા પણ કરવા જોઇએ. પૌષધ બે પ્રકારના છે. દેશથી અને સર્વથી. આહારનો સર્વથા ત્યાગ, વ્યાપારનો સર્વથા ત્યાગ, બ્રહ્મચર્ય સર્વથા પાળવું અને શરીર સત્કાર બીલકુલ ન કરવો, એ સર્વથી પૌષધ કહેવાય છે. અને જેમાં પૂર્વોક્ત ચારે વસ્તુનો થોડો ઘણો નિયમ કરવામાં આવે છે, તે દેશ પૌષધ કહેવાય છે.

આહારને મુકીને બાકીના ત્રણ પ્રકારનો સર્વથા ત્યાગ કરનારને સામાયિક ઉચરવું જરૂરનું છે અને તે ત્રણ સાથે આહારનો ત્યાગ દેશથી કે સર્વથી બન્ને પ્રકારે થઇ શકે છે.

દેશથી ચારે પ્રકારના ત્યાગ કરનારને આખા દિવસ માટે સામાયિક ઉચરવાનું નથી પણ જ્યારે બધો ત્યાગ કરે ત્યારે ઉચરી શકાય છે, આ પાષધ ચાર પ્રહરનો કે આઠ પ્રહરનો થઇ શકે છે.

## પૌષધ વ્રતકરનારની પ્રશંસા.

**गृहिणोपि हि धन्यास्ते पुण्यं ये पौषधव्रतम्।**
**दुःपालं पालयन्त्येव यथा स चुलनीपिता ॥ ८६ ॥**

તે ગૃહસ્થીઓને પણ ધન્ય છે કે જે ચુલનીપિતાની માફક (ઉપસર્ગ પ્રસંગમાં) દુઃખે પાળી શકાય તેવા પવિત્ર પૌષધ વ્રતને પાળે છે.—૮૬.

**વિવેચન**—પૂર્વે જ્યારે શ્રીમાન્ મહાવીર દેવ આ પૃથ્વી તલપર વિચરતા હતા ત્યારે વાણારસી નગરીમાં ચુલનીપિતા નામનો ગૃહપતિ એક ધનાઢ્ય હતો તેને શ્યામા નામની સદ્ગુણશાળી સ્ત્રી હતી અને ચોવીસ કરોડ સોના મહોર તથા આઠ ગોકુળનો તે માલિક હતો. એક વખત તે વાણારસી નગરીના કોષ્ટક ઉદ્યાનમાં ભગવાન્ મહાવીર દેવ પધાર્યા હતા. તેમની પાસે ધર્મ શ્રવણ કરી ચુલની-

પિતાએ જૈન ધર્મ સ્વીકાર્યો હતો અને તેના ગૃહિધર્મ લાયક સાધુના પ્રભાવે તેણે શ્રાવકનાં ગૃહસ્થોને લાયક બાર વ્રતો લીધાં હતાં તથા પત્નીની આજ્ઞાથી ધર્મ શ્રવણ કરવા આવેલી શ્યામાએ પણ પાછળથી બાર વ્રતો લીધાં હતાં. પોતાની વૃદ્ધ ઉમ્મર થતાં વડિલ પુત્રને ગૃહનો કારભાર સોંપી પોતાની પૌષધશાળામાં ધર્મ ધ્યાન કરતાં તે કાળ નિર્ગમન કરતો હતો. ખરેખર મનુષ્યોએ આત્મહિત માટે નિરંતર જાગૃત રહેવાનું છે. તેમાં પુત્રોની પ્રાપ્તિ અને પ્રૌઢ થતાં તો અવશ્ય ચેતવાનું છે. એક દિવસે પૌષધશાળામાં પૌષધ કરી ચુલનીપિતા ધર્મધ્યાનમાં રહ્યો હતો. અર્ધ રાત્રિના વખતે તેનું પૌષધ વ્રત ભંગ કરવા માટે કોઈ મિથ્યાદૃષ્ટિ દેવ ત્યાં આવ્યો. હાથમાં ખડ્ગ લઈ તે બોલ્યો અરે ચુલનીપિતા આ તારૂં વ્રત તું મૂકી દે, નહિતર તારા જ્યેષ્ઠ પુત્રને તારા દેખતાં ખડ્ગથી મારી નાખીને હું તેનું માંસ ખાઈશ. ચુલનીપિતા શાંત રહ્યો, તેમજ મૌન રહ્યો ત્યારે તે દેવે તેની આગળ તેના મોટા પુત્રને લાવી મારી નાખ્યો, તોપણ તે ચલાયમાન ન થયો. ત્યારે વિશેષ દુઃખ આપવા પૂર્વની માફક તેના ત્રણે પુત્ર મારી નાખ્યા અને દેવ બોલ્યો કે જો તું આ વ્રત ત્યાગ નહિ કરે તો તારી ભદ્રા માતાને તારી આગળ લાવી મારી નાંખીશ, જેથી તું આર્ત્તધ્યાને મરણ પામીશ. આ પ્રમાણે કહેતાં પણ જ્યારે તે શ્રાવક શાંત સ્વભાવે ધર્મધ્યાનમાંજ લીન થયો, ત્યારે રૂદન કરતી તેની ભદ્રામાતાને દેવ ત્યાં લાવ્યો તે જોતાંજ આ શ્રાવક વિચારમાં પડયો કે આ કોઈ દુષ્ટ માણસ જણાય છે, જેણે મારા દેખતા આવું અનાર્ય કામ કર્યું અને હવે માતાને પણ તે મારી નાખશે; માટે ચાલ હું તેને પકડી લઉં; એમ ધારી તે જેટલામાં દેવને પકડવા જાય છે તેટલામાં ઘોર ગર્જના કરી દેવ ચાલ્યો ગયો. ચુલનીપિતા બુમ પાડી ઉઠયો.

પુત્રની બૂમ સાંભળી ભદ્રા ત્યાં આવી અને વૃત્તાંત પૂછયું. ચુલનીપિતાએ બનેલી હકીકત જણાવી. તેની માતાએ જણાવ્યું, પુત્ર ! તે માંહિલું કાંઇ પણ બન્યુ નથી. તારા ત્રણે પુત્રો ઘરમાં સુતા છે. કોઇ મિથ્યાદૃષ્ટિ દેવ તને વ્રતથી ચલાવવા આવ્યો જણાય છે. તને તારા વ્રતમાં આટલી ખામી આવી, માટે વ્રતભંગની આલો-

ચના કર. ચુલનીપિતાએ વ્રતભંગની આલોચના કરી અનુક્રમે શ્રાવકની પ્રતિમાઓ (અભિગ્રહ વિશેષ) અંગીકાર કરી શુભ ધ્યાને મરણ પામી સૌધર્મ દેવલોકે અરૂણાભ નામના વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયો. ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં માનવભવ પામી કર્મ ખપાવી મોક્ષે જશે. આવી રીતે પોષધવ્રતની દૃઢતા રાખવા ઉપર ચુલનીપિતા નામના શ્રાવકનું દૃષ્ટાંત બતાવ્યું. આ માંહીથી એ સમજવાનું છે કે આટલા ઉપસર્ગ થતાં પણ ચુલનીપિતા પોતાના વ્રતમાં દૃઢ રહ્યો હતો અને સહેજ ભંગ થતા તેનું પ્રાયશ્ચિત કરીને શુદ્ધ થયો હતો. તેવી રીતે પોતાનાં વ્રતો પાળવામા શ્રાવકોએ દૃઢ થવું જોઇએ. આ કહેવાથી ગૃહસ્થનું અગીયારમું વ્રત સમાપ્ત થયું.

હવે બારમું અતિથિ સંવિભાગ વ્રત કહે છે.

## ચોથું શિક્ષાવ્રત યાને ગૃહસ્થ ધર્મનું બારમું વ્રત.

दानंचतुर्विधाहार पात्राच्छादनसद्मनां ।
अतिथिभ्योऽतिथिसंविभागव्रतमुदीरितं ॥ ८८ ॥

ચાર પ્રકારનો આહાર, અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ (૧) પાત્રો, (૨) વસ્ત્ર, (૩) અને રહેવાનો મુકામ (૪) આ અતિથિઓને (સાધુઓને) આપવું તે અતિથિ સંવિભાગ નામનું વ્રત કહેલું છે. ૮૮

**વિવેચન**—અન્ન પાણિ આદિના આધારે દેહ ટકી રહે છે. દેહ ઉપર ચારિત્રનો આધાર છે અને ચારિત્રથી કર્મનો ક્ષય કરી શકાય છે. માટે શરીરના ઉપષ્ટંભ (આધાર) ને અર્થે ગૃહસ્થોએ અતિથિઓને આહાર પાણી આપવાં. આહાર પાણી લઈ તેઓ પોતાનો તેમ પરનો ઉદ્ધાર કરે છે. તેથી તેમાં સહાય આપનારને સારો હિસ્સો (લાભ) મળી શકે છે. આહાર પાણી બીજા તરફથી મળતાં હોવાથી તેઓને પૈસા વિગેરે રાખવાની જરૂર પડતી નથી અને તેથીજ નિરીહ બની નિસ્પૃહપણે ખુલ્લા હૃદયથી સત્ય ઉપદેશ આપી બીજા ઉપર સત્ય માર્ગની છાપ બેસાડે છે. પૈસાનું દાન ત્યાગીઓને આપવું એ સત્ય માર્ગમાંથી તે સાધુનો નાશ કરવા જેવું છે, કેમકે અનર્થનું મૂળ કારણ પૈસોજ છે. પાત્ર સિવાય અન્નપાણી લેવામાં ખાવામાં અડચણ પડે છે. તેમ ધાતુઓનાં વાસણો

પણ ત્યાગીઓને નિરુપયોગી છે. ગૃહસ્થના ભોજનમાં ખાવાપીવાથીજ પશ્ચાત્ કર્મ (એટલે ધોવા વિછળવા વિગેરે) માં આરંભનો સંભવ છે, માટે પાત્ર દાનની જરૂર છે. શરીરનું રક્ષણ કરવા માટે તથા શીત, તાપ, ડાંસ, મચ્છરાદિના ઉપદ્રવને દૂર કરવા માટે વસ્ત્ર કંબલાદિ અત્યારના વખતમાં સાધુઓને આપવાની જરૂર છે. હીન સત્ત્વવાળા જીવો તે સિવાય ધર્મધ્યાનમાં સ્થિર થવા અશક્ય છે. તેમજ રહેવાને મુકામ આપવાની પણ જરૂર છે. દેશ કાળની અપેક્ષાએ આ ચાર પ્રકારનાં દાનો મુનિઓને કલ્પનીય છે. તે ચાર પ્રકારમાંથી કોઈપણ જાતનું દાન આપવું તે અતિથિ સંવિભાગ વ્રત કહેવાય છે. જેને તિથિ પર્વ વિગેરે મહોત્સવના દિવસો કોઈ નથી, નિરંતર વૈરાગ્ય દશામાં ઝીલવાપણું છે, માટે તેમને અતિથિ કહેવામાં આવે છે તેમને દાન આપવું તે અતિથિ સંવિભાગ, ખરો અર્થ આમ છે, પણ વૃદ્ધ પરંપરાએ પૌષધને પારણે ગૃહસ્થોએ સાધુને દાન આપી પછી પારણું કરવું, તેનું નામ અતિથિ સંવિભાગ વ્રત કહેવાય છે.

---

## મુનિદાનનું ફળ.

**पश्य संगमको नाम संपदं वत्सपालकः ।**
**चमत्कारकरीं प्राप मुनिदानप्रभावतः ॥ ८९ ॥**

જુઓ, સંગમક નામનો વાછરડાંને પાળવાવાળો માણસ, મુનિને દાન આપવાના પ્રભાવથી ચમત્કાર ઉત્પન્ન થાય તેટલી સંપદાને પામ્યો. ૮૯.

**વિવેચન**—મગધ દેશના ભૂષણ તુલ્ય રાજગૃહ નગરમાં પરમાર્હત ભક્ત શ્રેણિક રાજા રાજ્ય કરતો હતો. તે વખતમાં એક મધ્યમ સ્થિતિવાળી સ્ત્રી પોતાનાં સંગમક નામનાં બાળકને સાથે લઇ શાલિગ્રામમાં આવી રહેલી હતી. સંગમક લોકોનાં વાછરડાં વિગેરે ચારતો હતો અને માતા અન્યને ઘેર કાર્ય કરતી હતી, એમ બન્નેનું ગુજરાન ચાલતું હતું. એક વખત પર્વના દિવસોમાં ઘેર ઘેર સારૂં સારૂં ખાવાનુ થતું જોઇ સંગમકે પોતાની મા પાસે ક્ષીરનુ ભોજન માગ્યું. ગરીબ સ્થિતિવાળી માતા બોલી, બેટા! મારી પાસે તેવી કાંઇ સામગ્રી નથી કે જેની

હું તને ખીર કરી આપું. આટલું કહેતાંજ પોતાની પૂર્વની સારી સ્થિતિ તેને સાંભરી આવી અને ઉચ્ચ સ્વરે માતા રડવા લાગી. માતાને રડતી જોઈ છોકરો પણ રડવા લાગ્યો. આ શબ્દો સાંભળી કેટલીક પાડોશણો ત્યાં દોડી આવી, અને રુદન કરવાનું કારણ પુછયું. પોતાનું દુઃખ તેઓને કહેવાથી તેઓને દયા આવી. તેથી ખીરની સર્વ સામગ્રી તેઓએ તેને આપી. તેની ખીર બનાવી એક થાળમાં પુત્રને આપી માતા નજીકમાં કાર્ય પ્રસંગે ગઈ. તેવામાં માસ ઉપવાસી એક તપસ્વી મુનિ પારણા માટે ફરતા ફરતા તેનેજ ઘેર આવી ચડયા. પોતાને ઘેર મુનિને આવેલા જોઈ છોકરો ઘણો ખુશી થયો. તે બોલી ઉઠયો, અહો ! હું ધન્યભાગ્ય છું. આવાં ધનાઢયોનાં ઘરો મૂકી આવા તપસ્વી મુનિ મારે ઘેર આવી ચડયા. મહારાજ તપસ્વીજી ! આજ તો મારૂં અન્ન ગ્રહણ કરો ! અને મને નિસ્તારો. બોધ સંજ્ઞાએ પણ તપસ્વીઓને આપવાથી લાભ થાય છે. તેમ જાણનાર આ બાળકને જોઈ મુનિ આશ્ચર્ય પામ્યા. દ્રવ્યભાવથી શુદ્ધતા જાણી મુનિએ પાત્ર ધર્યું અને સંભ્રમકે પોતાના વાસણમાં લીધેલી બધી ખીર આપી દીધી. એક તો આવી દુઃખી અવસ્થા, કોઈ પણ વખત તેવું સ્વાદિષ્ટ ભોજન ખાવા નહિ મળેલ, ભુખ લાગેલી, માગીને મેળવેલી, બાળક અવસ્થા અને પરિણામની વિશુદ્ધતા, તે એક એકથી ચડીયાતું હતું. આ વિશુદ્ધતામાં કર્મની નિર્જરા અને પુન્યબંધ સંધાતે તેણે ઉત્તમ મનુષ્ય ભવનું આયુષ્ય બાંધ્યું. મુનિ ગયા પછી પાછળ રહેલી ખીર ચાટતો હતો, ત્યાં તેની મા આવી. છોકરાને હજી ભૂખ્યો જાણી બીજી ખીર તેને આપી, રાત્રિના વખતમાં અજીર્ણ થવાથી મુનિદાનની પ્રશંસા કરતો તે મરણ પામ્યો અને રાજગૃહી નગરીમાં ધનાઢય ગોભદ્ર શેઠની ભદ્રા નામની સ્ત્રીની કુખે પુત્રપણે ઉત્પન્ન થયો. યુવાન વયમાં પિતાએ બત્રીશ કન્યાઓ પરણાવી. સાતમાળના મહેલમાં દોગુંદક દેવોની માફક સુખ વૈભવ ભોગવે છે. તેના પિતા ગોભદ્ર શેઠે વીર પ્રભુની પાસે ચારિત્ર લીધું અને પર્યંતે સુસમાધિમાં મરણ પામી તે દેવ લોકમાં ગયો. પુત્રસ્નેહથી તે પોતાના પુત્રના સર્વ મનોરથો પૂર્ણ કરતો હતો. એક દિવસે એક પરદેશી મુસાફર સોળ રત્નકંબલો લઈ રાજગૃહીમાં વેચવા આવ્યો. શ્રેણીક રાજાએ તેનું

મૂલ્ય પૂછ્યું. તેણે એક એકનું મૂલ્ય સવાલાખ સોનામહોર જણાવ્યું. આટલું મૂલ્યની આવી રત્નકાંબળો લેવી તે રાજાને ઉચિત ન જણાયું. મુસાફર ઉદાસ થયો. કે જ્યાંરે રાજા જેવા મારી રત્નકાંબળો નથી લેતા તો બીજા કોણ લેશે? તે ફરતો ફરતો શાલિભદ્રને ઘેર આવ્યો, અને ભદ્રા શેઠાણીને મળ્યો અને ભદ્રાએ રત્નકાંબળો કેટલી છે અને મૂલ્ય શું છે તે પૂછ્યું. મુસાફરે કહ્યું. મારી પાસે સોળ રત્નકાંબળો છે અને તેની વીશલાખ સોનામોહોર કીંમત થશે. ભદ્રાએ જણાવ્યું કે મૂલ્યની કાંઇ દરકાર નથી, પણ મારા પુત્રને બત્રીશ સ્ત્રીઓ હોવાથી મને બત્રીશની જરૂર હતી. પણ મુસાફર પાસે તેટલી ન હોવાથી વીશલાખ સોનામોહોરો આપી તે રત્નકાંબળ લીધી અને અરધી અરધી રત્નકાંબળ બત્રીશે સ્ત્રીને વહેંચી આપી. મુસાફર પણ ખુશી થઇ ચાલતો થયો. શ્રેણીક રાજાની વહાલી રાણીએ હઠ લીધી કે હું રાજાની રાણી થઇ છતાં શું મને એક રત્નકાંબળ ભારે મૂલ્યની ન મળે? રાજાએ ફરી મુસાફરને બોલાવ્યો. તેણે શાલિભદ્રને ઘેર રત્નકાંબળ વેચ્યાના સમાચાર આપ્યા અને કહ્યું કે તમે એક પણ લઇ ન શક્યા પણ તેણે તો બત્રીશની માંગણી કરી છે, આ સાંભળી રાજા આશ્ચર્યમાં ગરકાવ થયો. અહા! મારા રાજ્યમા આવા ધનાઢયો રહે છે. રાજાએ એક રત્નકાંબળ આપવા માટે શાલિભદ્રને ત્યાં કહેવરાવ્યું. ભદ્રાએ જવાબ આપ્યો કે તે રત્નકાંબળો મારા પુત્રની સ્ત્રીઓએ પહેરી નિર્માલ્ય તરીકે કાઢી નાખી છે, આપ કહો તો મોકલાવું. રાજાને અધિક આશ્ચર્ય થયું. તેણે શાલીભદ્રને પોતાની પાસે બોલાવવા આમંત્રણ કર્યું. ભદ્રા શેઠાણી રાજા પાસે આવી અને રાજાને વિજ્ઞપ્તિ કરી કે શાલિભદ્ર કોઈ વખત બહાર નીકળ્યો નથી તો આપ અમારૂ ઘર પવિત્ર કરો. રાજા તેને જોવાની ઉત્કંઠાથી ભદ્રા શેઠાણીને ઘેર આવ્યો. તેના ઘરની ઋદ્ધિ જોતાંજ રાજા દિઙમૂઢ થઇ ગયો ભદ્રાએ સાતમી ભૂમિકા ઉપર રહેલા શાલિભદ્રને જણાવ્યું, કે પુત્ર નીચે આવો, શ્રેણિક આપણે ઘેર આવ્યો છે. શાલિભદ્રે જવાબ આપ્યો, માતાજી! જેમ આપને ઉચિત લાગે તેમ કરો, તેમાં મને પૂછવાની કાંઇ જરૂર નથી. માતાએ જણાવ્યું, બેટા, તે આપણો સ્વામિ રાજા છે. કાંઈ વેપારનું કાર્ય નથી. તેને આવી નમસ્કાર કરો, મળો. આ સાંભળતાંજ

શાલિભદ્રનું મુખ ઉતરી ગયું. તેના ચહેરા ઉપર ગ્લાનિ આવી ગઇ. શું મારે માથે કોઈ ધણી છે? હુ આજ સુધી તે એમ સમજતો હતો કે હું સુખી છું. જો માથે ધણી હોય, બીજો સ્વામી હોય, તો સુખી શાનો? તે અવસરે નીચે આવ્યો. શ્રેણિક રાજાને મળ્યો. રાજાએ પ્રીતિથી ખોળામાં બેસાર્યો અને પુત્રની માફક ચુંબન કર્યું. થોડા વખતમાં તો તેના શરીર ઉપર પશીનો થઇ આવ્યો. ભદ્રાએ કહ્યું, મહારાજ! તેને જવાદો. માણસના પરિચયમાં ન આવેલ હોવાથી તે ગભરાય છે. શાલિભદ્રને રાજાએ જવાનું કહ્યું. તે પોતાના મહેલમાં આવ્યો. ભદ્રાએ પણ શ્રેણિકની ઘણી બરદાશ કરી. રાજા ખુશી થઇ પોતાને મુકામે આવ્યો અને આવા ધનાઢયો તથા સુખી જીવો મારા રાજ્યમાં વસે છે તેથી વિશેષ હર્ષિત થયો. શાલિભદ્રને ચેન ન પડયું. તે વિચારવા લાગ્યો, અરે! પૂર્વ ભવે જોઇએ તેવું પુણ્ય કે કર્મ કર્યું નથી માટે મારે માથે સ્વામી છે પણ હવે એવાં કર્મ કરૂં કે મારે માથે કોઈ ધણી ન હોય. તે અવસરમાં ધર્મઘોષાચાર્ય ચાર જ્ઞાનધારક ત્યાં આવ્યા. શાલિભદ્ર તેમને વંદન કરવા ગયો અને વિનયથી પૂછ્યું કે મહારાજ એવું કયું સારૂં કાર્ય કરવું જોઇએ કે જેથી માથે ધણી ન હોય તેવી સ્થિતિ મળે. ગુરૂએ જવાબ આપ્યો, ચારિત્ર લેવાથી માથે ધણી ન હોય તેવું નિર્ભય સ્થાન મળે છે. પોતે તે અંગીકાર કરવાની ઇચ્છા જણાવી. ઘેર આવ્યો અને માતા પાસે આજ્ઞા માગી. તેના સુકુમાળપણા વિષે, યૌવન વિષે, ચારિત્રની દુર્ઘટતા વિષે માતાએ ઘણો સમજાવ્યો પણ જ્યારે તે પોતાના નિશ્ચયથી ડગ્યોજ નહિ, ત્યારે માતાએ તેને કહ્યું, આ દિવ્ય ભોગોનો ત્યાગ કરી મનુષ્યની સ્થિતિનો થોડો વખત અભ્યાસ કર, પછી ખુશીથી ચારિત્ર લેજે શાલિભદ્રે તેમ કરવા સ્વીકાર્યું, અને દિવસે દિવસે એક એક સ્ત્રી, શય્યા વિગેરે ત્યાગ કરવા લાગ્યો. આ વાતની શાલિભદ્રની બહેન જે ધન્ના સાથે વિવાહિત હતી તેને ખબર પડી; તે રડવા લાગી. ધન્નાએ કારણ પૂછ્યુ ત્યારે શાલિભદ્રનો એક એક સ્ત્રીનો ત્યાગ અને થોડા વખતમાં ચારિત્ર લેવાનું જણાવ્યું ત્યારે ધન્નાએ હાસી કરી કે શાલિભદ્ર કાયર છે, ત્યાગ કરવો તો વળી એક એકનો ત્યાગ શા માટે કરવો? એક

સાથે સર્વનો ત્યાગ કરવો. સ્ત્રીઓએ જવાબ આપ્યો, સ્વામિનાથ કહેવું સુલભ છે પણ કરવું દુર્લભ છે. ધન્નાએ કહ્યું કે મને તમારો સ્નેહજ આડો આવતો હતો. પણ જો તમારી સમ્મતિ છે તો આજ જ આઠે સ્ત્રીઓનો ત્યાગ કરીને હું ચારિત્ર લઉં છું. સ્ત્રીઓ નમી પડી અને અમે હસતાં કહ્યું હતું તેમ જણાવ્યું, પણ ધન્નો પોતાના નિશ્ચયમા અડગ રહ્યો ત્યારે સ્ત્રીઓએ પણ સંયમ લેવાનો પોતાનો અભિપ્રાય જણાવ્યો ધન્ને તેમને શાબાશી આપીને રજા આપી. આ પ્રમાણે સંસારથી વિરક્ત થએલ ધન્ના શાલિભદ્ર બન્નેએ મહાવીર દેવ પાસે ચારિત્ર લીધું, અને માસક્ષપણાદિ ઘોર તપશ્ચર્યા કરી કર્મ તથા શરીર કૃશ કરી નાખ્યાં. આખરે વભારગિરિ પહાડ ઉપર બન્ને જણાએ અનશન કર્યું. પ્રૌઢ ધર્મધ્યાનમાં મગ્ન રહેતા ઘણાં કર્મો ખપાવી નાખ્યાં. શુભ ધ્યાનમાં મરણ પામી સર્વાર્થસિદ્ધિ વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા. એક ભવ માનવનો કરી તે મોક્ષ જશે. એવી રીતે દાનના પ્રભાવમાં ઉત્તરોત્તર પરંપરાએ મોક્ષની પણ પ્રાપ્તિ થાય છે તે આ ચરિત્રથી સમજી શકાય છે. આ ચરિત્ર ઉપરથી સમજવાનું એ છે કે પોતાની દુ.ખી અવસ્થામાં પણ દાનનો ઉત્સાહ, પરિણામની વિશુદ્ધતા, દૈવિક વૈભવ છતાં પણ આત્મિક સ્વતંત્રતાની ઇચ્છા, સુકોમળ દેહ છતાં કઠોર તપસ્યા અને ધ્યાનની નિર્મળતા એ સર્વ મનન કરવા જેવું છે, અતિથિ સંવિભાગ ઉપર શાલિભદ્રની કથા સમાપ્ત થઇ. આ કહેવાથી બારમું વ્રત સમાપ્ત થયું અને ક્રમે કહેવાયેલાં બાર વ્રતો પણ સમાપ્ત થયાં

## બાર વ્રતમાં લાગતા અતિચારો દૂર કરવા વિષે.

व्रतानि सातिचाराणि सुकृताय भवन्ति न।
अतिचारास्ततो हेयाः पंच पंच व्रते व्रते ॥ ८९ ॥

અતિચારવાળાં વ્રતો કલ્યાણ માટે થતાં નથી. માટે દરેક વ્રતમાં લાગતા પાચ પાંચ અતિચારો (દોષો) ત્યાગ કરવા. ૮૯.

## પ્રથમ વ્રતના અતિચાર.

क्रोधाद् वंधच्छविच्छेदोऽधिकभाराधिरोपणम्।
प्रहारोऽन्नादिरोधश्चाहिंसायां परिकीर्त्तिताः ॥ ९० ॥

તીવ્ર ક્રોધથી, મરણથી નિરપેક્ષપણે—મરી જશે તેની દરકાર રાખ્યા સિવાય મનુષ્ય તથા જનાવરાદિને બાંધવાં. ૧ તેમની ચામડી છેદવી. ૨ શક્તિ કરતાં વિશેષ ભાર ભરવો. ૩, મર્મસ્થળાદિમાં પ્રહાર કરવો. ૪; અને અનાજ આદિ તેમનો ખોરાક આપવો બંધ કરવો. ૫, આ અતિચારો અહિંસા વ્રતમાં કહેલા છે. ૯૦.

**વિવેચન**—જીવને મારવાનાં પચ્ચખાણ કર્યાં છે પણ તેને તીવ્ર બાંધવાને કે દુઃખ આપવાનાં કર્યાં નથી. આવા આશયની અપેક્ષા હોવાથી દુઃખ આપવા વિગેરેને વ્રતમા દૂષણરૂપ અતિચાર કહેલા છે.

---

## બીજા વ્રતના અતિચાર.

मिथ्योपदेशः सहसाभ्याख्यानं गुह्यभाषणम् ।
विश्वस्तमंत्रभेदश्च कूटलेखश्च सूनृते ॥ ९१ ॥

બીજાને દુ.ખ થાય તેવો મિથ્યા પાપકારી ઉપદેશ આપવો. ૧ વિચાર કર્યા સિવાય કે અભિપ્રાય જાણ્યા સિવાય (તું ચોર છે કે પરસ્રીલંપટ છે વિગેરે) બીજા ઉપર ખોટો આરોપ મુકવો. ૨, રાજવિરૂદ્ધાદિ જે પ્રગટ કરવા લાયક ન હોય તે ઇંગિતાદિ આકારથી જાણી પ્રગટ કરી આપવું. ૩, મિત્રકલત્રાદિ વિશ્વાસવાળાની ગુપ્ત વાત પ્રકાશ કરી દેવી. ૪, અને જૂઠા લેખ કરવા. ૫. આ પાંચ સત્યવ્રતના અતિચારો છે. ૯૧.

## ત્રીજા વ્રતના અતિચાર.

स्तेनानुज्ञा तदानीतादानं द्विड्राज्यलंघनम् ।
प्रतिरूपक्रिया मानाऽन्यत्वं चास्तेयसंश्रिता ॥ ९२ ॥

ચોરને ચોરી કરવામાં પ્રેરણા કરવી. ૧. ચોરનો ચોરી કરી લાવેલો માલ વેચાતો ગ્રહણ કરવો. ૨, વેપારનિમિતે વિરૂદ્ધ રાજ્ય-શત્રુ રાજાના નિષેધ કરેલા દેશમાં જવું. ૩, માલમાં સારી નરસી વસ્તુનું ભેળ સંભેળન કરવું. ૪, અને ખોટાં તોલા માપો બનાવવાં, વધુ માપાથી લેવું, ઓછો માપથી દેવું. ૫ આ પાંચ અચૌર્ય વ્રતના અતિચારો છે. ૯૨.

---

## ચોથા વ્રતના અતિચાર.

इत्वरात्तागमोनात्तागतिरन्यविवाहनम् ।
मदनात्याग्रहोऽनंगक्रीडा च ब्रह्मणि स्मृता ॥ ९३ ॥

થોડા વખત માટે ભાડું આપી પોતાની સ્ત્રી કરી રાખેલી વેશ્યાગમન. ૧. વેશ્યા, અનાથ, વિધવા, સ્વૈરણી, પ્રોષિતભર્તૃકા વિગેરેનું સેવન કરવું. ૨. પોતાનાં પુત્ર પુત્રી સિવાય અન્યના વિવાહ કરવા. ૩, સ્વસ્ત્રી સંબંધી વિષયમાં પણ વિશેષ આસક્તિ. ૪, અનંગક્રીડા હસ્ત કર્માદિ. ૫, આ પાંચ ચોથા બ્રહ્મચર્ય વ્રતના અતિચારો કહેલા છે. ૯૩.

વિવેચન—ભાડું આપી થોડા વખત માટે પોતાની સ્ત્રી કરી રાખેલી હોવાથી મારી પોતાનીજ સ્ત્રી છે, આવા અભિપ્રાયને લઇને અતિચાર. નહિતર વ્રતભંગ કહેવાય. વેશ્યા, અનાથ, વિધવાદિકને અનુપયોગે અતિક્રમાદિકની અપેક્ષાએ અતિચાર છે. આ પહેલા બે અતિચાર સ્વદારસંતોષી માટે છે, પણ પરસ્ત્રીત્યાગ કરવાવાળાને તો વ્રતનો ભંગ થાય છે.

---

## પાંચમા વ્રતના અતિચાર.

धनधान्यस्य कुप्यस्य गवादेः क्षेत्रवास्तुनः ।
हिरण्यहेम्नश्च संख्याऽतिक्रमोऽत्र परिग्रहे ॥ ९४ ॥

ધનધાન્ય સંબંધી ૧, ઘરની ઘરવખરી, સોનારૂપા વિનાની તેના સંબંધી ૨, ગાયઆદિ જનાવરો સંબંધી ૩, ક્ષેત્ર, ઘર, હાટ, સંબંધી ૪, અને સોના રૂપા સંબંધી ૫. રાખેલી સંખ્યાના પરિમાણનું ઉલ્લંઘન કરવું તે પરિગ્રહ વ્રતના પાંચ અતિચારો છે. ૯૪.

અહીં એ શંકા થાય છે કે રાખેલા પરિમાણનું ઉલ્લંઘન કરવાથી વ્રતનો ભંગ થયો જોઈએ તો અતિચાર શા માટે કહ્યા તેનો ઉત્તર આપે છે.

बंधनाद्भावतोगर्भाद्योजनाद्दानतस्तथा ।
प्रतिपन्नव्रतस्यैषपंचधापि न युज्यते ॥ ९५ ॥

બંધન કરવાથી, ભાવથી, ગર્ભથી, જોડવાથી, અને લેવાથી અતિચાર લાગે છે માટે પરિગ્રહનું વ્રત ગ્રહણ કરનારને આ પાંચમાંથી કાંઇ પણ અતિચાર રૂપે કરવું તે યોગ્ય નથી. ૯૫.

વિવેચન—સાક્ષાત્ રીતે સંખ્યાનો અતિક્રમ કરવાથી તો વ્રતભંગજ થાય છે, પણ અહીં અતિચાર લાગવામાં સાપેક્ષતા હોવાથી વ્રતભંગ નથી. જેમકે, પાંચ, પચાસ, સુડા જેટલું ધન ધાન્યનું

માપ રાખ્યું હોય અને લેણાં વિગેરેમાં તેનાથી અધિક આવી ગયું તો તેને કહી રાખે કે હમણાં તમારે ત્યાં રાખી મુકો, ચોમાસા પછી મારી બંધી પૂરી થવાથી લઇશ. આ પ્રમાણે બંધણી કરવાથી અતિચાર લાગે છે અને પોતે સાક્ષાત્ લીધું ન હોવાથી વ્રત રાખવાની અપેક્ષા હોવાથી વ્રતભંગ થતો નથી. ૧.

ઘરવખરી, તાંબા પીતળ વિગેરેની સંખ્યા રાખી હોય તેમાં વધારો થઇ ગયો તો નાનાં તોડી નખાવી મોટામોટા બનાવે. આહીં સંખ્યા કાયમ રહેલી હોવાથી વ્રતભંગ નથી પણ અતિચાર છે. ૨.

જનાવરની સંખ્યા એક વર્ષમાં અમુક રાખી હોય તેમાં ગાય, ભેંસાદિ ને વાછરડાં વિગેરે થવાથી જનાવરની સંખ્યામા વધારો થઈ આવે ત્યારે તેના ગર્ભને યા વાછરડાને અમુક વખત ગયા પછી ગણત્રીમાં ગણે તે પણ સાપેક્ષ હોવાથી અતિચાર. ૩. ક્ષેત્રની સંખ્યા અમુક રાખી હોય તેમાં પાસેના ક્ષેત્રો લઇને વચમાંથી વાડ કાઢી નાંખી ભેળવી મોટાં કરવાં સંખ્યા કાયમ હોવાથી અતિચાર. ૪. સોનુ રૂપુ વર્ણના પરિમાણની સંખ્યામાં કોઇ રાજા પ્રમુખના તુષ્ટમાન થઈ આપવાથી વધારો થાય તો પોતાના વ્રતની અવધિ પર્યંત કોઈ બીજા પાસે રખાવે આ સર્વમાં પોતે સાક્ષાત્ લેવું કે સંખ્યા ઉલ્લંઘન કરેલ ન હોવાથી તેમજ વ્રત રાખવાની અપેક્ષા હોવાથી અતિચાર કહેવાય છે ૫.

---

## છઠ્ઠા વ્રતના અતિચાર.

**स्मृत्यंतर्धानमूर्द्धाधस्तिर्यग्भागव्यतिक्रमः ।**
**क्षेत्रवृद्धिश्च पंचेति स्मृता दिग्विरतिव्रते ॥ ९६ ॥**

દિશામાં જવા આવવાના નિયમનું ભૂલી જવાપણુ, જેમકે મેં પચાશ યોજન રાખ્યા છે કે સો તે યાદ ન આવવાથી પચાશ જાય તોપણ અતિચાર (કારણ કે લીધેલ નિયમ સ્મરણ રાખવાથી વ્રત પળી શકે છે.) ઉંચે, નીચે અને તિર્છી દિશાઓમાં ભૂલથી લીધેલ નિયમથી વધારે ચાલ્યા જવું તે અતિચાર ૪. ક્ષેત્રની વૃદ્ધિ કરવી (જેમકે ઉત્તર દક્ષિણ સો સો યોજન જવાનું રાખ્યું હોય અને દક્ષિણમાં વધારે જવાની જરૂર જણાઈ ત્યારે ઉત્તર દિશામાંથી ઓછું કરી દક્ષિણ દિશામાં તેટલુ વધારવુ. આ બન્ને બાજુ પરિમાણ

કાયમ ન રહેવાથી પણ સંખ્યા બરોબર રહેવાથી આશયની અપેક્ષાએ અતિચાર છે. ૯૬.

## સાતમા વ્રતના અતિચાર.

सचित्तस्तेन संबद्धः संमिश्रोऽभिषवस्तथा ।
दुःपक्वाहार इत्येते भोगोपभोगमानगाः ॥ ९७ ॥

સચિત્ત આહાર. ૧. સચિત્ત સાથે જોડાયેલ. ૨. સચિત્ત અચિત્તથી મિશ્ર ૩. અનેક દ્રવ્ય સંયોગથી બનેલ સુરા સાવીરાદિ. ૪. અને એજસાજ પાકેલો આહાર. ૫. આ પાંચ અતિચારો સચિત્ત વસ્તુના ( સજીવ વસ્તુનો ) ત્યાગ કરનારને ભોગોપભોગ વ્રતમાં લાગે છે ( આંહી જે અતિચાર કહ્યા છે તે અનઉપયોગે અજાણપણાથી લાગે છે. ) ૯૭.

## આ અતિચારો ભોજનના સંબંધમાં છે, કર્મના સંબંધમાં બતાવે છે.

अमी भोजनतस्त्याज्याः कर्मतः खरकर्म तु ।
तस्मिन्पंचदश मलान् कर्मादानानि संत्यजेत् ॥ ९८ ॥

ઉપર બતાવેલ પાંચ અતિચારો ભોજન આશ્રયિ ત્યાગ કરવા અને કર્મ આશ્રયિ ખર કર્માદિ પંદર કર્માદાનરૂપ અતિચારોનો ત્યાગ કરવો. ૯૮.

વિવેચન—ભોગોપભોગરૂપ ધન પેદા કરવામા આ પંદર પ્રકારના દોષો લાગે છે તે પાપના કારણરૂપ હોવાથી તેમનું નામ કર્માદાન રાખવામાં આવ્યું છે.

## પંદર કર્માદાનનાં નામ કહે છે.

अंगारवनशकटभाटकस्फोटकजीविका ।
दंतलाक्षरसकेशविषवाणिज्यकानि च ॥ ९९ ॥
यंत्रपीडानिर्लांछनमसतीपोषणं तथा ।
दवदानं सरः शोष इति पंचदश त्यजेत् ॥ १०० ॥

અંગારાનો વ્યાપાર ૧, વન કાપવાનો ૨, ગાડાં બનાવવાનો ૩, ભાડાં કરવાનો ૪, જમીન ફોડવાનો ૫ દાંતનો ૬, લાખનો ૭, રસનો

૮, કેશનો ૯, વિષ વેચવાનો ૧૦, યંત્રથી વસ્તુ પીલવાનો ૧૧, બળદ પ્રમુખને નિર્લાછન કરવાનો ૧૨, અસતી પોષણનો ૧૩, દવ આપવાનો–ક્ષેત્રાદિમાં અગ્નિ લગાડવાનો ૧૪, અને તળાવ પ્રમુખ સૂકાવી નાંખવાનો વ્યાપાર ૧૫. આ પંદર પ્રકારના અતિચારોનો ત્યાગ કરવો. ૯૯–૧૦૦

## પંદર અતિચારોને અનુક્રમે વિશેષતાથી બતાવે છે.

### (અંગારકર્મ.)

अंगारभ्राष्ट्रकरणं कुंभायःस्वर्णकारिता।
ठठारत्वेष्टकापाकाविति ह्यंगारजीविका॥ १०१॥

લાકડાના કોલસા બનાવવાનો, ચણા પ્રમુખ અનાજ ભુંજવાનો, કુંભારનો, લુહારનો, સોનીનો, કંસારાનો અને ઇટ પકાવવા વિગેરેથી આજીવિકા કરવી તે અગારકર્મ કહેવાય છે. ૧૦૧.

### વનકર્મ.

छिन्नाछिन्नवनपत्रप्रसूनफलविक्रयः।
कणानां दलनात्पेषाद्वृत्तिश्च वनजीविका॥ १०२॥

છેદેલાં અને નહિ છેદેલાં વનમાં થતાં પાંદડાં, ફુલ, ફળ વિગેરે વેચવાં તથા અનાજને દળીને કે પથ્થર ઉપર પીસાવીને જે આજીવિકા કરવી તે વનઆજીવિકા કહેવાય છે.–૧૦૨.

### શટક આજીવિકા.

शकटानां तदंगानां घटनं खेटनं तथा।
विक्रयश्चेति शकटजीविका परिकीर्त्तिता॥ १०३॥

ગાડાંઓ તથા પૈડાં પ્રમુખ તેના અંગોને ઘડવાં (ઘડાવવાં) ખેડવા, અને વેચવાં, વિગેરેથી જે આજીવિકા કરવી તે શકટ આજીવિકા કહેલી છે. ૧૦૩.

### ભાટક આજીવિકા.

शकटोक्षलुलायोष्ट्रखराश्वतरवाजिनाम्।
भारस्य वाहनाद्वृत्तिर्भवेद्भाटकजीविका॥ १०४॥

ગાડાં, બળદ, પાડા, ઉંટ, ગધેડા. ખચ્ચર અને ઘોડા પ્રમુખ ઉપર ભાર વહન કરાવી આજીવિકા કરવી તે ભાટક આજીવિકા કહેવાય છે. ૧૦૪.

## સ્ફોટક આજીવિકા.

सरः कूपादिखननशिलाकुट्टनकर्मभिः ।
पृथिव्यारंभसंभूतैर्जीवनं स्फोटजीविका ॥ १०५ ॥

સરોવર, કુવા પ્રમુખ. ખોદાવવા અને પથ્થર ફોડવારૂપ પૃથ્વીના આરંભવાળાં કર્મો વડે કરી આજીવિકા કરવી તે સ્ફોટક આજીવિકા કહેવાય છે. ૧૦૫.

## દાંતનો વ્યાપાર.

दंतकेशनखास्थित्वग्रोम्णो ग्रहणमाकरे ।
त्रसांगस्य वणिज्यार्थं दंतवाणिज्यमुच्यते ॥ १०६ ॥

હાથી દાંત, ચમરી ગાય પ્રમુખના વાળ, નખ, હાડકાં, ચામડાં તથા રોમ (રૂવાડાં) પ્રમુખ ત્રસ જીવોનાં અંગોને વ્યાપારને અર્થે ઉત્પત્તિને ઠેકાણે જઇ ગ્રહણ કરવા તેને દંત વાણિજ્ય કહે છે.–૧૦૬.

## લાખનો વ્યાપાર.

लाक्षामनःशिलानीलीधातकीटंकणादिनः ।
विक्रयः पापसदनं लाक्षावाणिज्यमुच्यते ॥ १०७ ॥

લાખ, મનશીલ, ગળી, ધાવડી અને ટંકણખારાદિ એ સર્વ વિશેષ પાપનાં સ્થાનકરૂપ છે. તેનો વ્યાપાર કરવો તેને લાખ વાણિજ્ય કહે છે. ૧૦૭.

## રસ તથા કેશનો વ્યાપાર.

नवनीतवसाक्षौद्रमद्यप्रभृतिविक्रयः ।
द्विपाच्चतुष्पाद् विक्रयो वाणिज्यं रसकेशयोः ॥१०८॥

માખણ, ચરબી, મધ અને મદિરાદિ વેચવું તે રસ વાણિજ્ય અને મનુષ્ય તથા જાનવરોના વ્યાપાર કરવા તે કેશ વાણિજ્ય કહેવાય. ૧૦૮.

## વિષ વાણિજ્ય.

विषास्त्रहलयंत्रायोहरितालादिवस्तुनः ।
विक्रयो जीवितघ्नस्य विषवाणिज्यमुच्यते ॥ १०९ ॥

ઝેર, હથિયાર, હળ, અરહટ્ટાદિ યંત્ર, લોઢું અને હરતાલ આદિ જીવોનો નાશ કરનારી વસ્તુઓનો વેપાર કરવો તેને વિષ વાણિજ્ય કહે છે. ૧૦૯.

## યંત્ર પીડન કર્મ.

तिलेक्षुसर्षपैरंडजलयंत्रादिपीडनम् ।
दलतैलस्य च कृतिर्यंत्रपीडा प्रकीर्तिता ॥ ११० ॥

તલ પીલવાનાં યંત્રો, ઇક્ષુ (શેરડી) પીલવાનાં, સરસવ પીલવાનાં, એરંડ પીલવાનાં, અરહટાદિ જલ ખેંચવાનાં યંત્રો અને ખોળ કાઢી તેલ લેવું એ આદિનાં યંત્રો બનાવી તેનાથી આજીવિકા કરવી તે યંત્રપીડનકર્મ. ૧૧૦.

## નિર્લાંછન કર્મ.

नासावेधोऽङ्कनं मुष्कच्छेदनं पृष्ठगालनम् ।
कर्णकंबलविच्छेदो निर्लांछनमुदीरितम् ॥ १११ ॥

જનાવરોની નાસિકા વિંધવી, આંકવું, અંડ છેદવો, પૃષ્ટ ગાળી નાખવી અને કાન તથા કંબલ છેદવાં, આવડે આજીવિકા ચલાવવી તેને નિર્લાંછન કર્મ કહ્યું છે. ૧૧૧.

## અસતી પોષણ.

सारिकाशुकमार्जारश्वकुर्कुटकलापिनाम् ।
पोषो दास्याश्च वित्तार्थमसतीपोषणं विदुः ॥११२॥

સારિકા, શુક, બીલાડી, કુતરા, કુકડા, મયૂર, અને દાસી પ્રમુખનું ધન કમાવા નિમિત્તે પોષણ કરવું તેને અસતી પોષણ કહ્યું છે. ૧૧૨.

## દવ આપવો અને તળાવ સુકાવવાં.

व्यसनात्पुण्यबुद्धया वा दवदानं भवेद् द्विधा ।
सरःशोषः सरःसिंधुह्रदादेरंबुसंप्लवः ॥ ११३ ॥

કુટેવથી અથવા પુણ્ય બુદ્ધિએ દવ લગાડવો, તથા તળાવ નદી અને દ્રહ, કુંડાદિના પાણીને શોષી નાંખવાં તે સરશોષ કર્માદાન કહેવાય છે. ૧૧૩.

**વિવેચન**—કર્માદાનનો શબ્દાર્થજ એવો છે કે કર્મને આવવાનું કારણ. દુનિયાના ઘણા વ્યાપારો આ સિવાયના કર્મ બંધના કારણ ભૂત છે છતાં આ પંદરને કર્માદાન કહેવાનો અભિપ્રાય એવો છે કે આ વ્યાપારોથી વિશેષ વિશેષ પાપ આવે છે. તેમજ ફાયદો થોડો અને અનેક જીવોને દુઃખ, ત્રાસ તથા સંહારના હેતભૂત છે માટે ધર્મિષ્ટ મનુષ્યોએ આવા વ્યાપારોનો ત્યાગજ કરવો જોઈએ. આંહી કોઈ શંકા કરે છે કે આ પંદર કર્માદાનને અતિચાર શા માટે કહ્યા, કારણ કે કર્માદાન પોતેજ પાપરૂપે છે, અને તે કરવાથી તો વ્રત ભંગ થવો જોઈએ. ઉત્તર એ છે કે પોતે અર્થ દંડમાં જે કર્માદાનોની છુટ રાખી છે તે સિવાય આવા વ્યાપારો કદાચ અજાણપણે અર્થાત્ અનઉપયોગે થઇ ગયા હોય તો અતિચારરૂપ છે, પણ જો જાણીને તે વ્યાપારો કરવામાં આવે તો વ્રત ભંગ થાય છે, એમ ભોગોપભોગ વ્રતના વીશ અતિચારો બતાવ્યા

## હવે અનર્થદંડ વ્રતના અતિચાર.

संयुक्ताधिकरणत्वमुपभोगातिरिक्तता ।
मौखर्यमथ कौकुच्यं कंदर्पोऽनर्थदंडगाः ॥ ११४ ॥

હળ, મુશળ, ગાડી પ્રમુખ અધિકરણો સંયોજી (જોડી) રાખવાં, ૧. પ્રમાણથી અધિક ઉપભોગની વસ્તુ રાખવી, ૨. વાચાળપણું અર્થાત્ પૂર્વાપર વિચાર કર્યા સિવાય બોલવું, ૩. ભાંડાદિકના જેવી ભ્રૂનયન ઓષ્ઠાદિકથી ચેષ્ટા કરવી, ૪. કામ ઉત્પન્ન થાય તેવાં વચનો બોલવાં, ૫. અનર્થદંડ વિરમણ વ્રતના પાંચ અતિચારો છે. ૧૧૪.

## સામાયિક વ્રતના અતિચાર.

कायवाङ्मनसां दुष्प्रणिधानमनादरः ।
स्मृत्यनुपस्थापनं च स्मृताः सामायिकव्रते ॥ ११५ ॥

મન, વચન, કાયાને સાવદ્ય કાર્યમાં પ્રવર્તાવવા. ૩. સામાયિકમાં અનાદર (અનુત્સાહતા) ૪. અને સામાયિક કર્યું કે ન કર્યું તે સ્મૃતિ

ન રાખવી. આ પાંચ સામાયિક વ્રતમાં અતિચાર કહ્યા છે. (આંહી અનઉપયોગે સાવદ્ય કાર્યમાં પ્રવૃત્તિ થઈ હોય તે માટે અતિચાર કહ્યો છે પણ જાણીને સાવદ્ય પ્રવૃત્તિ કરે તો વ્રત ભંગ થાય.) ૧૧૫.

## દેશાવકાશિક વ્રતના અતિચાર.

प्रेष्यप्रयोगानयने पुद्गलक्षेपणं तथा ।
शब्दरूपानुपातौ च व्रते देशावकाशिके ॥ ११६ ॥

નિયમિત કરેલી જગ્યા બહાર કાર્ય પ્રસંગે બીજાને મોકલવો, ૧. નિયમિત ક્ષેત્ર બહારથી કાંઈ વસ્તુ મંગવવી, ૨. નિયમિત જગ્યાની બહાર રહેલા માણસને જણાવવા માટે કાંકરો પ્રમુખ ફેંકવું, ૩. શબ્દ કરી બોલાવવો, ૪. અને રૂપ દેખાડવું એટલે પોતે સન્મુખ ઉભા રહેવું, તેને જોઇને દૂર રહેલો માણસ તેને માટે ત્યાં આવે, ૫. આ પાંચ દેશાવકાશિક વ્રતના અતિચારો છે. ૧૧૬.

વિવેચન:—પોતે શરીરથી નિયમિત જગ્યા બહાર ગયો નથી તેથી વ્રતભંગ ન થયું, છતાં નિયમિત જગ્યા બહાર માણસ મોકલ્યું, મંગાવ્યું, કાકરો ફેંકયો, શબ્દ કર્યો અને રૂપ દેખાડયું તેથી અતિચાર લાગ્યા.

## પૌષધ વ્રતના અતિચાર.

उत्सर्गादानसंस्तारानवेक्ष्याप्रमृज्य च ।
अनादरः स्मृत्यनुपस्थापनं चेति पौषधे ॥ ११७ ॥

નજરથી જોયા અને વસ્ત્ર પ્રમુખના છેડાથી પ્રમાર્જ્યા વિના મળ મૂત્રાદિનો ત્યાગ કરવો, ૧. પાટપાટલા પ્રમુખ જોયા તથા પ્રમાર્જન કર્યા વિના લેવા, ૨. જોયા પ્રમાર્જન કર્યા સિવાય સંથારો કરવો, ૩. પૌષધમાં અનાદર, ૪. અને પૌષધ કર્યો કે નહિ, તેની સ્મૃતિ ન રહેવી, ૫. આ પાંચ પૌષધ વ્રતના અતિચારો છે. ૧૧૭.

## અતિથિ સંવિભાગ વ્રતના અતિચાર.

सचित्ते क्षेपणं तेन पिधानं काललंघनं ।
मत्सरोऽन्यापदेशश्च तुर्यशिक्षाव्रते स्मृताः ॥ ११८ ॥

મુનિ આહારાર્થે ઘેર આવ્યે દેવા લાયક વસ્તુ, સચિત્ત પૃથ્વી, જલ, અગ્નિ, આદિ ઉપર મૂકે; ૧. અથવા સજીવ વસ્તુથી તે ઢાંકે, ૨. ગોચરીનો વખત થયા પછી ભોજન તયાર કરે, ૩. ઈર્ષા કરી દાન આપવું. ( આણે આપ્યું તો હું કાંઈ તેનાથી ઓછો નથી માટે હું પણ આપીશ, અથવા સાધુ પર ઈર્ષા કરી દાન આપે. ) ૪. આ બીજાની વસ્તુ છે એમ બાનુ કરી ન આપે, ૫. આ ચોથા શિક્ષા વ્રતના પાંચ અતિચારો કહ્યા છે. આંહી પણ અનઉપયોગથી અતિચાર સમજવા. ૧૧૮.

આ પ્રમાણે બાર વ્રતોના અતિચારો કહેવાયા.

## મહા શ્રાવકપણું બતાવે છે.

एवं व्रतस्थितो भक्त्या सप्तक्षेत्र्यां धनं वपन् ।
दयया चातिदीनेषु महाश्रावक उच्यते ॥ ११९ ॥

આ પ્રમાણે બાર વ્રતમાં રહ્યો છતો ભક્તિપૂર્વક સાત ક્ષેત્ર (સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા, પ્રતિમા, દેરાસર, અને જ્ઞાન ) માં ધન ખરચતો અને દયા વડે કરી અતિ દીન જીવોને ધન આપતો તે મહા શ્રાવક કહેવાય છે. ૧૧૯.

## સાત ક્ષેત્રમાં ધન નહિ વાપરનારનું નિર્બળપણું.

यः सद्बाह्यमनित्यं च क्षेत्रेषु न धनं वपेत् ।
कथं वराकश्चारित्रं दुश्चरं स समाचरेत् ॥ १२० ॥

જે માણસ પોતાની પાસે ધન વિદ્યમાન છે, વળી તે બાહ્ય છે અને અનિત્ય છે છતાં તે ઉત્તમ સ્થળે ખરચી શકતો નથી, તે બિચારો દુઃખે પાળી શકાય તેવું ચારિત્ર કેવી રીતે આદરી શકશે ? ૧૨૦.

## મહા શ્રાવકની દિવસચર્યા.

ब्राह्मे मुहूर्त्ते उत्तिष्ठेत् परमेष्ठिस्तुतिं पठन् ।
किंधर्मा किंकुलश्चास्मि किंव्रतोऽस्मीति च स्मरन् ॥ १२१ ॥
शुचिः पुष्पामिषस्तोत्रैर्देवमभ्यर्च्य वेश्मनि ।
प्रत्याख्यानं यथाशक्ति कृत्वा देवगृहं व्रजेत् ॥ १२२ ॥
प्रविश्य विधिना तत्र त्रिःप्रदक्षिणयेज्जिनम् ।
पुष्पादिभिस्तमभ्यर्च्य स्तवनैरुत्तमैः स्तुयात् ॥ १२३ ॥

પાછલી બે ઘડી રાત્રી રહે ત્યારે (તે પેહેલાં જાગૃત થવાય તો વધારે સારૂં,) જાગૃત થઈ પંચ પરમેષ્ટિ નવકાર મંત્રની સ્તુતિ કરી શ્રાવકે યાદ કરવું કે મારો શું ધર્મ છે, મારૂં કુલ કયું છે, મેં ક્યાં ક્યાં વ્રતો અંગીકાર ર્ક્યા છે? (ઉપલક્ષણથી મારો ગુરૂ ધર્માચાર્ય કોણ છે) તે સર્વ યાદ કરી પવિત્ર થઈ પુષ્પ નૈવેદ્ય અને સ્તોત્રવડે (સ્તુતિ કરવે) કરી પોતાના ગૃહચૈત્યમાં રહેલ દેવાધિદેવની પૂજા કરી શકત્યનુસાર નવકારશી, પોરસી, પચ્ચખાણુ કરી મોટા દેવાલય પ્રત્યે જવું. વિધિપૂર્વક મંદિરમાં પ્રવેશ કરી જીનેશ્વરના ફરતી ત્રણ પ્રદક્ષિણા કરી પછી પુષ્પાદિ (આદિ શબ્દથી કેશર, ચંદન, બરાસાદિથી) પૂજન કરી ઉત્તમ સ્તવનોએ કરી ભગવાનની સ્તુતિ કરે ૧૨૧-૨૨-૨૩. આ ઠેકાણે દેવવંદન ભાષ્યાદિથી અશેષ વિધિ જાણી લેવો.

---

## ચૈત્યવંદન કર્યા પછી.

**ततो गुरूणामभ्यर्णे प्रतिपत्तिपुरःसरम् ।**
**विदधीत विशुद्धात्मा प्रत्याख्यानप्रकाशनम् ॥१२४॥**

પછી ગુરૂ મહારાજની પાસે આવી નમસ્કારાદિ ભક્તિ કરવાપૂર્વક વિશુદ્ધ આત્મા શ્રાવકે પોતે પહેલાં દેવ સાક્ષીએ કરેલું પચ્ચખાણુ ગુરૂ પાસે પ્રકાશિત કરવું અર્થાત્ ગુરૂ પાસે ફરી પચ્ચખાણુ કરવું.૧૨૪.

**વિવેચન**—પચ્ચખાણુ પોતાની શાક્ષિએ, અને ગુરૂ સાક્ષિએ, દેવ સાક્ષિએ, એમ ત્રણ પ્રકારે થઇ શકે છે. તેથી આંહી ગુરૂ આગળ પ્રકાશિત કરવાનું જણાવ્યું છે. ગુરૂવંદન બે હાથ જોડી મત્થએણ વંદામિ કહેવું તે જઘન્ય છે. આ વંદન રસ્તોમાં સન્મુખ મળતાં કરવાનું છે. બે ખમાસમણ દઇ શાતા પૂછી અબ્ભુઠિઆનો પાઠ કહેવો તે મધ્યમ વંદન છે અને દ્વાદશાવર્ત વંદન કરવું તે ઉત્કૃષ્ટ વંદન છે. આ ગુરૂવંદન વિધિ વિસ્તારથી ગુરૂવંદન ભાષ્યથી જાણવી તથા પચ્ચખાણુ લેનાર, દેનાર તથા ભાંગા અને પ્રકાર, તે સર્વે પચ્ચખાણભાષ્યથી જાણી લેવાં

(ગયે શ્લોકમાં જણાવ્યું કે, ગુરૂની પ્રતિપત્તિપૂર્વક પચ્ચખાણુ કરવું તે ભક્તિ કહે છે.)

**अभ्युत्थानं तदा लोकेऽभियानं च तदागमे।**
**शिरस्यञ्जलिसंश्लेषः स्वयमासनढौकनम् ॥ १२५ ॥**

आसनाभिग्रहो भक्त्या वंदना पर्युपासनम् ।
तथानेऽनुगमश्चेति प्रतिपत्तिरियं गुरोः ॥ १२६ ॥

ગુરૂને જોતાંજ ઉભા થઇ જવું. આવતા સાંભળી સન્મુખ જવું, દૂરથી મસ્તકે હાથ જોડવા. બેસવાને પોતે આસન આપવું, ગુરૂ બેઠા હોય ત્યાં સુધી પોતે આસન ઉપર ન બેસવુ. ભક્તિથી વં-દના તથા સેવા કરવી અને ગુરૂ જતા હોય તો તેની પછાડી કે-ટલાંક પગલા જવું તથા ગુરૂ પાસે ધર્મ સાંભળવો, આ સર્વ ગુરૂની પ્રતિપ્રત્તિ ભક્તિ ઉચિત આચરણ કહેવાય છે. ૧૨૫-૧૨૬

ततः प्रतिनिवृत्तः सन् स्थानं गत्वा यथोचितम् ।
सुधीर्धर्माविरोधेन विदधीतार्थचिंतनम् ॥ १२७ ॥

ગુરૂ પાસેથી પાછા ફર્યા બાદ વ્યાપાર કરવાના ઉચિત સ્થાને જઇ ધર્મને બાધા ન પહોંચે તેવી રીતે બુદ્ધિમાન્ શ્રાવકે ધન કમા-માવાનો ( વિચાર ) પ્રયત્ન કરવો. ૧૨૭

ततो माध्यान्हिकीं पूजां कुर्यात् कृत्वा च भोजनम् ।
तद्विद्भिः सह शास्त्रार्थरहस्यानि विचारयेत् ॥ १२८ ॥

પછી મધ્યાન્હ વખતની પૂજા કરે, ત્યારબાદ ભોજન કરી શાસ્ત્રના જાણકારોની સાથે શાસ્ત્રના અર્થો અને રહસ્યોનો વિચાર કરે.

ततश्च संध्यासमये कृत्वा देवार्चनं पुनः ।
कृतावश्यककर्मा च कुर्यात्स्वाध्यायमुत्तमम् ॥ १२९ ॥

પછી સધ્યા વખતે ફરી દેવાર્ચન (ધૂપદિપાદિથી દેવપૂજા કરી) તથા પ્રતિક્રમણ ( દિવસે શ્રાવક વ્રત સંબંધી કાંઇ પણ દૂષણ લાગ્યું હોય તેની શુદ્ધિ ) કરી, પછી ઉત્તમ પ્રકારનુ સ્વાધ્યાય ( મહાન્ પુરૂષોનાં જીવન સભારવા, સારા વિચારો કરવા, પઠિત યાદ કરવું ) વિગેરે ધ્યાન કરવુ ૧૨૯.

न्याय्ये काले ततो देवगुरुस्मृतिपवित्रितः ।
निद्रामल्पामुपासीत प्रायेणाब्रह्मवर्जकः ॥ १३० ॥

સ્વાધ્યાયાદિ ધર્મધ્યાન કરવામાં કેટલોક વખત વ્યતીત કર્યા બાદ પોતાના ઇષ્ટદેવ ગુરૂને સભારવે કરી પવિત્ર થઇ પ્રાયે અબ્રહ્મચર્યનો ( મૈથુનનો ) ત્યાગ કરી અલ્પ (થોડી) નિદ્રા કરે ( ગૃહસ્થ હોવાથી મૈથુન ત્યાગ કરવા માટે પ્રાયઃ શબ્દ મૂક્યો છે. ) ૧૩૦.

निद्राछेदे योषिदंग सतत्त्वं परिचिंतयेत् ।
स्थूलभद्रादिसाधूनां तन्निवृत्तिं परामृशन् ॥ १३१ ॥

નિદ્રા ત્યાગ કર્યા પછી સ્થૂલભદ્રાદિ સાધુઓએ કરેલી સ્ત્રીના શરીરની નિવૃત્તિનું સ્મરણ કરતો તત્ત્વપૂર્વક સ્ત્રીના શરીરની અસારતાનું ચિંતવન કરે. ૧૩૧.

---

તેજ બતાવે છે.

यकृच्छकृन्मलश्लेष्ममज्जास्थिपरिपूरिताः ।
स्नायुस्यूता बहीरम्याः स्त्रियश्चर्मप्रसेविकाः ॥ १३२ ॥
बहिरंतर्विपर्यासः स्त्रीशरीरस्य चेद् भवेत् ।
तस्यैव कामुकः कुर्याद् गृध्रगोमायुगोपनं ॥ १३३ ॥
स्त्रीशस्त्रेणापि चेत्कामो जगदेतज्जिगीषति ।
तुच्छपिच्छमयं शस्त्रं किं नादत्ते स मूढधीः ॥ १३४ ॥

સ્ત્રીઓનાં શરીરો નિરંતર વિષ્ટા, મળ, શ્લેષ્મ, મજ્જા અને હાડકાંઓથી ભરપુર છે. આજ કારણથી બહારથી રમણિક અને સ્નાયુથી શીવેલી ભસ્રાક (ધમણ) સરખી સ્ત્રીઓ છે. સ્ત્રીના શરીરનો જો વિપર્યાસ કરવામાં આવે અર્થાત્ જે બહાર રમણિકતા દેખાય છે તે અંદર કરવામા આવે, અને અંદરની સ્થિતિ બહાર લાવવામાં આવે તો તેજ સ્ત્રીના શરીરનું કામી પુરૂષને ગીધ અને શિયાળીયાં તરફથી રાત્રિ દિવસ રક્ષણ કરવાની જરૂર પડે. સ્ત્રીરૂપ શસ્ત્રવડે કરીને પણ જો કામ આ જગત્‌ને જીતવાને ઇચ્છે છે તો તે મૂઢબુદ્ધિવાળો કામ સુખે મળી શકે તેવું પિંછારૂપ શસ્ત્ર શા માટે નથી લેતો ? ભાવ એ છે કે અસાર રસ, રૂધિર, માંસ, મેદા, અસ્થિ, મજ્જા અને વીર્યથી ભરપુર તથા ઘણા પ્રયાસથી મળી શકે તેવા સ્ત્રીરૂપ શસ્ત્રવડે કરીને કામ જગતને જીતવાને ઇચ્છે છે તો સુલભ અને પવિત્ર પિંછાને જગત જીતવા સારૂ શા માટે તે લેતો નથી ? અર્થાત્ પિંછાં પ્રમુખ સામાન્ય વસ્તુમાં જેટલો સાર છે તેટલો પણ સ્ત્રીના શરીરમાં સાર નથી. ૧૩૨–૧૩૩–૧૩૪.

संकल्पयोनिनानेन हाहा विश्वं विडंबितम् ।
तदुत्खनामि संकल्पं मूलमस्येति चिंतयेत् ॥ १३५ ॥

હા ! હા ! સંકલ્પથી ઉત્પન્ન થતા આ કામે વિશ્વને વિડંબિત

કર્યું છે. માટે આ કામના સંકલ્પરૂપ મૂલને હું ઉખેડી નાખું, આ પ્રમાણે વિચાર કરે. ૧૩૫.

**यो यः स्याद् बाधको दोषस्तस्य तस्य प्रतिक्रियाम्।**
**चिंतयेद्दोषमुक्तेषु प्रमोदं यतिषु व्रजन् ॥ १३६ ॥**

જે જે દોષ પોતાને બાધા કરતો હોય, તે તે દોષથી મુક્ત થવાને અર્થે યતિ ઉપર પ્રમોદ પામીને (ગુણાનુરાગ રાખીને) તે તે દોષના ઉપાયને ચિંતવવા (જેમકે રાગનો ઉપાય વૈરાગ્ય, દ્વેષનો ઉપાય મૈત્રી, ક્રોધનો ઉપાય ક્ષમા, માનનો નમ્રતા, માયાનો સરલતા, લોભનો સંતોષ, મોહનો વિવેક, કામનો સ્ત્રીના શરીરની અશૌચતા, ઈર્ષાનો અનીર્ષા, વિગેરે ઉપાયો ચિંતવવા.) ૧૩૬.

**दुःस्थां भवस्थिति स्थेम्ना सर्वजीवेषु चिंतयन्।**
**निसर्गं सुखसर्गं तेष्वपवर्गं विमार्गयेत् ॥ १३७ ॥**

સંસારમાં રહેવાપણુ તે સર્વ જીવોને દુખરૂપ છે, એમ સ્થિર ચિત્તથી વિચાર કરતા શ્રાવકે સર્વ જીવોને માટે સ્વાભાવિક સુખના સંસર્ગવાળું મોક્ષપદ માગવુ. (જેમકે સર્વે સંસારી જીવો સમગ્ર દુઃખથી મુક્ત થઈ મોક્ષ પામો અથવા **सर्वेऽत्र सुखिन संतु सर्वे संतु निरामयाः सर्वे भद्राणि पश्यंतु मा कश्चिद् दुःखमाप्नुयात्** ૧૩૭.

## દઢ વ્રતધારી કામદેવ શ્રાવક.

**संसर्गेप्युपसर्गाणां दृढव्रतपरायणाः ॥**
**धन्यास्ते कामदेवाद्याः श्लाघ्यास्तीर्थकृतामपि ॥१३८॥**

વળી વિચાર કરે કે ઉપસર્ગના પ્રસંગમાં પણ વ્રત રક્ષણની દઢતામા મજબુત રહેલા અને તેથીજ તીર્થકરે પણ પ્રશસા કરેલા તે કામદેવાદિ શ્રાવકોને ધન્ય છે. ૧૩૮

**વિવેચન**—વીર પરમાત્માના વખતમાં ચંપાનગરીમાં જીતશત્રુ રાજા રાજ્ય કરતો હતો તે શહેરમાં કામદેવ નામનો ધનાઢય ગૃહસ્થ રહેતો હતો. તેને ભદ્રા નામની પત્નિ હતી. તે કામદેવ પાસે અઢાર કરોડ સોનામોહોર અને છ ગોકુળો જેટલી ઋદ્ધિ હતી. ચંપાના પુણ્યભદ્ર નામના વનમાં એક વખત મહાવીર દેવ સમવસર્યા હતા તેમના ઉપદેશથી કામદેવ બારવ્રતધારી દઢ શ્રાવક થયો હતો અને ભદ્રા પણ વ્રતધારી શ્રાવીકા થઇ હતી. કેટલોક વખત જવા પછી પોતાના જ્યેષ્ટ પુત્રને ઘરનો કારોબાર સોંપી નિશ્ચિંત થઈ કામદેવ શ્રાવક પોતાની પોષધશાળામાં ધર્મધ્યાન ક-

રતો હતો એક વખત તેણે પૌષધનું વ્રત લીધું હતું. મધ્યરાત્રીએ એક મિથ્યાદૃષ્ટિદેવ ભયંકર પિશાચનું રૂપ લઇ તેની પાસે આવ્યો. હાથમાં ખુલ્લું ખડ્ગ લઈ તે પિશાચે કામદેવને કહ્યું કે તું ધર્મ મુકી દે, શું તારા જેવા રાંક જીવો પણ સ્વર્ગ અને મોક્ષની ઇચ્છા કરે છે ખરા ? જો ધર્મનો ત્યાગ નહિ કરે તો આ ખડ્ગથી તારૂં મસ્તક ઉડાવી દઇશ. દેવે બે ચાર વાર કહ્યુ અને ઘણી તર્જના કરી પણ કામદેવ ધર્મધ્યાનથી ચલાયમાન ન થયો, ત્યારે તેણે પિશાચનું રૂપ મૂકી ભયપ્રદ હાથીનું રૂપ કર્યું અને પૂર્વની માફકજ ધર્મ મૂકવા સૂચવ્યુ. જ્યારે તે દૃઢજ રહ્યો ત્યારે સુંડાદંડથી પકડી કામદેવને આકાશમાં ઉછાળ્યો અને પગ હેઠે પકડી કચરી નાખ્યો. કામદેવે દુઃખ સહન કર્યું; દેવપ્રભાવથી મરણ ન પામ્યો, અને ધર્મમા દૃઢજ રહ્યો ત્યારે તેણે સર્પનું રૂપ કરી ઘણા ડંસો દીધા અને ગળે વીંટાઇ વળ્યો. આમ અનેક દુઃખ દેવા છતાં તે તો ધૈર્યપણેજ રહ્યો. દેવ થાકયો, અને સાથે સાહસ જોઇ ખુશી થયો. દિવ્યરૂપ પ્રકટ કરી કામદેવ પાસે પોતાના કરેલા અપરાધની માફી માગી, અને ઇંદ્રે તમારી દેવસભામા પ્રશંસા કરી તે મારાથી સહન ન થઇ માટે મેં તમારી પરીક્ષા કરી છે, આ પ્રમાણે કહીને દેવ ચાલ્યો ગયો. કામદેવ પ્રભાતે પોષધ પૂર્ણ કરી ત્યાં પધારેલા મહાવીરદેવને નમન કરવા ગયો મહાવીરદેવે જ્ઞાનથી રાત્રિની સર્વ હકીકત કામદેવને કહી કે કામદેવ ! રાત્રે એક દેવ આવ્યો હતો ? કામદેવે હા કહી મહાવીરદેવે ગૌતમાદિ મુનિઓને ઉદ્દેશીને કહ્યું, ગૌતમ યાદ રાખો, આવા ગૃહસ્થાવસ્થામાં રહેલા શ્રાવકો પણ દેવોથી ચલાયમાન થતા નથી. માટે તમારે ત્યાગીઓને તો ધર્મમાં વિશેષ પ્રકારે દૃઢ રહેવુ. ગૌતમ સ્વામીએ હાથ જોડી તહત્તી કહી તે વાત સ્વીકારી કામદેવ આયુષ્ય પૂર્ણ કરી અરૂણાભવિમાનમાં દેવપણે ઉત્પન્ન થયો. ત્યાંથી ચવી મહાવિદેહ ક્ષેત્રમાં મોક્ષ જશે. આવા ધીર શ્રાવકોનાં ચરિત્ર પ્રાતઃકાળમાં શ્રાવકોએ યાદ કરવાં અને તેનુ અનુકરણ કરતાં શીખવુ.

जिनो देवः कृपा धर्मो गुरवो यत्र साधवः ।
श्रावकत्वाय कस्तस्मै नश्लाघेताविमूढधीः ॥ १३९ ॥

જીનેશ્વર જેનો દેવ છે, દયામય ધર્મ છે, અને જ્યાં નિર્ગ્રંથ ગુરૂ તરીકે છે, તેવા શ્રાવકપણાની કયો બુદ્ધિમાન્ પ્રશંસા ન કરે. ૧૩૯.

## શ્રાવકોએ નીચેના મનોરથો કરવા.

जिनधर्मविनिर्मुक्तो माभूवं चक्रवर्त्यपि ।
स्यां चेटोऽपि दरिद्रोऽपि जिनधर्माधिवासितः ॥१४०॥

જૈનધર્મથી રહિત થઇ ચક્રવર્તિ પણ હું ન થાઉં. પણ જૈનધર્મથી વાસિત દાસ કે દરિદ્ર પણ થાઉં તો તે પણ મને સંમત છે. ૧૪૧.

त्यक्तसंगो जीर्णवासा मलक्लिन्नकलेवरः ।
भजन् माधुकरीं वृत्ति मुनिचर्यां कदाश्रये ॥ १४१ ॥
त्यजन् दुःशीलसंसर्गं गुरु पादरजः स्पृशन् ।
कदाहं योगमभ्यस्यन् प्रभवेयं भवच्छिदे ॥ १४२ ॥
महानिशायां प्रकृते कायोत्सर्गे पुराद्बहिः ।
स्तंभवत्स्कंधकर्षणं वृषाः कुर्युः कदा मयि ॥ १४३ ॥
वने पद्मासनासीनं क्रोडस्थितमृगार्भकं ।
कदा घ्रास्यंति वक्त्रे मां जरंतो मृगयूथपाः ॥१४४॥
शत्रौ मित्रे तृणे स्त्रैणे स्वर्णेऽश्मनि मणौ मृदि ।
मोक्षे भवे भविष्यामि निर्विशेषमतिः कदा ॥ १४५ ॥
अधिरोढुं गुणश्रेणिं निश्रेणीं मुक्तिवेश्मनः ।
परानंदलताकंदान् कुर्यादिति मनोरथान् ॥ १४६ ॥

અહો ! હું આ સર્વ સંયોગોનો ત્યાગ કરી, જીર્ણપ્રાય વસ્ત્રવાળો થઈ, મળથી ક્લિન્ન (ભિંજાએલા) શરીરવાળો (અર્થાત્ શરીર ઉપરથી નિરપેક્ષ બની) માધુકરી વૃત્તિવાળી મુનિચર્યાનો ક્યારે આશ્રય કરીશ ? દુ:શીલોની સોબતનો ત્યાગ કરી, ગુરૂ મહારાજની પાદરજને સ્પર્શ કરતો, યોગનો અભ્યાસ કરી આ ભવોનો નાશ કરવાને હું ક્યારે સમર્થ થઇશ ? મધ્યરાત્રિએ શહેરની બહાર કાયોત્સર્ગ મુદ્રાએ ધ્યાનમાં રહેલા મને સ્તંભની માફક સ્થિર રહેલાને સ્તંભ જાણી બળદો પોતાના સ્કંધનું ક્યારે કર્ષણ (ઘર્ષણ) કરશે ? વનની અંદર પદ્માસનમાં બેઠેલા અને ખોળામાં મૃગનાં બચ્ચાંઓ રહેલા મને મોઢા ઉપર વૃદ્ધ મૃગયૂથપતિઓ (અચેતન વસ્તુ જાણી)

ક્યારે આચરણ કરશે ( સુધરશે )? શત્રુના ઉપર અને મિત્ર ઉપર, તૃણ ઉપર અને સ્ત્રીના સમુદાય ઉપર, સોના અને પથ્થર ઉપર, મણિ અને માટી ઉપર, મોક્ષ અને ભવ ઉપર, એક સરખી બુદ્ધિવાળો (રાગ દ્વેષ વિનાનો) હું ક્યારે થઈશ? આ પ્રમાણે મોક્ષ મહેલ ઉપર ચડવાને ગુણઠાણાની શ્રેણિરૂપ નિસરણી સરખા તથા પરમ આનંદરૂપ લતાના કંદ સરખા મનોરથો શ્રાવકોએ કરવા. ૧૪૧ થી ૧૪૬.

इत्याहोरात्रिकीं चर्यामप्रमत्तः समाचरन् ।
यथावदुक्तवृत्तस्थो गृहस्थोपि विशुद्ध्यति ॥ १४७ ॥

આ પ્રમાણે અહો રાત્રી સંબંધી ચર્યાને અપ્રમાદીપણે આચરતો, અને પૂર્વે જેવી રીતે કહ્યું છે તેવી રીતે વ્રતમાં રહેલો ગૃહસ્થ પણ વિશુદ્ધ થાય છે. ૧૪૭.

## વિશેષ વિધિ બતાવે છે.

सोथावश्यकयोगानां भंगे मृत्योरथागमे ।
कृत्वा संलेखनामादौ प्रतिपद्य च संयमं ॥ १४८ ॥
जन्मदीक्षाज्ञानमोक्षस्थानेषु श्रीमदर्हतां ।
तदभावे गृहेऽरण्ये स्थंडिले जंतुवर्जिते ॥ १४९ ॥
त्यक्त्वा चतुर्विधाहारं नमस्कारपरायणः ।
आराधनां विधायोच्चैश्चतुः शरणमाश्रितः ॥ १५० ॥
इह लोके परलोके जीविते मरणे तथा ।
त्यक्त्वा शंसां निदानं च समाधिसुधयोक्षितः ॥ १५१ ॥
परिषहोपसर्गेभ्यो निर्भिको जिनभक्तिभाक् ।
प्रतिपद्येत मरणमानंदश्रावको : यथा ॥ १५२ ॥

पंचभिः कुलकं.

શ્રાવક અવશ્ય કરવા લાયક સંયમાદિ યોગો કરવામાં અશક્ત હોય અથવા મરણ નજીક આવ્યું જણાય તો પ્રથમ શરીર તથા કષાયને પાતળા કરવારૂપ સંલેખણા કરી પછી સંયમ અંગીકાર કરે. સર્વથા સંલેખણા કરવા માટે શ્રીમાન્ અરિહંતના જન્મ કલ્યાણક, દીક્ષા કલ્યાણક, જ્ઞાન કલ્યાણક યા મોક્ષ કલ્યાણક જેવાં

સ્થળોમાં જવું અથવા તેવાં સ્થળો નજીક ન હોય તો જીવજંતુ વર્જીત ઘેર અથવા અરણ્યવાળી જગ્યાએ સંલેખણા કરવી. ત્યાં પ્રથમ ચાર પ્રકારના અહારનો ત્યાગ કરી, નમસ્કાર મંત્ર જપવામાં તત્પર થવું, તથા સારી રીતે આરાધના કરી (પૂર્વનાં કરેલ પાપો ગુરૂ સાથે, યા તે ન હોય તો પોતાની મેળે આલોવી) અરિહંતાદિ ચાર શરણનો આશ્રય કરવો. તથા આ લોક સંબંધી, પરલોક સંબધી, જીવિત સંબંધી, મરણ સંબંધી આશંસાનો (ઈચ્છાનો) તથા નિયાણાનો ત્યાગ કરી, સમાધિરૂપ અમૃતથી સિંચાયેલો પરિષહ તથા ઉપસર્ગોથી નિર્ભય અને જીનેશ્વર વિષે યા આરાધના વિષે બહુ માન ધરતો આણંદ શ્રાવકની માફક સમાધિ મરણ અંગીકાર કરે. ૧૪૮ થી ૧૫૨

વિવેચન—સંલેખના બે પ્રકારની છે. શરીર સંલેખના તથા કષાય સંલેખના. અનશન કરવાની ઈચ્છા રાખનાર મજબુત શરીર વાળાએ તપશ્ચર્યા કરી હળવે હળવે શરીરને દુર્બળ કરવું તથા તેની સાથે ક્રોધ, માન, માયા, લોભાદિ કષાયોને વિશેષ પ્રકારે પાતળા કરી દેવા. મજબુત શરીરવાળાએ પણ પોતાનું આયુષ્ય નજીક જણાય તો શરીરને દુર્બળ કરવાનું છે. જ્ઞાન ધ્યાન થઇ શકતાં હોય તેવા શરીરને પાડી નાખવું એવી જ્ઞાનીની આજ્ઞા નથી, પણ જ્યારે જ્ઞાન ધ્યાન કાંઈ પણ હવે બની શકવું અશક્ય છે એમ જણાય, અથવા આયુષ્ય હવે ઘણા થોડા વખતમાં પૂર્ણ થવાનું છે તેમ સમજાય ત્યારે મરણાંત સંલેખના યા અણસણ કરવાનું છે. અણસણ કરવાની ભૂમિકા બહુધા તીર્થંકરોનાં કલ્યાણકવાળી હોય તે વિશેષ શ્રેષ્ટ છે, કેમકે પરિણામ વિશુદ્ધિમાં તેવાં સ્થળો વિશેષ અનુકૂળ છે. તે ન હોય તો ઘર કે અરણ્ય કોઈ પણ નિર્જીવ ભૂમિકામાં જઈ અણસણ કરવું. અણસણ કર્યા પહેલાં આ જન્મ પર્યંતનાં સર્વ પાપો ગુરૂ સાક્ષીએ યા તેમના અભાવે આત્મ સાક્ષીએ આળોવવાં. છેલ્લું અણસણ હોવાથી સાધુનાં વ્રતો અંગીકાર કરી લેવાં. સર્વ જીવોને ખમાવી, ચાર પ્રકારના આહારનો ત્યાગ કરી, ચાર શરણ લઈ ધર્મ ધ્યાનમાં તત્પર થઈ રહેવું, તેમજ અણસણ કરી આ લોક સંબધી મનાવા પૂજાવાની દરકાર ન રાખવી. પરલોકે દેવાદિ

થવાની ઇચ્છા ન કરવી. માન સન્માન વિશેષ થતું હોવાથી વિશેષ જીવવાની ઇચ્છા ન થવા દેવી અને પ્રશંસા વિગેરે થતું ન હોવાથી જલદી મરવાની ઇચ્છા પણ ન કરવી. તથા તપશ્ચર્યાદિ ધર્મમાં જો સામર્થ્ય હોય તો આ ક્રિયાથી હું દેવેંદ્ર, ચક્રવર્તિ, રાજા, સ્ત્રીવલ્લભાદિ થાઉં તેવુ નિદાન (નિયાણું) પણ ન કરવું. પણ એકજ પરમ સ્વરૂપમાં લક્ષ રાખીને સમભાવિત સ્થિતિએ તે આયુષ્ય પૂર્ણ કરવુ. જેમ આનંદ શ્રાવકે અણસણ કરી અવધિજ્ઞાન મેળવવા ઉપરાંત સંસાર પરિભ્રમણ ઘણુંજ ઓછું કરી દીધુ.

ભગવાન મહાવીર દેવના વખતમાં વાણીજ્યપુરનો શાસ્તા જીતશત્રુ રાજા હતો, તે શહેરમાં જગતના જીવોને આનંદ આપનાર આનંદ નામનો ગૃહપતિ હતો, અને ચંદ્રને જેમ રોહિણી તેમ આનંદને શિવાનંદા નામની પ્રિયા હતી. આનંદની પાસે બાર કરોડ સોનામહોર અને ચાર ગોકુળ હતાં. તે શહેરથી ઇશાન ખુણામાં કોલ્લાક નામના ગામમા આનંદનાં સગાંસંબંધી રહેતાં હતાં. એક વખત વીરપ્રભુ વિહાર કરતાં શહેર નજીકના વનમાં પધાર્યા. રાજા અને આનંદ વિગેરે પ્રભુવંદનાર્થે ગયા. ધર્મદેશના સાંભળી આનંદ દ્વાદશ વ્રતધારી શ્રાવક થયો અને શિવાનંદા શ્રાવિકા થઇ. નિરતિચાર શ્રાવક વ્રત પાલન કરતાં આનંદને ચૌદ વર્ષ નીકળી ગયા એક વખત પાછલી રાત્રે આનંદ વિચારવા લાગ્યો કે કુટુંબના ખરોખર જથ્થામાં અને લેવડદેવડના કાર્યમાં જોઇએ તેટલું ધર્મકાર્યમાં મારૂ ચિત્ત લાગતું નથી, માટે કોલ્લાક ગામમાં પૌષધશાળા છે ત્યાં જઇને મારે હવે નિશ્ચિંત થઈ ધર્મધ્યાનમાં મગ્નજ રહેવું. આવો વિચાર કરી સવારમાં તેણે તે પ્રમાણે કર્યું. સગાંવહાલાંને બોલાવી જમાડી મોટા પુત્રને ઘરનો કારોબાર સોંપ્યો અને પોતે કોલ્લાક ગામમાં પૌષધશાળામાં સુસમાધિએ ધર્મ કર્મમાં રત થયો. તેણે શ્રાવકની પ્રતિમાઓ વહન કરી. અનુક્રમે તેનું શરીર જીર્ણ હાડપિંજર જેવુ થઇ ગયું. એક વેળા મધ્યરાત્રિએ તે વિચારવા લાગ્યો કે હજી આ શરીરમાં બેસવા ઉઠવાની થોડી શક્તિ છે મારા ધર્માચાર્ય મહાવીર દેવ પણ વિદ્યમાન છે તો મારે અંત્ય વખતની મરણાંતિક સંલેખના કરી લેવી અને ચારે આહારનો ત્યાગ કરવો. વિચાર મુજબ બીજે દિવસે તેણે તે પ્રમાણે કર્યું. દેહ

ગેહાદિથી મમત્વ છુટી ગયો અને એક વીર પરમાત્માના મનોહર જીવનમાં પોતાનું ચિત્ત પરોવ્યું. પરિણામની વિશુદ્ધિ વૃદ્ધિ પામી અને ક્રમે થોડાજ વખતમાં અવધિજ્ઞાન પેદા થયું. આમ વીસ વર્ષ પર્યંત ઉત્તમ શ્રાવક ધર્મ પાળી સુસમાધિએ મરણ પામી સૌધર્મ દેવલોકના અરૂણાભવિમાનમાં દેવપણે ઉત્પન્ન થયો. ત્યાંથી ચવી માનવદેહ પામી મોક્ષે જશે. આમ આનંદ શ્રાવકની ઉત્તમ સમાધિવાળી સંલેખના સાંભળી તેનું અનુકરણ કરવાને શ્રાવકોએ યથાયોગ્ય પ્રયત્ન કરવો.

## શ્રાવકની ઉત્તરભવની સ્થિતિ.

प्राप्तः स कल्पेष्विंद्रत्वमन्यद्वा स्थानमुत्तमम् ।
मोदतेऽनुत्तरप्राज्यपुण्यसंभारभाक् ततः ॥ १५३ ॥
च्युत्वोत्पद्य मनुष्येषु भुक्त्वा भोगान् सुदुर्लभान् ।
विरक्तो मुक्तिमाप्नोति शुद्धात्मांतर्भवाष्टकं ॥ १५४ ॥

આ પ્રમાણે ઉત્તમ શ્રાવકધર્મ પાળી તેઓ સૌધર્માદિ કલ્પો (દેવલોકો) ને વિષે ઇંદ્રપણું અથવા કોઈ બીજું સ્થાન (સામાનિક દેવાદિ) પામી અનન્યસદૃશ અને મહાન્ પુણ્યસમૂહને ભોગવતા આનંદમાં રહે છે. ત્યાંથી આયુષ્ય પૂર્ણ થયે ચવી મનુષ્યભવમાં ઉત્પન્ન થઈ દુર્લભ ભોગોને ભોગવી, સંસારથી વિરક્ત થઈ, તે શુદ્ધાત્માઓ આઠ ભવની અંદર મોક્ષ પામે છે. ૧૫૩, ૧૫૪.

## ઉપસંહાર.

इति संक्षेपतः सम्यक् रत्नत्रयमुदीरितं ।
सर्वोपि यदनासाद्य नासादयति निर्वृतिं ॥ १५५ ॥

જે રત્નત્રયને ( દર્શન, જ્ઞાન, ચારિત્રને ) પામ્યા સિવાય કોઈ પણ મોક્ષ પામી શકતુ નથી, તે સમ્યક્ રત્નત્રયનું આ પ્રમાણે સંક્ષેપથી વર્ણન કર્યું ૧૫૫.

**इतिश्री आचार्य हेमचंद्र विरचिते योगशास्त्रे मुनि श्री केशरविजयगणि कृत बालावबोधे तृतीयः प्रकाशः**

ॐ

# चतुर्थः प्रकाश प्रारभ्यते.

પૂર્વના પ્રકાશોમાં ધર્મ અને ધર્મનો ભેદ નયની અપેક્ષાએ કરી, આત્માને રત્નત્રય મુક્તિનું કારણ છે એમ જણાવ્યું. હમણાં અભેદ નયની અપેક્ષાએ આત્માનું રત્નત્રયની સાથે ઐક્યપણું છે તે બતાવે છે.

आत्मैव दर्शनज्ञानचारित्राण्यथवा यतेः ।
यत्तदात्मक एवैष शरीरमधितिष्ठति ॥ १ ॥

અભેદ નયની અપેક્ષાએ યતિને આત્માજ દર્શન જ્ઞાન અને ચારિત્ર છે. કેમકે જ્ઞાન દર્શન ચારિત્ર રૂપજ આત્મા શરીમાં રહેલો છે. ૧

## તે અભેદતા બતાવે છે.

आत्मानमात्मना वेत्ति मोहत्यागाद्य आत्मनि ।
तदेव तस्य चारित्रं तज्ज्ञानं तच्च दर्शनम् ॥ २ ॥

જે યોગી મોહનો ત્યાગ કરવાથી આત્માને વિષે આત્માવડે કરી આત્માને જાણે છે, તેજ તેનું ચારિત્ર છે, તેજ જ્ઞાન છે, અને તેજ દર્શન છે ૨.

## આત્મજ્ઞાનની મુખ્યતા બતાવે છે.

आत्मज्ञानभवं दुःखमात्मज्ञानेन हन्यते ।
तपसाप्यात्मविज्ञानहीनैश्छेत्तुं न शक्यते ॥ ३ ॥

આત્મઅજ્ઞાનતાથી પેદા થયેલું દુઃખ આત્મજ્ઞાન વડે નાશ પામે છે, જે દુઃખ આત્મવિજ્ઞાન વિનાના મનુષ્યો તપસ્યા વડે કરીને પણ છેદી શકતાં નથી. ૩.

अयमात्मैव चिद्रूपः शरीरी कर्मयोगतः ।
ध्यानाग्निदग्धकर्मा तु सिद्धात्मा स्यान्निरंजनः ॥ ४ ॥

अयमात्मैव संसारः कषायेंद्रियनिर्जितः ।
तमेव तद्विजेतारं मोक्षमाहुर्मनीषिणः ॥ ५ ॥

જ્યારે સ્વસ્વભાવમાં ( આત્મોપયોગમાં ) આત્મા રહે છે ત્યારે

આ આત્માજ જ્ઞાનસ્વરૂપ છે, અને કર્મના યોગથી તેજ આત્મા શરીરી (દેહધારી) કહેવાય છે. તથા શુકલધ્યાનરૂપ અગ્નિએ કરી કર્મોને બાળી નાખે છે, ત્યારે નિરંજન સિદ્ધાત્મા થાય છે. કષાય તથા ઇંદ્રિયવડે જીતાઈ જાય છે, ત્યારે આ આત્મા તેજ સંસાર છે, અને જ્યારે તે કષાય ઇંદ્રિયને જીતનાર થાય છે, ત્યારે વિદ્વાન પુરૂષો તેને મોક્ષ કહે છે. ૪-૫.

स्युः कषाया क्रोधमानमायालोभाः शरीरिणां।
चतुर्विधास्ते प्रत्येकं भेदैः संज्वलनादिभिः ॥ ६ ॥
पक्षं संज्वलनः प्रत्याख्यानो मासचतुष्टयम् ।
अप्रत्याख्यानको वर्षं जन्मानंतानुबंधकः ॥ ७ ॥
वीतरागयतिश्राद्धसम्यग्दृष्टित्वघातकाः ।
ते देवत्वमनुष्यत्वतिर्यक्त्वनरकप्रदाः ॥ ८ ॥

દેહધારી જીવોને ક્રોધ, માન, માયા, અને લોભ એમ ચાર પ્રકારના કષાયો હોય છે, તે ક્રોધાદિ ચારે પણ સંજ્વલન, પ્રત્યાખ્યાની, અપ્રત્યાખ્યાની અને અનંતાનુબંધી એમ ચાર ચાર પ્રકારના હોવાથી સોળ ભેદ થાય છે. તેમાં સંજ્વલનના કષાયો એક પખવાડીયાની મર્યાદાવાળા છે. પ્રત્યાખ્યાની ચાર માસ, અપ્રત્યાખ્યાની એક વર્ષ, અને અનંતાનુબધી કષાયો યાવત્ જીવ સુધી રહે છે. તે સંજ્વલનાદિ કષાયો અનુક્રમે વીતરાગપણાનો યતિપણાનો, શ્રાદ્ધપણાનો (શ્રાવકપણાનો) અને સમ્યગ્દર્શનપણાનો નાશ કરે છે. તેમજ સંજ્વલનાદિ કષાયો અનુક્રમે દેવગતિ, મનુષ્યગતિ, તિર્યંચગતિ, અને નરકગતિ આપનારા છે. ૬-૭-૮.

## ક્રોધથી થતા દોષો.

तत्रोपतापकः क्रोधः क्रोधो वैरस्य कारणं ।
दुर्गतेर्वर्तनी क्रोधः क्रोधः शमसुखार्गला ॥ ९ ॥
उत्पद्यमानः प्रथमं दहत्येव स्वमाश्रयं ।
क्रोधः कृशानुवत्पश्चादन्यं दहति वा न वा ॥१०॥

અર્થ:—ક્રોધ શરીર તથા મનને ઉપતાપ કરનાર છે. ક્રોધ વૈરનું કારણ છે. ક્રોધ દુર્ગતિનો માર્ગ છે અને શમસુખને રોકવાને

અર્ગલા ( ભોગળ ) સરખો ક્રોધ છે. અગ્નિની માફક ઉત્પન્ન થતો ક્રોધ પહેલું તો પોતાનું સ્થાન (આત્મગુણને) બાળીજ નાખે છે, અને પછી અન્ય સ્થાનકને (બીજા માણસને ક્રોધ ઉત્પન્ન કરાવી તેના આત્મગુણને) બાળે કે ન પણ બાળે. ૯–૧૦.

વિવેચન—અપરાધી મનુષ્ય ઉપર ક્રોધ કેમ રોકી શકાય? ઉત્તર એ છે કે પરાક્રમથી અથવા ભાવનાથી. જેમકે, પોતે પાપ અંગીકાર કરી જે મને દુઃખ આપવા ઇચ્છે છે, તે પોતાના કર્મથીજ હણાયેલો છે, તેના ઉપર કોણ ક્રોધ કરે? અપકારી ઉપરજ ક્રોધ કરવો એવી જો તમારી મરજી હોય તો, દુઃખના કારણરૂપ પોતાનાં કરેલાં અશુભ કર્મો ઉપર શા માટે ક્રોધ કરતા નથી? શ્વાન હોય તે પોતાને પથ્થર મારનાર માણસની ઉપેક્ષા કરી, પથ્થરને કરડવા દોડે છે, પણ સિંહ તો બાણની ઉપેક્ષા કરી બાણ મારનારને મારવા દોડે છે. તેમ તમારે ખરા અપરાધીને શોધી કાઢી તેને શિક્ષા કરવી જોઇએ, પણ તમારા ક્રૂર કર્મની પ્રેરણાથી અમુક માણસે દુઃખ દીધું, તે કર્મોની ઉપેક્ષા કરી તે માણસને તમે દુઃખ આપો, કોપ કરો, તો શું તમે શ્વાનનું અનુકરણ નથી કરતા? સંભળાય છે કે મહાવીર દેવ ક્રોધ સહન કરવા માટે છદ્મસ્થપણે મ્લેચ્છ દેશમાં ગયા હતા તો આ તો વગર પ્રયત્ને તેવો અવસર તમને મળ્યો છે તો શા માટે તમે સહન નથી કરતા? પ્રલયથી ત્રણ લોકનું રક્ષણ કરનાર મહા પુરૂષોએ પણ આત્મગુણ માટે ક્ષમાનોજ આશ્રય કર્યો છે, તો કેળના થડ જેવા સત્ત્વવાળા પ્રાણીઓ તમે શા માટે તે ક્ષમાનો આશ્રય નથી કરતા? તમે એવું પુણ્ય શા માટે ન કર્યું કે તમને કોઇપણ બાધા ન કરે? હવે તમારા તે પ્રમાદનો શોચ કરતાં તમે, હજી પણ ક્ષમાનોજ આશ્રય કરો. ક્રોધથી અંધ થયેલ મુનિ અને ચંડાળમાં કાંઈ પણ અંતર નથી. એક મહાન્ તપસ્વી, પણ ક્રોધી હતો તેને મૂકીને નિરંતર ભોજન કરનાર પણ ક્ષમાશીલ કુરગડુ મુનિને દેવોએ વંદન કર્યું માટે તપસ્યાથી પણ ક્ષમાજ પ્રધાન છે સર્વ ઇન્દ્રિયોને ગ્લાનિ કરનાર, અને સર્પની માફક પ્રસરનાર ક્રોધને જીતવા માટે જાંગુલી મંત્ર સમાન ક્ષમા તેજ સમર્થ છે, માટે હે ભવ્યો! તમે ક્ષમાનોજ નિરંતર આદર કરો.

## ક્રોધને શાંત કરવાનો ઉપાય.

क्रोधवह्नेस्तदह्नाय शमनाय शुभात्मभिः ।
श्रयणीया क्षमैकैव संयमारामसारणीः ॥ ११ ॥

ક્રોધરૂપ અગ્નિને તત્કાળ શાંત કરવા માટે ઉત્તમ મનુષ્યોએ સંયમરૂપ બગીચાને નવ પલ્લવિત કરનાર નીક (પાણીના ધોરીયા) સમાન એક ક્ષમાનોજ આશ્રય કરવો, અર્થાત્ ક્રોધને શાંત કરવા માટે એક ક્ષમાજ સમર્થ છે. ૧૧

## માનથી થતા ગેરફાયદા અને તેનો જય કરવાનો ઉપાય.

विनयश्रुतशीलानां त्रिवर्गस्य च घातकः ।
विवेकलोचनं लुंपन् मानोंऽधकरणो नृणां ॥ १२ ॥
जातिलाभकुलैश्वर्यबलरूपतपः श्रुतैः ।
कुर्वन् मदं पुनस्तानि हीनानि लभते जनः ॥ १३ ॥
उत्सर्पयन् दोषशाखा गुणमूलान्यधोनयन् ।
उन्मूलनीयो मानद्रुस्तन्मार्दवसरित्प्लवैः ॥ १४ ॥

વિનય, શ્રુતજ્ઞાન, શીલ ( આચાર ) અને ધર્મ અર્થ કામ રૂપ ત્રણ વર્ગનો ઘાત કરનાર માન, વિવેકરૂપ નેત્ર ફોડી નાંખી મનુષ્યોને આંધળા કરે છે. જાતિનો, લાભનો, કુળનો, ઐશ્વર્યનો, બલનો, રૂપનો, તપનો, અને શ્રુતનો મદ કરનાર માણસ ફરી ફરી તે તે વસ્તુની હીનતા પામે છે માટે દોષરૂપી શાખાઓને વિસ્તારતા અને ગુણરૂપ મૂલોને નીચે લઈ જતા માનરૂપ વૃક્ષને નમ્રતા યા કોમળતારૂપ નદીના પૂરવડે કરી મૂલથી ઉખેડી નાખવો. ૧૨–૧૩–૧૪.

**વિવેચન**—ઉત્તમ, મધ્યમ અધમાદિ અનેક જાતિના ભેદોનો અનુભવ કરનારે તેનો મદ કરવો, એ અયોગ્ય છે. ઉત્તમ જાતિ પામેલ અધમ જાતિ પણ પામે છે, અને અધમજાતિ પામેલ ઉત્તમ પણ પામે છે, માટે જાતિ શાશ્વતી તો નથીજ, એટલે તેનો ગર્વ કરવો એ કેવળ અજ્ઞાનતાજ છે. અંતરાય કર્મનો ક્ષય થવાથીજ ધનાદિનો લાભ મળે છે તો વસ્તુ તત્ત્વના જ્ઞાતાએ લાભમદ શા માટે કરવો જોઈએ ? કેમકે મહેનત કરીને વસ્તુ મેળવી છે. અકુલિનો પણ બુદ્ધિ અને વૈભવમાં યા આચારમાં અધિક જોવામાં આવે છે, તે

જોઇ ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયેલાઓએ કુળમદ ન કરવો જોઇએ. જો પોતે કુશીળ છે તો ઉત્તમ કુળમાં પેદા થયો તોપણ શું, અને જો પોતે સુશીળ છે તો ગમે તેવા કુળમાં પેદા થયો તોપણ શી હરકત છે ? ઇંદ્રાદિકની ત્રણ ભુવનપણાના ઐશ્વર્યની સંપદા જોઇને કયો જ્ઞાની પુર, ગ્રામ અને ધનાદિકનો ગર્વ કરશે ? કુશીળ સ્ત્રીની માફક ગુણોજ્વળ પુરૂષો પાસેથી જે લક્ષ્મી ચાલી જાય છે, અને દોષવાન્ જીવોનો પણ જે આશ્રય કરે છે, તેવું ઐશ્વર્ય વિવેકી પુરૂષોને મદને અર્થે હોયજ નહીં. મહા બળવાન્ જીવોને પણ રોગાદિ એક ક્ષણમાત્રમાં નિર્બળ કરી નાંખે છે. એવા અનિત્ય બળનો ગર્વ કયો ડાહ્યો મનુષ્ય કરે ? સાત ધાતુથી બનેલો, અને વખતો વખત ચય, અપચય પામનાર, તથા જરા અને રોગોથી વ્યાપ્ત આ દેહના રૂપનો કોણ ગર્વ કરે ? સનત્કુમારનું રૂપ, અને થોડાજ વખતમાં થયેલો નાશ, એનો વિચાર કરનાર કયો માણસ રૂપનો મદ કરે ?

ઋષભદેવ ભગવાન અને ભગવાન મહાવીર દેવની ઘોર તપસ્યાને સાંભળીને પોતાના સ્વલ્પ તપનો મદ કોણ કરે ? શ્રીમાન્ ગણધર દેવોની શાસ્ત્ર રચવાની અને ધારી રાખવાની શક્તિને સાંભળીને અત્યારની સ્વલ્પ શક્તિનો કયો બુદ્ધિમાન્ મદ કરે ? પૂર્વ પુરૂષસિંહોની વિજ્ઞાનાતિશયતા, કૌશલ્યતા, અને આત્મપરાયણતા સાંભળીને સાંપ્રતકાળના મનુષ્યોને એક લેશ માત્ર પણ અત્યારના સ્વલ્પ જ્ઞાનનો મદ કરવા જેવું નથી.

---

## માયાથી થતા દોષો અને તેનો જય કરવાનો ઉપાય.

असूनृतस्य जननी परशुः शीलशाखिनः ।
जन्मभूमिरविद्यानां माया दुर्गतिकारणम् ॥ १५ ॥
कौटिल्यपटवः पापा मायया बकवृत्तयः ।
भुवनं वंचयमाना वंचयंते स्वमेव हि ॥ १६ ॥
तदार्जवमहौषध्या जगदानंदहेतुना ।
जयेज्जगद्द्रोहकरीं मायां विषधरीमिव ॥ १७ ॥

માયા (કપટ) અસત્યને પેદા કરનારી, શીલરૂપ વૃક્ષનો નાશ કરવા માટે પરશુંસરખી, અવિદ્યા (મિથ્યાત્વ, યા અજ્ઞાન) ની જન્મ-

ભૂમિ સમાન, અને દુર્ગતિમાં જવાના કારણરૂપ છે. માયાવડે કરી બગલાની માફક આચરણ કરનારા, અને કુટિલતામાં હુશિયાર, પાપી મનુષ્યો જગત્‌ને ઠગતા છતાં (પોતાના આત્માને કર્મ બંધન કરી દુર્ગતિમાં નાખતા હોવાથી) પોતેજ ઠગાય છે. માટે જગત જીવોને આનંદના હેતુરૂપ, આર્જવતા (સરલતા) રૂપ મહા ઔષધવડે, જગતનો દ્રોહ કરનારી સર્પણી સરખી માયાનો જય કરવો, ૧૫–૧૬–૧૭.

## લોભથી થતા દોષો અને તેને જીતવાનો ઉપાય.

आकरः सर्वदोषाणां गुणग्रसनराक्षसः ।
कंदो व्यसनवल्लीनां लोभः सर्वार्थबाधकः ॥ १८ ॥
धनहीनः शतमेकं सहस्रं शतवानपि ।
सहस्राधिपतिर्लक्षं कोटिं लक्षेश्वरोपि च ॥ १९ ॥
कोटीश्वरो नरेन्द्रत्वं नरेन्द्रश्चक्रवर्त्तितां ।
चक्रवर्त्ती च देवत्वं देवोपींद्रत्वमिच्छति ॥ २० ॥
इंद्रत्वेपि हि संप्राप्ते यदीच्छा न निवर्त्तते ।
मूले लघीयांस्तल्लोभः शराव इव वर्धते ॥ २१ ॥
लोभसागरमुद्वेलमतिवेलं महामतिः ।
संतोषसेतुबंधेन प्रसरंतं निवारयेत् ॥ २२ ॥

લોભ દુનિયાના સર્વ જાતના દોષોની ઉત્પત્તિની ખીણુ સમાન છે, ઉત્તમ ગુણોનું ગ્રસન (ભક્ષણ–નાશ) કરવામાં રાક્ષસ તુલ્ય છે, દુઃખરૂપ વલ્લીઓના મૂળ સરખો છે અને ધર્મ કામાદિ પુરૂષાર્થનો બાધ કરનાર લોભજ છે. મૂળમાં શરાવ (રામપાતર) ની માફક લોભ નાનો હોય છે પણ આગળ ચાલતા તે શરાવની માફક વૃદ્ધિ પામે છે. જેમકે, ધનરહિત માણસ એક સો રૂપા નાણાની કે સુવર્ણ નાણાની ઇચ્છા કરે છે. સો વાળો પણ હજારની ઇચ્છા કરે છે, હજારનો અધિપતિ લાખની ઇચ્છા કરે છે, અને લક્ષેશ્વર પણ કરોડની ઇચ્છા રાખે છે. કોટીધ્વજ રાજા થવાને, રાજા ચક્રવર્તિ થવાને, ચક્રવર્તિ દેવ થવાને અને દેવ પણ ઇંદ્ર થવાને ઇચ્છે છે. ઇંદ્રપણું પ્રાપ્ત થયું છતાં પણ ઇચ્છા નિવૃત્ત (શાંત) થતી નથી, માટે વારંવાર મોટી ભરતીની માફક ફેલાતા લોભ સમુદ્રને મહાબુદ્ધિમાન્ યોગીએ સંતોષરૂપ પાજ બાંધવે કરી તેના ફેલાવાનો નિરોધ કરવો.

વિવેચન—જેમ સર્વ પાપોનું મૂળ હિંસા છે, કર્મોનું મૂળ મિથ્યાત્વ છે, રોગોનું મૂળ ધાતુક્ષય છે, તેમ સર્વ અપરાધોનું મૂળ લોભ છે. અહો! આ પૃથ્વી ઉપર લોભનું એકછત્ર સામ્રાજ્યપણું! કે વૃક્ષો પણ નિધાન પામીને પોતાના મૂળોવડે તેને દાબી રાખે છે. દ્રવ્યના લોભથી પોતાનાં પૂર્વનાં નિધાનો ઉપર પંચેન્દ્રિયાદિ જીવો પણ મૂર્ચ્છાથી ઉત્પન્ન થાય છે. સર્પ, ઉંદર, ગ્રહગોધા, પિશાચ, પ્રેત, ભૂત, અને યક્ષાદિકો પણ નિધાન ભૂમિ ઉપર લોભથી ક્રીડા કરે છે. આભૂષણ, ઉદ્યાન, અને વાપિકાદિકમાં મોહ પામેલા દેવો મરીને ત્યાંજ ઉત્પન્ન થાય છે. ક્રોધાદિકનો વિજય કરી, ઉપશાંત મોહપણું પામેલા યતિઓ પણ લોભના અંશથી તેવી ઉચ્ચ સ્થિતિથી નીચા પડે છે. ધનના લોભથી એક માસના અભિલાષી કુતરાઓની માફક સગા ભાઇઓ પણ લડે છે. ગ્રામાદિકની સીમાના લોભને ઉદ્દેશીને દયા રહિત થઇ મોટા રાજાઓ પણ આપસમાં લડે છે. મોટું આશ્ચર્ય છે કે, આ લોભરૂપ ખાઇને જેમ જેમ પૂરવાની મેહેનત કરાય છે તેમ તેમ તે પુરવાને બદલે ઉંડી જતી જાય છે. પાણીથી જેમ સમુદ્ર પૂરી શકાતો નથી. તેમ ત્રણ લોકના રાજ્યથી પણ આ લોભ સમુદ્ર પૂરાતો નથી. ભોજન, આછાદનાદિ વિષયિક અનંત વિષયોનો અનુભવ આજ પર્યંત કર્યો પણ હજી લોભનો એક અંશ પણ પૂરાયો નથી. આ સર્વ શાસ્ત્રોનું પરાવર્તન કરી મેં તો એવો નિર્ણય કર્યો છે કે, લોભને ઓછો કરવા માટે બુદ્ધિમાનોએ યત્ન કરવો જોઇએ.

---

**કષાય જીતવાના ઉપાયોનો સંગ્રહ કરી કહે છે.**

**क्षांत्या क्रोधो मृदुत्वेन मानो मायार्जवेन च।**
**लोभश्चानीहया जेयाः कषाया इति संग्रहः ॥ २३ ॥**

ક્ષમાએ કરી ક્રોધનો, નમ્રતાએ કરી માનનો, સરલતાએ કરી માયાનો, અને અનિચ્છાએ (સંતોષે) કરી લોભનો જય કરવો. આ પ્રમાણે સર્વ કષાયોને જીતવાનો સંગ્રહ બતાવ્યો. ૨૩.

---

**ઇંદ્રિય જય કર્યા શિવાય કષાયનો જય ન થાય તે વિષે.**

**विनेंद्रियजयं नैव कषायान् जेतुमीश्वरः।**
**हन्यते हैमनं जाड्यं न विना ज्वलितानलम् ॥ २४ ॥**

ઇંદ્રિયોનો જય કર્યા સિવાય કષાયો જીતવાને મનુષ્યો સમર્થ થતા નથી. કેમકે હેમત ઋતુની ઠંડી (ટાઢ) જાજ્વલ્યમાન અગ્નિ સિવાય હણી શકાતી નથી.

अदांतैरिंद्रियहयैश्चलैरपथगामिभिः ।
आकृष्य नरकारण्ये जंतुः सपदि नीयते ॥ २५ ॥
इंद्रियैर्विजितो जंतुः कषायैरभिभूयते ।
वीरैः कृष्टेष्टकः पूर्वं वप्रः कैः कैर्न खंडयते ॥ २६ ॥
कुलघाताय पाताय बंधाय च वधाय च ।
अनिर्जितानि जायंते करणानि शरीरिणाम् ॥ २७ ॥

દમન નહિ કરેલા ચપળ અને ઉન્માર્ગે ચાલનારા ઇંદ્રિયરૂપ ઘોડાઓ વડે ખેંચાઇને પ્રાણિ તત્કાળ નરકરૂપ અરણ્યમાં લઇ જવાય છે. એમ ઇંદ્રિયોવડે જીતાયેલો પ્રાણિ કષાયો વડે કરી પણ પરાભવ પામે છે, કેમકે પહેલાં વીરપુરૂષે કિલ્લાની એક ઇંટ ખેંચી કાઢયા પછી તે કિલ્લાને ક્યા ક્યા માણસો ખડિત નથી કરતા ? અર્થાત્ અલ્પ સત્ત્વવાળા પ્રાણિઓ પણ તે કિલ્લો તોડી પાડે છે. નહિ જીતેલી ઇંદ્રિયો, દેહધારીઓને રાવણની માફક કુલના નાશ માટે, સૌદાસની માફક રાજ્યથી ભ્રષ્ટ કરવા માટે, ચંડપ્રદ્યોતની માફક બંધનને માટે અને પવનકેતુની માફક વધને માટે થાય છે. ૨૫, ૨૬, ૨૭

---

## એક એક ઇંદ્રિયોની પરાધીનતાથી મરણ થાય છે તે બતાવે છે.

वशास्पर्शसुखास्वादप्रसारितकरः करी ।
आलानबंधनक्लेशमासादयति तत्क्षणात् ॥ २८ ॥
पयस्यगाधे विचरन् गिलन् गलगतामिषम् ।
मनिकस्य करे दीनो मीनः पतति निश्चितम् ॥ २९ ॥
निपतन्मत्तमातंगकपोले गंधलोलुपः ।
कर्णतालतलाघातान्मृत्युमाप्नोति षट्पदः ॥ ३० ॥
कनकच्छेदसंकाशशिखालोकविमोहितः ।
रभसेन पतन् दीपे शलभो लभते मृतिं ॥ ३१ ॥
हरिणो हारिणीं गीतिमाकर्णयितुमुध्धुरः ।
आकर्णाकृष्टचापस्य याति व्याधस्य वेध्यतां ॥ ३२ ॥

एवं विषय एकैकः पंचत्वाय निषेवितः ।
कथं हि युगपत्पंच पंचत्वाय भवंति न ।। ३३ ।।

હાથણી સંબંધી વિષય સુખના આસ્વાદ માટે સુંઢને પ્રસારણ (લાંબી) કરનાર હાથી આલાન સ્તંભ સાથે બંધનના કલેશને તત્કાળ પામે છે. અગાધ ( ઉંડા ) પાણીમાં રહેવાવાળો માછલો જાળની સાથે બાંધેલા લોઢાના કાંટા ઉપર રહેલ માંસને ભક્ષણ કરતો દીન થઈ ધીવરોના હાથમાં સપડાય છે. મદોન્મત્ત હાથીના કપોળ ઉપરના ગંધમા આસક્ત થઈ કપોલ ઉપર બેસતા તેના કાનના ઝપાટાથી ભ્રમર મરણ પામે છે. સુવર્ણના તેજ સરખા શિખાના પ્રકાશમાં મોહિત થયેલ પતંગીઓ રભસવૃત્તિથી દીવામાં પડીને મરણ પામે છે. મનોહર ગાયન સાંભળવામાં ઉત્સુક થયેલો હરિણ કાન પર્યંત ખેંચેલા વ્યાધના બાણથી વેધપણાને (મરણતાને) પામે છે. આ પ્રમાણે સેવેલો એક એક વિષય મરણ માટે થાય છે, તો એકી સાથે સેવવામાં આવતા પાંચ વિષયો મરણને માટે કેમ ન થાય ? અર્થાત્ થાયજ. ૨૮–૩૩.

**વિવેચન**—ઇંદ્રિયોના વિષયોને પરાધીન થએલા કોણ કોણ વિડંબના નથી પામતા ? શાસ્ત્રાર્થના જાણકારો, પણ ઇંદ્રિયાધીન થએલાઓ બાળકની માફક ચેષ્ટા કરે છે. આથી હવે બીજુ ઇંદ્રિયોનું નિંદનીયપણું અમે શું બતાવીએ ? પોતાના સગાભાઈ બાહુબલિ ઉપર પણ ઇંદ્રિયાર્થને પરાધીન થયેલા ભરતરાજાએ ચક્ર મૂક્યું હતું. બાહુબલીનો જય અને ભરતનો પરાજય, આ જય અને પરાજય, જીતેલી અને નહિ જીતેલી ઇંદ્રિયોથીજ થયો હતો; ઇંદ્રિયો વડે કરી અજ્ઞાની પશુઓ તો દંડાયા; પણ આ આશ્ચર્ય છે કે, શાંત મોહવાળા પૂર્વધરો પણ ઇંદ્રિયોથી દંડાય છે. ઇંદ્રિયોથી પરાભવ પામેલા દેવ, દાનવ, માનવો અને તપસ્વીઓ પણ નિંદનીય કર્મો આચરે છે. ઇંદ્રિય પરાધીન મનુષ્યો નહિ ખાવાનું ખાય છે, નહિ પીવાનું પીયે છે અને અગમ્ય પણ ગમન કરે છે. ઇંદ્રિયોથી હણાયેલા માનવો, કુલ, શીળ, અને કરૂણાનો ત્યાગ કરી, વેશ્યાનાં નીચ કર્મો અને દાસપણું પણ કરે છે. મોહાંધ મનુષ્યોની પરદ્રવ્યમાં કે પરસ્ત્રીમાં જે પ્રવૃત્તિ થાય છે તે સ્વતંત્ર ઇંદ્રિયોનુંજ

ચેષ્ટિત છે. જેનાથી હાથ, પગ, અને ઇંદ્રિયોના છેદને મનુષ્ય પામે છે, તે ઇંદ્રિયોને નમસ્કાર કરવા જેવું છે, અર્થાત્ તેનો દૂરથી ત્યાગ કરવો જોઇએ. પોતે ઇંદ્રિયોથી જીતાયેલો છે; છતાં જે તેના સંબંધમાં બીજાને ઉપદેશ આપે છે, તેને જોઇને વિવેકી પુરૂષો હાથથી મુખ બંધ કરીને હસે છે, અર્થાત્ તેની અજ્ઞાનતાને અથવા પરોપદેશ કુશળતાને ધિક્કારે છે.

## ઇંદ્રિયજયનો ઉપદેશ અને ઉપાય.

तदिंद्रियजयं कुर्यान्मनःशुद्ध्या महामतिः ।
यां विना यमनियमैः कायक्लेशो वृथा नृणां ॥ ३४ ॥

માટે બુદ્ધિમાન્ મનુષ્યોએ મનની શુદ્ધિ કરવે કરી ઇંદ્રિઓનો વિજય કરવો. મનની શુદ્ધિ સિવાય મનુષ્યોને યમ નિયમોવડે કરી ફોગટ કાય કલેશ થાય છે. ૩૪.

---

## મનનો વિજય ન કરવાથી થતા ગેરફાયદા.

मनःक्षपाचरो भ्राम्यन्नपशंकं निरंकुशः ।
प्रपातयति संसारावर्त्तगर्त्ते जगत्रयीं ॥ ३५ ॥
तप्यमानांस्तपो मुक्तौ गंतुकामान् शरीरिणः ।
वात्येव तरलं चेतः क्षिपत्यन्यत्र कुत्रचित् ॥ ३६ ॥
अनिरुद्धमनस्कः सन् योगश्रद्धां दधाति यः ।
पद्भ्यां जिगमिषुर्ग्रामं स पंगुरिव हस्यते ॥ ३७ ॥
मनोरोधे निरुध्यंते कर्माण्यपि समंततः ।
अनिरुद्धमनस्कस्य प्रसरंति हि तान्यपि ॥ ३८ ॥

નિ:શંક અને નિરંકુશપણે ભમતો આ મનરૂપી રાક્ષસ આવર્તવાળી સંસારરૂપ ખાડમાં ત્રણ જગતના જીવોને પાડે છે. વળી મોક્ષે જવાની ઇચ્છાથી કઠોર તપસ્યાવાળા મનુષ્યોને આ ચપળ મન વાયરાની માફક કોઈ જુદેજ ઠેકાણે રોકી દે છે, માટે મનને રોક્યા કે સ્વાધીન કર્યા સિવાય જે માણસ યોગી થવાનો નિશ્ચય રાખે છે તે જેમ પાંગળો માણસ પગવડે ગ્રામાન્તર જવાની ઇચ્છા રાખતા હાંસી પાત્ર બને છે, તેમ તે જગતજીવોને હાંસીપાત્ર થાય છે. મનને

રોકવાથી સર્વ બાજુથી આવતાં કર્મો પણ રોકાઈ જાય છે અને જેણે મન રોક્યું નથી તેવા માણસને તેજ કર્મો વૃદ્ધિ પામે છે. ૩૫ થી ૩૮.

मनःकपिरयं विश्वपरिभ्रमणलंपटः ।
नियंत्रणीयो यत्नेन मुक्तिमिच्छुभिरात्मनः ॥ ३९ ॥

કર્મોથી પોતાની મુક્તિ મેળવવાના ઈચ્છક મનુષ્યોએ વિશ્વમાં પરિભ્રમણ કરવામાં લંપટ આ મનરૂપ વાંદરાને પ્રયત્નથી રોકી રાખવો.૩૯.

## મનઃશુદ્ધિ કરવાની જરૂર.

दीपिका खल्वनिर्वाणा निर्वाणपथदर्शिनी ।
एकैव मनसः शुद्धिः समाम्नाता मनीषिभिः ॥ ४० ॥

सत्यां हि मनसः शुद्धौ संत्यसंतोऽपि यद्गुणाः ।
संतोऽप्यसत्यां नो संति सैव कार्या बुधैस्ततः ॥ ४१ ॥

मनःशुद्धिमबिभ्राणा ये तपस्यंति मुक्तये ।
त्यक्त्वा नावं भुजाभ्यां ते तितीर्षंति महार्णवं ॥ ४२ ॥

तपस्विनो मनःशुद्धिं विना भूतस्य सर्वथा ।
ध्यानं खलु मुधा चक्षुर्विकलस्येव दर्पणः ॥ ४३ ॥

तदवश्यं मनःशुद्धिः कर्तव्या सिद्धिमिच्छता ।
तपःश्रुतयमप्रायैः किमन्यैः कायदंडनैः ॥ ४४ ॥

मनःशुद्ध्यैव कर्तव्यो रागद्वेषविनिर्जयः ।
कालुष्यं येन हित्वात्मा स्वस्वरूपेऽवतिष्ठते ॥ ४५ ॥

વિદ્વાન પુરૂષોએ એક મન શુદ્ધિનેજ મોક્ષ માર્ગ દેખાડનારી અને નહિ બુઝાય તેવી દીપીકા (દીવી) કહેલી છે. જો મનશુદ્ધિ વિદ્યમાન હોય તો અવિદ્યમાન ગુણો પણ આવી મળે છે. અને ગુણો વિદ્યમાન હોય છતાં જો મનઃશુદ્ધિ ન હોય તો તે ગુણો છેજ નહિ (અર્થાત્ તે ગુણો ચાલ્યા જવાના અથવા છે તો તે નકામા (છે.) માટે વિદ્વાનોએ મનશુદ્ધિ અવશ્ય કરવી. મનશુદ્ધિને ધારણ કર્યા સિવાય જેઓ મોક્ષ મેળવવા માટે તપશ્ચર્યા કરે છે તેઓ પોતાને મળેલી નાવનો ત્યાગ કરીને ભુજાઓ વડે કરી મહાન સમુદ્રને તરવાને ઇચ્છે છે. આંધળા માણસને દર્પણ દેખાડવું જેમ નિરર્થક છે તેમ મનની થોડી પણ શુદ્ધિ થયા સિવાયનું તપસ્વી-

ઓનું ધ્યાન નિરર્થક છે. માટે મોક્ષની ઇચ્છા રાખનારાઓએ અવશ્ય મનની શુદ્ધિ કરવી જોઈએ. તે શુદ્ધિ સિવાય બીજાં તપ, શ્રુત અને યમાદિ અને (પાંચ મહાવ્રતાદિ)થી કરી કાયાને દંડવે કરી (દુઃખી કરવે કરી) શું સાધ્ય થવાનુ છે? અર્થાત્ મન શુદ્ધિ સિવાય તે કેવળ સંસાર વધારવાનાં કારણ સરખા છે. મન શુદ્ધિ માટે રાગ દ્વેષનો વિજય કરવો, કે જેથી આત્મા મલિનતાનો ત્યાગ કરી સ્વરૂપમાં ( સ્વાભાવિક સ્થિતિમાં ) રહી શકે. ૪૦ થી ૪૫

---

## રાગદ્વેષનું દુર્જયપણું.

आत्मायत्तमपि स्वांतं कुर्वतामत्र योगिनां ।
रागादिभिः समाक्रम्य परायत्तं विधीयते ॥ ४६ ॥
रक्ष्यमाणमपि स्वांतं समादाय मनाग्मिषं ।
पिशाचा इव रागाद्यारुछलयंति मुहुर्मुहुः ॥ ४७ ॥
रागादितिमिरध्वस्तज्ञानेन मनसा जनः ।
अंधेनांध इवाकृष्टः पात्यते नरकावटे ॥ ४८ ॥

આત્માને આધીન કરતાં પણ યોગીઓના મનને રાગ દ્વેષ મોહાદિ ( રક્ત, દ્વિષ્ટ અને મૂઢતા વડે ) દબાવી દઈ તેને પરાધીન કરી દે છે. યમ નિયમાદિકે કરી તેનું (મનનુ) રક્ષણ કરતાં છતાં પણ કાઇક બાનુ કાઢીને પિશાચની માફક રાગદ્વેષાદિ તેને વારંવાર છળી લે છે. રાગદ્વેષાદિ અંધકાર વડે જ્ઞાનઆલોકનો (જ્ઞાનપ્રકાશનો) નાશ કરનાર મન જેમ આંધળો આંધળાને ખેચીને ખાડામાં નાખે છે તેમ મનુષ્યોને નરકરૂપ ખાડામાં પાડે છે ૪૬, ૪૭, ૪૮.

---

## રાગ દ્વેષ જીતવાનો ઉપાય.

असनतंद्रैरतः पुंभिर्निर्वाणपदकांक्षिभिः ।
विधातव्यः समत्वेन रागद्वेषद्विषज्जयः ॥ ४९ ॥

માટે નિર્વાણપદના ઈચ્છક પુરૂષોએ સાવધાન થઈ સમભાવ રૂપ શસ્ત્ર વડે રાગ દ્વેષ રૂપ શત્રુનો વિજય કરવો–૪૯.

अमंदानंदजनने साम्यवारिणि मज्जतां ।
जायते सहसा पुसां रागद्वेषमलक्षयः ॥ ५० ॥

प्रणिहंति क्षणार्धेन साम्यमालंब्य कर्म तत् ।
यन्न हन्यान्नरस्तीव्रतपसा जन्मकोटिभिः ॥ ५१ ॥

તીવ્ર યા મહાન્ આનંદ ઉત્પન્ન કરવા માટે સમભાવ રૂપ પાણીમાં સ્નાન કરનાર પુરૂષોને અકસ્માત્ રાગદ્વેષ રૂપ મળનો ક્ષય થાય છે સમભાવનુ અવલંબન કરીને એક મુહૂર્તમાં પ્રાણીઓ જે કર્મને નાશ કરે છે તે કર્મો સમભાવ વિના તીવ્ર તપસ્યાવાળાં કરોડો વર્ષો વડે કરીને પણ નાશ કરી શકાતાં નથી. ૫૦–૫૧.

## સમભાવથી કર્મો કેવી રીતે નાશ થાય?

कर्म जीवं च संश्लिष्टं परिज्ञातात्मनिश्चयः ।
विभिन्नीकुरुते साधुः सामायिकशलाकया ॥ ५२ ॥

જેમ શ્લેષ દ્રવ્યથી (ચિકણી વસ્તુથી) જોડાયેલું પત્રાદિ વાંસ પ્રમુખની સળીથી જુદુ કરી શકાય છે તેવી રીતે કર્મ અને જીવ આપસમા જોડાયેલાં છે, તેવો નિર્ણય કરીને સાધુઓ સમભાવ રૂપ શલાકા (શળી) વડે કરી કર્મ અને જીવને જુદાં કરે છે. ૫૨.

## આત્મનિશ્ચયના બળથી કેવળ કર્મોજ ખપાવે છે ( જુદાં કરે છે ) એટલુંજ નહિ પણ આત્મામાં પરમાત્મપણું પણ દેખે છે.

रागादिध्वांतविध्वंसे कृते सामायिकांशुना ।
स्वस्मिन् स्वरूप पश्यंति योगिनः परमात्मनः ॥ ५३ ॥

સમભાવ રૂપ સૂર્ય વડે રાગાદિ અંધકારનો નાશ કર્યે છતે યોગીઓ પોતાને વિષે પરમાત્માનું સ્વરૂપ જુવે છે. ૫૩.

## સમભાવનો પ્રભાવ.

स्निह्यंति जंतवो नित्यं वैरिणोपि परस्पर ।
अपि स्वार्थकृते साम्यभाजः साधोः प्रभावतः॥ ५४ ॥

પોતાના સ્વાર્થને માટે પણ સમભાવનું સેવન કરતા સાધુઓના પ્રભાવથી નિત્ય વેર ધારણ કરનારા પ્રાણિઓ પણ આપસમાં સ્નેહભાવ ધારણ કરે છે. (આ સર્વ સમભાવનોજ પ્રભાવ છે.) ૫૪.

વિવેચન—ઇષ્ટાનિષ્ટપણે રહેલા, ચૈતન્યાચૈતન્ય પદાર્થોમાં જેઓનું મન મુંઝાતું નથી, તેઓનેજ સમપણું હોય છે. કોઇએ ચંદનથી વિલેપન કર્યું. અને કોઇએ હથીયારથી છેદન કર્યું, એ બન્ને પ્રસંગમાં ચિત્તવૃત્તિ હર્ષ શોક વિનાની રહે તો તેમાં અનુપમ સામ્યપણું રહેલું સમજો. અભીષ્ટ સ્તુતિ કરનાર અને રોષાંધ થઇ શ્રાપ આપનાર ઉપર જો સમદૃષ્ટિ હોય તો તે સમભાવનું અવગાહન કરી શકશે મોટું આશ્ચર્ય છે કે, કાંઇ લેવા દેવા સિવાય સમભાવથી નિવૃત્તિ પણ મેળવી શકાય છે. સ્વર્ગ મોક્ષાદિ પરોક્ષ વસ્તુનો અપલાપ કરનાર નાસ્તિકો પણ સમભાવથી ઉત્પન્ન થતા સુખોને તો કબુલજ કરે છે. કવિઓના પ્રલાપ માત્ર અમૃતના નામ ઉપર તમે શા માટે મુંઝાઓ છો ? પણ સ્વસંવેદ્ય સામ્યામૃતનુંજ તમે પાન કરો. અરે ! ખાવા, પીવા, પહેરવા વિગેરે રસોથી વિમુખ થયેલા મુનિઓ પણ આ સામ્યામૃતનું પાન યથા ઇચ્છાએ નિરંતર કરે છે. પણ તે સામ્યપણું તેજ કે કલ્પવૃક્ષની માળા ગળામાં આવી પડો, કે મણિધર સર્પ ગળામાં વિંટાઇ વળો, એ બેઉ સ્થળે સરખી દૃષ્ટિ હોવી જોઇએ. માટે હે ભવ્યો ! જેના હોવાથી જ્ઞાનાદિ રત્નો સફળ છે અને જેના અભાવે તે નિષ્ફળ છે, તે સામ્યતાનો તમે આશ્રય કરો. ૪૫.

---

## અહીં શિષ્ય શંકા કરે છે કે સમભાવ કેવા નિમિત્તોથી ઉત્પન્ન થાય ? આચાર્ય શ્રી ઉત્તર આપે છે.

साम्यं स्यान्निर्ममत्वेन तत्कृते भावनाः श्रयेत् ।
अनित्यतामशरणं भवमेकत्वमन्यतां ॥ ५५ ॥
अशौचमाश्रवविधिं सवरं कर्मनिर्जरां ।
धमस्वाख्याततां लोकं द्वादशीं बोधिभावनां ॥ ५६ ॥

સામ્યપણું (સમભાવ) નિર્મમત્વવડે કરી થાય છે અને તે નિર્મમત્વતા માટે ભાવનાનો આશ્રય કરવો. ભાવનાઓ બાર છે તે અનુક્રમે બતાવે છે. અનિત્ય ૧. અસરણ ૨. સંસાર ૩. એકત્વ ૪. અન્યત્વ ૫. અશુચિ ૬. આશ્રવ ૭. સંવર ૮. કર્મનિર્જરા ૯. ધર્મસુઆખ્યાત ૧૦. લોક ૧૧. અને બોધિભાવના. ૧૨, ૫૫–૫૬.

---

## પહેલી અનિત્ય ભાવનાનું સ્વરૂપ.

यत्प्रातस्तन्न मध्याह्ने यन्मध्याह्ने न तन्निशि ।
निरीक्ष्यते भवेऽस्मिन् हा पदार्थानामनित्यता ॥ ५७ ॥
शरीरं देहिनां सर्वपुरुषार्थनिबंधनम् ।
प्रचंडपवनोद्धूत घनाघन विनश्वरम् ॥ ५८ ॥
कल्लोलचपला लक्ष्मीः संगमाः स्वप्नसंनिभाः ।
वात्याव्यतिकरोत्क्षिप्ततूलतुल्यं च यौवनम् ॥ ५९ ॥
इत्यनित्यं जगद्वृत्तं स्थिरचित्तः प्रतिक्षणम् ।
तृष्णाकृष्णाहिमंत्राय निर्ममत्वाय चिन्तयेत् ॥ ६० ॥

હા ! હા ! જે વસ્તુની સૌંદર્યતા (યા સ્થિતિ) પ્રાતઃકાળમાં છે તે મધ્યાન્હે વખતે રહેતી નથી અને જે મધ્યાન્હે દેખાય છે તે રાત્રીએ દેખાતી નથી. આ સંસારમાં એવી રીતે પદાર્થોની અનિત્યતા દેખાય છે. જે શરીર પ્રાણીઓને સર્વ પુરૂષાર્થ સિદ્ધિનું કારણ છે, તે શરીર પણ પ્રચંડ પવનથી છિન્નભિન્ન કરી નાખેલ વાદળ સરખું વિનશ્વર છે. સમુદ્રના કલ્લોલો (મોજાઓ)ની માફક લક્ષ્મી ચપળ છે, સ્વજનાદિના સંયોગો સ્વપ્ન સરખા છે, અને યૌવન વાયરાના સમૂહથી ઉડાડેલ અર્કતુલની તુલનાવાળું છે. આ પ્રમાણે અનિત્ય જગત્ સ્વરૂપને સ્થિર ચિત્ત કરી ક્ષણ ક્ષણ પ્રત્યે તૃષ્ણારૂપી કૃષ્ણસર્પને મંત્રતુલ્ય નિર્મમત્વ થવા માટે ચિંતવવું. ૫૭–૬૦

વિવેચન—પોતા તરફથી, પર તરફથી, યા સર્વ દિશાઓ તરફથી આપદાઓ જ્યા આવી પડે છે, તેવા આ સંસારમા કૃતાંતના દાંત રૂપ યંત્રમા પડેલા પ્રાણીઓ દુઃખે જીવે છે. વજ્રના જેવા મજબુત દેહો ઉપર પણ અનિત્યતા આવી પડે છે, તો કેળના ગર્ભ જેવા અત્યારના અસાર દેહોની તો વાતજ શી કરવી ? મરણ રૂપ વ્યાઘ્રના મુખમા પડેલા જીવોનુ મંત્ર, તંત્ર ઔષધાદિકે કરી રક્ષણ થતું નથી. વૃદ્ધિ પામતા જીવોને પ્રથમ જરા, અને પછી મરણ સપાટામા લે છે પાણીમા પરપોટાઓ ઉત્પન્ન થઈ થઈને વિલય થાય છે, તેમ પ્રાણિઓના દેહો ઉત્પન્ન થઇ થઇ વિલય થાય છે. ગુણોમાં દાક્ષિણ્યતા, અને દોષો ઉપર દ્વેષ આ મરણને છેજ નહિ. એ તો દાવાનળની માફક સુકું કે લીલુ, સદોષ કે નિર્દોષ સર્વનો

સંહાર કરે છે. સંસાર વાસનાથી મોહિત થઇ તું એમ નિશ્ચય ન કરીશ કે, કોઈ પણ ઉપાયથી આ દેહનું રક્ષણ કરીશ, કેમકે જેઓ પૃથ્વીનું છત્ર, અને મેરૂ પર્વતનો દંડ કરવાનું સામર્થ્ય ધરાવતા હતા તેઓ પણ પોતાનું કે પરનું મરણથી રક્ષણ કરવા સમર્થ થયા નથી. આ અનિત્ય યૌવન મનુષ્યોને બળ, રૂપ વિગેરે બતાવી ધીરજ આપે છે, તે પણ જરાએ કરી જર્જરિત થાય છે. ઘણા સંકલેશથી પેદા કરેલું અને ઉપભોગ ન લેતાં સારી રીતે રક્ષણ કરેલું ધન પણ ક્ષણ માત્રમાં વિનાશ પામે છે. ધનના નાશ પામવામાં કે પર્યાયાંતર થવામાં, પાણીના પરપોટા, કે વીજળી સિવાય બીજી ચપળતાવાળી કઈ ઉપમા આપી શકાય ? સંયોગો વિયોગથી ભરપૂર છે. સંપદા તે વિપદાજ છે. આમ નિરંતર અનિત્યતાને ભાવનાર, અનિત્ય સંસ્કારથી વાસિત થતાં, વહાલો પુત્ર મરણ પામ્યો હોય તોપણ શોક કરતો નથી; ત્યારે મૂઢ માણસો માટીનું વાસણ ભાગતાં પણ રૂદન કરે છે. આમ આત્મા સિવાય દરેક વસ્તુની અનિત્યતા વિચારવી.

## અશરણ ભાવનાનું સ્વરૂપ.

इंद्रोपेंद्रादयोऽप्येते यन्मृत्योर्यांति गोचरं ।
अहो तदंतकातंके कः शरण्यः शरीरिणां ॥ ६१ ॥
पितुर्मातुः स्वसुर्भ्रातुस्तनयानां च पश्यतां ।
अत्राणो नीयते जंतुः कर्मभिर्यमसद्मनि ॥ ६२ ॥
शोचंते स्वजनानंतं नीयमानान् स्वकर्मभिः ।
नेष्यमाणं तु शोचंति नात्मानं मूढबुद्धयः ॥ ६३ ॥
संसारे दुःखदावाग्निज्वलज्ज्वालाकरालिते ।
वने मृगार्भकस्येव शरणं नास्ति देहिनः ॥ ६४ ॥

અરે ! જ્યારે ઇંદ્ર અને ઉપેંદ્ર વાસુદેવાદિ પણ જે મૃત્યુને આધીન થાય છે તે મરણભય આવ્યે છતે આ પામર પ્રાણિઓને કોનું શરણ ? પિતા, માતા, બેન, ભાઈ અને પુત્રાદિનાં જોતજોતામાંજ શરણ રહિત આ પ્રાણિને કર્મો યમના ઘર પ્રત્યે ( ચાર ગતિને વિષે ) લઇ જાય છે. પોતાના કર્મોવડે કરી અંત પમાડાતા ( મરણ પામતા )

સ્વજનોને જોઇને મૂઢ બુદ્ધિવાળા લોકો શોચ કરે છે. પણ પોતાને તે કર્મો થોડા વખતમાં લઇ જશે તેને માટે તે બીલકુલ શોચ કરતા નથી, એ અફસોસનું કારણ છે. દુઃખરૂપી દાવાનળની બળતી જવાળાઓથી ભયંકર આ સંસારરૂપ વનમાં મૃગના બાળકોની માફક પ્રાણિઓને ( ધર્મ સિવાય ) કોઇનું શરણ નથી. ૬૧ થી ૬૪.

વિવેચન—આયુર્વેદાદિના અષ્ટાંગને જાણનાર રાજવૈદ્યો, અને મૃત્યુંજય મંત્ર વડે મંત્રવાદીઓ પણ આ દેહનું મરણથી રક્ષણ કરી શકતા નથી. ખડ્ગના પીંજરામાં રહેનારા અને ચતુરંગ સેનાથી વિંટાએલા રાજાને પણ રંકની માફક મરણ ખેંચી જાય છે. તો અન્યની શી વાત કરવી ? સગર ચક્રવર્ત્તિના સાઠહજાર પુત્રોને તૃણની માફક જ્વલનપ્રભ દેવે બાળીને ભસ્મ કરી દીધા, પચીશ હજાર દેવોથી સેવન કરાતો ચક્રવર્ત્તિ પોતાનું રક્ષણ કરવા સમર્થ ન થયો. સ્કંદકાચાર્યના પાંચસો શિષ્યોને પાપી પાલકે ઘાણીમા ઘાલી માર્યા. પણ મરણથી બચાવવા કોઇ સમર્થ ન થયો. જેમ મરણના પ્રતિકારને જનાવરો નથી જાણતા તેમ મનુષ્યો પણ ન જાણે તો તે મનુષ્યપણું ધિક્કારને પાત્ર છે. અહા ! શું પરાક્રમી પુરૂષોની પણ પરાધીન દશા ! એક ખડ્ગ માત્ર ઉપકરણથી જેણે આખી દુનિયાને જીતી હતી, તેવા વીર પુરૂષો પણ મરણ પાસે આવ્યે દીન થઈ મોઢામા આંગળીઓ ઘાલે છે. સ્નેહથી ખેંચીને જેને ઇંદ્ર મહારાજ પણ અર્ધાસને બેસાડતા તેવા શ્રેણિકાદિ મહારાજાઓ પણ વર્ણવી ન શકાય તેવી ઘોર દશા પામ્યા ! ખડ્ગ ધારાની માફક તીક્ષ્ણ વ્રત પાળનાર મુનિઓ પણ તેનો પ્રતિકાર નથી કરી શકતા. માટેજ આ વિશ્વ અશરણ્ય, અરાજક અને નિર્નાયક છે. એમ એક નાનામાં નાના કીડાથી લઇને દેવો પર્યંતના સર્વ જીવોથી ભરપુર આ આખું જગત્ શરણ રહિત, કર્મોને યા જન્મ મરણને પરાધીન છે એક ધર્મનું શરણ તેજ શુભ ગતિ આપી, કર્મની જાળથી છોડાવી, જન્મ મરણથી મુક્ત કરી ખરૂં સુખ કે શરણ આપનાર છે, માટે હે ભવ્યો ! કર્માધીન જીવોનો આશ્રય મૂકી એક ધર્મનો આશ્રય તમે સ્વીકારો, જેથી અક્ષય સુખ મળે.

## સંસાર ભાવનાનું સ્વરૂપ.

श्रोत्रियः श्वपचः स्वामी पतिर्ब्रह्मा कृमिश्च सः ।
संसारनाट्ये नटवत् संसारी हंत चेष्टते ॥ ६५ ॥
न याति कतमां योनिं कतमां वा न मुंचति ।
संसारी कर्मसंबंधादवक्रयकुटीमिव ॥ ६६ ॥
समस्तलोकाकाशेऽपि नानारूपैः स्वकर्मभिः ।
वालाग्रमपि तन्नास्ति यन्न स्पृष्टं शरीरिभिः ॥ ६७ ॥

આ સંસારની અનેક યોનિઓમાં પરિભ્રમણ કરવારૂપ નાટક કર્મમાં નટની માફક સંસારી જીવો ચેષ્ટા કરે છે અહો ! તેમાં વેદનો પારગામી પણ મરી કર્મયોગે ચંડાળ થાય છે. સ્વામી મરીને સેવક થાય છે, અને પ્રજાપતિ કૃમી આદિપણે ઉત્પન્ન થાય છે. સંસારી જીવો કર્મના સંબંધથી ભાડાની કોટડીની માફક કઇ યોનિમાં પ્રવેશ કરતા નથી કે કઇ યોનિનો ત્યાગ નથી કરતા ? અર્થાત્ દરેક સ્થળનો ત્યાગ કરે છે અને તેમાં પ્રવેશ પણ કરે છે. આ સમસ્ત લોકાકાશની અંદર એક વાળાગ્ર જેટલો પણ એવો ભાગ નહિ મળી શકે કે પોતાના કર્મો વડે અનેક રૂપો ધારણ કરી આ પ્રાણીઓએ તે સ્થળનો સ્પર્શ ન કર્યો હોય. ( એમ સંસારપરિભ્રમણના સંબંધમાં વિચારવું તે સંસાર ભાવના) ૬૫-૬૬-૬૭.

**વિવેચન**—સંસારી જીવો નરક તિર્યંચ મનુષ્ય અને દેવ એમ ચાર પ્રકારનાં છે, પ્રાયે સર્વ જીવો દુઃખથી ભરપૂર અને કર્મ સંબંધથી પીડાયેલા આ જગત્માં પરિભ્રમણ કર્યા કરે છે.

પહેલી ત્રણ નરકમાં શીત અને પાછળની ચાર નરકમાં ઉષ્ણ વેદના નરકના જીવો અનુભવે છે. જો નરકની ઉષ્ણુતામાં લોઢાનો પર્વત નાખવામાં આવ્યો હોય તો તે પણ પીગળી જાય. તેટલી ગરમી ત્યાં નરકના જીવો સહન કરે છે. તેમજ અન્યોઅન્ય દ્વેષ ભાવથી કે પૂર્વના વૈરથી મારામારી કરી નારકીઓ દુઃખી થાય છે. વળી પરમાધામી દેવો તેને દુઃખ આપે છે. આમ ત્રણ પ્રકારનાં દુઃખોને ભોગવતા નારકીના જીવો દુઃખે જીવે છે.

તિર્યંચગતિમાં પૃથ્વિપણે ઉત્પન્ન થયેલા જીવોને હળાદિકે વિદારવે કરી, પાણીના પ્રવાહમાં ભીંજાવે કરી, અગ્નિથી દહન કરવે કરી,

અને અનેક વિજાતીય દ્રવ્યે છેદના, ભેદન કરવે કરી દુઃખ અનુભવવું પડે છે.

પાણીપણે ઉત્પન્ન થએલાં જીવો, સૂર્યના તાપે કરી, ધૂળ પ્રમુખથી શોસાવે કરી, ક્ષારાદિકની મિશ્રતાએ કરી તૃષાવાળા જીવોના પીવે કરી, દુઃખો અનુભવે છે.

અગ્નિપણે ઉત્પન્ન થએલા જીવો, પાણીથી બુઝાવે કરી, ઘણ પ્રમુખથી કુટવે કરી, અને ઇધણાં પ્રમુખથી બાળવે કરી દુઃખી થાય છે.

વાયુપણે પેદા થએલો જીવો વીજણાં પ્રમુખથી ઝંપટાવે કરી, શીત ઉષ્ણાદિ દ્રવ્યના સંયોગે કરી, આપસમાં પછડાવે કરી મરણાદિક અનુભવે છે.

વનસ્પતિના જીવો, છેદાવું, ભેદાવું, અગ્નિથી પચવું, પીલાવું, અન્યોન્ય ઘસાવું, વાયગ પ્રમુખથી ભંગાવું, દાવાનળ પ્રમુખથી બળવું, અને પાણીના પૂરવડે ઉન્મૂલન થવું વિગેરે કારણોથી અસહ્ય દુઃખોનો અનુભવ કરે છે.

બે ઇંદ્રિય ત્રિઇંદ્રિય ચૌરેંદ્રિય વિગેરે વિકલેંદ્રિય જીવો કોઇ ઔષધાદિકથી, કોઇ પગ પ્રમુખથી મર્દન થવે કરી, માર્જન કરવે કરી, અને કોઇ તાડનાદિકે કરી દુઃખ અને મરણ અનુભવે છે.

પંચેંદ્રિય જીવો મૃગાદિ વ્યાંધ પ્રમુખના પ્રહારે કરી, નાનાં જનાવરો માંસાહારી મોટા જનાવરોના ભક્ષ્ય તરીકે તેમજ ટાઢ, તાપ, વરસાદ, અગ્નિ, અને શસ્ત્રાદિકે કરી સર્વ ઠેકાણે ત્રાસ પામતાં કેવલ દુઃખોનો અનુભવ કરે છે.

મનુષ્યોમાં અનાર્યપણે ઉત્પન્ન થએલા જીવો એટલાં તો પાપો કરે છે કે જેનું વર્ણન કરવું અશક્ય છે આર્યપણે ઉત્પન્ન થયેલા પણ અનાર્ય ચેષ્ટાવાળા દુઃખ, દારિદ્ર અને દુર્ભાગ્યથી દગ્ધ થએલા દુઃખે જીવન પૂરૂં કરે છે. પરપ્રેષ્યતાથી પરાધીન થએલા રોગ, જન્મ, જરા, મરણાદિથી ગ્રસાયેલા, નીચ કર્મોથી કદર્થના પામેલા, દીનદશા પામેલા માનવો દુઃખે જીવે છે. અગ્નિના વર્ણ સરખી તપાવેલી સૂઇ વડે દરેક રોમ ભેદવામા આવે તેના કરતાં આઠગણું દુઃખ ગર્ભવાસનું છે. બાલપણામા મૂત્ર વિષ્ટામા પડયા રહેવે કરી, યૌવનાવસ્થામાં વિષયાદિમાં અંધ બની, અથવા વિષયાદિનો વિયોગે કરી, અને વૃદ્ધાવસ્થાનાં ખાંશી, શ્વાસ, ઇંદ્રિયોની હીનતા વડે દુઃખો અનુભવે છે.

બાલ્યાવસ્થા વિષ્ટાના શુકર સરખી, યૌવનાવસ્થા મદન પરાધીન ગર્દભ સરખી, અને વૃદ્ધાવસ્થા જરત બળદ સરખી, મનુષ્યો ગુજારે છે. પણ ધર્મ સિવાય પુરૂષ પુરૂષ થઇ શકતોજ નથી.

બાલ્યાવસ્થા માતાનું મુખ જોવામાં, યુવાવસ્થા સ્ત્રીનું મુખ જોવામાં અને વૃદ્ધાવસ્થા પુત્ર મુખ જોવામાં મૂર્ખ મનુષ્યો કાઢે છે પણ અંતર્મુખ થઇ શકતો નથી એજ શોચનીય છે.

સેવા, કર્ષણ, વાણિજ્ય, અને પાશુપાલ્યાદિ કર્મ કરવે કરી ધનની આશામાં વિહ્વળ થયેલો મનુષ્ય પોતાનું જીવન નિરર્થક કરે છે. જ્ઞાન, દર્શન, ચારિત્રના ભાજન તુલ્ય મનુષ્યજન્મમાં પાપી પુરૂષો પાપ તુલ્ય મદિરા ભરે છે. સ્વર્ગ, મોક્ષની પ્રાપ્તિના કારણ રૂપ મનુષ્ય જન્મ પામીને નરકની પ્રાપ્તિ રૂપ કર્મ કરવે કરી મનુષ્ય જન્મ ફોગટ હારે છે એ મહાન્ અફસોસની વાત છે.

શોક, આમર્ષ, વિષાદ, ઇર્ષ્યા, અને દીનતાદિથી હતબુદ્ધિવાળા દેવોને, દેવલોકને વિષે પણ દુઃખનુંજ સામ્રાજ્ય અનુભવાય છે. પરજન્મના જીવિત તુલ્ય અપર દેવોની મહાન્ ઋદ્ધિને જોઇને સ્વલ્પ ઋદ્ધિવાળા દેવો શોચ કરે છે અરે! પૂર્વે કાંઈ વિશેષ સુકૃત અમે ન કર્યું તેથી આંહી આભિયોગિક (ચાકર) દેવપણું અમે પામ્યા. વિશેષ લક્ષ્મીવાન્ દેવોને જોઈ હલકી ઋદ્ધિવાળા દેવો આ પ્રમાણે વિષાદ કરે છે. બીજા મહર્દ્ધિક દેવોની સ્ત્રી, વિમાન, રત્ન, અને ઉપવનાદિક સંપદા જોઇ ઇર્ષ્યા અનળથી રાત્રિ દિવસ દેવો બળ્યા કરે છે. પુણ્યથી મળેલા દેવલોકમાં પણ કામ, ક્રોધ, અને ભયાતુર દેવો ત્યાં પણ સુખ અનુભવી શકતા નથી. ચ્યવન (મરણ) સમય નજીક આવતાં અમ્લાન માળા ગ્લાનિ પામે છે, કલ્પવૃક્ષો ચાલતાં દેખાય છે, નિદ્રા આવે છે, રોગ વિના શરીરની સંધિઓ ત્રુટે છે, દીનતા થાય છે, અને જ્ઞાન દૃષ્ટિથી આગામી કાળમાં ગર્ભવાસમાં અનુભવવામાં આવનાર દુઃખોને જોઇ ત્રાસ પામે છે. આમ ચાર ગતિમાંથી કોઇ પણ ગતિમાં સુખનો લેશ માત્ર નથી. પણ કેવળ શારીરિક યા માનસિક દુઃખોથી ભરપૂર આ સંસાર છે એમ જાણી નિર્મતત્વ થવા માટે પ્રયત્નપૂર્વક આ ભવભાવનાને વારવાર સ્મરણમાં રાખવી.

## એકત્વ ભાવના.

एक उत्पद्यते जंतुरेक एव विपद्यते ।
कर्माण्यनुभवत्येकः प्रचितानि भवांतरे ॥ ६८ ॥
अन्यैस्तेनार्जितं वित्तं भूयः संभूय भुज्यते ।
स त्वेको नरकक्रोडे क्लिश्यते निजकर्मभिः ॥ ६९ ॥

આ જીવ ભવાંતરમાં એકલોજ ઉત્પન્ન થાય છે, એકલોજ મરણ પામે છે, અને પોતે એકઠાં કરેલ કર્મો (આ ભવમાં યા) ભવાંતરમાં એકલો અનુભવે છે. એકે ઉપાર્જન કરેલું ધન બીજા અનેક કુટુંબી આદિ એકઠા થઈ ખાય છે, છતાં તે પાપ કરી ધન ઉપાર્જન કરનાર પોતાનાં કર્મોવડે કરી નરકમા એકલોજ કલેશ પામે છે. (આ પ્રમાણે વિચાર કરી વિરક્તતા પામવી તે એકત્વ ભાવના) ૬૮, ૬૯.

**વિવેચન**—દુ:ખરૂપ દાવાનળથી ભયંકર વિસ્તારવાળા સંસારરૂપ કાનનમાં કર્મથી પરાધીન આ આત્મા એકલો પરિભ્રમણ ક્યો કરે છે. આ ધન, સ્વજનાદિ ઉપાધિ અહીં જ મૂકી ભવોભવમા એકલુંજ ભટકવું પડે છે. પૈસાને માટે યા સ્વાર્થને માટે ન સગાં હોય તે પણ સગાં થતા આવે છે, પણ કોઇ આફત આવી પડી હોય ત્યારે દુ:ખનો અનુભવ તો એક પોતાનેજ કરવો પડે છે. જેમ લીલાં ફળફુલવાળા વૃક્ષોનો યા જંગલોનો આશ્રય હજારો પ્રાણિયો લે છે, પણ વૃક્ષ મૂળથી ઉખડી ગયું હોય કે વનમા દાવાનળ લાગ્યો હોય તો તત્કાળ તે વૃક્ષનો કે વનનો ત્યાગ કરી પ્રાણિઓ બીજાનો આશ્રય લે છે, તેમ સ્વાર્થ ન સરવાથી કે પૂર્ણ થવાથી પ્રાણિઓ પોતપોતાને રસ્તે પડે છે અને વૃક્ષની કે વનની માફક પાપ કરનાર દુ:ખાદિનો અનુભવ કરે છે છ ખંડ પૃથ્વીનું સામ્રાજ્ય, નવનિધાન, ચૌદ રત્નો, અને હજારો અંતેઉરીનો ત્યાગ કરી ચક્રવર્તિ જેવા મહાન્ પરાક્રમી રાજાઓ પણ એકલા ચાલતા થયા. ત્રણ ભુવનમા નિષ્કંટક બીરૂદ ધારણ કરનાર અને મહાન્ ગર્વિષ્ટ તથા બલિષ્ટ રાવણ જેવા રાજાઓ સર્વ વસ્તુનો ત્યાગ કરી એકલાજ રણશય્યામાં પોઢચા, પરિવાર કોઈ સાથે ન ગયો અને નરકાદિ ભયંકર સ્થળોમાં દુ:ખનો અનુભવ એકલાનેજ કરવો પડચો. માટે હે આત્મન્! જાગૃત થા, ક્ષણભંગુર દુ:ખદાઈ અને કેવળ સ્વાર્થી આ પરિવારનો ત્યાગ કર, અને પરમાનંદ સ્વરૂપ, અક્ષય તથા અવ્યય સ્વરૂપ પ્રગટ કરી તેનો આનંદ અનુભવ.

## અન્યત્વ ભાવના.

यत्रान्यत्वं शरीरस्य वैसादृश्याच्छरीरिणः ।
धनबंधुसहायानां तत्रान्यत्वं न दुर्वचम् ॥ ७० ॥
यो देहधनबंधुभ्यो भिन्नमात्मानमीक्षते !
क्व शोकशंकुना तस्य हंतातंकः प्रतन्यते ॥ ७१ ॥

જ્યાં મૂર્ત, અમૂર્ત, ચેતન, જડ, નિત્ય, અનિત્યાદિ વિસદૃશપણાથી, આત્મા કરતાં શરીરનુ જુદાપણું સ્વતઃ સિદ્ધ છે ત્યા ધન બાંધવાદિ સહાયિઓનું જુદાપણું કહેવું કે તેઓ આત્માથી જુદા છે તે અતિશય ઉક્તિવાળુ નથી અરે, જે માણુસ દેહ, ધન અને બંધુ આદિથી ભિન્ન જુદોજ આત્માને જુવે છે, તેને વિયોગાદિ જન્ય શોકરૂપ શલ્ય કેવી રીતે પીડા કરી શકે ? આ પ્રમાણે દેહ, ગેહ, સ્વજનાદિથી આત્મા ભિન્ન છે તેમ વિચારી નિર્મળ થવું તે અન્યત્વ ભાવના. ૭૦, ૭૧.

**વિવેચન**—અન્યત્વ એટલે જુદાપણું એક સ્વરૂપથી બીજા સ્વરૂપનું વિલક્ષણપણું. આ વિલક્ષણપણુ આત્મા અને દેહના સંબધમા પ્રત્યક્ષ અનુભવાય છે. આત્મા ચૈતન્ય લક્ષણ છે. ત્યારે ચયાપચય ધર્મવાળુ શરીર જડ સ્વરૂપ છે. દેહાદિ ઇંદ્રિયગ્રાહ્ય છે. આત્મા અનુભવ ગોચર છે. આંહિ કોઇ શંકા કરે છે કે, “ આત્મા અને દેહ જો પ્રગટ રીતે જુદાજ છે તો દેહ ઉપર પ્રહાર થતાં આત્મા કેમ દુઃખ અનુભવે છે ? ” એ કહેવુ ઠીક છે, પણ જેઓને શરીરાદિમાં ભેદબુદ્ધિ તાત્ત્વિક નથી તેઓને દેહ ઉપર પ્રહાર કરતાં આત્મા દુઃખી થાય છે, પણ જેઓ દેહ, આત્માનો ભેદ સારી રીતે સ્વીકારે છે તેઓને દેહ ઉપર પ્રહાર થતાં આત્મા બીલકુલ પીડાતો નથી યાદ કરો, ભગવાન મહાવીર દેવના ઉપર સગમકદેવે લોઢાનું ચક્ર ફેક્યું, અને ગોવાળીઆઓએ પગ ઉપર ખીર રાંધી છતાં દેહાત્માની ભિન્નતાનો અનુભવ કરનાર મહાવીર દેવને દુઃખ થયું છે ? દેહાત્માની ભિન્નતા અનુભવનાર નમીરાજાને ઇદ્રે કહ્યુ કે આ તારી મિથિલાનગરી બળી જાય છે. નમીરાજાએ એજ ઉત્તર આપ્યો કે મારૂં કાંઇ બળતું નથી. ભેદ જ્ઞાનનો અનુભષ કરનાર ગજસુકુમાલના માથા ઉપર માટીની પાળ બાંધી સસરાએ ખેરના અંગારા ભર્યા

પણુ દેહથી પોતાને ભિન્ન સમજી આત્મભાવમાં રહેતા કેવળ જ્ઞાન ઉત્પન્ન કર્યું. આ ભેદ જ્ઞાન કહેવાય છે. ભેદજ્ઞાન જાણનારને પિતા સંબંધી દુઃખ આવ્યે છતે પણ તે દુઃખી થતો નથી ત્યારે અભેદ બુદ્ધિવાળા જીવને એક ચાકર સંબંધી દુઃખ આવ્યે છતે પણ તે દુઃખી થાય છે, જ્યારે મનુષ્યો મમત્વપણું—પોતાપણું—મૂકી દે છે, ત્યારે પુત્ર હોય તોપણ તે પર છે અને જ્યાં મમત્વપણું ધરાવે છે તે પર હોય છતાં પુત્રથી પણ અધિક છે. પરવસ્તુને પોતાપણું માનનારા કોશાકારના (રેશમના) કીડાની માફક પોતે પોતાને બાંધે છે અને વિવેકજ્ઞાનથી સ્વપરનો નિર્ણય કરનાર પોતાને કર્મબંધનથી છોડાવે છે. નવીન કર્મ રોકવા અને પૂર્વ કર્મ દૂર કરવા, આ ભાવના વારવાર વિચારવાની છે.

---

## અશુચિ ભાવનાનું સ્વરૂપ.

रसासृग्मांसमेदोस्थिमज्जशुक्रांत्रवर्चसां ।
अशुचीनां पदं कायः शुचित्वं तस्य तत्कुतः ॥ ७२ ॥
नवस्रोतःस्रवद्विस्ररसनिःस्यंदपिच्छिले ।
देहेपि शौचसंकल्पो महन्मोहविजृंभितम् ॥ ७३ ॥

રસ, રૂધિર, માંસ, મેદા, હાડકાં, મજ્જા, વીર્ય, આંતરડાં અને વિષ્ટા પ્રમુખ અશુચિના ઘર રૂપ આ કાયા છે તેમાં પવિત્રપણું ક્યાંથી હોય ? જે દેહના નવ દ્વારોથી ઝરતો દુર્ગંધિત રસ અને તેના નીકળવાથી ખરડાયેલા દેહને વિષે પણ પવિત્રતાની કલ્પના કરવી કે અભિમાન કરવું તે મહાન્ મોહનું ચેષ્ટિત છે. આ પ્રમાણે વિચારો કરી સ્ત્રી યા સ્વદેહ ઉપરથી મમત્વ ઓછો કરવો તે અશુચિભાવના.

**વિવેચન**—વીર્ય અને રૂધિરથી પેદા થએલ, મળથી વૃદ્ધિ પામેલ અને ગર્ભમાં જરાયુથી ઢંકાયેલ કાયા પવિત્ર કેમ કહી શકાય ? માતાએ ખાધેલા અનાજ પાણીમાંથી પેદા થએલ રસ નાડી વાટે પીઇ પીઇને વૃદ્ધિ પામેલ શરીરમાં કોણ પવિત્રતા માને ? ધાતુ, અને મળાદિ દોષથી વ્યાપ્ત, કૃમિ, ગંડુપદાદિના સ્થાનરૂપ અને રોગ રૂપ સર્પ સમુદાયથી ભક્ષણ કરાતા આ શરીરને પવિત્ર કોણ કહે ? સુસ્વાદિષ્ટ, ઉત્તમ ભોજનાદિ ખાધેલાં જેના સંગથી વિષ્ટારૂપ થઇ જાય છે, તે શરીર પવિત્ર કેમ હોય ? કસ્તુરી અને ચંદનાદિના

સુગંધી વિલેપનો એ જેના ઉપર લગાડવાથી મળરૂપ થઇ જાય છે તે શરીરમાં પવિત્રતા શી ? સુગંધી તાંબુળાદિ ખાધા હોય છતાં સવારમાં ઉઠતાં મુખ જુગુપ્સનીય યા દુર્ગંધિત થાય છે, તે શરીર શું પવિત્ર કહેવાય ?

સ્વભાવથીજ પવિત્ર યા સુગંધી, ગંધ, ધૂપ, પુષ્પ, પુષ્પમાળા, વસ્ત્રાદિ જે દેહના સંબંધથી દુર્ગંધિત અને અપવિત્ર (મલિન) થાય છે, તે કાયાને પવિત્ર માનવી એ કેટલું બધુ શોચનીય છે ? મદિરાના ઘડાની માફક સેંકડો વાર આ કાયાને ધોવો, વિલેપન કરો કે અભ્યંગન કરો તોપણ પવિત્ર થવાની નથી. માટે આ અનિત્ય દેહથી જેટલી તપસ્યા, જ્ઞાન, ધ્યાન, અને પરોપકારાદિ બની શકે તે કરી લેવું, એજ આ માનવ દેહનું સાર્થકપણુ છે આ અશુચિ ભાવના ભાવવાથી શરીર સંબંધી મદ, અભિમાન ગળી જાય છે અને દેહથી આત્માને જુદો જોવામાં આવે છે.

---

## આશ્રવ ભાવનાનું સ્વરૂપ.

मनोवाक्कायकर्माणि योगाः कर्म शुभाशुभं ।
यदाश्रवंति जंतूनामाश्रवास्तेन कीर्त्तिताः ॥ ७४ ॥
मैत्र्यादिवासितं चेनः कर्म सूते शुभात्मकम् ।
कषायविषयाक्रांतं वितनोत्यशुभं पुनः ॥ ७५ ॥
शुभार्जनाय सुतथ्यं श्रुतज्ञानाश्रितं वचः ।
विपरीतं पुनर्ज्ञेयमशुभार्जनहेतवे ॥ ७६ ॥
शरीरेण सुगुप्तेन शरीरी चिनुते शुभम् ।
सततारंभिणा जंतुघातकेनाशुभं पुनः ॥ ७७ ॥
कषायविषयायोगाः प्रमादाविरती तथा ।
मिथ्यात्वमार्त्तरौद्रे चेत्यशुभं प्रति हेतवः ॥ ७८ ॥

મન, વચન અને કાયાનો વ્યાપાર તે યોગો કહેવાય છે. તે યોગદ્વારા પ્રાણીઓમા શુભાશુભ કર્મ આવે છે. માટે તે શુભાશુભ કર્મને આશ્રવ કહેલ છે, તેજ ક્રમે કરી બતાવે છે. મન જ્યારે મૈત્રી પ્રમોદાદિ ભાવના વડે વાસિત થાય છે ત્યારે શુભ કર્મ ઉત્પન્ન કરે છે અને ક્રોધાદિકષાય તથા ઇંદ્રિયોના વિષયોથી જ્યારે આક્રાંત

(વ્યાપ્ત) થાય છે ત્યારે તે અશુભ કર્મ વધારે છે. શ્રુતજ્ઞાનાશ્રિત સત્ય વચન તે શુભ કર્મ ઉપાર્જવા માટે થાય છે. શરીરને સારી રીતે અશુભ કાર્યોથી ગોપવી રાખી અને ધાર્મિક વ્યાપારોમાં અવર્તાવવાથી આત્મા શુભ કર્મ એકઠાં કરે છે અને નિરંતર જંતુઓના ઘાતક અશુભ વ્યાપારો વડે અશુભ કર્મ એકઠાં થાય છે. તેમજ ક્રોધ, માન, માયા, લોભ, પાંચ ઇંદ્રિયોના ત્રેવીશ વિષયો, મન, વચન, કાયાના યોગો, નિદ્રા આલસ્યાદિ પ્રમાદ, કોઈ પણ જાતનાં વ્રત નિયમો ન લેવાં તેવી થોડી કે ઝાઝી અવિરતી, મિથ્યાત્વ, આર્ત્તધ્યાન, રૌદ્રધ્યાન, વિગેરે અશુભ કર્મો ઉત્પન્ન કરવાના કારણો છે આ સર્વ કર્મ આવવાના કારણો છે, એમ વિચારી જેમ બને તેમ તેથી પાછા હઠવું એ આશ્રવ ભાવના વિચારવાનું કે સમજવાનું રહસ્ય છે. ૭૪ થી ૭૮.

**વિવેચન**—કર્મ પદ્ગલો ગ્રહણ કરવાનો હેતુ તેને આશ્રવ કહે છે. તે કર્મો જ્ઞાનાવરણીયાદિ ભેદથી આઠ પ્રકારનાં છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદની, મોહનીય, આયુષ્ય, નામ. ગોત્ર, અંતરાય

કેવા કારણો (હેતુઓ) મળવાથી કયાં કર્મો બધાય છે તે અનુક્રમે બતાવવામા આવે છે

**જ્ઞાનાવરણીય, અને દર્શનાવરણીય** કર્મો, તે તે જ્ઞાનાદિ ગુણવાળાઓને, અને જ્ઞાન, દર્શનના હેતુભૂત કારણોમા વિઘ્ન કરવાથી, તેને ઓળવવાથી, નિંદા કરવાથી. આશાતના કરવાથી, ઘાત કરવાથી કે મત્સર કરવાથી બંધાય છે.

દેવપૂજા, ગુરૂની સેવા, સુપાત્રદાન, ક્ષમા, સરાગસંયમ, દેશવિરતિ, અકામ નિર્જરા, શૌચ, અને અજ્ઞાન તપ, આ સર્વ **શાતાવેદનીય** કર્મના કારણો છે.

દુઃખ, શોક, વધ, સંતાપ. આક્રંદ, અને પરિવેદન, પોતાના સંબંધમા કરવું, બીજાને કરવું અથવા સ્વપર ઉભયને કરવુ તે **અશાતા વેદનીય** કર્મ બાંધવાનાં કારણો છે.

વીતરાગ, શ્રુત, સંઘ, ધર્મ અને સર્વ દેવોના સંબંધમાં અવર્ણવાદ બોલવા, તીવ્ર મિથ્યાપરિણામ, સર્વજ્ઞ, સિદ્ધ, અને દેવોનો અપલાપ કરવો ( નથી એમ કહેવું ), ધાર્મિક પુરૂષોને દૂષણ આપવું, ઉન્માર્ગની પ્રરૂપણા કરવી, અનર્થનો આગ્રહ કરવો, અસંયતિનું પૂજન કરવું, પૂર્વાપર વિચાર કર્યા સિવાય કાર્ય કરવાપણું, અને ગુર્વાદિકનું

અપમાન કરવું આ સર્વ **દર્શન** મોહનીય કર્મનાં આશ્રવો છે.

કષાયના ઉદયથી આત્માના તીવ્રકલુષિતપરિણામ તે **ચારિત્ર** મોહનીય કર્મબંધનનાં કારણો છે.

કંદર્પ ઉત્પન્ન થાય તેવી ચેષ્ટાઓ, ઉપહાસ ( મશ્કરી ), અસહનશીલતા, બહુપ્રલાપ. અને દીન વચન વિગેરે **હાસ્ય** મોહનીય કર્મનાં આશ્રવો છે

ઇર્ષ્યા, પાપશીલતા, બીજાના સુખનો નાશ કરવાપણું, ખરાબ કાર્યોમાં બીજાને ઉત્સાહિત કરવા. વિગેરે **અરતિ** મોહનીય કર્મના આશ્રવો છે.

દેશાદિ દેખવામા ઉત્સુકતા, ચિત્રો કાઢવા, રમવું, ખેલવું અને બીજાનું મન સ્વાધીન કરી લેવુ વિગેરે **રતિ** મોહનિયના આશ્રવો છે.

ભયના પરિણામ, બીજાને ભય પમાડવો. ત્રાસ આપવો, નિર્દયપણું વિગેરે **ભય** મોહનીયના આશ્રવો છે

પોતે શોક કરવો. બીજાને શોક કરાવવો, શોચ કરવો, રૂદન કરવું વિગેરે **શોક** મોહનીય કર્મબંધનનાં કારણો છે

ચતુર્વિધ સંઘના અપવાદ બોલવા, જુગુપ્સા કરવી, સદાચારની નિંદા કરવી વિગેરે **જુગુપ્સા** મોહનીયનાં આશ્રવો છે

ઇર્ષ્યા. વિષયમા આસક્તિ, અસત્ય બોલવું, વક્રતા, પરસ્ત્રી લંપટતા, વિગેરે **સ્ત્રીવેદ** બંધનનાં કારણો છે

પોતાની સ્ત્રીમાં સંતોષ, ઇર્ષ્યા ન કરવાપણુ, કષાયની મંદતા, સરલતા, શીયળ પાળવું, ઇત્યાદિ **પુરૂષવેદ** બંધનના કારણો છે

સ્ત્રી, પુરૂષ સંબંધી અનંગ સેવા, કષાય, તીવ્ર વિષયાભિલાષ, સતી સ્ત્રીઓના શીયળ ખંડન કરવાપણું, ઇત્યાદિ **નપુંસક વેદ** બાંધવાનાં આશ્રવો છે.

સાધુ પુરૂષોની નિંદા કરવી, ધર્મ કરવા તત્પર થએલાઓને વિઘ્ન કરવું, મધુ, માસ વિગેરેથી વિરમેલાઓ પાસે તેના ગુણોનું વર્ણન કરવું, વિરતિ યા અવિરતિઓને અંતરાય કરવી, સંસારાવસ્થાના ગુણો કહેવા, ચારિત્રને દૂષિત કહેવું, શાંત થએલા કષાય નોકષાયની ઉદીરણા કરવી વિગેરે સામાન્યથી **ચારિત્ર મોહનીય** કર્મ આવવાના આશ્રવો છે.

પંચેન્દ્રિય પ્રાણિનો વધ, ઘણો આરંભ, ઘણો પરિગ્રહ, નિર્દયતા, માંસનું ભોજન, લાંબો કાળ વેર રાખવાપણુ, રૌદ્રધ્યાન, મિથ્યાત્વ,

અનંતાનુબંધી કષાય, કૃષ્ણ, નીલ, કાપોતલેશ્યા, અસત્ય ભાષણ, પરદ્રવ્યાપહરણ, વારંવાર મૈથુન સેવન, અને ઇંદ્રિય પરાધીનતા વિગેરે **નરક આયુષ્ય** બંધનનાં કારણો છે.

ઉન્માર્ગનો ઉપદેશ, ધર્મમાર્ગનો નાશ, ચિત્તની મૂઢતા, આર્ત્તધ્યાન, કરેલ પાપને છુપાવવું, કપટ, આરંભ, પરિગ્રહ, અતિચારવાળુ શીયળવ્રત, નીલ, કાપોતલેશ્યા, અને અપ્રત્યાખ્યાનાવરણી કષાય આ સર્વે **તિર્યંચ** (જનાવર) નાં આયુષ્ય બંધનનાં કારણ છે.

અલ્પ આરંભ, અલ્પ પરિગ્રહ, સ્વાભાવિક નમ્રતા, સરલતા, કાપોત, પીતલેશ્યા, ધર્મધ્યાનમાં પ્રીતિ. પ્રત્યાખ્યાનાવરણી કષાય, મધ્યમ પરિણામ, સંવિભાગ કરવાપણું, દેવ ગુરૂનું પૂજન, સજ્જનોને માન આપવાપણું, પ્રિય આલાપ, સુખે બોધ કરી શકાય યા સમજાવી શકાય તેવી બુદ્ધિ, અને લોક સમુદાયમાં મધ્યસ્થપણે રહેવું આ સર્વ **મનુષ્ય આયુષ્ય** બંધન કરવાનાં કારણો છે.

સરાગસંયમ. દેશવિરતિ, અકામ નિર્જરા, ઉત્તમ મનુષ્યોની સોબત. ધર્મશ્રવણ, સુપાત્રદાન, તપ, શ્રદ્ધા, રત્નત્રયની વિરાધના, મરણ અવસરે પીત અને પદ્મ લેશ્યાના પરિણામ, બાળતપ, શુભ પરિણામ પૂર્વક અગ્નિ, પાણી આદિમાં મરણ, અને અવ્યક્ત (અર્થ, કારણ સમજ્યા વગર) સામાયિક વિગેરે **દેવ આયુષ્ય** બાંધવાના કારણો છે.

મન, વચન, કાયાનું વક્રપણું, બીજાને ઠગવા, માયાપ્રયોગ, મિથ્યાત્વ, પશુન્ય, ચળચિત્તતા, વસ્તુઓમાં સેળભેળ કરવું, જૂઠી સાક્ષી ભરવી, અન્યના અંગોપાંગ કાપવાં, યંત્રો, પિંજરાઓ વિગેરે બનાવવાં, કુડા તોલાં, માપા બનાવવાં, અન્યની નિંદા, પોતાની પ્રશંસા, હિંસા, અસત્ય, ચોરી, મૈથુન, આરંભ, મહા પરિગ્રહ, કઠોર અને અસભ્યતાવાળાં વચનો, વાચાલપણું, આક્રોશ, પરના સૌભાગ્યનો નાશ કરવો, કાર્મણક્રિયા. કુતુહલ, પરની હાસી, વિડંબના કરવી, વેશ્યા પ્રમુખ નીચ સ્ત્રીઓનું પોષણ, દાવાનળ આપવો, દેવાદિકના બાનાથી વસ્તુ લઇ પોતે ભોગવવી, તીવ્ર કષાય, ચૈત્ય, ઉપાશ્રય, આરામ, અને પ્રતિમાદિનો વિનાશ કરવો, અને અંગારા પાડવાદિકની ક્રિયા, એ સર્વે **અશુભ નામ** કર્મબંધનનાં આશ્રવો (કારણો) છે.

અશુભ નામ કર્મનાં નિમિત્તોથી ઉલટી રીતે વર્તન કરવું, સંસારથી ભય પામવો, પ્રમાદ ઓછો કરવો, સદ્ભાવ અર્પણ, ક્ષમાદિની

બુદ્ધિ. ધર્મી પુરૂષોનાં દર્શનથી સંભ્રમ, તેની સ્વાગતક્રિયા, આ શુભ નામ કર્મબંધનનાં કારણો છે.

અરિહંત. સિદ્ધ. ગુરૂ, સ્થવિર, બહુશ્રુત, ગચ્છ, શ્રુતજ્ઞાન અને તપસ્વીઓની ભક્તિ કરવી, આવશ્યક અને શીયળને વિષે અપ્રમાદ, વિનીતપણું જ્ઞાનાભ્યાસ. તપસ્યા, ત્યાગ, વારંવાર ધ્યાન, શાસનની પ્રભાવના. સંઘમાં શાંતિ કરવી, સાધુઓની વૈયાવચ્ચ, અપૂર્વ જ્ઞાન ગ્રહણ, વિશુદ્ધ સમ્યકત્વ, આ વીશ સ્થાનકોનું મન, વચન, કાયાથી સેવન કરવામા આવવાથી તીર્થંકર નામ કર્મ બંધાય છે.

પરની નિંદા, અવજ્ઞા, ઉપહાસ, સદ્‌ગુણલોપન, અસદ્ દોષ-કથન, આત્મ પ્રશંસા, સદ્‌અસદ્‌ગુણકથન, સદ્ દોષ આચ્છાદન, જાતિ-આદિનો ગર્વ. આ સર્વ નીચ ગોત્ર કર્મનાં કારણો છે.

નીચ ગોત્ર કર્મબંધનનાં કારણોથી વિપરિત વર્તન, ગર્વ રહિત મન, વચન, કાયાએ વિનય કરવો તે સર્વ ઉચ્ચ ગોત્ર કર્મબંધનનાં કારણો છે.

કોઈ દાન આપતો હોય તેના સંબંધમાં, કોઇ દાન લેતો હોય તેના સંબધમા, વીર્ય ( શક્તિ ) ફોરવવાના સંબંધમાં, ભોગ અને ઉપભોગના સબંધમાં કારણસર કે વગર કારણે વિઘ્ન કરવું, અંતરાય કરવો તે અંતરાય કર્મબધનનાં કારણો છે.

આ પ્રમાણે કારણો ( નિમિત્તો ) સમજી એ કર્મબંધનોથી મુક્ત થવા માટે તથા વૈરાગ્ય પામવા માટે આ આશ્રવ ભાવનાને વાર-વાર યાદ કરવી.

## સંવર ભાવનાનું સ્વરૂપ.

सर्वेषामाश्रवाणां तु निरोधः संवरः स्मृतः ।
स पुनर्भिद्यते द्वेधा द्रव्यभावविभेदतः ॥ ७९ ॥
यः कर्मपुद्गलादानच्छेदः स द्रव्यसंवरः ।
भवहेतुक्रियात्यागः स पुनर्भावसंवरः ॥ ८० ॥

મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગાદિથી આવતા સર્વ આશ્રવોનો નિરોધ કરવો તેને સવર કહ્યો છે. તે સંવર દ્રવ્ય અને ભાવ એવા વિભાગોથી- બે પ્રકારનો છે. જે કર્મ પુદ્‌ગલોનું

આશ્રવ દ્વારો વડે કરી ગ્રહણ કરવાનું બંધ કરવું, તે દ્રવ્ય સંવર અને ભવના હેતુભૂત આત્મ વ્યાપારરૂપ ક્રિયાનો ત્યાગ કરવો તે ભાવ સંવર કહેવાય છે. ૭૯, ૮૦.

---

## આશ્રવ રોકવાનો ઉપદેશ અને ઉપાય.

येन येन ह्युपायेन रुध्यते यो य आश्रवः ।
तस्य तस्य निरोधाय स स योज्यो मनीषिभिः ॥८१॥

क्षमया मृदुभावेन ऋजुत्वेनाप्यनीहया ।
क्रोधं मानं तथा मायां लोभं रुंध्याद्यथाक्रमम् ॥८२॥

असंयमकृतोत्सेकान् विषयान् विषसंनिभान् ।
निराकुर्यादखंडेन संयमेन महामतिः ॥ ८३ ॥

तिसृभिर्गुप्तिभिर्योगान् प्रमादं चाप्रमादतः ।
सावद्ययोगहानेनाविरतिं चापि साधयेत् ॥ ८४ ॥

सद्दर्शनेन मिथ्यात्वं शुभस्थैर्येण चेतसः ।
विजयेतार्त्तरौद्रे च संवरार्थं कृतोद्यमः ॥ ८५ ॥

જે જે ઉપાયે કરી જે જે આશ્રવ રોકાય તેના તેના નિરોધને માટે તે તે ઉપાયો વિદ્વાનોએ લાગુ પાડવા. સંવર માટે ઉદ્યમ કરનાર મનુષ્યોએ ક્ષમા, કોમળતા, સરલતા, અને અનિચ્છા ( સંતોષ ) વડે અનુક્રમે ક્રોધ, માન, માયા, તથા લોભને રોકવા. અસંયમે કરી ( ઇંદ્રિયોની સ્વચ્છંદ પ્રવૃત્તિએ કરી ) વૃદ્ધિ પમાડાતા વિષ સરખા વિષયોને બુદ્ધિમાને અખંડ સંયમવડે ( જીતેંદ્રિયપણે ) કરી દૂર કરવા. મનગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ વડે મન, વચન, કાયાના યોગોને, અપ્રમાદથી પ્રમાદને અને સાવદ્ય ( સપાપ—સદોષ) યોગોનો ત્યાગ કરવે કરી વિરતિને પણ સાધવી ( સ્વાધીન કરવી ). તેમજ સમ્યક્ત્વ વડે મિથ્યાત્વનો અને શુભ વિચારોમાં મનને સ્થિરતા કરાવવે કરી આર્ત્ત તથા રૌદ્રધ્યાનનો વિજય કરવો. ૮૧ થી ૮૫.

---

## સંવર ભાવના.

**વિવેચન**—જેમ રાજમાર્ગ ઉપર અનેક દ્વારોવાળું ખુલ્લું ઘર હોય તો બારણાના માર્ગથી તેમાં ધૂળ ભરાય છે, તેમ આ સંસાર

રૂપ રાજરસ્તામાં રાગદ્વેષરૂપ ખુલ્લાં દ્વારોએ કર્મરૂપ ધૂળ ભરાય છે. પણ જો દ્વારો બંધ કરવામાં આવ્યાં હોય તો કર્મ રૂપ ધૂળ ભરાવાનો સંભવ નથી. અથવા જેમ સરોવરમાં પાણી આવવાના રસ્તાઓ ખુલ્લા હોવાથી તે દ્વારા પાણી અંદર આવે છે, અને તે દ્વારો બંધ કરવાથી પાણી આવતું અટકે છે. તેમ અઢાર પાપસ્થાનકરૂપ દ્વારોથી પાપરૂપ પાણી આ જીવ સરોવરમાં આવે છે, અને તે પાપસ્થાનકોને બંધ કરવાથી પાપ આવતું અટકે છે. અથવા વહાણમાં છિદ્ર હોવાથી છિદ્રદ્વારે પાણી અંદર પેસે છે, પણ છિદ્ર બંધ કરવાથી પાણી આવતું અટકે છે, તેમ યોગાદિ આશ્રવદ્વારો બંધ કરવાથી સંવરવાળા જીવમાં કર્મ દ્રવ્યનો પ્રવેશ થતો નથી. સંવરે કરી આશ્રવદ્વારોનો રોધ કરવો. આ સંવર ક્ષમાદિ ભેદથી અનેક પ્રકારનો છે જે પૂર્વે કહેવાયો છે. તથાપિ સંક્ષેપમાં એજ કહેવાનું છે કે મિથ્યાત્વના અનુદયથી મિથ્યાત્વ સંવર, દેશથી વિરતિ કરતાં દેશવિરતિ સંવર, સર્વથા વિરતિ કરતાં સર્વવિરતિ સંવર, અપ્રમત સંયતિને પ્રમાદ સંવર, પ્રશાંત મોહ યા ક્ષીણમોહ ગુણઠાણે કષાય સંવર. અને અયોગી કેવલી (ચાદમે ગુણઠાણે) પરિપૂર્ણ યોગ સંવર આ પ્રમાણે આશ્રવના નિરોધરૂપ સંવર કહ્યો. આ સંવર સર્વ ભાવનામાં શિરોમણિ તુલ્ય છે. માટે આ ભાવનાનું વારવાર મનનપૂર્વક રટણ કરવું, જેથી કર્મબંધ રોકવાના કારણોમાં પ્રબળ જાગૃતિ થતાં સંવરની પ્રાપ્તિ થાય.

આ પ્રમાણે પ્રયત્ન કરી આશ્રવને રોકવાથી સંવર એટલે આવતાં કર્મો બંધ થાય છે. તે સંવર ભાવના કહેવાય છે.

---

## નિર્જરા ભાવનાનું સ્વરૂપ.

संसारबीजभूतानां कर्मणां जरणादिह ।
निर्जरा सा स्मृता द्वेधा सकामा कामवर्जिता ॥ ८६ ॥
ज्ञेया सकामा यमिनामकामा त्वन्यदेहिनां ।
कर्मणां फलवत्पाको यदुपायात्स्वतोऽपि च ॥ ८७ ॥
सदोषमपि दीप्तेन सुवर्णं वह्निना यथा ।
तपोऽग्निना तप्यमानस्तथा जीवो विशुध्यति ॥ ८८ ॥

अनशनमौनोदर्यं वृत्तेः संक्षेपणं तथा।
रसत्यागस्तनुक्लेशो लीनतेति बहिस्तपः ॥ ८९ ॥
प्रायश्चित्तं वैयावृत्यं स्वाध्यायो विनयोऽपि च।
व्युत्सर्गोऽथ शुभं ध्यानं षोढेत्याभ्यंतरं तपः ॥ ९० ॥
दीप्यमाने तपोवह्नौ बाह्ये वाभ्यंतरेपि च।
यमी जरति कर्माणि दुर्जराण्यपि तत्क्षणात् ॥ ९१ ॥

સંસારનાં બીજભૂત (કારણભૂત) કર્મોનું આત્મપ્રદેશોથી ઝરવું થતું હોવાથી તેને સિદ્ધાંતમાં નિર્જરા કહી છે. તે બે પ્રકારની છે. સકામનિર્જરા અને અકામનિર્જરા. (આ ક્રિયાથી મારાં કર્મોનો ક્ષય થાઓ. આવા આવા અભિલાષથી ઉપયોગપૂર્વક પ્રદેશે રસને અનુભવી કર્મપુદ્ગલોનું પરિશાટન કરવું તે સકામ નિર્જરા, અને કર્મથી મુક્ત થવાની ઇચ્છા સિવાય (ટાઢ, તાપ, ભુખતરસાદિથી) આત્મપ્રદેશે રસ અનુભવી કર્મ પુદ્ગલોનું નિર્જરવું તે અકામનિર્જરા). આ સકામ નિર્જરા સાધુઓને તથા સમ્યકત્વ ધારણ કરનાર ગૃહસ્થોને હોય છે અને એકેદ્રિયાદિ બીજાં પ્રાણિઓને અકામ નિર્જરા હોય છે. કેમકે ફલની માફક કર્મોનો પાક પણ બે પ્રકારે થાય છે. એક સ્વભાવથી અને બીજો ઉપાયથી. (જેમ ફલને ઘાસ પ્રમુખની ગરમીમાં નાખવાથી પાકી જાય છે અને વૃક્ષ ઉપર પણ પાકે છે તેમ કર્મો પણ એક તો સ્વાભાવિક કાળે કરી નિર્જરે છે ત્યારે બીજા ઉદીરણા પ્રમુખ ઉપાયોએ કરી નિર્જરાય છે. માટે કર્મોનો પાક બે પ્રકારે કહેવામાં આવ્યો છે. એક સકામ અને બીજો અકામ). દૃષ્ટાંતપૂર્વક સકામ નિર્જરાનો હેતુ બતાવે છે કે, જેમ મેલવાળું સોનું હોય પણ દેદીપ્યમાન અગ્નિમાં નાખવાથી તે વડે શુદ્ધ થાય છે, તેમ જીવ પણ અશાતા વેદનીયાદિ કર્મોએ કરી દોષયુક્ત છે, છતાં તપસ્યા રૂપ પ્રબળ અગ્નિવડે કરી શુદ્ધ થાય છે, કેમકે તપસ્યા નિર્જરાનું કારણ છે. તે તપ બાહ્ય અને અભ્યંતર એમ બે પ્રકારનો છે. બાહ્ય તપ, અનશન, ઉનોદરી, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, શરીરકલેશ અને સંલીનતા એમ છ પ્રકારનો છે અને અભ્યંતર તપ, પ્રાયશ્ચીત, વયાવચ્ચ, સ્વાધ્યાય, વિનય, કષાયત્યાગ અને શુભ ધ્યાન એમ છ પ્રકારનો છે. આ બાહ્ય અને અભ્યંતર તપરૂપ અગ્નિ પ્રદીપ્ત થયે છતે

સંયમવાન્ મુનિઓ દુઃખે દૂર કરી શકાય તેવાં પણ કર્મોને તત્કાળ બાળી ભસ્મસાત્ કરે છે. ૮૯ થી ૯૧.

વિવેચન—જેમ ઉપાયથી સર્વ દ્વારો બંધ કરતાં, નવીન પાણીથી સરોવર ભરાતું નથી. તેમ સંવરવડે આશ્રવનો નિરોધ કર્યાથી નવીન કર્મદ્રવ્યવડે આ જીવ પુરાતો નથી. જેમ પૂર્વે એકઠું થએલું સરોવરનું પાણી સૂર્યના તીવ્ર તાપથી સુકાઇ જાય છે, તેમ પૂર્વનાં બાંધેલ સર્વ કર્મો તપસ્યાથી શોષાઇને ક્ષય થાય છે. નિર્જરા માટે બાહ્ય તપથી અભ્યંતર તપ શ્રેષ્ઠ છે અને અભ્યંતર તપમાં પણ ધ્યાન છે તે મુગટ તુલ્ય છે. કેમકે ધ્યાનવાળા મુનિઓ, ઘણા કાળનાં એકઠાં કરેલા. ઘણાં અને પ્રબળ કર્મોને પણ એક ક્ષણ માત્રમાં નિર્જરી નાખે છે. જેમ વૃદ્ધિ પામેલ અજીર્ણાદિ દોષ લાંઘણ કરવાથી શોષાઇ જાય છે. તેમ તપસ્યાથી પૂર્વ સંચિત કર્મો ક્ષય થાય છે. જેમ પ્રચંડ પવનથી હણાયેલ વાદળનો સમૂહ વીખરાઇ જાય છે તેમ તપસ્યાથી કર્મો છૂટી જાય છે. આ બે પ્રકારના તપ વડે નિર્જરા કરતાં સર્વ કર્મના ક્ષયથી મોક્ષ પ્રાપ્ત થાય છે. માટે સંસાર સમુદ્ર પાર ઉતરવા સેતુ( પાળ યા પુલ ) તુલ્ય અને મમત્વ નાશના કારણરૂપ આ નિર્જરા ભાવનાને વારંવાર યાદ કરવી અને તે પ્રમાણે વર્તન કરવું.

---

## ધર્મ સુઆખ્યાતતા ભાવના.

स्वाख्यातः खलु धर्मोऽयं भगवद्भिर्जिनोत्तमैः ।
यं समालंबमानो हि न मज्जेद् भवसागरे ॥ ९२ ॥
सयमः सूनृतं शौचं ब्रह्माकिंचनता तपः ।
क्षांतिर्मार्दवमृजुता मुक्तिश्च दशधा स तु ॥ ९३ ॥

ભગવાન કેવળ જ્ઞાની તીર્થંકરોએ વિધિ પ્રતિષેધ રૂપ આ ધર્મ ઘણીજ સરસ રીતે પૂર્વાપર વિરોધ રહિત કહ્યો છે કે જે ધર્મનું દુર્ગતિમાં પડવાના ભયથી અવલંબન કરનાર માણસ સંસાર-સાગરમાં બુડતો નથી તે ધર્મ સંયમ ( પ્રાણિની દયા ) સત્ય, શૌચ ( અદત્તાદાન પરિહાર, ) બ્રહ્મચર્ય, અકિંચનતા ( શરીર તથા ધર્મોપકરણાદિને વિષે પણ નિર્મમતા, ) તપ, ક્ષમા, નમ્રતા, સરલતા અને નિર્લોભતા ( બાહ્યાભ્યંતર વસ્તુ વિષે તૃષ્ણા વિચ્છેદ ) રૂપ દશ પ્રકારનો છે. ૯૨–૯૩.

## ધર્મનું માહાત્મ્ય.

धर्मप्रभावतः कल्पद्रुमाद्या ददतीप्सितम् ।
गोचरेपि न ते यत्स्युरधर्माधिष्ठितात्मनाम् ॥ ९४ ॥

अपारे व्यसनांभोधौ पतंतं पाति देहिनम् ।
सदा सविधवर्त्येको बंधुर्धर्मोऽतिवत्सलः ॥ ९५ ॥

आप्लावयति नांभोधिराश्वासयति चांबुदः ।
यन्महीं स प्रभावोयं ध्रुवं धर्मस्य केवलः ॥ ९६ ॥

न ज्वलत्यनलस्तिर्यग् यदूर्ध्वं वाति नानिलः ।
अचिंत्यमहिमा तत्र धर्म एव निबंधनम् ॥ ९७ ॥

निरालंबा निराधारा विश्वाधारा वसुंधरा ।
यच्चावतिष्ठते तत्र धर्मादन्यन्न कारणम् ॥ ९८ ॥

सूर्याचंद्रमसावेतौ विश्वोपकृतिहेतवे ।
उदयेते जगत्यस्मिन् नूनं धर्मस्य शासनात् ॥ ९९ ॥

अबंधूनामसौ बंधुरसखीनामसौ सखा ।
अनाथानामसौ नाथो धर्मो विश्वैकवत्सलः ॥१००॥

रक्षोयक्षोरगव्याघ्रव्यालानलगरादयः ॥
नापकर्त्तुमलं तेषां यैर्धर्मः शरणं श्रितः ॥१०१॥

धर्मो नरकपातालपातादवति देहिनः ।
धर्मो निरुपमं यच्छत्यपि सर्वज्ञवैभवम् ॥१०२॥

ધર્મના પ્રભાવથી કલ્પવૃક્ષ, કામધેનુ, ચિંતામણ્યાદિ મન ઇચ્છિત ફળ આપે છે અને તેજ કલ્પવૃક્ષાદિ અધર્મિષ્ટ મનુષ્યોને દૃષ્ટિગોચર પણ થતા નથી. મહાન્ દુ:ખરૂપ સમુદ્રમાં પડતાં પ્રાણિઓને નિરંતર પાસે રહેવાવાળો અને બંધુ સમાન અતિ વત્સલ એક ધર્મ રક્ષણ કરે છે. સમુદ્ર પૃથ્વીને ભીંજાવી દેતો નથી અને વરસાદ પૃથ્વીને તૃપ્ત કરે છે, આ પ્રભાવ નિશ્ચે કેવળ ધર્મનોજ છે. અગ્નિ તિર્છી રીતે બળતો નથી અને પવન ઉર્ધ્વવહન થતો નથી. આ અચિંત્ય મહિમાનું કારણ ધર્મજ છે. વિશ્વના આધારભૂત પૃથ્વી આલંબન અને આધાર વિના રહી શકે છે, ત્યાં ધર્મ સિવાય બીજું કોઈ કારણ નથી. આ સૂર્ય અને ચંદ્રમા વિશ્વના ઉપકારાર્થે આ

જગત્‌માં ઉદય પામે છે. નિશ્ચે તે ધર્મની આજ્ઞાથી ઉદય પામે છે. આ ધર્મ જેને બાંધવ ન હોય તેનો બાંધવ છે, મિત્ર ન હોય તેનો મિત્ર છે, અનાથનો નાથ છે અને સર્વનું હિત કરનાર છે. જેઓએ ધર્મનું શરણુ લીધું છે તેઓને, રાક્ષસ, યક્ષ, સર્પ, વ્યાઘ્ર, વ્યાલ, અગ્નિ અને વિષાદિ દુઃખ આપવાને કે બુરૂં કરવાને સમર્થ થતાં નથી. ધર્મ, નરક અને પાતાળમાં પડતા પ્રાણિઓનું રક્ષણુ કરે છે અને ઉપમારહિત સર્વજ્ઞપણાના વૈભવને પણુ ધર્મજ આપે છે. ૯૪થી ૧૦૨

कटिस्थकरवैशाखस्थानकस्थनराकृतिम् ।
द्रव्यैः पूर्णं स्मरेल्लोकं स्थित्युत्पत्तिव्ययात्मकैः ॥१०३॥
लोको जगत्रयाकीर्णो भुवः सप्तात्र वेष्टिताः ।
घनांभोधिमहावाततनुवार्तैर्महाबलैः ॥ १०४ ॥
वेत्रासनसमोऽधस्तान्मध्यतो झल्लरीनिभः ॥
अग्रे मुरूजसंकाशो लोकः स्यादेवमाकृतिः ॥१०५॥
निष्पादितो न केनापि न धृतः केनचिच्च सः ।
स्वयं सिद्धो निराधारो गगने किंत्ववस्थितः ॥१०६॥

કેડ ઉપર બેઉ હાથ રાખી અને પગ પહોળા કરી ઉભેલા પુરૂષની આકૃતિ સરખા સ્થિતિ ઉત્પત્તિ તથા વ્યય ધર્મવાળાં છ દ્રવ્યોથી પૂર્ણુ આ ચૌદ રજ્જુ પ્રમાણુ લોકને ચિંતવવો. તે લોક ઉર્ધ્વ, અધો અને તિર્ચ્છો એમ ત્રણુ જગત્‌થી વ્યાપ્ત છે. અધો લોકમાં રહેલી નરકની સાત પૃથ્વીઓ મહા બળવાન્ ઘનોદધિ ( નિવડ જામેલ પાણીથી ) ઘન વા ( નિવિડ જામેલ વાયુથી ) અને પાતળા વાયુથી નીચે વિંટળાયેલી છે. આ ચૌદ રાજ્ય લોક અધો ભાગમાં વેત્રાસનને આકારે ( નીચે વિસ્તારવાળો અને ઉપર ઉપર સંકોચ પામતા આકારવાળો ) છે. મધ્ય ભાગમાં ઝાલર સરખા આકારનો છે અને ઉપરના ભાગમાં મુરજ ( ઉપર તથા નીચે સંકોચવાળો અને વિસ્તારવાળો મુરજ ) ના આકારવાળો છે આ પ્રમાણે ચૌદ રાજ લોકની આકૃતિ છે આ લોકને કોઇએ બનાવ્યો નથી તેમ તેને કોઇએ પકડી રાખ્યો નથી પણુ સ્વયં સિદ્ધ અને નિરાધાર આકાશમાં રહેલો છે. આ પ્રમાણે વિચાર કરી લોકસ્વરૂપનું ચિંત-

વન કરી ભવભ્રમણથી વિરક્તતા મેળવવી તે લોકસ્વરૂપ વિચારવાનું પ્રયોજન છે. લોકસ્વરૂપ ભાવના સમાપ્ત થઈ. ૧૦૩ થી ૧૦૬.

## સમ્યક્ત્વ દુર્લભત્વ ભાવના.

अकामनिर्जरारूपात्पुण्याज्जंतोः प्रजायते ।
स्थावरत्वात्त्रसत्वं वा तिर्यक्त्वं वा कथंचन ॥१०७॥
मानुष्यमार्यदेशश्च जातिः सर्वाक्षपाटवम् ।
आयुश्च प्राप्यते तत्र कथंचित्कर्मलाघवात् ॥१०८॥
प्राप्तेषु पुण्यतः श्रद्धा कथकश्रवणेष्वपि ।
तत्त्वनिश्चयरूपं तद् बोधिरत्नं सुदुर्लभम् ॥ १०९ ॥
भावनाभिरविश्रांतमिति भावितमानसः ।
निर्ममः सर्वभावेषु समत्वमवलंबते ॥ ११० ॥

અકામ નિર્જરારૂપ પુણ્યથી કોઇ પણ પ્રકારે જંતુઓને (નિગોદથી) સ્થાવરપણું, ત્રસપણું અને તિર્યંચપણુ પ્રાપ્ત થાય છે. અને તેનાથી પણ વિશેષ કર્મલાઘવતા થતાં મનુષ્ય જન્મ, આર્ય દેશ, ઉત્તમ જાતિ, સર્વઇંદ્રિયપટુતા (પરિપૂર્ણતા) અને લાંબુ આયુષ્ય પ્રાપ્ત થાય છે તેમજ વિશેષ પુણ્યોદયથી ધર્મ શ્રવણ કરવાનો અભિલાષ, ધર્મકથન કરનાર ગુરૂ અને ધર્મનું શ્રવણ એ સર્વ મળ્યે છતે પણ તત્ત્વ નિશ્ચયરૂપ બોધિરત્ન (સમ્યક્ત્વ) પામવુ એ વિશેષ દુર્લભ છે આ પ્રમાણે વિચાર કરી સમ્યક્ત્વમાં દૃઢ થવુ તે બોધિદુર્લભ ભાવના છે. આ બાર ભાવનાઓવડે મનને નિરંતર વાસિત-ભાવિત-કરતા સર્વ પદાર્થોને વિષે મમત્વ રહિત થઇ પ્રાણિઓ સમભાવને પ્રાપ્ત થાય છે. માટે સમ સુખાર્થીઓએ આ બાર ભાવનાથી અહોનિશ અંતઃકરણને વાસિત કરવુ જોઇએ. ૧૦૭ થી ૧૧૦.

## સમભાવનું ફળ.

विषयेभ्यो विरक्तानां साम्यवासितचेतसाम् ।
उपशाम्येत्कषायाग्निर्बोधिदीपः समुन्मिषेत् ॥ १११ ॥

વિષયોથી વિરક્ત પામેલા અને સમભાવથી વાસિત ચિત્તવાળા મનુષ્યોનો કષાય અગ્નિ ઉપશમી જાય છે અને સમ્યક્ત્વ દીપક પ્રદીપ્ત થાય છે. ૧૧૧.

## સમત્વ આવ્યા પછી શું કરવું ?

**समत्वमवलंब्याथ ध्यानं योगी समाश्रयेत् ।**
**विना समत्वमारब्धे ध्याने स्वात्मा विडंब्यते ॥११२॥**

સમત્વનું અવલંબન કરીને યોગીઓએ ધ્યાનનો આશ્રય કરવો (ધ્યાન કરવું). સમભાવ સિવાય ધ્યાનનો પ્રારંભ કરવામાં આવે તો ધ્યાનમાં પ્રવેશ ન થતાં, આત્મા વિડંબના પામે છે. ૧૧૨.

**मोक्षः कर्मक्षयादेव स चात्मज्ञानतो भवेत् ।**
**ध्यानसाध्यं मतं तच्च तद्ध्यानं हितमात्मनः ॥११३॥**

કર્મક્ષયથીજ મોક્ષ થાય છે, તે કર્મક્ષય આત્મજ્ઞાનથી થાય છે, તે આત્મજ્ઞાન ધ્યાનથી સાધ્ય થાય છે, માટે તે ધ્યાનજ આત્માને હિતકારી માનેલું છે. ૧૧૩.

**न साम्येन विना ध्यानं न ध्यानेन विना च तत् ।**
**निष्कम्पं जायते तस्माद् द्वयमन्योऽन्यकारणम् ॥११४॥**

સામ્યતા સિવાય ધ્યાન હોતુ નથી અને ધ્યાન સિવાય નિષ્કંપ (મજબુત) સામ્યતા આવતી નથી. માટે તે બેઉ આપસમાં (અન્યો-અન્ય) હેતુરૂપ છે. ૧૧૪.

---

## ધ્યાનનું સ્વરૂપ.

**मुहूर्तान्तर्मनःस्थैर्यं ध्यानं छद्मस्थयोगिनाम् ।**
**धर्म्यं शुक्लं च तद् द्वेधा योगरोधस्त्वयोगिनाम् ॥ ११५ ॥**

એક આલંબનમા અંતર્મુહૂર્ત પર્યંત મનની સ્થિરતા તે છદ્મસ્થ યોગીઓનું ધ્યાન કહેવાય છે. તે ધર્મધ્યાન અને શુકલધ્યાન એમ બે પ્રકારનુ છે. અને યોગના નિરોધરૂપ ધ્યાન અયોગિઓને (ચૌદમા ગુણઠાણાવાળાને ) હોય છે ૧૧૫.

**मुहूर्त्तात्परतश्चिंता यद्वा ध्यानांतरं भवेत् ।**
**बह्वर्थसंक्रमे तु स्याद्दीर्घापि ध्यानसन्ततिः ॥ ११६ ॥**

એક મુહૂર્ત ધ્યાનમાં જવા પછી ધ્યાન સબંધી ચિંતા હોય, અથવા આલંબનના ભેદથી બીજું ધ્યાનાંતર હોય (પણ એક મુહૂર્ત સિવાય એકજ આલંબનમાં વધારે વખત ધ્યાતા રહી શકતો નથી.). એમ ઘણા અર્થમાં પ્રવેશ કરવાથી એટલે અંતર્મુહૂર્ત રહી વળી

ત્રીજું આલંબન લીધું એવી રીતે લાંબા વખત સુધી પણ ધ્યાનની સંતતિ હોય છે. ૧૧૬.

### ધ્યાનની વૃદ્ધિ કરવા માટે ધ્યાનમાં ભાવનાઓ કરવી તે બતાવે છે.

मैत्रीप्रमोदकारुण्यमाध्यस्थानि नियोजयेत् ।
धर्मध्यानमुपस्कर्त्तुं तद्धि तस्य रसायनम् ॥ ११७ ॥

ત્રુટેલા ધ્યાનને ફરી ધ્યાનાંતરની સાથે જોડવા માટે મૈત્રી, પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થતા આ ચાર ભાવનાઓ આત્માની સાથે પ્રયોજવી, કેમકે આ ભાવનાઓ ધ્યાનને રસાયણની માફક પુષ્ટ આપનારી છે. ૧૧૭.

### મૈત્ર્યાદિ ભાવનાનું સ્વરૂપ.

मा कार्षीत्कोऽपि पापानि मा च भूत्कोपि दुःखितः ।
मुच्यतां जगदप्येषा मतिर्मैत्री निगद्यते ॥ ११८ ॥
अपास्ताशेषदोषाणां वस्तुतत्त्वावलोकिनाम् ।
गुणेषु पक्षपातो यः स प्रमोदः प्रकीर्त्तितः ॥ ११९ ॥
दीनेष्वार्त्तेषु भीतेषु याचमानेषु जीवितम् ।
प्रतीकारपरा बुद्धिः कारुण्यमभिधीयते ॥ १२० ॥
क्रूरकर्मसु निःशंकं देवतागुरुनिंदिषु ।
आत्मशंसिषु योपेक्षा तन्माध्यस्थमुदीरितम् ॥ १२१ ॥
आत्मानं भावयन्नाभिर्भावनाभिर्महामतिः ।
त्रुटितामपि संधत्ते विशुद्धांध्यानसंततिम् ॥ १२२ ॥

કોઈ પણ જીવો પાપ ન કરો, કોઈ પણ દુઃખી ન થાઓ અને આ જગતના સર્વ જીવો પણ કર્મથી મુક્ત થાઓ, આ પ્રકારની ભાવનાબુદ્ધિ તે મૈત્રી કહેવાય છે. જીવહિંસાદિ સમગ્ર દોષોને દૂર કરનારા અને યથાસ્થિત વસ્તુતત્ત્વને જોવાવાળા મહા પુરૂષોના શમ, દમ, ઔચિત્ય, ગાંભિર્ય, ધૈર્યત્વાદિ ગુણોને વિષે ગુણપણાનો જે પક્ષપાત (તેમનો વિનય વંદન સ્તુતિ, શ્લાઘા અને વૈયાવૃત્યાદિ કરવા રૂપ પક્ષપાત) તેને પ્રમોદ કહેલ છે. દીન, દયાપાત્ર, આર્ત્ત, તૃષ્ણા-

રૂપ અગ્નિ વડે કરી બળતા વિવિધ દુઃખથી પીડાયેલા, વૈરીથી દબાયેલા, રોગથી પીડાયેલા અથવા મૃત્યુના મુખમાં સપડાયેલા માટેજ પ્રાણત્રાણુ માટે યાચના કરતા જીવોને તે તે દુઃખોમાંથી મુક્ત કરવા માટે હિતોપદેશ તથા દેશકાલની અપેક્ષાએ અન્ન, પાન, આશ્રય, વસ્ત્ર, ઔષધાદિ વડે કરી મદદ કરવી તે કરૂણા કહેવાય છે. ગમ્યાગમ્ય, ભક્ષ્યાભક્ષ્ય, કર્તવ્યાકર્તવ્યાદિ, વિવેક વિનાના અને તેથી ક્રૂર કર્મ કરવાવાળા, નિઃશંકપણે દેવગુરૂની નિંદા કરનારા અને સદોષ છતાં પણ પોતાની પ્રશંસા કરવાવાળા આ જીવો ધર્મ દેશનાને અયોગ્ય જણાતાં તેઓની ઉપેક્ષા કરવી, તેને માધ્યસ્થ ભાવના કહે છે.

આ ભાવનાઓ વડે પોતાના આત્માને ભાવિત કરતાં—વાસિત કરતાં—મહાબુદ્ધિમાન્ જીવો ત્રુટેલી વિશુદ્ધ ધ્યાનની સંતતિને પાછી સજીવન કરે છે. સાંધી આપે છે. ૧૧૮–૧૨૨.

## ધ્યાન કેવા સ્થળોમાં રહી કરવું તે.

तीर्थं वा स्वस्थताहेतुं यत्तद्वा ध्यानसिद्धये ।
कृतासनजयो योगी विविक्तं स्थानमाश्रयेत् ॥ १२३ ॥

આસનનો જય કરવાવાળા યોગીએ ધ્યાનની સિદ્ધિ માટે તીર્થંકરોના જન્મ, દિક્ષા, કેવળ અને નિર્વાણ ભૂમિકામા જવું જોઈએ. તેના અભાવે સ્વસ્થતાના હેતભૂત સ્ત્રી, પશુ, પંડકાદિ રહિત કોઈપણ સારા એકાંત સ્થળનો આશ્રય કરવો. ૧૨૩.

## આસનોનાં નામ.

पर्यंकवीरवज्राब्जभद्रदण्डासनानि च ।
उत्कटिका गोदोहिका कायोत्सर्गस्तथासनम् ॥ १२४ ॥

પર્યંકાસન, વીરાસન, વજ્રાસન, પદ્માસન, ભદ્રાસન, દંડાસન, ઉત્કટિકાસન, ગોદોહિકાસન, અને કાયોત્સર્ગાસન, વિગેરે આસનો કહેલાં છે. ૨૨૪.

## આસનોનું સ્વરૂપ. પર્યંકાસન.

स्याज्जंघयोरधोभागे पादोपरि कृते सति ।
पर्यंको नाभिगोत्तानदक्षिणोत्तरपाणिकः ॥ १२५ ॥

બેઉ જંઘાના નીચલા ભાગો પગના ઉપર મૂકયે છતે અને જમણો તથા ડાબો હાથ બન્ને નાભિ પાસે ઉંચા ઉત્તર દક્ષિણ રાખવાથી પર્યંકાસન થાય છે. મહાવીર દેવને નિર્વાણ અવસરે આ આસન હતું. જાનુ અને હાથને પ્રસારીને સુવું તેને પાતંજલી પર્યંકાશન કહે છે. ૧૨૬.

---

## વીરાસન.

वामोंघ्रिर्दक्षिणोरूर्ध्वं वामोरूपरि दक्षिणः ।
क्रियते यत्र तद्वीरोचितं वीरासनं स्मृतम् ॥ १२६ ॥

ડાબો પગ જમણા સાથળ ઉપર અને ડાબા સાથળ ઉપર જમણો પગ જે આસનમાં કરાય છે, તે વીર પુરૂષોને ઉચિત વીરાસન કહેલું છે. ૧૨૬.

---

## વજ્રાસન.

पृष्ठे वज्राकृतीभूतदोर्भ्यां वीरासने सति ।
गृह्णीयात्पादयोर्यत्रांगुष्ठो वज्रासनं तु तत् ॥ १२७ ॥

પૂર્વે બતાવેલ રીત પ્રમાણે વીરાસન કર્યા પછી વજ્રની આકૃતિ માફક પાછળ બેઉ હાથ રાખી તે હાથ વડે બેઉ પગના અંગુઠા પકડવા (અર્થાત્ પીઠ પછાડી હાથ કરી વીરાસન ઉપર રહેલા ડાબા પગના અંગુઠાને ડાબા હાથથી અને જમણા પગના અંગુઠાને જમણા હાથથી પકડવા) તેને વજ્રાસન કહે છે. ૧૨૭.

કેટલાએક તેને વેતાલાસન કહે છે ( મતાંતરથી બીજી રીતે વીરાસન બતાવે છે. )

सिंहासनाधिरूढस्यासनापनयने सति ।
तथैवावस्थितिर्या तामन्ये वीरासनं विदुः ॥ १२८ ॥

સિંહાસન ઉપર બેઠેલા અને પગ નીચા મુકેલા હોય, ત્યારે પાછળથી આસન કાઢી લીધા પછી તે માણસ જેવી રીતે રહી શકે તેવી રીતે રહેવું તેને કાયક્લેશ પ્રકરણમાં સિદ્ધાંતિઓ વીરાસન કહે છે. ૧૨૮.

પાતંજલી તો ઉભા રહીને એક પગ ભોંય ઉપર સ્થાપન કરી રાખવો અને એક પગ ઉંચો વાંકો વાળી રાખવો તેને વીરાસન કહે છે.

## પદ્માસન.

जंघाया मध्यभागे तु संश्लेषो यत्र जंघया ।
पद्मासनमिति प्रोक्तं तदासनविचक्षणैः ॥ १२९ ॥

એક જંઘાના મધ્ય ભાગમા તેની સાથે બીજી જંઘાનો મેળાપ કરી રાખવો તેને આસનના જાણપુરૂષો પદ્માસન કહે છે. ૧૨૯.

---

## ભદ્રાસન.

संपुटीकृत्य मुष्काग्रे तलपादा तथोपरि ।
पाणिकच्छपिकां कुर्यात् यत्र भद्रासनं तु तत् ॥ १३० ॥

પગનાં બે તળીયાં એકઠાં કરી લિંગ આગળ રાખી તેના ઉપર બેસી બેઉ હાથનાં આંગળાં આપસમાં ભરાવી ત્યાં પગ ઉપર રાખવા તેને ભદ્રાસન કહે છે. ૧૪૦.

---

## દંડાસન.

श्लिष्टांगुली श्लिष्टगुल्फौ भूश्लिष्टोरू प्रसारयेत् ।
यत्रोपविश्य पादौ तद्दंडासनमुदीरितम् ॥ १३१ ॥

બેસીને આગળીઓ, ગુલ્ફ અને સાથળ એ ત્રણે જમીનની સાથે અડકે તેવી રીતે પગ પ્રસારવા—લાંબા કરવા—તેને દંડાસન કહેલું છે. ૧૩૧.

---

## ઉત્કટિક તથા ગોદોહિક આસન.

पुतपार्ष्णिसमायोगे प्राहुरुत्कटिकासनम् ।
पार्ष्णिभ्यां तु भुवस्त्यागे तत्स्याद् गोदोहिकासनम् ॥ १३२ ॥

કેડની નીચેના ઢગરાઓ (કુલાઓ) ને પાનીની સાથે નીચે જમીનઉપર અડકાવવા તેને ઉત્કટિકાસન કહે છે (તે આસનમાં મહાવીરદેવને કેવલજ્ઞાન થયું હતું) અને પગની પાનીઓ જમીન સાથે ન અટકે તેવી રીતે ગાય દોવાને આકારે બેસવું તેને ગોદોહિકાસન કહે છે. ૧૩૨.

---

## કાયોત્સર્ગાસન.

प्रालंबितभुजद्वन्द्वमूर्ध्वस्थस्यासितस्य वा ।
स्थानं कायानपेक्षं यत् कायोत्सर्गः स कीर्त्तितः॥१३३॥

બન્ને ભુજાઓને નીચી લટકતી રાખી, ઉભાં અથવા બેઠાં કાયાની અપેક્ષા રાખ્યા વગર રહેવું તેને કાયોત્સર્ગ આસન કહે છે. ૧૩૩.

આ આસનો તો એક દિગ્માત્ર બતાવ્યાં છે પણ બીજાં અનેક આસનો છે છતાં:-

जायते येन येनेह विहितेन स्थिरं मनः ।
तत्तदेव विधातव्यमासनं ध्यानसाधनम् ॥ १३४ ॥

જે જે આસન કરવે કરી મન સ્થિર થાય, ધ્યાનના સાધનભૂત તે તે આસનોજ કરવાં. આંહી અમુક આસનજ કરવું જોઇએ તેવો કાંઇ આગ્રહ નથી. સુખપૂર્વક લાંબો કાળ ચિત્ત સમાધિમાં બેસી શકાય તે આસન કરવા લાયક છે. આ સર્વ આસનોમાંથી તેવું પોતાને યોગ્ય કોઇ પણ આસન કરવું. ૧૩૪.

सुखासनसमासीनः सुश्लिष्टाधरपल्लवः ।
नासाग्रन्यस्तदृग्द्वंद्वो दंतैर्दंतानसंस्पृशन् ॥ १३५ ॥
प्रसन्नवदनः पूर्वाभिमुखो वाप्युदङ्मुखः ।
अप्रमत्तः सुसंस्थानो ध्याता ध्यानोद्यतो भवेत् ॥१३६॥

લાંબા વખત સુધી સુખે બેસી શકાય તેવા આસને બેસી પવન બહાર ન જાય તેવી રીતે મજબુતાઇથી બન્ને હોઠો બંધ કરી નાસિકાના અગ્ર ભાગ ઉપર બન્ને દ્રષ્ટિ સ્થાપન કરી, ઉપરના દાંતોની સાથે નિચેના દાંતોનો સ્પર્શ ન થાય તેવી રીતે દાંતોને રાખી, (દાંતની સાથે દાંત લાગવાથી મન સ્થિર થતું નથી) રજો, તમો-ગુણરહિત ભ્રકુટીના વિક્ષેપો વિનાનું પ્રસન્ન મુખ કરી, પૂર્વ સન્મુખ યા ઉત્તર સન્મુખ બેસી (અથવા જીનેશ્વરની પ્રતિમા સન્મુખ બેસી) અપ્રમત્ત અને શરીરને સરલ (સિધ્ધું) યા મેરૂદંડને અક્કડ રાખી ધ્યાતાએ ધ્યાન કરવા માટે ઉદ્યમવાન્ થવું. ૧૩૫–૧૩૬.

इति आचार्य श्री हेमचंद्रविरचिते योगशास्त्रे मुनिश्री केशर-
विजयजीगणिकृत बालावबोधे चतुर्थ प्रकाशः

ॐ

## ॥ अथ पंचमः प्रकाशः प्रारभ्यते ॥

### પ્રાણાયામ.

યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ એમ યોગનાં આઠ અંગો છે. તેમા ચોથું અંગ પ્રાણાયામ છે. પતંજલિ પ્રમુખ યોગાચાર્યોએ મોક્ષ સાધન માટે પ્રાણાયામને ઉપયોગી ગણી સ્વીકાર્યો છે, પણ ખરી રીતે પ્રાણાયામ મોક્ષના સાધનરૂપ ધ્યાનમાં ઉપયોગી નથી, છતા પણ શરીર નિરોગતા અને કાળજ્ઞાનાદિમાં ઉપયોગી છે, એમ ધારી અમે પણ પ્રાણાયામનું સ્વરૂપ આંહી આપીએ છીએ.

प्राणायामस्ततः कैश्चित् आश्रितो ध्यानसिद्धये ।
शक्यो नेतरथा कर्तुं मनः पवननिर्जयः ॥ १ ॥

આસન જય કર્યા અનંતર કોઇ પતંજલિ પ્રમુખે ધ્યાન સિદ્ધિ માટે પ્રાણાયામનો આશ્રય લીધો છે. કેમકે પ્રાણાયામ કર્યા સિવાય મન અને પવનનો જય થઇ શકતો નથી. ૧.

### પ્રાણાયામથી પવનનો જય થાય પણ મનનો જય કેમ થાય તેનો ઉત્તર આપે છે.

मनो यत्र मरुत्तत्र मरुद्यत्र मनस्ततः ।
अतस्तुल्यक्रियावेतौ संवीतौ क्षीरनीरवत् ॥ २ ॥

મન જે ઠેકાણે છે, તે ઠેકાણે પવન છે. અને જ્યાં પવન છે ત્યાં મન છે. આ કારણથી સરખી ક્રિયાવાળાં મન અને પવન દુધ ને પાણીની માફક એકઠાં મળેલાં રહે છે. ૨.

**વિવેચન**—મન અને પવનની ક્રિયા તથા સ્થાન એકસરખું છે. શરીરના કોઈ પણ ભાગ ઉપર મનને રોકશો તો તે ઠેકાણે અવશ્ય પવનનો ઝટકારો થતો જણાશે. મનને કોઇ પણ ભાગ ઉપર રોકવું એટલે ઉપયોગ રાખી તેતે ભાગો ઉપર જોયા કરવું આમ

કરવાથી બીજા કોઇપણ વિચાર સબંધી મનની ક્રિયા બંધ પડશે. અને જે ઠેકાણે રોકવામાં આવ્યું છે તે ઠેકાણે ઉપયોગની જાગૃતિ હોવાથી વિચાર નહિ કરે, પણ ઉપયોગની જાગૃતિ સુધી ત્યાંજ રોકાઈ રહેશે અને પવન પણ ત્યાં ખટક ખટક એવા શબ્દ કરતો કે કોઇ બીજી પણ રીતે ત્યાં છે એમ અનુભવાશે. ૩

---

## મન પવનનું તુલ્ય ક્રિયાપણું બતાવે છે.

एकस्यनाशेऽन्यस्य स्यान्नाशो वृत्तौ च वर्तनम् ।
ध्वस्तयोरिंद्रियमतिध्वंसान्मोक्षश्च जायते ॥ ३ ॥

મન, પવન, બેમાથી એકનો નાશ થયે બીજાનો નાશ થાય છે, અને બેઉમાંથી એક હોય તો બીજો પણ બન્યો રહે છે. બેઉનો નાશ થવાથી ઇદ્રિય અને બુદ્ધિના વ્યાપારનો નાશ થાય છે. અને ઇંદ્રિયની પ્રવૃત્તિ તથા મનના વિચારોબંધ થવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે.

**વિવેચન.**—મન અને પવનનો નાશ શરીરમાંથી જીવ જવા પછી થઈ જાય છે, ત્યારે ઇંદ્રિય તથા વિચારની પ્રવૃત્તિ પણ બધ થાય છે, તે આંહી ગ્રહણ કરવાની નથી, અને તેથી મોક્ષ થતું નથી. પણ આત્મ ઉપયોગની પૂર્ણ જાગૃતિ હોય ત્યારે મન અને પવનની પ્રવૃત્તિ બંધ થય છે, તે પ્રવૃત્તિ બધ થતાં ઇદ્રિયના વ્યાપારો અને બુદ્ધિની પ્રવૃત્તિ બધ થાય છે, તે આંહી ગ્રહણ કરવાની છે અને તેથીજ મોક્ષ મળે છે, ૩.

---

## પ્રાણાયામ.

## પ્રાણાયામનું લક્ષણ અને તેના ભેદો.

प्राणायामो गतिच्छेदः श्वासप्रश्वासयोर्मतः ।
रेचकः पूरकश्चैव कुंभकश्चेति स त्रिधा ॥ ४ ॥

શ્વાસ ઉચ્છ્વાસની ગતિનો નિરોધ કરવો, તેને પ્રાણાયામ કહે છે. તે પ્રાણાયામ રેચક, પૂરક અને કુભક એમ ત્રણ પ્રકારનો છે ૪

**વિવેચન**—નાસિકાદિના છિદ્રોથી બહાર નીકળતાવાયુને શ્વાશ કહે છે, બહારથી અંદર પ્રવેશ કરતા વાયુને નિશ્વાસ કહે છે. તે બેઉ પ્રકારના વાયુની ગતિને રોકવી તેને પ્રાણાયામ કહે છે.

## બીજા આચાર્યના મતે પ્રાણાયામના સાત ભેદો કહે છે.

प्रत्याहारस्तथा शांत उत्तरश्चाधरस्तथा ।
एभिर्भेदैश्चतुर्भिस्तु सप्तधा कीर्त्यते परैः ॥ ५ ॥

પ્રત્યાહાર, શાંત, ઉત્તર અને અધર આ ચાર ભેદો સહિત (પૂર્વના ત્રણ સાથે મેળવતાં) સાત પ્રકારનો પ્રાણામય છે, એમ કેટલાક આચાર્ય કહે છે. ૫.

## એસાતનાં અનુક્રમે લક્ષણો બતાવે છે.

यत्कोष्ठादतियत्नेन नासाब्रह्मपुराननैः ।
बहिः प्रक्षेपणं वायोः स रेचक इति स्मृतः ॥ ६ ॥

કોઠામાંથી ઘણા પ્રયત્નપૂર્વક નાસિકા, બ્રહ્મરંધ્ર અને મુખે કરી વાયુને બહાર કાઢવો તેને રેચક પ્રાણાયામ કહ્યો છે.

समाकृष्य यदापानात् पूरणं स तु पूरकः ।
नाभिपद्मे स्थिरीकृत्य रोधनं स तु कुंभकः ॥ ७ ॥

બહારથી પવનને ખેંચીને અપાન (ગુદાદ્વાર) પર્યંત કોઠામાં પૂરવો તે પૂરક અને નાભિકમળમાં સ્થિર કરીને તેને રોકવો તે કુંભક કહેવાય છે. ૭.

स्थानात्स्थानांतरोत्कर्षः प्रत्याहारः प्रकीर्त्तितः ।
तालुनासाननद्वारैर्निरोधः शांत उच्यते ॥ ८ ॥

એક સ્થાનથી બીજા સ્થાનમાં વાયુને ખેંચી જવો તેને પ્રત્યાહાર કહ્યો છે અને તાળવુ, નાસિકા તથા મુખના દ્વારોથી વાયુનો નિરોધ કરવો તેને શાંત કહે છે. ૮.

**વિવેચન**—નાભિથી વાયુને ખેચી હૃદયમાં લઈ જવો, હૃદયથી નાભિમાં લઈ જવો વિગેરે એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઈ જવો તે પ્રત્યાહાર પ્રાણાયામ. શાંત અને કુંભકમાં ફેર એટલો જણાય છે કે કુંભકમાં, નાભિકમળમાં પવનને રોકવામાં આવે છે અને શાંતમાં તેવો નિયમ નથી પણ નિકળવાનાં દ્વારોથી રોકવો તેવો સામાન્ય નિયમ છે. ૮.

आपीयोर्ध्वं यदुत्कृष्य हृदयादिषु धारणम् ।
उत्तरः स समाख्यातो विपरीतस्ततोऽधरः ॥ ९ ॥

બ્હારના વાયુને પીને ઉંચે ખેંચી હૃદયાદિકને વિષે ધારી રાખવો તે ઉત્તર પ્રાણાયામ અને તેથી અવળી રીતે એટલે નાભિ આદિ નીચા પ્રદેશમાં ધારી રાખવો તે અધર પ્રાણાયામ. ૯.

**વિવેચન**—આહી એ શંકા થાય છે કે રેચકાદિમાં પ્રાણાયામ કેવી રીતે સંભવે? કેમકે પ્રાણાયામનો અર્થ એવો થાય છે કે શ્વાસ પ્રશ્વાસની ગતિનો નિરોધ કરવો તે, તે રેચકાદિમાં બની શકતો નથી. તેનો ઉત્તર આ પ્રમાણે છે કે રેચક કર્યા પછી પ્રાણને નાસિકાના દ્વાર આગળ બહારજ રોકવો. અંદર આકર્ષવો નહિ તેમ મૂકવાનો તો છેજ નહિ. એટલે તે શ્વાસ પ્રશ્વાસની ગતિ વિચ્છેદરૂપ પ્રાણાયામ કહી શકાય. તેમજ પૂરકમાં બહારના વાયુને હળવે હળવે આકર્ષીને કોઠામાં રોકવો. ત્યાંથી રેચવો નહિ અને પૂરવો પણ નહિ એટલે ત્યાં ગતિવિચ્છેદરૂપ પ્રાણાયામ થયો. એવી રીતે સર્વ પ્રાણાયામમાં શ્વાસ પ્રશ્વાસની ગતિને રોકવાનું બની શકે છે. ૯.

---

## પ્રાણાયામનું ફળ.

रेचनादुदरव्याधेः कफस्य च परिक्षयः ।
पुष्टिः पूरकयोगेन व्याधिघातश्च जायते ॥ १० ॥

રેચક પ્રાણાયામથી ઉદર (પેટ)ની વ્યાધિ અને કફનો નાશ થાય છે અને પૂરક પ્રાણાયામના યોગે શરીરને પુષ્ટ મળે છે. તથા વ્યાધિ (રોગ)ની શાંતિ થાય છે

विकसत्याशु हृत्पद्मं ग्रंथिरंतर्विभिद्यते ।
बलस्थैर्यविवृद्धिश्च कुंभनाद् भवति स्फुटम् ॥ ११ ॥

હૃદયકમળ તત્કાળ વિકસ્વર થાય છે, અંદરની ગાંઠ ભેદાય છે, શરીરમાં બળની વૃદ્ધિ થાય છે અને વાયુ સ્થિર રહી શકે છે. કુંભક કરવાથી ઉપર પ્રમાણે પ્રગટ રીતે બની શકે છે ૧૧.

प्रत्याहाराद् बलं कांतिर्दोषशांतिश्च शांततः ।
उत्तराधरसेवातः स्थिरता कुंभकस्य तु ॥ १२ ॥

પ્રત્યાહાર નામના પ્રાણાયામથી શરીરમાં બળ અને કાંતિ આવે છે, શાંત નામના પ્રાણાયામથી વાત પિત્ત અને કફ અથવા ત્રિદોષ

(સન્નિપાત)ની શાંતિ થાય છે અને ઉત્તર તથા અધર પ્રાણાયામની સેવાથી કુંભકની સ્થિરતા થાય છે. ૧૨.

અત્યાર સુધીનું વિવેચન પ્રાણ વાયુને માટે આવ્યું છે. આ પ્રાણાયામથી એકલા પ્રાણ વાયુનો જય થાય છે તેમ નથી, પણ પાંચે જાતના વાયુનો જય થાય છે તે.' બતાવે છે.

## વાયુનાં સ્થાનાદિ અને તેનો જય કરવાનો ઉપાય.

**प्राणमपानसमानावुदानं व्यानमेव च ।**
**प्राणायामैर्जयेत् स्थानवर्णाक्रियार्थबीजवित् ॥ १३ ॥**

પ્રાણ, અપાન, સમાન, ઉદાન અને વ્યાન આ પાંચ વાયુનો તે વાયુનાં સ્થાન, વર્ણ, ક્રિયા, અર્થ અને બીજને જાણનાર યોગીએ પ્રાણાયામે કરી જય કરવો ૧૩.

**વિવેચન**—શ્વાસ, નિશ્વાસાદિ ઘણો વ્યાપાર કરે તે પ્રાણવાયુ ૧, મૂત્ર, વિષ્ટા અને ગર્ભાદિકને શરીરની બહાર લાવે તે અપાનવાયુ ૨, અનાજ અને પાણી આદિ પદાર્થોની પરિપકવતાથી ઉત્પન્ન થતા રસોને યથાયોગ્ય સ્થાનકે પહોંચાડે તે સમાન વાયુ ૩, રસાદિને ઉંચે લઈ જનાર તે ઉદાન વાયુ ૪, અને સઘળા શરીરને વ્યાપીને રહે તે વ્યાન વાયુ ૫. આ પાંચે વાયુનાં સ્થાન, વર્ણ, ક્રિયા, અર્થ અને બીજ અનુક્રમે બતાવવામાં આવશે. ૧૩

## પ્રાણવાયુના સ્થાનાદિક કહે છે.

**प्राणो नासाग्रहृन्नाभिपादांगुष्ठांतगो हरित् ।**
**गमागमप्रयोगेण तज्जयो धारणेन च ॥ १४ ॥**

પ્રાણવાયુ નાસિકાના અગ્ર ભાગ ઉપર, હૃદયમાં, નાભિમાં અને પગના અંગુઠા પર્યંત પ્રસરેલો છે. તેનો વર્ણ લીલો, નવાં ઉગેલાં તૃણના જેવો છે અને ગમાગમના પ્રયોગે કરીને તથા ધારણા વડે કરીને તેનો જય કરવો. ૧૪.

**વિવેચન**—ગમ એટલે રેચક્રિયા, આગમ એટલે પૂરક ક્રિયા, અને ધારણ એટલે કુંભકની ક્રિયા. એ ત્રણ ક્રિયાએ કરી એક પ્રાણાયામ થાય. આ પ્રાણાયામ ક્રિયાએ કરી પ્રાણવાયુનો જય કરવો, અર્થાત્ જે જે ઠેકાણે જે જે વાયુનું સ્થાન બતાવ્યું છે તે તે ઠેકાણે રેચક, પૂરક અને

કુંભક કરીને તે વાયુનો જય કરવો. આંહી નાસિકાનો અગ્ર ભાગ, હૃદય, નાભિ અને અગુઠા પર્યંત એ સર્વ સ્થાનો બતાવ્યા. લીલો રંગ એ વર્ણ જણાવ્યો અને રેચક, પૂરક, કુંભક, રૂપ ગમાગમ પ્રયોગ તે ક્રિયા બતાવી. પૂર્વે જણાવેલ પાંચમાંથી આંહી ત્રણ બતાવ્યાં અને બાકી રહેલા અર્થ ને બીજ એ બે પાંચે વાયુના સ્થાનાદિ ત્રણ બતાવ્યા પછી જણાવવામાં આવશે.

---

### એજ ગમાગમ પ્રયોગ અને ધારણ બતાવે છે.

**नासादिस्थानयोगेन पूरणाद्रेचनान्मुहुः ।**
**गमागमप्रयोगः स्यात् धारणं कुंभनात्पुनः ॥ १५ ॥**

નાસિકાદિ સ્થાને કરી વારંવાર વાયુને પૂરવે કરી અને રેચન કરવે કરી ગમાગમ પ્રયોગ થાય છે અને તે વાયુને તે તે ઠેકાણે રોકવાથી (કુંભક કરવાથી) ધારણ નામનો પ્રયોગ થાય છે. ૧૫.

---

### અપાન વાયુનાં સ્થાનાદિ બતાવે છે.

**अपानः कृष्णरुग्मन्यापृष्ठपृष्ठांतपार्ष्णिगः ।**
**जेयः स्वस्थानयोगेन रेचनात्पूरणान्मुहुः ॥ १६ ॥**

અપાન વાયુનો વર્ણ કાળો છે. કંઠની પાછલી નાડિ, પીઠ, ગુદા અને પહાનીમાં તેનું સ્થાન છે. તે સ્થાનમાં વારંવાર રેચક પૂરક કરવે કરી અપાન વાયુનો જય કરવો. ૧૬.

---

### સમાન વાયુનાં સ્થાનાદિ.

**शुक्लः समानो हृन्नाभिसर्वसंधिष्ववस्थितः ।**
**जेयः स्वस्थानयोगेनासकृद्रेचनपूरणात् ॥ १७ ॥**

સમાન વાયુનો વર્ણ ધોળો છે હૃદય, નાભિ અને સર્વ સાંધાઓને વિષે તેનું રહેવાનુ સ્થાન છે. તે સ્થાને વારંવાર રેચક પૂરક, (કુંભક) કરવેકરી તેનો જય કરવો ૧૭.

---

### ઉદાન વાયુનાં સ્થાનાદિ.

**रक्तो हृत्कंठतालुभ्रूमध्यमूर्ध्नि च संस्थितः ।**
**उदानो वश्यतां नेयो गत्यागतिनियोगतः ॥ १८ ॥**

ઉદાન વાયુનો રંગ લાલ છે. હૃદય, કંઠ, તાળવું (દશમદ્વાર) ભ્રકુટીના મધ્ય ભાગમાં અને મસ્તકમાં તેનુ સ્થાન છે (તે રહે છે.) ગતિ ને આગતિના પ્રયોગથી તેને વશ કરવો ૧૮.

---

## ગતિ આગતિનો પ્રયોગ કેવી રીતે કરવો તે બતાવે છે.

**नासाकर्षणयोगेन स्थापयेत्तं हृदादिषु ।**
**बलादुत्कृष्यमाणं च रुध्वा रुध्वा वशं नयेत् ॥ १९ ॥**

નાસિકાએ બહારથી વાયુને ખેંચી તેને હૃદયાદિકમાં સ્થાપન કરવો. જોરથી તે વાયુ બીજે ઠેકાણે ચાલ્યો જતો હોય તો તેને વારંવાર રોકી રોકીને વશ કરવો ૧૯.

**વિવેચન**—આ ઉપાય દરેક વાયુ જીતવા માટે લાગુ પાડવાનો છે. જ્યાં જ્યાં વાયુને રહેવાનાં સ્થાનો બનાવવામા આવ્યાં છે, ત્યાં ત્યાં પહેલો પૂરક કરી (એટલે બહારથી નાસિકાદ્વારા વાયુને અંદર ખેંચી) તે તે સ્થાને રોકી રાખવો; એટલે ખેંચવો કે મૂકવો એ બેઉ ક્રિયા બંધ કરવી. તેમ થતા તે વાયુ તે તે ઠેકાણે અમુક વખત સુધી સ્થિર રહેશે. કદાચ જોર કરી તે વાયુ બીજે ઠેકાણે ચાલ્યો જાય તો તે તે સ્થળે વારંવાર રોકી રોકીને (એટલે કુંભક કરીને) કેટલોક વખત રાખીને પાછો રેચક કરી દેવો (નાસિકાના એક છિદ્રદ્વારા હળવે હળવે બહાર કાઢી નાખવો). પાછો તેજ છિદ્રથી અંદર ખેંચી કુંભક કરવો. આ પ્રકારે તે તે વાયુનો જય કરવો યા પોતાને સ્વાધીન કરવો. ૧૯

## વ્યાન વાયુનાં સ્થાનાદિ બતાવે છે.

**सर्वत्वग्वृत्तिको व्यानः शक्रकार्मुकसन्निभः ।**
**जेतव्यः कुंभकाभ्यासात्संकोचप्रसृतिक्रमात् ॥ २० ॥**

વ્યાન વાયુનો વર્ણ ઇંદ્રધનુષ્યના સરખો (વિવિધ રંગી) છે. ચામડીના સર્વ ભાગોમાં તેનું સ્થાન છે. સંકોચ અને પ્રસૃતિ (પૂરક અને રેચક)ના ક્રમે કુંભકના અભ્યાસથી તેનો જય કરવો.૨૦.

## પાંચે વાયુનાં ધ્યાતવ્ય બીજો બતાવે છે.

**प्राणापान समानोदान व्यानेष्वेषु च वायुषु ।**
**यैं पैं वैं रौं लौं,बीजानि ध्यातव्यानि यथाक्रमम् ॥ २१ ॥**

પ્રાણ, અપાન, સમાન, ઉદાન અને વ્યાન એ પાંચ વાયુને વિષે અનુક્રમે યૈં, પૈં, વૈં, રૈં, લૈં આ પાચ બીજોનું ધ્યાન કરવું.૨૧.

**વિવેચન**—પ્રાણાદિ વાયુનાં જે સ્થાનો બતાવવામાં આવ્યાં છે, તે તે સ્થાને પ્રાણાદિ વાયુનો જય કરવા માટે પૂરક, કુંભક અને રેચક કરતી વખતે પ્રાણાદિ વાયુના યૈં, આદિ બીજોનું ધ્યાન કરવું. અર્થાત્ પ્રાણ વાયુનો જય કરતી વખતે યૈં. અપાનના જય વખતે પૈં, સમાનના જય વખતે વૈં, ઉદાનના જય વખતે રૈં અને વ્યાનના જય વખતે લૈં નું ધ્યાન કરવું. ધ્યાન કરવું એટલે તે યૈં આદિ અક્ષરની આકૃતિ કલ્પી તેનો જાપ પૂરક, કુંભક અને રેચક કરતી વખતે કરવો ૨૧.

## વાયુ જય કરવાથી થતા ફાયદા.

प्राबल्यं जाठरस्याग्नेर्दीर्घश्वासमरुज्जयौ ।
लाघवं च शरीरस्य प्राणस्य विजये भवेत् ॥ २२ ॥

પ્રાણવાયુને જીતવાથી (વશ કરવાથી) જઠરાગ્નિની પ્રબળતા થાય, દીર્ઘશ્વાસ ચાલે (દમ ન ચઢે), વાયુનો જય થાય (બાદી મટી જાય) અને શરીર હલકુ થાય ૨૨.

रोहणं क्षतभंगादेरुदराग्नेः प्रदीपनम् ।
वर्चोऽल्पत्वं व्याधिघातः समानापानयोर्जये ॥ २३ ॥

સમાન વાયુ અને અપાન વાયુને જીતવાથી; ગડ, ગુમડ અને ઘા આદિના વ્રણ (છિદ્રો) રૂઝાઈ જાય, હાડકું ભાગી ગયું હોય તે સંધાઇ જાય, ઉદરની અગ્નિ પ્રદીપ્ત થાય, મળ મૂત્રાદિક થોડાં થાય અને રોગોનો નાશ થાય. ૨૩.

उत्क्रांतिर्वारिपंकाद्यैश्चाबाधोदाननिर्जये ।
जये व्यानस्य शीतोष्णासंगः कांतिररोगिता ॥ २४ ॥

ઉદાન વાયુનો જય કરવાથી ઉત્ક્રાંતિ એટલે મરણ અવસરે દશમે દ્વારથી પ્રાણત્યાગ કરી શકાય. પાણી તથા કાદવથી શરીરને બાધા ન થાય, આદિ શબ્દથી કાંટાદિકની પીડા પણ ન થાય. વ્યાન વાયુનો જય કરવાથી ટાઢ અને તાપની અસર થતી નથી, શરીરનું તેજ વધે અને નિરોગતાની પ્રાપ્તિ થાય. ૨૪.

## પાંચે વાયુને જીતવાનાં જુદાં ફળો બતાવી હવે પાંચે વાયુ જીતવાનું એકઠું ફળ બતાવે છે.

**यत्र यत्र भवेत्स्थाने जंतो रोगः प्रपीडकः ।**
**तच्छांत्यै धारयेत् तत्र प्राणादिमरुतः सदा ॥ २५ ॥**

જે જે ઠેકાણે પ્રાણિઓને પીડા કરનાર રોગ ઉત્પન્ન થયો હોય તેની શાંતિને માટે તે તે ઠેકાણે પ્રાણાદિ વાયુને ત્યાં રોકી રાખવો. ૨૫.

**વિવેચન**—શરીરના કોઇ પણ ભાગમાં પાંચ વાયુમાંથી કોઇ પણ વાયુનું સ્થાન હોય છે, તે આગળ બતાવી ગયા છીએ, તો જે ઠેકાણે રોગ ઉત્પન્ન થયો હોય તે રોગ મટાડવા માટે પ્રથમ પૂરક કરી, તે રોગને ઠેકાણે ( રોગના ઉપર ) કુંભક કરવો. આમ કરવાથી તે રોગ નાબુદ થશે. ઘણે ભાગે વાત, પિત્ત અને કફની વિષમતાથી રોગોની ઉત્પત્તિ થાય છે. તેવે ઠેકાણે વાયુને રોકવાથી ખરાબ તત્ત્વો દૂર થઇ, વાયુ પ્રમુખની વિષમતા ચાલી જાય છે, અને મનુષ્ય નિરોગી બને છે. આમ કરવાથી કર્મનાં સિદ્ધાંતોને કોઇ પણ રીતે હાનિ પહોંચતી નથી. કેમકે કેટલાએક રોગોની કે અશાતા વેદનીની શાંતિ આવા ઉપચારોથી કે આવાં નિમિત્તોથી પણ થઇ શકે છે. કોઇ કર્મ એકજ રીતે વેદવાનું કે નિર્જરવાનું બની શકે એવો સિદ્ધાંત નથી. ૨૫.

(પ્રાણાદિક વાયુને જીતવાનાં ફળો બતાવી હવે તેની ધારણા કરવાનું કહે છે. )

## વાયુની ધારણા.

**एवं प्राणादिविजये कृताभ्यासः प्रतिक्षणम् ।**
**धारणादिकमभ्यस्येन्मनःस्थैर्यकृते सदा ॥ २६ ॥**

આ પ્રમાણે પ્રાણાદિ વાયુને જીતવા માટે વારંવાર અભ્યાસ કરીને મનને સ્થિર કરવા માટે નિરંતર ધારણાદિકનો અભ્યાસ કરવો. ૨૬.

## પાંચ શ્લોકે કરી ધારણાનું સ્વરૂપ બતાવે છે.

**उक्तासनसमासीनो रेचयित्वानिलं शनैः ।**
**आपादांगुष्ठपर्यंतं वाममार्गेण पूरयेत् ॥ २७ ॥**
**पादांगुष्ठे मनःपूर्वं रुद्ध्वा पादतले ततः ।**
**पार्ष्णौ गुल्फे च जंघायां जानुन्यूरौ गुदे ततः ॥ २८ ॥**

लिंगे नाभौ च तुंदे च हृत्कंठे रसनेऽपि च ।
तालुनासाग्रनेत्रे च भ्रुवोर्भाले शिरस्यथ ॥ २९ ॥
एवं रश्मिक्रमेणैव धारयन्मरुता सह ।
स्थानात्स्थानांतरं नीला यावद् ब्रह्मपुरं नयेत् ॥ ३० ॥
ततः क्रमेण तेनैव पादांगुष्ठांतमानयेत् ।
नाभिपद्मांतरं नीत्वा ततो वायुं विरेचयेत् ३१ पंचभिः कुलकं

પૂર્વે ચોથા પ્રકાશમા બતાવેલ આસને બેસી, હળવે હળવે પવન રેચક કરી (પવનને બહાર કાઢી) નાસિકાના ડાબા છિદ્રથી પવનને અંદર ખેંચીને પગના અંગુઠા સુધી પહોંચે ત્યાં સુધી પૂરવો, પછી પ્રથમ પગના અંગુઠા ઉપર મનને રોકવું. (જ્યાં મન ત્યાં પવન એ ન્યાયથી મનને રોકવાનું કહેતાં પવન પણ તેજ ઠેકાણે રોકાય) પછી અનુક્રમે પગનાં તળીયાં ઉપર, પાનીમાં, ગુલ્ફમાં, જંઘામાં, જાનુમાં, સાથળમાં, ગુદામાં, લિંગમાં, નાભિમાં, પેટમાં, હૃદયમાં, કંઠમાં, જીભ ઉપર, તાલુમાં, નાકના અગ્ર ભાગ ઉપર, નેત્રમાં, ભ્રકુટિમાં, કપાલમાં અને માથામાં એક પછી એક સ્થાનમાં આગળ વધતાં, વાયુની સંઘાતે મનને છેવટમાં બ્રહ્મરંધ્ર પર્યંત લઈ જવું. ત્યાર પછી તેજ ક્રમે પાછા ફરી પગના અંગુઠામાં મન સહિત પવનને લાવી, ત્યાથી નાભિકમળમાં લઈ જઇ વાયુનો રેચક કરવો. ૨૭–૨૮–૨૯–૩૦–૩૧.

---

## વાયુની ધારણાનું ફલ.

पादांगुष्ठादौ जंघायां जानूरुगुदमेहने ।
धारितः क्रमशो वायुः शीघ्रगत्यै बलाय च ॥ ३२ ॥
नाभौ ज्वरादिघाताय जठरे कायशुद्धये ।
ज्ञानाय हृदये कूर्मनाड्यां रोगजराच्छिदे ॥ ३३ ॥
कंठे क्षुत्तर्षनाशाय जिह्वाग्रे रससंविदे ।
गंधज्ञानाय नासाग्रे रूपज्ञानाय चक्षुषोः ॥ ३४ ॥
भाले तद्रोगनाशाय क्रोधस्योपशमाय च ।
ब्रह्मरंध्रे च सिद्धानां साक्षाद्दर्शनहेतवे ॥ ३५ ॥

પગના અંગુઠામાં, જંઘામાં, ઘુંટણમાં; સાથળમાં, ગુદામાં અને

લિંગમાં અનુક્રમે વાયુને ધારી રાખવાથી ઉતાવળી ગતિ અને બળની પ્રાપ્તિ થાય છે. નાભિમાં વાયુને ધારી રાખવાથી તાવ ઉતરી જાય છે, જઠરમાં ધારી રાખવાથી મળ સાફ થઇ શરીર શુદ્ધ રહે છે. હૃદયમાં ધારી રાખવાથી જ્ઞાનની વૃદ્ધિ થાય છે. કુર્મનાડિમાં રાખવાથી રોગ અને વૃદ્ધાવસ્થાનો નાશ થાય છે. (વૃદ્ધાવસ્થામાં યુવાન જેવું શરીર બન્યું રહે છે.) કંઠમાં વાયુને ધારવાથી ભુખ અને તરસ લાગતી નથી, લાગી હોય તોપણ શાંત થાય છે. જીભના અગ્ર ભાગ ઉપર વાયુને રોકવાથી સર્વ જાતના રસનું જ્ઞાન થાય છે. નાસિકાના અગ્ર ભાગ ઉપર રોકવાથી ગંધનું જ્ઞાન થાય છે. ચક્ષુમાં ધારી રાખવાથી રૂપોનું જ્ઞાન થાય છે. કપાલમાં ધારી રાખવાની કપાળના રોગનો નાશ થાય છે, અને ક્રોધની શાંતિ થાય છે ( ક્રોધવાળો સ્વભાવ મટી જાય છે,) અને બ્રહ્મરંધ્રમાં વાયુને રોકી રાખવાથી સાક્ષાત્ સિદ્ધોનાં દર્શન થાય છે ૩૨–૩૩–૩૪–૩૫.

## ધારણાનું સ્વરૂપ બતાવી હવે પવનનું ચેષ્ટિત બતાવે છે.

**अभ्यस्य धारणामेवं सिद्धीनां कारणं परम् ।**
**चेष्टितं पवमानस्य जानीयाद् गतसंशयः ॥ ३६ ॥**

સિદ્ધિઓના પરમ કારણરૂપ આ પ્રમાણે ધારણાનો અભ્યાસ કરીને પછી શંસયરહિત પવનનું સ્વરૂપ જાણવું ૩૬.

**વિવેચન**—ધારણાનો અભ્યાસ સારી રીતે થવાથી સાધારણ રીતે કેટલીક સામાન્ય સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. ૩૬.

## વાયુના ચારાદિ અને તેનાં ફળો.

**नाभेर्निष्क्रामतश्चारं हृन्मध्ये नयतो गतिं ।**
**तिष्ठतो द्वादशांते तु विद्यात्स्थानं नभस्वतः ॥ ३७ ॥**

નાભિમાંથી પવનનુ નિકળવુ તે ચાર, હૃદયના મધ્યમાંથી જવું તે ગતિ અને બ્રહ્મરંધ્રમાં રહેવું તે વાયુનું સ્થાન જાણવું. ૩૭.

## તે ચારાદિકના જ્ઞાનનું ફલ કહે છે.

**तच्चारगमनस्थानज्ञानादभ्यासयोगतः ।**
**जानीयात्कालमायुश्च शुभाशुभफलोदयम् ॥ ३८ ॥**

તે વાયુના ચાર, ગમન અને સ્થાનને અભ્યાસે કરી જાણવાથી શુભ અને અશુભ ફળના ઉદયવાળા કાળ અને આયુષ્ય જાણી શકાય છે. ૩૮.

---

## હૃદયમાં મનને રોકવું અને તેથી થતા ફાયદા.

**ततः शनैः समाकृष्य पवनेन समं मनः ।**
**योगी हृदयपद्मांतर्विनिवेश्य नियंत्रयेत् ॥ ३९ ॥**

તે પછી પવનની સાથે મનને હળવે હળવે આકર્ષીને (ખેંચીને) યોગીઓએ તેને હૃદયકમળની અંદર પ્રવેશ કરાવીને ત્યાં રોકી રાખવું.

**ततोऽविद्या विलीयंते विषयेच्छा विनश्यति ।**
**विकल्पा विनिवर्त्तंते ज्ञानमंतर्विजृंभते ॥ ४० ॥**

હૃદયકમળમાં મનને રોકવાથી અવિદ્યા (કુવાસના યા મિથ્યાત્વ)નો વિલય (નાશ) થાય છે, પાંચ ઇંદ્રિયના વિષયોની ઇચ્છા વિનાશ પામે છે, વિકલ્પો નિવૃત્ત થાય છે, (ઉત્પન્ન થતા નથી) અને અંદર જ્ઞાન પ્રગટ થાય છે. ૪૦.

**क्व मंडले गतिर्वायोः संक्रमः क्व क्व विश्रमः ।**
**का च नाडीति जानीयात् तत्र चित्ते स्थिरीकृते ॥ ४१ ॥**

તેમજ વાયુની કયા મંડળમાં ગતિ છે, કયા તત્ત્વમાં સંક્રમ (પ્રવેશ) થાય છે, કયાં જઇ વિશ્રામ પામે છે, અને હમણાં કઇ નાડી ચાલે છે, તે સર્વ હૃદયમાં મનને સ્થિર કરવાથી જાણી શકાય છે. ૪૧.

---

## પ્રથમ ચાર મંડળો જણાવે છે.

**मंडलानि च चत्वारि नासिकाविवरे विदुः ।**
**भौमवारुणवायव्याग्नेयाख्यानि यथोत्तरम् ॥ ४२ ॥**

પાર્થિવ, વારૂણ, વાયવ્ય અને આગ્નેય, આ ચાર મંડળો અનુક્રમે નાસિકાના વિવરમા કહ્યાં છે. ૪૨.

---

## પાર્થિવ મંડળનું સ્વરૂપ કહે છે.

**पृथिवीबीजसंपूर्णं वज्रलांछनसंयुतम् ।**
**चतुरस्रं द्रुतस्वर्णप्रभं स्याद् भौममंडलम् ॥ ४३ ॥**

પૃથિવીનાં બીજથી પરિપૂર્ણ (વ્યાપ્ત), વજ્રના લાંછન (ચિન્હ)થી યુક્ત, ચાર ખુણાવાળું અને તપાવેલા સોના સરખું પાર્થિવ મંડળ છે.

**વિવેચન**—પાર્થિવબીજ "અ" અક્ષર છે. કેટલાએક આચાર્ય "લ"ને પણ પાર્થિવ બીજ કહે છે હેમચંદ્રાચાર્યજીએ "ક્ષ" ને પાર્થિવ બીજ તરીકે માન્યું છે. ૪૩.

## વારૂણ મંડલનું સ્વરૂપ.

स्यादर्धचंद्रसंस्थानं वारुणाक्षरलांछितम् ।
चंद्राभममृतस्यंद सांद्रं वारुणमंडलम् ॥ ४४ ॥

અષ્ટમીના ચંદ્ર સરખા આકારવાળુ, વારૂણ અક્ષર "વ" કારના ચિન્હવાળું, ચંદ્ર સરખું ઉજ્વળ, અને અમૃતના ઝરવા વડે કરી વ્યાપ્ત થએલું વારૂણ મંડળ છે ૪૪

## વાયવ્ય મંડળનું સ્વરૂપ.

स्निग्धांजनघनच्छायं सुवृत्तं विन्दुसंकुलम् ।
दुर्लक्ष्यं पवनाक्रांतं चंचलं वायुमंडलम् ॥ ४५ ॥

તૈલાદિકથી મિશ્રિત કરેલા અંજનસમાન ગાઢ શ્યામ કાંતિવાળુ, ગોળાકારવાળુ, બિંદુનાં ચિન્હોથી વ્યાપ્ત, દુ:ખે દેખી શકાય તેવું, અને પવન બીજ "ય"કારથી દબાયેલું, ચંચળ વાયુમંડળ છે ૪૫.

## આગ્નેય મંડળનું સ્વરૂપ.

ऊर्ध्वज्वालांचितं भीमं त्रिकोणं स्वस्तिकान्वितम् ।
स्फुलिंगपिंगं तद्बीजं ज्ञेयमाग्नेयमंडलम् ॥ ४६ ॥

ઉંચી પ્રસરતી જ્વાલાયુક્ત, ભય આપતુ, ત્રણ ખુણાવાળું, સ્વસ્તિક (સાથીઆ) ના લાંછનવાળું, અગ્નિના કણીયા સરખું, પીળા વર્ણવાળું, અને અગ્નિબીજ રેફ (ˆ) સહિત, આગ્નેય મંડળ જાણવુ. ૪૬

अभ्यासेन स्वसंवेद्यं स्यान्मंडलचतुष्टयम् ।
क्रमेण संचरन्नत्र वायुर्ज्ञेयश्चतुर्विधः ॥ ४७ ॥

અભ્યાસ કરવાથી આ ચારે મંડળ અભ્યાસીને જાણી શકાય છે. આ ચાર મંડળમાં ચાલતો વાયુ અનુક્રમે ચાર પ્રકારનો જાણવો,૪૭.

### તે વાયુના ચારે ભેદો ક્રમે બતાવે છે.

नासिकारंध्रमापूर्य पीतवर्णः शनैर्वहन् ।
कवोष्णोष्टांगुलस्वच्छो भवेद्वायुः पुरंदरः ॥ ४८ ॥

પુરંદર વાયુનો (પૃથ્વી તત્વનો) વર્ણ પીળો છે. સ્પર્શ કાંઇક શીત અને કાંઇક ઉષ્ણ છે, અને નાસિકાના વિવરને પૂરીને સ્વચ્છ તથા હળવે હળવે આઠ આંગુળના પ્રમાણમાં બહાર વહન થાય છે. ૪૮

धवलः शीतलोऽधस्तात् त्वरितत्वरितं वहन् ।
द्वादशांगुलमानश्च वायुर्वरुण उच्यते ॥ ४९ ॥

ધોળા વર્ણવાળા, શીતળ સ્પર્શવાળા અને નીચે ઉતાવળે ઉતાવળે બાર આગુલ પ્રમાણે વહન થતા વાયુને વરૂણ વાયુ (જળતત્વ) કહે છે.

उष्णशीतश्च कृष्णश्च वहंस्तिर्यगनारतम् ।
षडंगुलप्रमाणश्च वायु पवनसंज्ञितः ॥ ५० ॥

પવન નામનો વાયુ, (વાયુતત્વ) કાંઇક ઉષ્ણ અને કાંઇક ઠંડો છે. વર્ણ કાળો છે અને નિરંતર છ આંગુલ પ્રમાણે તિર્છો વહન થાય છે,

वालादित्यसमज्योतीरत्युष्णश्चतुरंगुलः ।
आवर्त्तवान् वहन्नूर्ध्वं पवनो दहनः स्मृतः ॥ ५१ ॥

ઉગતા સૂર્ય સમાન લાલ વર્ણવાળો, અતિ ગરમ સ્પર્શવાળો અને વંટોળીઆની માફક ઉંચો ચાર આંગુલ વહન થતો દહન નામનો પવન (અગ્નિતત્વ) કહ્યો છે. ૫૧.

---

### વાયુ વહન થતી વખતે કરવાલાયક કાર્યો.

इंद्रं स्तंभादिकार्येषु वरुणं शस्तकर्मसु ।
वायुं मलिनलोलेषु वश्यादौ वह्निमादिशेत् ॥ ५२ ॥

પુરંદરવાયુ વહેતો હોય ત્યારે સ્તંભનાદિ કાર્ય કરવાં. સારાં પ્રશસ્ત કાર્ય વરૂણ વાયુમાં, મલિન અને ચપળ કાર્યો પવન વાયુમાં અને વશીકરણાદિ કાર્ય વન્હિ નામનો વાયુ ચાલતો હોય ત્યારે કરવાં. ૫૨.

---

### પ્રારંભેલ કાર્યનો તથા પ્રશ્ન કરવાનો વાયુ વહન થતી વખતનો શુભાશુભ નિર્ણય.

छत्रचामरहस्त्यश्वारामराज्यादिसंपदम् ।
मनीषितं फलं वायुः समाचष्टे पुरंदरः ॥ ५३ ॥

પુરંદર વાયુ વહન થતી વખતે આગળ બતાવે છે તેના સંબંધમાં પ્રશ્ન કરે, અથવા પોતા માટે તેવાં કાર્યનો પ્રારંભ કરે તો છત્ર, ચામર, હાથી, અશ્વ, આરામ, રાજ્યાદિ સંપદા અને મનઇચ્છિત ફળની પ્રાપ્તિ થાય. ૫૩.

तथा राज्यादिसंपूर्णैः पुत्रस्वजनबंधुभिः ।
सारणे वस्तुना चापि योजयेद्वरुणः क्षणात् ॥ ५४ ॥

પ્રશ્ન યા પ્રારંભ અવસરે વરૂણ વાયુ હોય તો રાજ્યાદિકથી સંપૂર્ણ, પુત્ર, સ્વજન, બંધુઓ અને ઉત્તમ વસ્તુઓની સાથે મેળાપ કરાવી આપે.

कृषिसेवादिकं सर्वमपि सिद्धं विनश्यति ॥
मृत्युभिः कलहो वैरं त्रासश्च पवने भवेत् ॥ ५५ ॥

પ્રશ્ન તથા કાર્યના પ્રારંભ વખતે પવન નામનો વાયુ હોય તો ખેતી અને સેવા પ્રમુખ સર્વ કાર્ય ફળ દેવાને તૈયાર થયું તોપણ તેનો નાશ થાય અને મૃત્યુનો ભય, કલેશ, વેર તથા ત્રાસ થાય.૫૫

भयं शोकं रुजं दुःखं विघ्नव्यूहपरंपराम् ।
संसूचयेद्विनाशं च दहनो दहनात्मकः ॥ ५६ ॥

અને દહન સ્વભાવવાળો દહન વાયુ હોય તો ભય, શોક, રોગ, દુઃખ, વિઘ્નના સમુહની પરંપરા તથા ધન ધાન્યાદિકના વિનાશને પણ સૂચવે છે. ૫૬.

---

## એ ચારે વાયુનું સૂક્ષ્મ ફળ બતાવે છે.

शशांकरविमार्गेण वायवो मंडलेष्वमी ।
विशंतः शुभदाः सर्वे निष्क्रामंतोऽन्यथा स्मृताः॥ ५७ ॥

ચંદ્ર અને સૂર્ય માર્ગે થઇ (ડાબી અને જમણી નાડીમા થઇ) આ ચારે મંડળમા પ્રવેશ કરતા વાયુ સર્વે શુભ દેવાવાળા છે, અને તે મંડળમાંથી નીકળતા અશુભ દેનારા કહ્યા છે. ૫૭.

---

## તેનું કારણ બતાવે છે.

प्रवेशसमये वायुर्जीवो मृत्युस्तु निर्गमे ।
उच्यते ज्ञानिभिस्तादृक् फलमप्यनयोस्ततः ॥ ५८

વાયુ જ્યારે મંડળમાં પ્રવેશ કરે છે ત્યારે તેને જીવ કહે

મંડળમાંથી નીકળે છે ત્યારે તેને મૃત્યુ કહે છે, માટે તે બેઉનું ફળ જ્ઞાની પુરૂષો તેવુંજ કહે છે. ૫૮.

વિવેચન—તાત્પર્ય એવું છે કે જ્યારે વાયુ પૂરકરૂપે મંડળમાં પ્રવેશ કરે છે (નાસિકાની અંદર લેવાતો હોય) ત્યારે જો કોઈ પ્રશ્ન કરે કે કાર્યનો પ્રારંભ કરે તો તે કાર્ય સિદ્ધ થાય છે અને જ્યારે રેચક રૂપે મંડળમાથી બહાર નીકળે ત્યારે કોઇ પ્રશ્ન અથવા પ્રારંભ કરે તો તે કાર્ય સિદ્ધ થતું નથી. ૫૮.

## ઇડાનાડિને માર્ગે પ્રવેશ કરતા વાયુનું શુભાશુભ અને મધ્યમપણું બતાવે છે.

पथेंदोरिंद्रवरुणौ विशंतौ सर्वसिद्धिदौ ।
रविमार्गेण निर्यांतौ प्रविशंतौ च मध्यमौ ॥ ५९ ॥

ચંદ્ર માર્ગે (ડાબી નાસિકાને માર્ગે) પ્રવેશ કરતા પુરંદર અને વરુણ વાયુ સર્વ સિદ્ધિને આપે છે અને સૂર્ય માર્ગે (જમણી નાસિકાને માર્ગે)નીકળતા અથવા પ્રવેશ કરતા તે બેઉ વાયુ મધ્યમ ફળ આપનારછે.

વિવેચન—ડાબી બાજુના નસકોરાને ચંદ્ર યા ઇડાનાડિ કહે છે અને જમણી બાજુના નસકોરાને પિંગલા યા સૂર્ય નાડિ કહે છે. ડાબી નાડિમાં પુરંદર અને વરૂણ વાયુ પ્રવેશ કરતા હોય એ અવસરે પ્રશ્ન યા કાર્યનો પ્રારંભ કરનારને તે કાર્યની સિદ્ધિ થાય છે અને તે વાયુ સૂર્ય નાડિમાંથી નિકળતો કે પ્રવેશ કરતો હોય ત્યારે પ્રશ્ન કરનારને યા કાર્ય પ્રારંભ કરનારને મધ્યમ ફળની પ્રાપ્તિ થાય છે.

दक्षिणेन विनिर्यान्तौ विनाशायानिलानलौ ।
निःसरन्तौ विशन्तौ च मध्यमावितरेण तु ॥ ६० ॥

જમણી નાસિકામાંથી નીકળતા પવન અને દહન વાયુ દરેક કાર્યના વિનાશને માટે થાય છે અને ડાબી નાસિકામાંથી નીકળતા કે પ્રવેશ કરતા તે વાયુ મધ્યમ ફળ આપે છે. ૬૦.

## નાડીઓનાં લક્ષણ બતાવે છે.

ડાબી બાજુએ રહેલી નાડીને ઇડાનાડિ કહે છે ને તેમાં ચંદ્રનું સ્થાન છે. જમણી બાજુએ રહેલી નાડીને પિંગલા કહે છે ને તેમાં

સૂર્યનું સ્થાન છે. બેઉની મધ્યમાં રહેલી નાડીને સુષુમ્ણા કહે છે ને તેમાં શિવ સ્થાન છે (મોક્ષ સ્થાન છે.) ૬૧.

## ત્રણે નાડીઓમાં વાયુસંચારનું સામાન્ય ફળ કહે છે.

**इडा च पिंगला चैव सुषुम्णा चेति नाडिकाः ।**
**शशिसूर्यशिवस्थानं वामदक्षिणमध्यगाः ॥ ६१ ॥**
**पीयूषमिव वर्षन्ती सर्वगात्रेषु सर्वदा ।**
**वामामृतमया नाडी सम्मताभीष्टसूचिका ॥ ६२ ॥**
**वहन्त्यनिष्टशंसित्री संहंत्री दक्षिणा पुनः ।**
**सुषुम्णा तु भवेत्सिद्धिनिर्वाणफलकारणम् ॥ ६३ ॥**

શરીરના સર્વ ભાગમાં નિરંતર જાણે અમૃત વરસાવતી હોય, તેમ અભીષ્ટ (મનોઇચ્છિત) કાર્યને સૂચવવાવાળી ડાબી નાડિને અમૃતમય માનેલી છે. તેમજ વહન થતી જમણી નાડિ અનિષ્ટ સૂચન કરવાવાળી અને કાર્યનો નાશ કરવાવાળી છે તથા સુષુમ્ણા નાડી અણિમાદિ આઠ મહા સિદ્ધિઓ તથા મોક્ષ ફળના કારણરૂપ છે. ૬૨–૬૩

**વિવેચન**—સુષુમ્ણા નાડિમાં મોક્ષનું સ્થાન છે, આઠ સિદ્ધિઓ અને મોક્ષનુ કારણ છે, આ કહેવાનો આશય એવો છે કે સુષુમ્ણા નાડિમાં ધ્યાન કરવાથી ઘણા થોડા વખતમાં એકાગ્રતા થવા પૂર્વક લાંબા વખત પર્યંત તે ધ્યાનસંતતિ બની રહે છે અને તેથી થોડા વખતમાં વધારે કર્મોનો ક્ષય કે નિર્જરા મેળવી શકાય છે, આ કારણથી તેમાં મોક્ષનુ સ્થાન કહેલુ છે તેમજ સુષુમ્ણા નાડિમાં પવનની ઘણી મંદગતિ હોય છે તેથી મનપણ ઘણી સ્હેલાઇથી સ્થિર થાય છે. મન તથા પવનની સ્થિરતા થતા સંયમ ઘણી સ્હેલાઇથી સાધી શકાય છે ધારણા, ધ્યાન અને સમાધિ એકજ સ્થળે કરવામાં આવે તેને સંયમ કહે છે આ સંયમ સિદ્ધિઓનું કારણ છે. માટે જ સુષુમ્ણા નાડિ મોક્ષનુ કે સિદ્ધિઓનું કારણ છે એમ કહેવામાં આવ્યુ છે.

આ શ્લોકોમાં નાડિ વહનનુ સામાન્ય ફળ બતાવવામાં આવ્યું છે, પણ તે નાડિનો ઉદય ક્યારે હોય, કેવી રીતે થયો હોય, ને

કેવા કેવા સંયોગોમાં તેથી ઉલટીજ રીતે તે નાડિઓના વહન થવાથી તેનું પરિણામ વિપરીત આવે તે વિશેષ આગળ ઉપર જણાવવામાં આવશે. ૬૨-૬૩.

## ડાબી અને જમણી નાડિ વહન થતાં જે જે કાર્યો કરવાં તે તે બતાવે છે.

वामैवाभ्युदयादीष्टशस्तकार्येषु सम्मता ।
दक्षिणा तु रताहारयुद्धादौ दीप्तकर्मणि ॥ ६४ ॥

અભ્યુદય આદિ ઇષ્ટ અને પ્રશસ્ત કાર્યોમાં ડાબી નાડિ સારી માનેલી છે અને વિષયસેવન, આહાર (ભોજન કરવું) તથા યુદ્ધાદિ દીપ્ત કાર્યોમા જમણી નાડી ઉત્તમ માનેલી છે. ૬૪.

**વિવેચન**—યાત્રા, દાન, વિવાહ, નવીન વસ્ત્રાભરણ પહેરવા, ગ્રામ, નગર. ગૃહપ્રવેશ, સ્વજન મેળાપ, શાતિક, પૌષ્ટિક, યોગાભ્યાસ, રાજદર્શન, ઔષધાદિ ચિકિત્સા, નવીન મિત્રાઇ કરવી, બીજ વગેરેનું વપન આદિ કાર્યના પ્રારંભકાળે ડાબી નાડી સારી જાણવી.

ભોજન. વિગ્રહ, મૈથુન, યુદ્ધ, મંત્રસાધન, દીક્ષા ગ્રહણ, સેવાકર્મ, વાણિજ્યકર્મ, ઔષધ કરવું, ભૂતપ્રેતાદિ સાધન, બીજાં પણ તેવાં રૌદ્ર કાર્યમા સૂર્ય નાડિ પ્રશસ્ત જાણવી

## નાડિના ઉદયની શ્રેષ્ટતા.

वामा शस्तोदये पक्षे सिते कृष्णे तु दक्षिणा ।
त्रीणि त्रीणि दिनानींदुसूर्ययोरुदयः शुभः ॥ ६५ ॥

અજવાળા પક્ષમાં સૂર્યોદય વેળાએ ડાબી નાડિનો ઉદય હોય તો તે શ્રેષ્ટ છે અને અંધારા પખવાડીયામાં સૂર્યોદય વેળાએ જમણી નાડિનો ઉદય શ્રેષ્ટ છે. આ ચંદ્ર સૂર્ય નાડીનો ઉદય ત્રણ ત્રણ દિવસ સારો હોય છે. ( વિશેષ ખુલાસો હવે પછી આવશે ). ૬૫.

## નાડિના અસ્તની શ્રેષ્ટતા.

शशांकेनोदये वायोः सूर्येणास्तं शुभावहम् ।
उदये रविणा त्वस्य शशिनास्तं शिवं मतम् ॥ ६६ ॥

વાયુનો ઉદય સૂર્ય ઉદય વેળાએ ચંદ્ર સ્વરમાં થયો હોય તો તે દિવસે સૂર્ય સ્વરમાં અસ્ત થાય તો તે સુખાકારી છે, અને સૂર્ય સ્વરમાં જો ઉદય થયો હોય તો ચંદ્ર સ્વરમાં અસ્ત થવો તે કલ્યાણકારી છે. ૬૬.

## પૂર્વે કહેલ નાડિનો ઉદય વિશેષ પ્રકારે બતાવે છે.

सितपक्षे दिनारंभे यत्नतः प्रतिपद्दिने ।
वायोर्वीक्षेत संचारं प्रशस्तमितरं तथा ॥ ६७ ॥
उदेति पवनः पूर्वं शशिन्येष त्र्यहं ततः ।
संक्रामति त्र्यहं सूर्ये शशिन्येव पुनस्त्र्यहं ॥ ६८ ॥
वहेद्यावद् बृहत्पर्वक्रमेणानेन मारुतः ।
कृष्णपक्षे पुनः सूर्योदयेपूर्वमयं क्रमः ॥ ६९ ॥
त्रिभिर्विशेषकम्

અજવાળા પક્ષના પડવાને દિવસે સૂર્યોદયના પ્રારંભ વખતે યત્નપૂર્વક પ્રશસ્ત યા અપ્રશસ્ત વાયુના સંચારને જોવો. પ્રથમ ચંદ્ર નાડિમાં પવન વહેવો શરૂ થશે. તે ૧–૨–૩ ત્રણ દિવસ પર્યંત સૂર્યોદય વખતે વહન થશે. પછીના ત્રણ દિવસ ૪–૫–૬–સૂર્યોદય વખતે સૂર્ય નાડિમાં વહન થશે. ફરી ત્યાર પછીના ત્રણ દિવસ ૭–૮–૯ ચંદ્ર નાડિમાં વહન થશે એવી રીતે પૂર્ણિમા પર્યંત આજ ક્રમે વાયુ વહેવો જારી રહેશે એટલે ૧૦–૧૧–૧૨ સૂર્યમાં–૧૩–૧૪–૧૫ ચંદ્રમાં.

અંધારા પક્ષમા પહેલા સૂર્યનાડિમાં ૧–૨–૩ ત્રણ દિવસની પછીના ત્રણ દિવસ ૪–૫–૬–ચંદ્રમાં–તેવી રીતે અમાવાસ્યા પર્યંત વહન થશે. ૬૭, ૬૮, ૬૯.

આ વાયુનુ વહન આખા દિવસ માટે નથી, પણ સૂર્યોદયના વખત માટે છે. પછી તો અઢી અઢી ઘડીએ ચંદ્રમા, સૂર્યમાં વિગેરે નાડિઓમાં બદલાયા કરે છે. આ નિયમમાં ફેરફાર થાય તો તેનું પરિણામ અશુભ યા દુઃખદ આવે છે.

## આ ક્રમથી વાયુ વિપરિત ચાલે તેનું ફળ બતાવે છે.

त्रीन् पक्षानन्यथात्वेऽस्य मासषट्केन पंचता ।
पक्षद्वयं विपर्यासेऽभीष्टबंधुविपद् भवेत् ॥ ७० ॥

भवेत्तु दारुणो व्याधिरेकं पक्षं विपर्यये ।
द्विव्याद्यहर्विपर्यासे कलहादिकमुद्दिशेत् ॥ ७१ ॥

જો ત્રણ પખવાડીયાં પર્યંત વાયુ વિપરીતપણે ઉદય થાય (એટલે સૂર્યને બદલે ચંદ્રનો ને ચદ્રને બદલે સૂર્યનો ઉદય થાય) તો તે માણસ ૭ મહીને મરણ પામે. બે પખવાડીયાં વિપરીત ચાલે તો વહાલા બંધુને વિપદા થાય. એક પખવાડીયા પર્યંત વિપરીત ચાલે તો ભયંકર વ્યાધિ ઉત્પન્ન થાય અને જો બે ત્રણ દિવસ વિપરિત ચાલે તો કુલેશાદિ પેદા થાય. ૭૦, ૭૧.

## કાળજ્ઞાન.

एकद्वित्रीण्यहोरात्राण्यर्क एव मरुद्वहन् ।
वर्षैस्त्रिभिर्द्वाभ्यामेकेनांतायेंदोरुजे पुनः ॥ ७२ ॥

એક અહોરાત્રિ ( રાત્રિ અને દિવસ ) જો સૂર્ય નાડિમાંજ વાયુ ચાલે તો ત્રણ વર્ષે મરણ થાય, બે અહો રાત્રિ સૂર્ય નાડિમાં પવન ચાલે તો બે વર્ષે મરણ થાય, અને ત્રણ અહો રાત્રિ ચાલે તો એક વર્ષે મરણ થાય, અને જો ચંદ્ર નાડિમાં તેટલો વખત પવન ચાલે તો રોગ પેદા થાય. ૭૨.

मासमेकं रवावेव वहन् वायुर्विनिर्दिशेत् ।
अहोरात्रावधिं मृत्युं शशांकेन धनक्षयम् ॥ ७३ ॥

એક મહિના પર્યંત સૂર્ય નાડિમાંજ પવન ચાલ્યા કરે તો એક અહોરાત્રિમા તેનું મરણ થાય. અને તેટલો વખત ચંદ્ર નાડિમાંજ પવન ચાલે તો ધનનો નાશ થાય. ૭૩.

वायुस्त्रिमार्गगः शंसेन्मध्याह्नात्परतो मृतिम् ।
दशाहं तु द्विमार्गस्थः संक्रांतौ मरणं दिशेत् ॥ ७४ ॥

ઇડા, પિંગલા અને સુષુમ્ણા એ ત્રણે નાડિમાં જો પવન સાથે ચાલે તો બે પહોર પછી મરણ થાય. ઇડા અને પિંગલા બેઉ નાડિમાં સાથે ચાલે તો દશ દિવસે મરણ થાય અને એકલી સુષુમ્ણામાં ( લાંબો વખત ) ચાલે તો મરણ થાય એમ કહેવું. ૭૪.

दशाहं तु वहन्निंदावेवोद्वेगरुजे मरुत् ।
इतश्चेतश्च यामार्धं वहन् लाभार्चनादिकृत् ॥ ७५ ॥

જો દસ દિવસ નિરંતર ચંદ્ર નાડિમાંજ પવન ચાલે તો ઉદ્વેગ તથા રોગ થાય અને સૂર્ય, ચંદ્ર એક એક નાડિમાં વારા ફરતી અરધો પહોર, (ચાર ચાર ઘડી) સુધી વાયુ ચાલ્યા કરે તો લાભ અને પૂજા પ્રમુખ ફળ થાય. ૭૫.

**विषुवत्समयप्राप्तौ स्पंदेते यस्य चक्षुषो ।**
**अहोरात्रेण जानीयात् तस्य नाशमसंशयम् ॥ ७६ ॥**

બાર કલાકનો દિવસ અને બાર કલાકની રાત્રિ હોય તો તે વિષુવત્ સમય કહેવાય છે. તે વિષુવત્ સમયમાં જેની આંખો ફરકે તે એક અહો રાત્રિમાં મરણ પામે એ નિઃશંસય છે. કોઇક વિષુવત્કાળનો એવો અર્થ કરે છે કે સૂર્ય અને ચંદ્ર નાડિ એકી સાથે બેઉ ચાલતી હોય તે વિષુવત્કાળ. તેમાં નેત્રો ફરકે તો એક અહો રાત્રિમાં મરણ થાય. વાયુના વિકારથી ફરકે તેનો આંહી અધિકાર નથી પણ સ્વાભાવિક ફરકે તે માટે છે. ૭૬.

**पंचातिक्रम्य संक्रांतीर्मुखे वायुर्वहन् दिशेत् ।**
**मित्रार्थहानिनिस्तेजोऽनर्थान् सर्वान् मृतिं विना ॥ ७७ ॥**

એક નાડિમાંથી બીજી નાડીમાં પવન જાય તેને સંક્રાંતિ કહે છે. તેવી દિવસની પાંચ સંક્રાંતિ જવા પછી જો વાયુ મોઢાથી ચાલે તો મિત્ર, ધનની હાનિ, નિસ્તેજપણુ અને મરણ સિવાય સર્વ અનર્થ પામે. ૭૭.

**संक्रांतीः समतिक्रम्य त्रयोदश समीरणः ।**
**प्रवहन् वामनासायां रोगोद्वेगादि सूचयेत् ॥ ७८ ॥**

તેર સંક્રાંતિને ઓળગીને પછી વાયુ જો ડાબી નાસિકામાંથી ચાલે તો તે રોગ તથા ઉદ્વેગાદિ થશે એમ સૂચવે છે. ૭૮.

**मार्गशीर्षस्य संक्रांतिकालादारभ्य मारुतः ।**
**वहन् पंचाहमाचष्टे वत्सरेऽष्टादशे मृतिं ॥ ७९ ॥**

(માગશર માસના અજવાળા પખવાડીયાના પડવાને દિવસે સૂર્યોદયે જે વાયુ વહન થાય છે તેને માગશર સંક્રાંતિ કહે છે,) તે માગશર સંક્રાંતિકાળથી લઇને જો એકજ નાડિમા પાચ દિવસ સુધી પવન વહ્યા કરે તો તે દિવસથી અઢારમે વર્ષે મરણ થશે એમ જાણવું. ૭૯.

शरत्संक्रांतिकालाच्च पंचाहं मारुतो वहन् ।
ततः पंचदशाब्दानामंते मरणमादिशेत् ॥ ८० ॥

શરદ સંક્રાંતિથી (આસો મહિનાના પહેલા પડવાથી) લઈને જો એકજ નાડિમાં પાંચ દિવસ સુધી પવન ચાલ્યા કરે તો પંદર વર્ષે મરણ થશે એમ કહેવું. ૮૦.

श्रावणादेः समारभ्य पंचाहमनिलो वहन् ।
अंते द्वादशवर्षाणां मरणं परिसूचयेत् ॥ ८१ ॥
वहन् ज्येष्ठादिदिवसाद्दशाहानि समीरणः ।
दिशेन्नवमवर्षस्य पर्यंते मरणं ध्रुवम् ॥ ८२ ॥
आरभ्य चैत्राद्यदिनात्पंचाहं पवनो वहन् ।
पर्यंते वर्षषट्कस्य मृत्युं नियतमादिशेत् ॥ ८३ ॥
आरभ्य माघमासादेः पंचाहानि मरुद्वहन् ।
संवत्सरत्रयस्यांते संसूचयति पंचताम् ॥ ८४ ॥
चतुर्भिः कलापकं.

શ્રાવણ મહિનાની આદીથી. પાંચ દિવસ એકનાડિમાં વાયુ ચાલે તો તે બાર વર્ષને અંતે તેનું મરણ સૂચવે છે જેઠ મહિનાના પ્રથમ દિવસથી દસ દિવસ એકજ નાડિમાં વાયુ ચાલે તો નવ વર્ષને અંતે નિશ્ચે તેનું મરણ થાય. ચૈત્ર મહિનાના પ્રથમ દિવસથી પાંચ દિવસ એકજ નાડિમાં પવન વહન થાય તો છ વર્ષને અંતે નિશ્ચે મરણ થાય. માહ મહિનાની આદિથી લઈને પાંચ દિવસ એકજ નાડિમાં પવન ચાલે તો ત્રણ વર્ષને અંતે તેનું મરણ થશે એમ તે સૂચવે છે. ૮૧, ૮૨. ૮૩. ૮૪.

सर्वत्र द्वित्रिचतुरो वायुश्चेद्दिवसान् वहेत् ।
अब्दभागैस्तु ते शोध्या यथावदनुपूर्वशः ॥ ८५ ॥

તે મહિનામાં એકજ નાડિમાં બે ત્રણ કે ચાર દિવસ જો વાયુ વહન થાય તો પાંચ દિવસ વાયુ ચાલે ત્યારે જેટલે વર્ષે મરણ કહ્યું છે તે વર્ષના પાંચ ભાગો કરી તેમાંથી ચાર દિવસ ચાલે તો એક ભાગ ઓછો જાણવો, ત્રણ દિવસ ચાલે તો તે વર્ષોમાંથી બે ભાગ ઓછા કરવા એમ યથાયોગ્ય અનુક્રમે જાણી લેવું, તેવીજ રીતે ઋતુ

આદિના માસમાં પણ બે ત્રણ કે ચાર દિવસ વાયુ નિરંતર એકજ નાડિમાં વહન થાય તો ત્યાં પણ તેવા વિભાગો સમજી લેવા. ૮૫.

अथेदानीं प्रवक्ष्यामि किंचित्कालस्य निर्णयम् ॥
सूर्यमार्गं समाश्रित्य स च पौष्णे च गम्यते ॥ ८६ ॥

હવે હું હમણા કાંઇક કાળજ્ઞાનનો નિર્ણય કહીશ, તે કાળજ્ઞાન સૂર્ય માર્ગને આશ્રયિને પૌષ્ણ કાળમાં જાણી શકાય છે.

## પૌષ્ણ કાળનું લક્ષણ બતાવે છે.

जन्मऋक्षगते चंद्रे समसप्तगते रवौ ।
पौष्णनामा भवेत्कालो मृत्युनिर्णयकारणम् ॥ ८७ ॥

જન્મ નક્ષત્રે ચંદ્રમા હોય અને આપણી રાશિથી સાતમી રાશિએ સૂર્ય હોય તથા જેટલી ચદ્રમાએ જન્મ રાશિ ભોગવી તેટલીજ સૂર્યે સાતમી રાશિ ભોગવી હોય, ત્યારે પૌષ્ણ નામનો કાળ કહેવાય, તે પૌષ્ણ કાળ મૃત્યુ નિર્ણય કરવામા કારણભૂત છે. અર્થાત્ તે કાળમા મૃત્યુનો નિર્ણય કરી શકાય છે ૮૭.

दिनार्धं दिनमेकं च यदा सूर्ये मरुद्वहन् ।
चतुर्दशे द्वादशेऽब्दे मृत्यवे भवति क्रमात् ॥ ८८ ॥

તે પૌષ્ણ કાળમાં જો અર્ધો દિવસ સૂર્ય નાડિમા પવન ચાલતો હોય તો ચૌદમે વર્ષે મરણ થાય, અને જો આખો દિવસ સૂર્ય નાડિમાં પવન ચાલે તો બારમે વર્ષે મરણ થાય. ૮૮.

तथैव च वहन् वायुरहोरात्रं द्व्यहं त्र्यहं ।
दशमाष्टमषष्ठाब्देष्वंताय भवति क्रमात् ॥ ८९ ॥

તેમજ તે પૌષ્ણ કાળમાં એક અહો રાત્રિ, બે દિવસ કે ત્રણ દિવસ સૂર્ય નાડિમા પવન ચાલે તો અનુક્રમે દશમે વર્ષે, આઠ વર્ષે અને છઠ્ઠે વર્ષે મરણ માટે થાય. ૮૯.

वहन् दिनानि चत्वारि तुर्येऽब्दे मृत्यवे मरुत् ॥
साशीत्यहःसहस्रे तु पंचाहानि वहन् पुनः ॥ ९० ॥

જો ચાર દિવસ વાયુ તેમજ વહન થાય તો ચોથે વર્ષે મરણ થાય, પાંચ દિવસ વહન થાય તો ત્રણ વર્ષે મરણ થાય. ૯૦.

एकद्वित्रिचतुःपंच चतुर्विंशत्यहः क्षयात् ।
षडादीन् दिवसान् पंच शोधयेदिह तद्यथा ॥ ९१ ॥

એક સૂર્યનાડિમાં છ, સાત, આઠ, નવ, દશ, દિવસ પર્યંત વાયુ વહન થાય તો (પાંચ દિવસ ચાલે તો ૧,૦૮૦ દિવસ જીવે,) તેમાંથી ૧-૨-૩-૪-૫ ચોવીસ દિવસ ઓછા કરવા. ૯૧.

---

## તેજ બતાવે છે.

षट्कं दिनानामध्यर्कं वहमाने समीरणे ।
जीवत्यह्नां सहस्त्रं षट् पंचाशद्दिवसाधिकम् ॥ ९२ ॥

છ દિવસ સૂર્ય નાડિમાં વાયુ ચાલે તો (૧૦૫૬) એક હજાર ને છપ્પન દિવસ જીવે. ૯૨.

सहस्त्रं साष्टकं जीवेद्वायौ सप्ताहवाहिनि ।
सषट्त्रिंशन्नवशतीं जीवेदष्टाहवाहिनि ॥ ९३ ॥

સાત દિવસ સરખો પવન ચાલે તો (૧૦૦૮) એક હજારને આઠ દીવસ જીવે, આઠ દિવસ ચાલે તો (૯૩૬) નવસો છત્રીસ દિવસ સુધી તે માણુસ જીવે. ૯૩

एकत्रैव नवाहनि तथा वहति मारुते ।
अह्नामष्टशतीं जीवेच्चत्वारिंशद्दिनाधिकाम् ॥ ९४ ॥

એકજ નાડિમા નવ દીવસ પર્યંત વાયુ વહ્યા કરે તો (૮૪૦) આઠસો ચાલીસ દિવસ તે જીવે. ૯૪.

तथैव वायौ प्रवहत्येकत्र दश वासरान् ।
विंशत्यधिकामह्नां जीवेत्सप्तशतीं ध्रुवम् ॥ ९५ ॥

તેમજ પૌષ્ણ કાળમાં એક નાડિમા દશ દિવસ વાયુ વહન થાય તો (૭૨૦) સાતસે વીસ દિવસ તે જીવે. ૯૫.

एकद्वित्रिचतुः पंचचतुर्विंशत्यहः क्षयात् ।
एकादशादिपंचाहान्यत्र शोध्यानि तद्यथा ॥ ९६ ॥

અગીયારથી પાંચ દિવસ એટલે ૧૧-૧૨-૧૩-૧૪-૧૫ સુધી એક નાડિમા પવન વહન થાય તો અનુક્રમે ૧-૨-૩-૪-૫ ચોવીશીના દિવસો (૭૨૦) માંથી બાદ કરવા. ૯૬.

તેજ બતાવે છે.

एकादश दिनान्यर्कनाड्यां वहति मारुते ।
षण्णवत्यधिकान्हानां षट् शतान्येव जीवति ॥ ९७ ॥

પૌષ્ણકાળમાં સૂર્ય નાડિમાં અગીયાર દિવસ વાયુ ચાલ્યા કરે તો (૬૯૬) છસેં છન્નુ દિવસ તે જીવે. ૯૭.

तथैव द्वादशाहानि वायौ वहति जीवति ॥
दिनानां षट्शतीमष्टचत्वारिंशत् समन्विताम् ॥ ९८ ॥

તેમજ બાર દિવસ વાયુ વહન થાય તો (૬૪૮) છસેં અડતાળીસ દિવસ તે જીવે. ૯૮.

त्रयोदशदिनान्यर्कनाडिचारिणि मारुते ।
जीवेत्पंचशतीमह्नां षट्सप्तति दिनाधिकाम् ॥ ९९ ॥
चतुर्दश दिनान्येवं प्रवाहिनि समीरणे ।
अशीत्यभ्यधिकं जीवेदह्नां शतचतुष्टयं ॥ १०० ॥
तथा पंचदशाहानि यावत् वहति मारुते ।
जीवेत्षष्टिदिनोपेतं दिवसानां शतत्रयम् ॥ १०१ ॥
एकद्वित्रिचतुः पंच द्वादशाहक्रमक्षयात् ।
षोडशाद्यानि पंचाहान्यत्र शोध्यानि तद्यथा ॥ १०२ ॥

તેર દિવસ સૂર્ય નાડિમા પવન ચાલે તો પાંચસો છોંતેર દિવસ તે મનુષ્ય જીવે. એમજ ચૌદ દિવસ વાયુ ચાલે તો ચારસોએંસી દિવસ જીવે. પંદર દિવસ પર્યંત વાયુ ચાલે તો ત્રણસો સાઠ દિવસ જીવે. સોળથી માંડી પાંચ દિવસ પર્યંત એક સૂર્ય નાડિમાં પવન ચાલે તો, એટલે સોળ, સત્તર, અઢાર, ઓગણીસ અને વીશ દિવસ પર્યંત એક નાડિમાં પવન ચાલે તો ત્રણસો સાઠ દિવસોમાંથી એક દિવસે એક બાર, બીજે દિવસે બે બાર, ત્રીજે દિવસે ત્રણ બાર, એમ પાંચ દિવસ સુધીમાં ક્રમે બાદ કરતાં બાકી રહેલા દિવસોમાંથી બાદ કરવા તેજ બતાવે છે. ૯૯ થી ૧૦૨,

प्रवहत्येकनासायां षोडशाहानि मारुते ।
जीवेत्सहाष्टचत्वारिंशतं दिनशतत्रयीम ॥ १०३ ॥

वहमाने तथा सप्तदशाहानि समीरणे ।
अह्नां शतत्रये मृत्युश्चतुर्विंशतिसंयुते ॥ १०४ ॥
पवने विचरत्यष्टादशाहानि तथैव च ।
नाशोऽष्टाशीतिसंयुक्ते गते दिनशतद्वये ॥ १०५ ॥
विचरत्यनिले तद्वत् दिनान्येकोनविंशतिम् ।
चत्वारिंशद्युते याते मृत्युर्दिनशतद्वये ॥ १०६ ॥
विंशति दिवसानेकनासाचारिणि मारुते ।
साशीतौ वासरशते गते मृत्युर्न संशयः ॥ १०७ ॥

એક નાસિકામાં સોળ દિવસ વાયુ વહન થાય તો ત્રણસો અડતાળીસ દિવસ તે મનુષ્ય જીવે. તેમજ સત્તર દિવસ પર્યંત વાયુ વહન થાય તો, ત્રણસે ચોવીસ દિવસે મરણ થાય. તેજ પ્રમાણે અઢાર દિવસ પર્યંત વાયુ વહન થાય તો બસો અઠ્ઠાસી દિવસે તેનો નાશ થાય. પૂર્વની માફક ઓગણીસ દિવસ વાયુ ચાલે તો બશો ચાળીસ દિવસ ગયા પછી મરણ પામે અને એકજ નાસામાં વીસ દિવસ પર્યંત સૂર્ય વાયુ ચાલ્યા કરે તો એકસો એંશી દિવસે મૃત્યુ થાય, આમાં કાંઇ સંશય નથી. ૧૦૩ થી ૧૦૭

एकद्वित्रिचतुःपंचदिनषट्ककमक्षयात् ।
एकविंशादिपंचाहान्यत्र शोध्यानि तद्यथा ॥ १०८ ॥

૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫ દિવસ પર્યંત સૂર્ય નાડિમાં પવન વહન થાય તો એકસો એંશી દિવસમાંથી ૧, ૨, ૩, ૪, ૫, ૬, ષટકને અનુક્રમે બાદ કરવા. ૧૦૮.

---

## તેજ બતાવે છે.

एकविंशत्यहं त्वर्कनाडीवाहिनि मारुते ।
चतुःसप्ततिसंयुक्ते मृत्युर्दिनशते भवेत् ॥ १०९ ॥

પોષ્ણકાળમાં એકવીસ દિવસ પર્યંત સૂર્ય નાડિમાં પવન વહન થાય તો (૧૭૪) એકસો ચુમોતેર દિવસે તેનુ મરણ થાય, ૧૦૯.

द्वाविंशतिदिनान्येवं स द्विषष्टावहःशते ।
षड्दिनोनैःपंचमासै स्त्रयोविंशत्यहानुगे ॥ ११० ॥

તેવી રીતે બાવીસ દિવસ પવન ચાલે તો (૧૬૨) એકસો બાસઠ દિવસ જીવે, ત્રેવીસ દિવસ પવન એક નાડિમાં ચાલે તો પાંચ મહિનામાં છ દિવસ ઓછા એટલું જીવે. ૧૧૦.

तथैव वायौ वहति चतुर्विंशतिवासरीं ।
विंशत्यभ्यधिके मृत्युर्भवेद्दिनशते गते ॥ १११ ॥

તેજ પ્રમાણે ચોવીસ દિવસ વાયુ ચાલે તો (૧૨૦) એકસોવીસ દિવસ જવા પછી તેનુ મરણ થાય. ૧૧૧.

पंचविंशत्यहं चैवं वायौ मासत्रये मृतिः ।
मासद्वये पुनर्मृत्युः षड्विंशतिदिनानुगे ॥ ११२ ॥

એમ પચીસ દિવસ વાયુ ચાલે તો ત્રણ મહિને મરણ થાય અને છવીસ દિવસ તેવી રીતે વાયુ ચાલે તો બે મહિનામાં મરણ થાય. ૧૧૨.

सप्तविंशत्यहं वहेन्नाशो मासेन जायते ।
मासार्धेनपुनर्मृत्यु रष्टाविंशत्यहानुगे ॥ ११३ ॥

સત્તાવીસ દિવસ વાયુ ચાલે તો એક મહિને મરણ થાય અને અઠ્ઠાવીસ દિવસ ચાલે તો ૫દર દિવસે મરણ થાય. ૧૧૩.

एकोनत्रिंशदहगे मृतिः स्याद्दशमेऽहनि ।
त्रिंशद्दिनीचरे तु स्यात्पंचत्वं पंचमे दिने ॥ ११४ ॥

ઓગણત્રીસ દિવસ ચાલે તો દશમે દિવસે મરણ થાય, અને ત્રીસ દિવસ ચાલે તો પાચમે દિવસે મરણ થાય ૧૧૪.

एकत्रिंशदहचरे वायौ मृत्युर्दिन त्रये ।
द्वितीयदिवसे नाशो द्वात्रिंशदहवाहिनि ॥ ११५ ॥

એકત્રીસ દિવસ ચાલે તો ત્રણ દિવસે મરણ થાય અને બત્રીસ દિવસ સૂર્ય નાડિમાં વાયુ ચાલે તો બીજે દિવસે મરણ થાય. ૧૧૫.

त्रयस्त्रिंशदहचरे त्वेकाहेनापि पंचता ।
एवं यदींदुनाड्यां स्यात् तदा व्याध्यादिकं दिशेत् ॥११६॥

તેત્રીસ દિવસ સૂર્યની નાડિમાં પવન ચાલે તો એક દિવસમાંજ મરણ થાય. આજ પ્રમાણે પૌષ્ણકાળમા જો ચંદ્ર નાડિમાંજ પવન ચાલ્યા કરે તો વ્યાધિ થાય. આદિ શબ્દથી મિત્રવિનાશ, મહા ભય,

પરદેશગમન, ધનવિનાશ, પુત્રવિનાશ. રાજ્યને નાશ અને દુર્ભિક્ષાદિ ઉત્પન્ન થાય. ૧૧૬.

अध्यात्मं वायुमाश्रित्य प्रत्येकं सूर्यसोमयोः ।
एवमभ्यासयोगेन जानीयात् कालनिर्णयम् ॥ ११७ ॥

આ પ્રમાણે શરીરમાં રહેલા ચંદ્ર સૂર્ય સંબંધી પ્રત્યેક વાયુના અભ્યાસે કરી કાલને ( આયુષ્યને ) નિર્ણય જાણવા. ૧૧૭.

अध्यात्मिकविपर्यासः संभवेद्व्याधितोपि हि ।
तन्निश्चयाय वच्मामि बाह्यं कालस्य लक्षणम् ॥ ११८ ॥

કદાચ વ્યાધિ કે રાગ થવાથી પણ શરીર સંબંધી વાયુને વિપર્યાસ થઈ આવે છે, માટે કાળજ્ઞાનના નિશ્ચય કરવા માટે આયુષ્ય જાણવાનું બાહ્ય લક્ષણ બાંધું છું. ૧૧૭.

**વિવેચન**—રાગના કારણથી કેટલીક વખત એક નાડી વધારે વખત વહ્યા કરે છે, કે બીજી નાડી ચાલતી નથી. આમ હોવાથી આયુષ્ય નિર્ણય કરવા માટે આયુષ્ય નિર્ણયનું બીજું લક્ષણ આચાર્ય બતાવે છે, તેનો પણ પ્રયોગ સાથે અજમાવી કાળનો ચોકસ નિર્ણય કરવો. ૧૧૮.

नेत्रश्रोत्रशिरोभेदात् स च त्रिविधलक्षणः ।
निरीक्ष्यः सूर्यमाश्रित्य यथेष्टमपरः पुनः ॥ ११९ ॥

નેત્ર. શ્રોત અને મસ્તકના ભેદથી ત્રણ પ્રકારના લક્ષણને જણાવવાવાળા આ બાહ્ય કાળને સૂર્યને અવલંબીને જોવો અને આ ત્રણ પ્રકારથી અન્યકાળના ભેદને યથા ઈચ્છાએ જોવા. ૧૧૯.

## નેત્ર લક્ષણ જ્ઞાન બતાવે છે.

वामे तत्रेक्षणे पद्मं पोडशच्छदमैंदवम् ।
जानीयाद् भावनीयं तु दक्षिणे द्वादशमैंदवम् ॥ १२० ॥

ડાબા નેત્રમાં સોળ પાંખડીવાળું ચંદ્ર સંબંધી કમળ છે એમ જાણવું અને જમણા નેત્રમાં બાર પાંખડીવાળું સૂર્ય સંબંધી કમળ છે એમ ભાવવું. ૧૨૦.

खद्योतद्युतिवर्णानि चत्वारिच्छदनानि तु ।
प्रत्येकं तत्र दृश्यानि स्वांगुलीविनिपीडनात् ॥ १२१ ॥

પોતાની આંગળીથી આંખના અમુક ભાગને ગુરૂ ઉપદેશાનુસારે દબાવવાથી, પ્રત્યેક કમળની ચાર પાંખડીઓ, કાંતિની માફક ઝગઝગાટ કરતી જણાશે તે જોવી. ૧૨૧.

सोमाधोभ्रूलतापांगघ्राणांतिकदलेषु तु ।
दले नष्टे क्रमान्मृत्युः षट्‌त्रियुग्मैकमासतः ॥ १२२ ॥

ચંદ્ર સંબંધી કમલમાં તે ચાર પાખડીમાંથી જો હેઠળની પાંખડી ન દેખાય તો ૭ માસે મરણ થાય, ભ્રકુટી પાસેની પાંખડી ન દેખાય તો ત્રણ માસે મરણ થાય, આંખના ખૂણા તરફની પાંખડી ન દેખાય તો બે માસે મરણ થાય અને નાસિકા તરફની પાંખડી ન દેખાય તો એક મહીને મરણ થાય ૧૨૨.

अयमेव क्रमः पद्मे भानवीये यदा भवेत् ।
दशपंचत्रिद्विदिनैः क्रमान्मृत्युस्तदा भवेत् ॥ १२३ ॥

ડાબી આંખની માફક જમણી આખ આંગલીએ દબાવવાથી સૂર્ય સંબંધી બાર પાંખડીવાળુ કમળ દેખાશે. તે બાર માંહીલી ચાર પાંખડીઓ ખજવાની માફક દેદીપ્યમાન દેખાશે તે ચાર માંહેલી જો હેઠલની પાંખડી ન દેખાય તો દશ દિવસે મરણ થાય. ઉપરની (ભ્રકુટી તરફની) પાંખડી ન દેખાય તો પાચ દિવસે મરણ થાય. કાન તરફની યા આંખના ખુણા તરફની પાખડી ન દેખાય તો ત્રણ દિવસે મરણ થાય અને નાકની બાજુની પાંખડી ન દેખાય તો બે દિવસે મરણ થાય છે. ૧૨૩.

एतान्यपीड्यमानानि द्वयोरपि हि पद्मयोः ।
दलानि यदि वीक्ष्यंते मृत्युर्दिनशतात्तदा ॥ १२४ ॥

આંગલીથી આખને દબાવ્યા સિવાય જો તે બેઉ કમલની પાંખડીઓ જોવામાં આવે તો સો દિવસે તેનુ મરણ થાય. ૧૨૪

---

## કાનથી થતું આયુષ્યજ્ઞાન.

ध्यात्वा हृद्यष्टपत्राब्जं श्रोत्रे हस्ताग्रपीडिते ।
न श्रूयेताग्निनिर्घोषो यदि स्वः पंचवासरान् ॥ १२५ ॥
दश वा पंचदश वा विंशतिं पंचविंशतिम् ।
तदा पंच चतुस्त्रिद्व्येकवर्षैर्मरणं भवेत ॥ १२६ ॥

હૃદયમાં આઠ પાંખડીવાળા કમળનું ધ્યાન કરીને પછી હાથની તર્જની આંગળી બેઉ કાનના વિવરોમાં નાખવી તો જોરથી બળતા અગ્નિની માફક ધડહડાટ જેવો શબ્દ સંભળાશે. જો તે કાનમાં થતો શબ્દ પાંચ દિવસ, દશ દિવસ, પંદર દિવસ, વીસ દીવસ અને પચીસ દિવસ સુધી ન સભળાય તો અનુક્રમે પાંચ વર્ષે, ચાર વર્ષે, ત્રણ વર્ષે, બે વર્ષે અને એક વર્ષે મરણ થાય. ૧૨૫–૧૨૬.

**एकद्वित्रिचतुःपंचचतुर्विंशत्यहःक्षयात् ।**
**षडादिषोडशदिनान्यांतराण्यपि शोधयेत् ॥१२७॥**

છ દિવસથી લઈ સોળ દિવસ સુધી જો આંગળીથી દબાવ્યા છતાં કાનમાં થતો શબ્દ ન સભળાય તો અનુક્રમે એક, બે, ત્રણ, ચાર, પાંચ આદિથી લઈ સોળ ચોવીસીઓ પાંચ વર્ષના દિવસો-માંથી ઓછી કરવી. તેટલા દિવસ તે જીવે. ૧૨૭.

**વિવેચન**—છ દિવસ ન સંભળાય તો પાંચ વર્ષના દિવસ-માંથી એક ચોવીસી જેટલા દિવસો ઓછો જીવે. જો સાત દિવસ ન સભળાય તો છ દિવસ ન સભળાય તેના જે દિવસો છે તેમાંથી બે ચોવીસી ઓછી કરવી તેટલુ જીવે જો આઠ દિવસ ન સભળાય તો સાત દિવસ ન સભળાય તેના દિવસોમાંથી ત્રણ ચોવીસીઓ ઓછી કરવી. યાવત્ સોળ દિવસ પર્યંત સમજી લેવું. ૧૨૭.

## મસ્તકથી થતું આયુષ્યજ્ઞાન.

**ब्रह्मद्वारे प्रसर्पन्तीं पंचाहं धूमवल्लिकां ।**
**न चेत्पश्येत्तदा ज्ञेयो मृत्युः संवत्सरैस्त्रिभिः ॥ १२८ ॥**

બ્રહ્મદ્વાર (દશમેદ્વારે) પ્રસરતી ધુમાડાની શ્રેણી જો પાંચ દિવસ દેખવામાં ન આવે તો ત્રણ વર્ષે તેનું મરણ થશે એમ જાણવું.

આ ધુમાડાની શ્રેણિ બ્રહ્મદ્વારે કેવી રીતે જાય છે તે ગુરૂગમથી જાણવા યોગ્ય છે. ૧૨૮.

## છ શ્લોકે પ્રકારાંતરથી કાલજ્ઞાન જણાવે છે.

**प्रतिपद्दिवसे कालचक्रज्ञानाय शौचवान् ।**
**आत्मनो दक्षिणं पाणिं शुक्लं पक्षं प्रकल्पयेत् ॥ १२९ ॥**

કાળચક્ર જાણવા માટે સુદ પડવાને દિવસે પવિત્ર થઇ પોતાનો જમણો હાથ તે અજવાળો પખવાડો છે, એમ કલ્પના કરવી. ૧૨૯.

अधोमध्योर्ध्वपर्वाणि कनिष्ठांगुलिकानि तु ।
क्रमेण प्रतिपत्षष्ठ्येकादशीः कल्पयेत्तिथीः ॥ १३० ॥

તથા ટચલી આંગળીના હેઠલા, વચલા અને ઉપરના પર્વને (વેઢાને) અનુક્રમે પડવો છઠ તથા અગીયારસની તિથી છે તેવી કલ્પના કરવી ૧૩૦.

अवशेषांगुलीपर्वाण्यवशेषतिथीस्तथा ।
पंचमी दशमी राका पर्वाण्यंगुष्ठगानि तु ॥ १३१ ॥

અંગુઠાના નીચલા, વચલા અને ઉપલા પર્વમાં પાંચમ, દશમ અને પૂનમ એમ અનુક્રમે તિથીની કલ્પના કરવી અને બાકી રહેલી આંગળીના પર્વમાં બાકી રહેલી તિથીઓની કલ્પના કરવી. (એટલે અનામિકા આંગલીના નીચેલા, વચલા અને ઉપલા પર્વમાં બીજ, ત્રીજ ને ચોથની કલ્પના કરવી મધ્યમ આંગુલીના પર્વમાં સાતમ, આઠમ, નોમની કલ્પના કરવી તથા તર્જની આંગુલીના પર્વમાં બારસ, તેરસ અને ચૌદશની કલ્પના કરવી) ૧૩૧

वामपाणिं कृष्णपक्षतिथीस्तद्वच्च कल्पयेत् ।
ततश्च निर्जने देशे बद्धपद्मासनः सुधीः ॥ १३२ ॥
प्रसन्नः सितसंव्यानः कोशीकृत्य करद्वयम् ।
ततस्तदंतः शून्यं तु कृष्णवर्णं विचिंतयेत् ॥ १३३ ॥

અંધારા પખવાડાના પડવાને દિવસે ડાબા હાથને કૃષ્ણપક્ષ તથા આંગળીઓની અંદર (અજવાળા પક્ષના હાથની માફક) તિથિઓની કલ્પના કરી મનુષ્યના સંચાર વિનાના પ્રદેશમા જઇ પદ્માસન કરી મનની પ્રસન્નતાપૂર્વક ઉજ્વલ ધ્યાન કરી બે હાથને કમળના ડોડાને આકારે રાખી તે હાથની અંદર કાળા વર્ણનું એક બિંદુ ચિંતવવું, ૧૩૩

उद्घाटितकरांभोजस्ततो यत्रांगुलीतिथौ ।
वीक्ष्यते कालबिंदुः स काल इत्यत्र कीर्त्यते ॥ १३४ ॥

ત્યાર પછી હાથ ઉઘાડતાં જે આગળીની અંદર કલ્પેલી અંધારી

અજવાળી તિથીમાં કાળું બિંદુ પડેલુ દેખાય તે અંધારી યા અજવાળી તિથીને દિવસે તેનુ મરણ થાય છે. ૧૩૪.

---

### આયુષ્ય નિર્ણયનો બીજો ઉપાય બતાવે છે.

क्षुतविण्मेदमूत्राणि भवंति युगपद्यदि ।
मासे तत्र तिथौ तत्र वर्षांते मरणं तदा ॥ १३५ ॥

જે માણસને છીંક, વિષ્ટા, વીર્યસ્રાવ, અને મૂત્ર (પેશાબ) એ ચારે એકી સાથે થઇ જાય તે એક વર્ષને અંતે તેજ, મહીને અને તેજ તિથીએ મરણ પામે. ૧૩૫.

रोहिणीं शशभृल्लक्ष्ममहापथमरुंधतीं ।
ध्रुवं च न यदा पश्येद्वर्षेण स्यात्तदा मृतिः॥ १३६ ॥

રોહણી નક્ષત્ર ૧, ચંદ્રમાનું લાંછન ૨, છાયા પથ (છાયા પુરૂષ) ૩, અરૂંધતી (સપ્તરૂષીના તારાની પાસે બીજા નાના તારા દેખાય છે તે) ૪, અને ધ્રુવ (ભ્રકુટી) એ પાંચ યા તેમાંથી એકાદ કોઇ પણ જોવામા ન આવે તો એક વર્ષે મરણ થાય. ૧૩૬.

વિવેચન—બીજા આચાર્ય કહે છે કે,

अरुंधतीं ध्रुवं चैव विष्णोस्त्रीणि पदानि च ।
क्षीणायुषो न पश्यंति चतुर्थं मातृमंडलम् ॥
अरुंधती भवेज्जिह्वा ध्रुवं नाशाग्रमुच्यते ।
तारा विष्णुपदं प्रोक्तं भ्रुवः स्यान्मातृमंडलम् ॥ २ ॥

અરૂંધતી એટલે જીહ્વા, ધ્રુવ એટલે નાસાનો અગ્રભાગ, વિષ્ણુપદ એટલે તારા (બીજાની આંખની કીકીમાં જોતાં પોતાની આંખની કીકીનું દેખાવું તે) અને માતૃમંડળ એટલે ભ્રકુટી આ ચાર આયુષ્ય ક્ષય થવા આવ્યુ હોય તે જોઇ ન શકે. ૧૩૬.

स्वप्ने स्वं भक्ष्यमाणं च गृध्रकाकनिशाचरैः ।
उह्यमानं खरोष्ट्राद्यैर्यदा पश्येत्तदा मृतिः ॥ १३७ ॥

જો સ્વપ્નામાં ગીધ, કાગડા અને રાત્રે ચાલવાવાળા પ્રાણીઓ પોતાના શરીરને ભક્ષણ કરતા જુવે, તેમજ ગધેડા, ઉંટ, શુકર આદિ પ્રાણિઓ ઉપર પોતે સ્વારી કરે અથવા તેઓ પોતાને ખેંચતા (ઘસડતા કે તાણતા) હોય તેમ જુવે તો એક વર્ષને અંતે મરણ થાય. ૧૩૭.

रश्मिनिर्मुक्तमादित्यं रश्मियुक्तहविर्भुजम् ।
यदा पश्येद्विपद्येत तदैकादशमासतः ॥ १३८ ॥

જ્યારે સૂર્ય મંડળને કિરણ વિનાનો દેખે અને અગ્નિને કિરણો સહિત દેખે ત્યારે તે માણસ અગિયાર માસ પછી મરણ પામે. આ દિવસ આશ્રયિ છે. ૧૩૮.

वृक्षाग्रे कुत्रचित्पश्येत् गंधर्वनगरं यदि ।
पश्येत्प्रेतान्पिशाचान् वा दशमे मासि तन्मृतिः॥ १३९ ॥

કોઈ ઠેકાણે વૃક્ષના અગ્ર ભાગ ઉપર જો ગંધર્વનગર દેખે અથવા પ્રેત અને પિશાચાદિકને જુવે તો દશમે મહિને મૃત્યુ થાય. ૧૩૯.

छर्दिमूत्रपुरीषं वा सुवर्णरजतानि वा ।
स्वप्ने पश्येद्यति तदा मासान्नवैव जीवति ॥ १४० ॥

જો સ્વપ્નમાં ઉલટી, મૂત્ર, વિષ્ટા, સોનું અથવા રૂપું જોવામાં આવે તો તે નવ મહિના જીવે. ( આ હકીકત માંદા મનુષ્યને આશ્રીને સમજાય છે. ) ૧૪૦.

स्थूलोऽकस्मात्कृशोकस्मादकस्मादतिकोपनः ।
अकस्मादतिभीरुर्वा मासानष्टैव जीवति ॥ १४१ ॥

જે માણસ કારણ સિવાય અકસ્માત્ જાડો થઈ જાય, અકસ્માત્ દુર્બળ ( પાતળો ) થઈ જાય, અકસ્માત્ ક્રોધી સ્વભાવનો થઈ જાય, અકસ્માત્ બીકણ થાય (ભય પામે) તો આઠ મહિનાજ જીવી શકે. ૧૪૧.

समग्रमपि विन्यस्तं पांशौ वा कर्दमेऽपि वा ।
स्याच्चेत्खंडं पदं सप्तमास्यंते म्रियते तदा ॥ १४२ ॥

ધુળ અગર કાદવની અંદર આખુ પગલું મુકયુ હોય છતાં જો તે પગલું અધુરૂં પડેલું જણાય તો સાત મહિનાને અંતે તે માણસનું મરણ થાય. ૧૪૨.

तारां श्यामां यदा पश्चेच्छुष्येदधरतालु च ।
न स्वांगुलित्रयं मायाद्राजदंतद्वयांतरे ॥ १४३ ॥
गृध्रः काकः कपोतो वा क्रव्यादोऽन्योऽपि वा खगः।
निलीयेत यदा मूर्ध्नि षण्मास्यंते मृतिस्तदा ॥१४४॥

જો આંખની કીકી તદ્દન કાળી અંજન સરખી દેખાય, રોગવિના અકસ્માત્ હોઠ અને તાલુ સુકાય, મોઢું પોહોળું કર્યે છતે ઉપરના અને નીચેના વચલા દાંતના આંતરામાં પોતાની ત્રણ આંગુલી ન સમાય, ગીધ, કાગડો, પારેવો, અને બીજો કોઈ માંસ ભક્ષણ કરનાર પંખી માથા ઉપર બેસે તો ૭ મહિનાને અંતે તે મરણ પામે. ૧૪૪.

प्रत्यहं पश्यतानभ्रेऽह्न्यापूर्य जलैर्मुखम् ॥
विहिते फुत्कृते शक्रधन्वांतस्तत्र दृश्यते ॥ १४५ ॥
यदा न दृश्यते तत्तु मासैःषड्भिर्मृतिस्तदा ।
परनेत्रे स्वदेहं चेन्न पश्येन्मरणं तदा ॥ १४६ ॥

વાદળ વિનાના દિવસે મુખમાં પાણી ભરી આકાશ સામું ફુત્કાર કરી તે પાણી બહાર ઉંચું ઉછાળ્યે છને નિરંતર કેટલાક દિવસ જોતાં તે પાણીની અંદર ઇંદ્રધનુષ્યના જેવો આકાર દેખાય છે. જ્યારે તે આકાર જોવામાં ન આવે ત્યારે ૭ મહિને મરણ થશે એમ જાણવું. તેમજ બીજા માણસની આંખમાં જો પોતાનું શરીર જોવામાં ન આવે તોપણ ૭ મહિને મરણ થાય. ૧૪૫, ૧૪૬.

कूर्परौ न्यस्य जान्वोर्मूर्ध्न्येकीकृत्य करौ सदा ।
रंभाकोशनिभां छायां लक्षयेदंतरोद्भवाम् ॥ १४७ ॥
विकासितदलं तत्र यदैकं परिलक्ष्यते ।
तस्यामेव तिथौ मृत्युः षण्मास्यंते भवेत्तदा ॥ १४८ ॥

બન્ને જાનુ ઉપર બન્ને હાથની કોણીઓને સ્થાપન કરી, હાથના બન્ને પંજાઓ મસ્તક ઉપર સ્થાપન કરવા. તે બન્ને હાથના આંતરામાં કેળના ડોડાના આકાર સરખી ઉત્પન્ન થતી છાયાને નિરંતર જોયા કરવી, કેળના ડોડાના આકાર સરખી છાયામાં જો તે ડોડાનું એક પત્ર વિકસ્વર થએલું જોવામાં આવે તો જે દિવસે પોતે જુવે તેજ તિથીએ ૭ મહિનાને અંતે તેનું મરણ થાય. ૧૪૭, ૧૪૮.

इंद्रनीलसमच्छाया वक्रीभूता सहस्रशः ।
मुक्ताफलालंकरणाः पन्नगाः सूक्ष्ममूर्तयः ॥ १४९ ॥
दिवा सन्मुखमायांतो दृश्यंते व्योम्नि सन्निधौ ।
न दृश्यंते यदा ते तु षण्मास्यंते मृतिस्तदा ॥ १५० ॥

વાદળ વિનાના સ્વચ્છ દિવસે, ઇંદ્રનીલ રત્ન સરખી કાંતિવાળા, વાકાંચુકા હજારો ગમે મોતીના અલંકારવાળા, સૂક્ષ્મ આકૃતિવાળા સર્પો આકાશમાં સન્મુખ આવતા દેખાય છે. જ્યારે તેવા સર્પો બીલકુલ ન દેખાય ત્યારે જાણવું જે, છ મહિનાને અંતે મરણ થશે. ૧૪૯, ૧૫૦.

स्वप्ने मुंडितमभ्यक्तं रक्तगंधस्रगंबरं ।
पश्येद्याम्यां खरे यांतं स्वं योऽब्दार्धं स जीवति ॥१५१॥

જે માણસ સ્વપ્નામાં પોતાનુ મસ્તક મુંડાવેલું, તેલથી મર્દન કરાવેલું, રાતા પદાર્થથી શરીર લેપાયેલું, ગળામાં રાતી માળા પેહેરેલી અને રાતાં વસ્ત્રો પેહેરી ગધેડા ઉપર બેસી દક્ષિણ દિશા તરફ પોતાને જતો જુવે તે માણસ અર્ધું વર્ષ (છ માસ) જીવે. ૧૫૧

घंटानादो रतांते चेदकस्मादनुभूयते ।
पंचता पंचमास्यंते तदा भवति निश्चितम् ॥ १५२ ॥

વિષય સેવન કર્યા પછી જો અકસ્માત્ શરીરમાં ઘંટાના નાદ સરખો નાદ સંભળાય તો પાંચ મહિનાને અંતે નિશ્ચે તેનું મરણ થાય ૧૫૨.

शिरोवेगात्समारुह्य कृकलासो व्रजन् यदि ।
दध्याद्वर्णत्रयं पंचमास्यंते मरणं तदा ॥ १५३ ॥

કાકીડો ઝડપથી માથા ઉપર ચડીને ચાલ્યો જાય અને જતાં જતાં જો શરીરની ચેષ્ટા જૂદી જૂદી ત્રણ પ્રકારની કરે તો પાચ મહીનાને અંતે તેનું મરણ થાય. ૧૫૩.

वक्रीभवति नासा चेद्वर्तुली भवतो दृशौ ।
स्वस्थानाद् भ्रश्यतः कर्णौ चतुर्मास्यास्तदा मृतिः॥ १५४ ॥

જો નાસિકા વાંકી થઈ જાય, આંખો ગોળ થઈ જાય અને કાન પોતાના ઠેકાણેથી ઢીલા પડી જાય તો ચાર મહીને મરણ થાય. ૧૫૪.

कृष्णं कृष्णपरिवारं लोहदंडधरं नरं ।
यदा स्वप्ने निरीक्षते मृत्युर्मासैस्त्रिभिस्तदा ॥ १५५ ॥

જો સ્વપ્નામાં કાળા વર્ણવાળા, કાળા પરિવારવાળા, તથા લોઢાના દંડને ધારણ કરવાવાળા માણસને જુવે તો ત્રણ મહિને મરણ થાય. ૧૫૫.

इंदुमुष्णं रविं शीतं छिद्रं भूमो रवावपि ।
जिह्वां श्यामां मुखं कोकनदाभं च यदेक्षते ॥ १५६ ॥
तालुकंपो मनःशोको वर्णोऽगेऽनेकधा यदा ।
नाभेश्चाकस्मिकी हिक्का मृत्युर्मासद्वयात्तदा ॥ १५७ ॥

ચંદ્રમાને ઉષ્ણ (ગરમ), સૂર્યને ઠંડો, જમીનમાં અને સૂર્યમંડળમાં છીદ્ર, જીભને કાળી, અને મોઢાને લાલ કમળના સરખું જુવે, તાલવું કંપે, મનમાં શોક થાય, શરીરમાં અનેક જાતના વર્ણો થયા કરે અને નાભિથી અકસ્માત, હેડકી ઉત્પન્ન થાય તો (આવાં લક્ષણવાળાનું) બે મહિને મરણ થાય. ૧૫૬, ૧૫૭.

जिह्वा नास्वादमादत्ते मुहुः स्खलति भाषणे ।
श्रोत्रे न शृणुतः शब्दं गंधं वेत्ति न नासिका ॥ १५८ ॥
स्पंदेते नयने नित्यं दृष्टवस्तुन्यपि भ्रमः ।
नक्तमिंद्रधनुः पश्येत् तथोल्कापतनं दिवा ॥ १५९ ॥
न च्छायामात्मनः पश्येत् दर्पणे सलिलेपि वा ।
अनब्दां विद्युतं पश्येत् शिरोऽकस्मादपि ज्वलेत् ॥ १६० ॥
हंसकाकमयूराणां पश्येच्च क्वापि संहतिम् ।
शीतोष्णखरमृद्वादेरपि स्पर्शं न वेत्ति च ॥ १६१ ॥
अमीषां लक्ष्मणां मध्याद्यदेकमपि दृश्यते ।
जंतोर्भवति मासेन तदा मृत्युर्न संशयः ॥ १६२ ॥
पंचभिः कुलकं.

જીભ સ્વાદને જાણી ન શકે, બોલતા વારંવાર સ્ખલના થાય, કાન શબ્દો ન સાંભળે, નાસિકા ગંધ ન જાણી શકે, નિરંતર નેત્ર ફરક્યા કરે, દેખેલી વસ્તુમાં પણ ભ્રમ થાય, રાત્રે ઇંદ્રધનુષ્ય દેખે, આરિસામા કે પાણીમાં પોતાની આકૃતિ ન દેખાય, વાદળ વિનાની વિજળી જોવે, કારણ વિના પણ મસ્તક બળ્યા કરે, હંસ, કાગડા અને મયુર, (મોર) નાં કોઇ પણ ઠેકાણે મૈથુન સેવન (વિષય સેવન) જોવામાં આવે, ટાઢા, ઉના, બરછટ અને સુંવાળા સ્પર્શને જાણી ન શકે, આ સર્વ લક્ષણોમાથી જો કોઈ એક પણ લક્ષણ માણસને દેખાય તો તે માણસનું મરણ એક મહિનામાં થાય એમાં કાંઈ સંશય ન જાણવો. ૧૫૮, ૧૫૯, ૧૬૦, ૧૬૧, ૧૬૨.

शीते हकारे फुत्कारे चोष्णे स्मृतिगतिक्षये ।
अंगपंचकशैत्ये च स्याद्दशाहेन पंचता ॥ १६३ ॥

હકાર અક્ષર બોલતાં જો શ્વાસ ઠંડો જણાય, ફુત્કાર કરી શ્વાસ બહાર કાઢતાં તે ગરમ જણાય, યાદશક્તિ બીલકુલ ન રહે, હાલવા ચાલવાની ગતિ બંધ થાય, અને શરીરનાં પાંચે અંગો ઠંડાં થઇ જાય તો દશ દિવસે મરણ થાય. ૧૬૩.

अर्धोष्णमर्द्धशीतं च शरीरं जायते यदा ।
ज्वालाकस्माज्ज्वलेद्वांगे सप्ताहेन तदा मृतिः ॥ १६४ ॥

શરીર અરધુ ઉનું હોય અને અરધુ શરીર ઠંડુ થઇ જાય તથા કારણ સિવાય અકસ્માત શરીરમાં જ્વાલા બળ્યા કરે તો સાત દિવસે મરણ થાય. ૧૬૪.

स्नातमात्रस्य हृत्पादं तत्क्षणाद्यदि शुष्यति ।
दिवसे जायते षष्ठे तदा मृत्युरसंशयम् ॥ १६५ ॥

સ્નાન કર્યા પછી તરતજ જો હૃદય અને પગ શુકાઈ જાય તો નિશ્ચે તેનું છઠે દિવસે મરણ થાય. ૧૬૫.

जायते दंतघर्षश्चेच्छवगंधश्च दुःसहः ।
विकृता भवति च्छाया त्र्यहेन म्रियते तदा ॥ १६६ ॥

કડકડાટ કરતો દાત ઘસ્યા કરે, મડદાની માફક મહા ખરાબ દુર્ગંધ શરીરમાંથી નીકળ્યા કરે અને શરીરના વર્ણમાં વિકૃતિ થાય (અર્થાત્ કાળો, ધોળો, રાતો વિગેરે શરીરનો રંગ બદલાયા કરે) તો તે ત્રીજે દિવસે મરણ પામે. ૧૬૬.

न स्वनासां स्वजिव्हां न ग्रहानामला दिशः ।
नापि सप्तऋषीन् व्योम्नि पश्यति म्रियते तदा ॥ १६७ ॥

જે માણુસ પોતાની નાસિકા, પોતાની જીભ, ગ્રહ, નક્ષત્ર, તારા, નિર્મલ દિશા, અને આકાશમાં રહેલા સપ્તઋષીના તારાઓને ન જોઈ શકે તે બે દિવસે મરણ પામે. ૧૬૭.

प्रभाते यदि वा सायं ज्योत्स्नावत्यामथो निशि ।
प्रवितत्य निजौ बाहू निजच्छायां विलोक्य च ॥ १६८ ॥
शनैरुत्क्षिप्य नेत्रे स्वच्छायां पश्येत्ततोऽबंरे ।
न शिरो दृश्यते तस्यां यदा स्यान्मरणं तदा ॥ १६९ ॥

नेक्ष्यते वामबाहुश्चेत् पुत्रदारक्षयस्तदा ।
यदि दक्षिणबाहुर्नेक्ष्यते भ्रातृक्षयस्तदा ॥ १७० ॥
अदृष्टे हृदये मृत्युरुदरे च धनक्षयः ।
गुह्ये पितृविनाशस्तु व्याधिरूरुयुगे भवेत् ॥ १७१ ॥
अदर्शने पादयोश्च विदेशगमनं भवेत् ।
अदृश्यमाने सर्वांगे सद्यो मरणमादिशेत् ॥ १७२ ॥

पंचभिः कुलकं.

સવારમા અથવા સાંજે અથવા અજવાળી રાત્રીએ પ્રકાશમાં ઉભા રહી, પોતાના હાથ લાંબા (કાઉસગ્ગની માફક) રાખી પોતાના શરીરની છાયા (પછાડયા) સામું ખુલ્લી આંખ રાખી કેટલીકવાર સુધી જોયા કરવું. ત્યાર પછી હળવે હળવે તે નેત્રને છાયા ઉપરથી ઉપાડી તે ખુલ્લી આખે ઉંચે યા સામું આકાશમાં જોવું. તો પુરૂષના જેવી ધોળી આકૃતિ આકાશમાં રહેલી દેખાશે. જો તે આકૃતિનું માથું જોવામાં ન આવે તો પોતાનુ મરણ થશે. જો ડાબો હાથ જોવામા ન આવે તો પુત્ર યા સ્ત્રીનો નાશ થાય. જો જમણો હાથ જોવામા ન આવે તો ભાઈનુ મરણ થાય. હૃદય ન દેખાય તો પોતાનું મરણ થાય. પેટનો ભાગ ન જણાય તો ધનનો નાશ થાય ગુહ્યસ્થાન ન દેખાય તો પોતાના પૂજ્ય વર્ગ પિતા પ્રમુખનો નાશ થાય. બે સાથળ ન દેખાય તો વ્યાધિ પેદા થાય પગ ન દેખાય તો પરદેશમાં જવું પડે, અને આખું શરીર ન દેખાય તો તત્કાળ મરણ થાય. ૧૬૮ થી ૧૭૨.

પ્રકારાંતરે કરી કાળજ્ઞાન બતાવે છે.

विद्यया दर्पणांगुष्ठकुड्यादिष्ववतारिता ।
विधिना देवता पृष्टा ब्रूते कालस्य निर्णयं ॥ १७३ ॥
सूर्येंदुग्रहणे विद्या नरवीरे ठठेत्यसौ ।
साध्या दशसहस्राष्टोत्तरया जपकर्मतः ॥ १७४ ॥
अष्टोत्तरसहस्रस्य जपात्कार्यक्षणे पुनः ।
देवता लीयतेऽस्यादौ ततः कन्याह निर्णयम् ॥ १७५ ॥

सत्साधकगुणाकृष्टा स्वयमेवाथ देवता ।
त्रिकालविषयं ब्रूते निर्णयं गतसंशयम् ॥ १७६ ॥

વિદ્યાએ કરી દર્પણ, અંગુઠા અને ભીંત પ્રમુખમાં અવતારેલ દેવતાને (ગુરૂ ઉપદિષ્ટ) વિધિપૂર્વક પૂછવાથી તે આયુષ્યનો નિર્ણય કહી બતાવે છે સૂર્યગ્રહણ અને ચંદ્રગ્રહણ હોય ત્યારે ॐ नरवीरे ठः ठः स्वाहा એ વિદ્યા દશ હજાર અને આઠવાર જાપ કરીને સાધવી. પછી કાર્ય પ્રસંગે એક હજાર અને આઠવાર તે વિદ્યા જપીને દર્પણાદિકને વિષે દેવતાને અવતારવી. પછી તે આરિસા પ્રમુખમાં એક કુવારી કન્યાને જોવરાવવું. તેમાં તે કન્યા દેવતાનું રૂપ દેખે એટલે તેની પાસે આયુષ્યનો નિર્ણય પૂછવો. તે કન્યા સર્વ નિર્ણય કહી આપે. અથવા ઉત્તમ સાધકના ગુણથી આકર્ષાએલી તે દેવતા પોતાની મેળે નિર્ણયવાળુ અને સંશય વિનાનું ત્રિકાલ સંબંધી આયુષ્યજ્ઞાન કહી આપે. ૧૭૩, ૧૭૪, ૧૭૫, ૧૭૬.

---

## પાંચ શ્લોકે કરી શુકનદ્વારા કાલજ્ઞાન કહે છે.

अथवा शकुनाद्विद्यात्सज्जो वा यदि वातुरः ।
स्वतो वापि परतो वा गृहे वा यदि वा बहिः ॥ १७७ ॥

अहिवृश्चिककृम्याखुगृहगोधापिपीलिकाः ।
यूकामत्कुणलूताश्च वल्मीकोऽथोपदेहिकाः॥ १७८ ॥

कीटिका घृतवर्णाश्च भ्रमर्यश्च यदाधिकाः ।
उद्वेगकलहव्याधिमरणानि तदादिशेत् ॥ १७९ ॥

उपानद्वाहनच्छत्रशस्त्रच्छायांगकुंतलान् ।
चंच्वा चुमेद्यदा काकस्तदासन्नैव पंचता ॥ १८० ॥

अश्रुपूर्णदृशो गावो गाढं पादैर्वसुंधरां ।
खनंति चेत्तदानीं स्याद्रोगो मृत्युश्च तत्प्रभोः ॥१८१॥

અથવા નિરોગી હોય કે રોગી હોય, પોતાથી કે પરથી, ઘરમાં કે બહાર, શુકનથી શુભાશુભનો નિર્ણય જાણવો. સર્પ, વીંછી, કૃમિયાં, ઉંદર, ગરોલી, કિડીઓ, જુવો, માંકડ, કોળીઆ, રાફડા, (ઉદેહીના ઘરો), ઉદેહી, ઘીમેલ, અને ભમરીઓ જ્યારે એક-દમ વિશેષ જોવામાં આવે તો ઉદ્વેગ, ક્લેશ, વ્યાધિ, અથવા મરણ

નિપજે જોડા, હાથી, ઘોડા પ્રમુખવાહન, છત્ર, શસ્ત્ર, શરીર, અને કેશ (વાળ) એ માહેથી કોઇને કાગડો ચાંચે કરી સ્પર્શ કરે, તો જાણવું કે મરણ નજીકમાં છે. જો આંખે આંસુ પાડતી ગાય ઘણા જોરથી પગે કરી પૃથ્વીને ખોદે તો તે ગાયના સ્વામિનું રોગથી મરણ થાય. ૧૭૭, ૧૭૮, ૧૭૯, ૧૮૦, ૧૮૧

પ્રકારાંતરે શુકનથી કાલજ્ઞાન કહે છે.

अनातुरकृते ह्येतत् शकुनं परिकीर्त्तितं ।
अधुनातुरमुद्दिश्य शकुनं परिकीर्त्यते ॥ १८२ ॥

આ પૂર્વે કહેવામાં આવેલ શુકનો રોગ વિનાના માણસ માટે જણાવ્યાં. હમણાં હવે રોગીને ઉદ્દેશીને શુકનો કહીએ છીએ.

दक्षिणस्यां वलित्वा चेत् श्वा गुदं लेढ्युरोथवा ।
लांगुलं वा तदा मृत्युरेकद्वित्रिदिनैः क्रमात् ॥ १८३ ॥
शेते निमित्तकाले चेत् श्वा संकोच्याखिलं वपुः ।
धृत्वा कर्णौ वलित्वांगं धुनोत्यथ ततो मृतिः ॥ १८४ ॥
यदि व्यात्तमुखो लालां मुंचन् संकोचितेक्षणः ।
अंगं संकोच्य शेते श्वा तदा मृत्युर्न संशयः ॥ १८५ ॥

त्रिभिर्विशेषकं.

રોગી જ્યારે પોતાના આયુષ્ય સબંધી શુકન જોતો હોય ત્યારે જો કુતરો (કુતરાની જાતિ) દક્ષિણ દિશા સન્મુખ જઇને પોતાની ગુદાને ચાટે તો તે રોગીનું એક દિવસે મરણ થાય. જો કુતરો પોતાનું હૃદય ચાટે તો બે દિવસે રોગી મરે અને જો તે પોતાની પુંછડી ચાટે તો ત્રણ દિવસે રોગીનું મરણ થાય જ્યારે રોગી નિમિત્ત જોતો હોય ત્યારે જો કુતરો પોતાનું આખું શરીર સંકોચિને સુવે અથવા કાનને ચડાવીને (અક્કડ કરીને) અને શરીરને વાળીને હલાવે (ધુણાવે) તો રોગી મરણ પામે અથવા જો મોઢું પહોળું કરી લાળને મૂકતો આંખો મીંચી શરીરને સંકોચીને તે શ્વાન સુવે તો નિશ્ચે રોગીનું મૃત્યુ થાય. ૧૮૩, ૧૮૪, ૧૮૫.

---

બે શ્લોકે કરી કાગડાનાં શુકનો કહે છે.

यदातुरगृहस्योर्ध्वं काकपक्षिगणो मिलन् ।
त्रिसंध्यं दृश्यते नूनं तदा मृत्युरुपस्थितः ॥ १८६ ॥

महानसे तथा शय्यागारे काकाः क्षिपंति चेत् ।
चर्मास्थिरज्जुं केशान् वा तदासन्नैव पंचता ॥ १८७ ॥

જો રોગીના ઘર ઉપર સવાર, બપોર, અને સાંજ એમ ત્રણ કાળ કાગડાનો સમુદાય મળી કોળાહળ કરતો જણાય તો નિશ્ચે તેનું મરણ આવી પહોંચ્યું છે એમ જાણવું. તથા રોગીના રસોડા ઉપર અને સુવાના ઘર ઉપર કાગડાઓ ચામડું, હાડકું, દોરડું, કે વાળ લાવીને દે તો તેનું મરણ નજીકજ છે એમ સમજવું. ૧૮૬. ૧૮૭.

---

## નવ શ્લોકે કરીને ઉપશ્રુતિથી કાળ જ્ઞાન કહે છે.

अथवोपश्रुतेर्विद्याद्विद्वन् कालस्य निर्णयम् ।
प्रशस्ते दिवसे स्वप्नकालेशस्तां दिशं श्रितः ॥ १८९ ॥
पूत्वा पंचनमस्कृत्याचार्यमंत्रेण वा श्रुती ।
गेहाच्छन्नश्रुतिर्गच्छेच्छिल्पिचत्वरभूमिषु ॥ १८९ ॥
चंदनेनार्चयित्वा क्ष्मां क्षिप्त्वा गंधाक्षतादि च ।
सावधानस्ततस्तत्रोपश्रुतेः शृणुयाद् ध्वनिं ॥ १९० ॥
अर्थांतरापदेश्यश्च सरुपश्चेति स द्विधा ।
विमर्शगम्यस्तत्राद्यः स्फुटोक्तार्थोऽपरः पुनः॥ १९१ ॥
यथैष भवनस्तंभः पंचषड्भिरयं दिनैः ।
पक्षैर्मासैरयो वर्षैर्भक्ष्यते यदि वा न वा ॥ १९२ ॥
मनोहरतरश्चासीत् किं त्वयं लघु भंक्ष्यते ।
अर्थांतरापदेश्यः स्यादेवमादिरुपश्रुतिः ॥ १९३ ॥
एषा स्त्री पुरुषो वासौ स्थानादस्मान्न यास्यति ।
दास्यामो न वयं गंतुं गंतुकामो न चाप्ययं ॥ १९४ ॥
विद्यते गंतुकामोयमहं च प्रेषणोत्सुकः ।
तेन यास्यत्यसौ शीघ्रं स्यात्सरूपेत्युपश्रुतिः॥ १९५ ॥
कर्णोद्घाटनसंजातोपश्रुत्यंतरमात्मनः ॥
कुशलाः कालमासन्नमनासन्नं च जानते ॥ १९६ ॥

અથવા વિદ્વાન્ પુરૂષોએ, ઉપશ્રુતિએ કરી આયુષ્યનો નિર્ણય કરવો (તેજ બતાવે છે.) ભદ્રાઆદિ અપયોગ ન હોય તેવા ઉત્તમ

દિવસે સુવાના અવસરે (એક પ્રહર રાત્રિ જવા પછી) પૂર્વ, ઉત્તર કે પશ્ચિમ દિશા તરફ જવુ. જતાં પેહેલાં નવકારમંત્રથી અથવા સૂરિમંત્રે કરી કાનને પવિત્ર (મંત્રિત) કરવો અને ત્યાર પછી ઘરથી નીકળતાં રસ્તામાં કોઇનો શબ્દ કાનમાં ન આવે તેવી રીતે કાનને ઢાંકી કારીગરોના ઘર તરફ અથવા બજારમાં પૂર્વ કહેલી દિશા તરફ જવું. કારીગરોના ઘર પાસે યા બજારમાં જઇ તે ભૂમિનું ચંદન વડે પૂજન કરી તેના ઉપર ગંધ અક્ષત (બરાસ ચોખા) નાખી સાવધાન થઇ ત્યાં કોઈ પણ મનુષ્યોનો શબ્દ થતો હોય તો કાન ખુલ્લા કરીને સાંભળવો. તે સંભળાતા શબ્દો બે પ્રકારના હોય છે. એક અર્થાંતરાપદેશ્ય અને બીજો સ્વરૂપઉપશ્રુતિ, અર્થાંતરાપદેશ્ય ઉપશ્રુતિ એટલે જે શબ્દ સાંભળવામાં આવે તેનો કોઇ બીજો અર્થ કલ્પવો, અને સ્વરૂપ ઉપશ્રુતિ એટલે જેવો શબ્દ સાંભળ્યો તેવોજ અર્થ કલ્પવો યા ગ્રહણ કરવો, પેહેલો અર્થાંતરાપદેશ્ય વિચારથી જાણી શકાય તેમ છે અને બીજો સ્વરૂપ અર્થ પ્રકટ જાણી શકાય તેમ છે. (અર્થાંતરાપદેશ્ય ઉપશ્રુતિ બતાવે છે) જેમકે આ ઘરનો સ્તંભ પાંચ છ દિવસે યા પાંચ છ પખવાડીએ યા મહિને કે વર્ષે ભાંગી જશે અથવા નહિ ભાંગે. તે ઘણો સારો હતો પણ જલદિ ભાંગી જશે વિગેરે આથી પોતાના આયુષ્યનો તેવોજ નિર્ણય કરી લેવો કે તેટલા દિવસે મહિને કે વર્ષે પોતાનું મરણ નિપજશે. એ અર્થાંતરાપદેશ્ય શ્રુતિ જાણવી. હવે બીજી સ્વરૂપઆશ્રયિ શ્રુતિ કહે છે. જેમકે આ પુરુષ કે સ્ત્રી આ સ્થાનથી જશે નહિ. અમે તેને જવા પણ ન દેઈશું. અને તે જવાનો ઇચ્છક પણ નથી. અથવા તો જવાની ઈચ્છા કરે છે, હું પણ તેને મોકલવા ઇચ્છું છું માટે આ હવે જલદી આહીથી જશે. આ સ્વરૂપ ઉપશ્રુતિ કહેવાય છે. આથી સમજી લેવાનું છે કે જો જવાનું સાંભળે તો મરણ નજીક છે અને રહેવાનું સાંભળે તો હમણાં મરણ નથી. આ પ્રમાણે કાન ખુલ્લા કરી પોતે સાંભળેલી ઉપશ્રુતિ પ્રમાણે કુશલ માણસો નજીક કે દૂર પોતાના આયુષ્યનો નિર્ણય જાણે છે. ૧૮૮, ૧૮૯, ૧૯૦, ૧૯૧, ૧૯૨, ૧૯૩, ૧૯૪, ૧૯૫, ૧૯૬.

## શનિશ્ચર પુરૂષે કરી કાળ જ્ઞાન જાણવાની રીત.

शनिः स्याद्यत्र नक्षत्रे तद्दानव्यं मुखे ततः ।
चत्वारि दक्षिण पाणौ त्रीणि त्रीणि च पादयोः ॥ १९७ ॥
चत्वारि वामहस्ते तु क्रमश पंच वक्षसि ।
त्रीणि शीर्षे दृशोर्द्वद्वे गुह्य एकः शनौ नरे ॥ १९८ ॥
निमित्तसमये तत्र पतितं स्थापनाक्रमात् ।
जन्मर्क्ष नामऋक्षं वा गुह्यदेशे भवेद्यदि ॥ १९९ ॥
दृष्टं श्लिष्टं ग्रहैर्दुष्टैः सौम्यैरप्रेक्षितायुतम् ।
सज्जस्यापि तदा मृत्युः का कथा रोगिणः पुनः ॥ २०० ॥

શનિશ્ચરની પુરૂષના જેવી આકૃતિ બનાવવી અને નિમિત્ત જોવાના અવસરે જે નક્ષત્રમાં શનિ હોય તે નક્ષત્ર મુખમાં મુકવું. ત્યાર પછી ક્રમે આવતાં ચાર નક્ષત્રો જમણા હાથમાં મુકવાં. ડાબા જમણા પગમાં ત્રણ ત્રણ મુકવા. ચાર ડાબા હાથમાં, પાંચ છાતિમાં, ત્રણ મસ્તકમાં બે બે બન્ને નેત્રમાં અને એક નક્ષત્ર ગુહ્ય ભાગમાં મુકવું નિમિત્ત જોવાને અવસરે સ્થાપનાના અનુક્રમથી જન્મ નક્ષત્ર કે નામ નક્ષત્ર જો ગુહ્ય ભાગમાં આવ્યુ હોય અને દુષ્ટ ગ્રહોની તેના ઉપર દૃષ્ટિ પડતી હોય યા તેની સાથે મેળાપ થતો હોય અને સૌમ્ય ગ્રહોની દૃષ્ટિ કે મેળાપ ન થતો હોય તો તે માણસ નિરોગી હોય તોપણ તેનુ મરણ થાય તો.માંદાની તો વાતજ શુ કરવી ? અર્થાત્ તે તો મરણ પામેજ. ૧૯૭, ૧૯૮, ૧૯૯, ૨૦૦.

---

## પૃચ્છા લગ્નના અનુસારે કાલજ્ઞાન.

पृच्छायामथ लग्नास्ते चतुर्थदशमस्थिताः ।
ग्रहाः क्रूराः शशी षष्ठाष्टमश्चेत् स्यात्तदा मृतिः ॥ २०१ ॥

આયુષ્ય સબધી પ્રશ્ન પૂછતી વખતે તેજ ચાલતું લગ્ન, તત્કાળ અસ્ત થઈ જાય અને ક્રુર ગ્રહો ચોથે (સાતમે) કે દશમે રહ્યા હોય તથા ચંદ્રમા છઠો કે આઠમો હોય તો તેનુ મરણ થાય. ૨૦૧

पृच्छायाः समये लग्नाधिपतिर्भवति ग्रहः ।
यदि वास्तमितो मृत्युः सज्जस्यापि तदा भवेत् ॥ २०२ ॥

આયુષ્ય સબંધી પ્રશ્ન પૂછતી વખતે જો લગ્નાધિપતિ મેષાદિ રાશિમાં કુજ શુક્રાદિ હોય અથવા ચાલતા લગ્નના અધિપતિ ગ્રહનો અસ્ત થયેલો હોય તો ત સાજો માણુસ હોય તો પણ તેનુ મરણ થાય. ૨૦૨.

लग्नस्थश्चेच्छशी सौरिर्द्वादशे नवमः कुजः ।
अष्टमोऽर्कस्तदा मृत्युः स्याच्चेन्न बलवान् गुरुः ॥ २०३ ॥

પ્રશ્ન કરતી વખતે ચંદ્રમા લગ્નમાં રહેલો હોય, બારમે શનિશ્ચર હોય, નવમે મંગલ હોય, આઠમે સૂર્ય હોય અને ગુરૂ બલવાન્ ન હોય તો મરણ થાય. ૨૦૩.

रविः षष्ठस्तृतीयो वा शशी च दशमस्थितः ।
यदा भवति मृत्युः स्यात्तृतीये दिवसे तदा ॥ २०४ ॥

પ્રશ્ન પૂછવાના સમયે છઠ્ઠો અથવા ત્રીજો સૂર્ય હોય અને ચંદ્રમા દશમે રહેલો હોય તો ત્રીજે દિવસે મરણ થાય. ૨૦૪.

पापग्रहाश्चेदुदयात्तुर्ये वा द्वादशेऽथवा ।
दिशंति तद्विदो मृत्यु तृतीये दिवसे तदा ॥ २०५ ॥

જો પ્રશ્ન અવસરે લગ્નથી પાપગ્રહો ( ખરાબ ગ્રહો ) ચોથે કે બારમે હોય તો કાળજ્ઞાનના જાણકાર પુરુષો તેનું ત્રીજે દિવસે મૃત્યુ જણાવે છે. ૨૦૫.

उदये पंचमे वापि यदि पापग्रहो भवेत् ।
अष्टभिर्दशभिर्वा स्याद्दिवसैः पंचता ततः ॥ २०६ ॥

પ્રશ્ન સમયે ચાલતા લગ્ને અથવા પાચમે જો ક્રૂર ગ્રહ હોય તો આઠ અગર દશ દિવસે મરણ થાય ૨૦૬.

धनुर्मिथुनयोःसप्त मयोर्यद्यशुभग्रहाः ।
तदा व्याधिर्मृतिर्वा स्याज्ज्योतिपामिति निर्णयः॥ २०७ ॥

પ્રશ્ન સમયે ( અથવા વર્ષ ફલે ) સાતમા ધનુરાશિ અને મિથુનરાશિમાં જો અશુભ ગ્રહો આવ્યા હોય તો વ્યાધિ અથવા મરણ થાય. આ પ્રમાણે જ્યોતિષના જાણકારનો નિર્ણય છે. ૨૦૭.

યંત્રદ્વારા કાળ સ્વરૂપ કહે છે.

अंतस्थाधिकृतप्राणिनामप्रणवगर्भितम् ।
कोणस्थरेफमाग्नेयपुरं ज्वालाशताकुलम् ॥ २०८ ॥

सानुस्वारैरकाराद्यैः षट्स्वरैः पार्श्वतो वृतम् ।
स्वस्तिकांकबहिः कोणे स्वाक्षरांतः प्रतिष्ठितम् ॥ २०९ ॥

चतुःपार्श्वस्थगुरुयं यंत्रवायुपुरावृतम् ।
कल्पयित्वा परिन्यस्येत् पादहृच्छीर्षसंधिषु ॥ २१० ॥
सूर्योदयक्षणे सूर्यं पृष्ठे कृत्वा ततः सुधीः ।
स्वपरायुर्विनिश्चेतुं निजछायां विलोकयेत् ॥ २११ ॥
पूर्णां छायां यदीक्षेत तदा वर्षे न पंचता ।
कर्णाभावे तु पंचत्वं वर्षैर्द्वादशभिर्भवेत् ॥ २१२ ॥
हस्तांगुलीस्कंधकेशपार्श्वनासाक्षये क्रमात् ।
दशाष्टसप्तपंचत्र्येकवर्षैर्मरणं भवेत् ॥ २१३ ॥
षण्मास्या म्रियते नाशे शिरसश्चिबुकस्य वा ।
ग्रीवानाशे तु मासेनैकादशाहेन दृक्क्षये ॥ २१४ ॥
सच्छिद्रे हृदये मृत्युर्दिवसैः सप्तभिर्भवेत् ।
यदि च्छायाद्वयं पश्येद्यमपार्श्वं तदा व्रजेत् ॥ २१५ ॥

अष्टभिःकुलकं

પહેલો ૐકાર કરવો અને તે ૐકારની અંદર પોતાનું અથવા જેના આયુષ્યનો નિર્ણય કરવો હોય તેનું નામ લખવું. તે ૐકાર છ ખુણાવાળા યંત્રમા કરવો. તે યંત્રને ખુણે અગ્નિની સેંકડો ગમે જવાલાઓથી વ્યાપ્ત અગ્નિબીજ (ર) રકાર મુકવા. અનુસ્વાર સહિત અકારાદિ (અ આં, ઇ ઈ ઉં ઊં) છ સ્વરોએ ખુણાના બાહારના ભાગોને વીંટી લેવા (અર્થાત્ આ છ સ્વરો છ ખુણા પાસે લખવા) પછી છ એ બાહારના ખુણે છ સાથિઆ કરવા. સાથિઆ અને સ્વરોના વચમા આંતરે આંતરે છ (સ્વા) અક્ષરો મૂકવા, ચારે બાજુ વિસર્ગ સહિત યકાર કરવા (યઃ) અને તે યકાર ઉપર ચારે બાજુ વાયુના પુરથી આવૃત સંલગ્ન ચાર રેખા ઠરવી. આવો યંત્ર કલ્પી તેને પગ, હૃદય, માથે અને સંધિઓને વિષે સ્થાપન કરવો. પછી સૂર્યોદય વેળાએ સૂર્યને પુંઠ પડે તેવી રીતે પશ્ચિમ દિશામાં બેસી પોતાના અથવા પરના આયુષ્ય નિર્ણય માટે પોતાની છાયા પૂર્ણ દેખાય તો એક વર્ષ સુધીમા મરણ નથી (અને રોગ રહિત સુખમાં વર્ષ પસાર કરશે) જો કાન દેખવામાં ન આવે તો બાર વર્ષે મરણ થશે. હાથ ન દેખાયતો દશ વર્ષે મરણ. આંગ-

લીઓ ન દેખાય તો આઠ વર્ષે. ખાંધ ન દેખાય તો સાત વર્ષે. કેશ ન દેખાય તો પાચ વર્ષે. પડખા ન દેખાય તો ત્રણ વર્ષે. નાક ન દેખાય તો એક વર્ષે. માથું યા ચિબુક ન દેખાય તો છ મહિને. ડોક ન દેખાય તો એક મહિને, આંખો ન દેખાય તો અગિયાર દિવસે, હૃદયમા છિદ્ર દેખાય તો સાત દિવસે મરણ થાય અને બે છાયા દેખાય તો તત્કાળ મરણ થાય. ૨૦૮, થી ૨૧૫.

## યંત્રપ્રયોગ બતાવી, હવે વિદ્યાએ કરી કાળજ્ઞાન બતાવે છે.

**इति यंत्रप्रयोगेण जानीयात्कालनिर्णयम् ।**
**यदि वा विद्यया विद्याद्वक्ष्यमाणप्रकारया ॥ २१६ ॥**

આ પ્રમાણે યત્ર પ્રયોગે કરી આયુષ્યનો નિર્ણય જાણવો અથવા આગળ કહેવામાં આવશે તે વિદ્યા વડે કરી નિર્ણય કરવો. ૨૧૬.

## સાત શ્લોકે કરી વિદ્યાપ્રયોગ કહે છે.

**प्रथमं न्यस्य चूडायां स्वाशब्दमों च मस्तके ।**
**क्षिं नेत्रहृदये पं च नाभ्यब्जे हाऽक्षरं ततः ॥ २१७ ॥**

પ્રથમ ચોટલીમાં (સ્વા) શબ્દ, માથા ઉપર (ઑ) શબ્દ, નેત્રમા (ક્ષિ) શબ્દ, હૃદયમા (પ) શબ્દ અને નાભિ કમળમા (હા) શબ્દ સ્થાપન કરવો. ૨૧૭ **ॐ जुंसः ॐ मृत्युंजयाय ॐ वज्रपाणिने शूलपाणिने हरहर दहदह स्वरूपं दर्शय दर्शय हुंफुट्.**

**अनया विद्ययाष्टाग्रशतवारं विलोचने ।**
**स्वछायां चाभिमंत्र्यार्कं पृष्टे कृत्वारुणोदये ॥ २१८ ॥**
**परच्छायां परकृते स्वच्छायां स्वकृते पुनः ।**
**सम्यक् तत् कृतपूजः सन्नुपयुक्तो विलोकयेत् ॥ २१९ ॥**

આ વિદ્યાએ એકસો આઠવાર પોતાના નેત્રને અને પોતાની છાયાને મત્રીને સૂર્યોદય વેળાએ સૂર્યને પાછળ રાખી ( અર્થાત્ પશ્ચિમ દિશા તરફ મુખ રાખી ) બીજાને માટે બીજાની છાયા અને પોતાને માટે પોતાની છાયા જોવી. ૨૧૮, થી ૨૧૯.

संपूर्णां यदि पश्येत्तामावर्षं न मृतिस्तदा ।
क्रमजंघाजान्वभावे त्रिद्वयेकाब्दैर्मृतिःपुनः ॥ २२० ॥

જો સંપૂર્ણ છાયા-જોવામાં આવે તો આ ચાલતા વર્ષમાં મરણ ન થાય. પગ, જંઘા અને જાનુ ( ઘુંટણ ) ન દેખાય તો અનુક્રમે ત્રણ બે અને એક વર્ષે મરણ થાય. ૨૨૦.

ऊरोरभावे दशभिर्मासैर्नश्येत्कटेः पुनः ।
अष्टाभिर्नवभिर्वापि तुंदाभावे तु पंचपैः ॥ २२१ ॥

સાથળ ન દેખાય તો દશ મહિને, કમ્મર ન દેખાય તો આઠ અગર નવ માસે અને પેટ ન દેખાય તો પાંચ મહિને મરણ થાય. ૨૨૧.

ग्रीवाभावे चतुस्त्रिद्वयेकमासैर्म्रियते पुनः ।
कक्षाभावे तु पक्षेण दशाहेन भुजक्षये ॥ २२२ ॥

જો ડોક દેખવામાં ન આવે તો ચાર, ત્રણ, બે, કે એક મહિને મરણ થાય. કક્ષા ( બગલ ) ન દેખાય તો પંદર દિવસે અને ભુજા ( હાથ ) ન દેખાય તો દશ દિવસે મરણ થાય. ૨૨૨.

दिनैः स्कंधक्षयेऽष्टाभिश्चतुर्याम्या तु हृत्क्षये ।
शीर्षाभावे तु यामाभ्यां सर्वाभावे तु तत्क्षणात् ॥ २२३ ॥

તે છાયામાં સ્કંધ ન દેખાય તો આઠ દિવસે, હૃદય ન દેખાય તો ચાર પ્રહરે ( પોહોરે ), મસ્તક ન દેખાય તો બે પોહોરે અને સર્વથા શરીર ન દેખાય તો તત્કાળ મરણ થાય. ૨૨૩.

एवमाध्यात्मिकं कालं विनिश्चेतुं प्रसंगतः ।
बाह्यस्यापि हि कालस्य निर्णयः परिभाषितः ॥ २२४ ॥

આ પ્રમાણે ( પવનાભ્યાસે ) શારીરિક કાળજ્ઞાનનો નિર્ણય કરતાં પ્રસંગોપાત બાહ્યથી પણ કાળજ્ઞાનનો નિર્ણય કહેવાયો. ૨૨૪.

## જય પરાજય સંબંધી જ્ઞાન.

को जेष्यति द्वयोर्युद्धे इति पृच्छत्यवस्थिते ।
जयः पूर्वस्य पूर्णे स्याद्रिक्ते स्यादितरस्य तु ॥ २२५ ॥

બન્નેના યુદ્ધમાં કોણ જીતશે ? આવો પ્રશ્ન કર્યે છતે જો પૂર્ણ નાડી હોય ( સ્વાભાવિક પૂરક થતો હોય અર્થાત્ શ્વાસ અંદર

ખેંચાતો હોય ) તો જેનું પહેલું નામ લીધું હોય તેનો જય થાય. અને જો નાડી રિક્ત હોય ( રેચક થતો હોય અર્થાત્ પવન બહાર મૂકાતો હોય ) તો બીજાનો જય થાય. ૨૨૫.

## રિક્ત અને પૂર્ણનું લક્ષણ કહે છે.

**यत्यजेत् संचरन् वायुस्तद्रिक्तमभिधीयते ।**
**संक्रा॰ त्तु यत्र स्थाने तत्पूर्णं कथितं बुधैः ॥ २२६ ॥**

ચાલતા વાયુને જે બહાર મૂકવો તે રિક્ત કહેવાય છે, અને નાસિકાના સ્થાનમાં પવન અંદર પ્રવેશ કરતો હોય તેને વિદ્વાનો પૂર્ણ કહે છે. ૨૨૬.

## સ્વરોદયથી શુભાશુભ નિર્ણય.

**प्रश्नादौ नाम चेद् ज्ञातुर्गृह्णात्यथातुरस्य तु ।**
**स्यादिष्टस्य तदा सिद्धिर्विपर्यासे विपर्ययः ॥ २२७ ॥**

પ્રશ્ન કરવામાં પ્રથમ નામ જાણવાવાળાનું લે અને પછી રોગીનું નામ લે તો ઇષ્ટ સિદ્ધિ થાય અને તેથી વિપરીત એટલે પહેલું રોગીનુ અને પછી જાણનારનું નામ લે તો તેનું પરિણામ પણ વિપ રિત આવશે એમ સમજવું. ૨૨૭

( વિવેચન ) જેમકે જીનદત્તજી આ દેવદત્ત નામના રોગીને સારૂ થશે કે કેમ ? આમાં જાણકાર જીનદત્તજીનું નામ પ્રથમ છે, અને રોગીનુ પછી છે, તો કાર્ય સિદ્ધિ અર્થાત્ નિરોગી થશે. અને આ રોગવાળા દેવદત્તને સારૂં થશે કે નહિ, જીનદત્તજી તે વિષે મને કહો. આમાં રોગીનુ નામ પહેલું છે તેથી ઇષ્ટ સિદ્ધિ નહિ થાય. કોઇ આ પ્રમાણે પ્રથમ બોલવાનુ જાણી લઇ મરવાની તૈયારીવા- ળાના સબંધમાં પ્રશ્ન કરે અને તેથી સર્વ જીવતા રહે એમ ન સમજવુ. ખરી રીતે આ પ્રશ્નો અજાણ્યાં પૂછવાનાં છે અને બીજા પણ તત્ત્વાદિકથી જણાતાં કારણોને લઇને જ્ઞાતા પુરૂષ યથાયોગ્ય ઉત્તર આપે તો નિમિત્તજ્ઞાન સત્ય થાય છે.

**वामबाहुस्थिते दूते समनामाक्षरो जयेत् ।**
**दक्षिणबाहुगे त्वाजौ विषमाक्षरनामकः ॥ २२८ ॥**

યુદ્ધમાં કોણ જીતશે? એ પશ્ન કરવા માટે જો દૂત (પ્રશ્ન કરનાર) ડાબી બાજુએ ઉભો હોય તો જે યુદ્ધ કરનારનું નામ સમ અક્ષરનું (બે ચાર છ બેકીવાળા અક્ષરો તે સમ) હોય તેનો જય થાય અને જમણી બાજુ ઉભો રહી પ્રશ્ન કરે તો વિષમ અક્ષર (એકીવાળા ૧-૩-૫) ના નામવાળાનો જય થાય. ૨૨૮.

भूतादिभिर्गृहीतानां दष्टानां वा भुजंगमैः ।
विधिः पूर्वोक्त एवासौ विज्ञेयः खलु मांत्रिकैः ॥ २२९ ॥

ભૂતાદિકના વળગાડવાળાં અને સર્પાદિકથી ડસાયેલાં માણસો માટે પણ પૂર્વે કહેલ વિધિજ (પ્રશ્નના સંબંધમાં) મંત્રવાદિઓએ નિરોગી થવા માટે જાણવો ૨૨૯.

पूर्णा संजायते वामा नाडी हि वरुणेन चेत् ।
कार्याण्यारभ्यमाणानि तदा सिध्यंत्यसंशयम् ॥ २३० ॥

પૂર્વે જે ચાર મંડળો કહેવામાં આવ્યાં છે તે માંહેલા બીજા વારૂણ નામના મંડળે કરી જો ડાબી નાડી પૂર્ણ વહન થતી હોય તો એ અવસરે પ્રારંભ કરાતાં કાર્યો અવશ્ય સિદ્ધ થાય છે. ૨૩૦.

जयजीवितलाभादिकार्याणि निखिलान्यपि ।
निष्फलान्येव जायंते पवने दक्षिणास्थिते ॥ २३१ ॥

અને જો વારૂણ મંડળના ઉદયે પવન જમણી નાસિકામાં રહેલો હોય તે જય જીવિત અને લાભાદિ સર્વ કાર્યો નિષ્ફલજ થાય છે. ૨૩૧

ज्ञानी बुद्ध्वानिलं सम्यक् पुष्पं हस्तात्प्रपातयेत् ।
मृतजीवितविज्ञाने ततः कुर्वीत निश्चयम् ॥ २३२ ॥

જીવિત મરણના વિજ્ઞાન માટે જ્ઞાનીએ વાયુને સારી રીતે જાણીને હાથથી પુષ્પ નીચું પાડવું અને તેથી પણ નિર્ણય કરવો. ૨૩૨.

त्वरितो वरुणे लाभश्चिरेण तु पुरंदरे ।
जायते पवने स्वल्पः सिद्धोप्यग्नौ विनश्यति ॥ २३३ ॥

(પ્રશ્ન કરતી વખતે ઉત્તર આપનારને) વરૂણ મંડળનો ઉદય હોય તો ઘણી ઝડપથી લાભ થાય પુરંદર મંડળ હોય તો ઘણો મોડો લાભ થાય. પવન મંડળ હોય તો સહેજસાજ લાભ થાય અને અગ્નિ મંડળનો ઉદય હોય તો સિદ્ધ થયેલ કાર્ય પણ નાશ પામે. ૨૩૩.

आयाति वरुणे यातः तत्रैवास्ते सुखं क्षितौ ।
प्रयाति पवनेऽन्यत्र मृत इत्यनले वदेत् ॥ २३४ ॥

વારૂણ મંડળના ઉદયમાં ગ્રામાંતર ગયેલાના સંબંધમાં પ્રશ્ન કર્યું હોય તો તે શીઘ્ર પાછો આવશે. પુરંદર મંડળમાં તે જ્યાં ગયો છે ત્યાં સુખે સમાધે રહ્યો છે. પવન મંડળમાં તે ત્યાંથી બીજે ઠેકાણે જાય છે અને અગ્નિ મંડળમાં પ્રશ્ન કર્યું હોય તો તે મરણ પામ્યો છે એમ કહેવું. ૨૩૪.

दहने युद्धपृच्छायां युद्धभंगश्च दारुणः ।
मृत्युः सैन्यविनाशो वा पवने जायते पुनः ॥ २३५ ॥

અગ્નિ મંડળમા યુદ્ધ સંબંધી પ્રશ્ન કરે તો મહાયુદ્ધ થાય અને યુદ્ધમાં વૈરી તરફથી હાર મળે, પવન મંડળમાં પ્રશ્ન કરે તો (જેના સંબંધમાં પ્રશ્ન કરાયું હોય) તેનુ મરણ થાય અથવા સૈન્યનો વિનાશ થાય. ૨૩૫.

महेंद्रे विजयो युद्धे वारुणे वांछिताधिकः ।
रिपुभंगेन संधिर्वा स्वसिद्धिपरिसूचकः ॥ २३६ ॥

મહેંદ્ર મંડળમાં (પૃથ્વી તત્ત્વમાં) પ્રશ્ન કરે તો યુદ્ધમાં વિજય થાય, વારૂણ મંડળ હોય તો મનઇચ્છિત પણ અધિક લાભ થાય. તેમજ શત્રુનો ભંગ થવે કરી અથવા સંધિ (સલાહ) કરવે કરીને પોતાની સિદ્ધિને તે સૂચવે છે. ૨૩૬.

भौमे वर्षति पर्जन्यो वरुणे तु मनोमतम् ।
पवने दुर्दिनांभोदौ वह्नौ वृष्टिः कियत्यपि ॥ २३७ ॥

વરસાદ સંબધી પ્રશ્ન પાર્થીવ મંડળમાં કરવામાં આવે તો વરસાદ વરસશે, વરૂણ મંડલમાં પ્રશ્ન કરે તો મનઇચ્છિત વરસાદ થાય, પવન મંડલમાં વાદળાંઓથી દુર્દિન થાય ( વરસાદ ન વરસે ) અને અગ્નિ મંડલમા કાંઈ ( સેહેજસાજ ) વૃષ્ટિ થાય. ૨૩૭.

वरुणे शस्यनिष्पत्तिरतिश्लाघ्या पुरंदरे ।
मध्यस्था पवने च स्यान्न स्वल्पापि हुताशने ॥ २३८ ॥

ધાન્યનિષ્પત્તિના સંબંધમા વરૂણ મંડળમાં પ્રશ્ન કરે તો ધાન્ય નિષ્પત્તિ થાય, પુરંદર મંડળમાં ઘણી સરસ નિષ્પત્તિ થાય. પવન મંડળમાં મધ્યસ્થ રીતે ( કોઈ ઠેકાણે થાય અને કોઈ ઠેકાણે ન થાય ) અને અગ્નિ મંડલમાં થોડું પણ અનાજ ન થાય. ૨૩૮.

महेंद्रवरुणौ शस्तौ गर्भप्रश्ने सुतप्रदौ ।
समीरदहनौ स्त्रीदौ शून्यं गर्भस्य नाशकम् ॥ २३९ ॥

ગર્ભ સંબંધી પ્રશ્ન કરવામાં મહેંદ્ર અને વરૂણ મંડલ શ્રેષ્ઠ છે. તેમાં પ્રશ્ન કરે તો પુત્રની પ્રાપ્તિ થાય. વાયુ અને અગ્નિ મંડળમાં પુત્રિની પ્રાપ્તિ થાય તથા સુષુમ્ણા નાડીમાં પ્રશ્ન કરે તો ગર્ભનો નાશ થાય છે. ૨૩૯.

गृहे राजकुलादौ च प्रवेशे निर्गमेऽथवा ।
पूर्णांगपादं पुरतः कुर्वतः स्यादभीप्सितं ॥ २४० ॥

ઘરને વિષે અને રાજ કુલાદિકને વિષે પ્રવેશ કરતાં અથવા ત્યાંથી નિકળતાં જે તરફના નાસિકાના છિદ્રમાંથી પવન વહેતો હોય તે તરફના પગને પ્રથમ આગળ કરી ચાલતાં ઇચ્છિત પ્રાપ્તિ થાય. ૨૪૦.

## કાર્ય સિદ્ધિનો ઉપાય.

गुरुबंधुनृपामात्या अन्येऽपोप्सितदायिनः ।
पूर्णांगे खलु कर्तव्याः कार्यसिद्धिमभीप्सता ॥ २४१ ॥

કાર્યસિદ્ધિને ઇચ્છતા મનુષ્યે ગુરૂ, બંધુ, રાજા, પ્રધાન, અને બીજા પણ પોતાને ઇચ્છિત દેવાવાળા માણસોને ( તેમની પાસેથી કાંઈ મેળવવું હોય ત્યારે ) પૂર્ણાંગે રાખવા અર્થાત્ જે નાસિકાના છિદ્રમાથી પવન વહેતો હોય તે તરફ તેમને રાખી પોતે બેસવું ૨૪૧

## વશીકરણ.

आसने शयने वापि पूर्णांगे विनिवेशिताः ।
वशीभवंति कामिन्यो न कार्मणमतः परम् ॥ २४२ ॥

આસન અને શયન વખતે પણ પૂર્ણાંગે બેસાડેલી ( રાખેલી ) સ્ત્રીઓ પોતાને સ્વાધીન થાય છે. આના સિવાય તેવું બીજું કોઇ કાર્મણ નથી. ૨૪૨.

अरिचौराधमर्णाद्या अन्येऽप्युत्पातविग्रहाः ।
कर्तव्याः खलु रिक्तांगे जयलाभसुखार्थिभिः ॥ २४३ ॥

જય, લાભ, અને સુખના અર્થી જીવોએ, શત્રુ, ચોર અને લેણદાર આદિ તથા બીજા પણ ઉત્પાત, વિગ્રહ, વિગેરે દુઃખ આપનારા-

ઓને ખાલી અંગે રાખવા ( જે બાજુના છિદ્રમાંથી પવન ન ચાલતા હોય તે બાજુ રાખવા) આથી તેઓ દુઃખ આપી શકતા નથી. ૨૪૩.

प्रतिपक्षप्रहारेभ्यः पूर्णांगं योऽभिरक्षति ।
न तस्य रिपुभिः शक्तिर्बलिष्टैरपि हन्यते ॥ २४४ ॥

જે શત્રુઓના પ્રહારોથી પોતાના પૂર્ણ અંગનું રક્ષણ કરે છે, તેની શક્તિનો નાશ કરવાને બળવાન્ શત્રુ હોય, તો પણ સમર્થ થતો નથી. ૨૩૪.

वहंतीं नासिकां वामां दक्षिणां चाभिसंस्थितः ।
पृच्छेद्यदि तदा पुत्रो रिक्तायां तु सुता भवेत् ॥ २४५ ॥

ડાબી અથવા જમણી નાસિકા વહેતી હોય, તે સન્મુખ ઉભો રહીજે ( ગર્ભના સંબંધમાં) પ્રશ્ન કરે, તો પુત્રનો જન્મ કહેવો. અને ખાલી નાસિકા તરફ ઉભો રહી પ્રશ્ન કરે કે આ ગર્ભવંતી સ્ત્રી કોનો જન્મ આપશે? તો પુત્રી થશે એમ કહેવું. ૨૪૫.

सुषुम्णा वाह भागे द्वौ शिशू रिक्ते नपुंशकम् ।
संक्रांतौ गर्भहानिः स्यात् समे क्षेममसंशयम् ॥ २४६ ॥

જો સુષુમ્ણા નાડિમાં પવન વહેતો હોય, ત્યારે સન્મુખ રહી પ્રશ્ન કરે, તો બે બાળકનો જન્મ થાય સુષુમ્ણા મૂકી નાસિકાતરમાં જાતાં શૂન્ય મંડળ ( આકાશ મંડળ) માં પવન જવા પછી પ્રશ્ન કરે, તો નપુંસકનો જન્મ થાય. શૂન્યમંડળથી બીજી નાડિમાં સંક્રમણ કરતા તત્ત્વના ઉદયે જો પ્રશ્ન કરે, તો ગર્ભનો નાશ થાય અને સંપૂર્ણ તત્ત્વના ઉદય થવા પછી સામો રહી પ્રશ્ન કરે, તો સંશય-રહિત ક્ષેમ, કુશળ, મનોવાંછિત સિદ્ધિ થાય. ૨૪૬.

---

(મતાંતર)

चंद्रे स्त्री पुरुषः सूर्ये मध्यभागे नपुंसकम् ।
प्रश्नकाले तु विज्ञेयमिति कैश्चिन्निगद्यते ॥ २४७ ॥

ચંદ્રસ્વર ચાલતાં સન્મુખ ઉભા રહી પ્રશ્ન કરે, તો પુત્રીનો જન્મ, સૂર્યસ્વર હોય તો પુત્ર જન્મ, અને સુષુમ્ણા નાડિ હોય તો નપુંસકનો જન્મ જાણવો; એમ કોઇ આચાર્ય કહે છે. ૨૪૭.

---

## મંડળથી મંડળાંતર જતા પવનને જાણવાનો ઉપાય.

यदा न ज्ञायते सम्यक् पवनः संचरन्नपि ।
पीतश्वेतारुणश्यामैर्निश्चेतव्याः सबिन्दुभिः ॥ २४८ ॥

એક મંડળથી મંડળાંતરમાં જાતા પુરંદરાદિ પવન જ્યારે સારી રીતે જાણી ન શકાય, ત્યારે તેનો પીળા ધોળા, લાલ, અને કાળા (લીલા) બિંદુઓ વડે નિશ્ચય કરવો. ૨૪૮.

## બિંદુ જોવાનો ઉપાય.

अंगुष्ठाभ्यां श्रुतीमध्यांगुलीभ्यां नासिकापुटे ।
अंत्योपांत्यांगुलीभिश्च पिधाय वदनांबुजं ॥ २४९ ॥
कोणावक्ष्णोर्निपीड्याद्यांगुलीभ्यां श्वासरोधतः ।
यथावर्णं निरीक्षेत बिंदुमव्यग्रमानसः ॥ २५० ॥ युग्मम्

બે અંગુઠાથી બે કાનનાં છીદ્ર દબાવવાં મધ્ય આંગળીઓથી નાસિકાનાં છીદ્રો દબાવવાં. અનામિકા અને કનિષ્ટા આંગલીઓથી મુખ દબાવવુ અને તર્જની આંગલીઓથી આંખના ખુણા દબાવી, શ્વાસોશ્વાસને રોકી રાખી, શાંત ચિત્તથી ભ્રૂકુટીમાં જે વર્ણના બિંદુઓ દેખાય તે જોવા. ૨૪૯—૨૫૦.

## બિંદુના જ્ઞાનથી પવનનો નિર્ણય.

पीतेन बिंदुना भौमं सितेन वरुणं पुनः ।
कृष्णेन पवनं विद्यादरुणेन हुताशनम् ॥ २५१ ॥

જો પીળું બિંદુ દેખાય, તો પુરદર વાયુ, ધોળું બિંદુ દેખાય તો વરૂણ વાયુ. કૃષ્ણ (લીલું) બિંદુ દેખાય તો પવન નામનો વાયુ અને લાલ બિંદુ દેખાય તો અગ્નિ નામનો વાયુ છે એમ જાણવું. ૨૫૧.

## ચાલતી નાડીને રોકવાનો અને બીજીને ચલાવવાનો ઉપાય.

निरुरुत्सेद् वहन्तीं यां वामां वा दक्षिणामथ ।
तदंगं पीडयेत्सद्यो यथा नाडीतरा वहेत् ॥ २५२ ॥

વહન થતી ડાબી અથવા જમણી નાડિને રોકવાની ઇચ્છા હોય તો (બેઠાં અગર સુતાં) તે તરફનાં પડખાંને દબાવવું તો તત્કાળ બીજી નાડિ ચાલતી થશે. (અને તે બંધ થશે.) ૨૫૨.

अग्रे वामविभागे हि शशिक्षेत्रं प्रचक्षते ।
पृष्ठे दक्षिणभागे तु रविक्षेत्रं मनाषिगः ॥ २५३ ॥

વિદ્વાન પુરૂષો, શરીરના ડાબા ભાગમાં આગળ ચંદ્રનું ક્ષેત્ર કહે છે અને શરીરના જમણા વિભાગમાં પાછળ સૂર્યનું ક્ષેત્ર છે, એમ કહે છે. ૨૫૩.

लाभालाभौ सुखं दुःखं जीवतं मरणं तथा ।
विदन्ति विरलाः सम्यग् वायुसंचारवेदिनः ॥ २५४ ॥

સારી રીતે વાયુના સંચારને જાણવાવાળા વિરલા પુરૂષોજ, લાભ, અલાભ, સુખ, દુઃખ, જીવિત અને મરણને જાણી શકે છે.

अखिलं वायुजन्मेदं सामर्थ्यं तस्य जायते ।
कर्तुं नाडिविशुद्धिं यः सम्यग् जानात्यमूढधीः ॥ २५५ ॥

જે તિક્ષણ બુદ્ધિવાળો સારી રીતે નાડિની વિશુદ્ધિ કરવાનું જાણે છે, તેને વાયુથી પેદા થતું સર્વ સામર્થ્ય પ્રાપ્ત થાય છે. ૨૫૫

---

## નાડિ શોધન કરવાની રીત.

नाभ्यब्जकर्णिकारूढं कलाबिंदुपवित्रितं ।
रेफाक्रांतं स्फुरद्भासं हकारं परिचिंतयेत् ॥ २५६ ॥
तं ततश्च तडिद्वेगं स्फुलिंगार्चिशतांचितम् ।
रेचयेत्सूर्यमार्गेण प्रापयेच्च नभस्तलम् ॥ २५७ ॥
अमृतैः प्लावयन्तं तमवतार्य शनैस्ततः ।
चन्द्राभं चन्द्रमार्गेण नाभिपद्मे निवेशयेत् ॥ २५८ ॥
निष्क्रमं च प्रवेशं च यथामार्गमनारतम् ।
कुर्वन्नेवं महाभ्यासो नाडिशुद्धिमवाप्नुयात् ॥ २५९ ॥

चतुर्भिः कलापकम्

નાભિકમળની કર્ણિકામાં આરૂઢ થએલો કલા (ˇ) અને બિંદુ (ˑ)થી પવિત્ર, રેફથી દબાયેલ, પ્રકાશવાળા—હ—કારને ચિંતવવો.

( ૐ ) ત્યાર પછી વીજળી સરખા વેગવાળા અને સંકડો ગમે અગ્નિના કણિયા, તથા જ્વાલાઓ યુક્ત, ૐ ને સૂર્ય નાડીના માર્ગે રેચક કરી, (બાહાર કાઢી) આકાશમાં ઉંચે પ્રાપ્ત કરવો, (એમ કલ્પના કરવી). પછી આકાશમાં અમૃતથી ભીંજાવી, હળવે હળવે નિચે ઉતારી, ચંદ્ર સરખા ઉજ્વળ અને શાંત ૐને ચંદ્ર નાડિને માર્ગે પ્રવેશ કરાવી નાભિકમળમાં સ્થાપન કરવો. આ પ્રમાણે નિરંતર પ્રવેશ અને નિષ્ક્રમણ બતાવેલ માર્ગે કરતાં, મહા અભ્યાસી પુરૂષ નાડિશુદ્ધિ પામે છે. ૨૫૬, ૨૫૭, ૨૫૮, ૨૫૯.

---

## નાડિ વિશુદ્ધિથી થતું ફળ.

नाडिशुद्धाविति प्राज्ञः संपन्नाभ्यासकौशलः ।
स्वेच्छया घटयेद् वायुं पुटयोस्तत्क्षणादपि ॥ २६० ॥

વિચક્ષણ પુરૂષો, નાડિશુદ્ધિ કરવાના અભ્યાસમાં કુશળતા મેળવી, પોતાની ઇચ્છાનુસારે, વાયુને તત્કાળ એક બીજા નસકોરામાં ( નાડીમાં ) કે (તત્ત્વમા) અદલબદલ કરી શકે છે. (જોડી શકે છે. ) ૨૬૦.

---

## એક નાડિમાં રહેતા વાયુનું કાળમાન.

द्वे एव घटिके सार्धे एकस्यामवतिष्ठते ।
तामुत्सृज्यापरां नाडमधितिष्ठति मारुतः ॥ २६१ ॥

એક નાડિની અંદર અઢી ઘડી સુધી વાયુવહન થાય છે, પછી તે નાડિને મૂકી બીજી નાડિમાં વાયુ આવે છે. (એમ વારા ફરતી બદલાયા કરે છે). ૨૬૧

षट् शताभ्यधिकान्याहुः सहस्राण्येकविंशतिम् ।
अहोरात्रे नरि स्वस्थे प्राणवायोर्गमागमम् ॥ २६२ ॥

નિશ્ચિત અને નિરોગી પુરૂષમાં, એક અહો રાત્રિએ એકવિશ હજાર અને છશો પ્રાણવાયુનું (શ્વાસોશ્વાસનુ) જવું આવવું થાય છે.

मुग्धधीर्यः समीरस्य संक्रांतिमपि वेत्ति न ।
तत्त्वनिर्णयवार्तां स कथं कर्तुं प्रवर्तते ॥ २६३ ॥

જે મુગ્ધ બુદ્ધિવાળો માણસ વાયુના સંક્રમણને (એક નાડિમાંથી

બીજી નાડિમા જવાના ઉપાયને ) પણ નથી જાણતો તે, ( આગળ બતાવવામાં આવેલા પુરંદરાદિ ) તત્ત્વોનો નિર્ણય કરવાને કેવી રીતે પ્રવૃત્તિ કરી શકે ? અર્થાત્ નજ કરી શકે; માટે વાયુના સંક્રમણાદિ જાણવા માટે પ્રથમ તત્ત્વનો અભ્યાસ કરવો. ૨૬૩.

વિવેચન—કાળજ્ઞાન. પવનજ્ઞાન અને તત્ત્વજ્ઞાનના સંબંધમાં આચાર્યશ્રીએ ઘણું બતાવ્યું છે. આ કાલજ્ઞાનાદિ બતાવવાનો હેતુ શું હશે ? એ સ્વાભાવિકજ પ્રશ્ન ઉત્પન્ન થઈ શકે છે. તેનો ઉત્તર એમ સમજાય છે કે, કાળજ્ઞાન બતાવી જીવોને જાગૃત કરવાનો છે. આયુષ્ય નજીકમાં પૂર્ણ થતું જણાતાં આત્મસાધનમાં વિશેષ પ્રયત્ન કરવા પ્રેરવાનો છે. જુઓ કે, આત્માર્થિ જ્ઞાની પુરૂષો તો નિરંતર જાગૃતજ હોય છે, છતાં કોઈ રોગાદિ કારણથી પ્રમાદમાં હોય, તો તેમને જાગૃતિ મેળવવાનું કારણ એક કાળજ્ઞાન છે. તેમજ સામાન્ય સ્થિતિવાળા મનુષ્યો પણ આયુષ્ય નજીક પૂર્ણ થતું જાણી પરલોકનું હિત કરવા માટે આત્મસાધનમાં જાગૃત થાય છે, તે માટે કાળજ્ઞાન બતાવવામાં આવ્યું છે. તેમજ પવનાદિ સાધનથી શરીર નિરોગતા થવા કહેવાનું કારણ યોગીઓને યોગ્ય સાધનમાં વિઘ્ન ન આવે, યોગનો પ્રવાહ અખંડ લાંબો કાળ ચાલ્યા કરે અને કર્મનો ક્ષય કરી આત્મપદ મેળવે, આ માટેજ પવન સાધના બતાવી છે.

તત્ત્વ બતાવવાનો હેતુ એ છે કે કોઈ પણ ધાર્મિક યા સંયમને અનુકૂળ વ્યવહારિક કાર્ય પ્રારંભ કરતાં તે કાર્યનો પ્રયાસ નિરર્થક ન જાય, અથવા સરલતાથી સિદ્ધ થાય તે છે. કેમકે કાર્ય સિદ્ધ થશે કે નહિ થાય તે જ્ઞાન, તત્ત્વ સિદ્ધ થયાથી થઈ શકે છે.

આમ કાળજ્ઞાન, પવનસાધન અને તત્ત્વજ્ઞાન વિગેરે બતાવવાનો હેતુ આચાર્યશ્રીનો છે. માટે સાધકોએ વાંચી સમજીને આ જ્ઞાનોનો દુરૂપયોગ ન કરતાં તેનો સદુપયોગ કરવો, એ ભૂલી જવું ન જોઇએ

પવન સાધન કરવાથી બીજાના શરીરમાં પણ યોગીઓ પ્રવેશ કરી શકે છે. પણ તેઓએ ક્રમે વેધ કરવાની વિધિ પ્રથમ સિદ્ધ કરવી જોઇએ તેજ બતાવે છે.

## વેધ કરવાની વિધિ.

पूरितं पूरकेणाधोमुखं हृत्पद्ममुन्मिषेत् ।
ऊर्ध्वंश्रोतो भवेत्तच्च कुंभकेन प्रबोधितम् ॥ २६४ ॥
आक्षिप्य रेचकेणाथ कर्पद्वायुं हृदंबुजात् ।
उर्ध्वश्रोतेः पथग्रंथिं भित्वा ब्रह्मपुरं नयेत् ॥ २६५ ॥
ब्रह्मरंध्रान्निष्क्रमय्य योगीकृतकुतूहलः ।
समाधितोऽर्कतूलेपु वेधं कुर्याच्छनैः शनैः ॥ २६६ ॥
मुहुस्तत्र कृताभ्यासो मालतीमुकुलादिपु ।
स्थिरलक्ष्यतया वेधं सदा कुर्यादतंद्रितः ॥ २६७ ॥
दृढाभ्यासस्ततः कुर्याद् वेधं वरुणवायुना ।
कर्पूरागुरुकुष्टादि गंधद्रव्येपुसर्वतः ॥ २६८ ॥
एतेपु लब्धलक्षोऽथ वायुसंयोजने पटुः ।
पक्षिकायेपु सूक्ष्मेपु विदध्याद्वेधमुद्यतः ॥ २६९ ॥
पतंगभृंगकायेपु जाताभ्यासो मृगेष्वपि ।
अनन्यमानसो धीरः संचरेद्विजितेंद्रियः॥ २७० ॥
नराऽश्वकरिकायेपु प्रविशन्निःसरन्निति ।
कुर्वीत संक्रमं पुस्तोपलरूपेष्वपि क्रमात् ॥ २७१ ॥
अष्टभिः कुलकम् ॥

પુરક ક્રિયાએ કરી વાયુને અંદર પૂરતાં હૃદયકમળનું મુખ નીચું આવે છે, અને સંકોચાય છે. તેજ હૃદયકમળ કુંભક કરવા વડે વિકસ્વર થઇ, ઉર્ધ્વશ્રોત (ઉંચા મુખવાળું) થાય છે. (માટે પ્રથમ કુંભક કરવો.) પછી હૃદયકમળના વાયુને રેચક કરવા વડે હલાવી (આ રેચક બહાર કરવો નહી પણ કુંભકના બંધનથી અંદર છુટો કરવો) હૃદયકમળમાંથી (ઉંચો) ખેંચવો તે વાયુને ઉર્ધ્વશ્રોત પ્રેરી, રસ્તામાં દુર્ભેદ્ય ગ્રંથીને ભેદીને બ્રહ્મરંધ્રમા લઇ જવો, (ત્યાં સમાધી થઇ શકે છે.) કુતૂહલ જોવાની કે કરવાની ઇચ્છાથી યોગીઓએ તે પવનને બ્રહ્મરંધ્રથી બહાર કાઢી, સમતાથી આકડાના તુલ વિષે હળવે હળવે વેધ કરવો. (પવનને અર્કતુલ ઉપર મૂકવો) વારંવાર તેના ઉપર તેવો અભ્યાસ કરી એટલે બ્રહ્મ-

રંધ્રમાં લઇ જવો અને પાછો ત્યાં લાવવો. પછી જાઇ, ચંબેલી, આદિના પુષ્પોનું લક્ષ સ્થિર રાખી ઉપયોગની જાગૃતિપૂર્વક વેધ કરવો. એમ ત્યાં પણ જવું આવવું કરવે કરી દૃઢ અભ્યાસ થવા પછી જ્યારે વરૂણમંડળમાં વાયુ ચાલતો હોય ત્યારે કર્પુર, અગુરૂ, અને કુષ્ટ પ્રમુખ સુગંધી દ્રવ્યોને વિષે વેધ કરવો. એ સર્વમાં વિજય મેળવી ઉપર જણાવેલ સર્વમાં વગર પરિશ્રમે વાયુને જોડવામાં પ્રવીણ થઇ, સૂક્ષ્મ (નાના) પક્ષીઓના શરીરમાં વેધ કરવાનો ઉદ્યમ કરવો. પતંગ અને ભ્રમરાદિના શરીરમાં અભ્યાસ કરી મૃગાદિકને વિષે પણ અભ્યાસ કરવા પ્રવર્તવું. પછી એકાગ્રચિત્ત, ધીર અને જીતેંદ્રિય થઇ મનુષ્ય, ઘોડા અને હાથી પ્રમુખના શરીરોમાં વેધ કરવો. તેમાં પ્રવેશ અને નિર્ગમન કરતાં અનુક્રમે પાષાણની પુતલી, દેવની પ્રતિમાદિમાં સંક્રમ (પ્રવેશ) કરવો. ૨૬૪–૨૭૧.

एवं परासुदेहेषु प्रविशेद्वामनाशया ।
जीवद्देहप्रवेशस्तु नोच्यते पापशंकया ॥ २७२ ॥

આ પ્રમાણે મરણ પામેલા જીવોના શરીર વિષે ડાબી નાસિકાથી પ્રવેશ કરવો. જીવતા મનુષ્યના શરીરમાં પ્રવેશ કરવાનું પાપના ભયથી અમે કહેતા નથી. ૨૭૨.

જીવતા મનુષ્યોના શરીરમાં પ્રવેશ કરવાનું પાપના કારણથી નથી બતાવતા, તથાપિ સ્થાન શૂન્ય ન રહે ( વિષય અધુરો ન રહે ) માટે દિશા માત્ર બતાવે છે.

---

## અન્યના શરીરમાં પ્રવેશ કરવાની વિધિ.

ब्रह्मरंध्रेण निर्गत्य प्रविश्यापानवर्त्मना ।
श्रित्वानाभ्यंबुजं यायात् हृदंभोजं सुषुम्णया ॥ २७३ ॥
तत्र तत्प्राणसंचारं निरुंध्यान्निजवायुना ।
यावद्देहात्ततो देही गतचेष्टो विनिःपतेत् ॥ २७४ ॥
तेन देहे विनिर्मुक्ते प्रादुर्भूतेंद्रियक्रियः ।
वर्त्तेत सर्वकार्येषु स्वदेह इव योगवित् ॥ २७५ ॥
दिनार्धं वा दिनं चेति क्रीडेत्परपुरे सुधीः ।
अनेन विधिनाभूयः प्रविशेदात्मनः पुरं ॥ २७६ ॥

બ્રહ્મરંધ્રથી નીકળી અને પરકાયમાં અપાન (ગુદા) માર્ગથી પ્રવેશ કરવો. ત્યાં જઈ નાભિકમળનો આશ્રય લઈ, સુષુમ્ણા નાડીએ થઇ હૃદય કમળમાં જવું, ત્યાં જઇ પોતાના વાયુએ કરી તેના પ્રાણના પ્રચારને રોકવો, તે વાયુ ત્યાં સુધી રોકવો કે તે દેહી, દેહથી ચેષ્ટા રહિત થઇ નીચો પડી જાય. અંતર્મુહૂર્તમાં તે દેહથી વિમુક્ત થતાં. પોતા તરફથી ઇંદ્રિયોની ક્રિયા પ્રગટ થયે છતે, યોગનો જાણકાર પોતાના દેહની માફક તે દેહથી સર્વ ક્રિયામાં પ્રવૃત્તિ કરે. અરધો દિવસ, યા એક દિવસ, પર શરીરમાં ક્રીડા કરી બુદ્ધિમાન્ પાછો આજ વિધિએ પોતાના શરીરમાં પ્રવેશ કરે. ૨૭૩, થી ૨૭૬,

## પરકાય પ્રવેશનું ફળ.

क्रमेणैवं परपुर प्रवेशाभ्यासशक्तितः ।
विमुक्त इव निर्लेपः स्वेच्छया संचरेत्सुधीः ॥ २७७ ॥

આ પ્રમાણે અભ્યાસ ક્રમે બીજાના શરીરમાં પ્રવેશ કરવાની શક્તિ ઉત્પન્ન થવાથી, મુક્ત થયેલાની માફક નિર્લેપ રહી, ઇચ્છાનુસાર બુદ્ધિમાન્ વિચરી શકે. ૨૭૭.

इतिश्री आचार्य हेमचंद्रविरचिते श्री योगशास्त्रे मुनि केशरविजयगणिकृत बालावबोधे पंचमः प्रकाशः ॥

ॐ

## ॥ अथ षष्ठः प्रकाशः प्रारभ्यते ॥

## પરકાય પ્રવેશ, તે પરમાર્થિક નથી.

इहचायंपरपुर प्रवेशश्चित्रमात्रकृत् ।
सिध्येन्न वा प्रयासेन कालेन महतापि हि ॥ १ ॥

અહીં જે બીજાના શરીરમાં પ્રવેશ કરવાપણું બતાવ્યું તે એક કેવળ આશ્ચર્ય કરે તેટલુંજ છે. ( પણ તેમાં પરમાર્થ કાંઇ નથી ) તેમજ, તે ઘણે કાળે પણ, અને ઘણે પ્રયાસે સિદ્ધ થાય કે ન પણ થાય. ( માટે મુક્ત થવાને ઇચ્છનારા મુમુક્ષુઓએ તેને માટે પ્રયાસમાં ન ઉતરવું. ૧.

## પરકાય પ્રવેશ, પારમાર્થિક કેમ નથી?

जित्वापि पवनं नानाकरणैः क्लेशकारणैः ।
नाडीप्रचारमायत्तं विधायापि वपुर्गतम् ॥ २ ॥

अश्रद्धेयं परपुरे साधयित्वापि संक्रमम् ।
विज्ञानैकप्रसक्तस्य मोक्षमार्गो न सिध्यति ॥ ३ ॥

નાના પ્રકારના ક્લેશના કારણરૂપ આસનાદિકે કરી પવનને જીતીને અને શરીરની અંદર રહેલ નાડીના પ્રચારને પોતાને સ્વાધિન કરીને, તથા બીજાઓને માનવામાં ન આવે તેવું અન્યના શરીરમાં પ્રવેશ કરવાનું સિદ્ધ કરીને, પણ આવાં (પરકાયા પ્રવેશાદિ) વિજ્ઞાનમાં આસક્ત થએલા મનુષ્યોને મોક્ષમાર્ગ સિદ્ધ થતો નથી. ૨-૩.

## સિદ્ધિ માટે પ્રાણાયામની જરૂર નથી.

तन्नाप्नोति मनःस्वास्थ्यं प्राणायामैः कदर्थितम् ।
प्राणस्यायमने पीडा तस्यां स्याच्चित्तविप्लवः ॥ ४ ॥

पूरणे कुंभने चैव रेचने च परिश्रमः ।
चित्तसंक्लेशकरणान्मुक्तेः प्रत्यूहकारणम् ॥ ५ ॥

પ્રાણાયામે કરી કદર્થના પામેલું મન, સ્વસ્થતા પામતું નથી, કેમકે પ્રાણનો નિગ્રહ કરતાં શરીરને પીડા થાય છે, અને શરીરને પીડા થવાથી મનમાં ચપળતા થાય છે. પૂરક, કુંભક રેચક કરવામાં પારશ્રમ પડે છે. પરિશ્રમ કરવાથી મનમાં સંકલેશ (ખેદ) થાય છે અને મનની સંકલેશિત સ્થીતિ એ મોક્ષ માર્ગનું એક ખરેખર વિઘ્ન છે. ૪–૫.

અહીં શિષ્ય શંકા કરે છે કે, પ્રાણાયામથી શરીરને પીડા અને મનની ચંચળતા થાય છે, તો એવો બીજો કયો માર્ગ છે, કે જેમાં શરીરને પીડા ન થાય અને મનની ચંચળતા શાંત પામે? આચાર્ય શ્રી ઉત્તર આપે છે કે તે માર્ગ પ્રત્યાહાર છે. તેજ બતાવે છે. ૬,

## પ્રત્યાહાર.

इंद्रियैः सममाकृष्य विषयेभ्यः प्रशांतधीः ।
धर्मध्यानकृते पश्चान्मनः कुर्वीत निश्चलम् ॥ ६ ॥

શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શ એ પાંચે વિષયોમાંથી ઇંદ્રિયો સાથે મનને પણ બરોબર ખેંચી લઇ, અત્યંત શાંત બુદ્ધિવાળે ધર્મધ્યાન કરવા માટે મનને નિશ્ચલ કરી રાખવું.

વિવેચન—શબ્દ, રૂપ, ગંધ, રસ, અને સ્પર્શ, એ પાંચ વિષયમાંથી મનને કાઢી લેતાં બુદ્ધિ શાંત થઇ રહે છે, અને એ પાંચે વિષયો સંબંધે મનમાં આવતા વિચારોમાંથી મન મોકળું કરતાં બુદ્ધિ અત્યંત શાંત થઇ રહે છે. એનુંજ નામ પ્રશાન્ત બુદ્ધિવાળા થવું. માટે પ્રથમ બાહ્ય વિષયોમાંથી અને પછી અંતરમાં આવતા એ વિષયો સંબંધી મનને છૂટું પાડી અત્યંત શાંત બુદ્ધિવાળા થઇએ તોજ મન નિશ્ચલ થાય છે અને એવા નિશ્ચલ મન વડેજ ધર્મધ્યાન યથાર્થ કરાય છે, માટે આપણે આંતર બહાર પ્રત્યાહાર કેમ કરવો, તે પ્રથમ જાણી પછી ક્રિયામાં મૂકવું જોઈએ.

૧ શબ્દ નામના વિષયમાંથી શ્રોત્ર ઇંદ્રિય અને મનને ખેંચી લેવાનો ઉપાય.

શબ્દ બે પ્રકારના છે. એક સુસ્વરવાળા અને બીજા દુઃસ્વરવાળા. સુસ્વરવાળા શબ્દ કે દુઃસ્વરવાળા શબ્દો મન શ્રોત્રેંદ્રિય એટલે કર્ણેંદ્રિયમાં હોય તોજ તે સંભળાય છે. આ વાતનો સૌ કોઇને અનુભવ હવે થઇ ગયો છે કે આપણું મન જ્યારે બીજી કોઈ બાબતમાં રોકાયું હોય અને પાસે ગમે તે વાત થતી હોય અને આપણા કાન ઉઘાડા હોય તોપણ આપણે સાંભળતા નથી. (તેમજ આપણી આંખ ઉઘાડી હોય તોપણ આપણે જોતા નથી) માટે મન જો શ્રોત્રેંદ્રિય તરફ વળતું ન હોય તો શબ્દ સંભળાતો નથી એ વાત તો નિશ્ચય છે. આટલા માટે પ્રશાન્ત બુદ્ધિ કરી ધર્મધ્યાનના અભિલાષીઓએ પ્રથમ તો શ્રોત્રેંદ્રિય તરફ સુસ્વર કે દુઃસ્વર ન આવે એટલા માટે કાનમાં પુમડાં રાખવાં, એટલે મન શબ્દ સાંભળવા તરફ વળતું અટકી કંઇક શાન્ત થશે. હવે જો તે છતાં શબ્દ સાંભળવાના અંદર વિચાર કરે તો તેને થોડીવાર હુકમ કર્યા કરવો કે સાંભળ-મન ! હમણાં તારે ધર્મધ્યાન કરવાના કાર્યમાં રોકાવાનું છે. માટે શબ્દ સાંભળવાના વિચારો તારે અંદર પણ ન કરવા. તે છતા ગોલા કે લબાડ માણસોની પેઠે વિચારો કર્યા કરે તો તેને હડસેલી દૂર કરવામાં થોડો વખત રોકાવુ. આમ કરતાં કર્ણેંદ્રિય કે શ્રોત્રેંદ્રિયમાંથી મન જતું અટકશે, એટલે મન નિશ્ચલ થઇ, અહર્નિશ પ્રવર્તતી

મનની અશાન્તિનો એક પંચમાંશ જીતાઈ જઈ કેટલીક અપૂર્વ શાન્તિ અનુભવાશે.

આ પ્રકારે બહારથી આવતા મધુર સ્વરવાળો શબ્દ કે કઠોર ઉચ્ચારવાળા શબ્દ તરફ—કર્ણેન્દ્રિય તરફ જતું મન અટકવાથી તે શાન્ત થશે. પ્રશાન્ત કરવાને કે શ્લોકમાં લખેલ નિશ્ચલ મન કરવાને એવા શબ્દોથી વધી અંતરમાં આવતા વિચારોને પણ ઉપર પ્રમાણે અટકાવવા જોઈએ.

૨. રૂપ નામના વિષયમાંથી ચક્ષુઇન્દ્રિય અને મનને આકર્ષવાનો ઉપાય. કોઇ વિષય સુરૂપ કે સુંદર હોય છે, કોઈ કુરૂપ કે બેડોળ હોય છે. આ મનોજ્ઞ અને અળખામણા રૂપ તરફ ચક્ષુઇંદ્રિયને દૂર કરવાને ચક્ષુઓને પ્રત્યાહાર કરતી વખતે બંધ કરવી, એટલે બહારનાં તમામ પદાર્થ દેખાતા બંધ થશે. આટલું કર્યાથી બહારના દૃશ્ય પદાર્થમાં ભટકતી આખ અટકશે, એટલું જ નહિ પણ મન પણ કેટલેક અંશે અટકશે; પરંતુ અંતરમાં, જે પદાર્થ આંખ ઉઘાડી હોય ત્યારે દેખાય, એવા પદાર્થો સંબંધી જ્યાંસુધી વિચારો આવે ત્યાંસુધી મન નિશ્ચલ નહીં થાય અને એ મન નિશ્ચલ નહી થાય ત્યાસુધી તે ધર્મ ધ્યાનને માટે યોગ્ય પણ નહિ થયું, માટે આંખ મીંચ્યા પછી દૃશ્ય પદાર્થ સંબંધી વિચારો આવે તે પણ દૂર કરવાનો હુકમ કરવો તે છતા તેવા વિચારો આવે તો પુનઃ પુનઃ પ્રયત્ન કરવો. એમ અત્યંત શાંત થવાથી મનને નિશ્ચલ કરી શકાશે.

૩. ગંધ નામના વિષયમાંથી ઘ્રાણેંદ્રિય અને મનને ખેંચી લેવાનો ઉપાય.

ગંધ પણ બે પ્રકારના છે. સુરભિ અને દુરભિ, અથવા સુગંધ અને દુર્ગંધ.

જેમ કાનને પુમડાથી અને આંખને પોપચાથી બંધ કરી બહારના શબ્દ અને રૂપને અટકાવાય છે, તેમ નાકને સુગંધ દુર્ગંધથી અટકાવવુ મૂશ્કેલ છે. માટે પ્રત્યાહાર કરતી વેળા કોઈ એવું સ્થાન પસંદ કરવું કે જ્યાં વિશેષ કરી સુગંધ, દુર્ગંધ ન આવે. આમ કરવાથી નાસિકા ઈંદ્રિય તરફ મન જતું અટકશે. પરંતુ ધર્મ ધ્યાન યોગ્ય એવું નિશ્ચલ મન કરવાને માટે સુગંધી દુર્ગંધી પદાર્થના વિચારોને પણ ઉપર પ્રમાણે અટકાવવા, એજ પ્રશાંત બુદ્ધિવાળા શખ્સનું કાર્ય છે.

૪. રસ નામના વિષયમાંથી જીહ્વા ઇંદ્રિયને અને મનને દૂર કરવાનો ઉપાય;

રસ મીઠો અને કડવો બે પ્રકારનો છે. એટલા માટે પ્રત્યાહાર વેળા મુખ પણ બંધ રાખવું, અને મનમાં ખાવા પીવા વગેરે સ્વાદના વિષયનું સ્મરણ થઇ આવે તો તે વિષયોને પણ મનમાંથી રૂખસદ આપવા હડસેલા મારવા, એટલે ધર્મધ્યાનને યોગ્ય નિશ્ચલ મન થશે.

૫. સ્પર્શ નામના વિષયમાંથી ત્વચાઇંદ્રિય અને મનને ખેંચી લેવાનો ઉપાય.

સ્પર્શ આઠ પ્રકારના છે. હળવો, ભારે, ટાઢો, ઊનો, લુખો, ચોપડચો, સુંવાળો અને ખડબચડો. સ્પર્શ ઇદ્રિય તરફ જતા મનને રોકવા માટે કોઈ તાઢ તડકો બહુ ન હોય એવું સ્થાન પ્રત્યાહાર કરતી વેળા શોધવું. આથી મન સ્પર્શેદ્રિય તરફ નહિ વધે; પરંતુ શ્લોકમાં કહ્યું તેમ નિશ્ચલ કરવા સ્પર્શેદ્રિયના વિષયનો મનમાંથી પણ વિચાર ઉપર પ્રમાણે દૂર કરવો. આમ પાંચે ઇદ્રિયોને બહારથી રોકવાથી બાહ્યવિષયોથી થતી અશાન્તિ અટકે અને આંતર તે વિષયો સબંધી આવતા વિચારને પ્રશાન્ત બુદ્ધિવાળા પોતે થઈ મનને નિશ્ચલ કરી શકશો. એટલે ધર્મધ્યાન માટે તે યોગ્ય થઈ રહેશે.

વળી **प्रत्याहारस्त्विन्द्रियाणां विषयेभ्यः समाहृतिः** પ્રથમ બાહ્ય અને પછી આંતર્ ઇદ્રિયોને વિષયોમાંથી ખેંચી લેવી એજ ખરો પ્રત્યાહાર કહેવાય છે.

## પ્રત્યાહાર સિદ્ધ થયા પછી ધારણા કરવી.

### ( ધારણા )

**नाभिहृदयनासाग्र भालभ्रूतालु दृष्टयः ।**
**मुखं कर्णौ शिरश्चेति ध्यानस्थानान्यकीर्तयन् ॥ ७ ॥**

નાભિ, હૃદય, નાસિકાનો અગ્રભાગ, કપાળ, ભ્રકુટી, તાળવું, નેત્ર, મુખ, કાન, અને મસ્તક એ ધ્યાન કરવા માટે ધારણા કરવાનાં સ્થાનો કહેલાં છે. ૭.

આ સર્વ સ્થાનકોમાંથી કોઈ પણ સ્થાને ચિત્તને લગાડી, સ્થાપન કરી વધારે વખત સુધી જાગૃતિપૂર્વક જોતાં ત્યાં ચિત્ત શાંત

થઈ જાય છે, અને તેવે કોઇ પણ ઠેકાણે લક્ષ રાખી ચિત્તને ઠેરાવવું તે ધારણા કહેવાય છે.

---

## ધારણાનું ફલ.

**एषामेकत्र कुत्रापि स्थाने स्थापयतो मनः।**

**उत्पद्यंते स्वसंवित्ते र्बहवः प्रत्ययाः किल ॥ ८ ॥**

ઉપર બતાવેલ સ્થળોમાંથી કોઇ પણ એક ઠેકાણે મનને લાંબા વખત સ્થાપન કરવાથી નિશ્ચે સ્વસ વેદન થાય (પ્રતીતિ થાય) તેવા અનેક પ્રત્યયો (પ્રતીતિયો) ઉત્પન્ન થાય છે. ૮.

પૂર્વે કહી આવ્યા તે જીવિત, મરણ, જય, પરાજય, લાભાલાભ વિગેરે નિમિત્ત તથા બીજા પણ રૂપ રસાદિક જ્ઞાનના પ્રત્યયો થઇ આવે છે.

**વિવેચન**—ધારણા, ઇંદ્રિયોને અને મનને વિષયોમાંથી કાઢ્યા પછી થાય છે. પાંચ ઇંદ્રિયોથી જે કાંઈ સંભળાય છે, જોવાય છે, સુંઘાય છે, ચખાય છે અને સ્પર્શાય છે, તે સર્વમાંથી મનને કાઢી, વિષયો વિમુખ મન રહ્યું, તે મનને નાકના અગ્રભાગપર, કપાલપર, ભ્રકુટીપર, તાલુમાં, નેત્રમાં, મુખમાં, કર્ણમાં, મસ્તકપર સ્થાપન કરતાં એક પણ ઇંદ્રિયગોચર વિચાર બે ત્રણ મિનિટ પછી આવશે નહિ. આટલુંજ નહિ, પરંતુ જે કંઇ પૂર્વે નહિ અનુભવેલું કેટલુંક પ્રત્યક્ષ થવા લાગશે. કોઇ વેળા દિવ્યગંધ, દિવ્યરૂપ, દિવ્યસ્પર્શ, દિવ્યરસ કે દિવ્યસ્વર જેવું લાગશે, પરંતુ તેને પણ ઇંદ્રિયોના સૂક્ષ્મ વિષયો ગણી મનમાંથી હડસેલી કાઢતાં, મનમાં કોઇ અપૂર્વ શાંતિ અનુભવાશે. આવું બાહ્ય આંતરૂ વિષય ત્યાગવાળું મન તેજ ધારણાને યોગ્ય થયેલું કહેવાય. અને જ્યારે પૂર્વે કહેલા નાસિકાગ્રભાગ વગેરે પર સ્થાપન કરતાં સ્થિર નિર્મળ થઈ જેનું જેનું ધ્યાન કરવું હશે, તેનું તેનું ધ્યાન યથાર્થ થઈ શકશે. તે તે સ્વરૂપો પ્રત્યક્ષ થશે, એટલુંજ નહિ પણ આત્મસ્વરૂપની પણ સન્મુખ થઇ અપૂર્વ આનંદ આપશે ધારણાનો એક અર્થ એવો છે કે તેને કોઇ દેશમાં બાંધવું, તે ઉપર પ્રમાણે બાહ્યાંતર વિષયોમાંથી પ્રત્યાહાર થતાં સહજ ધારણા થઇ શકે છે.

**॥ इति श्री आचार्य हेमचंद्र विरचिते योगशास्त्रे मुनि श्री केशरविजयगणिकृत बालावबोधे षष्ठः प्रकाशः ॥**

## ॥ सप्तमः प्रकाशः प्रारभ्यते ॥

## ॥ ध्यान. ॥

### ध्यान करवानो क्रम बतावे छे.

ध्याने विधित्सा ज्ञेयं ध्याता ध्येयं तथा फलम् ।
सिध्यंति नहि सामग्रीं विना कार्याणि कर्हिचित् ॥ १ ॥

ध्यान करवानी इच्छावाळा मनुष्योए, ध्यान करनारमां केवी योग्यता होवी जोइए? जेनु ध्यान करवुं छे ते ध्येय केवुं होवुं जोइए? अने ध्यान करवाथी फळ शुं थाय? आ त्रणे ध्याता, ध्येय, अने फळनुं स्वरूप जाणवुं जोइए. केमके संपूर्ण सामग्री मेळव्या सिवाय कोइ पण वखत कार्यो सिद्ध थतां नथी. (माटे आचार्यश्री प्रथम छ श्लोको वडे ध्यान करनारनुं लक्षण बतावे छे.)

### ध्यान करनारनां लक्षणो.

अमुंचन् प्राणनाशेपि संयमैकधुरीणतां ।
परमप्यात्मवत्पश्यन् स्वस्वरूपाऽपरिच्युतः॥ २ ॥

उपतापमसंप्राप्तः शीतवातातपादिभिः ।
पिपासुरमरीकारि योगामृतरसायनं ॥ ३ ॥

रागादिभिरनाक्रांतं क्रोधादिभिरदूषितं ।
आत्मारामं मनः कुर्वन् निर्लेपः सर्वकर्मसु ॥ ४ ॥

विरतः कामभोगेभ्यः स्वशरीरेपि निःस्पृहः ।
संवेगहृदनिर्मग्नः सर्वत्र समतां श्रयन् ॥ ५ ॥

नरेंद्रे वा दरिद्रे वा तुल्यकल्याणकामनः ।
अमात्रकरुणापात्रं भवसौख्यपराङ्मुखः ॥ ६ ॥

सुमेरुरिव निष्कंपः शशीवानंददायकः ।
समीर इव निःसंगः सुधीर्ध्याता प्रशस्यते ॥ ७ ॥
षड्भिःकुलकं ॥

प्राणोनो नाश थाय तोपण चारित्रमां अग्रेसरपणुं न मूकनार, बीजा जीवोने पण पोतांनी माफक जोनार, समिति, गुप्ति आदि

પોતાના સ્વરૂપથી પાછો ન પડનાર, ટાઢ, તાપ, અને વાયરા પ્રસુખથી ખેદ ન પામનાર, અજરામર કરનાર યોગ રૂપિ અમૃત રસાયણ પીવાનો ઇચ્છક, રાગ દ્વેષાદિકથી નહિ દબાએલ, ક્રોધ, માન, માયા અને લોભાદિથી દૂષિત નહિ થયેલ, સર્વ કાર્યમાં નિર્લેપ અને આત્મભાવમાં રમણ કરનાર, (મનને રાખનાર) કામ ભોગોથી વિરક્ત પોતાના શરીર ઉપર પણ નિસ્પૃહતા રાખનાર, સંવેગરૂપ દ્રહમાં મગ્ન થએલ, શત્રુ અને મિત્ર, સુવર્ણ અને પથ્થર, નિંદા અને સ્તુતિ વિગેરે સર્વ જગ્યાએ સમભાવ રાખનાર, રાજા હોય કે રાંક હોય તે બેઉના તુલ્ય કલ્યાણનો ઇચ્છક, સર્વ જીવો ઉપર કરૂણા કરનાર, સંસારનાં સુખોથી પરાઙ્મુખ મેરૂપર્વતની માફક (ઉપસર્ગ પરિસહાદિકથી) અડોલ, ચંદ્રમાની માફક આનંદદાયક અને વાયુની માફક નિઃસંગ, ( અપ્રતિબદ્ધ ) આવી સ્થીતિવાળો બુદ્ધિમાન્ ધ્યાતા, ધ્યાન કરવાને લાયક છે. ૨, ૩, ૪, ૫, ૬, ૭.

## ધ્યેયનું સ્વરૂપ.

**पिंडस्थं च पदस्थं च रूपस्थं रूपवर्जितम् ।**
**चतुर्धा ध्येयमाम्नातं ध्यानस्याऽलंबनं बुधैः ॥ ८ ॥**

પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ, અને રૂપાતીત. આ ચાર પ્રકારનું ધ્યાનના અવલંબન રૂપ ધ્યેય, જ્ઞાની પુરૂષોએ માનેલું ( કહેલું ) છે. ૮.

## પિંડસ્થ ધ્યેયને ધારણાના ભેદોથી બતાવે છે.

**पार्थिवी स्यादथाग्नेयी मारुती वारुणी तथा ।**
**तत्त्वभूः पंचमी चेति पिंडस्थे पंच धारणाः ॥ ९ ॥**

પિંડસ્થ ધ્યેયમાં પાર્થિવી, આગ્નેયી, મારૂતી, વારૂણી અને તત્ત્વભૂ આ પાંચ ધારણાઓ (કરવાની) છે ૯.

ત્રણ શ્લોકથી પાર્થિવી ધારણા અને તેનું ધ્યાન કરવાનું બતાવે છે.

## પાર્થિવી ધારણા.

**तिर्यग् लोकसमं ध्यायेत् क्षीराब्धिं तत्र चांबुजं ।**
**सहस्रपत्रं स्वर्णाभं जंबुद्वीपसमं स्मरेत् ॥ १० ॥**

तत्केसरततेरंतः स्फुरत्पिंगप्रभांचिताम् ।
स्वर्णाचलप्रमाणां च कर्णिकां परिचिंतयेत् ॥ ११ ॥
श्वेतसिंहासनाऽऽसीनं कर्मनिर्मूलनोद्यतं ।
आत्मानं चिंतयेत्तत्र पार्थिवीधारणेत्यसौ॥ १२ ॥
त्रिभिर्विशेषकं.

આપણે જે પૃથ્વીની સપાટી ઉપર રહ્યા છીએ, તે તિર્છો લોક કહેવાય છે અને તે એકરાજ પ્રમાણ (માપ વિશેષ) લાંબો પહોળો છે. તેટલો લાંબો પહોળો એક ક્ષીર સમુદ્રને (દુધ જેવા પાણીથી ભરેલા સમુદ્રને) ચિંતવવો. તે સમુદ્રની અંદર જંબુદ્વીપની માફક એક લાખ યોજનના વિસ્તારવાળું અને એક હજાર પાંખડીઓવાળું કમળ ચિંતવવું. તે કમળના મધ્યમાં કેસરાઓ છે તેની અંદર, દેદીપ્યમાન પીળી પ્રભાવાળી અને મેરૂ પર્વત જેટલી પ્રમાણવાળી કર્ણિકા છે એમ ચિંતવવું. તે કર્ણિકા ઉપર એક ઉજ્વળ સિંહાસન છે, તેના ઉપર બેસી કર્મોને મૂળથી ઉખેડી નાખવાનો પ્રયત્ન કરતા પોતાને ચિંતવવો તે પાર્થિવી ધારણા કહેવાય છે. ૧૦,૧૧,૧૨.

## આગ્નેયી ધારણા.

विचिंतयेत्तथा नाभौ कमलं षोडशच्छदम् ।
कर्णिकायां महामंत्रं प्रतिपत्रं स्वरावलीम् ॥ १३ ॥
रेफबिंदुकलाक्रांतं महामंत्रे यदक्षरं ।
तस्य रेफाद्विनिर्यांतीं शनैर्धूमशिखां स्मरेत् ॥ १४ ॥
स्फुलिंगसंततिं ध्यायेत् ज्वालामालामनंतरं ।
ततो ज्वालाकलापेन दहेत्पद्मं हृदि स्थितं ॥ १५ ॥
तदष्टकर्मनिर्माण मष्टपत्रमधोमुखम् ।
दहत्येव महामंत्रध्यानोत्थः प्रबलानलः ॥ १६ ॥
ततो देहाद् बहिर्ध्यायेत् त्र्यस्रं वह्निपुरं ज्वलत् ।
लांछितं स्वस्तिकेनांते वह्निबीजसमन्वितं ॥ १७ ॥
देहं पद्मं च मंत्रार्चिरंतर्वह्निपुर बहिः ।
कृत्वाऽऽशु भस्मसाच्छाम्येत् स्यादाग्नेयीति धारणा ॥ १८ ॥

તેમજ નાભિની અંદર સોળ પાંખડીવાળું કમળ ચિંતવવું.

તે કમલની કર્ણિકામાં મહામન્ત્ર (अर्हं) સ્થાપન કરવો. અને તે કમળના દરેક પત્રોમાં અનુક્રમે, अ, आ, इ, ई, उ, ऊ, ऋ, ॠ, ऌ, ॡ, ए, ऐ, ओ, औ, अं, अः, આ સોળ સ્વરો સ્થાપવા.

પછી હૃદયમા આઠ પાખડીનું કમલ ચિંતવવું, જ્ઞાનાવરણિય ૧, દર્શનાવરણિય ૨, વેદનીય ૩, મોહનીય ૪, આયુષ્ય ૫, નામ કર્મ ૬, ગોત્ર ૭, અંતરાય ૮. આઠ કર્મો અનુક્રમે એક એક પાંખડીમાં સ્થાપન કરવા, અને તે કમળનુ મુખ નીચુ રાખવું, (સોળ પાંખડીવાળા કમળના ઉપર જાણે અધર ઝુલતું હોય તેમ નીચુ મુખ તે કમળનું રાખવુ) પછી રેફ બિંદુ અને કળા યુક્ત મહામન્ત્રમા જે (र्हं) અક્ષર છે તેના રેફમાથી હળવે હળવે નીકળતી ધૂમાડાની શિખા ચિંતવવી પછી તેમાથી અગ્નિના કણિઆઓ નિકળતા ચિંતવવા અને પછી અનેક જવાળાઓ નીકળતી ચિંતવવી તે જવાળાઓના સમૂહથી હૃદયની અંદર રહેલું (આઠ કર્મોથી બનેલુ આઠ પાખડીવાળું) કમળ બાળવું અને તે મહામંત્ર (अर्हं)ના ધ્યાનથી ઉત્પન્ન થયેલો પ્રબળ અગ્નિ અવશ્ય તે કર્મવાળા કમળને બાળી નાખે છે એમ ચિંતવવુ પછી શરીરની બહાર ત્રણ ખુણાવાળો બળતો અગ્નિનો જથ્થો (પુર—કે—કુંડ) સાથિઆવડે કરી ચિન્હિત અને વન્હિ બીજ (ર) રકાર સહિત ચિંતવવો. પછી શરીરની અંદર મહામન્ત્રના ધ્યાનથી ઉત્પન્ન થએલી અગ્નિની જ્વાળા અને બહારના વન્હિપુરની જ્વાળા, એ બેઉ વડે કરી દેહ અને આઠ કર્મનું બનેલુ કમળ તે બેઉને બાળીને તત્કાળ ભસ્મસાત્ કરી (રાખ કરી) શાંત થવુ તેને આગ્નેયી ધારણા કહે છે. ૧૩ થી ૧૮.

## વાયવી ધારણા.

ततस्त्रिभुवनाऽऽभोगं पूरयंतं समीरणम् ।
चालयंतं गिरीनब्धीन् क्षोभयंतं विचिंतयेत् ॥ १९ ॥
तच्च भस्मरजस्तेन शीघ्रमुद्धूय वायुना ।
दृढाभ्यासः प्रशांतिं तमानयेदिति मारुती ॥ २० ॥

પછી ત્રણ ભુવનના વિસ્તારને પૂરી દેતા, પર્વતોને ચલાયમાન કરતા, અને સમુદ્રને ક્ષોભ પમાડતા, પ્રચંડ વાયુને ચિંતવવો, અને પૂર્વે શરીર તથા કમળને બાળીને, જે રાખ કરવામાં આવી

છે તેને આ વાયુવડે ઉડાડી નાખી દૃઢ અભ્યાસે (પ્રબળ ધારણાએ) કરી તે વાયરાને પાછો શાંત કરવો. એ મારૂતી નામની ત્રીજી ધારણા જાણવી. ૧૯, ૨૦.

स्मरेद्वर्षत्सुधासारैर्घनमालाकुलं नभः ।
ततोऽर्धेन्दुसमाक्रांतं मंडलं वारुणांकितम् ॥ २१ ॥
नभस्तलं सुधांभोभिः प्लावयंस्तत्पुरं ततः ।
तद्रजः कायसंभूतं क्षालयेदिति वारुणी ॥ २२ ॥

અમૃત સરખા વરસાદને વરસાવનાર, મેઘની માળાઓથી (વાદળાઓથી) ભરપુર આકાશને સ્મરવું (ચિંતવવુ), પછી અર્ધ-ચંદ્રાકાર કલા બિંદુ સહિત વરૂણ બીજ (વં) ને સ્મરવું. તે વરૂણબીજથી ઉત્પન્ન થયેલા અમૃત સરખા પાણીથી આકાશને ભરીને પૂર્વે શરીરથી પેદા થએલ રજ, જે આકાશમાં ઉડાડી હતી, તે રજને તે પાણીથી ધોઈ નાખવી (પછી વારૂણ મંડલને શાંત કરવું.) તે વારૂણી ધારણા કહેવાય. ૨૧, ૨૨.

---

## તત્ત્વભૂધારણા.

सप्तधातुविनाभूतं पूर्णेन्दुविशदद्युतिम् ।
सर्वज्ञकल्पमात्मानं शुद्धबुद्धिः स्मरेत्ततः ॥ २३ ॥
ततः सिंहासनारूढं सर्वातिशयभासुरं ।
विध्वस्ताशेषकर्माणं कल्याणमहिमान्वितम् ॥ २४ ॥
स्वांगगर्भे निराकारं संस्मरेदिति तत्त्वभूः ।
साभ्यास इति पिंडस्थे योगी शिवसुखं भजेत् ॥ २५ ॥

ચાર ધારણા કરવા પછી શુદ્ધ બુદ્ધિવાળા યોગીએ સાત ધાતુ વિનાના, પૂર્ણચંદ્રની માફક નિર્મલ કાંતિવાળા અને સર્વજ્ઞ સરખા પોતાના આત્માને સ્મરવો (ચિંતવવો). પછી સિંહાસન ઉપર આરૂઢ થયેલા, સર્વ અતિશયોથી સુશોભિત, સર્વ કર્મોનો નાશ કરનારા અને ઊત્તમ મહિમાવાળા, પોતાના શરીરની અંદર રહેલા, નિરાકાર આત્માને સ્મરવો. એ તત્ત્વભૂ નામની ધારણા જાણવી. આ પિંડસ્થ ધ્યાનનો સદા અભ્યાસ કરનાર યોગી મોક્ષ સુખ પામે છે. ૨૩, ૨૪, ૨૫.

## પિંડસ્થ ધ્યેયનું માહાત્મ્ય.

अश्रांतमिति पिंडस्थे कृताभ्यासस्य योगिनः ।
प्रभवंति न दुर्विद्या मंत्रमंडलशक्तयः ॥ २६ ॥
शाकिन्यः क्षुद्रयोगिन्यः पिशाचाः पिशिताशिनः ।
त्रस्यंति तत्क्षणादेव तस्य तेजोऽसहिष्णवः ॥ २७ ॥
दुष्टाः करटिनः सिंहाः शरभाः पन्नगा अपि ।
जिघांसवोऽपि तिष्ठंति स्तंभिता इव दूरतः ॥ २८ ॥
त्रिभिर्विशेषकं ॥

આ પ્રમાણે નિરંતર પિંડસ્થ ધ્યાનમાં અભ્યાસ કરનાર યોગીને દુષ્ટ વિદ્યા (જે ઉચ્ચાટણ, મારણ, સ્તંભન, વિદ્વેષણાદિ) મંત્ર, મંડલ, શક્તિ વિગેરે પરાભવ કરી શકતા નથી. શાકિનિઓ, નીચ યોગણીઓ. પિશાચો અને માંસ ભક્ષણ કરનારાઓ. તે યોગીના તેજને સહન નહિ કરી શકતાં તત્કાળજ ત્રાસ પામે છે. તેમજ દુષ્ટ, હાથી, સિંહ શરભ અને સર્પો મારવાની ઇચ્છાવાળા પણ, સ્તંભાઇ ગયેલાની માફક દૂર ઉભા રહે છે. (આ પિંડસ્થ ધ્યાનનું સામાન્ય ફળ છે. વિશેષ ફળ કર્મક્ષયથી ઉત્પન્ન થતું મોક્ષ છે.) ૨૬,૨૭,૨૮.

इति श्री आचार्य हेमचंद्र विरचिते योगशास्त्रे मुनि श्री केशर विजय गणि कृत बालावबोधे सप्तमः प्रकाशः

ॐ

## ॥ अष्टमः प्रकाशः प्रारभ्यते ॥

## પદસ્થ ધ્યેય અને તેનું ધ્યાન.

यत्पदानि पवित्राणि समालंब्य विधीयते ।
तत्पदस्थं समाख्यातं ध्यानं सिद्धांतपारगैः ॥ १ ॥

પવિત્ર (મંત્રાક્ષરાદિ) પદોનું અવલંબન લઇને જે ધ્યાન કરવામાં આવે છે તેને, સિદ્ધાંતના પારગામિ પુરૂષોએ પદસ્થ ધ્યાન કહેલું છે ૧.

ત્રણ શ્લોકે કરી વિશેષ બતાવે છે.

तत्र षोडशपत्राढ्ये नाभिकंदगतेंबुजे ।
स्वरमालां यथापत्रं भ्रमंतीं परिचिंतयेत् ॥ २ ॥
चतुर्विंशतिपत्रं च हृदि पद्मं सकर्णिकम् ।
वर्णान्यथाक्रमं तत्र चिंतयेत्पंचविंशतिम् ॥ ३ ॥
वक्त्राब्जेऽष्टदले वर्णाष्टकमन्यत्ततः स्मरेत् ।
संस्मरन् मातृकामेवं स्याच्छ्रुतज्ञानपारगः ॥ ४ ॥

નાભિકંદપર રહેલા, સોળ પાંખડીવાળા પ્રથમ કમળના દરેક પત્રપર સોળ સ્વરની પંક્તિ (अ, आ, इ, ई, उ, ऊ, ऋ, ॠ, ऌ, ॡ, ए, ऐ, ओ, औ, अं, अः) ભ્રમણ કરતી ચિંતવવી, હૃદયમાં રહેલા, ચોવીસ પાંખડીવાળા કર્ણિકા સહિત કમળમાં, અનુક્રમે વ્યંજનો क, ख, ग, घ, ङ, च, छ, ज, झ, ञ, ट, ठ, ड, ढ, ण, त, थ, द, ध, न, प, फ, ब, भ, म, ચિંતવવા. તેમાં આદિના ચોવીસ પાંખડીઓમાં, અને પચીસમો (મ) કાર કર્ણિકામાં ચિંતવવો. તથા આઠ પાંખડીવાળા મુખ કમળમાં (મોઢામાં આઠ પાંખડીવાળા) કમળની કલ્પના કરવી. તેમાં બીજા બાકીના આઠ વર્ણો य, र, ल, व, श, ष, स, ह, સ્મરવા. આ પ્રમાણે આ માતૃકાને સ્મરણ કરતો—ચિંતવતો—તેનું ધ્યાન કરતો શ્રુતજ્ઞાનનો પારગામિ થાય. ૨, ૩, ૪.

---

માતૃકાના ધ્યાનનું ફળ.

ध्यायतोऽनादिसंसिद्धान् वर्णानेतान्यथाविधि ।
नष्टादिविषयंज्ञानं ध्यातुरुत्पद्यते क्षणात् ॥ ५ ॥

અનાદિ સિદ્ધ આ અકારાદિ વર્ણોનું વિધિપૂર્વક (પૂર્વે બતાવેલ ત્રણે કમળોમાં ગોઠવીને એકાગ્રતાપૂર્વક) ધ્યાન કરતાં થોડા વખતમાં ધ્યાન કરવાવાળાને નષ્ટાદિ સંબંધી (ગયું—આવ્યું થયું —થવાનું—થાતું જીવિત અને મરણાદિ સંબંધી) જ્ઞાન ઉત્પન્ન થાય છે. ૬.

(પ્રકાંતરે કરી બાર શ્લોકે પદમયી, મંત્રમયી દેવતાનું સ્વરૂપ ધ્યાવાનું કહે છે.)

---

## પદસ્થ ધ્યાન પ્રકારાંતરે.

अथवा नाभिकंदाधः पद्ममष्टदलं स्मरेत् ।
स्वरालिकेसरं रम्यं वर्गाष्टकयुतैर्दलैः ॥ ६ ॥
दलसंधिषु सर्वेषु सिद्धस्तुतिविराजितं ।
दलाग्रेषु समग्रेषु मायाप्रणवपावित ॥ ७ ॥
तस्यांतरंतिमं वर्णमाद्यवर्णपुरस्कृतं ।
रेफाक्रांत कलाबिंदुरम्यं प्रालेयनिर्मलं ॥ ८ ॥
अर्हमित्यक्षरं प्राणप्रांतसंस्पर्शि पावनम् ।
ह्रस्वं दीर्घं प्लुतं सूक्ष्ममतिसूक्ष्मं ततः परं ॥ ९ ॥
ग्रंथीन् विदारयन्नाभिकंठहृद्घंटिकादिकान् ।
सुसूक्ष्मध्वनिना मध्यमार्गयायि स्मरेत्ततः ॥ १० ॥
अथ तस्यांतरात्मानं प्लाव्यमानं विचिंतयेत् ।
बिंदुतप्तकलानिर्यत्क्षीरगौरामृतोर्मिभिः ॥ ११ ॥
ततः सुधासरः सूतषोडशाब्जदलोदरे ।
आत्मानं न्यस्य पत्रेषु विद्यादेवीश्च षोडशः ॥ १२ ॥
स्फुरत् स्फटिकभृंगारक्षरत्क्षीरासितामृतैः ।
आभिराप्लाव्यमानं स्वं चिरं चित्ते विचिंतयेत् ॥ १३ ॥
अथास्य मंत्रराजस्याभिधेयं परमेष्ठिनम् ।
अर्हंतं मूर्द्धनि ध्यायेत् शुद्धस्फटिकनिर्मलं ॥ १४ ॥
सद्ध्यानावेशतः सोहं सोहमित्याऽऽलपन्मुहुः ।
निःशंकमेकतां विद्यादात्मनः परमात्मनः ॥ १५ ॥
ततो नीरागमद्वेषममोहं सर्वदर्शिनम् ।
सुरार्च्यं समवसृतौ कुर्वाणं धर्मदेशनाम् ॥ १६ ॥
ध्यायन्नात्मानमेवेत्थमभिन्नं परमात्मना ।
लभते परमात्मत्वं ध्यानी निर्धूतकल्मषः ॥ १७ ॥

द्वादशभिः कुलकं.

નાભિકંદની નીચે આઠ પાંખડીવાળું એક કમળ ચિંતવવું. તે કમળની રમણિક કેસરાઓ, અ, આ, આદિ સોળ સ્વરોની કલ્પવી. આઠ પાંખડીઓમાં આઠ વર્ગો ક્રમે સ્થાપન કરવા. ( અ

વર્ગો બતાવે છે. ) अ, आ, इ, ई, उ, ऊ, ऋ, ॠ, ऌ, ॡ, ए, ऐ, ओ, औ, अं, अः, १ कखगघङ, २ चछजझञ ३ टठडढण ४ तथदधन ५ पफबभम ६ यरलव ७ शषसह ८ આ આઠ વર્ગો એક પાંખડીમા એક, એમ આઠમાં સ્થાપન કરવા. ), તે આઠ પાંખડીઓની સંધિઓમા ( એક પાંખડી અને બીજી પાંખડીનું આતરૂં તે સંધિ તેમાં ) સિદ્ધ સ્તુતિ જે (ह्रीं) કાર તે સ્થાપન કરવા. આઠ પાંખડીઓના અગ્રભાગમાં ( ઉપર ) ॐ ह्रीं સ્થાપન કરવા. તે કમલમાં પહેલો વર્ણ, अ અને છેલ્લો વર્ણ ह રેફ ( ) કલા ( ) અને બીંદુ ( ० ) સહિત બરફની માફક ઉજવલ સ્થાપન કરવો. (અર્થાત્ अर्हं સ્થાપન કરવો. ) આ અર્હં અક્ષર મનથી સ્મરણ કરવા માત્રમા પવિત્ર કરનાર છે. આ અર્હં શબ્દનો પ્રથમ હ્રસ્વ ઉચ્ચાર (નાદ) મનમા કરવો, પછી દીર્ઘ, પ્લુત, સૂક્ષ્મ અને પછી અતિ સૂક્ષ્મ કરવો, પછી તે નાદ નાભિની, હૃદયની અને કંઠની ઘંટિકાદિકની ગાઠને વિદારણ કરતો સૂક્ષ્મ ધ્વનિવાળો થઈ તે સર્વના મધ્યમાં થઈ આગળ ચાલ્યો જાય છે એમ ચિંતવવું, પછી તે નાદના બિંદુથી તપેલી કળામાંથી નીકળતા દુધ સરખા ઉજ્વળ, અમૃતના કલ્લોલે કરી અતર્ આત્માને સિંચાતો (પલાળાતો) ચિંતવવો. પછી એક અમૃતનું સરોવર કલ્પવું. તે સરોવરથી પેદા થયેલ સોળ પાંખડીવાળા કમળની અંદર પોતાને સ્થાપન કરી તે પાખડીઓમા ક્રમે સોળ વિદ્યાદેવીઓને ચિંતવવી. પછી દેદીપ્યમાન સ્ફટિક રત્નના ભૃંગાર(કુંભ) માથી ઝરતા દુધની માફક ઉજવળ અમૃત વડે પોતાને સિંચાતા (પલાળાતા) ઘણા વખત સુધી મનમાં ચિંતવવું પછી આ મંત્રરાજના અભિધેય (નામવાળા) શુદ્ધ સ્ફટિકની માફક નિર્મળ જે પરમેષ્ટિ અર્હંત તેનુ મસ્તકને વિષે ધ્યાન કરવું તે ધ્યાનના આવેશથી સોહં, સોહં, તે વીતરાગ, તેજ હું. તેજ હું. એમ વારવાર બોલતાં, નિ:શંકપણે આત્માની અને પરમાત્માની એકતા સમજવી પછી નિરાગી, અદ્વેષિ, અમોહિ, સર્વદર્શી, દેવોથી પૂજનિક અને સમવસરણમા રહી ધર્મદેશના કરતા પરમાત્માની સાથે પોતાને અભિન્નપણે ધ્યાવવો. આ પ્રમાણે પરમાત્માની સાથે અભિન્નતાનું ધ્યાન કરતા ધ્યાની પાપોનો (કર્મોનો) નાશ કરી પરમાત્માપણાને પામે છે ૪થી ૧૭.

## વળી પ્રકારાંતરે કરી પદમયી મંત્રમયી દેવતાના ધ્યાનનું સ્વરૂપ કહે છે.

यद्वा मंत्राधिपं धीमान् ऊर्ध्वाऽधोरेफसंयुतम् ।
कलाबिंदुसमाक्रांतमनाहतयुतं तथा ॥ १८ ॥
कनकांभोजगर्भस्थं सांद्रचंद्रांशुनिर्मलं ।
गगने संचरंतं च व्याप्नुवंतं दिशः स्मरेत् ॥ १९ ॥
ततो विशंतं वक्त्राब्जे भ्रमंतं भ्रूलतांतरे ।
स्फुरंतं नेत्रपत्रेषु तिष्ठंतं भालमंडले ॥ २० ॥
निर्यांतं तालुरंध्रेण स्रवंतं च सुधारसं ।
स्पर्धमानं शशांकेन स्फुरंतं ज्योतिरंतरे ॥ २१ ॥
संचरंतं नभोभागे योजयंतं शिवश्रिया ।
सर्वावयवसंपूर्णं कुंभकेन विचिंतयेत् ॥ २२ ॥
पंचभिःकुलकं

અથવા ઉપર અને નીચે રેફ યુક્ત તથા કલા અને બીંદુથી આક્રાંત (દબાયેલ) [1] અનાહત સહિત, મંત્રાધિરાજ (अर्हँ) ને સુવર્ણના કમલમાં રહેલ, ઘાડા ચંદ્રના કિરણોની માફક નિર્મલ, આકાશમાં સંચરતો, અને દિશાઓમાં વ્યાપ્ત થતો ચિંતવવો. ત્યાર પછી મુખ કમળમા પ્રવેશ કરતા, ભ્રૂલતાની અંદર ભમતા, નેત્ર પત્રમા સ્ફુરાયમાન્ થતા, ભાળ મંડળમા રહેતા, તાળુના રંધ્રથી બહાર નિકળતા, અમૃત રસને ઝરતા, ઉજ્વળતામાં ચંદ્રમા સાથે સ્પર્ધા કરતા, જ્યોતિષ મંડલમાં સ્કુરતા, આકાશના ભાગમાં સંચરતા અને મોક્ષ લક્ષ્મી સાથે યોજતા સર્વ અવયવોથી સંપૂર્ણ મંત્રાધિરાજને, બુદ્ધિમાન્ યોગીઓએ કુંભક કરીને ચિંતવવો. ૧૮, થી ૨૨. (કહ્યું છે કે)

अकारादि हकारांतं रेफमध्यं सबिंदुकं ।
तदेव परमं तत्त्वं यो जानाति स तत्त्ववित् ॥ २३ ॥

(અ) કાર છે જેની આદિમાં અને (હ) કાર છે જેના અંતમાં અને મધ્યમાં બિંદુ સહિત રેફ છે. તેજ (अर्हँ) પરમતત્ત્વ છે. તેને જે જાણે છે તે તત્ત્વનો જાણ છે. ૨૩.

---

૧ અન્ય સ્થળે અનાહતનુ લક્ષણ આ પ્રમાણે આપેલુ છે. **ओंबिन्दाकारहरोर्ध्वरेफ बिन्द्वानवाक्षरं मालाधःस्यंद्रिपीयूष बिंदुर्बिंदुरनाहतं. १**

## મંત્રાધિરાજના ધ્યાનથી થતું ફળ.

महातत्त्वमिदं योगी यदैव ध्यायति स्थिरः ।
तदैवानंदसंपद्भूः मुक्तिश्रीरुपतिष्ठते ॥ २४ ॥

મનને સ્થિર કરી સ્થિર થઇ, યોગી જ્યારે આ (અર્હં) મહા તત્ત્વનું ધ્યાન કરે છે. તેજ વખતે તેને, આનંદ સંપદાની ભૂમિ સમાન મોક્ષ લક્ષ્મી સમીપ આવી ઉભી રહે છે ૨૪.

## પ્રકારાંતરે ધ્યાન.

रेफबिंदुकलाहीनं शुभ्रं ध्यायेत्ततोऽक्षरम् ।
ततोऽनक्षरतां प्राप्तमनुच्चार्यं विचिंतयेत् ॥ २५ ॥

રેફ, બિંદુ અને કલા રહિત ઉજવળ (હ) વર્ણનું ધ્યાન કરવું. પછી તેજ અક્ષર, અનક્ષરતા ( અર્ધ કલાના આકારને પામેલો ) અને મુખે ઉચ્ચારી ન શકાય તેવી રીતે મનમાં ચિંતવવો. ૨૫.

निशाकरकलाकारं सूक्ष्मं भास्करभास्वरं ।
अनाहताभिधं देवं विस्फुरंतं विचिंतयेत् ॥ २६ ॥

तदेव च क्रमात्सूक्ष्मं ध्यायेद्वालाग्रसंनिभं ।
क्षणमव्यक्तमीक्षेत जगज्ज्योतिर्मयं ततः ॥ २७ ॥

ચંદ્રમાની કલાના આકારે સૂક્ષ્મ, અને સૂર્યની માફક દેદીપ્યમાન અનાહત નામના દેવને (અનુચ્ચાર્ય અને અનક્ષરતાની આકૃતિને પામેલા અનાહુત નામના દેવને,) (હ) વર્ણને સ્ફુરાયમાન થતો ચિંતવવો. તેજ અનાહતને અનુક્રમે વાળના અગ્રભાગસરખો સૂક્ષ્મ ધ્યાવવો. પછી થોડો વખત આખું જગત્ અવ્યક્ત( નિરાકાર) જ્યોતિમય છે તેમ જોવું. ૨૬, ૨૭.

प्रचाल्य मानसं लक्ष्यादलक्ष्ये दधतः स्थिरं ।
ज्योतिरक्षयमत्यक्षमंतरुन्मीलति क्रमात् ॥ २८ ॥

इति लक्ष्यं समालंब्य लक्षाभावः प्रकाशितः ।
निषण्णमनसस्तत्र सिध्यत्यभिमतं मुनेः ॥ २९ ॥

પછી તે લક્ષ્યમાંથી મનને (હળવે હળવે) ખસેડીને અલક્ષ્યમાં સ્થીર કરતાં, ક્ષય ન થાય તેવી અને ઇદ્રિય અગોચર, જ્યોતિ અંદર અનુક્રમે પ્રગટ થાય છે. આ પ્રમાણે લક્ષ્યનું આલંબન લઇ ( ધ્યાન કરી અનુક્રમે ) નિરાલબનતારૂપ લક્ષ્યાભાવને પ્રકાશીત કર્યો

( કરાય છે. ) તે અલક્ષ્યમાં નિશ્ચલ મનવાળા મુનિઓનું મનઇચ્છિત સિદ્ધ થાય છે. ૨૮. ૨૯.

**વિવેચન**—પ્રથમ પૂર્વે બતાવેલ લક્ષ (આલંબનને) ગ્રહણ કરી તેમા ઘણાજ આગળ વધતા ક્રમે તેવાં આલંબનોને મૂકી, નિરાલંબન સ્થીતિમા નિશ્ચલ થતાં આત્મસ્વરૂપ પ્રગટ થાય છે, માટે ક્રમ આજ છે કે, પ્રથમ આલંબન અને પછી નિરાલંબન માર્ગ લેવો.

## પ્રણવનું ધ્યાન.

तथा हृत्पद्ममध्यस्थं शब्दब्रह्मैककारणम् ।
स्वरव्यंजनसंवीतं वाचकं परमेष्ठिनः ॥ ३० ॥
मूर्द्धसंस्थितशीतांशु कलामृतरसप्लुतम् ।
कुंभकेन महामंत्र प्रणवं परिचिंतयेत् ॥ ३१ ॥

તથા હૃદયકમળમાં રહેલા સમગ્ર શબ્દ બ્રહ્મની ( વચન વિલાસ સ્વરૂપ) ઉત્પતિનું એક કારણ, સ્વર તથા વ્યંજન સહિત પંચપરમેષ્ટિપદ વાચક, તથા મસ્તકમાં રહેલ ચંદ્રકલામાંથી ઝરતા અમૃતના રસે કરી ભિંજાતા. મહામંત્ર પ્રણવને (ૐકારને) કુંભક કરીને ( શ્વાસોશ્વાસને રોકીને ) ચિંતવવો ૩૦, ૩૧.

## પ્રણવ ધ્યાનના જુદા જુદા ભેદો.

पीतं स्तंभेऽरुणं वश्ये क्षोभणे विद्रुमप्रभम् ।
कृष्णं विद्वेषणे ध्यायेत् कर्मघाते शशिप्रभम् ॥ ३२ ॥

સ્તંભન કરવામા પીળા ૐકારનું ધ્યાન. વશીકરણ કરવામાં લાલ, ક્ષોભ પમાડવામાં પરવાળાની કાંતિ સરખું, વિદ્વેષણ કર્મમાં કાળા, અને કર્મોનો નાશ કરવામાં ચંદ્રની કાંતિ સમાન ઉજ્વળ ૐકારનું ધ્યાન કરવુ. ૩૨

## પંચપરમેષ્ટિ મંત્રનું ધ્યાન.

तथा पुण्यतमं मंत्रं जगत्त्रितयपावनम् ।
योगी पंचपरमेष्ठिनमस्कार विचिंतयेत् ॥ ३३ ॥

તથા ત્રણ જગતને પવિત્ર કરનાર અને મહા પવિત્ર પંચપરમેષ્ટિ નમસ્કાર મંત્રને યોગીઓએ વિશેષ પ્રકારે ચિંતવવો. ૩૩.

## તેજ બતાવે છે.

अष्टपत्रे सितांबुजे कर्णिकायां कृतंस्थितिम् ।
आद्यं सप्ताक्षर मंत्रंपवित्रं चिंतयेत्ततः ॥ ३४ ॥
सिद्धादिकंचतुष्कं च दिक्पत्रेषु यथाक्रमं ।
चूलापादचतुष्क च विदिक्पत्रेषु चिंतयेत् ॥ ३५ ॥

આઠ પાંખડીનું સફેદ કમળ ચિંતવવું. તે કમળની કર્ણિકામાં રહેલા સાત અક્ષરવાળા પહેલા પવિત્ર મંત્ર **नमो अरिहंताण** ને ચિંતવવો. પછી સિદ્ધાદિક ચાર મંત્રોને દિશાઓના પત્રોમાં અનુક્રમે ચિંતવવા. **नमो सिद्धाणं** પૂર્વ દિશામા, **नमो आयरियाणं** એ પદ દક્ષિણ દિશામાં, **नमो उवज्झायाणं** એ પદ પશ્ચિમ દિશામાં, **नमो लोए सव्वसाहूणं** એ પદ ઉત્તર દિશામાં, તથા વિદિશાની ચાર પાંખડીઓમાં અનુક્રમે ચાર ચુલિકાઓ ચિંતવવી **एसो पंच नमुक्कारो**, આગ્નેય ખુણામાં **सव्वपावप्पणासणो** એ પદ નૈઋત્ય ખુણામાં **मंगलाणंच सव्वेसिं** એ પદ વાયવ્ય ખુણામાં. **पढमं हवइ मगलं** એ પદ ઇશાન ખુણામાં)આ પ્રમાણે નમસ્કાર મહામંત્રનું ધ્યાન કરવું. ૩૪, ૩૫.

---

## તેનું ફળ બતાવે છે.

त्रिशुद्ध्या चिंतयंस्तस्य शतमष्टोत्तरं मुनिः ।
भुंजानोपि लभेतैव चतुर्थतपसः फलं ॥ ३६ ॥

મન, વચન અને કાયાની શુદ્ધિ (એકાગ્રતા) પૂર્વક જો (પૂર્વે બતાવેલી વિધિએ) એકસો આઠવાર આ નમસ્કાર મહામંત્રને ગણે, તો આહાર કરતાં છતાં પણ તે મુનિને એક ઉપવાસનુ ફળ મળે ૩૬.

एनमेव महामंत्रं समाराध्येह योगिनः ।
त्रिलोक्यापि महीयंतेऽधिगताः परमां श्रियं ॥ ३७ ॥

આજ મહામંત્રને સારી રીતે આરાધીને, આત્મલક્ષ્મીને મેળવી, આ ભવમાં યોગીઓ ત્રણ લોકના જીવોથી પણ પૂજાય છે. ૩૭.

कृत्वा पापसहस्राणि हत्वा जंतुशतानि च ।
अमुं मंत्रं समाराध्य तिर्यंचोऽपि दिवं गताः ॥ ३८ ॥

હજારો પાપો કરી અને સેંકડો ગમે પ્રાણિઓને હણીને (સેંકડો

ગમે પ્રાણિઓને મારનાર) જનાવરો પણ આ મહામંત્રનું આરાધન કરી દેવલોકમાં ગયા છે. ૩૭.

## પ્રકારાંતરે પંચ પરમેષ્ઠિ વિદ્યા.

गुरुपंचकनामोत्था विद्या स्यात् षोडशाक्षरी ।
जपन् शतद्वयं तस्याश्चतुर्थस्याप्नुयात्फलं ॥ ३९ ॥

પંચપરમેષ્ઠિના નામથી ઉત્પન્ન થએલી સોળ અક્ષરની વિદ્યા થાય છે. તે વિદ્યા જો બસો વાર જપે તો એક ઉપવાસનું ફળ પામે. (अरिहंत सिद्ध आयरिय उवज्झायसाहू એ સોળ અક્ષરી વિદ્યા જાણવી.) ૩૯.

शतानि त्रीणि षट्वर्णं चत्वारि चतुरक्षरं ।
पंचवर्णं जपन् योगी चतुर्थं फलमश्नुते ॥ ४० ॥

છ અક્ષરવાળી વિદ્યા ત્રણસોવાર, અથવા ચાર અક્ષરવાળી વિદ્યા ચારસોવાર, અથવા પાંચ અક્ષરી વિદ્યા પાંચસોવાર, જાપ કરે તો યોગી એક ઉપવાસનું ફળ પામે. (अरिहंत सिद्ध એ છ અક્ષરી વિદ્યા अरिहंत એ ચાર અક્ષરી વિદ્યા અને असिआउसा એ પાંચ અક્ષરવાળી વિદ્યા જાણવી.)

प्रवृत्तिहेतुरेवैतदमीषां कथितं फलम् ।
फलं स्वर्गापवर्गौ तु वदंति परमार्थतः ॥ ४१ ॥

આ વિદ્યાના જાપનું ફળ જે ઉપવાસનું બતાવ્યું છે, તે તો બાળ જીવોને (જાપમાં) પ્રવૃત્તિ થવા માટેજ છે, પણ પરમાર્થથી ખરૂં ફળ તો સ્વર્ગ અને મોક્ષ છે એમ જ્ઞાનીઓ કહે છે. ૪૧

---

## વળી પ્રકારાંતરે પદમયી દેવતાનું ધ્યાન બતાવે છે.

पंचवर्णमयी पंच तत्त्वविद्योद्धृता श्रुतात् ।
अभ्यस्यमाना सततं भवक्लेशं निरस्यति ॥ ४२ ॥

સિદ્ધાંતથી ઉદ્ધાર કરેલી પાંચ વર્ણવાળી, પાંચ તત્ત્વવિદ્યા, જો નિરંતર જપ્યા કરે તો, તે સંસારના ક્લેશને દૂર કરે છે. (ह्राँ ह्रीँ ह्रूँ ह्रौँ ह्रः असिआउसानमः એ પાંચ વર્ણમયી પંચતત્ત્વ વિદ્યા જાણવી) ૪૨.

मंगलोत्तमशरणपदान्यव्यग्रमानसः ।
चतुः समाश्रयाण्येव स्मरन् मोक्षं प्रपद्यते ॥ ४३ ॥

મંગળ, ઉત્તમ અને શરણ આ ત્રણ અરિહંત, સિદ્ધ, સાધુ અને ધર્મ એ ચારની સાથે મેળવીને એકાગ્ર ચિત્તથી સ્મરણ કરે, તો મોક્ષની પ્રાપ્તિ થાય, તેજ બતાવે છે.

अरिहंता मंगलं, सिद्धामंगलं, साहूमंगलं, केवलिपन्नतो धम्मो मंगलं१ अरिहंतालोगुत्तमा, सिद्धालोगुत्तमा, साहूलोगुत्तमा, केवलि पन्नतो धम्मो लोगुत्तमा, २ अरिहंते सरणं पवज्जामि, सिद्धे सरणं पवज्जामि, साहूसरणं पवज्जामि, केवलिपन्नतंधर्म्मं सरणं पवज्जामि ३. ४३.

## ( पंनरअक्षरी विद्यानुं ध्यान. )

मुक्तिसौख्यप्रदां ध्यायेद्विद्यां पंचदशाक्षराम् ।
सर्वज्ञाभं स्मरन्मंत्रं सर्वज्ञान प्रकाशकम् ॥ ४४ ॥

મોક્ષ સુખને દેવાવાળી પંનર અક્ષરવાળી વિદ્યા ધ્યાવવી, અને સર્વ જ્ઞાનપ્રકાશક સર્વજ્ઞ સદૃશ મંત્રને સ્મરવો, (તે વિદ્યા અને મંત્ર અનુક્રમે આપવામાં આવે છે.) (ॐ अरिहंत, सिद्ध, सयोगि केवलि, स्वाहा) આ વિદ્યા છે (ॐ श्रीं ह्रीं अर्हं नमः) આ મંત્ર છે.

वक्तुं न कश्चिदऽप्यस्य प्रभावं सर्वतः क्षमः ।
समं भगवता साम्यं सर्वज्ञेन बिभर्ति यः ॥ ४५ ॥

(આ વિદ્યા અને આ મંત્ર મહાન્ ચમત્કારી છે આ મંત્ર અને વિદ્યા સર્વજ્ઞ ભગવાનના સરખાપણાને (સદૃશતાને) ધારણ કરે છે તેનો સર્વ પ્રભાવ કહેવાને કોઈ પણ સમર્થ નથી. ૪૫

---

## सात वर्णवाळा मंत्रनुं ध्यान.

यदीच्छेद् भवदावाग्नेः समुच्छेदं क्षणादपि ।
स्मरेत्तदाऽऽदिमंत्रस्य वर्णसप्तकमादिमम् ॥ ४६ ॥

જો સંસારરૂપ દાવાનળનો એક ક્ષણવારમાં ઉચ્છેદ કરવાને તમે ઇચ્છતા હો તો, પહેલા મંત્રના પહેલા સાત અક્ષરો (नमो अरिहंताणं) નું સ્મરણ કરો ૪૬.

## એક શ્લોકે કરી બે મંત્રો બતાવે છે.

पंचवर्णं स्मरेन्मंत्रं कर्मनिर्घातकं तथा ।
वर्णमालांचितं मंत्रं ध्यायेत् सर्वाभयप्रदं ॥ ४७ ॥

તેમજ આઠ કર્મોનો નાશ કરવા માટે પંચવર્ણ ( અક્ષર ) વાળા મંત્રને સ્મરવો અને સર્વ જાતના ભયને માટે અભય આપનાર વર્ણોની શ્રેણિવાળા મંત્રને ધ્યાવવો. ( नमो सिद्धाणं ) આ પંચવર્ણવાળો મંત્ર છે. અને ( ॐ नमो अर्हते, केवलिने परमयोगिने, विस्फुरदुरुशुक्लध्यानाग्निनिर्दग्धकर्मबीजाय, प्राप्तानंतचतुष्टयाय, सौम्याय, शांताय मंगलवरदाय, अष्टादश दोषरहिताय, स्वाहा આ મંત્ર અભય આપનાર છે.

## ( ह्रींकारविद्यानुं ध्यान. )

ध्यायेत् सिताब्जं वक्त्रांतरष्टवर्गीं दलाष्टके ।
ॐ नमो अरिहंताणमिति वर्णानपि क्रमात् ॥ ४८ ॥

केसरालीं स्वरमयीं सुधाबिंदुविभूषिताम् ।
कर्णिकां कर्णिकायां च चंद्रबिंबात्समापतत् ॥ ४९ ॥

संचरमाणं वक्त्रेण प्रभामंडल मध्यगं ।
सुधादीधितिसंकाशं मायाबीजं विचिंतयेत् ॥ ५० ॥

ततो भ्रमंतं पत्रेषु संचरंतं नभस्तले ।
ध्वंसयंतं मनोध्वांतं स्रवंतं च सुधारसं ॥ ५१ ॥

तालुरंध्रेण गच्छंतं लसंतं भ्रूलतांतरे ।
त्रैलोक्यऽचिंत्यमाहात्म्यं ज्योतिर्मयमिवाद्भूतम् ॥ ५२ ॥

इत्यमुं ध्यायतो मंत्रं पुण्यमेकाग्रमानसम् ।
वाङ्मनोमलमुक्तस्य श्रुतज्ञानं प्रकाशते ॥ ५३ ॥

मासैः षड्भिः कृताभ्यासः स्थिरीभूतमनास्ततः ।
निःसरंतीं मुखांभोजाच्छिखां धूमस्य पश्यति ॥ ५४ ॥

संवत्सरं कृताभ्यासस्ततो ज्वालां विलोकते ।
ततः संजातसंवेगः सर्वज्ञमुखपंकजम् ॥ ५५ ॥

स्फुरत्कल्याणमाहात्म्यं संपन्नातिशयं ततः ।
भामंडलगतं साक्षादिव सर्वज्ञमीक्षते ॥ ५६ ॥

ततः स्थिरीकृतस्वांतस्तत्र संजातनिश्चयः ।
मुक्त्वा संसारकांतारमध्यास्ते सिद्धिमंदिरम् ॥ ५७ ॥

दशभिःकुलकं.

મુખની અંદર આઠ પાંખડીવાળું ઉજ્વળ કમળ ચિંતવવું અને આઠ પાંખડીઓમાં આઠ વર્ગો अ. क. च. ट. त. प. य. श. (પૂર્વે કહેવાઇ ગયા છે તે) સ્થાપવા તેમજ ॐ नमो अरिहंताणं આ આઠ અક્ષરોમાંથી એક એક અક્ષર એક એક પાંખડીએ મૂકવો. તે કમળની કેશરાના ચારે બાજુના ભાગોમાં— अ आ દિ સોળ અક્ષરો ગોઠવવા. અને વચલી કર્ણિકાને અમૃતના બિંદુઓથી વિભૂષિત કરવી. પછી ચંદ્રમંડળથી આવતા. મુખે કરી સંચરતા. કાંતિના મંડળમાં રહેલા. (કાંતિના મંડલથી ઘેરાયેલા) અને ચંદ્રમા સદૃશ કાંતિવાળા માયાબીજ (ह्रीं) ને તે કમળની કર્ણિકામાં ચિંતવવો. પછી દરેક પાંખડીઓમાં ભ્રમતા, આકાશ તળમાં સંચરતા, મનની મલીનતાનો નાશ કરતા. અમૃત રસને ઝરતા. તાલુરંધ્ર કરી જતા, ભ્રકુટીની અંદર દીપતા. ત્રણ લોકમાં અચિંત્ય માહાત્મ્યવાળા અને તેજોમયની માફક અદ્ભૂતતાવાળા. આ પવિત્ર મંત્રનું એકાગ્ર મનથી ધ્યાન કરતાં— મન અને વચનની મલીનતા દૂર થઇ શ્રુતજ્ઞાન પ્રકાશ પામે છે (પ્રગટ થાય છે) મનને સ્થીર રાખી છ મહિના નિરંતર અભ્યાસ કરતા સાધક મુખકમળથી નીકળતી ધૂમની જવાળા જોઇ શકે છે પછી વિશેષ વેરાગ્ય પ્રાપ્ત થતાં સર્વજ્ઞનું મુખકમળ જોવે છે અને તેથી આગળ વધતાં કલ્યાણ માહાત્મ્ય, (આનંદસ્વરૂપ) સર્વાતિશય સંપન્ન અને પ્રભામંડલની અંદર રહેલા જાણે સાક્ષાત્ સર્વજ્ઞ હોય તેમ સર્વજ્ઞને જુવે છે. પછી તે સર્વજ્ઞના સ્વરૂપમાં થએલ નિશ્ચયવાળો, મનને સ્થિર કરી, સંસાર અટવીનો ત્યાગ કરી મોક્ષમંદિરમાં આરૂઢ થાય છે. (અર્થાત્ કર્મ ક્ષય કરી મુક્ત થાય છે.) ૪૮ થી ૫૭.

## (क्ष्विँविद्यानुं ध्यान.)

शशिबिंबादिवोद्भूतां स्रवंतीममृतं सदा ।
विद्यां क्ष्विमिति भालस्थां ध्यायेत्कल्याणकारणं ॥ ५८ ॥

ચન્દ્રના બિંબથી જાણે ઉત્પન્ન થએલી હોય (તેવી ઉજ્વલ,) નિરંતર અમૃત સ્રવતી અને કલ્યાણના કારણરૂપ (क्ष्विँ) નામની વિદ્યા લલાટને વિષે ધ્યાવવી. ૫૮.

## शशिकलानुं ध्यान.

क्षीरांभोधेर्विनिर्यांतीं प्लावयंतीं सुधांबुभिः ।
भाले शशिकलां ध्यायेत् सिद्धिसोपानपद्धतिं ॥ ५९ ॥

ક્ષીરસમુદ્રથી નીકળતી, અમૃતના પાણીથી ( વિશ્વને ) પલાળતી અને મોક્ષરૂપ મેહેલના પગથીઆંની શ્રેણી સરખી ચંદ્રકળાને, લલાટને વિષે ધ્યાવવી ( ચિંતવવી. ) ૫૯.

---

### ચંદ્રકળાના ધ્યાનનું ફળ.

अस्याः स्मरणमात्रेण त्रुटयद्भवनिबंधनः ।
प्रयाति परमानंदकारणं पदमव्ययम् ॥ ६० ॥

ચંદ્રની કળાના ( ચંદ્રકળા જેવા પ્રકાશના) સ્મરણ માત્રથી સંસારના કારણરૂપ કર્મો ત્રુટી જાય છે અને તે પરમ આનંદના કારણરૂપ. અવ્યયપદ (મોક્ષપદ )પ્રત્યે જાય છે. ૬૦.

## પ્રણવ, શૂન્ય અને અનાહતનું ધ્યાન.

नासाग्रे प्रणवः शून्यमनाहतमिति त्रयम् ।
ध्यायन् गुणाष्टकं लब्ध्वा ज्ञानमाप्नोति निर्मलम् ॥ ६१ ॥

નાસિકાના અગ્રભાગ ઉપર પ્રણવ ( ૐકાર ) શૂન્ય, (૦) અને અનાહત (હ) આ ત્રણનું ધ્યાન કરનાર, અણિમાદિ આઠ સિદ્ધિઓ મેળવી નિર્મળ જ્ઞાન પામે છે. ૬૧.

शंखकुंदशशांकाभांस्त्रीनमून् ध्यायतः सदा ।
समग्रविषयज्ञानप्रागल्भ्यं जायते नृणाम् ॥ ६२ ॥

પ્રણવ. શૂન્ય અને અનાહત આ ત્રણેનું નિરંતર શંખ. મચકુંદ અને ચંદ્રમાના સરખું શ્વેત ધ્યાન કરતાં, મનુષ્યોની સંપૂર્ણ વિષયોના જ્ઞાનમાં પ્રવિણતા થાય છે. ૬૨

## સામાન્યવિદ્યા.

द्विपार्श्वप्रणवद्वंद्वं प्रांतयोर्माययावृतं ।
सोहं मध्येऽथिमूर्द्धानं अर्हम्लींकारं विचिंतयेत् ॥ ६३ ॥

બે બાજુ બબે ૐકાર, છેડાના ભાગો હ્રીંકારથી વીંટેલા, વચમાં સોહં અને તેના વચમાં અર્હમ્ક્લીં એવા શબ્દો ચિંતવવા.

(ह्रीं, ओं, ओं, स, हम्ली, हं, ओं, ओं, ह्रींग) આ પ્રમાણે ચિંતવવું. ૬૩.

## અચિંત્યફલદા ગણધરકૃત વિદ્યાધ્યાન.

कामधेनुमिवाऽचिंत्यफलसंपादनक्षमाम् ।
अनवद्यां जपेद्विद्यां गणभृद्वदनोद्गताम् ॥ ६४ ॥

તથા કામધેનુની માફક અચિંત્ય ફળ આપવામાં સમર્થ, નિર્દોષ અને ગણધરના મુખથી ઉત્પન્ન થએલી ( ગણધરોએ કહેલી ) વિદ્યાનો જાપ કરવો. તે વિદ્યા ૐ जोग्गे, मग्गे, तच्चे, भूए, भव्वे भविस्से अंते परक्खे, जिणपार्श्वे स्वाहाः

## ॐकार ध्यान.

पञ्चकोणेऽप्रतिचक्रे फडिति प्रत्येकमक्षरम् ।
सव्ये न्यस्येद्विचक्राय स्वाहा बाह्येऽपसव्यतः ॥ ६५ ॥
भूतांतं बिंदुसंयुक्तं तन्मध्ये न्यस्य चिंतयेत् ।
नमो जिणाणमित्याद्यै रों पूर्वैर्वेष्टयेद्बहिः ॥ ६६ ॥

છખુણાવાળો એક યંત્ર ચિંતવો. તેના દરેક ખાનામાં સવળી રીતે "अप्रतिचक्रेफट्" આ છ અક્ષરોમાંથી એકએક અક્ષર મૂકવો તે યંત્રની બહાર અવળી રીતે "विचक्राय स्वाहा" આ છ અક્ષરોમાંથી ખુણા પાસે એક અક્ષર મૂકવો. પછી ॐनमोजिणाणं, ॐनमोओहिजिणाणं, ॐनमोपरमोहिजिणाणं ॐनमोसव्वोहि जिणाणं, ॐनमोअणंतोहिजिणाणं ॐनमोकुठ्ठबुद्धीणं, ॐनमोबीजबुद्धीणं, ॐनमोपदानुसारीणं, ॐनमोसंभिन्नसोआणं, ॐनमोउज्जुमइणं, ॐनमोविउलमइणं ॐनमोदसपुव्वीणं, ॐनमोचोद्दसपुव्वीणं, ॐनमोअठ्ठंगमहानिमित्तकुसलाणं, ॐनमोविउव्वणइढ्ढिपत्ताणं, ॐनमोविज्जाहराणं, ॐनमोचारणाणं, ॐनमोपन्हसमणाणं, ॐनमोआगासगामीणं, ॐ ज्रौं श्री ह्री धृति, कीर्ति बुद्धि, लक्ष्मी, स्वाहा એ પદોથી પાછલું વલય પુરવું. પછી પંચપરમેષ્ઠિ મહામંત્રનાં પાંચ પદોનો, પાંચ આંગુલીએ ન્યાસ કરવો. તે આ પ્રમાણે— ॐ नमो अरिहंताणं ह्रॉंस्वाहा અંગુઠે ॐनमोसिद्धाणं ह्रींस्वाहा તર્જન્યાં ॐ नमो आयरियाणं ह्रुंस्वाहा મધ્યમામાં ॐ नमोउवज्झायाणं ह्रैंस्वाहा અનામિકામાં ॐनमोलोएसव्वसाहूणंह्रःस्वाहा કનિષ્ઠા આંગુલીમાં, આ પ્રમાણે ન્યાસ કરી યંત્રના વચમાં બીંદુ સહિત ॐकारने સ્થાપન કરવો. પછી તે યંત્રને માથા ઉપર પૂર્વ, દક્ષિણ અને પશ્ચિમના અંતરભાગમાં સ્થાપન કરી ચિંતવવો ધ્યાવવો. ૬૫-૬૬.

## अष्टाक्षरीविद्याः

अष्टपत्रेंबुजे ध्यायेदात्मानं दीप्ततेजसम् ।
प्रणवाद्यस्य मंत्रस्य वर्णान् पत्रेषु च क्रमात् ॥ ६७ ॥

पूर्वाशाऽभिमुखंपूर्वमधिकृत्याऽऽदिमं दलम् ।
एकादशशतान्यऽष्टाक्षरमंत्रं जपेत्ततः ॥ ६८ ॥

આઠ પાંખડીવાળા કમળને વિષે ઝળઝળાટ કરતા તેજવાળા આત્માને ચિંતવવો. અને ૐકારપૂર્વક. પહેલા મંત્રના (ॐनमो अरिहंताणं એ મંત્રના) આઠે વર્ણોને અનુક્રમે પત્રો ઉપર (આઠે પાંખડીઓ ઉપર) સ્થાપવા, તેમાં પહેલી પાંખડી પૂર્વ દિશા તરફથી ગણવી અને તેમાં પહેલો ॐ મૂકવો, પછી ક્રમે આવે તે તે દિશામાં બાકીના અક્ષરો મૂકી, તે આઠ અક્ષરવાળા મંત્રનો તે કમળના અક્ષરો ઉપર અગિયારસોવાર જાપ કરવો. ૬૭, ૬૮.

---

## વિઘ્નશાંતિ માટે.

पूर्वाशानुक्रमादेवमुद्दिश्याऽन्यदलान्यपि ।
अष्टरात्रं जपेद्योगी सर्वप्रत्यूहशांतये ॥ ६९ ॥

પૂર્વદિશામાં પ્રથમ પાંખડીએ જે આ એજ અનુક્રમે બીજી પણ પાંખડીઓને, દિશિ વિદિશિમાં સ્થાપન કરી, સર્વ જાતના વિઘ્નોની શાંતિ થવા માટે યોગીએ, આઠ દિવસ સુધી તે આઠ અક્ષરી વિદ્યાનો જાપ કરવો. ૬૯

अष्टरात्रे व्यतिक्रांते कमलस्यांतर्वर्तिनः ।
निरूपयति पत्रेषु वर्णानेतानऽनुक्रमम् ॥ ७० ॥

એમ જાપ કરતાં આઠ દિવસ ગયે છતે આ કમળની અંદર રહેલા પત્રોને (પાંખડીઓ) વિષે તે અષ્ટ અક્ષરી વિદ્યાના વર્ણો અનુક્રમે જોવામાં આવશે ૭૦.

भीषणाः सिंहमातंगरक्षःप्रभृतयः क्षणात् ।
शाम्यंति व्यंतराश्चाऽन्ये ध्यानप्रत्यूहहेतवः ॥ ७१ ॥

તે અક્ષરો જોવાથી જોનારમાં એવું સામર્થ્ય આવે છે કે ધ્યાનમાં વિઘ્ન કરનાર, ભયંકર સિંહ, હાથી, રાક્ષસ અને બીજા પણ ભૂત, પ્રેત, સર્પાદિ, તત્કાળ શાંત થઈ જાય છે. ૭૧.

मंत्रः प्रणव पूर्वोयं फलमैहिकमिच्छुभिः ।
ध्येयः प्रणवहीनस्तु निर्वाणपदकांक्षिभिः ॥ ७२ ॥

આ नमो-अरिहंताणं-એ મંત્ર આ-લોક-સંબંધી; ફળના

ઈચ્છનારાઓએ ૐકાર સહિત ધ્યાવવો, પણ જેને મોક્ષપદનીજ ઈચ્છા હોય તેણે તો ૐકાર વિનાનો ધ્યાવવો. ૭૨.

## એક શ્લોકથી મંત્ર અને વિદ્યા બતાવે છે.

चिंतयेदऽन्यमप्येनं मंत्रं कर्मौघशांतये ।

स्मरेत् सत्त्वोपकाराय विद्यां तां पापभक्षिणीं ॥ ७३ ॥

તથા બીજા પણ આ મંત્રને; કર્મના ઓઘની શાંતિને માટે ચિંતવવો (જપવો.) (श्रीमदृषभादि वर्धमानांतेभ्यो नमः કર્મના નાશને માટે આ મંત્ર જપવો) અને સર્વ જીવોના ઉપકારને માટે તે પાપભક્ષણી વિદ્યાને સ્મરવી (તે વિદ્યા આ પ્રમાણે છે.)

ॐ अर्हन्मुखकमलवासिनि पापात्मक्षयंकरि, श्रुतज्ञानज्वाला सहस्र ज्वलिते, सरस्वति मत्पापं, हन, हन, दह, दह, क्षां क्षीं क्षूं क्षें क्षौं क्षौं क्षः क्षीरधवले, अमृतसंभवे, वं वं हूं हूं स्वाहा એ પાપભક્ષિણી વિદ્યા જાણવી. ૭૩.

प्रसीदति मनः सद्यः पापकालुष्यमुज्झति ।

प्रभावाऽतिशयादऽस्या ज्ञानदीपः प्रकाशते ॥ ७४ ॥

એ વિદ્યાના પ્રભાવિક અતિશયથી મન તત્કાળ પ્રસન્ન થાય છે પાપની કલુષતા દૂર થાય છે, અને જ્ઞાનદીપક પ્રકાશિત થાય છે (જ્ઞાન પ્રકટે છે) ૭૪.

ज्ञानवद्भिः समाम्नातं वज्रस्वाम्यादिभिः स्फुटं ।

विद्यावादात्समुद्धृत्य बीजभूतं शिवश्रियः ॥ ७५ ॥

जन्मदावहुताशस्य प्रशांतिनववारिदं ।

गुरूपदेशाद्विज्ञाय सिद्धचक्रं विचिंतयेत् ॥ ७६ ॥

વિદ્યા પ્રવાદથી ઉદ્ધાર કરીને, વજ્રસ્વામિ આદિ જ્ઞાની પુરૂષોએ પ્રગટપણે, મોક્ષ લક્ષ્મીના બીજસરખુ માનેલું અને જન્મમરણાદિ દાવાનળને પ્રશાંત કરવાને નવીન જલધર (મેઘ) સમાન, સિદ્ધચક્રને, ગુરૂના ઉપદેશથી જાણીને (કર્મક્ષય) માટે ચિંતવવું. ૭૫, ૭૬.

नाभिपद्मे स्थितं ध्यायेदकारं विश्वतो मुखं ।

सि वर्णं मस्तकांभोजे आकारं वदनांबुजे ॥ ७७ ॥

उकारं हृदयांभोजे साकारं कंठपंकजे ।
सर्वकल्याणकारिणी बीजान्यऽन्यान्यपि स्मरेत् ॥ ७८ ॥

નાભિ કમળમાં રહેલા સર્વવ્યાપિ અકારને ચિંતવવો. મસ્તક ઉપર સિવર્ણને, મુખ કમળમાં આકારને, હૃદય કમળમાં ઉકારને અને કંઠમાં સાકારને ચિંતવવો. તથા સર્વથા કલ્યાણ કરવાવાળાં બીજાં પણ બીજોને સ્મરવાં. ૭૭–૭૮.

श्रुतसिंधुसमुद्भूतं अन्यदऽप्यक्षरं पदं ।
अशेषं ध्यायमानं स्यान्निर्वाणपदसिद्धये ॥ ७९ ॥

સિદ્ધાંત રૂપ સમુદ્રથી ઉત્પન્ન થએલ, બીજાં પણ અક્ષર, પદ, વિગેરે સમગ્રનું ધ્યાન કરવાથી મોક્ષપદની સિદ્ધિને(પ્રાપ્તિને)માટે થાય છે. ૭૯

वीतरागो भवेद्योगी यत्किंचिदपि चिंतयन् ।
तदेव ध्यानमाम्नातमतोऽन्ये ग्रंथविस्तराः ॥ ८० ॥

ગમે તે પદનું, વાક્યનુ, કે શબ્દનું પણ ચિંતન કરતાં યોગી રાગ રહિત થાય, તેનેજ ધ્યાન કહેલું છે. એ ( પદાદિ ) સિવાય બીજા ( ઉપાયો ) ગ્રંથોના વિસ્તાર ( રૂપ ) છે, એમ સમજવું. ૯૦.

इति गणधरधुर्याविष्कृतादुद्धृतानि ।
प्रवचनजलराशेस्तत्त्वरत्नान्यऽमूनि ॥
हृदयमुकुरमध्ये धीमतामुल्लसंतु ।
प्रचितभवशतोत्थक्लेशनिर्नाशहेतोः ॥ ८१ ॥

આ પ્રમાણે મુખ્ય ગણધરે પ્રગટ કરેલા, પ્રવચન રૂપ સમુદ્રથી ઉદ્ધાર કરેલા આ તત્ત્વરૂપ રત્નો, અનેક સેકડોગમે ભવથી ઉત્પન્ન થયેલા ક્લેશનો નાશ કરવા માટે, બુદ્ધિમાન્ મનુષ્યોના હૃદય રૂપ આરિસામાં ઉલ્લાસ પામો ૮૧.

॥ इति श्री आचार्य हेमचंद्र विरचिते योगशास्त्रे मुनि श्री केशर-
विजयगणिकृत बालावबोधे अष्टमः प्रकाशः ॥

ॐ

## ॥ नवमः प्रकाशः प्रारभ्यते ॥

### रूपस्थध्यानम्.

मोक्षश्रीसंमुखीनस्य विध्वस्ताखिलकर्मणः ॥
चतुर्मुखस्य निःशेषभुवनाऽभयदायिनः ॥ १ ॥
इंदुमंडलशंकाशच्छत्रत्रितयशालिनः ॥
लसद्भामंडलाभोगविडंबितविवस्वतः ॥ २ ।
दिव्यदुंदुभिनिर्घोषगीतसाम्राज्यसंपदः ॥
रणद्द्विरेफझंकारमुखराऽशोकशोभिनः ॥ ३ ॥
सिंहासननिषण्णस्य वीज्यमानस्य चामरैः ॥
सुरासुरशिरोरत्नदीप्तपादनखद्युतेः ॥ ४ ॥
दिव्यपुष्पोत्कराऽऽकीर्णसंकीर्णपरिषद्भुवः ॥
उत्कंधरैर्मृगकुलैः पीयमानकलध्वनेः ॥ ५ ॥
शांतवैरेभसिंहादिसमुपासितसंनिधेः ॥
प्रभोः समवसरणस्थितस्य परमेष्ठिनः
सर्वातिशययुक्तस्य केवलज्ञानभास्वतः ॥
अर्हतो रूपमालंब्य ध्यानं रूपस्थमुच्यते ॥ ७ ॥

सप्तभिःकुलकम्

મોક્ષ લક્ષ્મી પ્રાપ્ત કરવાની હવે તૈયારી છે, સમગ્ર કર્મોનો જેમણે વિનાશ કર્યો છે, દેશના દેતી વખતે (દેવોએ કરેલા ત્રણ પ્રતિબિંબોથી) ચાર મુખ સહિત છે, ત્રણ ભુવનના સર્વ જીવોને અભયદાન આપી રહ્યા છે, (કોઇ જીવોને નહિ મારવા તેવી દેશના આપનારા) ચંદ્ર મંડલ સદૃશ ઉજ્વળ ત્રણ છત્રો જેમના મસ્તક પર શોભી રહ્યાં છે, સૂર્યમંડલની પ્રભાને વિડંબન કરતું ભામંડળ જેમની પછાડી ઝળઝળાટ કરી રહ્યું છે, દિવ્ય દુંદુભિ વાજીંત્રના શબ્દો થઈ રહ્યા છે, ગીત ગાનની સંપદાનું સામ્રાજ્ય વર્તાઇ રહ્યું છે, શબ્દ કરતા ભ્રમરોના ઝંકારથી અશોક વૃક્ષ વાચાલિત થયો હોય તેમ શોભી રહ્યા છે, વચમાં સિંહાસન ઉપર તીર્થંકર મહારાજ બીરાજેલા છે,

બે બાજુ ચામરો વીંઝાઇ રહ્યાં છે, નમસ્કાર કરતા દેવો અને દાનવોના મુકુટના રત્નોથી પગના નખોની કાંતિ પ્રદીપ્ત થઈ રહી છે, દિવ્ય પુષ્પોના સમૂહોથી પર્ષદાની ભૂમિકા સંકીર્ણ થઇ ગઈ છે, ઉંચી ડોકો કરીને મૃગાદિ પશુઓના સમૂહો જેની મનહર ધ્વનિનું પાન કરી રહ્યા છે, સિંહ તથા હાથી પ્રમુખ વૈર સ્વભાવવાળાં પ્રાણિઓ પોતાનું વૈર શાંત કરી નજીકની બાજુમાં બેઠેલાં છે, સર્વ અતિશયોથી પરિપૂર્ણ, કેવલ જ્ઞાનથી શોભતા અને સમવસરણમાં રહેલા, તે પરમેષ્ઠિ અરિહંતના રૂપનુ આવી રીતે આલંબન લઇ જે ધ્યાન કરવું, તેને રૂપસ્થ ધ્યાન કહે છે. ૧–૭.

## પ્રકારાંતરે રૂપસ્થ ધ્યાન.

रागद्वेषमहामोहविकारैरकलंकितम् ॥
शांत कांतं मनोहारि सर्वलक्षणलक्षितं ॥ ८ ॥
तीर्थिकैरपरिज्ञातयोगमुद्रामनोरमम् ॥
अक्ष्णोरमंदमानंदनिस्पंदं ददद्भूतं ॥ ९ ॥
जिनेंद्रप्रतिमारूपमपि निर्मलमानसः ॥
निर्निमेषदृशा ध्यायन् रूपस्थध्यानवान् भवेत् ॥ १० ॥
त्रिभिर्विशेषकम्

રાગ, દ્વેષ અને મહામોહ અજ્ઞાનાદિ વિકારોના કલંકરહિત, શાંત, કાંત, મનહર, સર્વ ઉત્તમ લક્ષણોથી ઓળખાયેલ, અન્યદર્શનકારોએ નહિ જાણેલ, યોગ મુદ્રા ( ધ્યાન મુદ્રા ) ની મનોહરતાને ધારણ કરનાર, આંખોને મહાન્ આનંદ અને અદ્ભૂત અચપળતાને આપનાર, જિનેશ્વર ભગવાન્‌ની પ્રતિમાનું, નિર્મલ મન કરી નિમેષોન્મેષ રહિત (ખુલ્લી આંખ રાખી) એક દૃષ્ટિએ ધ્યાન કરનાર, રૂપસ્થ ધ્યાનવાન્ કહેવાય છે. ૮, ૯, ૧૦.

**વિવેચન**—જિનેશ્વર ભગવાન્‌ની શાંત અને આનંદિ મૂર્તિના સન્મુખ, ખુલ્લી આંખ રાખી, એક દૃષ્ટિથી જોઇ રહેવું આંખ મીંચવી કે હલાવવી નહિ. તેમ કરતાં શરીરનું પણ ભાન ભૂલી જઈ એક નવીન દશામાં પ્રવેશ કરાય છે જેમાં અપૂર્વ આનંદ અને કર્મની નિર્જરા થાય છે. તે દશાવાળાને રૂપસ્થ ધ્યાનવાન્ કહે છે. ગમે તે જાતનું આલંબન હોય પણ, તેમાં કાંઇ પણ આત્મિક ગુણ પ્રગટ થાય તો, તેને તે આલંબન નામનું ધ્યાન કહેવાય છે.

## रूपस्थ ध्याननुं फळ.

**योगी चाऽभ्यासयोगेन तन्मयत्वमुपागतः ॥**
**सर्वज्ञीभूतमात्मानमवलोकयति स्फुटं ॥ ११ ॥**

રૂપસ્થ ધ્યાનના અભ્યાસે કરી, યોગી તન્મયપણાને પામી, પ્રગટપણે પોતાને સર્વજ્ઞ રૂપે જુએ છે. ૧૧

## केवी रीते तन्मयता पामवी.

**सर्वज्ञो भगवान् योयमहमेवाऽस्मि स ध्रुवं ॥**
**एवं तन्मयतां यातः सर्ववेदीति मन्यते ॥ १२ ॥**

જે સર્વજ્ઞ ભગવાન છે તે, આ, હું જ, નિશ્ચે કરીને છું. આ પ્રમાણે (તે સર્વજ્ઞ સાથે) તન્મયપણાને પામે છતે, યોગી સર્વજ્ઞ મનાય છે. ૧૨.

## जेवुं आलंबन तेवुं फळ.

**वीतरागो विमुच्येत वीतरागं विचितयन् ॥**
**रागिणं तु समालंब्य रागी स्यात् क्षोभणादिकृत् ॥१३॥**

રાગ રહિતનું ધ્યાન કરતાં, પોતે રાગ રહિત થઇ (કર્મોથી) મુક્ત થાય છે અને રાગીઓનું આલંબન લેનાર, કામ, ક્રોધ, હર્ષ, શોક, રાગ, દ્વેષાદિ વિક્ષેપને કરનાર સરાગતાને પામે છે. ૧૩. કહ્યું છે કે—

**येन येन हि भावेन युज्यते यंत्रवाहकः ॥**
**तेन तन्मयतां याति विश्वरूपो मणिर्यथा ॥ १४ ॥**

જે જે ભાવે કરી, ( ભાવનાએ કરી ) જે જે ઠેકાણે, આત્માને યોજવામાં આવે છે, તે તે નિમિત્તોને પામી, તે તે ઠેકાણે તન્મયતા પામે છે. જેમ સ્ફટિકમણિની પાસે લાલ, પીળી, કાળી, કે લીલી, વિગેરે જે કાંઇ રંગની વસ્તુ રાખવામાં આવે છે, તે વસ્તુની નિકટતાથી, સ્ફટિકમણિ પણ તેવા તેવા રંગનો દેખાય છે, તેમ આત્માને પણ જેવી ભાવનાએ કરી પ્રેરવામાં આવે છે તેવોજ તે પરિણમે છે. ૧૪

**नाऽसद्ध्यानानि सेव्यानि कौतुकेनाऽपि किंत्विह ॥**
**स्वनाशायैव जायंते सेव्यमानानि तानि यत् ॥ १५ ॥**

માટે ઇચ્છાવિના, કેવળ કૌતુક માટે પણ, અસદ્ ધ્યાનોનું અવલંબન લેવું નહિ, કેમકે તે અસદ્ ધ્યાનો સેવવાથી પોતાનાજ વિનાશને માટે થાય છે. ૧૫.

सिध्यंति सिद्धयः सर्वाः स्वयं मोक्षाऽवलंबिनाम् ॥
संदिग्धा सिद्धिरन्येषां स्वार्थभ्रंशस्तु निश्चितः ॥ १६ ॥

મોક્ષને માટેજ ક્રિયા કરનાર મનુષ્યોને, અષ્ટસિધ્યાદિ સર્વ સિદ્ધિઓ પોતાની મેળેજ સિદ્ધ થાય છે અને સાંસારિક સુખના અભિલાષીઓને તે સિદ્ધિઓ સિદ્ધ થાય કે ન પણ થાય એ સંદેહ યુક્ત છે, તથાપિ સ્વાર્થનો નાશ તો અવશ્ય થાયજ. માટે કર્મક્ષયને અર્થે પ્રયત્ન કરવો, પણ કેવળ સિદ્ધિઓ મેળવવામાટે પ્રયત્ન નહિ કરવો એ આચાર્યશ્રીનો ઉપદેશ છે. ૧૬

इति श्री आचार्य हेमचंद्र विरचिते योगशास्त्रे मुनि श्री केशरविजयगणिकृत बालावबोधे नवमः प्रकाशः ॥

## ॥ दशमः प्रकाशः प्रारभ्यते ॥

### रुपातीत ध्यानम्.

अमूर्तस्य चिदानंदरूपस्य परमात्मनः ।
निरंजनस्य सिद्धस्य ध्यानं स्याद्रूपवर्जितम् ॥ १ ॥

આકૃતિ રહિત, જ્ઞાનાનંદ સ્વરૂપ, નિરંજન (કર્મરહિત) સિદ્ધ પરમાત્માનું ધ્યાન, તે રૂપાતીત ધ્યાન કહેવાય છે. ૧

इत्यजस्रं स्मरन् योगी तत्स्वरूपावलंबनः ॥
तन्मयत्वमवाप्नोति ग्राह्यग्राहकवर्जितम् ॥ २ ॥

તે નિરંજન સિદ્ધ સ્વરૂપનું અવલંબન લઈ નિરંતર તેનું ધ્યાન કરનાર યોગી, ગ્રાહ્યગ્રાહક (લેવુ અને લેનાર) ભાવ વિનાનું તન્મયપણું પામે છે. ૨.

अनन्यशरणीभूय स तस्मिन् लीयते तथा ॥
ध्यातृध्यानोभयाभावे ध्येयेनैक्यं यथा व्रजेत् ॥ ३ ॥

યોગી જ્યારે ગ્રાહ્યગ્રાહકભાવ વિનાનું તન્મયપણું પામે છે ત્યારે, તેને કોઈ પણ આલંબન રહેલું ન હોવાથી, તે યોગી તે સિદ્ધાત્મામાં તે પ્રકારે લય પામે છે કે, ધ્યાન કરનાર અને ધ્યાન એ બેઉના અભાવે, ધ્યેય જે સિદ્ધ તેની સાથે એક રૂપ થઈ જાય છે. ૩.

सोऽयं समरसीभावस्तदेकीकरणं मतम् ॥
आत्मा यदपृथक्त्वेन लीयते परमात्मनि ॥ ४ ॥

યોગીના મનનુ પરમાત્માની સાથે જે એકાકારપણું તે સમરસીભાવ છે, અને તેનેજ એકીકરણ માનેલું છે કે જેથી આત્મઅભિન્નપણે કરી, પરમાત્માને વિષે લીન થાય (લય પામે). ૪.

## નિરાલંબન ધ્યાનનો ક્રમ.

अलक्ष्यं लक्ष्यसंबंधात् स्थूलात् सूक्ष्मं विचिंतयेत् ।
सालंबाच्च निरालंबं तत्त्ववित्तत्त्वमंजसा ॥ ५ ॥

પ્રથમ પિંડસ્થાદિ લક્ષ્યવાળાં ધ્યાનના ક્રમે, અલક્ષ જે નિરાલંબન ધ્યાન તેમાં આવવું. પ્રથમ સ્થુલ (મોટાં) ધ્યેયો લેઈ, અનુક્રમે (અનાહદ કલા વિગેરે) સૂક્ષ્મ ધ્યેયોનુ ચિંતન કરવુ, અને રૂપસ્થાદિ સાલંબન ધ્યેયોથી, નિરાલંબન (સિદ્ધ અરૂપિ) ધ્યેયમાં આવવું. આ ક્રમે અભ્યાસ કરવામા આવે તો તત્ત્વનો જાણકાર યોગી થોડા વખતમાં તત્ત્વ પામી શકે. ૫

## ઉપસંહાર કરે છે.

एवं चतुर्विधध्यानामृतमग्नं मुनेर्मनः ॥
साक्षात्कृतजगत्तत्त्वं विधत्ते शुद्धिमात्मनः ॥ ६ ॥

આ પ્રમાણે પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ અને રૂપાતીત આ ચાર પ્રકારના ધ્યાનામૃતમાં મગ્ન થયેલું મુનિનુ મન, જગત્‌ના તત્ત્વોને સાક્ષાત્ કરી (તત્ત્વોનો અનુભવ કરી) આત્માની વિશુદ્ધિ કરે છે. ૬.

## પ્રકારાંતરે ચાર પ્રકારનું ધ્યેય.

आज्ञाऽपायविपाकानां संस्थानस्य च चिंतनात् ॥
इत्थं वा ध्येयभेदेन धर्मध्यानं चतुर्विधं ॥ ७ ॥

આજ્ઞા, અપાય, વિપાક અને સંસ્થાનના ચિંતન કરવાથી, ધ્યેયના ભેદે, આ પ્રમાણે પણ ધર્મધ્યાન ચાર પ્રકારનું કહેવાય છે. ૭.

## આજ્ઞા ધ્યાનનું સ્વરૂપ.

आज्ञां यत्र पुरस्कृत्य सर्वज्ञानामबाधितां ॥
तत्त्वतश्चिंतयेदर्थांस्तदाज्ञाध्यानमुच्यते ॥ ८ ॥

પૂર્વાપર બાધારહિત-અથવા કોઈ દર્શનકારોથી ખંડિત ન

થઇ શકે તેવી, સર્વજ્ઞની આજ્ઞાને આગળ કરી, તત્ત્વથી (અર્થોનુ) ચિંતન કરવુ તે આજ્ઞા ધ્યાન કહેવાય છે. ૮

**सर्वज्ञवचनं सूक्ष्मं हन्यते यन्न हेतुभिः ।**
**तदाज्ञारूपमादेयं न मृषाभाषिणो जिनाः ॥ ९ ॥**

સર્વજ્ઞે કહેલું સૂક્ષ્મ વચન પણ હેતુ કે યુક્તિએ કરી ખંડિત થતું નથી, તે સર્વજ્ઞનું વચન આજ્ઞારૂપે સ્વીકારવું, કેમકે જિનેશ્વરો અસત્ય બોલતા નથી. તે આજ્ઞારૂપ ધ્યાન કહેવાય છે. ૯.

**વિવેચન**—આપ્ત ( પ્રમાણિક ) પુરૂષોનાં વચનો, તે આજ્ઞા કહેવાય છે. તે આજ્ઞા આગમ અને હેતુવાદ એમ બે પ્રકારની છે. શબ્દોથી પદાર્થોનું અંગીકાર કરવાપણું તે આગમ, અને પ્રમાણાંતરોની સરખામણીથી યા મદદથી પદાર્થોની સત્યતા સ્વીકારવી તે હેતુવાદ કહેવાય છે. આ બેઉ નિર્દોષ હોવાથી પ્રમાણ મનાય છે. કેમકે જેનું કારણ અને પરિણામ નિર્દોષ હોય તે પ્રમાણ મનાય છે. અર્થાત્ તેજ પ્રમાણનું લક્ષણ છે. દોષ, રાગ, દ્વેષ, મોહ અને અજ્ઞાન તે અર્હંતમાં સંભવતાંજ નથી. માટે આવા નિર્દોષ પુરૂષથી પેદા થએલ આગમજ પ્રમાણ હોઇ શકે છે. આ આગમ અંગ ઉપાંગ અને પ્રકરણાદિ જળથી ભરેલ સમુદ્ર જેવું છે તેમજ અનેક અતિશાયિક જ્ઞાનોથી ભરપૂર છે. દુર ભવ્યોને મળવું દુર્લભ છે, પણ તેજ ઉત્તમ જીવોને માટે તો સુલભ છે. પદાર્થોના દ્રવ્ય, ગુણ, પર્યાય, નિત્ય, અનિત્ય, સ્વસ્વરૂપ, પરસ્વરૂપ, સદ્, અસદ્, એ આદિનો સ્થિર ચિત્ત કરી વિચાર કરવો તે આજ્ઞાવિચય ધ્યાન કહેવાય છે. ૯.

## અપાયધ્યાનનું સ્વરૂપ.

**रागद्वेषकषायाद्यैर्जायमानान् विचिंतयेत् ॥**
**यत्रापायांस्तदपायविचयध्यानमिष्यते ॥ १० ॥**

જે ધ્યાનમાં રાગ દ્વેષ અને ક્રોધાદિ વિષયોથી ઉત્પન્ન થતાં કષ્ટોનું ચિંતન કરવું, તે અપાયવિચય નામનુ ધ્યાન કહેવાય છે. ૧૦

## આ ધ્યાનનું કે વિચારનું ફળ શું ?

**ऐहिकामुष्मिकापायपरिहारपरायणः ॥**
**ततः प्रतिनिवर्तेत समंतात्पापकर्मणः ॥ ११ ॥**

રાગ દ્વેષાદિથી થતાં કષ્ટોનો વિચાર કરવાથી, આ જન્મ તથા ભાવીજન્મમાં થવાનાં અપાય ( દુઃખ કષ્ટો ) નો પરિહાર ( ત્યાગ ) કરવામાં તત્પર થવાય છે, અને પછી સર્વથા પાપ કર્મોથી નિવૃત્ત થાય છે. ( માટે શુભ યા અશુભ દરેક ક્રિયાનું પરિણામ શું આવે છે અને આવશે, તે સંબંધી ઘણી બારીકતાથી વિચાર કરવો જોઇએ. ) ૧૧.

**વિવેચન**—જેઓએ જિનેશ્વરના માર્ગનો સ્પર્શ કર્યો નથી, પરમાત્મ સ્વરૂપ જાણ્યું નથી અને યતિ માર્ગ ( નિર્વૃત્તિ માર્ગ ) સંબંધી વિચાર પણ કર્યો નથી, તેઓને હજારો જાતનાં કષ્ટો આવી પડે છે. આ દુનિયાની માયાના મોહમા જેઓનું ચૈતન્ય પરાધીન થઇ ગયું છે, તેવા અજ્ઞ જીવોએ, શું શું અકાર્યો નથી કર્યા, અને કેવાં કેવાં કષ્ટો નથી પામ્યા? અર્થાત્ સર્વ અકાર્યો કર્યા છે, અને સર્વ જાતનાં દુઃખોનો અનુભવ કર્યો છે. દરેક જીવોએ વિચારવું જોઇએ કે, જે જે દુઃખો નર્કમાં, તિર્યંચોમાં અને મનુષ્યોમાં, અમે પામ્યા છીએ, તેમાં ખરેખર અમારોજ પ્રમાદ છે. અરે સમ્યક્ત્વ પામ્યા જેવી સ્થિતિ મેળવ્યા છતાં પણ મન, વચન અને કાયાથી કરાયેલાં દુષ્કર્મોથી, અમે અમારે હાથેજ શરીરમા અગ્નિ સળગાવી દુઃખી થયા છીએ. હે આત્મન્! મોક્ષમાર્ગ સ્વાધીન છતાં, તે માર્ગને મૂકી દઇ, કુમાર્ગની શોધમાં પ્રવેશ કરી, તે પોતેજ પોતાના આત્માને કષ્ટમાં નાંખ્યો છે. જેમ સુકાળ સુભિક્ષના વખતમાં, અથવા સ્વતંત્ર રાજ્ય મળ્યાં છતાં મૂર્ખલોકો ભિક્ષા માગતા ફરે છે, તેમ મોક્ષમાર્ગ પોતાને સ્વાધીન છતા, મારા જેવા મૂર્ખ જીવો ભવમા ભમ્યા કરે છે. આ પ્રમાણે પોતાના અને પરના સંબંધમાં અપાયની પરંપરાના કારણ સંબંધી વિચાર કરવો, અને હવેથી સાવધાન થવું તે અપાયવિચય ધ્યાન કહેવાય છે.

---

## વિપાકવિચય ધ્યાનનું સ્વરૂપ.

प्रतिक्षणसमुद्भूतो यत्र कर्मफलोदयः ॥
चिन्त्यते चित्ररूपः स विपाकविचयोदयः ॥ १२ ॥

ક્ષણ ક્ષણ પ્રત્યે ઉત્પન્ન થતા, કર્મ ફળના ઉદયનો અનેક પ્રકારે વિચાર કરવો, તે વિપાકવિચય ધ્યાન કહેવાય છે ૧૨.

या संपदार्हतो या च विपदा नारकात्मनः ॥
एकातपत्रता तत्र पुण्यापुण्यस्य कर्मणः ॥ १३ ॥

તે વિચાર આ પ્રમાણે કરવાનો છે કે, જે (ઉંચામાં ઉંચી) સંપદા અરિહંતની; અને (નીચામાં નીચી) વિપદા નારકિના જીવોની, તે બેઉ સ્થળે પુણ્ય કર્મનું અને પાપ કર્મનું એક છત્ર રાજ્ય છે. અર્થાત્ પુણ્ય પાપની પ્રબલતા તેજ સુખ દુ:ખનું કારણ છે. ૧૩.

**વિવેચન**—વિપાક એટલે શુભાશુભ કર્મોનું ફળ. આ ફળદ્રવ્ય ક્ષેત્રાદિ સામગ્રી અનુસાર અનેક પ્રકારે અનુભવાય છે. સ્વાદિષ્ટ ખાદ્યાદિનો ભોગ, પુષ્પમાલા, ચંદન, દુકુલ અને અંગના પ્રમુખનો ઉપભોગ, એ દ્રવ્યોનો ભોગોપભોગ શુભ છે, તથા સર્પ, શસ્ત્ર, અગ્નિ અને વિષાદિ દ્રવ્યોનો અનુભવ તે અશુભ છે. સૌધર્માદિ વિમાન, ઉપવન અને પુષ્પ, ફલાદથી ભરપુર આરામાદિ ક્ષેત્રોનો અનુભવ શુભ છે. અને શ્મશાન, જંગલ, શૂન્ય અરણ્ય એ આદિ ક્ષેત્રોનો અનુભવ અશુભ છે. ઘણા ઉષ્ણ અને ઘણા શીત નહિ તેવા, વસંતઋતુ પ્રમુખકાળનો અનુભવ શુભ છે. તથા ગ્રીષ્મ અને હેમંતાદિ ઋતુ કે જેમાં ઘણો તાપ અને ઘણી ટાઢ પડે છે તે કાળમાં ચાલવું તે અશુભ છે. મનની નિર્મળતા. આધિ, વ્યાધિ આદિ દુ:ખવર્જીત અને સંતોષાદિ ભાવોએ સહિત વર્તન, તે શુભભાવ જાણવો. અને ક્રોધ, અહંકાર. તથા રૌદ્ર ધ્યાનાદિકનો અનુભવ તે અશુભ ભાવ જાણવો. ઉત્તમ દેવપણુ, કર્મભૂમિનું મનુષ્યપણુ, એ શુભ જાણવું. ભિલ્લાદિ મ્લેચ્છ જાતિમા મનુષ્યજન્મ, તિર્યંચ અને નારકિ પ્રમુખ અશુભ ભાવો જાણવા દ્રવ્ય. ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવને આશ્રયિને કર્મોના ક્ષયોપશમ. ઉપશમ, કે ક્ષય થાય છે. આ પ્રમાણે દ્રવ્યાદિ સામગ્રીના યોગે પ્રાણિઓને કર્મો પોતપોતાનાં ફળો આપે છે. અર્થાત્ જીવો પોતપોતાના કરેલ કર્મોનો અનુભવ કરે છે. તે કર્મો આઠ પ્રકારનાં છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય. વેદનીય, મોહનીય, આયુષ્ય નામ. ગોત્ર અને અંતરાય. જેમ વસ્ત્રાદિકના પાટા વડે નેત્ર અવરાઇ શકે છે, તેમ સર્વજ્ઞ સદૃશ જીવનું જ્ઞાન, જ્ઞાનાવરણીય કર્મરૂપ પાટાથી દબાઈ જાય છે.

મતિ, શ્રુત, અવધિ, મન:પર્યવ અને કેવળ, આ પાંચ જ્ઞાનો જેનાથી અવરાય છે તેને જ્ઞાનાવરણીય કર્મ કહે છે.

પાંચ પ્રકારની નિદ્રા અને ચાર પ્રકારનાં દર્શનો, જેનાથી અવરાય છે તે. દર્શનાવરણીય કર્મનો વિપાક છે.

જેમ કોઇ માણુસ રાજાને જોવાની ઇચ્છાવાળો હોય, પણ પ્રતિહારના રોકવાથી રાજાનાં દર્શન ન કરી શકે તેમ, આ દર્શનાવરણીય કર્મના ઉદયરૂપ પ્રતિહારના રોકવાથી, આત્મારૂપ રાજાના દર્શન ન કરી શકે.

મધથી લેપાયેલી ખડ્ગની ધારાના આસ્વાદ તુલ્ય, સુખદુઃખના અનુભવવાળુ વેદનીય કર્મ છે.

મદિરાના પાન સરખુ મોહનીય કર્મ છે. જેમ મદિરા પીવાથી, મનુષ્યને કર્તવ્યાકર્તવ્યનું ભાન રહેતું નથી, તેમ મોહનીય કર્મના ઉદયથી સત્યાસત્યનો નિર્ણય થતો નથી, અને ચારિત્ર મોહના ઉદયથી વિરતિના કર્તવ્યમાં આદર થતો નથી.

દેવ, માનવ, તિર્યંચ અને નારક એમ ચાર પ્રકારનું આયુષ્ય છે. પોતપોતાના જન્મમાં ( યોનિમાં ) જીવોને રાખવા માટે આયુષ્ય એક બેડી તુલ્ય છે. ગતિ જાત્યાદિની વિચિત્રતા કરનાર, ચિતારા સમાન, નામ કર્મનો વિપાક આ શરીરમાં જીવોને હોય છે.

ઘૃતના અને મદિરાના ભાંડોને બનાવનાર કુંભારની માફક, ઉચ્ચ, નીચ ગોત્ર કર્મના વિપાકે, ઉચ્ચ, નીચ ગોત્રોમાં જન્મવું પડે છે. તે ગોત્રકર્મનો વિપાક કહેવાય છે.

જે બાધકતાથી દાનાદિ લબ્ધિઓનો લાભ જીવોને મળતો નથી તે અંતરાયકર્મ ભંડારી સમાન છે

આ પ્રમાણે મૂલ કર્મની પ્રકૃતિઓના અનેક વિપાકોને ભિન્ન ભિન્ન વિચારતાં, વિપાકવિચય નામનું ધર્મધ્યાન કહેવાય છે.

## સંસ્થાન વિચય ધ્યાન.

**अनाद्यंतस्य लोकस्य स्थित्युपत्तिव्ययात्मनः ।**
**आकृतिं चिंतयेद्यत्र संस्थानविचयः स तु ॥ १४ ॥**

ઉત્પન્ન થવુ, સ્થીર રહેવું, અને વિનાશ પામવુ એ સ્વરૂપ વાળા અનાદિ અનંત લોકની આકૃતિનું જે ધ્યાનમાં ચિંતન કરવું. તે સંસ્થાન વિચય ધર્મધ્યાન કહેવાય છે. ૧૪.

**વિવેચન—**આ દુનિયાના કોઇ પણ પદાર્થનો દ્રવ્યથી નાશ થતોજ નથી. તેના પર્યાયો બદલાયા કરે છે, એટલે તે દ્રવ્ય એક

આકૃતિને મૂકી, બીજી આકૃતિમાં ગોઠવાઈ ગયું; પણ તેથી મૂળ દ્રવ્યનો નાશ થાય છે એમ તો નજ કહી શકાય. દાખલા તરીકે એક લાંબુ લાકડું છે, તેની પેટી બનાવી. પેટી બની એટલે, લાકડાની જે લાંબી આકૃતિ હતી, તેનો નાશ થયો. પેટીની ઉત્પત્તિ થઈ અને લાકડું દ્રવ્ય તે તો પેટી બની તોપણ કાયમજ રહ્યું. આમ પેટીની ઉત્પત્તિ, લાંબા લાકડાની આકૃતિનો નાશ અને લાકડાપણાના દ્રવ્યનું કાયમ રહેવાપણું; એમ એક વસ્તુ ત્રણ પ્રકારે બને છે. તેવીજ રીતે આ દુનિયાની સર્વ વસ્તુઓમાં બન્યા કરે છે, માટેજ વસ્તુતઃ દ્રવ્યોનો નાશ નથી. ઉપર કહેવામાં આવ્યું છે કે લોક-દુનિયાઅનાદિ, અનંત છે, આદિ અંત વિનાની છે. એનો એજ આશય છે કે, દરેક વસ્તુઓમાં ઉત્પત્તિ, સ્થિતિ અને નાશ એ ત્રણ બદલાયા કરે છે અને તેથી કોઇ વસ્તુની સર્વથા આદિ (ઉત્પત્તિ) અને સર્વથા વિનાશ કહી શકાયજ નહિ. આ ઉત્પત્તિ, સ્થિતિ અને વ્યયરૂપ લોકની આકૃતિનું એટલે તેમાં રહેલ પદાર્થનું ચિંતન કરવું અને પરવસ્તુથી આત્મ દ્રવ્યને વ્યાવૃત્ત કરી. તેમાં નિમગ્ન થવું તે, સંસ્થાન વિચય ધર્મધ્યાન કહેવાય છે.

---

## લોક ધ્યાનનું ફળ.

**नानाद्रव्यगतानंतपर्यायपरिवर्तनात् ।**
**सदासक्तं मनो नैव रागाद्याकुलतां व्रजेत् ॥ १५ ॥**

આ લોક સ્વરૂપનો વિચાર કરવાથી શું ફાયદો થાય? આમ શંકા કરનારને ઉત્તર આપે છે કે, અનેક દ્રવ્યોમાં રહેલા અનંત પર્યાયોને પરાવર્તન કરવાથી (દ્રવ્યગત પર્યાયના સંબંધમાં વિચાર કરવાથી ) નિરંતર તેમાં આસક્ત થયેલું મન, રાગાદિ આકુળતા પામતું નથી. ૧૫.

**વિવેચન**—દ્રવ્યના ઉત્પત્તિ; સ્થીતિ અને અને વ્યય સંબધિ વિચાર કરતાં વૈરાગ્યોત્પત્તિ પણ સંભવે છે. કોઈ પણ દ્રવ્યની આકૃતિ ઉપર મોહ યા રાગ હોય તો, તરતજ તેના ભાવિ વિ-નાશ ઉપર દૃષ્ટિ કરતાં મમત્વ ઓછો થાય છે. એક આકૃતિના વિનાશથી શોક થઇ આવ્યો હોય ત્યારે બીજી બાજુ ઉપર તેની સ્થીતિની હૈયાતી છે. આ વિચાર આવતાં, શોકમાં ફેરફાર અવશ્ય

થઇ શકે છે. ત્યારે ઉત્પત્તિ, સ્થીતિ અને લયના ત્રણે ભાગો ઉપર દૃષ્ટિ રાખનારને હર્ષ કે શોક, રાગ કે દ્વેષ, એ માંહીલું કોઈ પરાભવ કરી શકતું નથી, કારણકે શરૂઆતથીજ તેની દૃષ્ટિ ત્રણે ભાગો ઉપર સરખી રહેલી છે. એ આદિ અનેક ફાયદાઓ લોકના કે દ્રવ્યના વિચારથી થાય છે.

धर्मध्याने भवेद्भावः क्षायोपशमिकादिकः ।
लेश्याः क्रमविशुद्धाः स्युः पीतपद्मसिताः पुनः ॥ १६ ॥

ધર્મધ્યાનમાં ક્ષયોપશમિક આદિ ભાવ હોય છે અને જેમ જેમ તે આગળ વધતો જાય તેમ તેમ અનુક્રમે પીત, પદ્મ અને શુક્લલેશ્યા વિશુદ્ધ વિશુદ્ધ હોય છે. ૧૬.

---

## ધ્યાનનું ફળ.

अस्मिन्नितांतवैराग्यव्यतिषंगतरंगिते ।
जायते देहिनां सौख्यं स्वसंवेद्यमतींद्रियं ॥ १७ ॥

આ ચાર પ્રકારનાં ધ્યાનમાં, અત્યંત વૈરાગ્ય રસના સંયોગથી તરંગિત થએલા યોગીઓને, પોતે અનુભવ કરી શકે તેવું અતીંદ્રિય (ઇંદ્રિયોના વિષય વિનાનું) આત્મિક સુખ પ્રાપ્ત થાય છે.

---

## ધર્મ ધ્યાનનું પારલૌકિક ફળ.

त्यक्तसंगास्तनुं त्यक्त्वा धर्मध्यानेन योगिनः ।
ग्रैवेयकादिस्वर्गेषु भवंति त्रिदशोत्तमाः ॥ १८ ॥

महामहिमसौभाग्यं शरच्चंद्रनिभप्रभं ।
प्राप्नुवंति वपुस्तत्र स्रग्भूषांबरभूषितं ॥ १९ ॥

विशिष्टवीर्यबोधाढ्यं कामार्त्तिज्वरवर्जितं ।
निरंतरायं सेवंते सुखं चाऽनुपमं चिरं ॥ २० ॥

इच्छासंपन्नसर्वार्थमनोहारिसुखामृतं ।
निर्विघ्नमुपभुंजाना गतं जन्म न जानते ॥ २१ ॥

સર્વ સંગોનો ત્યાગ કરી, ધર્મધ્યાનમાં શરીરનો ત્યાગ કરનાર યોગીઓ, ગ્રૈવેયક આદિ સ્વર્ગોમા, ઉત્તમ દેવોપણે ઉત્પન્ન થયા છે. ત્યાં મહાન્ મહિમા, મહાન્ સૌભાગ્ય, શરદ્ ઋતુના ચંદ્રની પ્રભા

સમાન પુષ્પમાલા, આભૂષણ અને વસ્ત્રોથી વિભૂષિત શરીર પામે છે- અને વિશિષ્ટ વીર્ય તથા જ્ઞાનયુક્ત, કામની પીડારૂપ જ્વર વિનાનું, ઉપમા રહિત અને અંતરાય વિનાનું સુખ ઘણો કાળ ભોગવે છે. ઇચ્છા થતાંજ સર્વ પદાર્થોની પ્રાપ્તિ થાય છે. આજ કારણથી મનને આનંદ આપનાર સુખરૂપ અમૃતને વિઘ્ન રહિત ભોગવતાં કેટલોક કાળ ગયો તે પણ તેઓ જાણતા નથી. ૧૮, ૧૯, ૨૦, ૨૧.

વિવેચન—ધ્યાનની પરાકાષ્ઠાએ નહિ પહોંચેલા સંસ્કારી યોગીઓને, બાકી રહેલ કર્મો ખપાવવા દેવાદિક યોનિઓમાં જન્મો લેવા પડે છે. ત્યાં પૂર્વજન્મના સંસ્કારવાળા હોવાથી, પોતાની જાગૃતી ભૂલાતી નથી, પણ પુણ્યની પ્રબળતાથી અનેક ઉત્તમ વિષયો મળી આવે છે, તેનો અનુભવ કરી પાછા જન્મોમાં આવે છે.

---

## તેજ બતાવે છે.

दिव्यभोगावसाने च च्युत्वा त्रिदिवतस्ततः ।
उत्तमेन शरीरेणावतरंति महीतले ॥ २२ ॥
दिव्यवंशे समुत्पन्ना नित्योत्सवमनोरमान् ।
भुंजते विविधान् भोगानखंडितमनोरथाः ॥ २३ ॥
ततो विवेकमाश्रित्य विरज्याशेषभोगतः ।
ध्यानेन ध्वस्तकर्माणः प्रयांति पदमव्ययं ॥ २४ ॥

त्रिभिर्विशेषकं

દેવ સંબંધી ભોગ પૂર્ણ થવા પછી. તે દેવલોકથી દિવ્ય દેહનો ત્યાગ કરી, પૃથ્વીતલ ઉપર ઉત્તમ શરીરે જન્મ લે છે. જ્યાં નિરંતર મનોહર ઉત્સવો થઇ રહ્યા છે તેવા દિવ્ય વંશમાં ઉત્પન્ન થઇ, અખંડિત મનોરથવાળા, તેઓ વિવિધ પ્રકારના ભોગોનો ઉપભોગ કરે છે. પછી વિવેકનો આશ્રય કરી, દુનિયાના અશેષ ભોગોથી વિરક્ત થઇ, ધ્યાનદ્વારા સર્વ કર્મોનો નાશ કરી, અવ્યય પદ પ્રાપ્ત કરે છે. ૨૨, ૨૩, ૨૪.

॥ इति श्री आचार्य हेमचंद्र विरचिते योगशास्त्रे मुनि श्री केशरविजय गणिकृत बालावबोधे दशमः प्रकाशः ॥

ॐ

## ॥ एकादशः प्रकाशः प्रारभ्यते ॥

### शुक्ल ध्यानम्.

स्वर्गापवर्गहेतुर्धर्मध्यानमिति कीर्तितं यावत् ।
अपवर्गैकनिदानं शुक्लमतः कीर्त्यते ध्यानम् ॥ १ ॥

પ્રથમ સ્વર્ગ અને (પરંપરાએ) મોક્ષના કારણભૂત ધર્મધ્યાનનું સ્વરૂપ કહ્યું. હવે મોક્ષના એક ખરેખર કારણરૂપ શુક્લધ્યાનનું સ્વરૂપ કહીએ છીએ. ૧.

### શુક્લ ધ્યાનનો અધિકારી કોણ ?

इदमादिमसंहनना एवालं पूर्ववेदिनः कर्तुम् ॥
स्थिरतां न याति चित्तं कथमपि यत्स्वल्पसत्त्वानां ॥ २ ॥

આ શુક્લધ્યાન કરવાને, પહેલા [1]વજ્રઋષભનારાચ સંઘેણુવાળા અને પૂર્વધરો (પૂર્વના જ્ઞાનના જાણકાર) જ સમર્થ છે. કેમકે અલ્પ સત્ત્વવાળા પ્રાણિઓનાં મન, કોઈ પણ પ્રકારે (શુક્લ ધ્યાનને લાયક) સ્થિરતા પામી શકતાં નથી ૨.

### શુક્લધ્યાનને યોગ્ય જીવો.

धत्ते न खलु स्वास्थ्यं व्याकुलितं तनुमतां मनो विषयैः ।
शुक्लध्याने तस्मान्नास्त्यधिकारोऽल्पसाराणाम् ॥ ३ ॥

વિષયોએ વ્યાકુળ થએલાં મનુષ્યોનાં મન, સ્થિરતા ધારણ કરી શકતાં નથી. આજ કારણથી અલ્પ સત્ત્વવાળા જીવોને શુક્લધ્યાન ધ્યાવામાં અધિકાર નથી. ૩.

**વિવેચન**—પાંચ ઇંદ્રિયોના વિષયોથી વ્યાકુળ થએલાં મનો સ્વસ્થ થતાં નથી. આજ હેતુ ધર્મધ્યાનને પણ લાગુ પડે છે. તથાપિ ધર્મધ્યાન, શુક્લધ્યાનની અપેક્ષાએ ઉજ્વળતામાં અને સ્વચ્છતામાં ઘણું મંદ હોય છે અને તે ખરેખર શુદ્ધ આત્મિકજ નથી.

---

[1] વજ્રની માફક હાડકાંઓની મજબુતાઇવાળું શરીર.

જો શુદ્ધ આત્મિકજ ધર્મધ્યાન હોય તો, દેવાદિ ગતિ પ્રાપ્ત થવી ન જોઇએ. આથીજ સમજી શકાય છે કે, ઇંદ્રિય વિષયોની વ્યાકુળતાની શાંતિ, ધર્મધ્યાનમાં જે પ્રકારની હોય છે, તેનાથી ઘણાજ વિશેષ પ્રકારે શાંતિ, શુક્લધ્યાનમાં જોઇએ. અને આવી શાંતિવાળા જીવો હોય તો, તે શુક્લધ્યાનના અધિકારી થઇ શકે છે. શુક્લધ્યાનમાં જે પ્રકારની શાંતિ જોઇએ તે એવી હોવી જોઇએ કે, ધ્યાનમાં તેના શરીરને કોઇ છેદે, ભેદે, હણે, કે બાળે, તોપણ પોતે તટસ્થ દૃષ્ટા હોય તેમ રહ્યા કરે. તેમજ વૃષ્ટિ, શીત, વાત અને તાપાદિક દુઃખે કરી કંપે પણ નહિ. વળી તે ધ્યાનમાં હોય ત્યારે દેખવું, સાંભળવું, સુંઘવું કે સ્પર્શવું તેની કાંઈ પણ ખબર ન પડે અને જાણે પાષાણની ઘડેલી મૂર્તિ હોય તેમ સ્થિરતાપૂર્વક ધ્યાનમાં મગ્ન રહે. આવી સ્થિરતા અલ્પ સત્ત્વવાળાને ન હોય માટે તે અધિકારી નથી. ૩

(આંહી શિષ્ય શંકા કરે છે કે પૂર્વધરો અને વજ્રૠષભનારાચ સંઘયણવાળાજ જીવો જો શુક્લધ્યાનના અધિકારી છે. તો હમણાનાં સેવાર્ત (છેલ્લા)• સંઘેણવાળા જીવો આગળ તે ધ્યાનના સ્વરૂપને કહેવાની શી જરૂર છે? આચાર્ય શ્રી ઉત્તર આપે છે.)

**अनवच्छित्त्याम्नायः समागतोऽस्येति कीर्त्यतेऽस्माभिः।**
**दुष्करमप्याधुनिकैः शुक्लध्यानं यथाशास्त्रम् ॥ ४ ॥**

જુઓ કે, જેવી રીતે શાસ્ત્રમાં કહ્યું છે તેવી રીતે, શુક્લ ધ્યાન ધ્યાવવું એ અત્યારના જીવો માટે દુષ્કર છે, તથાપિ આ શુક્લધ્યાનના સંબંધમાં પરંપરાએ જે આમ્નાય ચાલ્યો આવ્યો છે અર્થાત્ પરંપરાએ શુક્લધ્યાનનું જે સ્વરૂપ ચાલ્યું આવ્યું છે તે, વિચ્છેદ ન જાય માટે તે પ્રમાણે હું કહું છું. ૪.

## શુક્લધ્યાનના ભેદો કહે છે.

**ज्ञेयं नानात्वश्रुतविचारमैक्यश्रुतविचारं च।**
**सूक्ष्मक्रियमुत्सन्नक्रियमिति भेदैश्चतुर्धा तत् ॥ ५ ॥**

પૃથકત્વશ્રુત વિચાર ૧, અપૃથકત્વશ્રુત અવિચાર - ૨, સૂક્ષ્મ-ક્રિયા અપ્રતિપાતિ ૩, ઉચ્છિન્નક્રિયા અનિવૃત્તિ ૪, એમ ચાર ભેદે કરી તે શુક્લધ્યાન જાણવું. ૫.

## શુકલધ્યાનનો પહેલો ભેદ.

**एकत्र पर्ययाणां विविधनयानुसरणं श्रुताद् द्रव्ये ।**
**अर्थव्यंजनयोगांतरेषु संक्रमणयुक्तमाद्यं तत् ॥ ६ ॥**

એક પરમાણવાદિદ્રવ્યમાં ઉત્પાદ, સ્થિતિ, વિલય અને મૂર્ત-ત્વાદિ પર્યાયોનું, દ્રવ્યાર્થિક, પર્યાયાર્થિક નયોએ કરી, પૂર્વ ગત શ્રુતાનુસારે ચિંતન કરવું. તે ચિંતન દ્રવ્ય, શબ્દ તથા મન, વચન, કાયાના યોગાંતરોમાં સંક્રમણરૂપ હોવું જોઈએ. જેમકે એક દ્રવ્યના ચિંતનથી તેના શબ્દના ચિંતન ઉપર આવવું. શબ્દ ચિંતનથી દ્રવ્ય ઉપર આવવું, મનોયોગથી કાયયોગના ચિંતનમાં યા વાગ્યોગના ચિંતનમાં, એમ કાયયોગથી મનોયોગે યા વાગ્-યોગે સંક્રમણ કરવુ. તે શુકલધ્યાનનો પ્રથમ ભેદ છે. ૬.

**વિવેચન**—આંહી કોઇ શંકા કરે કે, અર્થ, વ્યંજન, અને યોગાંતરોમાં, સંક્રમણ કરવાથી મનની સ્થિરતા કેવી રીતે કહી શકાય અને સ્થિરતા વિના ધ્યાન કેમ કહેવાય તેનો ઉત્તર એ છે કે, એક દ્રવ્યના સબંધમાં સ્થિરતા હોવાથી ધ્યાન કહી શકાય છે.

## બીજા ભેદનું સ્વરૂપ

**एवं श्रुतानुसारादेकत्ववितर्कमेकपर्याये ।**
**अर्थव्यंजनयोगांतरेष्व संक्रमणमन्यत्तु ॥ ७ ॥**

પૂર્વના જાણ મનુષ્યો માટે પૂર્વગત શ્રુતાનુસારે, અને જેને પૂર્વનુ જ્ઞાન ન હોય તેને અન્યશ્રુતાનુસારે, અર્થ, વ્યંજન, યોગાંતરોને વિષે અસંક્રમણરૂપ, એક પર્યાય વિષયિક ધ્યાન તે એકત્વ વિતર્ક નામના શુકલ ધ્યાનનો બીજો ભેદ છે. ૭.

## ત્રીજા ભેદનું સ્વરૂપ.

**निर्वाणगमनसमये केवलिनो बादरनिरुद्धयोगस्य ।**
**सूक्ष्मक्रियाप्रतिपाति तृतीयं कीर्तितं शुक्लम् ॥ ८ ॥**

મોક્ષગમનના અવસરે કેવલિને મન, વચન, કાયાના (બાદર) યોગનું રોકવું, તે સૂક્ષ્મ ક્રિયા અપ્રતિપાતિ ત્રીજું શુક્લધ્યાન છે.૮.

## ચોથા ભેદનું સ્વરૂપ.

**केवलिनः शैलेशीगतस्य शैलवदकंपनीयस्य ।**
**उत्सन्नक्रियमप्रतिपाति तुरीयं परमशुक्लम् ॥ ९ ॥**

પહાડની માફક અકંપનીય, શૈલેશીકરણમાં રહેલા કેવલીને, ઉત્સન્નક્રિયા અપ્રતિપાતિ, શુકલધ્યાનનો ચોથો ભેદ હોય છે. ૯.

વિવેચન—આ શુકલધ્યાન સબંધી અત્યારે કાંઇક પણ વિશેષ જાણવું.તે મને અશકય લાગે છે. અત્યારના મુનિગણનો સંપ્રદાય, ધ્યાન સંબંધી એટલો બધો પશ્ચાત્ છે કે, તેથી ચાલતા સંપ્રદાયથી વિશેષ જાણવાનું મને કાંઈ બન્યું નથી એથી જોઇએ તેવો અક્ષરાર્થ પણ શુકલધ્યાન સબધો હુ લખી શકયો નથી. ૯.

---

## ચાર ભેદોમાં યોગની સંખ્યા.

**त्रियोगभाजामाद्यं स्यादपरमेकयोगानाम् ।**
**तनुयोगिनां तृतीयं निर्योगाणां चतुर्थं तु ॥ १० ॥**

ત્રણ યોગની પ્રવૃત્તિવાળા યોગીમાં પહેલો શુકલધ્યાનનો ભેદ હોય. મનાદિ એક યોગની પ્રવૃત્તિવાળામાં બીજો શુકલધ્યાનનો ભેદ હોય. સૂક્ષ્મ શરીરના યોગવાળાને ત્રીજો ભેદ હોય, અને યોગરહિતને શુકલધ્યાનનો ચોથો ભેદ હોય ૧૦

( કેવલીને શુકલધ્યાનના ત્રીજા, ચોથા ભેદમાં મન ન હોવાથી ધ્યાન કેમ સભવે ? તેનો ઉત્તર આપે છે. )

**छद्मस्थितस्य यद्वन् मनः स्थिरं ध्यानमुच्यते तज्ज्ञैः ।**
**निश्चलमंगं तद्वत् केवलिनां कीर्तितं ध्यानम् ॥ ११ ॥**

જેમ જ્ઞાની પુરૂષો, છદ્મસ્થોને મનની સ્થિરતાને ધ્યાન કહે છે, તેમ કેવલિઓને, અંગની નિશ્ચલતા તેજ ધ્યાન કહેલું છે. ૧૧.

( કેવલીને શુકલધ્યાનના ચોથા ભેદમાં કાય યોગ નથી તો ત્યા કેવી રીતે ધ્યાન કહી શકાય ? તેનો ઉત્તર આપે છે. )

**पूर्वाभ्यासाज्जीवोपयोगतः कर्मजरणहेतोर्वा ।**
**शब्दार्थबहुत्वाद्वा जिनवचनाद्वाप्य योगिनो ध्यानम् ॥ १२ ॥**

પૂર્વના અભ્યાસથી, જીવના ઉપયોગથી, કર્મનિર્જરા થાય છે તે કારણથી, અથવા શબ્દાર્થની બહુલતાથી, અથવા જિનેશ્વરના વચનથી, આ અયોગીઓને ધ્યાન કહી શકાય છે. ૧૨

## શુક્લધ્યાન કોને હોય છે?

आद्ये श्रुतावलंबनपूर्वे पूर्वश्रुतार्थसंबंधात् ।
पूर्वधराणां छद्मस्थयोगिनां प्रायशो ध्याने ॥ १३ ॥

આદિના પહેલા બે શુક્લધ્યાનના ભેદો પૂર્વધર છદ્મસ્થ યોગીને શ્રુતજ્ઞાનના અવલંબનથી પૂર્વ શ્રુતાર્થના સબંધવાળા પ્રાયઃ હોય. ૧૩.

વિવેચન—પ્રાયઃ કહેવાનો એ મતલબ છે કે, પૂર્વધરોનેજ શુક્લધ્યાન હોય અને બીજાને ન હોય તેમ નથી, પણ પૂર્વધર સિવાયનાને પણ શુક્લધ્યાન હોય છે. જેમ કે મારૂદેવાજી, માસતુષ સાધુ, વિગેરે મહાશયોને કાંઇ પૂર્વનાં જ્ઞાન નહોતા, છતા કેવલજ્ઞાન થયેલુ છે. માટે શુક્લધ્યાન લાવવા માટે પૂર્વનાં જ્ઞાન જોઇએ તે એકાંત નથી.

सकलालंबनविरहप्रथिते द्वे त्वंतिमे समुद्दिष्टे ।
निर्मलकेवलदृष्टिज्ञानानां क्षीणदोषाणां ॥ १४ ॥

સર્વ દોષરહિત, નિર્મલ કેવલ દર્શન અને કેવલ જ્ઞાનવાળા યોગીને સર્વ આલંબન વિનાનાં છેલ્લાં બે ધ્યાનો કહેલા છે. ૧૪.

---

## પેહેલાં બે શુક્લધ્યાનના આલંબનનો ક્રમ.

तत्र श्रुताद् गृहीत्वैकमर्थमर्थाद् व्रजेच्छब्दं ।
शब्दात्पुनरप्यर्थं योगाद्योगांतरं च सुधीः ॥ १५ ॥

શ્રુતજ્ઞાનમાંથી કોઇ એક અર્થ લઇને, અર્થથી શબ્દના વિચારમાં આવવુ, શબ્દથી ફરી પણ અર્થમા આવવુ. તેવીજ રીતે બુદ્ધિમાનોએ એક યોગથી કોઇ એક યોગાંતરમાં આવવું. ૧૫.

संक्रामत्यऽविलंबिनमर्थप्रभृतिषु यथा किल ध्यानी ॥
व्यावर्तते स्वयमसौ पुनरपि तेन प्रकारेण ॥ १६ ॥

જે પ્રકારે ધ્યાની વિલંબ વિના અર્થાદિકમાં સંક્રમણ કરે છે તેજ પ્રકારે ફરી પણ ત્યાંથી પાછો પાછો ફરે છે. ૧૬.

इति नानात्वे निशिताभ्यासः संजायते यदा योगी
आविर्भूतात्मगुणस्तदैकताया भवेद्योग्यः ॥ १७ ।

આ પ્રમાણે અનેક પ્રકારના તીક્ષ્ણ અભ્યાસવાળો
થાય છે ત્યારે, આત્માના [illegible] શુક્લધ્યા
લાયક થાય છે. ૧૭.

उत्पादस्थितिभंगादिपर्यायाणां यदेकयोगः सन् ।
ध्यायति पर्ययमेकं तत्स्यादेकत्वमविचारं ॥ १८ ॥

એક યોગવાળો થઇ ઉત્પાદ, સ્થિતિ અને વ્યયાદિ પર્યાયો તેના એક પર્યાયનું ધ્યાન કરે તે એકત્વ અવિચાર ધ્યાન કહેવાય. ૧૮.

त्रिजगद्विषयं ध्यानादणुसंस्थं धारयेत् क्रमेण मनः ।
विषमिव सर्वांगगतं मंत्रबलान्मांत्रिको दंशे ॥ १९ ॥

આખા શરીરમાં વ્યાપ્ત થએલા વિષને જેમ મંત્રના બળથી મંત્રવાદિ દંશમાં લાવી મૂકે છે, તેમ ત્રણ જગત્‌ના વિષયવાળા મનને, ધ્યાને કરી અણુ (પરમાણુ) ઉપર યોગીઓએ ધારણ કરવું. ૧૯.

अपसारितेंधनभरःशेषस्तोकेंधनोऽनलो ज्वलितः ।
तस्मादपनीतो वा निर्वाति यथा मनस्तद्वत् ॥ २० ॥

લાકડાંઓ ન નાંખવાથી, અથવા અગ્નિમાંથી લાકડાં ખેંચી લેવાથી, બાકીનાં થોડાં ઇંધણાંવાળો બળતો અગ્નિ બુઝાઈ જાય છે, તેની માફક મનને પણ વિષયરૂપ લાકડાં ન મળવાથી પોતાની મેળે શાંત થઈ જાય છે. ૨૦

## શુક્લધ્યાનના બીજા ભેદનું ફળ.

ज्वलति ततश्च ध्यानज्वलने भृशमुज्ज्वले यतींद्रस्य ।
निखिलानि विलीयंते क्षणमात्राद् घातिकर्माणि ॥ २१ ॥

પછી ધ્યાનરૂપ અગ્નિ, અત્યંત ઉત્કટપણે પ્રજ્વલવાથી યોગીંદ્રના સર્વ ઘાતિકર્મો ક્ષણ માત્રમાં નાશ પામે છે. ૨૧.

## તે ઘાતિકર્મો બતાવે છે.

ज्ञानावरणीयं दृष्ट्यावरणीयं च मोहनीयं च ।
विलयं प्रयांति सहसा सहांतरायेण कर्माणि ॥ २२ ॥

જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, તે ત્રણે ચોથા અંતરાય કર્મની સાથે અકસ્માત્ વિલય થઈ જાય છે. ૨૨.

## ઘાતિકર્મના ક્ષયથી થતું ફળ.

संप्राप्य केवलज्ञानदर्शने दुर्लभे ततो योगी ।
जानाति पश्यति तथा लोकालोकं यथावस्थं ॥ २३ ॥

ઘાતિકર્મના ક્ષય થવાથી, યોગી દુઃખે પામી શકાય તેવાં કેવલજ્ઞાન અને કેવળદર્શન પામી યથાવસ્થિત લોકાલોકને જાણે છે અને જુવે છે. ૨૩.

**देवस्तदा स भगवान् सर्वज्ञः सर्वदर्श्यनंतगुणः ।**
**विहरत्यवनीवलयं सुरासुरनरोरगैः प्रणतः ॥ २४ ॥**

કેવલજ્ઞાન પામવા પછી સર્વજ્ઞ, સર્વદર્શી, અનંત ગુણવાન્, સુર, અસુર, મનુષ્ય અને નાગેંદ્રાદિથી પ્રણામ કરાતા, તે ભગવાન્ પૃથ્વીતળ ઉપર (દુનિયાના જીવોને) બોધ કરવા માટે વિચરે છે. ૨૪.

**वाग्ज्योत्स्नयाखिलान्यपि विबोधयंति भव्यजंतुकुमुदानि ।**
**उन्मूलयति क्षणतो मिथ्यात्वं द्रव्यभावगतं ॥ २५ ॥**

વળી વચનરૂપ ચંદ્રની ચાંદનીએ કરી, સમગ્ર ભવ્ય જીવો રૂપ કુમુદોને (ચંદ્રવિકાશી કમળોને) બોધિત કરે છે, અને તેઓની અંદર રહેલા દ્રવ્ય, ભાવ, મિથ્યાત્વને (અંધકારને) ક્ષણ માત્રમાં મૂળથી કાઢી નાંખે છે. ૨૫.

**तन्नामग्रहमात्रादनादिसंसारसंभवं दुःखम् ।**
**भव्यात्मनामशेषं परिक्षयं याति सहसैव ॥ २६ ॥**

તે સર્વજ્ઞ તીર્થંકરનું ફક્ત નામ ગ્રહણ કરવાથી, ભવ્ય જીવોનાં અનાદિ સંસારથી ઉત્પન્ન થએલાં સમગ્ર દુઃખો સહસા નાશ પામે છે.

**अपि कोटीशतसंख्याः समुपासितुमागताः सुरनराद्याः ।**
**क्षेत्रे योजनमात्रे मांति तदास्य प्रभावेण ॥ २७ ॥**

તે પરમેશ્વરની ઉપાસના કરવા માટે, સેંકડો ક્રોડ ગમે આવેલા દેવ મનુષ્યાદિ, એક યોજન માત્ર ક્ષેત્રમાં તેના પ્રભાવથી સમાઇ શકે છે. ૨૭.

**त्रिदिवौकसो मनुष्यास्तिर्यंचोऽन्येप्यमुष्य बुध्यंते ॥**
**निजनिजभाषानुगतं वचनं धर्मावबोधकरं ॥ २८ ॥**

ધર્મબોધ કરવાવાળાં આ પરમેશ્વરનાં વચનોને, દેવો, મનુષ્યો, તિર્યંચો (જનાવરો) અને બીજાઓ પણ પોતપોતાની ભાષામાં સમજી શકે છે. ૨૮.

**आयोजनशतमुग्रा रोगाः शाम्यंति तत्प्रभावेण ॥**
**उदयिनि शीतमरीचाविव तापरुजः सितेः परितः ॥ २९ ॥**

જે સ્થળે તીર્થંકરો વિહાર કરતા હોય તે સ્થળની ચારે બાજુ તેમના પ્રભાવથી સો યોજન પ્રમાણે પૃથ્વીમાં, ઉગ્ર (મોટા)રોગો જેમ ચંદ્રના ઉદયથી તાપ શાંત થાય છે, તેમ શાંત થઇ જાય છે. ૨૯.

**मारीतिदुर्भिक्षाऽतिवृष्ट्यनावृष्टिडमरवैराणि ॥**
**न भवंत्यस्मिन् विहरति सहस्ररश्मौ तमांसीव ॥ ३० ॥**

આ ભગવાન્ પૃથ્વીતળ ઉપર વિચરતા ત્યાં, જેમ સૂર્ય છતાં અંધકાર ન હોય તેમ મરકી, દુકાળ, ઘણી વૃષ્ટિ, સર્વથા વૃષ્ટિ ન થવી, યુદ્ધ, અને વેર આદિ ઉપદ્રવો હોતા નથી. ૩૦

**मार्त्तंडमंडलश्रीविडंबि भामंडलं विभोः परितः ।**
**आविर्भवत्यनुवपुः प्रकाशयन् सर्वतोऽपि दिशः ॥ ३१ ॥**

સૂર્ય મંડળની શોભાને વિડંબના પમાડે તેવું, સર્વ બાજુ દિશાઓને પ્રકાશિત કરતું, ભામંડળ ભગવાનના શરીરની પાછળ પ્રગટ થાય છે. ૩૧.

**संचारयंति विकचान्यनुपादन्यासमाशु कमलानि ।**
**भगवति विहरति तस्मिन् कल्याणीभक्तयो देवाः ॥ ३२ ॥**

તે ભગવાન્ જ્યારે પૃથ્વીતળ ઉપર વિચરે છે ત્યારે ઉત્તમ ભક્તિવાળા દેવો, પગલે પગલે (સુવર્ણના) કમળો પગ મુકવા માટે તત્કાળ સંચારે છે (સ્થાપન કરે છે) ૩૨.

**अनुकूलो वाति मरुत् प्रदक्षिणं यांत्यमुष्य शकुनाश्च ।**
**तरवोऽपि नमंति भवंत्यधोमुखाः कंटकाश्च तदा ॥ ३३ ॥**

તથા પવન અનુકૂળ વાય છે. ભગવાનને (જમ્બુક, ચાસ, નકુલાદિ) શકુનો દક્ષિણાવર્ત જમણાં હોય છે. (અથવા પંખીઓ પ્રદક્ષિણા આપે છે) વૃક્ષો પણ નમે છે, અને કાંટાઓનાં મુખ નીચાં (ઉંધાં) થાય છે. ૩૩.

**आरक्तपल्लवोऽशोकपादपः स्मेरकुसुमगंधाढ्यः ।**
**प्रकृतस्तुतिरिव मधुकरविरुतैर्विलसत्युपरि तस्य ॥ ३४ ॥**

લાલ પત્રોવાળો, વિકસ્વર અને સુગંધથી વ્યાપ્ત પુષ્પવાળો, તથા મધુકર (ભ્રમર) ના શબ્દોએ કરી જાણે સ્તુતિ કરાતો હોય તેવો, અશોક વૃક્ષ ધર્મદેશના આપવાના અવસરે તે પ્રભુના ઉપર ઉલ્લસી (શોભી) રહે છે. ૩૪.

षडपि समकालमृतवो भगवंतं ते तदोपतिष्ठंते ।
स्मरसाहायककरणे प्रायश्चित्तं ग्रहीतुमिव ॥ ३५ ॥

એ અવસરે કામદેવને સહાય કરવાનુ જાણે પ્રાયશ્ચિત લેવા માટે આવીઓ હોય તેમ એકી કાળે છએ ઋતુઓ ભગવાનની પાસે પ્રાપ્ત થાય છે. ૩૫.

अस्य पुरस्तान्निनदन् विजृंभते दुंदुभिर्नभसि तारं ।
कुर्वाणो निर्वाणप्रयाणकल्याणमिव सद्यः ॥ ३६ ॥

આ ભગવાનની આગળ તાર સ્વરે નાદ કરતો દેવદુંદુભિ, જાણે તત્કાળ કલ્યાણકારી મોક્ષમાર્ગના પ્રયાણને કરતો (સૂચવતો) હોય તેમ શોભી રહ્યો છે. ૩૬.

पंचापि चेंद्रियार्थाः क्षणान्मनोज्ञीभवंति तदुपांते ।
को वा न गुणोत्कर्षं सविधी महतामनाप्नोति ॥ ३७ ॥

તે ભગવાનની પાસે પાંચે ઇંદ્રિયોના અર્થો, ક્ષણવારમાં મનોજ્ઞ થાય છે અથવા મહા પુરૂષોની સોબતથી (સાંનિધ્યતાથી) કોણ ગુણનો ઉત્કર્ષ ન પામે? અથાત્ સર્વ પામે ૩૭.

अस्य नखरोमाणि च वर्धिष्णून्यपि नेह प्रवर्धंते ।
भवशतसंचितकर्मच्छेदं दृष्ट्वैव भीतानि ॥ ३८ ॥

સેકડો ગમે ભવોના સંચિત કરેલાં કર્મોનો નાશ થયેલો જોઇને, ભય પામ્યાં હોય તેમ વૃદ્ધિ પામવાના સ્વભાવવાળા પણ આ પ્રભુના નખ અને રોમ વૃદ્ધિ પામતા નથી. ૩૮

शमयंति तदभ्यर्णे रजांसि गंधजलवृष्टिभिर्देवाः ।
उन्निद्रकुसुमवृष्टिभिरशेषतः सुरभयंति भुवम् ॥ ३९ ॥

તે પ્રભુની પાસે સુગંધ જલની વૃષ્ટિ કરવે કરી, દેવો ધૂળને શાંત કરે છે અને વિકસ્વર પુષ્પ વૃષ્ટિએ કરી નજીકની સર્વ ભૂમિને સુગંધિત કરે છે. ૩૯.

छत्रत्रयी पवित्रा विभोरुपरि भक्तितस्त्रिदशराजैः ।
गंगास्रोतस्त्रितयीव धार्यते मंडलीकृत्य ॥ ४० ॥

સ્વામિના ઉપર ઇંદ્રો ભક્તિથી ગંગા નદીના ત્રણ પ્રવાહની માફક, પવિત્ર, ગોળાકાર, ત્રણ છત્રોને ધારણ કરે છે.

अयमेक एव नः प्रभुरित्याख्यातुं बिडौजसोन्नमितः ।
अंगुलिदंड इवोच्चैश्चकास्ति रत्नध्वजस्तस्य ॥ ४१ ॥

આ એકજ અમારો સ્વામિ છે. આમ કહેવાને માટે ઇંદ્રે આંગુલીરૂપ દંડ જાણે ઉંચો કર્યો હોય તેમ, ઉંચો ઇંદ્રધ્વજ શોભી રહ્યો છે. ૪૧.

अस्य शरदिंदुदीधितिचारूणि च चामराणि धूयंते ।
वदनारविंदसंपाति राजहंसभ्रमं दधति ॥ ४२ ॥

આ પ્રભુને, શરદ ઋતુના ચંદ્રની કાંતિ સરખાં મનોહર ચામરો વિંઝાય છે. તે ચામરો, મુખરૂપ કમળ ઉપર આવતા, રાજહંસોના ભ્રમને ઉત્પન્ન કરે છે. ૪૨.

प्रकारास्त्रय उच्चैर्विभाति समवसरणस्थितस्यास्य ।
कृतविग्रहाणि सम्यक्चारित्रज्ञानदर्शनानीव ॥ ४३ ॥

સમોવસરણમાં રહેલા, સમોવસરણના ત્રણ ગઢો, જાણે જ્ઞાન, દર્શન, ચારિત્રે, ત્રણ શરીર ધારણ કર્યાં હોય તેમ સારી રીતે શોભે છે. ૪૩.

चतुराशावर्त्तिजनान् युगपदिवानुग्रहीतुकामस्य ।
चत्वारि भवंति मुखान्यंगानि च धर्ममुपदिशतः ॥ ४४ ॥

ચારે દિશાઓ તરફ રહેલા મનુષ્યોને એકી વખતે અનુગ્રહ કરવાની ઇચ્છાથીજ જેમ, તેમ ધર્મોપદેશ કરતી વખતે ચાર શરીરો અને ચાર મુખો થાય છે. ૪૪.

अभिवंद्यमानपादः सुरासुरनरोरगैस्तदा भगवान् ।
सिंहासनमधितिष्ठति भास्वानिव पूर्वगिरिशृंगं ॥ ४५ ॥

એ અવસરે સુર, અસુર, મનુષ્ય અને ભુવનપતિએ કરી ચરણ નમસ્કાર કરાતા ભગવાન્ જેમ પૂર્વાચળના શિખરપર સૂર્ય આરૂઢ થાય તેમ, સિંહાસન ઉપર ( ધર્મદેશના દેવા ) બેસે છે. ૪૫.

तेजः पुंजप्रसरप्रकाशिताशेषदिक्क्रमस्य तदा ।
त्रैलोक्यचक्रवर्त्तित्वचिह्नमग्रे भवति चक्रं ॥ ४६ ॥

એ અવસરે તેજ પુંજના પ્રસરવે કરી, સમગ્ર દિશાઓના સમુહને પ્રકાશિત કરતું અને ત્રણ લોકના ચક્રવર્તિપણાની નિશાની સરખું ચક્ર આગળ રહે છે. ૪૬.

भुवनपतिविमानपतिज्योतिष्पतिवानव्यंतराःसविधे ।
तिष्ठंति समवसरणे जघन्यतः कोटिपरिमाणाः ॥ ४७ ॥

ભુવનપતિ, વિમાનપતિ, જ્યોતિષપતિ અને વ્યંતર આ ચારે નીકાયના દેવો સમવસરણમાં જઘન્યથી પણ કોટિ પ્રમાણે ભગવાનની પાસે રહે છે. ૪૭.

## સામાન્ય કેવલજ્ઞાનીનું કર્તવ્ય.

तीर्थकरनामसंज्ञं न यस्य कर्मास्ति सोपि योगबलात् ।
उत्पन्नकेवलः सन् सत्यायुषि बोधयत्युर्वीं ॥ ४८ ॥

જેઓને તીર્થંકરનામકર્મ નામના કર્મનો ઉદય નથી તેઓ પણ
યોગના બળથી, કેવલજ્ઞાન ઉત્પન્ન થવા પછી, જો આયુષ્ય બાકી
રહેલું હોય તો જગતના જીવોને ધર્મબોધ આપે છે. ૪૮.

संपन्नकेवलज्ञानदर्शनोंतर्मुहूर्त्तशेषायुः ।
अर्हति योगीध्यानं तृतीयमपि कर्तुमचिरेण ॥ ४९ ॥

કેવલજ્ઞાન, કેવલદર્શન, પ્રાપ્ત થએલ યોગી જ્યારે માનવ ભવ
સંબંધી અંતર્મુહૂર્ત આયુષ્ય બાકી રહે, ત્યારે તત્કાળ ત્રીજું પણ
શુકલધ્યાન કરવાને તે યોગ્ય (થાય) છે ૪૯.

आयुःकर्मसकाशादधिकानि स्युर्यदान्यकर्माणि ।
तत्साम्याय तदोपक्रमते योगी समुद्घातं ॥ ५० ॥

પણ જો આયુષ્ય કર્મ કરતાં બીજાં કર્મો અધિક હોય તો તે,
કર્મોને આયુષ્યનાં સરખાં (જેટલું આયુષ્ય હોય તેટલા કાળમાં
ભોગવાઇ શકે તેટલાં) કરવાને કેવલિસમુદ્ઘાત (પ્રયત્ન વિશેષ)
કરવાનો પ્રયત્ન કરે છે. ૫૦.

दंडकपाटे मंथानकं च समयत्रयेण निर्माय ।
तुर्ये समये लोकं निःशेषं पूरयेद् योगी ॥ ५१ ॥

શરીરમાંથી આત્મપ્રદેશને બહાર કાઢી, પ્રથમ સમયે દંડ કરે.
(દંડાકારે આત્મપ્રદેશને લાંબા ચાદરાજ પ્રમાણે લબાવે.) બીજે
સમયે કપાટ આકારે આત્મપ્રદેશને વિસ્તારે. ત્રીજે સમયે મંથાનને
(રવૈયાને) આકારે આત્મપ્રદેશને ચારે બાજુ વિસ્તારે, અને ચોથે
સમયે યોગી આખા લોકને આત્મપ્રદેશથી પુરી આપે. ૫૧.

समयैस्ततश्चतुर्भिर्निवर्त्तते लोकपूरणादस्मात् ।
विहितायुःसमकर्मा ध्यानी प्रतिलोममार्गेण ॥ ५२ ॥

ચાર સમયે લોક પૂરવાનું કામ પૂર્ણ કરી, આયુષ્યના સમાન બીજાં
કર્મોને રાખી, ધ્યાની પ્રતિલોમ માર્ગે (પહેલે સમયે આંતરાંને સંહરે,
બીજે સમયે મંથાનને સમેટી લે, અને ત્રીજે સમયે દંડાકારને સમેટી
પાછો મૂળરૂપે થાય.) લોક પૂરવાના કાર્યથી નિવર્તન થાય. ૫૨.

श्रीमानचिंत्यवीर्यः शरीरयोगेऽथ बादरे स्थित्वा ।
अचिरादेव हि निरुणद्धि बादरौ वाङ्मनसयोगौ ॥ ५३ ॥

પછી જ્ઞાનાદિ લક્ષ્મીવાન્, અચિંત્ય વીર્યવાળો યોગી, બાદરકાય યોગને વિષે રહીને, બાદર ( સ્થૂળ ) વચન અને મનના યોગોને ઘણા થોડાજ વખતમાં રોકે. ૫૩.

सूक्ष्मेण काययोगेन काययोगं स वादरं रुंध्यात् ।
तस्मिन्ननिरुद्धे सति शक्यो रोद्धुं न सूक्ष्मतनुयोगः ॥ ५४ ॥

પછી સૂક્ષ્મકાય યોગમા રહી, બાદરકાય યોગનો રોધ કરે, કેમકે તે બાદરકાય યોગ રોક્યા સિવાય, સૂક્ષ્મકાય યોગ રોકી શકાતો નથી. ૫૪.

वचनमनोयोगयुगं सूक्ष्मं निरुणद्धि सूक्ष्मतनुयोगात् ।
विदधाति ततो ध्यानं सूक्ष्मक्रियमसूक्ष्मतनुयोगम् ॥ ५५ ॥

પછી સૂક્ષ્મ શરીર યોગની મદદથી, સૂક્ષ્મ વચન અને મનોયોગને રોકે. ત્યાર પછી સૂક્ષ્મક્રિયા અને અસૂક્ષ્મ શરીર યોગસય ધ્યાન કરે. ૫૫.

तदनंतरं समुच्छिन्नक्रियमाविर्भवेदयोगस्य ।
अस्यांते क्षीयते त्वऽघातिकर्माणि चत्वारि ॥ ५६ ॥

ત્યાર પછી અયોગીને સમુચ્છિન્ન ક્રિયા પ્રગટ થાય છે. (અર્થાત્ સવ ક્રિયાનો વ્યવચ્છેદ થાય છે. ) આના અંતમા ચાર અઘાતિ કર્મોનો ક્ષય થાય છે. ૫૮.

---

## તેજ બતાવે છે.

लघुवर्णपंचकोद्गिरणतुल्यकालमवाप्य शैलेशीं ।
क्षपयति युगपत्परितो वेद्यायुर्नामगोत्राणि ॥ ५७ ॥

લઘુ પાંચ અક્ષરો બોલી શકાય, તેટલા વખતની શૈલેશી અવસ્થા ( પહાડની માફક સ્થિર અવસ્થા ) ને પામી, એકી સાથે વેદની, આયુષ્ય, નામ, અને ગોત્ર એ ચારે કર્મોને સર્વથા ખપાવે. ૫૭.

औदारिकतैजसकार्मणानि संसारमूळकारणानि ।
हित्वेह ऋजुश्रेण्या समयेनैकेन याति लोकांतम् ॥ ५८ ॥

આંહી સંસારનાં મૂલ કારણ ઔદારિક, તૈજસ અને કાર્મણ શરીરનો ત્યાગ કરી, સમશ્રેણિએ એક સમયે લોકને અંતે જાય છે. ૫૮.

नोर्ध्वमुपग्रहविरहादधोपि वा नैव गौरवाभावात् ।
योगमयोगविगमात् न तिर्यगपि तस्य गतिरस्ति ॥ ५९ ॥

તે યોગીના આત્માઓ લોકથી આગળ ઉંચા ( અલોકમાં ) જતા

નથી, કેમકે ચાલવામાં સહાય આપનાર ધર્માસ્તિકાય આગળ નથી. નિચા પણ જતા નથી, કેમકે તેમનામાં ગૌરવ ( વજન–ભાર ) રહ્યા નથી. તેમ તિર્છિ પણ તેમની ગતિ નથી, કેમકે તેમને પ્રેરનાર મનાદિકના યોગના અભાવ થયેલો છે. ૫૯.

लाघवयोगाद्धूमवदलाबुफलवच्च संगविरहेण ।
बंधनविरहादेरंडवच्च सिद्धस्यय गतिरूर्ध्व ॥ ६० ॥

લઘુપણાના કારણથી ધૂમની માફક, સંગના વિરહથી તુંબીના ફલની માફક, અને બંધનના અભાવથી એરંડના ફલની માફક, સિધ્ધોની ગતિ ( સ્વાભાવિક ) ઉર્ધ્વ છે. ૬૦.

---

## સમાધિ.

## મોક્ષમાં ગયેલા યોગી.

सादिकमनंतमनुपमम्व्याबाधं स्वभावजं सौख्यं ।
प्राप्तः स केवलज्ञानदर्शनो मोदते मुक्तः ॥ ६१ ॥

કેવલજ્ઞાન અને કેવલ દર્શનવાન્ યોગી, સર્વ કર્મોથી મુક્ત થઈ, સાદિ અનંત, અનુપમ, અવ્યાબાધ અને સ્વભાવથી પેદા થયેલ આત્મક સુખને પામી ( જ્ઞાનાનંદમાં ) મગ્ન રહે છે. ૬૧.

(વિવેચન—આ શ્લોકમાં સર્વ કર્મના ક્ષયથી ઉત્પન્ન થયેલી સ્થીતિને સમાધિ કહેવામાં આવે છે. આ સમાધિ પરિપૂર્ણ છે. તેમાંથી પાછા હઠવાપણું છેજ નહિ. જે આત્મસ્થિતિ પમાયેલી છે તે સાદિ અનંત છે. તે સ્થીતિ પામ્યાની આદિ છે પણ અંત નથી. અંત ત્યારે કહી શકાય કે તે સ્થીતિમાંથી નીચા પડવાપણું હોય. એટલે આ સ્થીતિ સાદિ અનંત છે. તેમજ અનુપમ છે. એટલે આ સ્થીતિને કોઇ પણ ઉપમા આપી શકાતી નથી. ઉપમા ન આપવાનું કારણ, તેવી સર્વોત્કૃષ્ટ સ્થીતિનો દુનિયામાં અભાવ છે. દુનિયામાં જે જે સ્થીતિઓના અનુભવ આ દેહદ્વારા થાય છે તે સર્વ સ્થીતિઓ વિયોગશીળ છે. દેહ પોતે પણ વિશરણ સ્વભાવવાળો છે. એટલે તેનાથી ઉત્પન્ન થતાં સુખોને સુખની ઉપમા કેમ આપી શકાય ?

વળી આ સુખ કેવળ આત્મસ્વભાવથી ઉત્પન્ન થયેલું અને શરીરના પણ સંગવિનાનું હોવાથી, દુનિયાના દેહધારી આત્માઓના કોઇ પણ જાતના સુખની ઉપમાથી અતીત છે.

તે સમાધિસુખ અવ્યાબાધ એટલે કોઈ પણ પ્રકારની કાયિક કે માનસિક પીડા વિનાનું છે. જ્યાં શરીર અને મન છે ત્યાં આધિ, વ્યાધિ અને ઉપાધિ અનેક પ્રકારની લાગી પડે છે. તેમ આ મુક્તાત્માને શરીરાદિ સર્વ ઉપાધિનો અભાવ હોવાથી તેવી કોઇ પણ પ્રકારની વ્યાબાધા છેજ નહિ. ત્યારે કેવળ આત્મસ્વભાવનુંજ સુખ હોવાથી તે પરમ સુખ છે. તે સુખમાં યા તે આત્મસ્વભાવમાં મુક્તાત્મા મગ્ન રહે છે; તે પરિપૂર્ણ સમાધિ છે.

આ દેહમાં રહી અનેક પ્રકારની સમાધિઓ થઇ શકે છે, તેવું અન્ય દર્શનકારો કહે છે. તે સર્વ સમાધિઓનો સમાવેશ ધ્યાનમાંજ થઇ શકે છે. જિનેશ્વરોએ બતાવેલ ધ્યાન, અને અન્ય દર્શનકારોએ બતાવેલી સમાધિનો મુકાબલો જો આપસમાં કરવામાં આવે તો આ વાતની ખાત્રી અભ્યાસીઓને સહજ થઇ શકશે. આ પ્રમાણે યોગનાં સર્વ અંગોની આંહી સમાપ્તિ થાય છે.

॥ इति श्री आचार्य हेमचंद्र विरचिते योगशास्त्रे मुनि श्री केशरविजयगणिकृत बालावबोधे एकादश प्रकाशः ॥

ॐ

## ॥ द्वादशः प्रकाशः प्रारभ्यते ॥

## आचार्यश्रीनो स्वानुभव.

**श्रुतसिंधोर्गुरुमुखतो यदधिगतं तदिह दर्शितं सम्यक् ।**
**अनुभवसिद्धमिदानीं प्रकाश्यते तत्त्वमिदममलं ॥ १ ॥**

સિદ્ધાંતરૂપ સમુદ્રથી અને ગુરૂમુખથી યોગ સંબંધી જે કાંઇ મેં જાણ્યું હતું તે, આંહી પૂર્વના અગીયાર પ્રકાશોમાં સારી રીતે દેખાડ્યું. હવે મને પોતાને યોગ સંબંધી જે કાંઇ અનુભવ સિદ્ધ થયું છે તે, આ નિર્મળ તત્ત્વને પ્રકાશિત કરૂં છું. ૧.

(યોગનો સર્વ આધાર મન ઉપર છે. મનની અવસ્થાઓ જાણ્યા સિવાય અને તેને ઉચ્ચ સ્થિતિમાં મૂક્યા સિવાય, યોગમાં પ્રવેશ થઇ શકતો નથી, માટે આચાર્યશ્રી પ્રથમ મનની સ્થિતિના ભેદો બતાવે છે.)

## મનના ભેદો.

इह विक्षिप्तं यातायातं श्लिष्टं तथा सुलीनं च ।
चेतश्चतुःप्रकारं तज्ज्ञचमत्कारकारि भवेत् ॥ २ ॥

વિક્ષિપ્ત ૧. યાતાયાત ૨, શ્લિષ્ટ ૩. અને સુલીન ૪, એમ ચાર પ્રકારવાળું ચિત્ત. તેના જાણકાર માનવો ને તે ચમત્કાર કરવાવાળું થાય છે. ૨

---

## મનનાં લક્ષણો.

विक्षिप्तं चलमिष्टं यातायातं च किमपि सानंदं ।
प्रथमाभ्यासे द्वयमपि विकल्पविषयग्रहं तत्स्यात् ॥ ३ ॥

વિક્ષિપ્ત મનને ચપળતા ઇષ્ટ છે અને યાતાયાત મન કાંઇક પણ આનંદવાળું છે. પ્રથમ અભ્યાસમાં આ બેઉ જાતનાં મનો હોય છે અને તેમનો વિષય વિકલ્પને ગ્રહણ કરવાનો છે. ૩.

વિવેચન— પ્રથમ અભ્યાસી જ્યારે અભ્યાસ શરૂ કરે છે ત્યારે મનમાં અનેક જાતના વિક્ષેપો આવ્યા કરે છે. મન ઠરતું નથી અને ચપળતા કર્યાજ કરે છે. પણ આથી અભ્યાસીએ કાંઇ નાસીપાસ થવાનું નથી. એક હરિણ જ્યારે પાસમાં સપડાય છે ત્યારે તે એટલી બધી છૂટવા માટે દોડાદોડ કરી મૂકે છે કે હદ ઉપરાંત, જાણે છૂટયું કે છૂટશે. આ હરિણની દોડધામ જોઇ પાસવાળો નીરાશ થઇ ખાસ મૂકી દે તો અવશ્ય તે છૂટી જાય. પણ જો મજબુતાઇ કરી તેને દોડાદોડ કરવા આપે તો તે થાકી થાકીને દોડવાની ક્રિયા મૂકી દઇ સ્વાધીન થઇ જશે. તેવીજ રીતે પ્રથમ અભ્યાસી, મનની આવી ચપળતા અને વિક્ષેપતા જોઇ નિરાશ થઇ જાય અને પોતાનો અભ્યાસ મૂકી દે તો મન છૂટી જશે. પછી ફરી સ્વાધીન ન થશે. પણ હિમ્મત રાખીને પોતાનો અભ્યાસ આગળ વધારશે તો ઘણી ચપળતા અને વિક્ષેપતાવાળું પણ મન શાંત થઈ સ્વાધીન થઈ રહેશે પહેલી વિક્ષિપ્ત દશા ઓળંગ્યા પછી બીજી **યાતાયાત** દશા મનની છે. યાતાયાત એટલે જવું અને આવવું. જરા વાર મન સ્થિર રહે, વળી ચાલ્યું જાય, અર્થાત્ વિકલ્પ આવી જાય. વળી સમજાવી યા ઉપયોગથી સ્થિર કર્યું, વળી ચાલ્યું જાય, આ યાતાયાત

અવસ્થા છે. પહેલી કરતાં બીજી દશા શ્રેષ્ટ છે અને તેમાં કાંઇક પણ આનંદનો લેશ રહેલો છે, કારણ કે જેટલીવાર સ્થિર હોય તેટલીવાર તો આનંદ ભોગવે છે.

श्लिष्टं स्थिररसानंदं सुलीनमतिनिश्चलं परानंदम् ।
तन्मात्रकविषयग्रहमुभयमपि बुधैस्तदाम्नातम् ॥ ४ ॥

શ્લિષ્ટ નામની મનની ત્રીજી અવસ્થા, સ્થિરતા અને આનંદવાળી છે. તથા **સુલિન** નામની ચોથી અવસ્થા, નિશ્ચલ અને પરમાનંદવાળી છે. જેવાં નામ છે તેવાજ તેના ગુણો છે અને તેજ તે બેઉ મનોને ગ્રહણ કરવાનો વિષય છે એમ જ્ઞાની પુરૂષોએ કહ્યું છે. ૪.

**વિવેચન**—જેટલી મનની સ્થિરતા તેટલો આનંદ. ત્રીજી મનની અવસ્થામાં સ્થિરતા બીજી કરતાં વિશેષ હોવાથી આનંદ પણ વિશેષ હોય છે, તેથી પણ અધિક સ્થિરતા ચોથી અવસ્થામાં છે. તેમાં મન નિશ્ચલ થાય છે, અને તેથી ત્યાં આનંદ પણ અલૌકિક થાય છે. તે મનનો વિષય આનંદ અને પરમાનંદ છે.

एवं क्रमशो ऽभ्यासावेशाद्ध्यानं भजेन्निरालंबम् ।
समरसभावं यातः परमानंदं ततोनुभवेत् ॥ ५ ॥

આ પ્રમાણે મનને ઉચ્ચતા પ્રાપ્ત કરવાના ક્રમે, અભ્યાસની પ્રબળતાથી નિરાલંબન ધ્યાન કરે તેથી સમરસભાવ ( પરમાત્માની સાથે અને અભિન્નપણે લય પામવું તે ) ને પામી, પછી પરમાનંદપણુ અનુભવે. ૫.

---

## પરમાનંદપ્રાપ્તિનો ક્રમ.

बाह्यात्मानमपास्य प्रसक्तिभाजांतरात्मना योगी ।
सततं परमात्मानं विचिंतयेत्तन्मयत्वाय ॥ ६ ॥

આત્મસુખના પ્રેમી યોગીએ અંતરાત્માવડે, બાહ્યાત્મભાવને દૂર કરી, તન્મય થવા માટે નિરંતર પરમાત્મ ભાવનું ચિંતન કરવું. ૬.

---

## બહિરાત્મભાવાદિનું સ્વરૂપ.

आत्मधिया समुपात्तः कायादिः कीर्त्यते ऽत्र बहिरात्मा ।
कायादेः समधिष्ठायको भवत्यंतरात्मा तु ॥ ७ ॥

શરીરાદિકને આત્મબુદ્ધિએ ગ્રહણ કરનારને આહિં બહિરાત્મા કહીએ છીએ. શરીરાદિકનો અધિષ્ઠાતા તે અંતરાત્મા કહેવાય છે. ૭.

વિવેચન—શરીર તે હું છું. તેમ માનનાર. આદિ શબ્દથી ધન, સ્વજન, કુટુંબ, સ્ત્રી, પુત્રાદિ તે પોતાના માનનાર અને તેના સંયોગ વિયોગથી સુખી દુઃખી થનાર, એ બહિરાત્મભાવ કહેવાય છે. અને શરીરનો હું અધિષ્ઠાતા છું, શરીરમાં હું રહેનાર છું, શરીર મારૂં રહેવાનું ઘર છે, અથવા શરીરનો હું દ્રષ્ટા છું. આદિ શબ્દથી ધન, સ્વજન, કુટુંબ, સ્ત્રી, પુત્રાદિ એ સંયોગીક છે તથા પર છે. શુભાશુભ કર્મ વિપાકજન્ય આ સંયોગ વિયોગો છે. એમ જાણી સંયોગ વિયોગમાં હર્ષ શોક ન કરતાં દ્રષ્ટા તરીકે રહ્યા કરે, તે અંતરાત્મા કહેવાય છે.

## परमात्मस्वरूप.

चिद्रूपानंद मयो निःशेषोपाधिवर्जितः शुद्धः ।
अत्यक्षोऽनंतगुणः परमात्मा कीर्तितस्तज्ज्ञैः ॥ ८ ॥

જ્ઞાન સ્વરૂપ, આનંદમય, સમગ્ર ઉપાધિ વર્જીત શુદ્ધ, ઇંદ્રિય અગોચર અને અનંત ગુણવાન્ તેના જાણકાર જ્ઞાનીઓએ પરમાત્માને કહ્યો છે. ૮.

पृथगात्मानं कायात्पृथक् च विद्यात्सदात्मनः कायं ।
उभयोर्भेदज्ञाताऽत्मनिश्चये न स्खलेद् योगी ॥ ९ ॥

આત્માને શરીરથી જૂદો જાણવો અને શરીરને આત્માથી જૂદું જાણવું. આમ આત્મા અને દેહના ભેદને જાણનાર યોગી, આત્મનિશ્ચય કરવામાં ( આત્મસ્વરૂપ પ્રગટ કરવામાં ) સ્ખલના પામતો નથી. ૯.

अंतःपिहितज्योतिः संतुष्यत्यात्मनोऽन्यतो मूढः ।
तुष्यत्यात्मन्येव हि बहिर्निवृत्तभ्रमो योगी ॥ १० ॥

જેની આત્મજ્યોતિ કર્મોની અંદર દબાઈ ગઈ છે, તેવા મૂઢ જીવો આત્માની બીજી બાજુ (અર્થાત્) પુદ્ગલમાં સંતોષ પામે છે. ત્યારે બહિર્ભાવમા સુખની ભ્રાંતિની નિવૃત્તિ પામેલા યોગીઓ આત્માને વિષેજ સંતોષ પામે છે ૧૦.

पुंसामयत्नलभ्यं ज्ञानवतामव्ययं पदं नूनं ।
यद्यात्मन्यात्मज्ञानमात्रमेते समीहंते ॥ ११ ॥

જો આત્માને વિષે, માત્ર આત્મજ્ઞાનનેજ (સાધકો) ઇચ્છતા હોય-રાખતા હોય,-(બીજા કોઇ પણ ભાવના-પદાર્થના-સંબંધમાં પ્રવૃત્તિ કે વિચાર ન કરતા હોય) તો હું નિશ્ચે કરીને કહું છું કે, જ્ઞાની પુરૂષોને (બાહ્ય) પ્રયત્ન સિવાય મોક્ષપદ મળી શકે. ૧૧.

श्रयते सुवर्णभावं सिद्धरसस्य स्पर्शतो यथा लोहं ।
आत्मध्यानादात्मा परमात्मत्वं तथाप्नोति ॥ १२ ॥

જેમ સિદ્ધરસના સ્પર્શ થવાથી લોઢું સુવર્ણ ભાવને પામે છે, તેમ આત્મધ્યાનથી આત્મા પરમાત્માપણાને પામે છે. ૧૨.

जन्मांतरसंस्कारात्स्वयमेव किल प्रकाशते तत्त्वं ।
सुप्तोत्थितस्य पूर्व प्रत्ययवन्निरुपदेशमपि ॥ १३ ॥

જેમ નિદ્રામાંથી ઉઠેલા માણસને પૂર્વે (સુતાં પહેલા) અનુભવેલાં કાર્યો, ઉપદેશ વિના (કોઇના કહ્યા સિવાય)પણ યાદ આવે છે, તેમ જન્માંતરના સસ્કારવાળા યોગીને કોઇના ઉપદેશ સિવાય પોતાની મેળેજ નિશ્ચે તત્ત્વજ્ઞાન પ્રકાશિત થાય છે. ૧૬.

अथवा गुरुप्रसादादिहैव तत्त्वं समुन्मिषति नूनं ॥
गुरुचरणोपास्तिकृतः प्रशमजुषः शुद्धचित्तस्य ॥१४॥

અથવા જન્માતરના સંસ્કાર સિવાય પણ, ગુરૂના ચરણની સેવા કરવાવાળા, શાંત રસ સેવનારા, અને શુદ્ધ મનવાળા યોગીને, ગુરૂના પ્રસાદથી આજ ભવમાં નિશ્ચે કરી આત્મજ્ઞાન પ્રાપ્ત થાય છે. ૧૪.

तत्र प्रथमे तत्वज्ञाने संवादको गुरुर्भवति ॥
दर्शयिता त्वपरस्मिन् गुरुमेव सदा भजेत्तस्मात् ॥ १५ ॥

પૂર્વ જન્મમાં પ્રથમ આત્મજ્ઞાન પ્રાપ્તિમાં ઉપદેશદાતા ગુરૂ હોય છે અને બીજા ભવોમાં પણ તત્ત્વજ્ઞાન દેખાડનાર ગુરૂ છે. આ કારણથી તત્વજ્ઞાન માટે ગુરૂનીજ નિરંતર સેવા કરવી. ૧૫.

यद्वत्सहस्रकिरणः प्रकाशको निचिततिमिरमग्नस्य ॥
तद्वद् गुरुरत्र भवेदज्ञानध्वांतपतितस्य ॥ १६ ॥

જેમ નિવિડ અધકારમા પડેલાં પદાર્થોનો પ્રકાશક સૂર્ય છે તેમ, અજ્ઞાનરૂપ અંધકારમાં પડેલા જીવોને આ ભવમાં તત્ત્વોપદેશરૂપ સૂર્યવડે કરી જ્ઞાનમાર્ગ દેખાડનાર ગુરૂ છે. ૧૬.

प्राणायामप्रभृतिक्लेशपरित्यागतस्ततो योगी ॥
उपदेशं प्राप्य गुरोरात्माभ्यासे रतिं कुर्यात् ॥ १७ ॥

માટે પ્રાણાયામાદિ ક્લેશનો ત્યાગ કરી, ગુરૂનો ઉપદેશ પામી યોગીએ, આત્મઅભ્યાસમાં પ્રીતિ કરવી. ૧૭.

**वचनमनःकायानां क्षोभं यत्नेन वर्जयेच्छांतं ॥**
**रसभांडमिवाऽऽत्मानं सुनिश्चलं धारयेन्नित्यं ॥ १८ ॥**

યોગીએ મન, વચન અને કાયાની ચંચળતાનો ઘણા પ્રયત્નપૂર્વક ત્યાગ કરવો અને રસના ભરેલા વાસણની માફક, આત્માને શાંત, તથા નિશ્ચલ ઘણો વખત ધારી રાખવો. ૧૮.

**વિવેચન**—રસના વાસણની માફક-વાસણમાં રહેલા રસની માફક-આત્માને નિશ્ચલ ધારી રાખવો રસને નિશ્ચલ ધારી રાખવા માટે તે રસના આધારભૂત વાસણને સ્થિર રાખવુંજ જોઇએ. વાસણમાં—આધારમાં—જેટલી અસ્થિરતા, તેટલી અસ્થિરતાની અસર આધેય ઉપર થાય છે. આજ હેતુથી આચાર્યશ્રીએ જણાવ્યું છે કે મન, વચન, શરીરને જરા પણ ક્ષોભ ન થાય એ માટે બહુજ પ્રયત્ન કરવો. કેમકે મન, વચન, અને શરીર, આધારરૂપ છે અને આત્મા તેમાં આધેયરૂપે રહેલો છે. આધારની વિકળતા યા અસ્થિરતાની અસર આધેય ઉપર થાય છે. આ અસ્થિરતા એકાગ્રતા કર્યા સિવાય બંધ થઇ શક્તિ નથી. અને એકાગ્રતા કરવામાં પણ ક્રમસર અભ્યાસ કરવાની જરૂર છે. એકાગ્રતા થતાં આગળ કહેવામા આવશે તેવી લય અને તત્ત્વજ્ઞાનની સ્થિતિ પણ પ્રાપ્ત કરી શકાય છે. માટે આત્માને નિશ્ચલ ધારી રાખવો અને મન, વચન, અને શરીરમાં ક્ષોભ ન થાય તે માટે એકાગ્રતા અવશ્ય કરવી જોઇએ.

## એકાગ્રતા.

મનની વારંવાર પરાવર્તન પામતી સ્થિતિને શાંત કરવી અને મનને કોઈ એકજ આકૃતિ કે વિચાર ઉપર દૃઢતાથી જોડી રાખવું તેને એકાગ્રતા કહે છે.

પ્રથમ અભ્યાસીઓને શરૂઆતમાં એકાગ્રતા કરવામાં જેટલી મહેનત પડે છે, તેટલી મહેનત બીજી કોઈ પણ જાતની ક્રિયામાં પડતી નથી. આ ક્રિયા ઘણી મહેનત આપનાર અને દુઃખરૂપ લાગે છે, પરંતુ આત્મવિશુદ્ધિ માટે એકાગ્રતા પ્રાપ્ત કર્યા વિના બીજો કોઇ ઉપાયજ નથી. તે સિવાય આગળ વધી શકાયજ નહિ. માટે પ્રબળ પ્રયત્ને પણ એકાગ્રતા સિદ્ધ કરવીજ જોઇએ.

## એકાગ્રતા કરવાની રીતિ અને ઉપયોગી સૂચના.

મનની અંદર ઉત્પન્ન થતા વિકલ્પોની અવગણના કરવી. તેમજ તેનો મનથી કાંઇ ઉત્તર વાળવો નહિ. આ બે વાતો બુદ્ધિ તીક્ષ્ણ કરી વારવાર સ્મરણમાં રાખવી. અભ્યાસ ચાલતી વખતે તો એક ક્ષણ પણ ભૂલવું ન જોઇએ.

જ્યારે કાઇ પણ ઉત્તર વાળવામાં નથી આવતો અને અભ્યાસ દૃઢ થાય છે, ત્યારે વિચારની પ્રત્યુત્તર વાળવાની વૃત્તિઓ શાંત થાય છે. એકાગ્રતામાં પૂર્ણ શામ્ય અવસ્થાની જરૂર છે. અર્થાત્ વિકલ્પો ઉત્પન્ન ન થવા દેવા, તેમ તેને હડસેલવાનો પ્રયત્ન પણ ન કરવો,—અર્થાત્ સ્થિર શાંતતા રાખવી—તે શાંતતા એટલી પ્રબળ થવી જોઇએ કે બાહ્યના કોઇ પણ નિમિત્તથી ચાલતા વિષય સિવાય મનનું પરિણામાંતર યા વિષયાંતર નજ થવું જોઇએ, તેમ અમુક વિકલ્પને રોકવો છે તેવું પરિણમન પણ ન થવું જોઇએ.

એકાગ્રતામાં ધ્યેયની એક આકૃતિ ઉપરજ કે એક વિચાર ઉપરજ મન સ્થિર થાય છે.

વસ્તુગતે તપાસતાં એકાગ્રતામાં મનની પ્રવૃત્તિ શાંત થતી નથી, પણ પોતાની સમગ્ર શક્તિ એકજ માર્ગે વહન કરાવાય છે

નદીના અનેક જુદા જુદા વહન થતા પ્રવાહો, પ્રવાહના મૂળ બળને જુદા જુદા ભાગમાં વહેંચી નાખે છે, અને તેથી પ્રવાહના મૂળ બળના જોસથી જે પ્રબળ કાર્ય થાય છે, તે પ્રવાહની જુદા જુદા ભાગમાં વહેચાઇ ગયેલી શક્તિથી થતું નથી. તેમજ એકાગ્રતાથી એકજ પ્રવાહે વહન થતું અને તેથી મજબુત થયેલું પ્રબળ મન, જે થોડા વખતમાં કાર્ય કરી શકશે, તે અસ્તવ્યસ્ત જુદા જુદા વહન થતા મનના પ્રવાહો કામ નહિજ કરી શકે આ માટેજ એકાગ્રતાના મહાન્ ઉપયોગીપણા વિષે દરેક મહા પુરૂષોએ વિશેષ આગ્રહ કર્યો છે.

આ પ્રમાણે કોઇ એક પદાર્થ ઉપર એકાગ્રતા કરવામાં મન પૂર્ણ ફતેહ મેળવે છે અર્થાત્ મુહૂર્ત્ત પર્યંત પૂર્ણ એકાગ્રતામા મન રહી શકે ત્યાર પછી તે પદાર્થના વિચારને મૂકી દેવો, અને કોઇ પણ પદાર્થના ચિંતન તરફ મનને પ્રેર્યા વિના ધારી રાખવું. આ અવસ્થામાં મન કોઇ પણ આકારપણે પરિણમેલું હોતું નથી, પણ તરંગ વિનાના સરોવરની માફક શાંત અવસ્થામાં રહે છે. આ અવસ્થા સ્વલ્પ કાળથી વધારે વખત રહેતી નથી. આ અવસરે મન શાંત

થાય છે અર્થાત્ મનપણે પરિણમેલ આત્મા મનથી છુટો પડી પો-તાપણે ( સ્વપણે ) સ્વસ્વરૂપે રહે છે.

આ સ્વરૂપ વખતની પણ ઉત્તમ અવસ્થાને લય અવસ્થા કહે-વામાં આવે છે. આ લય અવસ્થામાં વધારે વખત સ્થિતિ થતાં તત્વજ્ઞાન—આત્મજ્ઞાન પ્રાપ્ત થાય છે. આ બાબત આજ પ્રકાશમાં ગુરૂવર્ય શ્રી હેમચંદ્રસૂરિ કહે છે કે—

यावत् प्रयत्नलेशो यावत्संकल्पकल्पना कापि ।
तावन्न लयस्यापि प्राप्तिस्तत्त्वस्य का तु कथा ॥

આ પ્રમાણે એકાગ્રતાનું અંતિમ ફળ બતાવી, કેવી રીતે એકા-ગ્રતા કરવી તે વાત સહેલાઇથી સમજી શકાય. તે માટે આજ વાત ફરી જરા વિસ્તારથી કહેવામાં આવી છે.

## આકૃતિ ઉપર એકાગ્રતા.

કોઇ પણ પૂજ્ય પુરૂષ ઉપર ભક્તિવાળા માણસો ઘણી સહેલા-ઇથી એકાગ્રતા કરી શકે છે. ધારો કે તમારી ખરી ભક્તિની લાગણી ભગવાન્ મહાવીર દેવ ઉપર છે. તેઓ તેમની છદ્મસ્થાવસ્થામાં રાજ-ગૃહીની પાસે આવેલા વૈભારગિરિના પહાડની એક ગીચ ઝાડીવાળા પ્રદેશમા આત્મધ્યાનમા નિમગ્ન થઇ ઉભેલા છે. આ સ્થળે વૈભાર-ગિરિ, ગીચ ઝાડી, સરિતાના પ્રવાહોનો ધોધ, અને તેમની આજુ-બાજુનો હરીયાળો, શાંત, અને રમણીય પ્રદેશ આ સર્વ તમારા માનસિક વિચારોથી કલ્પો. આ કલ્પના મનને શરૂઆતમાં ખુશી રાખનાર છે, પછી મહાવીર પ્રભુની પગથી તે મસ્તક પર્યંત સર્વ આકૃતિ એક ચિતારો જેમ ચિતરતો હોય તેમ હળવે હળવે તે આકૃતિનું ચિત્ર તમારા હૃદયપટ પર ચિતરો, આલેખો, અનુભવો. આ આકૃતિને સ્પષ્ટપણે તમે દેખતા હો તેટલી પ્રબળ કલ્પનાથી મનમાં આલેખી, તેના ઉપર તમારા મનને સ્થિર કરી રાખો. મુહૂર્ત્ત પર્યંત તે ઉપર સ્થિર થતાં ખરેખર એકાગ્રતા થશે.

આ પૂજ્ય મહાત્માના શરીરને તમોએ નહિં દેખેલું હોય અને તેથી તમે તેને કલ્પી ન શકતા હો તો, તેમની પ્રતિમાજી મૂર્ત્તિ ઉપર એકાગ્રતા કરો

આતો એકજ દૃષ્ટાંત છે, આજ રીતિદ્વારા તેમના સમવસરણનો

ચિતાર ખડો કરી તે ઉપર એકાગ્રતા કરો. તેમને થયેલા ઉપસર્ગ અને તે વખતની સ્થિતિ યાદ કરી તેમના શરીર ઉપર એકાગ્રતા કરો, આજ પ્રમાણે ચોવીશે તીર્થંકરો અને તમારા પરમ ઉપગારી કોઈ પણ યોગી-મહાત્મા-હોય તો તેમના શરીર ઉપર પણ એકાગ્રતા કરો, ગમે તેવાં ઉત્તમ અવલંબનો લઇને એકાગ્રતા કરવી, એમાં કાંઇ આગ્રહ કે વાદાવવાદ કરવાનું છેજ નહિ.

## સદ્‌ગુણ ઉપર એકાગ્રતા.

સદ્‌ગુણ ઉપર પણ એકાગ્રતા થઇ શકે છે. કોઈ એક સદ્‌ગુણ લઈ તે ઉપર એકાગ્રતા કરવી. ગુણની પ્રીતિ દ્વારા તેનું મન જાગૃત થઇ તદાકાર થશે. ઉંચામાં ઉંચો સદ્‌ગુણ પોતે કલ્પી શકાય તેવો કલ્પવો, તેની સામાન્ય રીતે અસર મન ઉપર થાય ત્યારે તેના તાત્ત્વિક સ્વરૂપ ઉપર મનને સ્થિર કરવું. છેવટે આ સદ્‌ગુણોની એકાગ્રતા સ્વાભાવિક તેના પોતાના ગુણરૂપ થાય છે. અર્થાત્ પોતે તે તે ગુણરૂપ બની રહે છે.

## સૂચના.

આ ભક્તિવાળું કે સદ્‌ગુણવાળું અવલંબન મનમાંથી જતું રહેશે, **અથવા મન તેમાંથી નીકળી જશે.** એક વાર નહિ પણ વારંવાર તેમ થશે. તે અવસરે નહિ ગભરાતાં તે અવલંબન વારંવાર પાછું મનમાં ઠસાવવું. ફરી ફરી તે વસ્તુ સાથે જોડી દેવું. આરંભમાં તો વારવાર મન લક્ષ્યથી ખસી જશે. આ વાત થોડો વખત તો લક્ષમાં પણ નહિ આવે. પછી એકાએક તે વાત પાછી યાદ આવશે કે હું જેના ઉપર એકાગ્રતા કરવા વિચાર કરતો હતો તેને મૂકી કેવળ કોઇ બીજી જુદીજ વસ્તુનો વિચાર કરૂં છું. આમ વારંવાર થશે પણ ધૈર્યતાથી મનને વારંવાર પાછું તે ધ્યેય-એકાગ્રતા માટેના અવલંબન-ઉપર ચોટાડવું. આ ક્રિયા મહેનત આપનાર દુઃખરૂપ લાગશે, પણ તેમ કર્યા સિવાય છૂટકોજ નથી, કારણકે એકાગ્રતા સિવાય આત્મમાર્ગમાં આગળ વધાયજ નહિ. આ વાત શરૂઆતમાંજ જણાવી છે.

જ્યારે મન આપણી વિસ્મૃતિને લઈ કોઈ અન્ય વિષય ઉપર ભ્રમણ કરતું હોય ત્યારે તે જે માર્ગે થઇને ગયું હોય અર્થાત્ જે ક્રમે એક પછી એક વિચાર કરતું આડે રસ્તે ગયું હોય તેજ ઉત્ક્રમે અર્થાત્ છેવટના વિચારથી પકડી શરૂઆતના વિચાર ઉપર લાવી પાછું

ચાલતા અવલંબનમાં ચોંટાડવું. આ ક્રિયા ઘણી ઉપયોગી અને મનને બોધ તથા પરિશ્રમ આપનાર છે. આ ક્રિયાથી, વારંવાર ચાલ્યા જતા મનરૂપી અશ્વને કાબુમાં રાખવાની શક્તિમાં વધારો થાય છે.

---

## અનેક વિચારક્રમ.

આ એકાગ્રતાનો અભ્યાસ જેઓને કઠીણ પડે તેઓએ જુદી જુદી જાતના અનેક વિચારો કરવા. આ પણ એકાગ્રતાનું એક સાધન છે, પણ તે એકાગ્રતા નથી; કેમકે જુદા જુદા વિચારો કરવામાં મનને અનેક આકારો ધારણ કરવા પડે છે અર્થાત્ અનેક આકારે પરિણમવું પડે છે, અને તેથી એક આકૃતિ કે એક જાતના વિચાર ઉપર તે સ્થિર રહેતું નથી, યા તે વખતે એક આકૃતિ ઉપર સ્થિર રહેતું નથી. તથાપિ એક આકૃતિ ઉપર મનને ઠરાવવું તે કરતાં આ રસ્તો ઘણો સરળ છે. આ પછીના દુષ્કર કાર્ય એકાગ્રતા ઉપર હળવે હળવે સાધક પહોંચી શકશે, માટે શરૂઆતમા સાધકોએ આ રસ્તો લેવો.

આ વાત વારંવાર યાદ રાખવી કે એકાગ્રતા અને અનેક વિચાર તે એક નથી, અંતે તો મનને એકજ નિશ્ચિત વસ્તુ ઉપર રોકી તેમાંજ સ્થિર કરી રાખવાનું છે. તેના ઉપર ભમતું નહિ પણ જેમ તેના અંતર્ગત તત્ત્વને બાહ્યથી ચુસી લેતું હોય કે તદ્રૂપ થતું હોય તેમ કરી દેવું.

---

## વિચાર કરનારને સૂચના.

મનને સુશિક્ષિત કરનારા મનુષ્યોએ મનમાં જે વિચારો આવે તેના સંબંધમાં દૃઢ સાવધાનતા રાખવી જોઇએ.

નિરંતર આવો દૃઢ નિર્ણય કરવો કે "મારે અસદ્ વિચારો બીલકુલ મનમાં દાખલ થવા દેવા નથીજ." કદાચ પેસી જાય તો તત્કાળ તેને કાઢી નાંખવા. તેમજ તે ખરાબ વિચારોને સ્થાને તેનાથી વિપરીત અર્થાત્ સારા વિચારોને તરતજ સ્થાપન કરવા.

આ અભ્યાસથી મન એટલું બધું વશ થશે કે થોડા વખત પછી પોતાની મેળેજ સારા વિચારો કરશે, અને અસદ્ વિચારો પોતાની મેળે દૂર થશે. માટે શરૂઆતમા ઉપર જણાવેલ દૃઢ સંકલ્પ કરવોજ.

આપણા મનમાં આવતા વિચારોની જો આપણે પોતે તપાસ કરીશું તો ખાત્રી થશે કે જે વિચારોને આપણે વારંવાર ઉત્તેજન આપીએ છીએ તેજ પ્રકારના તે વિચારો છે.

પોતાની સામાન્ય પ્રવૃત્તિને અનુકુલ જે વિચારો હોય તેનું મન આકર્ષણ કરે છે. માટેજ આપણે નિર્ણય કરવો જોઇએ કે "આવાજ વિચારો મારે કરવા અને આવા વિચારો નજ કરવા."

એકાગ્રતાના જોરથી મન પોતાની મેળે બળવાન્ થાય છે. તેથી આ વિચાર કરવા અને આ વિચાર ન કરવા; તે કામ તે મન પછી પોતાની મેળે કરી લેશે, પણ એકાગ્રતાની શરૂઆતમાં તો તેને આવી ટેવ પડાવવીજ પડશે.

વળી ખરાબ વિચારો મનમાં આવે ત્યારે તે વિચારોની સાથે પ્રત્યક્ષ યુદ્ધ ન કરવું. જેમકે "તું ચાલ્યો જા, મારે ખપ નથી, શા માટે આવ્યો ? તું પર છે, વિગેરે." આવા વિચારો કરવા તે યોગ્ય નથી, પણ આ અવસરે તે ખરાબ વિચારોને સારા વિચારો કરવાના રૂપમાં તત્કાળ બદલાવી નાખવા. તેમ કરવાથી ખરાબ વિચારો પોતાની મેળે દૂર થઈ જશે.

કોઈ પણ વિચારોની સાથે ઉત્તર પ્રત્યુત્તરરૂપ યુદ્ધ કરવામાં આપણું બળ આપણે બાહાર કાઢીએ છીએ. તેથી તે અનુસાર સામા વિચારો તરફથી પ્રતિક્રિયા ઉત્પન્ન થાય છે. આ પ્રકારે આપણને પરિશ્રમ વધારે થાય છે. આનાથી ઉલટીજ રીતે તે વિચારની જુદી દિશા તરફ મનનું પરાવર્ત્તન કરવાથી વિચાર દૃષ્ટિમાંથી તે ખરાબ આકૃતિ વિનાપ્રયત્ને વિલય થઈ જાય છે.

અશુદ્ધ વિચારો સાથે યુદ્ધ કરવામાં પ્રાય. મનુષ્યોને અનેક વર્ષો વ્યતીત કરવાં પડે છે. પરંતુ શુદ્ધ વિચારોને મનમાં શાંત પ્રકારે સ્થાપવાથી તેના પ્રતિપક્ષી અશુદ્ધ વિચારોને અવકાશ રહેતો નથી, તેમજ અશુદ્ધ વિચારોને પ્રત્યુત્તર નહિ આપનાર મન પોતા તરફ આકર્ષાતું જાય છે, તેમ તેમ મનુષ્ય ખરાબ વિચારોને નહિ સ્વીકારવાને યોગ્ય થતો જાય છે.

સારા વિચારો કરવાનો અભ્યાસ રાખવાથી ખરાબ વિચારો ન કરવાની દૃઢતા, અને સારા વિચારોનો સ્વીકાર કરવાની સામર્થ્યતાવાળા આપણે બનીએ છીએ.

-અસદ્ વિચારોને સ્થાને સદ્‌વિચારો આ પ્રમાણે સ્થાપન કરવા. ધારો કે તમને કોઇ મનુષ્યના સંબંધમાં અપ્રિય-વિચાર

આવ્યો તો તે ઠેકાણે સામા મનુષ્યમાં જે કાંઇ તમારા કરતાં જુદોજ સદ્‌ગુણ હોય અથવા તેણે કાંઈ સારૂં કાર્ય કર્યું હોય તેનો વિચાર કરો, એટલે અપ્રિયતા દૂર થશે. કદાચ તમારૂં મન ચિંતાથી વ્યગ્ર હોય તો તે ઠેકાણે તેચિંતાનું મૂલ કારણ અને તેનાથી જેને ગેરફાયદા થયા હોય તેવા મનુષ્યની સ્થિતિ તમારા મન આગળ સ્થાપન કરો. અથવા આવી ચિંતાથી મુક્ત થયેલ મહાવીર્યવાન્ મહાત્માના વિચારો સ્થાપન કરો, તે ચિંતામાં અવશ્ય ફેરફાર થઈ કાંઇક શાંતિ મળશે.

કદાચ તમને કોઈ શરીરાદિ ઉપર રાગ—સ્નેહ થતો હોય તો તે વસ્તુની ઉત્પત્તિનું મૂળ અને તેનું અંતિમ પરિણામ આ બે વિચારો તપાસો તે વિચાર સ્થાપન કરતાં રાગને બદલે વિરાગ થશે.

કદાચ કોઇ અમુક પ્રકારનો ખરાબ વિચાર જોરથી મનમાં પ્રવેશ કરવાનો દુરાગ્રહ કરતો હોય ત્યારે તેનાથી વિપરીત ભાવના દેખાડનાર એક સૂત્ર કે પદ મોઢે કરી રાખવું. અને તે પદ કે સૂત્રનું વારંવાર મનમાં પુનરાવર્તન કરવું (ગણવુ) બોલવું. આમ નિરંતર કરવાથી થોડાજ દિવસો પછી તે ખરાબ વિચારો બંધ પડશે.

અથવા કોઈ મહાત્માની સારામાં સારી સ્થિતિનું ચિત્ર મનમાં ગોઠવી તેમાં લીન રહેવું.

પ્રાતઃકાલમાં નિદ્રાનો ત્યાગ કરો કે તરતજ સારામાં સારા વિચારોથી મનને પુષ્ટ કરો. જે રીતે તમારે વર્તન કરવાનું હોય તેવીજ શિક્ષા આપો ઉત્તમ શિક્ષાવાળાં પદો કે ભજનો ધીમે ધીમે પઠન કરો પઠન કરતી વખતે મનનો તમામ પ્રવાહ પ્રબળતાથી તેમાં વહન કરાવો અર્થાત્ વિક્ષેપ વિના એકરૂપ તે પદો બોલો. તેનાથી અંતઃકરણને દૃઢ વાસિત કરો. અને ત્યાર પછી બીજું કોઇ પણ કામ કરો. આમ કરવાથી દિવસના કોઈ પણ ભાગમાં જ્યારે તમારૂં મન કોઈ કામમાં નહિ રોકાયેલું હોય ત્યારે તે પદોનું પુનરાવર્તન કર્યા કરશે. આમ થવાથી તમે શુભ ભાવનાથી દિવસના મોટા ભાગમાં પણ વાસિત થઈ રહેશો.

## વિચારશક્તિ ખીલવવાની ક્રિયા.

વિચાર કરવાની ટેવ ન હોવાથી ઘણાં માણસો તરફથી આવી ફરીઆદ આવે છે કે અમે સારા વિચાર કરવા બેસીએ છીએ પણ કાંઈ વિચાર આવતા નથી, અથવા ખરાબ વિચારો વગર તેડયા આવી પહોંચે છે.

તેઓએ સમજવું જોઇએ કે દૃઢ આગ્રહપૂર્વક નિરંતર અભ્યાસથીજ માત્ર વિચારશક્તિ વૃદ્ધિ પામે છે. આ વિચારો પછી સારા હોય કે નઠારા હોય, સારા વિચારથી સારા વિચારની અને ખરાબ વિચારથી ખરાબ વિચારની શક્તિ વૃદ્ધિ પામે છે.

વિચારની અધિકતા ઉપર મનના પ્રવાહની વૃદ્ધિનો આધાર છે અને વિચારના ગુણ ઉપર તે ગુણની દૃઢતાનો આધાર રહે છે.

મનને સુધારવાની અને તેને વિકસિત કરવાની જેમની ઇચ્છા હોય તેમણે નિરંતર નિયમિત રીતે મનન કરવાનો અભ્યાસ કરવો અને પોતાની માનસિક શક્તિઓ સુધારવાનો નિશ્ચય લક્ષમાં રાખવો

આ અભ્યાસ પૂર્ણ ફળદાયક થાય તે માટે પોતાને આધ્યાત્મિક આદિ જે વિષય પ્રિય હોય, એવા કોઈ વિષયના સબંધમાં કોઇ ઉત્તમ પુરૂષે લખેલું અને જેની અંદર નવીન પ્રબળ વિચારો દાખલ થયા હોય તેવુ એક પુસ્તક લેવું. તેમાંથી થોડાં વાક્યો હળવે હળવે વાંચવાં. પછી વાંચેલ વાક્યો ઉપર દૃઢતાથી, આસક્ત ચિત્તથી વિચાર કરવો. જેટલા વખતમાં તે વાક્યો વાંચ્યાં હોય તેથી બમણા વખત સુધી વિચાર કરવો

વાંચવાનું કારણ નવા વિચારો મેળવવાનું નથી પણ વિચાર શક્તિ પ્રબળ કરવાનું છે શરૂઆતમાં અરધી ઘડી વાંચવાનું બસ છે, કારણ કે વધારે વખત વાંચવાથી દૃઢતાથી ધ્યાન આપવાનુ કાર્ય આરંભમાં જરા વિશેષ પરિશ્રમ આપનાર છે.

કેટલાક મહિના સુધી આવો નિયમિત અભ્યાસ કરનારને માનસિક બલમાં સ્પષ્ટ વધારો થયેલો માલમ પડે છે, અને પ્રથમ કરતાં ઘણી સારી રીતે નવીન વિચારો કરી શકે છે.

આ સર્વ વિચારોની ઉત્પત્તિનું મૂલ આપણો આત્મા છે. સત્તામાં રહેલી શક્તિઓ આવા વિચારોદ્વારા બહાર આવે છે.

આટલી વાત-યાદ રાખવી કે અનેક વિચારો કરનારમાં પરસ્પર જે વિષમતા કે ન્યૂનાધિકતા દેખાય છે તે સત્તા શક્તિની ન્યૂનતાને લીધે નહિ પણ સાધનની અયોગ્યતાને લીધે થાય છે માટે પૂર્ણ સાધનો મેળવી પ્રયત્ન કરનાર વિજયી નિવડશેજ.

વળી અભ્યાસીઓએ આ વાત વારંવાર સ્મરણમાં રાખવી કે -અવિચ્છિન્ન ઉન્નતિ માટે અભ્યાસની નિયમિતતા જરૂરની છે. એક

દિવસનો અભ્યાસ સ્ખલિત થતાં ચાર દિવસના અભ્યાસ જેટલી ખાદ પડે છે. તેટલી હાની પહોંચે છે. વિચારની સ્થિરતા થયા પછી આ નિયમિતતાની એટલી બધી જરૂર રહેતી નથી.

## મનની અસ્તવ્યસ્ત સ્થિતિ અને તેના નાશનો ઉપાય.

જે માણસો વિચાર શક્તિને ખીલવતા નથી, તેઓના મનમાં ઘણા અસ્તવ્યસ્ત વિચારો હોય છે. કાંઇ પણ ફળ પ્રાપ્તિના આશય વિના વારંવાર જેમ તેમ વિના પ્રયોજને જેવા તેવા વિચારો કર્યા કરે છે. પ્રેર્ય પ્રેરક ભાવની ભિન્નતા તેઓમાં રહેતી નથી. એક જંગલી માણસ કે અજ્ઞાન પશુ આડું અવળું વિના પ્રયોજને જેમ ફર્યા કરતું હોય, તેમ તેઓના મનમાં વગર કિમ્મતના વિચારો આમ-તેમ ઘુમ્યા કરે છે. તેના પરિણામનુ પણ તેને ભાન નથી. આવી સ્થિતિવાળા મનુષ્યોનાં મન વિકળ કે અસ્તવ્યસ્ત કહેવાય છે. પરિશ્રમ કરતાં પણ, આવી વિકળતાથી મનુષ્યો ઘણાં જીર્ણ થાય છે પરિ-શ્રમ અધિક ન હોય તો જેમ યંત્રને હાનિ થતી નથી પણ ઉલટું પ્રબળ રહે છે, તેમ આ વિકળતારૂપ માનસિક ક્રિયાથી માનસિક યંત્રને મોટી હાનિ પહોંચે છે.

આવા મનુષ્યોનાં મનો જલદીથી ક્રોધ, કામાદિથી વિકારી બને છે અને સ્થિર માનસિક વ્યાપાર તેને અશક્ય થઇ પડે છે.

આવી વિકળતાવાળા વિચારોનુ કારણ તપાસ કરતાં જણાઈ આવશે કે, તેઓ નાના પ્રકારની ઇચ્છા, તૃષ્ણા, ભય, શોક, કે તેવાજ કોઇ કારણથી પીડાતા હોવા જોઈએ. આવા મનુષ્યોએ આ વિકળતાવાળી સ્થિતિમાંથી મુક્ત થવા માટે, કર્મના ઉત્તમ નિયમ ઉપર આશ્રય રાખવાનુ મનને શિક્ષણ આપવું જોઇએ. તેઓએ આ પ્રમાણે સંતોષ વૃત્તિ હૃદયમાં સ્થાપન કરવી કે, કર્મના નિયમને અનુસરીને સર્વ વૃત્તાંતો બને છે, અકસ્માત્ કાંઇ પણ થતું નથી. જે કાંઇ કર્મ પ્રાપ્ત કરાવે છે, તેજ આપણને પ્રાપ્ત થાય છે. પછી તે ગમે તે રસ્તેથી આવે. આપણા ભાગ્યમાં નથી, કર્મમાં નથી, તેવી હાનિ આપણને કોઇ કરી શકે નહિ જે દુઃખ કે પીડા પૂર્વ કૃતકર્મથી આપણી સન્મુખ આવે તે ભોગવવાને સજ્જ થવું શાંતિથી તેનો સ્વીકાર કરવો. તેને અનુકૂળ થવુ આજ નિયમને આધીન

થવાથી તેની તેવી વેદના કે વિકળતા ઘણે અંશે ઓછી થશે. જે કર્મો આપણને બંધનમાં રાખનાર છે તે કર્મો બળાત્કારે તેના નિયમ પ્રમાણે આપણને પ્રવર્ત્તાવે તો, જો કે તેથી આપણને દુઃખ થશે, તોપણ તે દુઃખ સુખના માર્ગરૂપ છે. આપણાં બંધનો ઓછાં કરનાર છે. છેવટમાં તેથી સુખજ થશે. જન્મ, મરણનાં પરિભ્રમણનો સંબંધ ઓછો થશે. માટે **જે થાય તે સારા માટે. અથવા કર્મના નિયમને અનુસરીને થાય છે.** આવા વિચારોનો નિત્ય અભ્યાસ રાખીએ તો મનની વિકળતા દૂર જાય છે. કેમકે સંતોષ કે વિચારની પ્રબળ શાંતિમાં, વિકળતા સુખના આકારમાં બદલાઈ જાય છે.

## મનથી થતી ક્રિયા અને તેની વિરતિ.

આત્મ (પોતાની) ઇચ્છાએ મનન કરવું. અને તેમ કરતાં આત્મ ઇચ્છાએ વિરમવું. આ ઉભય શિક્ષાથી માનસિક બળની અધિક પ્રાપ્તિ થાય છે. જ્યારે આપણે મનન કરતા હોઇએ ત્યારે આપણે આપણું સંપૂર્ણ મન તેમાં સ્થાપન કરવું જોઇએ. તથા સારામાં સારા વિચારો કરવા જોઇએ. જ્યારે મનન કરવાનું કામ સમાપ્ત થાય ત્યારે સંપૂર્ણ રીતે વિરામ કરવો, પણ મોટા ખડકોની સાથે અથડાતા નાવ (નૌકા)ની માફક એકવાર મનનો સ્પર્શ કરવો અને બીજી વાર તેનો ત્યાગ કરવો, વળી ગમે તે જાતનો વિચાર કર્યો તેનો ત્યાગ કરી ત્રીજો વિચાર કર્યો, આવી અનિશ્ચિત સ્થિતિમાં મનને ભટકવા દેવું નહિ. જ્યારે કામ ન કરવું હોય ત્યારે યંત્રને ગતિમાન (ચાલતું) રાખવાથી તે ઘસાઈ જાય છે. તેમજ મનની અમૂલ્ય યંત્ર રચનાને, નિષ્પ્રયોજન વારંવાર ભ્રમણ કરતી રાખવામાં આવે તો તેથી કાંઇ પણ ઉપયોગી પરિણામ ઉત્પન્ન કર્યા સિવાય તે જર્જરીત થઇ જાય છે.

વિચારમાંથી વિરતિ પામવી અર્થાત્ મનને શાંતિ આપવી તે મહાન્ અમૂલ્ય લાભ છે. નિરંતર વિચાર કરવો અને નિરંતર ક્ષય પામવો; શક્તિના આ નિરર્થક વ્યયથી શાંતિ અકસ્માત્ નાશ પામે છે.

જ્યારે કોઈ પણ ઉપયોગી ફલપ્રત્યે વિચારને પ્રેરિત કરવામાં ન આવ્યો હોય ત્યારે વિચાર શક્તિને કેમ નિર્વૃત્ત કરવી, તે શિક્ષાથી માનસિક રક્ષણ ઘણા કાળ પર્યંત કરી શકાય છે.

## વિચારવૃત્તિને નિર્વૃત્ત કેમ કરવી ?

વિચારવૃત્તિને નિર્વૃત્ત કરવી, આ કાર્ય સરલ નથી. વિચાર ક્રિયા કરતાં તે અધિક કઠીણ છે. જ્યાં સુધી તેનો અભ્યાસ સંપૂર્ણ દૃઢ ન થાય ત્યાં સુધી થોડો થોડો વખત ચાલુ રાખવો.

પ્રારંભમાં મનને શાંત રાખવામાં પણ શક્તિનો વ્યય થાય છે. જ્યારે અભ્યાસી પૂર્વે કહી આવ્યા તેવા સ્થિર મનન કરવાના કાર્યમાં વ્યાપૃત હોય ત્યારે તેવામાં તે વિચારને મૂકી દેવો. અને જો મનમાં અન્ય વિચાર ઉત્પન્ન થાય તો તરતજ તેમાંથી પોતાનું મન નિર્વૃત્ત કરવું ( ખેંચી લેવું. ) કોઇ પણ વિચાર બળાત્કારે મનમાં આવે તો તેનાથી આગ્રહસહિત પાછું ફરવું. અર્થાત્ પ્રત્યુત્તર નહિ વાળતાં તે વિચારને મૂકી દેવો, કાઢી નાંખવો. જરૂર જણાય તો શાંતિ પ્રાપ્ત કરવાના કારણરૂપ શુન્યની ( આકાશની ) કલ્પના કરવી. કેવળ શાંતતા તથા અંધકારનો અનુભવ કરવાનો યત્ન કરવો. આ પ્રમાણે આગ્રહસહિત અભ્યાસ કરવામાં આવશે તો, નિર્વૃત્તિ અધિકાધિક સુગમ થશે. સ્વસ્થતા તથા શાંતિ મળશે

બાહ્ય ભાવની પ્રવૃત્તિઓમાંથી મનને વ્યાવૃત્ત કરવું એ ઉત્તમ ભૂમિકાના પ્રારંભની નિશાની, યા પ્રસ્તાવના કરવા જેવું છે.

## મનને શાંતિ આપવાનો સરલ માર્ગ.

મનને અથવા મગજને વિશ્રાંતિ આપવાનો અન્ય માર્ગ અને તે વળી ચિત્તવૃત્તિની નિર્વૃત્તિ કરતાં ઘણો સહેલો માર્ગ વિચારના પરાવર્તન કરવાનો છે.

એકજ શ્રેણીને અનુસરીને જે મનુષ્ય નિરંતર આગ્રહસહિત વિચાર કરતો હોય તેણે બને તેટલી તેનાથી કેવળ ભિન્ન પ્રકારની એક અન્ય વિચાર શ્રેણિ રાખવી જોઈએ કે તે શ્રેણિ ઉપર તે પોતાનું મન વિશ્રાંતિ માટે પરાવર્ત્તન કરી શકે. જેમ કે, દ્રવ્યાનુયોગનો વિચાર કરનારે, મગજ અથવા મનની વિશ્રાંતિ માટે તે વિચાર શ્રેણી મૂકી દઇ, થોડો વખત કથાનુયોગ (મહા પુરૂષોનાં ચરિત્રો)ના વિચારની શ્રેણીને અંગીકાર કરવી; અથવા ધ્યાન સમાપ્તિ કર્યા પછી જેમ બાર ભાવના સંબંધી શ્રેણિ સાધકો અંગીકાર કરે છે, તેવીજ રીતે તે વિષયથી જૂદા પ્રકારની શ્રેણિ લેવી. આથી થાકેલ કે કંટાળેલ

મનને, સહેલા વિષયમાં વિચાર કરવાનું ગમતું હોવાથી તે વિચાર શ્રેણિ છતાં વિશ્રાંતિ પામી શકશે.

જેમ અતિ પરિશ્રમ કર્યા પછી શરીરને વિશ્રાંતિની જરૂર પડે છે, તેમ વિચારના વ્યાયામમાં પણ મનુષ્યને વિશ્રાંતિની જરૂર છે. જો તેવી વિશ્રાંતિ લેવામાં ન આવે તો શરીર જેમ પક્ષઘાતાદિકથી પીડા પામે છે, તેમ મગજમાં પણ પક્ષઘાત અને વિચારમાં ઘેલછા થવાની. માટે વિચાર ક્રમના અભ્યાસીઓએ મનને, મગજને. અને શરીરને વિશ્રાંતિ આપવી

છેવટે એકાગ્રતા પ્રાપ્ત કરી, એકાગ્રતાદ્વારા લય, અને તત્ત્વજ્ઞાન સુપ્રાપ્ત કરવા. મનની એકાગ્રતા અને તત્ત્વજ્ઞાન કરવામા જે જે બાબતો ઉપયોગી જણાઇ છે, તે તે બાબતોની સામાન્ય સૂચનારૂપ સંગ્રહ આંહી કરવામા આવ્યો છે. સાધકોને એકાગ્રતા અને તત્ત્વજ્ઞાન સુલભ થાય તે માટે તેઓએ મનની વિકળ સ્થિતિને સુધારવી, વિચારશક્તિ ખીલવવી, અનેક વિચાર કરવાનો અભ્યાસ રાખવો, આકૃતિ ઉપર કે સદ્‌ગુણ ઉપર એકાગ્રતા કરી એક વિચારમાં સ્થિર થવાની ટેવ પાડવી, પછી નિર્વિચાર થવું. છેવટે મનની શાંત ( ઉપશમ ) દશા, લય, અને તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવાં. આ પ્રસંગે જે જે સૂચનાઓ બતાવવામાં આવી છે તે તે સૂચનાઓ ઉપર પુરતું લક્ષ આપવું સાધકો જો આટલી હદની દશા પ્રાપ્ત કરશે તો આગળ શું કરવું તે તેમને પોતાની મેળે સમજાશે. આપણને મહાત્માઓ તરફથી પ્રસાદી શબ્દમાં આવી શકે તેટલી અથવા બીજાને સમજાવી શકાય ત્યાં સુધીજ મળી શકે છે. પણ તે પ્રસાદી આગળનો માર્ગ ખુલ્લો કરી આપે છે.

औदासीन्यपरायणवृत्तिः किंचिदपि चिंतयेन्नैव ।
यत्संकल्पाकलितं चित्तं नासादयेत्स्थैर्यं ॥ १९ ॥

વળી ઉદાસીનતામય વૃત્તિઓએ કરી, કાઇ પણ વિચારવું (ચિંતવવું ) નહિ, કેમકે સંકલ્પરૂપ ચિન્હથી લેપાયેલું, અર્થાત્ વિકલ્પવાળું મન સ્થિરતા પામતું નથી. ૧૯.

यावत् प्रयत्नलेशो यावत्संकल्पकल्पना कापि ।
तावन्न लयस्यापि प्राप्तिस्तत्त्वस्य का तु कथा ॥ २० ॥

જ્યાં સુધી મન, વચન, શરીરનો લેશમાત્ર પણ પ્રયત્ન છે, અને જ્યાં સુધી કાંઇ પણ સંકલ્પવાળી કલ્પના છે, ત્યાં સુધી લયની

પણ પ્રાપ્તિ થતી નથી. તો તત્ત્વજ્ઞાનની વાતજ શી કરવી. ( અર્થાત્ સંકલ્પ વિકલ્પની કલ્પના હોય ત્યાંસુધી આત્મજ્ઞાન નજ થાય ).૨૦.

## ઉદાસીનતાનું ફળ.

यदिदं तदिति न वक्तुं साक्षाद् गुरुणापि हंत शक्येत ।
औदासीन्यपरस्य प्रकाशते तत्स्वयं तत्त्वं ॥ २१ ॥

જે પરમતત્ત્વ ( પરમાત્મા ) તે " આ. " એમ કહેવાને સાક્ષાત્ ગુરૂ પણ શક્તિમાન્ નથી. તે તત્ત્વ ઔદાસીન્યતામા તત્પર રહેલા યોગીને. પોતાની મેળે પ્રગટ થાય છે. ૨૧.

## ઉદાસીનતામાં રહેવાથી પરમતત્ત્વમાં લય થવાય અને ઉન્મનીભાવની પ્રાપ્તિ થાય તે બતાવે છે.

एकांतेऽतिपवित्रे रम्ये देशे सदा सुखासीनः ।
आचरणाग्रशिखाग्राच्छिथिलीभूताखिलावयवः ॥ २२ ॥
रूप कांतं पश्यन्नपि शृण्वन्नपि गिरं कलमनोज्ञाम् ।
जिघ्रन्नपि च सुगंधीन्यपि भुंजानो रसास्वादं ॥ २३ ॥
भावान् स्पृशन्नपि मृदुन्नवारयन्नपि च चेतसो वृत्तिम् ।
परिकलितौदासीन्यः प्रणष्टविषयभ्रमो नित्यं ॥ २४ ॥
वहिरंतश्च समंतात् चिंताचेष्टापरिच्युतो योगी ।
तन्मयभावं प्राप्तः कलयति भृशमुन्मनीभावं ॥ २५ ॥
चतुर्भिः कलापकं.

એકાંત, ( નિર્જન ) પવિત્ર અને રમણીય પ્રદેશમાં સુખાસને ( ગમે તે આસને લાંબો વખત સુખે બેસી શકાય તે સુખાસને ) બેસી, પગના અંગુઠાથી મસ્તકના અગ્ર ભાગ પર્યંતનાં સમગ્ર અવયવોને શિથિલ ( ઢીલાં ) કરી, મનોહરરૂપને જોતી, સુંદર મનોજ્ઞ વાણીને સાંભળતી, સુગંધી પદાર્થોને સુંઘતી, રસના આસ્વાદને લેતી, અને કોમળ પદાર્થોને સ્પર્શતી મનની વૃત્તિઓને નહિ વારતાં છતાં પણ ઉદાસીન્યતામાં ( નિર્મમત્વભાવમાં ) ઉપયુક્ત, નિરંતર વિષયાસક્તિ વિનાનો, અને બાહ્ય તથા અંતરથી સર્વથા ચિંતા અને ચેષ્ટા રહિત થએલો યોગી, તન્મય ભાવને પ્રાપ્ત થઇ, અત્યંત ઉન્મનીભાવને ધારણ કરે છે. ૨૨-૨૩-૨૪-૨૫.

गृह्णंति ग्राह्याणि स्वानि स्वानींद्रियाणि नो रुंध्यात् ।
न खलु प्रवर्त्तयेद्वा प्रकाशते तत्त्वमचिरेण ॥ २६ ॥

પોતપોતાના વિષયને ગ્રહણ કરતી ઇંદ્રિયોને રોકવી નહિ. ( અને પોતે દૃષ્ટા તરિકે જોયા કરવું. ) અથવા ઇંદ્રિયોને વિષયો પ્રત્યે પ્રેરવી નહિ. એમ કરતાં થોડા વખતમાં તત્ત્વ પ્રગટ થાય છે. ૨૬.

चेतोऽपि यत्र यत्र प्रवर्त्तते नो ततस्ततो वार्यं ।
अधिकीभवति हि वारितमवारितं शांतिमुपयाति ॥ २७ ॥

मदमत्तो हि नागो वार्यमाणोप्यधिकी भवति यद्वत् ।
अनिवारितस्तु कामांल्लब्ध्वा शाम्यति मनस्तद्वत् ॥ २८ ॥

મન પણ જે જે ઠેકાણે પ્રવર્તતું હોય, તે તે ઠેકાણેથી તેને પાછું વાળવું નહિ, કેમકે વારવાથી તે અધિક ( વિશેષ ) દોડયા કરે છે, અને તેને ન રોકવાથી શાંત થઇ જાય છે. જેમ મદોન્મત્ત હાથીને વારતાં પણ તે અધિક થાય છે ( વિશેષ પ્રેરાય છે ) અને જ્યારે તેને રોકવામાં નથી આવતો ત્યારે, તે પોતાને જોઇતા વિષયને મેળવીને ( પામીને ) શાંત થઇ જાય છે, તેમ મન પણ વારવાથી અધિક થાય છે, અને ન વારવાથી પોતાને જોઇતા વિષયને મેળવીને શાંત થાય છે. ૨૭–૨૮.

**વિવેચન**—આ શ્લોકના શબ્દાર્થ પર વિચાર કરતાં, નીચેની બીના ખાસ લક્ષમાં રાખવાની છે કે, મનને પોતાના પ્રવર્તનમાંથી પાછું ન વાળવું તે વાત બરાબર છે, પણ તે અમારા સમજ્યા પ્રમાણે ચોવીસમા અને પચીસમા શ્લોક પ્રમાણે વર્તતા યોગીને માટે યોગ્ય છે. ઔદાસીન્ય ભાવ આવ્યા પછી, નિર્જન સ્થાનમાં જઇ પરમતત્ત્વ પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળો યોગી, મનની કલ્પના માત્રથીજ જુદી જુદી ઇંદ્રિયો દ્વારા જુદા જુદા વિષયોનો અનુભવ લેતો હોય, તેવામાં મન એકાદ વિષયમાં લીન થાય તો તેને ત્યાંથી બળ કરી પાછું ખેંચવું નહિ, પણ જે વિષયમાં તે આનંદ માનતું હોય તે વિષયનો આનંદ તેને મનથીજ લેવા દેવો. અને જ્યારે તે વિષયનો આનંદ લેતાં મન કંટાળશે ત્યારે તે પોતાની મેળે થાકીને ઠેકાણે આવશે. જેમકે મન સુવાસ લેવામાં લુબ્ધ થયું છે, અને તે ચંપકના ફુલની વાસનાનો આનંદ ભોગવે છે, અને ત્યાંથી પાછું વળતું નથી, તો તે મનની ઇચ્છા હોય ત્યાં સુધી તેને તેમ કરવા દેવું. આમ કર

વાથી તે ઠેકાણે આવશે. પણ આ આશ્રવ છે માટે આત્મચિંતનજ કરવું જોઈએ, અથવા પ્રણવનો જાપ કરવો જોઇએ; એમ વિચાર કરી જો મનને તેના ઇચ્છિત વિષયમાંથી પાછું ખેંચવામાં આવે તો, તે જેમ મદોન્મત્ત હાથી ઠેકાણે આવતાં મહેનત આપે છે, તેમ યોગીરાજને અત્યંત ત્રાસ આપશે, અને ઘણું કરીને ઠેકાણે આવશેજ નહિ. તેથી મનની સાથે ખેંચ ન કરતાં તેને પોતાની મેળેજ થાકવા દેવું. આજ અભિપ્રાય આનંદઘનજી મહારાજે સત્તરમા કુંથુનાથ ભગવાનના સ્તવનમાં કહ્યો છે. " આગમ આગમધરને હાથે, નાવે કેમ કરી આંકુ." એટલે કે આ મને, જો એકાદ વિષયને પસંદ કર્યો, તો પછી તેમાંથી તેને જોર કરીને કાઢવું અશક્ય જેવું થઇ પડે છે. માટે શાસ્ત્રકારે ૨૭–૨૮ શ્લોકમાં અમુક વિષયમાં પ્રવર્તતાં મનને તે વિષયમાં પ્રવર્તવા દેવુ અને તેમ કરીને તેને થકાવીને ઠેકાણે લાવવાનો માર્ગ બતાવ્યો છે. અને તે પણ યોગ્ય લાગે છે. પરંતુ અહીંઆં ખાસ ધ્યાનમાં રાખવાનું છે કે, જ્યાં સુધી શ્લોક ૨૫–૨૬માં બતાવેલી સ્થિતિ પ્રાપ્ત થઇ નથી ત્યા સુધી આ મનને જોરથી પણ વિષયમાં જતું રોકવાનુ છે કદાચ તેમ ન કરતાં મનની ઇચ્છાનુસાર શરીરને વર્તવા દેવામા આવશે, તો પછી આ મન મોટું અનર્થ કરનારૂં નીવડશે, ચિદાનંદજી મહારાજ કહે છે કે " જેમ જેમ અધિક વિષયસુખ સેવે તેમ તેમ તૃષ્ણા દીપે " એટલે કે જેમ જેમ વિષયો મનની ઇચ્છા પ્રમાણે સેવવામા આવશે, તેમ તેમ તે નવા વિષયો શોધતું જશે આજે એક તો કાલે બે, એમ આ મનની તૃષ્ણા વધતી જશે. અને તેમ કરતા આખી જીંદગી સુધીમાં પણ આ મન વિષયોથી કંટાળશે નહિ, પણ વધારે ને વધારે વિષયો સેવવા ઇચ્છશે. માટે આ શ્લોકમા લખવા–કહેવાનો–આશય એવો છે કે જેમને ઉદાસિનતા પ્રાપ્ત થઇ છે, પરમતત્ત્વ શોધવાને જેઓ નિર્જન સ્થાનમા સુખાસને બીરાજ્યા છે, અને મનને જુદી જુદી આત્મવિચારણામાં રોકવામાં આવ્યું છે, તે વખતે માત્ર એકાદ ઇંદ્રિય વિષયમા મન લુબ્ધ થાય તો ત્યાંથી તેને જોર કરીને પાછુ ન વાળતાં થકાવી નાખીને પાછું વળવા દેવુ. આવા ગૂઢ આશયને નહી સમજતાં આ યોગશાસ્ત્રના અને તેના જેવાજ બીજા શાસ્ત્રના વચનોથી કેટલાક આત્માર્થી મુનિજનો

પણ ફસાયા છે અને તે એવી રીતે કે, આત્મજ્ઞાન થઇ ગયું છે, હવે મન વિષયમાં જાય છે તો તેને થકાવીને ઠેકાણે લાવીશું, એમ ધારી મનની કલ્પના પ્રમાણે શરીરને પ્રવર્તાવતાં, મન પાછું ન વળતાં નવા નવા વિષયો તરફ જવાનું ચાલુ રાખે છે, અને આમ થવાથી એક પરમ તત્ત્વ પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળા છતાં મનની ઇચ્છાનુસાર વર્તન કરવાથી લોકોમાં નિંદાનું ભાજન થયા છે, એટલુંજ નહિ પણ તત્ત્વપ્રાપ્તિને બદલે દુર્ગતિપ્રાપ્તિનાં સાધન, આવાં વર્તનથી મેળવતા દેખાય છે. માટે મુનિજનોને સાવધ રહેવા આ વિજ્ઞપ્તિ છે. મનના સ્વભાવ માટે એક આધુનિક કવિની ઉક્તિ ઠીક લાગવાથી નીચે લખી છે.—

દોડયો જતો હોય દડો દડાણે, રોકયો ન રોકાય કદી પરાણે;
તેને કદી ઠોકર ઠીક મારો, તો કેમ બંધ પડે બીચારો.
તેવી રીતે નીચ પંથે જનારૂં, સદાય છે અંતર આ તમારૂં;
તેને કદી જો અનુકૂળ થાશો, તો ખેલમાં આખર ખોટ ખાશો.

માટે મનને ઇચ્છિત વિષયો ભોગવવા દઇ તેને થકાવીને લાવીશું એ પ્રયોગ કરતા ઘણાજ સાવધ રહેવાની જરૂર છે. वि. मा. घे.

## મનઃસ્થિરતા ઉપાય.

यर्हि यथा यत्र यतः स्थिरीभवति योगिनश्चलं चेतः ।
तर्हि तथा तत्र ततः कथंचिदपि चालयेन्नैव ॥ २९ ॥

अनया युक्त्याभ्यासं विदधानस्यातिलोलमपि चेतः ।
अंगुल्यग्रस्थापितदंड इव स्थैर्यमाश्रयति ॥ ३० ॥

જ્યારે જેમ, જે ઠેકાણે, જેનાથી, યોગીનું ચપળ ચિત્ત સ્થિર થાય, ત્યારે, તેમ, તે ઠેકાણે, તેનાથી, જરા પણ ચલાવવું નહિ. આ યુક્તિએ અભ્યાસ કરનારનું મન ઘણું ચપળ હોય તોપણ આંગુલીના અગ્ર ભાગ ઉપર સ્થાપન કરેલા દંડની માફક સ્થિરતાનો આશ્રય કરે છે, સ્થિર થાય છે. ૨૯–૩૦.

## દૃષ્ટિજય ઉપાય.

निःसृत्यादौ दृष्टिः संलीना यत्र कुत्रचित्स्थाने ।
तत्रासाद्य स्थैर्यं शनैः शनैर्विलयमाप्नोति ॥ ३१ ॥

सर्वत्रापि प्रसृता प्रत्यग्भूता शनैः शनैर्दृष्टिः ।
परतत्त्वामलमुकुरे निरीक्षते ह्यात्मनात्मानम् ॥ ३२ ॥

દૃષ્ટિ પ્રથમ નિકળીને, ગમે તે સ્થાને લીન થાય છે. ત્યાં સ્થિરતા પામીને, હળવે હળવે ત્યાં વિલય પામે છે, (પાછી હઠે છે.) એમ સર્વ ઠેકાણે ફેલાયેલી અને ત્યાંથી હળવે હળવે પાછી હઠેલી દૃષ્ટિ, પરમ તત્ત્વરૂપ નિર્મલ આરિસામાં આત્મા વડે કરી, આત્માને જુએ છે. ૩૧-૩૨.

**વિવેચન**—આખા વિશ્વમાં ઇચ્છામાં આવે ત્યા રોકી શકાય તેવી દૃષ્ટિને, ત્રાટક કરનાર પ્રથમ એક કાળા બિંદુપર, અથવા સ્ફટિકના કે બીજા ચળકતા પદાર્થ પર રોકે છે અને ત્યાં સ્થીર થતાં ધીમે ધીમે તેને નાસિકાના અગ્ર ભાગ પર લાવે છે, અને ત્યાં સ્થીર થતા પછી ત્યાંથી ખસેડી કપાળની વચ્ચે સ્થાપન કરે છે અને ત્યાર પછી ગુરૂની આજ્ઞાનુસાર તેને અંતરમાં રોકી, સ્થીર કરી પરમ તત્ત્વનો અનુભવ કરે છે. સામાન્યપણે અમે આ ક્રમ જણાવ્યો છે, પણ વિશેષ પ્રસંગે અને વિશેષ અભ્યાસીને, આ ક્રમની પણ જરૂર નથી, તે પોતાને યોગ્ય લાગે અથવા અનુકૂળ આવે તેવે ક્રમે દૃષ્ટિને સ્થીર કરી અંતરદષ્ટિ કરે છે. આ વાતના અનુમોદનમાં અન્ય મતના એક સાધુનું વચન અત્રે ટાંકવું ઉચિત જણાયું છે, તે આ પ્રમાણે છેઃ—

હે દિલમેં, દિલદાર સહી
અખીયાં ઉલટી કરતાહીં દીખેએ.

દીલદાર—પરમાત્મા—પોતામાંજ છે તેને આંખો ઉલટાવીને જોઇ લેવો. મતલબ કે જે ચક્ષુ સુલટી રાખી આપણે જગતના પદાર્થો જોઇએ છીએ તે ચક્ષુને જગતના પદાર્થો જોવાના કામમાંથી રોકી બાહ્યદૃષ્ટિ બંધ કરી, અંતર્દૃષ્ટિએ પૂર્વોક્ત રીત્યા યા બીજી રીતે જોશો તો તમને પોતાને, પોતાથી, પોતામાં, પરમાત્મા જણાશે.

વિ- મા. ઘે

## મન જીતવાનો ઉપાય.

औदासीन्यनिमग्नः प्रयत्नपरिवर्जितः सततमात्मा ।
भावितपरमानंदः क्वचिदपि न मनो नियोजयति ॥ ३३ ॥
करणानि नाधितिष्ठंत्युपेक्षितं चित्तमात्मना जातु ।
ग्राह्ये ततो निजनिजे करणान्यपि न प्रवर्तंते ॥ ३४

नात्मा प्रेरयति मनो न मनः प्रेरयति न यर्हि करणानि ।
उभयभ्रष्टं तर्हि स्वयमेव विनाशमाप्नोति ॥ ३५ ॥

નિરંતર ઉદાસીનતામાં મગ્ન થયેલા, પ્રયત્ન વિનાના અને પરમાનંદ દશાની ભાવના કરતા આત્માએ, કોઇ પણ ઠેકાણે મનને જોડવું ( પ્રેરવું ) નહિ આ પ્રમાણે થવાથી, આત્મા વડે ઉપેક્ષા કરાયેલું મન, કોઈ વખત ઇંદ્રિયોનો આશ્રય કરતું નથી ( પ્રેરતું નથી.) અને મનના આશ્રય વિના ઇંદ્રિયો પણ, પોતપોતાના વિષયોપ્રત્યે પ્રવર્તતી નથી. ( જ્યારે ) આત્મા મનને પ્રેરણા કરતો નથી. અને મન જ્યારે ઇંદ્રિયોને પ્રેરણા કરતું નથી ત્યારે બેઉ તરફથી ભ્રષ્ટ થયેલુ મન પોતાની મેળેજ વિનાશ પામે છે. ૩૩, ૩૪, ૩૫.

## મનોજયનું ફળ.

नष्टे मनसि समंतात् सकलं विलयं सर्वतो याते ।
निष्कलमुदेति तत्त्वं निर्वातस्थायिदीपवत् ॥ ३६ ॥

મનને વિષે પ્રેરક પ્રેર્યતા ભાવ બન્ને બાજુથી નષ્ટ થયે છતે, તથા ચિંતા, સ્મૃત્યાદિ વ્યાપાર સર્વથા વિલય થયે, વાયરા વિનાના સ્થાનમાં રહેલા દીપકની માફક નિષ્કલ, ( કર્મની કળા વિનાનું ) તત્ત્વ ઉદય થાય છે અર્થાત્ તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થાય છે ૩૬.

---

## તત્ત્વજ્ઞાન થયું કે નથી થયું તેની નિશાની.

अंगमृदुत्वमनिदानं स्वेदनमर्दनविवर्जनेनापि ।
स्निग्धिकरणमतैलं प्रकाशमानं हि तत्त्वमिदं ॥ ३७ ॥

જ્યારે આ તત્ત્વ પ્રકાશમાન થાય છે ત્યારે સ્વેદન ( પરસેવો ) અને મર્દન કર્યા સિવાય પણ કારણવિના શરીર કોમળ (સુંવાળું ) થાય છે. અને તૈલ વિના સ્નિગ્ધ થાય છે ( આ તત્ત્વજ્ઞાન પ્રાપ્તિની નિશાની છે ) ૩૭.

---

## તત્ત્વજ્ઞાન થયાના બીજા પણ પ્રત્યયો બતાવે છે.

अमनस्कतया संजायमानया नाशिते मनःशल्ये ।
शिथिलीभवति शरीरं छत्रमिव स्तब्धतां त्यक्त्वा ॥ ३८ ॥

અમનસ્કપણું ( ઉન્મની ભાવ ) ઉત્પન્ન થવા વડે કરી, મનનું શલ્ય નાશ પામ્યે, છત્રની માફક, સ્તબ્ધતા ( અક્કડતા ) નો ત્યાગ કરી, શરીર શિથિલ થાય છે.

शल्यीभूतस्यांतःकरणस्य क्लेशदायिनः सततं ।
अमनस्कतां विनान्यत् विशल्यकरणौषधं नास्ति ॥ ३९ ॥

શલ્યરૂપ અને નિરંતર ક્લેશ આપનાર અંતઃકરણનુ, શલ્ય રહિત કરવાનું, અમનસ્કતા (ઉન્મની ભાવ) સિવાય, બીજું કોઇ ઔષધ નથી.

## ઉન્મની ભાવનું ફળ.

कदलीवच्चाविद्या लोलेंद्रियपत्रका मनःकंदा ।
अमनस्कफले दृष्टे नश्यति सर्वप्रकारेण ॥ ४० ॥

ચપળ ઇંદ્રિય રૂપ પત્રોવાળી અને મનરૂપ સ્કંધવાળી, અવિદ્યા રૂપ કેળ, અમનસ્કતારૂપ ફળ દેખયે છતે, સર્વ પ્રકારે નાશ પામે છે. ૪૦.

વિવેચન—કેળને ફળો આવ્યા પછી કાપી નાંખવામાં આવે છે, કેમકે ફરી તેમા ફળો લાગતાં નથી.

તેથીજ કહેવામાં આવ્યું છે કે, ફળો દેખવા પછી જેમ કેળનો નાશ થાય છે તેમજ, પાદડા તથા સ્કંધરૂપ ઇંદ્રિય અને મનોવાળી અવિદ્યા (અજ્ઞાન મિથ્યાત્વરૂપ)કેળ અમનસ્કતા રૂપ ફળદેખ્યા પછી નાશ પામેછે.

## મનને જીતવામાં ઉન્મનીભાવ મૂળ કારણ છે.

अतिचंचलमतिसूक्ष्मं सुदुर्लभं वेगवत्तया चेतः ।
अश्रांतमप्रमादादऽमनस्कशलाकया भिंद्यात् ॥ ४१ ॥

અતિ ચપળ, અતિ સૂક્ષ્મ અને વેગવાન્ હોવાથી દુઃખે રોકી શકાય તેવા મનને, વિશ્રામ લીધા સિવાય અને પ્રમાદ રહિત થઇ અમનસ્કરૂપ શલાકા (શળી) વડે કરી, ભેદી નાંખવું (ભેદવું—વિંધવું).

## અમનસ્કના ઉદયની નિશાની.

विश्लिष्टमिव प्लुष्टमिवोड्डीनमिव प्रलीनमिव कायं ।
अमनस्कोदयसमये योगी जानात्यऽसत्कल्पं ॥ ४२ ॥

અમનસ્કના ઉદય વખતે, યોગી પોતાના શરીરને વિખરાઇ ગયું હોય, બળી ગયું હોય, ઉડી ગયું હોય, કે વિલય થઇ ગયું હોય તેમ અવિદ્યમાન જાણે છે (અર્થાત્ પોતાની પાસે શરીર નથી તેમ જાણે છે)

समदैरिंद्रियभुजगै रहिते विमनस्कनवसुधाकुंडे ।
मग्नोऽनुभवति योगी परामृतास्वादमसमानं ॥ ४३ ॥

મદોન્મત્ત ઇંદ્રિય રૂપ સર્પ વિનાના, ઉન્મનીભાવ રૂપ નવીન અમૃતના કુંડમા. મગ્ન થએલો યોગી અસદૃશ અને ઉત્કૃષ્ટ અમૃતના આસ્વાદનો અનુભવ કરે છે. ૪૩.

रेचकपूरककुंभककरणाभ्यासक्रमं विनापि खलु ।
स्वयमेव नश्यति मरुत् विमनस्के सत्यऽयत्नेन ॥ ४४ ॥

અમનસ્કતાની પ્રાપ્તિ થયે છતે, રેચક, પૂરક, કુંભક અને આસનના અભ્યાસ ક્રમ વિના પણ પ્રયત્ન વિના પોતાની મેળેજ પવન નાશ પામે છે. ૪૪.

चिरमाहितप्रयत्नैरपि धर्तुं यो हि शक्यते नैव ।
सत्येऽमनस्के तिष्ठति स समीरस्तत्क्षणादेव ॥ ४५ ॥

ઘણા લાંબા વખત પ્રયત્ન કરવા વડે કરીને પણ જે વાયુ ધારી શકાતો નથી, તે વાયુ સાચી ઉન્મનીભાવની પ્રાપ્તિથી તત્કાળ એક ઠેકાણે રોકાઈ રહે છે. ૪૫.

जातेऽभ्यासे स्थिरतामुदयति विमले च निष्कले तत्त्वे ।
मुक्त इव भाति योगी समूलमुन्मूलितश्वासः ॥ ४६ ॥

આ અભ્યાસમાં સ્થિરતા પ્રાપ્ત થયે છતે અને નિર્મળ તથા કર્મજાળ વિનાનું તત્ત્વ ઉદય પામ્યે છતે, મૂલથી શ્વાસનું ઉન્મૂલન કરી, યોગી મુક્ત થએલાની માફક શોભે છે. ૪૬.

यो जाग्रदवस्थायां स्वस्थः सुप्त इव तिष्ठति लयस्थः ।
श्वासोच्छ्वासविहीनः स हीयते न खलु मुक्तिजुषः ॥४७॥

જાગૃતાવસ્થામાં આત્મભાવમાં રહેલો યોગી લય અવસ્થામાં (ધ્યાનની એક અવસ્થામા) સુતેલાની માફક રહે છે. તે લય અવસ્થામાં શ્વાસોશ્વાસ વિનાના સિદ્ધના જીવોથી તે યોગી કાંઇ ઉતરતો (ઓછાશવાળો જણાતો) નથી. ૪૭.

जागरणस्वप्नजुषो जगतीतलवर्तिनः सदा लोकाः ।
तत्त्वविदो लयमग्ना नो जाग्रति शेरते नापि ॥ ४८ ॥

આ પૃથ્વીતલ ઉપર રહેવાવાળા લોકો, નિરંતર જાગૃત અને સ્વપ્ન અવસ્થા અનુભવે છે. પણ લયમાં મગ્ન થએલા તત્ત્વજ્ઞાનીઓ જાગતા પણ નથી; અને સુતા પણ નથી. ૪૮.

भवति खलु शून्यभावः स्वप्ने विषयग्रहश्च जागरणे ।
एतद्द्वितीयमतीत्याऽऽनंदमयमवस्थितं तत्त्वं ॥ ४९ ॥

સ્વપ્ન દશામાં ખરેખર શૂન્યભાવ હોય છે, અને જાગ્રત દશામાં જાગવા પછી પાંચ ઇંદ્રિયોના વિષયોનું ગ્રહણ થાય છે. આ બેઉ અવસ્થાને ઓળગીને આનંદમય તત્ત્વ રહેલું છે. ૪૯.

## જીવોને ઓળંભો અને ઉપદેશનું રહસ્ય.

कर्माण्यपि दुःखकृते निष्कर्मत्वं सुखाय विदितं तु ।
न ततः प्रयतेत कथं निःकर्मत्वे सुलभमोक्षे ॥ ५० ॥

કર્મો દુઃખને માટે છે, ( અર્થાત્ કર્મોથી દુઃખ થાય છે. ) અને કર્મ રહિત થવું તે સુખને માટે છે એમ તમે જાણ્યું તો નિષ્કર્મરૂપ, ( કાંઇ પણ ક્રિયા ન કરવા રૂપ ) સુલભ મોક્ષ માર્ગને વિષે શા માટે પ્રયત્ન નથી કરતા ? ૫૦.

मोक्षोऽस्तु मास्तु यदि वा परमानंदस्तु वेद्यते स खलु ।
यस्मिन्निखिलसुखानि प्रतिभासंते न किंचिदिव ॥ ५१ ॥

મોક્ષ થાઓ અથવા ન થાઓ, ( કાલાંતરે થાઓ ) પણ ધ્યાનથી થતો પરમાનંદતો આંહી ખરેખર ભોગવીએ છીએ, જે પરમાનંદની આગળ આ દુનિયાના સમગ્ર સુખો એક તૃણની માફક પ્રતિભાસમાન થાય છે. ૫૧.

मधु न मधुरं नैता शीतास्त्विषस्तु हिनंद्युते-
रमृतममृतं नामैवास्याः फले तु मुधा सुधा ॥
तदलममुना संरंभेण प्रसीद सखे मनः
फलमविकलं त्वय्येवैतत् प्रसादमुपेयुषः ॥ ५२ ॥

આ ઉન્મનીભાવનાં ફળ આગળ મધુ તે મધુર નથી, આ ચંદ્રમાની કાંતિ તે શીતળ નથી, અમૃત તે નામ માત્ર અમૃત છે, અને સુધા તો ફોગટ છે. માટે હે મન મિત્ર ! આ (.નાશ ભાગના ) પ્રયાસથી શર્યું. મારા ઉપર તું પ્રસન્ન થા; કેમકે આ તત્ત્વજ્ઞાનનું નિર્દોષ ફળ મેળવવું તે તારા પ્રસન્ન થવા થકીજ મળી શકે તેમ છે. ૫૨.

सत्येतस्मिन्नरतिरतिदं गृह्यते वस्तु दूरा-
दप्यासन्नेप्यसति तु मनस्याप्यते नैव किंचित् ॥
पुंसामित्यप्यवगतवतामुन्मनीभावहेतो-
रिच्छा बाढं न भवति कथं सद्गुरूपासनायां ॥ ५३ ॥

સદ્ગુરૂની ઉપાસના કરવાથી અરતિને આપવાવાળી વ્યાઘ્રાદિ વસ્તુ અને રતિને આપવાવાળી વનિતાદિ વસ્તુઓને મનુષ્યો દૂરથી પણ ગ્રહણ યા સ્વાધીન કરી શકે છે. તેજ મનુષ્યો સદ્ગુરૂની ઉપાસનાના અભાવે નજીક રહેલી પણ વસ્તુ ગ્રહણ કે સ્વાધીન કરી શકતા

નથી. આવું જાણવા છતાં, ઉન્મની ભાવના હેતુભૂત સદ્ગુરૂની ઉપાસનાના સંબંધમાં મનુષ્યોને પોતાના વિષે ગાઢ ( અત્યંત ) ઈચ્છા કેમ થતી નથી ? ૫૩.

## અમનસ્કતાના ઉપાયભૂત આત્માને પ્રસન્ન કરવા માટે આચાર્યશ્રીનો આત્મા પ્રત્યે ઉપદેશ.

तांस्तानाऽपरमेश्वरादपि परान् भावैः प्रसादं नयं-
स्तैस्तैस्तत्तदुपायमूढ भगवन्नात्मन् किमायास्यसि ॥
हंताऽत्मानमपि प्रसादय मनाग्येनासतां संपदः
साम्राज्यं परमेऽपि तेजसि तव प्राज्यं समुज्जृंभते ॥ ५४ ॥

હે ઉપાયમૂઢ, હે ભગવાન્! હે આત્મન્, ધન, યશાદિ તે તે પ્રકારના ભાવે કરી, આ પરમેશ્વરથી લઇ અપર દેવી દેવળાં પ્રમુખને પ્રસન્ન કરતો, શા માટે પ્રયાસ કરે છે ? અરે ! આત્માને તું એક થોડો પણ પ્રસન્ન કર. તેથી આ પુદ્ગલિક સંપદા તો દૂર રહો, ( અર્થાત્ તે તો મળશેજ ) પણ પરમ તેજ—પરમાત્મા—તેનું મહાન્ સામ્રાજ્ય પણ તને મળશે. ૫૪.

या शास्त्रात्सुगुरोर्मुखादनुभवाच्चाज्ञायि किंचित्क्वचित् ।
योगस्योपनिषद् विवेकिपरिषच्चेतश्चमत्कारिणी ॥
श्रीचौलुक्यकुमारपालनृपतेरत्यर्थमभ्यर्थना-
दाचार्येण निवेशिता पथि गिरां श्रीहेमचंद्रेण सा ॥ ५५ ॥

વિવેકી પર્ષદાના ચિત્તને ચમત્કાર કરવાવાળી યોગશાસ્ત્રની ઉપનિષદ્, ( યોગ સંબંધી રહસ્ય ) જે શાસ્ત્રથી, સદ્ગુરૂના મુખથી અને અનુભવથી, કાંઇક, કોઇ ઠેકાણે મેં જાણી, તે શ્રીમાન્ ચૌલુક્ય વંશના કુમારપાળ રાજાની અત્યંત પ્રાર્થનાથી આચાર્ય શ્રીમાન્ હેમચંદ્રે વાણીના માર્ગમાં સ્થાપન કરી. (અર્થાત્ શાસ્ત્રદ્વારા પ્રકાશિત કરી.)૫૫.

इति श्री परमार्हत् श्रीकुमारपाल भूपाल शुश्रूषिते आचार्यश्री हेमचंद्र विरचिते अध्यात्मोपनिषन्नाम्नि संजात पट्टबंधे श्रीयोगशास्त्रे पंन्यास श्री कमलविजयगणि शिष्य मुनि श्री केशरविजयगणि कृत बालावबोधे द्वादशः प्रकाशः समाप्तः

श्री समाप्तोऽयं ग्रंथ श्रीमद् गुरुवर्य विजयकमलसूरि प्रसादात्.